Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૫)

(ગાથા-૫૬ થી ૭૫, શ્લોક-૩૬ થી ૪૯,
પ્રવચન-૧૨૪ થી ૧૫૩)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિક્રમ સંવંત
૨૦૭૩

વીર સંવંત
૨૫૪૩

ઈ. સન
૨૦૧૭

**પ્રકાશન**
તા. ૯-૮-૨૦૧૭
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૪મી જન્મ જયંતિ

**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને

સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને


મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

આ પ્રવચનોનો પાંચમો ભાગ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૪મી જન્મ જયંતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી તથા ચેતનભાઈ મહેતા, રાજકોટનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જ્યંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ. સં. |
|---|---|---|---|
| ૧૨૪ | ૦૯-૧૨-૧૯૬૬ | ગાથા-૫૬, શ્લોક-૩૬ | ૦૦૧ |
| ૧૨૭ | ૨૮-૧૨-૧૯૬૬ | ગાથા-૬૧-૬૨ | ૦૧૭ |
| ૧૨૮ | ૨૯-૧૨-૧૯૬૬ | ગાથા-૬૩ થી ૬૬ | ૦૩૧ |
| ૧૨૯ | ૩૦-૧૨-૧૯૬૬ | ગાથા-૬૬-૬૭, શ્લોક-૩૮-૩૯ | ૦૪૭ |
| ૧૩૦ | ૩૧-૧૨-૧૯૬૬ | શ્લોક૪૦-૪૧, ગાથા-૬૮ | ૦૬૨ |
| ૧૩૧ | ૦૧-૦૧-૧૯૬૭ | શ્લોક-૪૨-૪૩ | ૦૭૮ |
| ૧૩૨ | ૦૨-૦૧-૧૯૬૭ | શ્લોક-૪૪-૪૫ | ૦૯૨ |
| ૧૩૩ | ૧૯-૦૯-૧૯૬૬ | શ્લોક-૪૬, ગાથા-૬૯-૭૦ | ૧૦૬ |
| ૧૩૪ | ૨૦-૦૯-૧૯૬૬ | ગાથા-૬૯-૭૦ | ૧૨૧ |
| ૧૩૫ | ૨૧-૦૯-૧૯૬૬ | ગાથા-૬૯-૭૦ | ૧૩૭ |
| ૧૩૬ | ૨૨-૦૯-૧૯૬૬ | ગાથા-૬૯-૭૦ | ૧૫૧ |
| ૧૩૭ | ૨૩-૦૯-૧૯૬૬ | ગાથા-૭૧ | ૧૬૬ |
| ૧૩૮ | ૨૪-૦૯-૧૯૬૬ | ગાથા-૭૨ | ૧૮૩ |
| ૧૩૯ | ૨૫-૦૯-૧૯૬૬ | ગાથા-૭૨ | ૧૯૭ |
| ૧૪૦ | ૨૬-૦૯-૧૯૬૬ | ગાથા-૭૨ | ૨૧૨ |
| ૧૪૧ | ૨૭-૦૯-૧૯૬૬ | ગાથા-૭૨ | ૨૨૮ |
| ૧૪૨ | ૨૯-૦૯-૧૯૬૬ | ગાથા-૭૨ | ૨૪૩ |
| ૧૪૩ | ૩૦-૦૯-૧૯૬૬ | ગાથા-૩૭૨, શ્લોક-૨૨૧ | ૨૫૬ |
| ૧૪૪ | ૦૧-૧૦-૧૯૬૬ | ગાથા-૭૩, શ્લોક-૪૭ | ૨૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૫ | ૦૨-૧૦-૧૯૬૬ | ગાથા-૭૩ | ૨૮૮ |
| ૧૪૬ | ૦૩-૧૦-૧૯૬૬ | ગાથા-૭૨-૭૩ | ૩૦૩ |
| ૧૪૭ | ૦૪-૧૦-૧૯૬૬ | ગાથા-૭૪ | ૩૨૦ |
| ૧૪૮ | ૦૫-૧૦-૧૯૬૬ | ગાથા-૭૪ | ૩૩૬ |
| ૧૪૯ | ૦૬-૧૦-૧૯૬૬ | ગાથા-૭૪-૭૫, શ્લોક-૪૮ | ૩૫૨ |
| ૧૫૦ | ૦૭-૧૦-૧૯૬૬ | ગાથા-૭૫ | ૩૬૭ |
| ૧૫૧ | ૦૮-૧૦-૧૯૬૬ | ગાથા-૭૫ | ૩૮૩ |
| ૧૫૨ | ૦૯-૧૦-૧૯૬૬ | ગાથા-૭૫ | ૩૯૮ |
| ૧૫૩ | ૧૦-૧૦-૧૯૬૬ | ગાથા-૭૫,શ્લોક-૪૯ | ૪૧૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# સમયસાર વૈભવ

(ભાગ-૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના શબ્દશઃ પ્રવચનો)

**કારતક વદ ૧૨, શુક્રવાર તા. ૯-૧૨-૧૯૬૬**
**શ્લોક-૩૬, ગાથા-૫૬, પ્રવચન-૧૨૪**

જીવ-અજીવ અધિકાર સમયસાર. આ જીવ કોને કહેવો? કેવા જીવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દૃષ્ટિ કહેવાય? એવા ૨૯ બોલ આવી ગયા ઘણાં.

ભાવાર્થ છે હવે. ૨૯માં એમ આવ્યું કે આ આત્મા અનુભૂતિથી જુઓ તો અનુભૂતિથી એ બધા બોલો-ભેદો ભિન્ન છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, માર્ગણા, ગુણસ્થાન, જીવસ્થાન એ બધા આત્માને અનુભૂતિથી જોતાં તે ભિન્ન છે. સમજાણું કાંઈ? આમ ભિન્ન છે એટલે જુદાં છે એ જુદાં નક્કી ક્યારે થાય? આત્મા શુદ્ધ એકરૂપ વસ્તુ છે એની અનુભૂતિ કરતાં એ આત્મામાં રાગ-દ્વેષના ૨૯ બોલો નથી. ગુણસ્થાન, જીવસ્થાન, રાગ-દ્વેષ, સંયમ-લબ્ધિસ્થાન વગેરે અંતર્મુખની અનુભૂતિ દૃષ્ટિ કરતાં એ અનુભૂતિથી ભિન્ન છે. એમ કહેવામાં આવ્યું. આમ ભિન્ન છે એમ જાણે, માને એમ ભિન્ન નહિ. સમજાણું કાંઈ? એ માન્યું નથી, એમ કહે છે.

અંતર જ્ઞાનાનંદ એકરૂપ સ્વભાવ ઉપર.. કળશમાં પણ એ આવ્યું. એમાં એ આવ્યું હતું કે અનુભૂતિથી ભિન્ન હતું એમ આવ્યું હતું. કળશમાં અંતર દૃષ્ટિ વડે જોનારને એ બધા દેખાતા નથી એમ આવ્યું. વસ્તુ એકરૂપ સ્વભાવ અંતર દૃષ્ટિથી દેખનારને-દેખનારને એ દેખાતા નથી. સમજાણું કાંઈ? ભાવાર્થ પણ એ લીધો છે કે '**પરમાર્થનય અભેદ જ છે...**' નય છે એ તો જ્ઞાનનો અંશ છે. પણ એનો વિષય છે તેને પણ અહીંયાં પરમાર્થનય (કહ્યું છે). અધ્યાત્મમાં નય અને નયનો વિષય બે જુદાં પડતાં નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? **'પરમાર્થનય અભેદ જ છે...'** એમ અહીં તો કહ્યું છે. જેમ ૧૧મી ગાથામાં કહ્યું ને? **'भूदत्थमस्सिदो खलु' 'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ ત્રિકાળ અભેદ સ્વરૂપ તેને અહીંયાં શુદ્ધનય કહ્યો છે ત્યાં. નયનો પર્યાય અને તેનો વિષય એમ નહિ. **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અભેદ, એને શુદ્ધનય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં પરમાર્થનય અભેદ જ છે. અંતર વસ્તુને જે દષ્ટિએ જોતાં એ દષ્ટિ અને એનો વિષય બે જુદાં નથી. એ પરમાર્થનય અને એનો વિષય અભેદ એ જુદાં નથી. પરમાર્થનય એને લાગુ પડે છે કે જે અભેદ ઉપર ગઈ દષ્ટિ, અભેદને દેખે-શ્રદ્ધે તે પરમાર્થનયથી અભેદ છે. સમજાણું કાંઈ?

જુઓ! ત્રણે મળી ગયું છે. ૨૯ બોલમાં એમ કહ્યું હતું કે રાગાદિથી, અનુભૂતિથી ભિન્ન છે. અહીં કળશમાં કહ્યું કે અંતરદષ્ટિથી જોનારને બધા દેખાતા નથી. ત્રીજું અહીં કહ્યું કે પરમાર્થનયથી અભેદ છે. અંતર વસ્તુ એક સમયમાં અંતરથી પરિણમન દષ્ટિ કરીને જોતાં એમાં એ અભેદ જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? એ અભેદને જ અહીંયાં પરમાર્થનય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ગામઠી ભાષા . સમજાય નહિ.

ઉત્તર :- આ ગામઠી તો ભાષા છે. આમાં કાંઈ કોઈ વિલાયતી ભાષા નથી. આખું સોનું જોનારને એક જ સોનું અભેદપણે દેખાય છે એમ કહે છે. ત્યારે એણે સોનું દીઠું એમ કહેવામાં આવે છે. શું (કહ્યું)? સોનામાં જે કારીગરી હોય, દાગીનો-દાગીનો કહે છે ને? શું કહે છે. જેવર.. જેવર. દાગીનાની કારીગરી એ નહિ. સોનું એકરૂપ છે, સોની સોનાને જોવે. સોની કારીગરીને ન જોવે, એની દશાને ન જોવે. એ તો દશા ને કારીગરી તો કરતાં એને આવડે છે.

સોનું એકરૂપ અંતર જોવું એનું નામ દષ્ટિ અને એનું નામ સોનું જોયું એમ કહેવાય. એમ કહે છે. એમ આત્મા એક સ્વરૂપે અભેદ છે, તે નયથી દષ્ટિથી જોવું તે દષ્ટિ અને તે નય અને નયનો વિષય બે એક જ થઈ જાય છે. સમજાણું કાંઈ? ભઈ, માર્ગ એવો છે. વસ્તુ એક સમયમાં રાગથી અને પુણ્યથી અને સંયમલબ્ધિ સ્થાનથી ને જીવસ્થાન અને ગુણસ્થાનથી તો રહિત કીધી. પણ રહિત ક્યારે? ક્યારે? કોને? અંતરદષ્ટિથી અંતર જોતા એકલો અભેદ જ દષ્ટિમાં રહી જાય છે. પરમાર્થનય એ જ્ઞાનમાં અભેદ જ ચીજ એકલી રહી જાય છે. એ કાળે એને અંતરદષ્ટિથી જોતાં, પરમાર્થથી જોતાં એ વસ્તુ અભેદ છે. એમાં ભેદ છે નહિ. સમજાણું કાંઈ?

**'તેથી તે દષ્ટિથી જોતાં...'** એમ છે ને ભાષા? ટીકા પણ બહુ સરસ. ચાલતી ભાષાનો અર્થ હવે. **'તેથી તે દષ્ટિથી જોતાં...'** વસ્તુને અભેદપણાની દષ્ટિથી જોતાં,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિથી જોતાં '**ભેદ નથી દેખાતો;...**' એમાં ભેદદૃષ્ટિમાં, વિષયમાં (ભેદ) દેખાતો નથી. સમજાણું કાંઈ? '**તે નયની દૃષ્ટિમાં...**' અંતરની દૃષ્ટિના વિષયની અપેક્ષાએ '**પુરુષ...**' નામ આત્મા '**ચૈતન્યમાત્ર જ દેખાય છે.**' એટલે કે એકલો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં રહી જાય છે. એકલો જ્ઞાયકભાવ જ અનુભવમાં આવી જાય છે. એમ કહે છે. એ વળી દેખનાર અને દેખવા યોગ્ય, એવા બે ભેદ તો સમજાવવા માટે કહ્યા છે.

'**નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે.**' આ ચૈતન્ય છું, પૂર્ણને દેખું છું, એમ ત્યાં નથી. સમજાવે ને. શું સમજાવે? ભાષા જ એવી છે કોઈ. '**તે નયની દૃષ્ટિમાં પુરુષ...**' એટલે ભગવાન આત્મા. '**पुंसः**' શબ્દ પડ્યો હતો ને? '**एवास्य पुंसः**' ભગવાન આત્મા અંતર દૃષ્ટિથી જોતાં ચૈતન્યમાત્ર જ વસ્તુ છે. એકલો જ્ઞાયકભાવ જ વસ્તુ છે. એ દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો. બીજી ચીજ આવતી નથી. ભેદ એની દૃષ્ટિના વિષયમાં આવતો નથી. માટે પરમાર્થ દૃષ્ટિ તો અભેદને જ સ્વીકારે છે. સમજાણું કાંઈ? ભેદ છે. અભેદ દૃષ્ટિ થઈ, એ ભેદ છે એ જ્ઞાન જાણે છે. છે એમ. આ વસ્તુ અભેદ છે એમ દૃષ્ટિમાં બેઠી એટલે ભેદ પડ્યો તેને જાણે છે. આ લોકો એ કહે છે ને કે વ્યવહાર તીર્થનો નાશ થાય છે. એટલે એ પાછા એમ કહે છે કે વ્યવહાર આદરવો અને વ્યવહાર છે એ કરવો. એમ કહે છે. વ્યવહાર ન મૂકવો. એમ આવ્યું ને? '**न मुच्चइ**' પંડિતજી! ભાઈ! વ્યવહાર ન મૂકવો એનો અર્થ, તે તે કાળે તે તે પર્યાય રાગાદિ છે એમ એણે જાણવું જોઈએ. (જાણવું) છોડવું ન જોઈએ. નથી. તો તો પર્યાય નથી તો પછી ભેદ રહ્યો નહિ, ગુણસ્થાન રહ્યો નહિ. ચોથું, પાંચમું, છઠ્ઠું કાંઈ દશા ન રહી. તીર્થ એટલે ભેદ વસ્તુ છે એનો નાશ થઈ જાય છે. એમ હોઈ શકે નહિ. શું થાય? બહુ ચર્ચા ચાલી હતી કાલે. વ્યવહાર છે એ કરવો પડે છે ને, કરીએ છીએ ને, કરવો પડે ને. પણ કરવો પડે એટલે હોય છે. કરવો પડે એમ વ્યવહારનયથી કહેવામાં આવે. શ્રાવકના ષટ્ કર્મ કરવાના, આવે છે કે નહિ? મુનિને અઠ્ઠાવીશ મૂળગુણ પાળવા. લ્યો! એ શું? ભાઈ! વ્યવહારનયથી કથન છે. પાળવાનો અર્થ-એ હોય છે એ ભૂમિકાએ. એ એ જ હોય, બીજો હોય નહિ. પાછો જેવો-તેવો વ્યવહાર (હોય, કારણ કે) વ્યવહાર તો જૂઠો છે. લ્યો! માટે ગમે તેવો હોય. એમ ન હોય. વ્યવહાર જૂઠો છે એનો અર્થ કે વ્યવહાર ગમે તેવો હોય, આપણે નિશ્ચય દૃષ્ટિ રાખવી. વ્યવહાર ગમે તે હોય. એમ ન હોય.

નિશ્ચય દૃષ્ટિ થઈ હોય એને સમ્યગ્દર્શનની ભૂમિકામાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની માન્યતાનો રાગ ન હોય. એને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રનો જ વિકલ્પ માન્યતામાં, વ્યવહારમાં હોય. સમજાય છે? એને વિનય પણ કરવાયોગ્ય સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય. એવો વ્યવહાર ન હોય કે નિશ્ચય થયા પછી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ગમે તેને માને. (કારણ કે) વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જૂઠો છે. અરે..! ભાઈ! એમ જૂઠો નથી કહ્યો. ઓહોહો..! ઝઘડા તે ઝઘડા વ્યવહારના. એ તો આશ્રય કરવાલાયક નથી અને કાયમની પૂર્ણ ચીજ નથી. એટલે તેને અસત્યાર્થ અને અભૂતાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ? પણ પછી નિશ્ચયદૃષ્ટિ થઈ. હવે એને શું કામ છે?

એક જણો આવ્યો હતો. નહોતો તે દિ' (આવ્યો)? મોક્ષમાર્ગપ્રકાશક વાંચ્યું હશે અને અહીં આવ્યો હતો. સ્થાનકનાસીના સાધુ હતા પછી થઈ ગયા દેરાવાસી. એ આવ્યા અહીં. નિશ્ચય પછી ગમે તે હો, .. ગમે તે હો, ફલાણું હો. પછી વ્યવહારનું એની સાથે (કાંઈ સંબંધ નથી). મરી જઈશ કીધું એમાં. વ્યવહાર ગમે તેવો હોય એમ હોય નહિ. એ ભૂમિકાને યોગ્ય જ એની રાગની મંદતા હોય છે. મુનિ થાય તો દૃષ્ટિ તો અભેદ છે. પણ એની પર્યાયમાં ત્રણ કષાયના અભાવની જ પરિણતિ હોય છે. એની પર્યાયમાં અઠ્યાવીશ મૂળગુણની જાતના જ વિકલ્પ હોય છે અને બાહ્ય દશા નગ્ન જ હોય છે, થઈ જાય છે. એવો એને વ્યવહાર જાણવો જોઈએ કે આવો જ હોય. બીજો વ્યવહાર હોય નહિ. વ્યવહાર જૂઠો છે એટલે બીજો આડોઅવળો વ્યવહાર હોય એ વ્યવહારને પણ સમજતા નથી અને નિશ્ચયને સમજતા નથી. ભારે ગોટો ઉઠ્યો. એ .. માંથી. .. વ્યવહાર છોડવો એનો અર્થ કે આપણે જે વ્યવહાર કરીએ છીએ, જે જાતનો ગમે તે કરતા હોય સંપ્રદાય યોગ્ય વ્યવહાર, એનો ભલે વ્યવહાર હોય, નિશ્ચય દૃષ્ટિ રાખવી. એમ ન હોય.

જેના પર્યાયમાં જ હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર નથી, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર છે, એની માન્યતા છે, કુભેખને હજી ભેખ માને છે. પોતાના .. આદિ હોય અને દૃષ્ટિ મિથ્યાત્વ છે, ભેખ ભિન્ન છે, એવાઓને સ્વીકારે, એવી શ્રદ્ધા જેની વિપરીત છે એને નિશ્ચયદૃષ્ટિ તો હોય નહિ. શું થાય પણ વાત. જાણે નિશ્ચયનું કરવા જાય તો વ્યવહાર ગમે તેવો હોય. ઉપાદાન સારું હોય તો નિમિત્ત પછી ગમે તેવું હોય. એમ ન હોય. નિમિત્ત પણ એને યોગ્ય જ નિમિત્ત હોય. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. કહો, સમજાણું?

એ કહે છે, ચૈતન્ય માત્ર દેખાય એ તો અભેદ થયો. પર્યાય આવે છે. એ ૫૬માં ખુલાસો કરશે. **'માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.'** પણ પર્યાયમાં જાણવા લાયક છે. તે તે કાળે જેટલો રાગ, તે તે કાળે જેટલો શરીરનો સંબંધ કે કર્મનો નિમિત્તનો સંબંધ, ગુણની પર્યાયની શુદ્ધિ ઓછી-એ બધો વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? એમ કાઢી નાખે કે વ્યવહાર વ્યવહારનો વિષય ગમે તેવો હોય. તો એ વ્યવહારને સમજતો જ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તેમનું સ્વરૂપ વિશેષતાથી**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું.'** વિશેષ સ્વરૂપ ત્યાં છે.

**'હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો...' 'तन्त्रान्तरे'** એમ છે ને? **'तदातन्त्रातरे' 'અન્ય સિદ્ધાંતગ્રંથોમાં તે જીવના છે એમ કેમ કહ્યું છે?'** પ્રશ્ન (કરે છે કે) તો વ્યવહાર નથી? એ કહે છે. **'તે જીવના છે એમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છે :-'**

**ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।**
**गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।**

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.**

જુઓ! વ્યવહાર અને નિશ્ચયની સંધિ.

**'ટીકા :- અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી,...'** પર્યાયાશ્રિત વ્યવહાર, દ્રવ્યાશ્રિત નિશ્ચય છે. અહીં અત્યારે એ શૈલી લીધી છે. ૨૭૨માં પરાશ્રિત વ્યવહાર અને સ્વઆશ્રિત નિશ્ચય. પંડિતજી! એ ૨૭૨માં આવે છે ને? નિર્જરા અધિકાર? બંધ અધિકાર. ૨૭૨. એમાં પર આશ્રિત વ્યવહાર, સ્વ આશ્રિત નિશ્ચય એવો સિદ્ધાંત અમૃતચંદ્રાચાર્યે મૂક્યો છે. અહીં પર્યાયાશ્રિત વ્યવહાર, દ્રવ્ય આશ્રિત નિશ્ચય એમ કહ્યું છે. અહીંયાં બધા ભેદો સમજાવવા છે ને અનેક પ્રકારના? પર્યાયના. એને એ છે પર્યાય. તે તે ગુણસ્થાનને યોગ્ય તે તે પર્યાય છે. એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ?

**'વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે...'** જુઓ! ભાષા બે. **'સફેદ રૂનું બનેલું વસ્ત્ર...'** એક. **'જે કસુંબા વડે રંગાયેલું...'** કસુંબાના રંગ વડે રંગાયેલું છે. આ કસુંબા ને નથી કહેતા આપણે? શું કહેવાય? કસુંબાની ઓલી તમારી ખત્રી કરે છે ને? ચુંદડી-બાંધણી. ખત્રી બહુ કરતા તમારે કરસનજી.

મુમુક્ષુ :- સગપણ કરે, લગન કરે ત્યારે..

ઉત્તર :- એ કરતા. આ તો કસુંબાની મોટી મોટી હજારો કરતા. સેંકડો બાંધણી, નહિ? પોપટલાલ ખત્રી. ત્યાં અમે અપાસરામાં જોતા ને. એક ઢેઢ આવતો અમદાવાદથી. એ હજારો બાંધણી લઈ જાય અહીંથી. બનાવે બહુ ઊંચી અને અમદાવાદ પૈસા બહુ ઊપજે. પણ એ સુતરની ઉપરનો રંગ છે. એ કાંઈ સુતર નથી. સમજાણું કાંઈ?

**'સફેદ રૂનું બનેલું વસ્ત્ર...'** પણ બાંધણી એવી દેખાતી. ત્યાં એ વખતે ઓલો ઢેઢ એક હતો હોંશિયાર. લઈ જતો ૭૦૦-૮૦૦, ૧૦૦૦-૧૦૦૦ બાંધણી. મોટું બીંડલું કરીને લઈ જતો. અપાસરા જોડે જ હતું. એ **'સફેદ રૂનું બનેલું વસ્ત્ર કસુંબાના વડે રંગાયેલું છે એવા વસ્ત્રના ઔપાધિક ભાવ(-લાલ રંગ)ની જેમ,...'** વસ્ત્રના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઔપાધિકભાવ. જુઓ! શબ્દ વાપર્યો આ. વસ્ત્ર તો સફેદ છે. પણ એનો ઔપાધિકભાવ, '**વસ્ત્રના ઔપાધિકભાવ...**' એટલું પાછું લીધું. એનો ભાવ ઉપાધિ પાછો. કો'કનો ક્યાંકનો એમ નહિ. વસ્ત્ર સાથે સંબંધ છે ને એટલો?

વસ્ત્ર સફેદ છે પણ એ વસ્ત્રના ઉપાધિકભાવની જેમ, રંગનો ઔપાધિકભાવની જેમ. એ રગંને ઉપાધિ કીધી. '**પુદ્ગલના સંયોગવશે...**' આત્મા કર્મના સંયોગને વશે. પુદ્ગલના સંયોગ. ઓલો રંગ હતો. આ સંયોગને વશે ઉત્પન્ન થયેલો ભાવ. સફેદ લુગડામાં કસુંબાનો રંગ એ ઉપાધિભાવ હતો. એમ ભગવાન આત્મામાં પુદ્ગલના સંયોગને વશે, તાબે થઈને. ભાષા જુઓ એમ છે. સંયોગને કારણે એમ નથી. પંડિતજી! તમે કહેતા હતા ને પરસંગ એવ. પરસંગ એવ. પર એવ નહિ.

મુમુક્ષુ :- ના પાડે છે. પર એવ જ હોય

ઉત્તર :- ઓલા કહે પર એવ. અરે..! એમ નથી. પરએવ નથી. પરસંગ એવ. ઓલો સૂર્યકાંત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલેથી ઈ તો કહીએ છીએ. પરએવ નહિ, પરસંગ એવ. પરનો સંગ કરે છે જીવ એને અહીં પુદ્ગલવશે શબ્દ વાપર્યો છે.

ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. જેમ સફેદ કપડું છે એને કસુંબાના રંગની ઉપાધિ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય અનંત અતીન્દ્રિય રસનો ભંડાર ભગવાન છે. એવું સફેદ છે કે નિર્મળાનંદ પ્રભુ, નિર્મળ છે, શુદ્ધ છે, પૂર્ણ પ્રભુ છે. એને આ ઉપાધિ જે છે, એ પુદ્ગલના સંયોગવશે (થઈ છે). એ '**અનાદિકાળથી...**' બે વાત કરી. એ અનાદિકાળથી છે. નિગોદથી માંડીને. '**સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધ પર્યાય પ્રસિદ્ધ છે...**' કર્મના વશે જેની બંધની અવસ્થા, ભાવબંધની દશા એ પ્રસિદ્ધ છે. છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..પણું, ઉદયભાવપણું છે. છે, જેમ સિદ્ધ-પ્રસિદ્ધ. આવે છે સજ્ઝાયમાં? ... ત્યાં પ્રસિદ્ધ એ છે. અહીં કહે છે, આ પ્રસિદ્ધ છે. આહાહા..! પર્યાયપણે ઉપાધિ પ્રસિદ્ધ છે. સિદ્ધ તો શુદ્ધ પ્રસિદ્ધ છે પર્યાયમાં. અહીંયાં કર્મબંધના વશે અનાદિનો બંધપર્યાય પ્રસિદ્ધ છે. તું કહે કે બંધપર્યાય નથી...

મુમુક્ષુ :- તો પછી વ્યવહાર જ ક્યાં રહ્યો?

ઉત્તર :- તો પછી બંધ નથી તો નિષેધ કરવાની ચીજ કઈ રહી? નિષેધ કાંઈ સસલાના શીંગડા છે? કે સસલાના શીંગડા કરો દૂર. સસલા સમજ્યા ને? ખરગોશ. ખરગોશના શીંગ કરો દૂર. પણ નથી એને શું દૂર કરવા? એમ આ બંધપર્યાય ન હોય તો નિષેધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કોનો કરવો? અંતર્મુખ દૃષ્ટિમાં વ્યવહારનો નિષેધ છે, નિશ્ચયમાં. પણ છે એનો નિષેધ કે ન હોય એનો નિષેધ? સમજાય છે કાંઈ? વ્યવહારને અસત્યાર્થ-અસત્યાર્થ કહે ત્યારે વળી એમ કહે, તમે તો વ્યવહારને અસત્યાર્થ કહો છો. પણ કઈ રીતે અસત્યાર્થ છે, સાંભળને! ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ છે. બંધના ઉપાધિનો વિકલ્પ આદિ ભાવ, અલ્પજ્ઞપણું, રાગપણું, રંગ આદિ શરીરની અવસ્થાનું સંબંધપણું, જડ કર્મનું નિમિત્ત નૈમિત્તિક સંબંધપણું એ બધો વ્યવહારનયનો વિષય છે. જાણવા જેવો છે. જાણીને હેય કરવા માટે જણાવા લાયક છે ઈ. આહાહા..! કહો, સમજાણું?

'**પુદ્‌ગલના સંયોગવશે...**' ત્યારે એનો અર્થ લે કે પરને કારણે અંદર વિકાર ઉપાધિ થઈ છે. એમ નથી. જેમ વસ્ત્રના ઔપાધિકભાવ. વસ્ત્રની લાયકાત છે કે રંગને ગ્રહવાની યોગ્યતા પર્યાયમાં છે. પર્યાયમાં. સમજાણું કાંઈ? આકાશને રંગ ન લાગે. આકાશને રંગ લાગતો હશે પર્યાયમાં? આને વસ્ત્રની પર્યાયમાં રંગ થવાની યોગ્યતા છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પરમાર્થનયનો વિષય અભેદ હોવા છતાં, તે દૃષ્ટિમાં એકરૂપ ભાસવા છતાં ઉપાધિને વશ પર્યાયમાં ભેદ છે, વિકાર છે એ જાણવા જેવો છે. સમજાણું કાંઈ? નહિતર તો એમ કહે, વ્યવહાર અસત્યાર્થ છે, જૂઠો છે, સસલાના શીંગ છે. એમ નથી કે આકાશના ફૂલ છે. એમ નથી. બંધના વશે બંધ પર્યાય પ્રસિદ્ધ છે. રાગ-દ્વેષ, ગુણસ્થાનભેદ બધા અંદર પર્યાયમાં હોય છે.

'**એવા જીવના ઔપાધિક ભાવ...**' જુઓ! ઓલામાં કહ્યું હતું ને? '**વસ્ત્રના ઔપાધિકભાવ...**' કહ્યું હતું. '**એવા જીવના ઔપાધિક (-વર્ણાદિક)ને અવલંબીને...**' પુણ્ય-પાપ વિકલ્પ આદિ કે નિમિત્તના સંયોગ આદિ. એવા '**ઔપાધિક ભાવ (-વર્ણાદિક)ને અવલંબીને...**' ત્યારે એમ કહેવાયને આ જીવને આઠ કર્મ છે, જીવે આ આયુષ્ય બાંધ્યું, જીવને આમ થયું. એ બધો પર્યાયને અને બંધનને નિમિત્ત નૈમિત્તિક સંબંધની પ્રસિદ્ધિ કરે છે. જાણવા માટે છે. જાણવા માટે છે એનો નિષેધ કરે તો નિશ્ચય દૃષ્ટિ રહેશે નહિ. સમજાણું કાંઈ? ભારે! વ્યવહાર કહે છે કે છે. નિશ્ચય કહે છે કે નથી.

શું કીધું? '**પુદ્‌ગલના સંયોગવશે અનાદિકાળથી...**' બે વાત કરી. '**જેનો બંધપર્યાય...**' વિકારપર્યાય, ભેદ આદિ અંશ પ્રસિદ્ધ છે. બિલકુલ નથી ભેદ ને રાગાદિ પુણ્ય અને ગુણસ્થાન મિથ્યાત્વ ને એ કાંઈ નથી, એમ છે નહિ. ત્યાં તો ના પાડી હતી. મિથ્યાત્વ છે નહિ. ચૌદ ગુણસ્થાન નથી. એ તો દ્રવ્યમાં નથી. પર્યાયમાં મિથ્યાત્વ છે, અવ્રત છે, પ્રમાદ છે, કષાય છે, યોગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કહે છે. દુનિયા કહે છે એ વસ્તુ એવી નથી. એ વ્યવહારનયવાળો કહે છે. નિશ્ચયવાળો એમ કહેતો નથી. નિશ્ચયવાળો કહે, લૂગડું તો ધોળું હોય. લૂગડા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે લાલ હોય? એનો સ્વભાવ છે એ?

તેથી કહ્યું ને? **'સફેદ રૂનું બનેલું...'** સફેદ સીધું રૂ. પાછું રૂ રંગીને બનાવે એમ નહિ. પહેલું તો સફેદ રૂનું બનેલું વસ્ત્ર એમ કીધું છે. ધોળા આવે છે ને ઊંચા? આ .. ને બહુ ઊંચા છે. શું કહેવાય? .. શું કહેવાય? એ.. રતિલાલજી ક્યાં ગયા? .. ગયા હશે. .. કેવો કહેવાય? કાચું સોનું કહેવાય છે ત્યાં. કપાસ પાલેજના. બહુ ઊંચો કપાસ. નામ ભાષા બીજી છે. દિગ્વિજય એ વળી કપાસનું નામ. કપાસના નામ હોય છે. કો'ક દિગ્વિજય, કો'ક કંઈક વિજય એવા નામ હોય છે.

મુમુક્ષુ :- કલ્યાણ વિજય.

ઉત્તર :- એમ. દિગ્વિજય. ખબર છે તમને? એમ. વેપાર કરતા હતા. અમને તો દિગ્વિજય.. નવો થયો છે પાલેજમાં. કપાસ સારા ઊંચા ઢગલા મોટા, હોં! મોટો વેપારી હોય આમ માલ ગાડા ને ગાડા આવે. નામ હશે. આપણને ખબર નહિ. દિગ્વિજય નામ. એ કપાસ. અને એના બનેલા ધોળા બાદશાહ જેવા કપડા. એનું નામ કપડું કહેવાય. આ રંગ ચડ્યો એ તો ઉપાધિભાવ છે. સમજાણું કાંઈ?

જોયું! **'જીવના ઔપાધિકભાવને...'** એટલે રંગ ને રાગ. બેય લઈ લેવા. રંગ અને રાગ. આહાહા..! જુઓને! બપોરે આવ્યું નહોતું? ૧૧૩, ૧૪, ૧૫માં? કે રાગ અને જડની જડતામાં જરીયે તફાવત માનીશ નહિ. કેમ કે ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ છે. એનાથી પુણ્યના વિકલ્પો જે ઉઠ્યા છે એમાં ચૈતન્ય નથી. ચૈતન્યનું કિરણ નથી એ. એ તો અંધકારનું કિરણ છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ અચેતન છે. જેમ આ કર્મ જડ છે, એવા જડ છે. બેમાં જડમાં કાંઈ તફાવત જાણીશ નહિ, ભાઈ! આહાહા..! ભારે વાતું. પણ છે ખરા. નિમિત્તપણે, એ જે ભાસે છે ભેદ, વિકલ્પ આદિ, એ ઉપાધિ છે. આહાહા..!

**'ઔપાધિક ભાવ(-વર્ણાદિક)ને અવલંબીને...'** જોયું! એને લક્ષ કરીને. અવલંબીને એટલે લક્ષ કરીને. અવલંબનનો અર્થ નિમિત્ત કીધું છે ને. એનો અર્થ ફેરવી નાખે છે. અવલંબન લે છે. વળી એવો અર્થ કર્યો. ભગવાનને લોકાલોકનું અવલંબન છે માટે એ જ્ઞાન પરતંત્ર છે. પંડિતજી! પંડિતજી તો એવું શીખ્યા પણ નહિ હોય કોઈ દિ'. કેવળજ્ઞાનને લોકાલોકનું અવલંબન છે ને? એથી કેવળજ્ઞાન એટલું પરતંત્ર છે. અને તમે એમ કહેવા માગો કે કેવળજ્ઞાનની શક્તિ તો હજી અનંતગુણી છે. પણ એનો અર્થ કે જ્ઞેયો નથી માટે કામ કરી શકતું નથી. એટલું પરતંત્ર છે. અરે..! ભગવાન! તારી બલિહારી છે ને ભાઈ? એમ આવે છે ને. 'પરમાત્મપ્રકાશ'માં વેલડીનો દાખલો. વેલડી-લતા. મંડપ હોય છે. એ મંડપમાં લતા આગળ ચાલીને ત્યાં અટકી ગઈ. પછી આગળ ન ચાલી. પણ લતામાં તાકાત નથી એમ નથી. તાકાત તો ઘણી છે. એમ જ્ઞાન, લોકાલોક મંડપ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલું જાણ્યું. પણ એથી જાણવાની શક્તિ ત્યાં રોકાઈ ગઈ એમ નથી. એમાં અનંતગુણી શક્તિ છે. ત્યારે એણે એવો અર્થ કાઢ્યો એમાંથી,... અહીં શક્તિને બેહદ બતાવવી છે, ત્યારે એમ નહિ. જુઓ એ જ્ઞેય વિશેષ નથી માટે તે જાણતા નથી એટલું પરાધીન છે. અરે..! ભગવાન! આત્માની પણ બલિહારી છે ને. અવળો પડ્યો પણ પ્રભુ એ પ્રભુ છે ને. એની પ્રભુતાની ઊંઘાઈ. કેટલી વાર જણાવ્યું કે ઓહો..! બાપુ! એક રજકણ ચૌદ બ્રહ્માંડ ચીરીને ચાલ્યો જાય, ભાઈ! એની એક પર્યાયનો એવો ધર્મ છે, હોં! ત્યારે જડનો પણ એવો ધર્મ. એ તમને વિસ્મય લગાડી દે.

એક પરમાણુ આમ નીચે હોય, સાતમી નરકની નીચે, બીજે સમયે આમ ચાલ્યો જાય છે. એવો એક પરમાણુમાં જ્ઞાન નથી પણ એક સમયના તે પર્યાયનું, પહેલા પર્યાયમાં નહિ, પછીમાં નહિ, પણ એ સમયના પર્યાયમાં એવી તાકાતનો અંશ છે સત્ કે આમ ચૌદ બ્રહ્માંડ જાય. આવી જેની જડમાં એક પર્યાયની ગતિની સામર્થ્ય શક્તિ તો ભગવાન આત્માના જ્ઞાનની પર્યાયની સામર્થ્ય શક્તિ તો લોકાલોકને તો જાણે પણ એથી અનંતગુણો હોય તોપણ જાણે. જ્ઞાને જાણ્યું એમાં જાણવાની મર્યાદા અને હદ શી? એમ જ્ઞાનની અનંતતા.. અનંતતા.. બેહદતા બતાવવી છે. પણ બીજા જ્ઞેય નથી માટે ન જાણે એટલું પરાધીન છે એમ છે નહિ. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ કહ્યું લ્યો. પંડિતજી! પંડિતજીએ કોઈ દિ' સાંભળ્યું નહિ હોય એવા બધા ન્યાય... એમ કે પરમાણુ જે છે એ તો ચૌદ બ્રહ્માંડ જાય. સાતમી નરકથી ઉપર. અને આ સિદ્ધ તો સાત રાજૂ જાય. પરમાણુ ચૌદ બ્રહ્માંડ જાય, નીચેથી. અને આ તો સિદ્ધ તો અહીં તો સાત રાજૂ જાય. ત્યારે સાત રાજૂ જવાની, ઓલામાં ચૌદની શક્તિ આમાં નથી? ઉપર સાત જવાની છે. પણ ધર્માસ્તિકાયે રોકી છે. ભારે ભાઈ પણ. અરે..! ભગવાન! ભાઈ! તને પર્યાયની તાકાત કેટલી છે, ભાઈ! એની ખબર નથી, બાપુ! જેનો સ્વભાવ છે ને શું કહીએ? એક આકાશના પ્રદેશમાં આ બધા સૂક્ષ્મ રજકણો, સૂક્ષ્મ પરિણમન કરીને આવે તોપણ એક પ્રદેશમાં રહેવાની એની અવગાહના દેવાની તાકાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તર્ક છે. શું થાય? એ પર્યાય એને એ વખતે પરિણમી છે. એ વખતે દ્રવ્યની પર્યાયમાં એને એ રીતે ભાસ્યું છે. એટલે એને બેસે ગઈ છે. બીજું શું થાય? એને નથી બેઠું ને માને છે એમ તો છે નહિ. ખોટું છે એ તો બીજાની અપેક્ષાએ. પણ એની અપેક્ષાએ તો એને.. આહાહા..! મેં કેટલી સત્યની વાત શોધન કરીને પ્રસિદ્ધ કરું છું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે, ભાઈ! આકાશના એક પ્રદેશમાં પણ ચૌદ બ્રહ્માંડના પુદ્‌ગલો મેરુ જેટલા બધા જો સૂક્ષ્મ પરિણમન થઈને આવે, આ મહા અચેતમાં સ્કંધ છે એક, એ પણ જો સૂક્ષ્મ થઈને આવે તો આકાશના એક પ્રદેશમાં અવગાહન દેવાની તાકાત છે. એવી એક પ્રદેશમાં અનંત અવગાહન દેવાની તાકાત છે. પરમાણુમાં ચૌદ બ્રહ્માંડ જવાની તાકાત છે. અને એક સમયમાં કાળો અનંતગુણો, બીજે સમયે અનંતગુણો ધોળો (થઈ જાય). એક સમયે કાળો અનંતગુણો, બીજે સમયે ધોળો અનંતગુણો. શું? કેમ? સ્વતંત્ર પર્યાય. સમજાણું કાંઈ?

જો તમે દ્રવ્ય-ગુણનું કારણ કહેશો તો દ્રવ્ય-ગુણ તો બધાયને સરખા છે. ભાઈ! તે દિ' તર્ક મૂક્યો હતોને? તે દિ' બધા પંડિતો હતા. બાપુ! તમે પર્યાયની સ્વતંત્રતા નહિ સ્વીકારો તો આ સિદ્ધ નહિ થાય. એક સમયમાં પરમાણુ કાળો છે અનંતગુણો, બીજે સમયે ધોળો થાય છે. બીજો એક પરમાણુ છે એક સમયે ધોળો અનંતગુણો છે એ બીજે સમયે કાળો થાય છે. કારણ શું? કારણ શું, બાપુ! એ પરમાણુનો સ્વભાવ છે. એ પર્યાયનો એટલો અચિંત્ય સ્વભાવ (છે). ત્યારે કહે, દ્રવ્ય-ગુણ કાળ નિમિત્ત. કાળ તો બેયને નિમિત્ત છે. સમજાય છે? ત્યાર કહે, દ્રવ્ય-ગુણ. તો દ્રવ્ય-ગુણ તો બેયના સરખા છે. દ્રવ્ય-ગુણ તો બેયના સરખા છે. ભાઈ! એ સત્ જ એવું છે કોઈ. ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્. ત્રણે સ્વતંત્ર સ્વયં સત્ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ પર્યાયનો એવો ધર્મ છે એનો. ચૌદ બ્રહ્માંડ જાય. આ પણ અહીં સુધી જાય. બસ. એટલું. પછી ન જવું એ એને અટકાવ્યું છે એમ નથી. સ્વતંત્ર અનંત ગુણોનો પર્યાય સ્વતંત્રપણે પ્રભુતાપણે સિદ્ધની પર્યાય પૂર્ણ સ્વતંત્રપણે પરિણમી ગઈ છે. આહાહા..! એની જોડે આ જે વિકારાદિ અહીં દેખાય છે (એ) ઉપાધિ છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. સિદ્ધને એ છે નહિ. સમજાણું કાંઈ?

'**જીવના ઔપાધિક ભાવ (-વર્ણાદિક)...**' આદિમાં બધું આવી ગયું. ઓલા ૨૯ બોલ. વર્ણથી માંડીને ગુણસ્થાન. '**ને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય)...**' હવે આવ્યું જુઓ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું એ. કે '**બીજાના ભાવને બીજાનો કહે છે;...**' આ સિદ્ધાંત. અન્ય દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યનો, અન્ય કારણને અન્ય કાર્ય, અદ્રવ્યને બીજા દ્રવ્યનો, એમ કહે છે. આવે છે ને એમાં? એક દ્રવ્યને બીજા દ્રવ્ય, એક ભાવને બીજા ભાવ, એક કારણને બીજા કારણ એમ કહે છે, દ્રવ્યને સિદ્ધ કરીને. એ પ્રમાણે જો માની લે તો તો વસ્તુ મિથ્યાત્વ થઈ જાય. આ વ્યવહારને જાણવાયોગ્ય છે.

'**બીજાના ભાવને બીજાનો કહે છે;...**' વ્યવહાર બીજાના,.. ખરેખર એ વિકારાદિ બીજાનો ભાવ છે. આત્માનો નથી. આહાહા..! એકરૂપ ચૈતન્ય સ્વભાવ અભેદ સિવાયનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવ તે એનો નથી. એનો તન્મય ત્રિકાળી જ્ઞાયકભાવ અખંડાનંદ પ્રભુ, એનો એ નિજભાવ. એ અપેક્ષાએ રાગાદિ-પુણ્યાદિ ગુણસ્થાન આદિ બધું, એ બીજાના ભાવો છે. એ જીવના, બીજાના ભાવને બીજાનો એટલે જીવના કહે છે. છે ભેદના, પુદ્ગલના. આહાહા..! પુદ્ગલના એ અપેક્ષાથી કહ્યું. આખો અખંડ ભગવાન છે ને. એની અપેક્ષાએ એને પુદ્ગલ પરિણામ કહ્યા છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**બીજાના ભાવને બીજાનો...**' બીજાના ભાવ એટલે? એ ગુણસ્થાન, ચૌદ જીવસ્થાન, સંયમલબ્ધિસ્થાન, મંદ કષાયના શુભ પરિણામ, તીવ્ર કષાયના પરિણામ એ બધા બીજાના ભાવ છે. ભેદરૂપ ભાવ નિમિત્તાધીન થયેલા એ વાસ્તવિક તત્ત્વને આધીન થયેલા નથી. સમજાણું કાંઈ? '**બીજાના ભાવને...**' જુઓ! એમણે (ટોડરમલજીએ) ઘરનું કાંઈ કહ્યું નથી મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ત્યાં આ જ કહ્યું છે. નિશ્ચય કહે છે તે સત્ય છે. વ્યવહાર કહે છે તે ઉપચાર છે. અને તે વ્યવહારનય અન્યથા બીજાના ભાવને નિમિત્તાદિની અપેક્ષા કરીને કહે છે. પણ એમ છે નહિ. વ્યવહાર કહે છે આમ. એમ છે નહિ. ત્યારે બીજાના ભાવને બીજાના એક અપેક્ષાથી કહે છે. એ જાણવા જેવું છે. આદરવા જેવું નથી.

એમાં પ્રશ્ન ઉઠ્યો છે ને? કે વ્યવહારનય ગ્રહણ કરવા યોગ્ય કહ્યો છે ને. નિશ્ચય અને વ્યવહાર ગ્રહણ કરવા યોગ્ય કહ્યું છે. પણ એ ગ્રહણની વ્યાખ્યા (શું)? ગ્રહણ એટલે જાણવું. એમ ખુલાસો કર્યો છે. આહાહા..! વાંધા ઉઠ્યા છે આ. વ્યવહારનય જાણવા યોગ્ય છે, ત્યારે એ ગ્રહણ કરવા યોગ્ય છે. એ ગ્રહવાનો અર્થ જાણવાલાયક છે. એમ ખુલાસો કર્યો છે, ટોડરમલે. સમજાણું કાંઈ? એણે તો શાસ્ત્રોમાંથી ઘણાં રહસ્યો ખોલ્યા છે. ખોલે ત્યાં એને (વિરોધ કરે), એય..! શાસ્ત્રથી વિરૂદ્ધ થઈ ગયું, શાસ્ત્રથી વિરૂદ્ધ થઈ ગયું. .. અપ્રમાણિક ઠરાવે છે ને. નહિ. ખોટું છે.

મુમુક્ષુ :- મુનિને કહે છે?

ઉત્તર :- મુનિ આ પદ્મપ્રભમલધારીદેવ. નિયમસારના કર્તા પદ્મપ્રભમલધારીદેવ. એ નહિ. એ માન્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિક્કો તો પ્રભુના ઘરનો આવે ત્યારે સિક્કો કહેવાય. અજ્ઞાની સિક્કા મારે એટલે કાંઈ સાચું થઈ જાય?

'**બીજાના ભાવને બીજાનો...**' આ શબ્દ છે. ગુણસ્થાન બીજાના ભાવ છે. ભેદ છે ને? એનો આશ્રય કરતાં વિકલ્પ ઉઠે છે. એ બીજાના ભાવને જીવના કહે છે, પુદ્ગલના ભાવને જીવના કહે છે. આ આટલી શૈલી છે.

મુમુક્ષુ :- દૃષ્ટાંત..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આ દૃષ્ટાંત કીધું ને. કસુંબાનો રંગ એ લૂગડાનો નથી એને લૂગડાનો કહે છે. એમ પુણ્યના પરિણામ જીવના નથી, પુદ્‌ગલના છે અને જીવના કહે છે.

કસુંબાનો રંગ ઉપાધિભાવ સફેદ .. છે એ એનો નથી એને વ્યવહારનય કહે છે કે એ લૂગડું કસુંબાવાળું છે, રંગવાળું છે. એમ રાગ, પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ પુદ્‌ગલના છે, અનેરાના છે. કેમકે સ્વભાવમાં નથી. એક સમયની કૃત્રિમ દશા નિમિત્તને આધીન ઉત્પન્ન થયેલો એક સમયનો ભાવ. એક સમય, નિમિત્ત અને નૈમિત્તિક સંબંધનો એક સમય. બાકી આખો પિંડ ચૈતન્ય ભિન્ન. એક સમયની કૃત્રિમતાનો રંગ, રાગ ભેદ નિમિત્તના આશ્રયે થયેલો. વશે થયેલો એમ કીધું છે ને પહેલામાં? વશે થયેલું કીધું છે. એને વશે થયેલો એટલો એક સમયનો ભેદ. નિમિત્તને... સંયોગ કહો કે નિમિત્ત કહો. સંયોગવશે, નિમિત્તને વશે, પરવસ્તુને વશે, એક સમયનો આ ભાવ પરમાર્થ સ્વરૂપ અખંડ ભિન્ન. એની અપેક્ષાએ એક સમયનો ભાગ તે પરનો છે. એ જીવનો કહેવો એનું નામ વ્યવહારનય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ સિદ્ધાંત વ્યવહારનયનો ઘણો સૂક્ષ્મ અને .. છે. ભગવાન અભેદ વસ્તુ છે. એકાકાર પ્રભુ ચૈતન્ય છે. એને દૃષ્ટિમાં લેવો અને એ દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ એક થઈ ગઈ એટલે પરમાર્થથી વસ્તુ અભેદ જ છે. અને જેટલો આ ભેદ પડ્યો છે એ ખરેખર, જેમ સુતરનો રંગ નથી, એમ અભેદનું એ સ્વરૂપ નથી. આહાહા..! પણ વ્યવહારનયનું એવું સ્વરૂપ છે. બીજાના ભાવને બીજાનો કહે છે. એમ જીવ ખરેખર એ આત્માનો ખરેખર છે આખો માની લે, (તો) મિથ્યાત્વ છે એમ કહે છે. આહાહા..! જીવ અધિકાર છે ને આ? જીવના એકરૂપ સ્વભાવમાં ખરેખર પુણ્ય ને રાગ ને દયા-દાન-વ્રત ને ભેદ, (તે) અભેદ છે આત્મા સાથે (એમ) માને તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. બહુ વાત.. સમજાણું?

**'અને નિશ્ચયનય...'** બસ, એ જે ત્યાં કહ્યું છે એ જ શૈલી છે. **'બીજાના ભાવને બીજાનો કહે છે; અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી,...'** વસ્તુને આશ્રયે હોવાથી. એકરૂપ અભેદ ચૈતન્ય દ્રવ્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સામાન્ય એક સ્વભાવ. એકરૂપ સ્વભાવ. જુઓ! ઓલો પર્યાયને આશ્રયે હતી, આ દ્રવ્યને આશ્રયે, ઓલો વ્યવહાર હતો આ નિશ્ચય. ઓલામાં સફેદ રૂનું બનેલા વસ્ત્રની વાત હતી. **'કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને...'** કેવળ એક જીવના સ્વભાવિક ભાવને અવલંબીને. જુઓ! આ એકાંત થઈ ગયું. નિશ્ચયનય એકાંત **'કેવળ એક જીવના સ્વભાવિક ભાવને અવંલબીને પ્રવર્તતો થકો,...'** એકાંત થઈ ગયું. પણ નિશ્ચય તો એકાંત જ છે. નિશ્ચયમાં વળી કાંઈ ભેદ પડી જાય? કે કથંચિત્ કેવળ એક જીવ સ્વભાવને કહેનારો અને કથંચિત્ ભેદને કહેનારો. એમ હશે? આખા દ્રવ્યની અપેક્ષાએ એમ કહેવાય કે બીજાના ભાવને બીજાનો કહેનારો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર, પોતાના સ્વભાવને જણાવનારો નિશ્ચય. એમ બે. પણ અહીં કીધું કે ના, એકાંત ત્યાં થઈ જાય. સર્વથા વચન જૈનનું નહિ. એમ કહ્યું છે. આ સર્વથા છે. નહિતર એ વસ્તુ સિદ્ધ થતી નથી.

શું કહે છે? '**કેવળ એક...**' જુઓ! અહીં તો તદ્દન એકાંત આવ્યું. '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને...**' ભિન્ન પાડી દઈને. એમાં શું કહેવું છે સમજાય છે કાંઈ? ઓલા કહે છે ને એમાં? કે નહિ. સર્વથા શબ્દ... શું કીધું? .. એકાંત ન હોય.. એકાંત ન હોય. પણ એકાંત તે શેનું એકાંત ન હોય? એનો સ્વભાવ છે તો એકાંત જ (છે). આ શું કહે છે? વ્યવહારનય જાણવા લાયક કહ્યો પણ આ નિશ્ચયનય કેવળ એક સ્વભાવને જાણનારું છે. એમાં વળી અનેકાંત એમાં ન આવે. એમાં છે અને વ્યવહાર નથી એમ અનેકાંત આવે, ભાઈ! કહ્યું સમજાણું આમાં?

એક કેવળ જીવ સ્વભાવિક ભાવને અવલંબીને એટલે જાણતું આ ... એમાં આ છે, આ નથી એમ આવે. પણ આ પણ છે અને ઓલું પણ છે તો અનેકાંત થાય, એમ ન હોય. આહાહા..! નિશ્ચયનય ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ જે શુદ્ધ પરમાનંદની મૂર્તિ અભેદ એને આશ્રયે હોવાથી... એ તો સમજાવવું છે ને એટલે એમ કહ્યું ને '**भूदत्थमस्सिदो खलु**' આશ્રય કરનાર પર્યાય છે. સમજાય છે? પણ પર્યાયનો આશ્રય, પર્યાયનો આશ્રય દ્રવ્ય છે. પણ અહીં તો નય ને આશ્રય ને વસ્તુ બેને એક કહેવી છે. અહીં જરી સમજાવે છે. ભાઈ! અહીં નિશ્ચયનયના દ્રવ્યને આશ્રયભાષા વાપરી જુઓ! સમજાવવું છે એટલે. ત્યાં એમ જ કહ્યું હતું '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ તે શુદ્ધનય છે એમ કહ્યું હતું. અહીં ભૂતાર્થને આશ્રયે પ્રવર્તે તે નિશ્ચય એમ કહે છે. જેને સમજાવું છે ને. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ૧૧માં એમ કહ્યું હતું, વ્યવહાર અભૂતાર્થ (છે). '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ તે શુદ્ધનય. ભૂતાર્થને આશ્રયે શુદ્ધનય કરે છે એમ નહિ. શુદ્ધનય ભૂતાર્થનો આશ્રય કરે છે એમ નહિ. ભૂતાર્થ શુદ્ધનય.

અહીં જરી સમજાવે છે કે '**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી,...**' ત્યારે આશ્રય(ને), આશ્રય લેનાર એમ ભેદ પાડીને સમજાવે છે. સમજાણું કાંઈ? વસ્તુ તો જે નિશ્ચય છે... ઓલામાં એમ કહ્યું ને ૨૭૨માં. 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' પંડિતજી! ૨૭૨. વ્યવહાર .. મોક્ષ જાય છે. એ. ત્યારે નિશ્ચયનય તો જ્ઞાનનો પર્યાય છે. જ્ઞાનના પર્યાયવાળો મોક્ષ જાય છે? પણ નિશ્ચયનયનો અર્થ એમ છે, બાપુ! એ જ્ઞાનપર્યાય અભેદ દૃષ્ટિ એને અભેદ આમ કરે છે. એ દ્રવ્યને આશ્રયે મુક્તિ થાય છે. એને એમ કહ્યું નિશ્ચયનયને આશ્રયે. એ નિશ્ચયનય જ એને કીધી છે. આહાહા..! ભગવાન! બાપુ! આ તો સ્યાદ્વાદ માર્ગની શૈલી છે. વાદવિવાદ આમાં હોય નહિ, ભાઈ! આ વાદવિવાદની વસ્તુ નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, ત્યાં એમ કહ્યું હતું. અહીં માથે એમ કહ્યું હતું, ભાઈ! અનુભૂતિથી જોતાં ભિન્ન છે. અંતરદષ્ટિ દેખતા દેખાતા નથી. અહીં વળી ભેદ પાડ્યો પાછો. કે વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી. એકના ભાવને બીજાના કહે છે. નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી. સમજાણું કાંઈ? નિશ્ચયનય અને દ્રવ્યનો આશ્રય બે કહ્યું ને? ..ભાઈ! બે કહ્યું. નિશ્ચયનય દ્રવ્યનો આશ્રય. પછી તો બધું એક છે એમ સમજાવ્યું છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન આમ દ્રવ્યનો આશ્રય કરીને ઠર્યું એને નિશ્ચયનય કહે છે. એને જ અભેદનય કહે છે. ઓલા બેને જુદા પાડવા છે.

'**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી,...**' એક વાત. '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને...**' જીવને કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ કહેવાય. આખું દ્રવ્ય કહેવું હોય તો. પણ દ્રવ્યાર્થિકનયે નિત્ય જ છે. પંડિતજી! કાંઈ દ્રવ્યાર્થિકનયે નિત્ય અને અનિત્ય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રમાણાત્ તે અનેકાંત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં ક્યાંથી અનેકાંત લાગે? નિશ્ચય કહેતા નિશ્ચયથી કહે. નિત્ય નિશ્ચયથી છે, ભાઈ! નિત્ય જ છે. એકાંત નિત્ય છે દ્રવ્યાર્થિકનયથી. વળી દ્રવ્યાર્થિકનયથી કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય? ભાઈ! એ વસ્તુસ્થિતિ છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહાહા..!

એ કહે છે, '**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક...**' સંપૂર્ણ એક '**જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો...**' જાણે વળી અવલંબીને આ ને આ પ્રવર્તે એમ કહ્યું ને? '**બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...**' સમજાણું કાંઈ? ઓલો બીજાના ભાવને બીજાનો કહે છે. ત્યારે આ કહે છે, '**બીજાના ભાવને જરા પણ...**' જરા પણ. કથંચિત્ લગાડી દે ત્યાં? ભાઈ! વસ્તુ એવી છે. પણ નિશ્ચય અને વ્યવહારના નયે જગત ભરમાયો. ભૂલ્યા. એના બેના પાછા મેળ કેમ કરવો એની ખબર ન મળે એટલે શું થાય? વેદાંતવાળાએ આખો પર્યાય ઉડાડી દીધો. પર્યાય જ નથી. ઓલા બૌદ્ધવાળાએ વળી આખું દ્રવ્ય ઉડાડી દીધું. વસ્તુ એમ નથી. દ્રવ્ય-પર્યાય સ્વરૂપ બેય વસ્તુ છે. પર્યાયને આશ્રિત વ્યવહાર છે, નિશ્ચય આશ્રિત દ્રવ્ય છે. ચીજ છે. બે પ્રમાણના વિષય સહિત છે.

'**કેવળ એક જીવના સ્વાભાવિક...**' ઓહો..! એક સ્વભાવિક.. એક સ્વભાવિક. કેવળ એક જીવનો સ્વભાવ પાછો એમ. એકરૂપ. એમાં આ કેવળજ્ઞાન છે અને આ કેવળદર્શન છે અને આ પૂર્ણ જ્ઞાન છે અને પૂર્ણ આનંદ છે એવા ભેદ પણ નહિ. ગુણભેદ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતો જ નથી. ભેદ હોવા છતાં દૃષ્ટિમાં '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે.**' લ્યો આવ્યું. કહેતો નથી એ ઉપરાંત નિષેધ કરે છે. નિષેધ કરવાની વ્યાખ્યા કે એના લક્ષમાં એ રહેતી નથી. નિશ્ચયમાં આમ ગયો ત્યાં આ લક્ષમાં રહેતી નથી. એથી એનો નિષેધ કહેવામાં આવે છે. એમ કે નિશ્ચયમાં ગયો તો નિષેધ કરું આનો. પણ જ્યાં સ્વભાવના અંતરમાં ગયો ત્યાં ભેદનો આશ્રય રહ્યો નહિ. ભેદ ભેગો આવ્યો નહિ. ભેદ ભેગો આવ્યો નહિ એટલે એને અહીં નિષેધ કરે એમ કહેવામાં આવે છે.

નિષેધ કરવા જાય? લ્યો, આ રાગ આવ્યો, નિષેધ કરું. તો પર્યાયબુદ્ધિ થઈ જાય. પણ નિશ્ચયનય પોતાના અભેદ આશ્રયમાં જ્યાં જાય છે, ત્યાં ભેદ ભેદના સ્થાનમાં રહી જાય છે. એમાં અભેદમાં ભેગું આવતું નથી. માટે તે બીજાના ભાવને જરા પણ બીજાનો નહિ જાણતાં, ન કહેતો ભાષા છે એ તો, હોં! નિષેધ કરે છે. નિશ્ચયમાં તે વ્યવહાર ભેગો આવતો નથી. જુઓ! સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે આ રીતે, ભાઈ! આહાહા..! એના અંતરમાં અભેદમાં આવતો નથી. જાણવામાં આવે કે આ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ સ્વભાવનો આશ્રય લઈને જે અનુભવ દૃષ્ટિ થઈ છે એ ખરેખર તો જે વ્યવહાર જે વિકલ્પ છે ને એનાથી મુક્ત છે. એમાં ભેગો આવતો નથી. જ્ઞેય તરીકે, હેય તરીકે રહી જાય છે એને અહીંયાં નિષેધ કરે છે એમ કહેવામાં આવે છે. ઉપાદેયમાં એ આવતું નથી માટે તેને નિષેધ કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! માર્ગ તે માર્ગ છે. બાપુ! વસ્તુ જ એવી છે. ભગવાને કાંઈ કહી છે માટે એવી છે (એમ નથી). એવી છે એવી જાણી છે અને જાણી એવી કહી છે. એને અંદર જે રીતે પકડવું જોઈએ, સમજવું જોઈએ એ રીતે સમજે નહિ અને એણે માનેલું કે મેં માનેલું એમ ત્યાં સિદ્ધ થવું જોઈએ. એમ કાંઈ ચાલે?

કહે છે... ભાષા કેટલી લીધી, જોયું! '**प्रतिषेधयति**' ઈ શબ્દ છે, હોં! ઓલામાં આવે છે ને ઈ? ૨૭૨માં. ત્યાં '**प्रतिषेधयत**' છે. બંધ અધિકારમાં. વ્યવહારનય '**प्रतिषेधयत**' '**प्रतिषेधयति**' પંડિતજી! એ '**प्रतिषेधयत**' આમાં '**प्रतिषेधयति**' નિશ્ચય .. પણ '**प्रतिषेध**' એ આ શબ્દ પડ્યો છે અહીં, જુઓ! '**सर्वमेव प्रतिषेधयति**' એટલે એનો અર્થ કે અંતર દશામાં, અંતરદૃષ્ટિના અભેદમાં એ ભેદ આવતો નથી. એક થતો નથી માટે નિષેધે છે એમ અહીંયાં ભગવાન અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે. આહાહા..! સંતોની બલિહારી છે ને પણ. એના ક્ષયોપશમની દશા. દૃષ્ટિ અનુભવથી તો ઠીક પણ એના ક્ષયોપશમની દશા, ફાટ ફાટ ક્ષયોપશમ છે. પદ્ધતિને કહેવાનો જ્ઞાનનો ક્ષયોપશમ.. અનુભવ તો હોય, દૃષ્ટિ હોય પણ આ તો ક્ષયોપશમ એટલો છે. ગજબ વાત છે!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- સ્યાદ્વાદ.

ઉત્તર :- સ્યાદ્વાદ. સ્વાદવાદ છે. આવે ને સ્યાદ્વાદ અને સ્વાદવાદ. વાત સાચી.

મુમુક્ષુ :- સ્વાદ પણ આવે અને કહી પણ શકે.

ઉત્તર :- કહી શકે એવી શૈલી છે. એવું જ્ઞાન કામ કરે એટલું. ભાષા તો જડ છે. પણ જ્ઞાન ઉઘાડ એટલો કામ કરે છે.

**'માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત...'** દેખો! રંગથી માંડીને ઓલા ૨૯ બોલ. ગુણસ્થાન સુદ્ધાં. ગુણસ્થાન એટલે ચૌદમા ગુણસ્થાન સુધી દશા જે ભાવો છે. પાછા હોં! જે ભાવો છે. નથી એમ નહિ. આહાહા..! **'તે વ્યવહારથી જીવના છે...'** વ્યવહારથી જીવના છે. જુઓ! વ્યવહારથી જીવના છે, નિશ્ચયથી નથી. **'અને નિશ્ચયથી જીવના નથી...'** ખરેખર જીવનું એ સ્વરૂપ નથી. **'એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.'** અપેક્ષાથી કથન છે. સ્યાત્ કથંચિત્ કથન કરવું. વ્યવહારનો વિષય છે, વસ્તુના સ્વભાવમાં નથી. સ્વભાવ તેનો નિષેધ કરે છે. એવી ભગવાનની વાણીમાં ભાવમાં એવું હતું એવું વાણીમાં આવ્યું. **'કથન યોગ્ય છે.'** લ્યો! એ ૫૬ ગાથા થઈ લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નોંધ :- પ્રવચન નં.૧૨૫, ૧૨૬ ઉપલબ્ધ નથી.**

**માગશર વદ ૧, બુધવાર તા. ૨૮-૧૨-૧૯૬૬**
**ગાથા-૬૧-૬૨, પ્રવચન-૧૨૭**

અજીવ અધિકાર. ૬૧ ગાથા.

**तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी।**
**संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई।।६१।।**
**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

'**ટીકા :- જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં...**' જે સ્વરૂપપણાથી સહિત હોય. જે વસ્તુ બધી અવસ્થાઓમાં જે સ્વરૂપથી સહિત-વ્યાપ્ત હોય અને તેના સ્વરૂપથી રહિત ન હોય '**તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે.**' સમજાણું કાંઈ? વસ્તુનો જે અવસ્થામાં બધી અવસ્થામાં તે વસ્તુનો સ્વરૂપપણાથી સહિત હોય અને તે વસ્તુ બધી અવસ્થાઓમાં એના સ્વરૂપપણાથી રહિત ન હોય. એ તો અસ્તિ-નાસ્તિથી વાત કરી. છે? ખરેખર બધી દશાઓમાં. ન્યાય મૂક્યો છે, ન્યાય. ... સ્વરૂપ. જે વસ્તુ બધી દશાઓમાં, બધી અવસ્થાઓમાં જે સ્વરૂપથી વ્યાપ્ત હોય અને જેના સ્વરૂપથી કોઈ દશામાં એનાથી રહિત હોય નહિ તેનો તેમની સાથે. આ સિદ્ધાંત મૂક્યો છે. તેનો તે આત્માની સાથે કે દ્રવ્યની સાથે '**તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે.**' તાદાત્મ્ય-તે સ્વરૂપના સંબંધવાળું લક્ષણ તેને કહેવામાં આવે છે. ટૂંકુ લખ્યું છે.

'**(જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય...**' જે પદાર્થ બધી દશાઓમાં જે તેના ભાવસ્વરૂપે હોય '**અને કોઈ અવસ્થામાં તે ભાવોસ્વરૂપપણું છોડે નહિ, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે.)**' કહો, સિદ્ધાંત સમજાણો? ભાષા કેવી વાપરે છે! એ સિદ્ધાંત કહ્યો. પદાર્થ એને કહીએ કે જેની સાથે દરેક દશામાં એકરૂપ સ્વભાવ સંબંધ હોય તેને તે વસ્તુ કહીએ. પણ જે વસ્તુની બધી દશાઓમાં વ્યાપ્ત ન હોય અને કોઈ વખતે વ્યાપ્ત હોય તે એનું તાદાત્મ્યલક્ષણ સંબંધ ન થયું. સમજાણું કાંઈ?

દરેક અવસ્થામાં તે ભાવસહિત હોય અને તે પદાર્થ દરેક અવસ્થામાં તે ભાવરહિત ન હોય, તે ભાવને તેના સાથે તદ્રૂપ, એકરૂપ સ્વભાવ સંબંધ-તાદાત્મ્યલક્ષણ સંબંધ કહેવામાં આવે છે. કહો, ..ભાઈ! સમજાણું? એમ અહીં સિદ્ધ કરવું છે કે વર્ણ-ગંધ-રસ સ્પર્શ આદિ આત્માની બધી દશાઓમાં સહિત નથી. સમજાય છે? એ દશારહિત પણ આત્મા હોય છે. માટે તે રંગ, ગંધ, રાગ આદિથી આત્માને તત્ સ્વભાવે સંબંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. એ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. એમ પાછું અહીં સિદ્ધ ઈ કરવું છે.

જેના લક્ષે જે ભાવ ઉત્પન્ન થયો તેના તે ભાવવાન સાથે તે ભાવ તાદાત્મ્ય સંબંધ છે એમ અહીં સિદ્ધ કરવું છે. રાગાદિ, રંગ આદિ પરવસ્તુના લક્ષે એટલે પરના આશ્રયે, પરમાં ઉત્પન્ન થાય છે. પરમાં ઉત્પન્ન થાય છે. ... પાડવું નથી. અત્યારે તો એ.. અહીંયાં તો રાગ ને દ્વેષ ને રંગ બધું આત્માની સાથે સંબંધ નથી એમ સિદ્ધ કરવું છે. કેમ કે એ વસ્તુની સાથે દરેક અવસ્થા સહિત એ રાગ હોતો નથી. તેથી તેના સાથે આત્માને તદ્રૂપ, એકરૂપ સ્વભાવરૂપ સંબંધ નથી. પુદ્‌ગલ સાથે સંબંધ છે એમ સિદ્ધ કરવું છે. પાછું નથી એની સાથે એટલું નહિ પણ બીજા સાથે સંબંધ છે. જેના લક્ષે રાગાદિ થાય તે અને તેની સાથે તાદાત્મ્ય સંબંધ છે. આત્મા સાથે રાગ-દ્વેષને એકરૂપ સંબંધ છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...'** કોણ? પુદ્‌ગલ. એ પુદ્‌ગલ બધી રંગ, રાગ આદિથી બધી અવસ્થામાં વ્યાપ્ત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો બધા તો ૨૯ બોલ છે ને. ચૌદ ક્યાં, ૨૯. ૨૯ બોલ.

ગુણસ્થાન ભેદ છે ને બધો ભેદ? ભેદ બધો પુદ્‌ગલના પરિણામમાં નાખી દીધો. અભેદ ચિદાનંદ એકલો અખંડાનંદ, આનંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ તે જ આત્મા. એના જેટલા ભેદ અને રાગ, એનો .. રંગ, એ બધો આત્માની દરેક દશામાં તે સ્વરૂપે થઈ દ્રવ્ય હોતું નથી તો એના રહિતપણે હોય છે. માટે તે સંબંધ આત્મા સાથે ગુણસ્થાન ભેદનો, રાગનો આત્મા સાથે તાદાત્મ્યસંબંધ નથી, તે સ્વરૂપે સંબંધ નથી. પુદ્‌ગલ સાથે તે તદાત્મ્યસંબંધ છે. કેમકે જ્યાં જ્યાં પુદ્‌ગલ ત્યાં ત્યાં રાગ અને જ્યાં જ્યાં પુદ્‌ગલ ત્યાં ત્યાં રંગ. બીજી અપેક્ષા છે. આમાં કેટલી અપેક્ષા નક્કી કરવી. એક વાર એમ નક્કી કરે કે રાગ આત્માથી થાય છે, જડથી નહિ. અહીં કહે, રાગ પુદ્‌ગલનો. કઈ અપેક્ષા છે?

અહીં એકલું દ્રવ્યનું સિદ્ધ કર્યું પહેલું. પર્યાયમાં રાગ થાય એ તો સિદ્ધ કર્યું પહેલું કે પરથી ભિન્ન છે પણ રાગાદિ એની દશામાં છે. પણ હવે રાગ એ કૃત્રિમ એક સમયની અવસ્થા અને ત્રિકાળ ચૈતન્યની અભેદ દૃષ્ટિ કરતાં એમાં દેખાતું નથી. માટે જેમાં દેખાતું નથી એનું નહિ. જેમાં દેખાય સદાય પુદ્‌ગલ રહે ત્યાં સુધી રાગ થાય. એમ છે, હોં! અત્યારે એમ છે. એ કથન છે. પુદ્‌ગલ હોય ત્યાં જ રાગ થાય એનો અર્થ કે આત્મામાં ભેદ પડે છે એ બધો આત્માના આશ્રયે છે નહિ. પરને આશ્રયે એ બધો ભેદ પર સાથે તાદાત્મ્ય સંબંધ જાય છે. બે જ ભાગ. અહીં તો જીવ અજીવ છે ને. સમજાણું?

કર્મ નોકર્મની જ આ બધી વસ્તુ છે એમ વર્ણવ્યું છે અહીં તો. એ તો વર્ણવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એને અહીં સિદ્ધ કરવી છે. કર્મ અને નોકર્મના જ એ બધાય છે. એની સાથે સંબંધ છે નહિ. છતાં આત્માના કહેવાય એ વ્યવહારથી છે. નિશ્ચયથી તો છે નહિ. સમજાણું કાંઈ? કર્મ સામે પુદ્ગલ છે એની સાથે સંબંધ છે એમ સિદ્ધ કરે છે એટલું. .. અહીં વાત સિદ્ધ કરે છે. માટે બધી દશાઓમાં.. સમયસાર વાંચીને કેટલાકને એમ થઈ જાય ને કે નહિ, વિકાર છે એ કર્મને લઈને છે. એ કર્મના છે. જુઓ, આમાં શું લખ્યું? કઈ અપેક્ષાથી છે ઈ? એકલો અભેદ ચૈતન્યને, ધ્રુવ આનંદકંદને દૃષ્ટિમાં લેતા તેમાં એ રાગ ભેગો આવતો નથી. પણ અભેદ દૃષ્ટિમાં પર્યાયના ભેદો પણ જ્યાં લક્ષમાં રહેતા નથી. સમજાણું કાંઈ?

એકરૂપ ચૈતન્ય પ્રભુ નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ, એવું જે જીવદ્રવ્ય, એની સાથે તો આનંદ અને જ્ઞાતા આદિ ગુણો અનંતજ્ઞાન એને તાદાત્મ્ય સંબંધ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ વગેરે ત્રિકાળ શક્તિઓ, એની સાથે શક્તિવાનને તાદાત્મ્ય સંબંધ છે, તે રૂપે સંબંધ છે. વસ્તુ આખી એના અનંતા ગુણ સાથે તાદાત્મ્ય સંબંધ છે. આ રાગ સાથે, રંગ સાથે એ વસ્તુને એકરૂપે ત્રિકાળ સંબંધ નથી. માટે તેનો સંબંધ પુદ્ગલ સાથે ત્રિકાળ છે એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે પણ આ અપેક્ષાએ છે માટે સિદ્ધ કરવું છે. એમ છે. અભેદ સિદ્ધ કરવું છે એ અપેક્ષાએ સિદ્ધ કરવું છે એમ કહ્યું.

એક સમયની, કૃત્રિમ સંસાર એક સમયની દશા છે. એ તો એનામાં (છે). હવે અહીં દ્રવ્ય સિદ્ધ કરવું છે. દ્રવ્ય સ્વભાવની .. એક સમયની અવસ્થા એમાં નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. એ માટે એ નથી અને આમાં છે. એમ. સમજાણું કાંઈ? વસ્તુ એક ચિદાનંદ જીવદ્રવ્ય અહીં સિદ્ધ કરવું છે ને? જીવદ્રવ્ય પદાર્થ. અખંડ અનંત ગુણનો પિંડ જે (રીતે) તાદાત્મ્યસ્વરૂપે છે, એ રીતે રાગ ને રંગ સાથે તાદાત્મ્ય સ્વરૂપે નથી. એક સમયની પર્યાય છે એ પર્યાય તો પરથી ભિન્ન પાડીને સિદ્ધ કરી. હવે અત્યારે બીજો અભેદ સ્વભાવ સિદ્ધ કરવો છે. અભેદ સ્વભાવ સિદ્ધ કરવા માટે એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અભેદ સ્વભાવ સિદ્ધ કરવો છે અને એમ છે અભેદથી. માટે એમ કહેવું છે. અભેદ સ્વભાવ એમ છે માટે એમ સિદ્ધ કરવું છે. ભેદ, પર્યાયનો અશુદ્ધ સ્વભાવ સિદ્ધ કરવો હોય જ્યારે પર્યાયનો તો એનામાં રાગ છે, સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી. દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. એ તો સવારમાં આવ્યું હતું. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એ તો પહેલો દરજ્જો થયો.

મુમુક્ષુ :- તે પછીનો..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- તે પછીનો એક દરજ્જો એ છે કે વિકાર સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ નથી. સ્વભાવથી અભેદ, વિભાવથી ભેદ એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પરથી જુદો પાડતાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પરદ્રવ્યના-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. કર્મ અને પુદ્ગલથી આત્મા છે નહિ. એ તો પહેલું સિદ્ધ એટલું સામાન્ય પરથી ભિન્ન. હવે ત્રિકાળી અભેદ સ્વભાવ સિદ્ધ કરવો છે. કેમકે દૃષ્ટિનો વિષય છે અને એમાં એને આનંદ છે. એનો આનંદ પ્રગટે છે. સમજાણું કાંઈ? એક ચૈતન્યમૂર્તિ અભેદ સ્વરૂપ, એમાં દૃષ્ટિ આપતાં એની સાથે તો જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવ જે છે તે તાદાત્મ્યસ્વરૂપ છે. કે જેથી એનો અનુભવ થઈને આનંદ પ્રગટ થાય. પણ એવા અભેદ સ્વભાવનો આશ્રય લઈને રાગ ઉત્પન્ન થાય એમ છે નહિ. માટે રાગ એને આશ્રયે થતો નથી, માટે એ રાગ તેના સ્વરૂપની સાથે સંબંધ નથી. પણ એ રાગ ને રંગને પરની સાથે સંબંધ છે. આમ વાત સિદ્ધ કરવી છે. છે તો સિદ્ધ કરવી છે. એમ છે આ રીતે. અભેદ સ્વભાવ છે આ રીતે. એ રીતે છે માટે એને સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**માટે બધીયે અવસ્થાઓમાં જે...**' જે કોણ? કે પુદ્ગલ. '**બધીયે અવસ્થાઓમાં જે...**' એટલે કોણ? પુદ્ગલ. '**વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી...**' એટલે અવસ્થાથી '**રહિત હોતું નથી એવા પુદ્ગલનો...**' એ પુદ્ગલનો. એવું લાગે કે આ તો બહુ વેદાંત જેવું કર્યું છે. વેદાંત નથી. વસ્તુનો અભેદ (સ્વભાવ બતાવે છે). કેટલાકને એમ થઈ જાય કે આ તો નિશ્ચયાભાસ જેવું છે. કેટલાક વાત કરે છે. પર્યાય અને... પર્યાય-ફર્યાય નથી, સાંભળને હવે. વસ્તુમાં (નથી). એકરૂપ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યજ્યોત, એવી અંતરદૃષ્ટિ કરતાં આનંદ અને આત્માને તાદાત્મ્ય સંબંધ છે. રાગ ને રંગને તાદાત્મ્ય સંબંધ નથી. સમજાણું કાંઈ? એ કર્મ, નોકર્મમાં નાખીને તો વાત કરી, ૫૮, ૫૯, ૬૦માં. એ બધા રાગ-દ્વેષ, ગુણસ્થાનભેદ બધા કર્મ, નોકર્મના છે. ચૌદ ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન બધા કોના? કર્મ ને નોકર્મના છે. આત્માના નથી. અને કર્મ અને નોકર્મનો એક સમયનો અહીં સંબંધ દેખીને એના છે એમ કહેવામાં આવ્યું છે. વસ્તુના સ્વરૂપમાં એ છે નહિ.

ઘડીકમાં હા પાડે અને ઘડીકમાં ના પાડે. અમારે ફાવાભાઈ કહેતા. સવારે નિર્ણય કરીએ કે રાગ આત્માથી થાય. સાંજે આવે કે રાગ પુદ્ગલનો. ખબર છે? અમારે ક્યો નિર્ણય કરવો? પણ કઈ અપેક્ષાએ કહે છે એ અપેક્ષા ન પકડે. સવારે એમ કહે, રાગ આત્માથી થાય, ત્રણ કાળમાં પરથી ન થાય. એ જ પકડી રાખ્યું છે. ત્યાં વળી આજે આવે કે રાગ પુદ્ગલનો છે, આત્માનો નહિ. રાગ આત્મામાં છે એ તો પરથી જુદો પાડવા માટે છે. સમજાય છે કાંઈ? પણ અહીંયાં તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદની મૂર્તિ આત્મા છે, એવા આત્માની સાથે સર્વજ્ઞ પરમેશ્વરની વાણી છે એ તો અહીં કહેવાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુ ચિદાનંદમૂર્તિ છે એવા દ્રવ્યની સાથે તાદાત્મ્ય તે-રૂપ ત્રિકાળ સંબંધ આનંદ જ્ઞાન શાંતિ ચારિત્ર આદિ. એવા ગુણો એકરૂપ ત્રિકાળ રહે છે તેની સાથે તેને સંબંધ છે. સમજાણું કાંઈ? જેનો સંબંધ કરતાં ભલે પર્યાય ઉત્પન્ન થાય પણ સંબંધ .. અભેદ, .. ગુણ અને ગુણીનો એનો ધ્રુવ સંબંધ ત્રિકાળ છે. અને આ વિકાર ને ભેદ ને ગુણસ્થાન ને જીવસ્થાન એ બધા કર્મ અને નોકર્મના છે. અને એની સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ ધરાવે છે. રાગ અને ગુણસ્થાનનો ભેદ કર્મ સાથે લક્ષણ ધરાવે એમ કહે છે. શશીભાઈ!

હવે અહીં તો બે ભાગલા પાડ્યા છે. એકલો પ્રભુ આત્મા ચૈતન્યસ્વરૂપે ભગવાન બિરાજમાન જ્યોત, અખંડાનંદ જેનો આશ્રય કરતાં, જેને દૃષ્ટિમાં લેતાં, જેને આનંદ આવે. સમજાય છે કાંઈ? એવા અભેદ દ્રવ્યમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધા પુદ્ગલની સાથે એકરૂપ સંબંધ ધરાવે છે. ઓહોહો..! કર્મ અને નોકર્મની સાથે સંબંધ છે. દાસ!

**'તાદાત્મ્યલક્ષણ સંબંધ છે; અને જોકે...'** હવે ગાથા છે, હવે ગાથાનો અર્થ થાય છે. પહેલા તો ઉપોદ્ઘાત કર્યો. ઓલો તો એક ન્યાય આપ્યો. વાત કહેવી છે આ. પાઠ તો **'तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी। संसारपमुक्काणं णत्थि'** સિદ્ધ તો એ કરવું છે. પણ એ સિદ્ધ કરવા પહેલા વસ્તુને આ રીતે સિદ્ધ કરી. સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ? ગાથાનો અર્થ જે છે એ તો હવે આવે છે. પણ ગાથાના અર્થને બરાબર સિદ્ધ કરવા (પહેલાં આ કહ્યું). ગાથાનો અર્થ એટલો કે સંસાર જ્યાં સુધી છે ત્યાં સુધી રાગાદિ છે અને સંસાર નથી ત્યારે રાગાદિ નથી. એ ગાથા. એમાંથી સિદ્ધાંત કાઢ્યો કે જ્યારે આત્મા જે સ્વરૂપથી એકમેક હોય અને જે સ્વરૂપથી રહિત ન હોય તેનું તેને તાદાત્મ્યલક્ષણ સંબંધ કહીએ. રાગ અને રંગનું, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામનું એ પુદ્ગલ સાથે તાદાત્મ્ય સંબંધ છે. અને તેના સંબંધરહિત એ પુદ્ગલ નથી. આહાહા..! શશીભાઈ! સમજાણું કાંઈ? જરા ધીરેથી... આખો બાદશાહની ઉપર નજર કરાવે છે. અને એ નજર કરી ત્યારે આ ભાવ એમાં સાથે આવતો નથી. માટે એની સાથે સંબંધ ધરાવતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અને જોકે...'** હવે ગાથા આવી. **'સંસાર-અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...'** પર્યાયે રાગ અને રંગ સાથે વ્યવહાર સંબંધ દેખાય છે. **'અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી...'** ઓલી રાગની એક સમયની અવસ્થાની અપેક્ષાએ. સંસાર અપેક્ષામાં રાગ અને રંગની અપેક્ષાથી એક સમયની સ્થિતિના સ્વરૂપથી જોઈએ તો તેના સહિત દેખાય છે. તેના રહિત દેખાતો નથી.

**'તોપણ...'** સંસાર .. **'મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે...'** અહીં તો સર્વથા આવ્યું. સર્વથા તો ન હોય ને? કોઈ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, સર્વથા ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ ટીકા જ આવી છે પછી શું થાય?

સંસાર દશામાં... ભાઈ! અતીન્દ્રિય આખું તત્ત્વ ચૈતન્યદળ, ચૈતન્ય ઉપયોગ પિંડ આખો ભગવાન આત્મા, એમાં રાગ અને રંગ ક્યાં? રાગ અને રંગ ભલે એક સમયની અવસ્થામાં એક પર્યાયમાં, એક પર્યાયમાં કેટલાક ગુણની કેટલીક વિકૃત અવસ્થા એક સમયની હો, સંસાર અવસ્થામાં. એના રહિત ન હો. અવસ્થામાં હો અને એ અવસ્થારહિત ન હો. '**તોપણ...**' આમ હોય '**તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે...**' લ્યો! મોક્ષદશામાં રાગ ને રંગ ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાસ્થાનભેદ, એનાથી મોક્ષ અવસ્થામાં તો રહિત છે. મોક્ષ અવસ્થામાં ભેદ નથી. કહો, સમજાણું આમાં? સમયસારને સમજવું કઠણ છે. એકકોર રાગ એનો કહે અને આગળ કહેશે, રાગ ઉત્પત્તિ તારાથી થાય અને તું બીજાને માથે નાખે છે! અપરાધી જીવ તું અને નાખ બીજાને માથે? અહીં બીજી વાત છે. અપરાધ એનું સ્વરૂપ નથી. અને અપરાધ અને નિમિત્તને સંબંધ ગણીને તેની સાથે તાદાત્મ્ય સંબંધ છે એમ કહેવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે એમ છે. એમ સ્વભાવની અપેક્ષાએ એમ છે. ૭૫મી ગાથા હતી ને? તો ..ચંદભાઈ પૂછતા હતા કે આ નિશ્ચયથી કર્મના વિકાર કહ્યા. આવે ને અંતરંગ-બહિરંગ? એ એમ છે? સ્વભાવની દૃષ્ટિએ એમ જ છે. સ્વભાવની દૃષ્ટિએ એમ જ છે. એમ છે તેમ કહ્યું છે એમ પાછું. પર્યાયના રાગાદિની અવસ્થાથી જોઈએ.. અહીં તો કીધું કે સંસાર અવસ્થામાં છે. એ તો કહ્યું. આહાહા..! રંગ અને રાગ ભેદ ગુણસ્થાન આદિ સંસાર અવસ્થામાં દેખાય છે. પર્યાયમાં, અવસ્થામાં દેખાય. પર્યાયબુદ્ધિ અહીં તો છોડાવવી છે ને? અને મુક્ત અવસ્થામાં ત્યાં સર્વથા રાગ અને રંગ રહિત દેખાય છે.

'**અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી...**' જુઓ! રહિત હોય છે અને સહિત હોતો નથી. બે સિદ્ધ કર્યું. ભગવાન આત્મા સિદ્ધદશામાં, મોક્ષદશામાં રાગ અને રંગ, ગુણસ્થાનભેદ, માર્ગણાભેદથી રહિત છે. એનાથી સહિત દેખાતો નથી. '**એવા જીવનો...**' કેવો? આવા વર્ણાદિસહિત દેખાતો નથી અને રહિત દેખાય છે અને સંસાર અવસ્થામાં સહિત દેખાય છે. સંસાર અવસ્થામાં... સમજાણું કાંઈ? સહિત દેખાય છે, રહિત દેખાતો નથી, મોક્ષ અવસ્થામાં રહિત દેખાય છે, સહિત દેખાતો નથી એવો જીવ. એમ. સમજાણું કાંઈ? ચાર-ચાર વાતો સિદ્ધ કરી. પહેલું કહ્યું હતું જરી. ઉપરથી સિદ્ધાંત જે પદાર્થ દરેક અવસ્થામાં એ દશાથી હોય, એ કોઈપણ દશારહિત ન હોય, એ અવસ્થામાં .. હોય તો એને તાદાત્મ્ય સંબંધ કહેવાય. સમજાણું કાંઈ? તો આ એ દશાસહિત અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ દશારહિત ન હોય અને દશાસહિત હોય તો પુદ્ગલમાં જાય છે રાગાદિ. રાગાદિ એની દશા સહિત છે અને એની સાથે .. પુદ્ગલ નથી. આત્મા તો એનાથી રહિત જ છે. સમજાણું કાંઈ?

પછી અવસ્થાની વાત લીધી. કહે છે કે સંસાર દશામાં-અવસ્થામાં-પર્યાયમાં-એ રાગ અને રંગથી રહિત દેખાતો નથી અને સહિત દેખાય છે. આમ હોવા છતાં મોક્ષ અવસ્થામાં રાગથી રહિત દેખાય છે અને રાગથી સહિત દેખાતો નથી. એવા જીવનો. લ્યો! '**એવા જીવનો...**' એ જીવની બે અવસ્થાનું વર્ણન કર્યું. સમજાણું કાંઈ? આહા..! કેટલી..

ભગવાન આત્મા.. કહે છે, પહેલો સંબંધ તાદાત્મ્ય ઓલાનો સંબંધ સિદ્ધ કર્યો પુદ્ગલ સાથે. સમજાણું કાંઈ? પુદ્ગલ સાથે સંબંધ છે. આની સાથે સંબંધ નથી એમ પહેલું ન કહ્યું, ભાઈ! સમજાણું? આની સાથે સંબંધ છે એટલું. આની સાથે સંબંધ નથી એમ ન કહ્યું. નથી કેમ? કે જેનો સંસારદશામાં રાગ ને ગુણભેદ, ગુણસ્થાનભેદ આદિ સહિતપણાથી વ્યાપ્ત છે. વ્યાપ્ત-સહિત છે, એનાથી રહિત નથી. કોણ? જીવ. જીવને સંસારદશામાં, જીવને સંસારદશામાં અવસ્થાના કાળમાં, સંસારના અવસ્થાના કાળમાં રાગ અને ગુણસ્થાનભેદથી રહિત દેખાતો નથી. ભેદસહિત દેખાય છે. તોપણ તે જીવદ્રવ્ય મોક્ષ અવસ્થામાં રાગ અને રંગસહિત દેખાતો નથી અને રાગ અને રંગરહિત દેખાય છે. '**એવા જીવનો...**' કહો, સમજાણું આમાં?

'**વર્ણાદિભાવોની સાથે...**' જુઓ! અહીં હવે ના પાડી. ઓલામાં તો સંબંધ .. એટલું કહ્યું, ભાઈ! નહોતો એમ ત્યાં નહોતું કહ્યું. ઓલામાં કહી ગયા પહેલું. પણ આ ગાથામાં આ નહોતું એમ નહોતું કહ્યું. ગાથામાં તો અહીંથી વાત ઉપાડી છે, બસ એટલું. '**तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी**' સંસાર .. નથી એટલું જણાવવું છે. આ કારણે જીવનો બધી અવસ્થામાં રાગ અને રંગ સાથે સંબંધ નથી તેથી તે '**વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્ય...**' તે સ્વરૂપે '**લક્ષણ સંબંધ કોઈ પણ પ્રકારે નથી.**' જાવ. '**सम्बन्धो न कथञ्चनापि स्यात्।**' એમ શબ્દ છે. સમજાણું કાંઈ? સંસ્કૃત છે. '**सम्बन्धो न कथञ्चनापि स्यात्।**' એમ. કોઈ પ્રકારે પણ જીવને નથી. આ કારણે. સમજાણું કાંઈ?

વસ્તુ જીવદ્રવ્યને જુઓ, એમ કહે છે. જીવદ્રવ્યને જુઓ કે તેની એક સમયની સંસારદશામાં જીવદ્રવ્યની સંસારદશામાં રાગ-દ્વેષ આદિના પર્યાય એક સમયસહિત દેખાય છે, રહિત દેખાતો નથી. એવો જીવદ્રવ્ય મોક્ષ અવસ્થામાં રાગ અને ગુણસ્થાનભેદ સહિત નથી અને ભેદરહિત દેખાય છે. એવા જીવદ્રવ્યનો આવા રાગ અને વર્ણ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ ઘટિત હોતો નથી. કોઈ પ્રકારે ઘટિત નથી, એમ કહ્યું. સમજાણું કાંઈ? વ્યવહારે ઘટિત છે પર્યાય, એમ તમે તો પહેલું કહ્યું હતું. સંસારમાં અવસ્થાસહિત છે અને અવસ્થારહિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. તો એટલી અપેક્ષાએ તાદાત્મ્ય સંબંધ (તો ખરો ને?). તો કહે છે, ના. એ નહિ. કોઈ પ્રકારે નહિ. જા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ લક્ષમાં લેવું. બધી અવસ્થામાં હોય અને કોઈ અવસ્થારહિત ન હોય એને તાદાત્મ્યલક્ષણ કહીએ. સમજાણું કાંઈ? આરે..! સાદી ભાષા ..ની છે, લ્યો. પણ છતાં...

મુમુક્ષુ :- તર્કસિદ્ધ છે.

ઉત્તર :- ન્યાય સિદ્ધ છે. આહાહા..!

એથી તો પહેલો સિદ્ધાંત સિદ્ધ કરી ગયા. બધી દશાઓમાં જે ભાવથી સહિત હોય અને જે ભાવથી રહિત ન હોય, તેને તેનું તાદાત્મ્યલક્ષણ સ્વરૂપ કહેવામાં આવે છે. એવું સ્વરૂપ તો પુદ્ગલ સાથે રાગ ને રંગને લક્ષણ દેખાય છે. જેના સંબંધ વિનાનો પુદ્ગલ ન હોય અને સંબંધ સહિત રાગ અને પુદ્ગલ હોય એની સાથે નાખ્યું. આ જીવમાં સંસાર અવસ્થામાં રાગરહિત દેખાતો નથી અને રાગસહિત દેખાય છે. મોક્ષ અવસ્થામાં રાગરહિત દેખાય છે અને રાગસહિત દેખાતો નથી. એવા જીવદ્રવ્યને બધી અવસ્થામાં વ્યાપ્તો નથી માટે તેને તાદાત્મ્ય લક્ષણ સંબંધ રાગ અને રંગ સાથે નથી. કહો, સમજાણું આમાં?

આ તો ગાથા એના સંબંધવાળાની વાત લીધી છે, હોં! શું કહે છે? એ ગુણસ્થાન સંહનન, સંસ્થાન(ની વાત છે.) બાયડી-છોકરા અને ઘરની અહીં વાત નથી. કેટલા બોલ લીધા છે ને. ૨૯ અહીંના લીધા છે. કર્મ-નોકર્મથી ઉત્પન્ન થતાં ભેદો (એની વાત છે) બહારના બાયડી-છોકરા અને પૈસા સાથે સંબંધ છે એ અહીં તો વાત જ નથી કોઈ જાતની. એનું કામ શું છે અહીં? એક સમય થતું હશે એની સાથે. ઈ તો અહીં એક સમય નથી, એ તો ક્યાંય બહાર રહી ગયા. બાયડી, છોકરા, મકાન, પૈસા એ તો ક્યાંય રહી ગયા. એક સમય પણ અહીં નથી. અહીં તો એક સમયની બંધ સ્થિતિને દેખીને, જીવમાં સ્થિતિપણે દેખીને એની વાત લીધી છે. પેલા તો એક સમય પણ નથી, ત્યાં બહાર ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એ ક્યાં હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ તો બહાર... અહીં ... ને.. અહીં એક સમયમાં ક્યાં હતું? એ તો બહાર છે.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- કોનું ...? એનું તો વંચાતું નથી. એનું તો પોતાના પોતાના ભાવનું થાય છે. કહો, સમજાણું આમાં?

આ ૨૯ બોલ લીધા છે એ જીવના સાથેના સંબંધવાળાના. એ એક સમયની બંધની અવસ્થામાં એક સમય પણ આમ દેખાય છે જીવની સ્થિતિમાં. એટલે તો .. દાખલો આપ્યો ને? પેલાએ ક્યાં અટકાવ્યા છે? બાયડી, છોકરા ને ઘર-પૈસા એ તો ક્યાંય ભટકે છે. એ ક્યાં અટક્યા છે? સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? વર્ણ, ગંધનો તો અહીં એક સમયનો સંબંધ છે એટલે એ જાતના લીધા છે. ... એના ગંધ, રસ અને સ્પર્શ. પેલા તો ક્યાંય બહાર રહી ગયા.

મુમુક્ષુ :- સ્થિતિ પામેલા છે.

ઉત્તર :- એક સમયની સ્થિતિ પામેલી છે. આહાહા..! એ પણ બધી અવસ્થામાં નથી. બધી અવસ્થામાં રહેવા યોગ્ય હોય તો તે પુદ્‌ગલ સાથે છે.

'**એવા જીવનો...**' આહાહા..! ભાઈ! તારા ચૈતન્ય સ્વરૂપમાં એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહાર રત્નત્રય શુભયોગ, એનો આત્મા તાદાત્મ્ય સંબંધ છે નહિ. એનું લક્ષણ કોઈ પ્રકારે નથી. પાછી એટલી વાત ન નાખી, વધારે જોર આપ્યું. '**તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈપણ પ્રકારે નથી.**' '**કથઞ્ચનાપિ**'. જુઓ! વળી કથંચિત્.. ઓલામાં સર્વથા નાખ્યું અને કથન નાખ્યું. ભાઈ! બે નાખ્યા. સામા સામા નાખ્યા. ઓલામાં નાખ્યું સર્વથા રહિત છે. અહીં કહે છે, કથંચિત્ કોઈ પ્રકારે સંબંધ એને છે નહિ. એ પણ એકાંત કરી નાખ્યું. સમજાણું કાંઈ? બેયમાં સર્વથા કીધું. કોઈ પ્રકારે નથી એનો અર્થ કે સર્વથા. '**તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈ પણ પ્રકારે નથી.**' ઓહો..! એકાંત હોય નહિ (એમ કહે). વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાય છે કાંઈ? .. વાત કરી. ભાઈએ નાખ્યું છે, હોં! .. અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપ આચરણ.. નાખ્યું. એમાં નાખ્યું. હવે આની સાથે આમાં ગરી ગયા છે. આમાં નાખ્યું છે. ... ... એમાં એ લીધું. મારે તો શુદ્ધઉપયોગ લેવું હતું. આત્મારૂપ છે ને સિદ્ધ.. 'સમયસાર' છે ને શબ્દ? 'સમયસાર' પડ્યો છે. 'સમયસાર'નો અર્થ શું થયો? .. .. .. ગાથામાં કીધું. અનંતાનુબંધી ચારિત્રમોહની પ્રકૃતિ હોવા છતાં દર્શનમોહનો ઘાત કરે છે અને એના અવિરત દષ્ટિને અવિરત સમ્યગ્દષ્ટિમાં તેનો અભાવ થતાં સમ્યક્ અને સ્વરૂપ આચરણ હોય છે. એમ લખ્યું છે. .. એનું લખેલું પાછું માન્ય રાખ્યું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાને .. ખબર ન હોય એને? ...

અનંતાનુબંધી કષાય સ્વરૂપાચરણ ચારિત્ર ઔર સમ્યગ્દર્શન દોનોંકા ઘાત કરતી હૈ. ઈસલિયે અવિરત સમ્યગ્દર્શન નામા ચતુર્થ ગુણસ્થાન મેં ઉસકા અનુદય હોને સે સમ્યક્ત્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઔર સ્વરૂપાચરણ આદિ દોનોં પ્રગટ હો જાતે હૈં. એટલું તો સિદ્ધ કર્યું છે ભાઈએ. સમજાણું કાંઈ? રતનચંદજી કહે, નહિ. અરે..! ભગવાન! બાપુ! સ્વરૂપ ક્યાં અંદર... શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ ત્યાં અંદર ઠરે નહિ, ઠરે નહિ તો વિશેષતા ન કરે. ઠરે નહિ તો ...નો એક અંશ પ્રગટ્યો ક્યાંથી? સમજાણું? અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ ભેગી હોય છે. એમાં અતીન્દ્રિય શાંતિ છે. સમજાણું કાંઈ?

અનંતાનુબંધી.. એમાં લખ્યું છે. છે ચારિત્રનો .. પણ એણે લખ્યું છે કે દર્શનનો ઘાત કરે છે. એમ. છતાં બેને રોકે છે અને .. આ બે થાય છે. બહુ ચોખ્ખું .. કરી છે. .. એને શું કરે છે ... વસ્તુસ્થિતિ જ આમ છે ત્યાં એને ક્યાં.. વસ્તુ અખંડાનંદ ચૈતન્ય ધ્રુવ જ્યાં અંતર દૃષ્ટિમાં લીધો, ત્યાં ઠરવું ન થાય તો દૃષ્ટિમાં લે ક્યાંથી? સમજ્યા કે નહિ? ઠરે છે. ઠરીને લીન ન થાય તો ... ભલે એને સમકિતને-દર્શનનો ઘાત કરવાનું કહ્યું. પહેલાં એમ લખેલું, ચારિત્રમોહની પ્રકૃતિ છે એ. ચારિત્રમોહની પ્રકૃતિ છે તો એ ગઈ તો ચારિત્રનો અંશ આવવો જોઈએ કે નહિ? ભલે દેશસંયમ અને સકલસંયમ નામ ન આપી શકે. અને હોય પણ નહિ ભલે. પણ સ્વરૂપ... સ્વરૂપ... સ્વરૂપ... એનું અનુસરણ એને સમ્યક્ આચરણ ન હોય તો થયું શું? સમજાણું કાંઈ? આહાહા..! વાદવિવાદે મારી નાખ્યા. જગતને માન... માન... માન... માન ન હોય તો મોક્ષ હોત.

શ્રીમદ્ લખે છે ને? મનુષ્યમાં માન ન હોત તો મોક્ષ હોત. શું છે પણ હવે આમાં? આહાહા..! એક પળમાં ઉડી જાવું પડશે. કોઈ તારી સાથે નથી આવવાનું. આ બધા .. સાધુ બધા... આંધળા ... તારા ક્યાં એ કામ છે કે તને કરે? .. એ રાગ પણ નથી. અંતરદૃષ્ટિ દે તો રાગ પણ ... નથી. આહા..!

એવો ચૈતન્ય ભગવાન જીવ કે જેની સંસારદશામાં અવસ્થાવાળી દશા સંસારની ત્યારે ભલે રાગ દેખાય, વર્ણનો સંબંધ દેખાય, રંગનો દેખાય. મોક્ષદશામાં તો બિલકુલ છે નહિ. એવા જીવને ભગવાન આત્માને ત્રિકાળ તાદાત્મ્યલક્ષણ સંબંધ એ વિકાર સાથે કોઈ રીતે પણ નથી. વ્યવહાર શુભોપયોગ સાથે, આત્માને શુભઉપયોગ સાથે. ઓલા કહે કે, શુભઉપયોગથી ક્ષાયિક સમકિત થાય. અહીં કહે છે કે શુભઉપયોગનો આત્મા સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈપણ પ્રકારે સ્થાપી શકાતો નથી. હોઈ શકતો નથી. શુભરાગનો સંબંધ તાદાત્મ્યલક્ષણ પુદ્ગલમાં જાય છે. અહીં અવસ્થામાં હોવા છતાં ત્રિકાળમાં જતું નથી. સમજાણું આમાં? કહે, ચર્ચા કરો. આટલી ચર્ચા થઈ છે, આ બધી થાય છે, લખાણ છે. કેટલા હજારો ખર્ચ્યા. બધા થઈને કેટલા હજારો ખર્ચશે. અરે..! એ બહાર તો આવવા દે, ભાઈ! બાપા! તું શું કરે છે અંદર? અને એમ જ થાય ને તારા લખાણ બહાર આવે છે. આ લોકોને હિંમત થાય છે, ભલે બહાર આવે. કાંઈક ફેર હશે કે નહિ? સાંભળ તો ખરો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગમે એમ કહ્યું પણ એણે પોતાના...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુદી જાતની પોતપોતાની સાચી વાત ભલે બહાર આવે. એમાં વાંધો શું છે? .. આ કહે ભલે તમે દલીલ એ આપી. અમે દલીલ એ આપીએ છીએ. ભલે દલીલ બહાર આવે. .. .. ..

'**ભાવાર્થ :-**' જુઓ! અહીં બેય ઠેકાણે એકાંત કરી નાખ્યું છે કે સંસારદશામાં રાગથી રહિત સ્થિતિ સર્વથા નથી. સર્વથા સ્વતંત્ર છે કે સર્વથા પરતંત્ર નથી, એમ ન કહેવાય સિદ્ધને? સર્વથા પરતંત્ર નથી, સર્વથા સ્વતંત્ર છે. તાદાત્મ્ય સંબંધ કોઈ પણ પ્રકારે સંબંધ નથી. એમ સિદ્ધને કોઈપણ પ્રકારે પરતંત્ર નથી. સર્વથા પ્રકારે સ્વતંત્ર છે. અનેકાંત એને સિદ્ધ કરે તમારા પંડિતો કેટલાક.

'**દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે...**' ચાલતી ભાષામાં મૂક્યું. ઓલું યદાત્મક અને તદાત્મ્ય હતું ખરું ને. ... ચોખ્ખુ ભાવાર્થમાં કહ્યું ચાલતી (ભાષામાં) વસ્તુની બધી દશાઓને વિષે, જે વસ્તુમાં જે પર્યાયો કે ભાવો વ્યાપે એ ભાવ સાથે તે દ્રવ્યનો તે પદાર્થનો તે સંબંધ તદ્રૂપ સંબંધ કહેવામાં આવે છે. '**પુદ્‌ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્‌ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે...**' વર્ણાદિ બધું લઈ લેવું, હોં! '**પુદ્‌ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્‌ગલમાં...**' રંગ-રાગ અને ગુણસ્થાન ભેદ આદિ ભાવો વ્યાપે છે. એ તો આત્માવલોકનમાં કહ્યું, જ્યાં સુધી પુદ્‌ગલ છે ત્યાં સુધી આ સિદ્ધ થાશે. અહીં કીધું ને? પુદ્‌ગલ છે ત્યાં સુધી ... આમાં લખ્યું. એની સાથે સંબંધ ધરાવે છે. આત્માવલોકનમાં એમ કહ્યું. વિકાર કરે ત્યાં સુધી કર્મ છે એમ કહોને. કે ના. કર્મ છે ત્યાં સુધી વિકાર છે, એમ કહ્યું. વિકાર-ફિકાર આત્મામાં નથી એ અપેક્ષાએ. .. સિદ્ધ કરીને.

'**પુદ્‌ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્‌ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે તેથી વર્ણાદિભાવો સાથે પુદ્‌ગલનો તાદાત્મ્ય સંબંધ છે.**' એ પહેલું સિદ્ધ કર્યું છે. '**સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો કોઈ પ્રકારે કહી શકાય છે...**' પર્યાયદૃષ્ટિએ. કોઈ પ્રકાર એટલે પર્યાયના લક્ષે. પર્યાય લક્ષે. '**પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી...**' સમજાણું? '**તેથી વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.**' લ્યો! કહો, સમજાણું?

'**હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે :-**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।**
**जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।**
**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.**

તારી માન્યતાની અપેક્ષાએ તારે ભેદ રહેતો નથી.

**ટીકા :- 'જેમ વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું)...'** જુઓ! અનુક્રમે આવિર્ભાવ થવું **'અને તિરોભાવ (ઢંકાવું, નાશ થવું)...'** ક્રમે ક્રમે રંગ અને રાગાદિ ગુણસ્થાનભેદ આદિ ઉત્પન્ન થવા અને નાશ થવા, ઉત્પન્ન થવા અને નાશ થવા. **'પામતી...'** **'તિરોભાવ પામતી...'** અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી. ક્રમે ક્રમે રાગનું ઉત્પન્ન થવું અને ક્રમે ક્રમે રાગનો નાશ થવો. છે કે નહિ આમાં ક્રમ? અનુક્રમ છે કે નહિ?

**'એવી તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** રાગ, પુણ્યાદિ ... જ્યાં સુધી નિમિત્ત છે એનું ત્યાં સુધી એ છે. એની સાથે સંબંધ છે. એ પુદ્‌ગલદ્રવ્યની સાથે, જીવદ્રવ્યની સાથે ... જીવદ્રવ્ય જે છે એની સાથે ક્યાં છે? તે તે અનુક્રમે રંગ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન, સંસ્થાન, ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન, વ્યવહાર .. આદિ ક્રમે ક્રમે ઉત્પન્ન થાય અને તિરોભાવ થાય. ઉત્પન્ન થાય અને વ્યય થાય. એવી પર્યાયોનું ઢંકાવું અને નાશ થવું. લ્યો! સમજાણું? પ્રગટ થવું અને ઊપજવું, એમ. ઓલું ઢંકાવું કહો કે નાશ થવું કહો.

પ્રગટ થવું અને ઢંકાવું, ઉપજવું અને નાશ થવું. અનુક્રમે પ્રગટ થવું કે ઊપજવું, અનુક્રમે ઢંકાવું કે નાશ થવું. એવો બધો ક્રમ, એવી તે તે પર્યાયો **'પુદ્‌ગલ દ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** લ્યો! આ પુદ્‌ગલની સાથે સાથે રાગ ઉત્પન્ન થાય અને પુદ્‌ગલની સાથે સાથે રાગ તિરોભાવ પામે. નાશ થાય. પુદ્‌ગલ નાશ થાય, પુદ્‌ગલ વ્યય થઈ જાય તો રાગનો પણ નાશ થઈ જાય. પુદ્‌ગલ થાય તો રાગ થાય, પુદ્‌ગલ જાય તો રાગનો પણ નાશ થઈ જાય. જુઓ! એવો અનુક્રમે એની સાથે સંબંધ છે. આત્મા સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય આનંદની મૂર્તિ એની સાથે પુણ્ય-પાપના રાગ અને રંગને કાંઈ સંબંધ નથી. એવું જીવદ્રવ્ય એને રાગ અને પુદ્‌ગલની સાથે, રાગનો પુદ્‌ગલ સાથે સંબંધ છે. પુદ્‌ગલનું ઊપજવું અને વિણસવું. પુદ્‌ગલનું પર્યાયનું ઊપજવું રાગાદિનું અને રાગનો નાશ થવો. એવો પુદ્‌ગલની સાથે સંબંધ ધરાવે છે. આત્માની સાથે ઊપજે અને વિણસે આત્મા સાથે સંબંધ ધરાવતું નથી. સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-'** જુઓ! પ્રસિદ્ધ કરે છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિસ્તારે છે. શું કહ્યું? એ રાગ થયો તે અનુક્રમે પુદ્‌ગલને વિસ્તારે છે, પુદ્‌ગલને જાહેર કરે છે. પુદ્‌ગલ છે એમ પ્રસિદ્ધ પામે છે. આત્મા પ્રસિદ્ધ પામતો નથી. સમજાણું? સમજાણું? '**प्रथयन्ति**' છે ને? '**प्रथयन्ति**'. વિસ્તાર કરે છે. અહીં તો ભગવાન આત્મા વિસ્તાર પામે તો આનંદ અને શાંતિથી વિસ્તાર પામે એવો આત્મા છે. સમજાણું કાંઈ? આનંદ ઉમડ પડા, એવો શબ્દ હતો નિહાલભાઈનો. ઉમડ ઉપડ પડા એટલે? ઉમડ એટલે પ્રગટ હુઆ. ઉછળ્યો. દરિયો આમ ઉછળે ને? દરિયો ...

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ છે. એનાથી તો અતીન્દ્રિય આનંદ ઉમડ પડે, પ્રગટ થાય. આત્મામાં કાંઈ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય અને રાગ-દ્વેષ નાશ થાય એવો આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવ-સમુદ્ર પ્રભુ, એવો જે આત્મા એને આત્મા કહીએ કે જેના સ્વભાવની સાથે તાદાત્મ્ય સંબંધ દ્રવ્યને છે. એવી અંતર અભેદ દૃષ્ટિ થતાં આનંદ અનુક્રમે ઉત્પન્ન થાય અને વિણસે, આનંદની દશા પર્યાયમાં આવે ને જાય... આવે ને જાય.. અતીન્દ્રિય આનંદની અવસ્થા આવે ને જાય એને આત્મા કહીએ. વિકાર આવે ને જાય, ઉત્પન્ન થાય ને ઢંકાય, ઉત્પન્ન થાય અને વ્યય થાય, એ બધો વિકારનો સંબંધ જડ સાથે જાય છે. આત્મા સાથે જાતો નથી. એમ અહીંયાં બે દ્રવ્યને તદ્દન સિદ્ધ કરવા છે. ઘણી અપેક્ષાઓ (છે)ને. એક અપેક્ષા સમજે તો બીજી ન સમજે તો...

મહાચૈતન્ય આનંદનો દરિયો, અનંતગુણનો સ્વભાવ અનંત ગુણરૂપ સ્વભાવ મહાપદાર્થ. એ પોતે ન હોય તો આ જગત છે એમ જોયું કોણે? જાણ્યું કોણે? નક્કી કોણે કર્યું? એવો જે મહાન પદાર્થ... હમણાં .. મોટો ૬૫ વર્ષનો હોં! ચાલ્યો ગયો. આમ પૂજા, ભક્તિ, સામાયિક બધું કરે. પણ આ બધી તમે વાત કરો છો. આત્મા તો દેખાતો નથી. આમ આંખ મીંચીએ તો અંધારું દેખાય. આ તો ઓલા છોકરા જેવી વાત આવી. .. કોઈ દિ' આ આત્મા શું એની વાતનો એણે કોઈ નિર્ણય (કર્યો નથી). કોઈ પ્રકાશમૂર્તિ છે અને આ પ્રકાશથી જાણે છે અંધારાને. એ હોવાવાળો જ્યાં તું નથી એમ કહે ત્યાં એ છે. એવો .. તત્ત્વ ભગવાન તો આનંદમૂર્તિની સાથે સંબંધ ધરાવે છે. સમજાણું કાંઈ? એ વિકારની સાથે સંબંધ ધરાવતો નથી. એમ સિદ્ધ કરવું છે અહીં. કેમ કે ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ એની અંતર અભેદ થતાં એનાથી તો આનંદ પ્રગટે, શાંતિ પ્રગટે, સમ્યક્ પ્રગટે, વીર્ય પ્રગટે, એ પ્રગટે છે. એમાંથી કાંઈ રાગ પ્રગટે છે? રાગ એના તાદાત્મ્ય સંબંધમાં પડ્યો છે તો રાગ પ્રગટે? આહાહા..! રાગનું થવું અને જવું એ પુદ્‌ગલ સાથે સંબંધ ધરાવે છે, કહે છે. સમજાય છે કાંઈ? એ તો પુદ્‌ગલનો વિસ્તાર છે, એ પુદ્‌ગલની પ્રજા છે. કહો, સમજાણું કાંઈ?

**'તેવી રીતે વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એવી તે તે વ્યક્તિઓ વડે જીવના સાથે સાથે રહેતા થકા,...**' પુદ્‌ગલને લક્ષે અને પુદ્‌ગલની સાથે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય, વ્યય થાય, ઉત્પન્ન થાય અને ઢંકાઈ જાય. સમજાણું? એમ આત્માની સાથે રાગ અને દ્વેષ આવિર્ભાવ પ્રગટ થાય, અનુક્રમે પ્રગટ થાય, અનુક્રમે ઢંકાઈ જાય એવી પર્યાય જીવની સાથે રહેતા થકા, સાથે સાથે રહેતા થકા, '**જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે-એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં,...**' આત્મા રહેતો નથી પણ જડ થઈ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

શું કીધું? રાગ અને દ્વેષના ભેદો પુદ્‌ગલ સાથે જેમ સંબંધ ધરાવે છે, આવિર્ભાવ અને તિરોભાવ.. પ્રગટ થવું અને નાશ થવું. એમ જીવ સાથે પણ વિકાર ને રાગનું ઉત્પન્ન થવું, વર્ણનું ઉત્પન્ન થવું .. હોય તો તે પુદ્‌ગલ થઈ ગયું. જીવ રહ્યો નહિ. એ તો પુદ્‌ગલનું લક્ષણ થઈ ગયું, જીવ રહ્યો નહિ. જીવનું પુદ્‌ગલથી અંગીકાર કરવાપણું થયું. સમજાણું કાંઈ? પુદ્‌ગલ દ્રવ્યનું લક્ષણ છે એવું જે કોઈ કહે. બાકીના દ્રવ્યો .. એ તો લક્ષણ છે. તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી તેને જીવ વડે અંગીકાર કર્યો. જ્ઞાન વડે, આનંદ વડે, આના વડે અંગીકાર.

'**જીવ પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...**' જીવ-પુદ્‌ગલનો એકપણાનો પ્રસંગ આવે છે, એમ બે એક થઈ જાય છે. '**એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...**' આહાહા..! રાગ અને દ્વેષની પ્રસિદ્ધિથી પુદ્‌ગલ પ્રસિદ્ધ થાય, એવી રીતે જો આત્મા પ્રસિદ્ધ થાય તો આત્મા પુદ્‌ગલ થઈ ગયો. જીવ જુદો રહેતો નથી. માટે '**જીવનો જરૂર અભાવ થાય છે.**' તો તો ભગવાન આત્માનો નાશ થાય. માટે એ રીતે છે નહિ. રાગાદિનો સંબંધ જડ સાથે. આત્મા સાથે એનો સંબંધ છે નહિ. એમ સિદ્ધ કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**માગશર વદ ૨, ગુરુવાર તા. ૨૯-૧૨-૧૯૬૬**
**ગાથા-૬૩ થી ૬૬, પ્રવચન-૧૨૮**

સમયસાર. ૬૩-૬૪ ગાથા. '**હવે માત્ર સંસાર અવસ્થામાં જ...**' શું કહે છે? જીવને રાગ ને રંગની સાથે... રાગ એટલે આસ્રવ અને રંગ એટલે અજીવ. બેય. એની સાથે સંસાર દશામાં '**જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છે :-**'

**अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादि।**
**तम्हा संसारत्था जीवा रूवित्तमावण्मा।।६३।।**
**एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।**
**णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो।।६४।।**

**વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.**
**એ રીતે પુદ્ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.**

અહીં તો જીવ-અજીવ અધિકાર છે. એટલે જેટલા આસ્રવો, પુણ્ય-પાપના ભાવ ને કર્મ આદિ અજીવ એ બધું અજીવતત્ત્વ ગણ્યું છે. અહીંયાં જીવતત્ત્વની અંદર તો એકલો જ્ઞાયકભાવ જે ત્રિકાળ તાદાત્મ્ય સ્વભાવે છે, એને જીવદ્રવ્ય ગણવામાં આવ્યું છે.

વળી કોઈ એમ કહે કે ભાઈ, સંસારમાં તો એને રાગ અને રંગ સાથે તો તાદાત્મ્ય લક્ષણ સંબંધ છે કે નહિ? એક સમયનો રાગ સંબંધ છે એ અહીં તાદાત્મ્ય સંબંધ છે કે નહિ, એ સિદ્ધ કરવું છે. વસ્તુ અનંત જ્ઞાન, દર્શન સંપન્ન એવો સંસારી જીવ એને રાગ-દ્વેષ, ગુણસ્થાન આદિ ભેદો એ સંસારની અવસ્થામાં તો એકરૂપ છે ને? તાદાત્મ્ય સંબંધ છે ને? તાદાત્મ્ય સંબંધ એટલે આત્માના સ્વભાવ સાથે એકરૂપ છે ને. એમ કોઈનો અભિપ્રાય હોય, જેનો અભિપ્રાય (છે) '**તેના મતમાં સંસાર-અવસ્થા વખતે તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે;...**' તો સંસારદશામાં રાગ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શરીર, વાણી, કર્મ જડ આદિ વર્ગ-વર્ગણા આદિ, એની સાથે સંસારદશામાં પણ એકરૂપ તદ્રૂપ જો રાગ, વિકાર અને શરીરથી હોય તો આત્મા રૂપીપણાને પામે. સમજાણું કાંઈ?

સંસારદશામાં તો છે ને? એમ કહે છે. અહીં તો છે ને. અહીં જો હોય તો આત્મા રૂપીપણાને પામે. પણ એ બધા ભાવો વિકાર અને શરીર, કર્મ આદિ બધા રૂપી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ અરૂપી ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ સાથે તાદાત્મ્યપણું પામે તો જીવ પોતે જ રૂપીપણાને પામે. ક્યાં? સંસારમાં. મોક્ષમાં પછી કહેશે. સમજાણું કાંઈ? અહીંયાં પણ પુણ્ય-પાપના ભાવ, શુભરાગ, એની સાથે આત્માને તાદાત્મ્ય, તદ્દરૂપ સ્વભાવ સંબંધ, એકરૂપ સંબંધ નથી. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ છે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. તો સંસાર. અહીં તો સંસાર. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શાંત રસાદિ અનંત ગુણનો પિંડ, એની સાથે વિકારી ભાવ અને કર્મનો જો સંબંધ એકરૂપે હોય તો એ રૂપી ચીજ છે. રાગ-દ્વેષના પરિણામ, જે ભાવે કર્મ બંધાય ૧૪૮ પ્રકૃતિ એ બધા ભાવો રૂપી છે. અને એના ફળ તરીકે દ્રવ્યબંધ રૂપી અને ફળ સંયોગો રૂપી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચૌદ ગુણસ્થાન રૂપી. ચૌદમું ગુણસ્થાન રૂપી. ચૌદમું ગુણસ્થાન કર્મ-નોકર્મનું. એ તો વાત આવી ગઈ છે. કર્મ-નોકર્મના ગુણસ્થાન. નોકર્મના માર્ગણાસ્થાન. તમે જ પ્રશ્ન કર્યો હતો. ચૌદમું ગુણસ્થાન કર્મ-નોકર્મનું, આત્માનું નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો આ વાત ચાલે છે.

સંસાર દશામાં... સંસાર દશા લીધી છે ને? અવસ્થાઓમાં બે અવસ્થાઓ પાડવી છે. આ દશા અને મોક્ષદશા. આ દશામાં દ્રવ્ય સાથે નહિ પણ અવસ્થાઓમાં હોય તો તાદાત્મ્ય સંબંધ છે કે નહિ? કે સંસારદશામાં જીવને રંગ, ગંધ, રસ, સ્પર્શ, રાગ-દ્વેષ, ગુણસ્થાન આદિ ભાવ, એની સાથે એકરૂપ સંબંધ હોય, એવો જેને અભિપ્રાય હોય, તેના અભિપ્રાયમાં સંસારદશા વખતે એ આત્મા જરૂર રૂપીપણાને પામે. કહો, સમજાણું કાંઈ?

એ આસ્રવો, અજીવ, બધા ભેદો, એ બધા કર્મ-નોકર્મના સ્વરૂપે છે. એ સંસાર અવસ્થામાં પણ જો આત્મારૂપે હોય, તાદાત્મ્યરૂપે હોય તો રૂપીપણાને પામે. કોણ રૂપીપણાને પામે? આત્મા. સમજાણું કાંઈ? '**અને રૂપીપણું તો કોઈ દ્રવ્યનું,...**' એટલે પુદ્ગલનું '**બાકીના દ્રવ્યોથી અસાધારણ...**' બીજા દ્રવ્યમાં ન હોય '**એવું લક્ષણ છે.**' રૂપી. પુદ્ગલનું લક્ષણ છે રૂપી તો. સમજાણું કાંઈ? '**માટે રૂપીપણા (લક્ષણ)થી લક્ષિત (લક્ષ્યરૂપ થતું, ઓળખાતું)...**' રૂપીપણાના લક્ષણથી-સ્વરૂપથી ઓળખાય એવું '**જે કાંઈ હોય તે જીવ છે.**' એમ ઠરે. તો તો રૂપીપણાના લક્ષણથી ઓળખાય એવો જીવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે એ તો રૂપી ઠર્યો. '**જે કાંઈ હોય તે જીવ છે.**' એમ ઠર્યું એટલે જીવ રૂપી ઠર્યો. સમજાણું કાંઈ?

'**રૂપીપણાથી લક્ષિત તો પુદ્‌ગલદ્રવ્ય જ છે.**' આ તો એના હિસાબે કહ્યું કે સંસાર અવસ્થામાં પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન વ્યવહાર, શુભયોગ આદિ અને કર્મબંધન આદિ. આ ફક્ત લીધા છે કેટલા? કે આત્માને સંબંધ (હોય) એટલા. બહારની સાથે વાત નહિ. ફક્ત અહીંયાં સંબંધમાં છે, એક સમયની અવસ્થાને .. આખી ચીજ નથી. એક સમયમાં અટકેલા છે. બાયડી, છોકરા, કુટુંબ અહીં નથી. એ તો એક સમય નથી, એ તો બહાર રહી ગયા. અહીંયાં તો એક સમયમાં કર્મ-નોકર્મ. એક સમયની સ્થિતિ ને બંધ રૂપે અટકવું .. એ જીવની સ્થિતિમાં એક સમય છે એવું દેખી. જીવ તો અનાદિઅનંત પડ્યો છે. એમાં એક સમયમાં આટલો એને દેખી. છે, કર્મ અને નોકર્મના એવા જે રાગ-દ્વેષાદિ એને જીવના કહેવા એ તો વ્યવહાર કીધો. પણ તું એમ કહે કે એ આત્માના અત્યારે બરાબર તાદાત્મ્ય સ્વરૂપે છે. સંસારદશામાં પણ વિકાર અને કર્મ આદિ તદ્રૂપે છે. એ તો રૂપીપણાના લક્ષણે ઓળખાય એવું થયું. રૂપીપણાનું લક્ષણ એટલે પુદ્‌ગલ છે. એટલે અહીં જીવ પદ્‌ગલ ઠર્યો. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો માને છે ને કહે છે ને. તારે થઈ ગયું.

અરૂપી જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપની સાથે રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપને તાદાત્મ્ય હોય તો તો રૂપીપણાનું લક્ષણ છે. માટે સંસાર અવસ્થામાં પણ એકરૂપે થઈ જાય. રૂપી.. જીવ થયો. જીવ થયો તો એ લક્ષણ તો પુદ્‌ગલનું છે, તો જીવ પુદ્‌ગલ ઠર્યો. સમજાણું કાંઈ? અહીં તો જીવ અને અજીવ બે અધિકાર છે. જેટલા અંદરમાં ગુણસ્થાનભેદ, માર્ગણાભેદ, જીવસ્થાનભેદ, રાગ-દ્વેષ, શુભભાવ એ બધા રૂપી છે. એને સંસારદશામાં પણ જો એકરૂપ માન તો જીવ પોતે રૂપી થઈ જાય છે. સંસાર અવસ્થામાં, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ. એ વાત જ ખોટી છે. એ માટે ઓલા કહે છે ને અત્યારે મૂર્ત છે. .. છે માટે જીવને .. કહ્યા. .. સાથે કર્મ બંધાય. પ્રશ્ન ઉઠે છે ને કે એકલા આત્મા મૂર્ત સાથે અમૂર્ત કેમ બંધાય? તો સંસારદશામાં જીવ મૂર્ત કથંચિત્ છે એની સાથે મૂર્ત કર્મ બંધાય છે. એ તો મૂર્તપણાનો આરોપ કરીને કથન છે. મૂર્ત છે કે દિ'? એ તો ચર્ચા ચાલી હતી, ઓલા પરમાનંદ સાથે. અત્યારે તો રૂપી જ છે, મૂર્ત છે. એ કહ્યું હતું. નિમિત્તના કથન છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે, આવે છે ને. જડ કર્મ રૂપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એના સંબંધથી એને રૂપી કહી દીધો છે. છે નહિ. છે (નહિ) તેને કહેવું એનું નામ વ્યવહાર. નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. છે રૂપી. એમ આ.. એનો વ્યવહાર. છે અમૂર્ત પણ એને મૂર્ત કહેવો એ .. વ્યવહાર છે. વસ્તુમાં છે નહિ. .. વેદાંતમાં .. કીધું. ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન વેદાંતમાં આ ભેદ કે દિ' હતા? ભેદ તો એક સમયની સ્થિતિ છે એમ કીધું છે. વસ્તુના અભેદ સ્વભાવમાં અભેદમાં તેને તદ્રૂપપણું હોતું નથી. તદ્રૂપપણે હોય તો એ રૂપી થઈ જાય છે. અને રૂપી થતાં મોક્ષમાં પણ રૂપી પુદ્ગલનો જ મોક્ષ થયો. મોક્ષમાં પણ પુદ્ગલ ગયું. અહીં રૂપી થઈ ગયો, મોક્ષમાં પણ એ રૂપી ત્યાં રહ્યો. એમ બે સિદ્ધ કરવું છે ને. સમજાણું કાંઈ?

**'રૂપીપણાથી લક્ષિત તો પુદ્ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ છે,...'** એમ ઠર્યું, લ્યો! પુદ્ગલ પોતે જીવ છે એમ ઠર્યું. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, રાગ-દ્વેષ, વ્યવહાર રત્નત્રયનો શુભરાગ, એની સાથે વર્તમાન દશામાં પણ તાદાત્મ્ય સંબંધ હોય... આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે પણ એ વ્યવહાર શુભરાગ અને કર્મની સાથે આત્મા સાથે એકરૂપ હોય તો તો એ રૂપીપણાના લક્ષણે લક્ષિત છે. તો તો આત્મા રૂપી થઈ ગયો. તો રૂપી તો પુદ્ગલનું લક્ષણ છે. વર્તમાનમાં પુદ્ગલ થઈ ગયો, જીવ રહ્યો નહિ. સમજાણું કાંઈ?

**'પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી.'** પુદ્ગલ પોતે જ પુદ્ગલ જીવ છે. એ સિવાય બીજો તો કોઈ જીવ રહ્યો નહિ. કારણ કે એની સાથે તાદાત્મ્ય સંબંધ છે અને તાદાત્મ્ય સંબંધ રૂપી છે, રૂપી છે તો એ જીવ રૂપી થઈ ગયો. રૂપીથી બીજો જીવ જુદો રહ્યો નહિ. બહુ ઝીણું પણ. માણસને નવરાશ ન મળે અને આ ને આ ને માથાકૂટ તે શી. ભાઈ! એકલો ચૈતન્ય સૂક્ષ્મ ચૈતન્યપિંડ, અભેદ સ્વભાવ તે એકલો આત્મા, એની સાથે આ વ્યવહાર વિકલ્પની સાથે તાદાત્મ્યરૂપ હોય ક્યાંથી? હોય તો પછી જુદા પડે કેમ? જુદા પડે માટે વર્તમાન એકરૂપ છે નહિ. એકરૂપ જો માન તો રૂપી છે અને રૂપી જીવ થઈ જાય છે. જીવ થતાં પુદ્ગલ .... રૂપી છે. લ્યો, એક વાત એ સિદ્ધ કરી. સંસારદશાની એક વાત સિદ્ધ કરી. સમજાણું કાંઈ આમાં?

**'આમ થતાં,...'** આમ એટલે કે સંસારદશામાં રાગ-દ્વેષનું કર્મ સાથે એકરૂપ હોય તો એકરૂપપણું કોઈ દિ' એને છૂટે નહિ. તો અત્યારે પણ એ રૂપી પુદ્ગલદ્રવ્ય ઠરી જાય. અને અત્યારે ઠરતાં તાદાત્મ્ય લક્ષણના સંબંધો મોક્ષમાં જાય તો તાદાત્મ્ય લક્ષણ સંબંધ કોઈ દિ' છૂટે નહિ. સમજાણું કાંઈ?

**'મોક્ષ અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ (ઠરે) છે,...'** અને તદ્રૂપ છે એની સાથે છૂટો કેમ પડે? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, કર્મ-શરીર તે આત્મા હોય તદ્રૂપે, તો તદ્રૂપ અહીં થયો એટલે રૂપી ઠરે અને તદ્રૂપ હોય તો કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિ' જુદો પડે નહિ. તો મોક્ષમાં પણ એ રૂપી જ રહ્યો એકલો. સમજાણું કાંઈ? બહુ ઝીણું. જગતને બાહ્યથી.. એ તો એને બાહ્યથી શુભભાવમાં જે માને છે ને. કહે છે કે શુભભાવ છે એ અજીવ છે. એમ કહે છે. એની સાથે આત્માને તદ્રૂપ હોય તો પોતે અજીવ એટલે રૂપી અજીવ થઈ જાય છે. રૂપી અજીવ. સમજાણું કાંઈ? .. રૂપી અજીવ થઈ જાય છે અને રૂપી અજીવ અહીં તદ્રૂપે થતાં મોક્ષ થતાં પણ રૂપી અજીવપણું ત્યાં રહ્યું. જેની સાથે તન્મય હોય તે કોઈ દિ' છૂટે નહિ. કહો, સમજાણું આમાં? અહીં પણ રાગ ને વિકાર સાથે તન્મય એકાકાર આત્મા છે નહિ. કહો, ધર્મચંદજી! એ રાગ ને વિકાર કર્મને લઈને થયું છે. આત્માને લઈને નહિ. આવી શું ખબર?

અહીં તો થયેલા છે પોતાથી, પણ થયા છે નિમિત્તના આશ્રયે. તો નિમિત્ત ને એને એક ગણીને, એના છે અને એનાથી થયા એમ કહેવામાં આવ્યા છે. એમ છે. એટલે ઓલો સિદ્ધાંત તૂટી જાય છે કે કર્મને લઈને વિકાર ન થાય અને વિકાર કર્મને લઈને થાય. એમ છે નહિ. વિકાર તો કર્મ જીવની પોતાની અપરાધ દશાથી થાય છે. ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પણ એ અપરાધ દશા અને નિમિત્ત, બેને અજીવમાં નાખી દઈને... અહીં તો જીવ-અજીવનો અધિકાર છે ને? આસ્રવ પોતાની દશામાં પોતાના અપરાધે થયેલો હોવા છતાં તે જીવના સ્વરૂપ સાથે તાદાત્મ્યરૂપ ભાવ નથી. માટે તેને અજીવ ગણી અને કર્મ ને શરીર તો અજીવ છે, એ બધાને અજીવ ગણીને અજીવભાવ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ?

**'આમ થતાં, મોક્ષ-અવસ્થામાં પણ...'** એમ. પણ એટલે શું? સંસારદશામાં તો રૂપી થયો. જો સંસારદશામાં વિકાર અને શરીર (જીવ સાથે) એકમેક છે એમ તું કહેવા માગતો હોય તો અહીં તો રૂપી ઠર્યો. અને રૂપી તો પુદ્ગલનું લક્ષણ છે. એટલે પુદ્ગલ જીવ ઠર્યો. હવે એ જ્યારે તાદાત્મ્ય સંબંધ રાગ સાથે છે અને કર્મ સાથે છે તો તાદાત્મ્યપણું કોઈ દિ' છૂટે નહિ. તો મોક્ષ અવસ્થામાં પણ.. તું એમ કહે કે એનો મોક્ષ થયો. પણ મોક્ષ કોનો થાય? સમજાય છે? કારણ કે તાદાત્મ્ય સંબંધ રાગ અને કર્મ સાથે તો એકરૂપ સંબંધ છે તો કોઈ દિ' છૂટે નહિ. અને મોક્ષ અવસ્થામાં પણ તદ્રૂપ રહ્યો. વિકારીભાવ અને કર્મ. એને તેં મોક્ષ માન્યો, ત્યાં પણ રૂપી મોક્ષ કર્યો, અરૂપી મોક્ષ ઠર્યો નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું. ઓલા માણસ ઈશ્વરકર્તા માને, સોંપી દે ભગવાનને, જાવ. ભગવાન કરે ઈ ખરું, જાવ.

અહીં તો કહે કે તું કહે એવી વિકારી દશા પણ તારામાં તને સોંપાય એવી નથી. એમ કહે છે, લ્યો! આહાહા..! કેમ કે જેનું ત્રિકાળ ચૈતન્યબિંબ સ્વરૂપ ધ્રુવ, જેના આશ્રયે, જેની દૃષ્ટિએ, જેમાં સ્થિર થયે શાંતિ અને આનંદ ઉત્પન્ન થાય એવામાં આ ભાવને એકરૂપપણું કેમ હોય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજી રીતે કહીએ તો એ આ જીવને સંસાર અવસ્થામાં પણ જ્યાં આત્મદ્રવ્યને જોવા જાવ તો એ ભાવ સાથે આવતા નથી. જીવદ્રવ્યને જોવા જાય તો એ સંસારભાવ સાથે આવતો નથી. તું કહે છે કે સાથે છે. તો તને આત્મા જોતા આવડતો નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય અહીંયા સંસાર ..રૂપ છે ને? તો તારે જીવ જોવાનું તો રહ્યું નહિ. તારે તો એ રાગ ને દ્વેષ છે અને ત્યાં તારું જોવાનું છે. એ તો અનાદિનું છે. શું કહ્યું સમજાણું આમાં? સંસાર દશામાં પણ રાગ ને દ્વેષ ને વિકાર અને સ્વરૂપ એકમેક હોય તો તારે જોવાનું ત્યાં રહ્યું. આમ જોવાનું રહ્યું નહિ. અને આમ જોયા વિના એ જીવને જ્ઞાન થાય અને જીવને અંતર જોતાં એની સાથે આવતા નથી માટે એની સાથે તદારૂપ છે નહિ. જો તદારૂપ માને .. અનાદિનો પુદ્‌ગલને તું માને છે, રાગને માને છે તું આત્મા. એ તો એનું એ થયું. સમજાણું કાંઈ?

'**એમ થતાં,...**' તારું લક્ષ રાગ અને કર્મ ઉપર હો અને તેને તું જીવ માનતો હો તો એના લક્ષે તો મોક્ષમાં પણ એનું એ લક્ષ રહ્યું. રાગ ને કર્મ... રાગ ને કર્મ.. સાથે રહી ગયા. જા તારો મોક્ષ ન થયો. આહાહા..! રંગ રાગ સાથે રહ્યો. છૂટ્યો કોનાથી ત્યારે? એમાં તો ક્યાંય છૂટ્યો નહિ. એની સાથે રહ્યો તું. છૂટ્યો સ્વભાવથી. સમજાણું?

'**પણ તે સિવાય બીજો કોઈ જીવ (ઠરતો) નથી;...**' જ્યારે સંસારદશામાં પણ અત્યારે તું સ્વભાવ તરફ ન જોતાં વિકાર અને કર્મ ઉપર જો અને તેને તું તારું અસ્તિત્વ માન તો તે રૂપી ઠરી ગયો. એ તો જોવે જ છો, અનાદિથી તું માને છે એ તો. અને રૂપી ઠરતાં અત્યારે આત્મા એનાથી જુદો રહ્યો નહિ. જુદો પાડ્યો નહિ, જુદો રહ્યો નહિ. અને એનો એ રૂપી સાથે ને સાથે રહ્યો. તારો મોક્ષ થયો હોય તો રંગ અને રાગ સાથે રહ્યો. સમજાણું કાંઈ? રાગ શબ્દમાં બધા રાગ, દ્વેષ, મોહ એમાં આવી જાય છે. રંગ શબ્દમાં વર્ગ, વર્ગણા, સંહનન, સંસ્થાન, શરીર, કર્મ, નોકર્મ એ બધું આવી જાય. સમજાણું કાંઈ?

ભાઈ! તું આત્મા, પુણ્ય-પાપના રાગ અને .. આદિ એનાથી જુદો છે. જુદો છે. એ અહીં જીવ અધિકારમાં બતાવવું છે. જુદો છે. એને તું આની સાથે એક માન તો અજીવ પોતે જીવ થઈ જાય છે, જીવ રહેતો નથી. તારી દૃષ્ટિમાં જીવ આવતો નથી. એ અજીવ તારી દૃષ્ટિમાં આવે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર, વાણી, મન.. આ.. આ.. આ.. .. એ તો છે. એ ક્યાં જીવ આવ્યો? જીવ ક્યાં આવ્યો તારી દૃષ્ટિમાં? સમજાણું કાંઈ? અને એમાં ને એમાં પાછો મોક્ષ ઠરાવ્યો એ જીવનો. તો એ જ્યાં લક્ષમાં લે, ઈની ઈ સાથે રહ્યું બધું. રાગ ને શરીર... રાગ ને શરીર.. રાગ ને રંગ. મોક્ષમાં પણ રૂપી રહી ગયો. આત્મા તો રહ્યો નહિ. આત્મા જેને લક્ષ કરવો છે એ તો તારું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષ ન રહ્યું. સમજાણું કાંઈ?

'**કારણ...**' હવે કારણ આપે છે. '**સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય...**' દ્રવ્ય એવું હોય કે પોતાના સ્વલક્ષણમાં જ્ઞાનાદિ, અહીં આત્મા... '**પોતાના સ્વલક્ષણથી લક્ષિત...**' એનાથી થતું '**એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં હાનિ અથવા ઘસારો નહિ પામતું...**' વસ્તુ જે છે સ્વલક્ષણે લક્ષિત એવું દ્રવ્ય અને કોઈ દશામાં હાનિ, ઓછપ, નાશ એનો થતો નથી. ત્રિકાળ એકરૂપ જ રહે છે. સમજાણું? જો એને રાગને લક્ષણે જણાય અને રાગવાળો આત્મા હોય, પુણ્યવાળો આત્મા હોય, રંગવાળો આત્મા હોય, શરીરવાળો આત્મા હોય, એવો આત્મા હોય તો એ દ્રવ્યની બધી અવસ્થાઓમાં કોઈ દિ' ઘસારો પામે નહિ. કોઈ દિ' એને એ અવસ્થાનો અભાવ થાય નહિ. અવસ્થાનો અભાવ ન થાય. સમજાણું?

'**અનાદિ-અનંત હોય છે.**' એ તો અનાદિ-અનંત રહે. '**આમ થવાથી, તેના મતમાં...**' જુઓ! બેયને લીધું. '**(અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનનારાના મતમાં પણ); પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...**' લ્યો! કારણ કે જે તાદાત્મ્ય રાગ, વિકારની સાથે એકરૂપ સંબંધ સંસારમાં હોય તો એ દ્રવ્ય એવું હોય કે એમાં ઘસારો પામે નહિ, એની ઓછપ થાય નહિ, અભાવ થાય નહિ. અભાવ થાય નહિ. સંસાર અવસ્થામાં પણ પુદ્ગલથી ભિન્ન એવું જીવદ્રવ્ય તો તારે રહ્યું નહિ. ઘસારો પામે અને ઓછું થાય એવું ઘટે નહિ. એ ને એ રહ્યું. પુદ્ગલ ને કર્મ, પુદ્ગલ ને રાગ... પુદ્ગલ ને રાગ.. એનો એ રહ્યો તારે. સમજાણું કાંઈ? શું કહેવાય છે આ? ..

ભાઈ! તને આત્મા છે જે ધર્મ કરનાર એ કેવડો છે? કેવો છે? એવું જાણ્યા વિના, એના ઉપર દૃષ્ટિ આપ્યા વિના સ્વરૂપે દૃષ્ટિ આપવાથી આત્માનું કલ્યાણ થાય એવું નથી. આત્મા હાથ આવે એવો નથી એમ કહે છે મૂળ તો. રાગ ને વિકાર ને કર્મ ને બહુ જોરદાર શરીર સારા મળ્યા માટે એના ઉપર લક્ષ કરીને આત્મા પ્રાપ્ત થાય એવો એ છે નહિ. આહા..! એથી ધર્મ પ્રાપ્ત થતો નથી. પરના લક્ષમાં રહીને ધર્મ પ્રાપ્ત થાય? કર્મ.. છે ને બધા? .. છે એ તદ્રૂપ છે તારી સાથે? હા. અત્યારે તદ્રૂપ છે. અત્યારે તદ્રૂપ એટલે ત્યાં લક્ષ રાખીને તું રહ્યો. એ આત્મા ક્યાં છે? એ તો જડ છે. રાગ ને બધું જડ છે. એ તો રૂપી છે. રૂપી થઈ ગયો ત્યારે તું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એથી તો દાખલો આપ્યો કે દ્રવ્યની કોઈપણ અવસ્થામાં તેનો ઘસારો તેનું સ્વલક્ષણ હોય તે ઓછું, અધિક, વિપરીત થાય નહિ. એનું નામ દ્રવ્ય ને લક્ષણ કહીએ. અને આ જો અહીં રહે અને પછી ઘટે તો એ દ્રવ્યનું લક્ષણ છે નહિ. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું આમાં? આહાહા..!

અહીં તો એ કહ્યું છે ને એણે? સંસાર અવસ્થાની વાત લીધી છે ને?

**अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादि।**
**तम्हा संसारत्था जीवा रूवित्तमावण्णा।।६३।।**

આ ગાથાનો અર્થ કર્યો.

**एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।**
**णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो।।६४।।**

તારે તો રાગ અને શરીર એ હું છું અત્યારે સંસારમાં. તદ્રૂપ હોય એ કોઈ દિ' મોક્ષમાં પણ છૂટે નહિ. તદ્રૂપ હોય એ છૂટે? એને ઘસારો થાય? હીણો થાય? અભાવ થાય? રાગ અને શરીર બે આત્મા સાથે એક હોય, અત્યારે, તો ત્રણે કાળે એનો ઘસારો થાય નહિ, ઓછું થાય નહિ. એ નિર્વાણમાં પણ સાથેને સાથે રહ્યું. એ તો રૂપીની મુક્તિ થઈ એમ થયું. સમજાણું કાંઈ? '**णिव्वाणमुवगदो वि य जीवत्तं पोग्गलो पत्तो**' લ્યો! એ જીવપણું પુદ્ગલપણાને પામ્યું. સમજાય છે? એમ છે નહિ.

'**પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.**' અહીં તો જીવનો નાશ થાય છે. સમજાણું કાંઈ? એ સંસારમાં પણ રાગ, શુભરાગવાળો જીવ માનવાથી એને આત્માના રાગ વિનાના જીવનો નાશ થાય છે. એમ કહે છે. અત્યારે પણ વિકારવાળો જીવ, વિકારવાળો જીવ માનવો, વિકાર મારું સ્વરૂપ જ માનવું હોય તો અત્યારે પણ રૂપી અને જડ થઈ જાય છે. પણ એનું લક્ષ ત્યાંથી ફરતું નથી. એનામાં એમ માનતો હોય કે એ મારું નહિ અને હું તો ચૈતન્ય છું તો લક્ષણ ફરતાં અને લક્ષ ફરતાં લક્ષણ જ્ઞાનથી આત્મામાં જતાં રાગાદિ એના સંસારમાં પણ છે નહિ. સંસારમાં નથી તો રાગનો અભાવ થઈને મુક્તિ થાય ત્યારે તો એ નિર્મળ દશા રહી જાય. ત્યાં તો રાગ સાથે આવતો નથી. અહીં નથી તો ત્યાં પણ રહ્યો નહિ. એમ કહે છે.

એ કથન ... એમ નથી કીધું. ... કહી દીધું .... એ કીધું શું કીધું? ... અહીં આવ્યો છે કાલનો. ત્યાં પાલેજ આવેલો. બાવો થઈ ગયેલો હરિકૃષ્ણ. એક અખંડ એક અખંડ એમ નહિ. એક અખંડ શબ્દ બરાબર છે. એક અખંડ આ. બધા થઈને એક અખંડ એમ નહિ. કાંઈ બોલ્યો નહિ સામે. બધા સાત-આઠ.. .. ... .. કાંઈ ખબર ન મળે શું આત્મા અને શું આ? બસ, વૈરાગ્ય થયો ને. વૈરાગ્ય તે કોને કહેવો? વૈરાગ્યની વ્યાખ્યા જ એ છે કે કંઈક પરથી ઉદાસ થયો. તો પરવસ્તુ સિદ્ધ થઈ ગઈ. અને પરથી ઉદાસ નહોતો એમ પણ એમાં સિદ્ધ થઈ ગયું. પહેલા પરથી ઉદાસ નહોતો અને હવે ઉદાસ થઈ ગયો. તો થઈ ગયા બે. એક આત્મા રહ્યો નહિ. રહ્યો?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં તો એ માટે દલીલ આપી છે. દલીલ આપીને વાત કરે છે. એ પણ દલીલ વિના માને તો પછી એનો અર્થ શું? . વિના માને કે .. ભલે દલીલ આપી શકતા નથી. પણ દલીલ આપી શકતો નથી પણ તેં માન્યું શી રીતે ત્યારે? તને કોઈ હેતુથી, ન્યાયથી બેઠું .. છે. હેતુ વિના અને ન્યાય વિના બેઠું એ તો અનાદિ અજ્ઞાન મૂઢપણે માન્યું છે. હેતુથી, ન્યાયથી, લક્ષણથી, પરની ભિન્નતાથી કોઈ લક્ષણથી માન્યું હોય તો એનું લક્ષણ દેવું જોઈએ, એનો ઉપાય દેવો જોઈએ, એની યુક્તિ દેવી જોઈએ. એ વિના માનવાનો અર્થ શું? સમજાણું કાંઈ?

અહીં તો સંસારદશામાં પણ.. ઘણાં રાડ પાડે છે કે સંસારમાં તો અમારે રાગ અને આત્મા એકમેક છે કે નહિ? સંસારમાં તો શરીર ને આત્મા એકમેક છે કે નહિ? હમણાં .. ઈન્દ્રિયોથી જુદો પડતો... ત્યાં હતો-અમદાવાદ. હિંમતલાલના મકાનમાં આવ્યા હતા. ... .. ઈન્દ્રિયોથી જીવ જુદો દેખાતો ... પણ ઈન્દ્રિય શું ચીજ છે, બેને નક્કી કર્યા વિના જુદું શું બતાડે? સમજાણું? ઘણી જાતના માણસ આવે. એક જણાએ કીધું ને એક પાંચ હોય અને બે હોય ... ક્રિયા કરો, ભક્તિ કરો, આ કરો, તે કરો. પણ મહારાજ! આત્મા આત્મા તમે કરો છો, એ તો .. આત્મા .. દેખાતો નથી, અંધારું દેખાય છે. છોકરા જેવું પૂછ્યું. મેં કીધું, સાત વર્ષના છોકરાએ પૂછ્યું હતું ત્રણ વર્ષ પહેલાં. .. ... ... આત્મા આત્મા આવડો આત્મા, આવડો આત્મા કરે અને અહીં આંખો મીંચીને દેખાતો નથી. એવો કઈ ભૂમિકાનો નિર્ણય કર્યો? કઈ સત્તામાં? કોની હયાતીમાં આ દેખાતો નથી એમ નિર્ણય કર્યો? નિર્ણય કરનાર જ્ઞાન છે કે જડ છે? નિર્ણય કરનાર અંધારું છે કે પ્રકાશ છે? સમજાણું કાંઈ?

નિર્ણય કરનાર કહે કે હું મને આંખથી દેખાતો નથી. દેખાતો નથી એવો નિર્ણય જેમાં થાય છે એ આત્મા છે. દેખાઈ ગયો. કાંઈ વિચાર નહિ, મનન (નહિ). આ ક્રિયાકાંડ કરવા, પૂજા-ભક્તિ કરવા અને એનાથી કલ્યાણ થઈ ગયું. કહે છે કે પૂજા-ભક્તિથી કલ્યાણ થાય તો રૂપી છે, એમ કહે છે. એય..! ...ચંદજી! રૂપી છે? મહાવ્રતના પરિણામ આદિથી કલ્યાણ થાય તો એ તો રૂપી છે. એમ કહે છે. એની સાથે તારે સંબંધ હોય અને એકમેક હોય અને એનાથી લાભ થાય તો તો એની સાથે તાદાત્મ્ય સંબંધ થઈ ગયો. એમ છે નહિ. એમ થઈ જાય તો રાગ અને વિકાર અને બધા પુણ્ય-પાપના ભાવ, એની સાથે તદ્રૂપ આત્મા થઈ જાય. અહીં તદ્રૂપ થયો હોય તો એ તદ્રુપપણું કોઈ દિ' ટળે નહિ. તદ્રૂપમાં તો ઘસારો થાય નહિ, નાશ ન થાય. એમ છે ને અંદર? '**अनपायित्व**' છે. '**अनपाय**' એટલે નાશ ન થાય. '**अनपाय**' એટલે નાશ થાય નહિ. એમ કીધું ને મૂળ તો? '**अपाय**' એટલે નાશ. '**अनपाय**' એટલે નાશ ન થાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજી લીટીમાં છે. '**सर्वास्वप्यवस्थास्वनपायित्वादनादिनिधनत्वेन**'. શું કહ્યું સમજાય છે આમાં? જો આત્માને સંસારદશામાં-અવસ્થાના કાળમાં પણ પુણ્ય-પાપના વિકાર અને કર્મ સાથે એકપણું હોય તો એ કોઈ પણ જીવદ્રવ્યનો એનો અભાવ અવસ્થામાં થાય નહિ. તો તો અનાદિ અનંત રહે. અનાદિ અનંત દ્રવ્ય રહે. એવું તો છે નહિ. તું માન તો અનાદિ અનંત રહ્યું. રૂપી રહ્યો તો રાગવાળો રહ્યો અનાદિ અનંત. એમાં કાંઈ જીવ હાથ આવ્યો નહિ. કહો, સમજાણું રતિભાઈ? ઓલા સંચાની ને વાત બધી નથી, હોં! આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંચા ન હોય પણ બીજું તો હોય ને. ઓલા કપડા-બપડા ને બહારની ચીજ છે ને એ.

અહીં તો એક ક્ષેત્રાવગાહમાં એક સમય પૂરતું આમ અટકવું દેખીને અનાદિઅનંત ચૈતન્ય આમ પડ્યો છે. ઓલો આકાશનો દાખલો આપ્યો ને. લાંબો આકાશ પડ્યો છે... એમાં થોડોક .. દેખીને લૂંટાય છે, તો માર્ગ લૂંટે છે એમ કહેવાય. માર્ગ તો એમ ને એમ પડ્યો. ત્યાં ક્યાં માર્ગ લૂંટે છે? એમ ચૈતન્ય તો અનાદિઅનંત ચૈતન્ય સનાતન સત્ એવું ને એવું પડ્યું છે. એમાં એક સમયનો રાગ અને શરીરની .. સ્થિતિમાં અટકવું દેખી, એમ જીવના .. વ્યવહારનયથી વસ્તુના સ્વરૂપમાં એ છે નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ કે પુણ્ય-પાપનો ગમે તે વિકલ્પ હો કે શરીરની બહારની અનુકૂળતા ગમે તે હો કે કર્મની મંદતા હો તો હું મારું કલ્યાણ કરી શકું એની સાથે કાંઈ સંબંધ નથી. ગમે તે હો તેનું લક્ષ છોડીને સ્વરૂપ અખંડ છે તેના લક્ષે જા તો તને આત્માની પ્રાપ્તિ થાય. બાકી આને લક્ષે આત્માની પ્રાપ્તિ થાય નહિ. એના લક્ષે થાય તો એ સદા સાથે રહે તો તારું લક્ષ કોઈ દિ' આવે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે...**' તદ્રૂપ સંબંધ. સાકરને ગળપણ અથવા અગ્નિને ઉષ્ણતાનો તદ્રૂપ સંબંધ છે. સમજાણું કાંઈ? એમ અગ્નિને અને ઉષ્ણપણાને એકરૂપ સંબંધ છે. પણ ઉપર જે છાર હોય અગ્નિની, છાર-છાર પાતળી ઝીણી-ઝીણી, એની સાથે અગ્નિને અને ઉષ્ણતાને કાંઈ તાદાત્મ્ય સંબંધ છે નહિ. જો એની સાથે સંબંધ હોય તો અગ્નિ અને ઉષ્ણતા જુદી હોય નહિ. એમ ને એમ રાખોડી સાથે ને સાથે રહે. સમજાણું કાંઈ? એ રાખોડી વખતે પણ અગ્નિને અને એની રાખોડીની સાથે તાદાત્મ્ય સંબંધ નથી એમ કહે છે. .. શું કહે છે એ? અગ્નિને હોય ને જરી? ..ઝીણી... ઝીણી... ઝીણી રાખ. એને અને અગ્નિની સાથે કાંઈ સંબંધ નથી. તાદાત્મ્ય સંબંધ નથી એનો અર્થ સંબંધ છે નહિ. જો એને સંબંધ હોય તો એ તો સાથે ને સાથે રહે તો કોઈ દિ' ઉષ્ણતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષે અગ્નિ ઓળખાય એવી ચીજ રહે નહિ.

**'સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક...'** વર્ણ, ગંધ, રસ અને શરીર, કર્મ, રાગ એની સાથે એકરૂપ સંબંધ છે, એમ તું કહે **'તો જીવ મૂર્તિક થયો;...'** એમ તું કહે તો જીવ મૂર્તિક થયો. રાગને મૂર્ત રૂપી કીધો છે ને. અવધિજ્ઞાનનો વિષય છે ને ઈ. અવધિજ્ઞાનના વિષયમાં રૂપી કહ્યો છે. લ્યો! ઉદયભાવ પણ અવધિજ્ઞાનનો વિષય છે એટલે રૂપી કહ્યો છે. લ્યો, એનો વિષય રૂપી, જાવ બધું રૂપી. સમજાણું કાંઈ? ઉદયને, .. ને જાણે છે. ન્યાય શાસ્ત્રમાં કહ્યું છે કે અવધિજ્ઞાનનો વિષય રૂપી છે. માટે રૂપી થઈ ગયું બધું. સમજાણું?

**'અને મૂર્તિકપણું તો પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે;...'** જડ પુદ્ગલ છે, ભાઈ! તું નહિ એમાં. એમાં તું નહિ, એ વડે નહિ, એ વડે જણાય એવો નહિ. એમાં તું નહિ, એ વડે જણાય એવો તું નહિ. એમ કહે છે. એ વડે જણાય અને એમાં તું હો તો એનાથી જુદો પડે નહિ તો રૂપી ઠર્યો એમ કહે છે. આહાહા..! અહીં તો કહે છે કે ઓલા શુભરાગ વડે પણ આત્માનું જ્ઞાન થાય તો એ શુભરાગ તો રૂપી છે તો એ વડે રૂપીપણું એમાં રહી ગયું. સમજાણું? રૂપીપણું એમાં રહ્યું. રૂપીપણાને લક્ષે આત્માને લાભ થાય તો રૂપીપણે રહી ગયું. એમાં જુદો પડ્યો નહિ. રહ્યો નહિ. સમજાણું કાંઈ?

**'મૂર્તિકપણું તો પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે; માટે પુદ્ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું,...'** એ રાગ તે જ આત્મા ઠર્યો. તારે તો ત્યાં લક્ષ કરવાનું રહ્યું, ત્યાં જ તારે ધ્યાન કરવાનું રહ્યું. એનું ધ્યાન તો કરે છે અનાદિથી. હવે કહે છે એમાં શું તેં નવું કર્યું? એમ કહે છે. એ તો પુદ્ગલનું ધ્યાન છે, રાગનું ધ્યાન છે. એ પુદ્ગલ ઠર્યો તું. ચૈતન્ય ઠર્યો નહિ. આહા..! **'તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું.'** લ્યો! રાગ, પુણ્ય-પાપ અને શરીરનું લક્ષ કરવાથી આત્માનું લક્ષ થાય તો તે તદ્રૂપ સંબંધ થયો. તેનાથી જુદો પડવાનું તારે રહ્યું નહિ. સમજાણું કાંઈ?

**'વળી મોક્ષ થતાં...'** .. ની વાત કરી. **'મોક્ષ થતાં પણ તે પુદ્ગલોનો જ મોક્ષ થયો;...'** એટલે રાગ જ સાથે રહ્યો. એમ. **'તેથી મોક્ષમાં પણ પુદ્ગલો જ જીવ ઠર્યાં,...'** ત્યાં પણ પુદ્ગલ જ જીવ ઠર્યો. **'અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો.'** ભગવાન આનંદકંદ ચૈતન્ય સ્વભાવ ભિન્ન રહ્યો નહિ. .. એમ. **'આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી...'** સંસારદશામાં કે મોક્ષદશામાં પુદ્ગલથી જુદું કોઈ ચૈતન્ય જીવદ્રવ્ય ન રહ્યું **'જીવનો જ અભાવ થયો.'** ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાનલક્ષણે લક્ષિત એનો જ અભાવ થયો. **'માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.'** જાવ. જીવ છે નહિ. કેટલું સ્પષ્ટ કર્યું છે! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુભ-અશુભરાગ, હોં! દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, નામ સ્મરણ એ બધા રાગ આત્માની સાથે સંબંધ ધરાવતા હોય તો આત્મા એની સાથે તન્મય થઈ જાય. તો તો રાગવાળો આત્મા થયો. આત્મા જ્ઞાનવાળો ભિન્ન રહ્યો નહિ. ભારે ઝીણું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ મૂર્ત છે. અહીં તો ચૌદ ગુણસ્થાન એ કર્મના છે. ચૌદમું ગુણસ્થાન એ કર્મ-નોકર્મનું. એ આત્માનું નહિ. એ રાગ મૂર્ત છે, ગુણસ્થાન મૂર્ત છે, માર્ગણાસ્થાન મૂર્ત છે, રૂપી છે. ૨૯ બોલનો ઉકરડો બધો રૂપી છે, એમ કહે છે. પુદ્ગલ પરિણામ કહ્યા હતા ને ત્યાં? એને અનુભૂતિથી ભિન્ન કહ્યા હતા. અનુભૂતિથી ભિન્ન એટલે અંતરમાં દૃષ્ટિથી જોતાં આ કાંઈ સાથે આવતા નથી એટલે ભિન્ન છે. એમ કહ્યું છે. શબ્દે શબ્દે ગાથા લીધી છે. વર્ણ, ગંધ .. અનુભૂતિથી ભિન્ન છે. અનુભૂતિથી ભિન્નનો અર્થ કે અંતર જોતાં અનુભવમાં એ સાથે આવતા નથી. સાથે તો .. ફરે ત્યાં જાય છે. અહીં છે નહિ. માટે ભિન્ન છે. જીવથી બીજા એમ ન કહ્યા. અનુભૂતિથી ભિન્ન છે એમ કહ્યા છે. સમજાણું કાંઈ? કેમકે અનુભૂતિનો અર્થ જીવદ્રવ્ય છે એની અંતર દૃષ્ટિ કરતાં એ દૃષ્ટિથી ભિન્ન છે. કારણ કે દૃષ્ટિમાં સાથે આવતા નથી. એટલે આનાથી ભિન્ન છે માટે જીવથી ભિન્ન છે. એમ. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે એ બધા અનુભૂતિથી ભિન્ન કીધા હતા, ૨૯ બોલ. ગુણસ્થાનનો ભેદ અનુભૂતિથી ભિન્ન છે. એનો અર્થ અંતરમાં એકાકાર થતાં એ ભેદ ક્યાં સાથે આવે છે? સમજાણું? ઓહોહો..! જીવદ્રવ્યની સિદ્ધિ કરવાની અલૌકિક વાત. આવી વાત ક્યાંય બીજે છે નહિ. ભાઈ! તું ચૈતન્ય પ્રભુ છો ને. તારા અંતર સ્વભાવ સન્મુખ જોતાં એ બધા ભેદો અનુભૂતિથી ભિન્ન છે. તેથી અનુભૂતિ એની સાથે અંતરમાં અનુભૂત કરતાં એ સાથે આવતા નથી. સાથે આવતા નથી, સાથે આવતા નથી અને એનો આશ્રય લઈને અનુભૂતિ થતી નથી. માટે તે આત્માના હોય જ નહિ. આત્મા હોય તો એની સાથે સંબંધ કરીને આત્માને પમાડે. સમજાણું કાંઈ? બહુ વાદવિવાદ વધી ગયા ને એવા ઝઘડા. પણ મૂળ વાતને પકડવાની પણ.. એટલી યુક્તિ લગાડે છે. એ માને અભ્યાસ છે. એનો અર્થ કરતો હશે કાંઈક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનેકાંત તે પણ એક અનેકાંત એના વસ્તુના સ્વભાવમાં તદ્રૂપ હોય એને અનેકાંત કે ન હોય એને અનેકાંત? .. કીધું વ્યવહાર અને એક સમયની સ્થિતિ દેખીને કહ્યા. વસ્તુના સ્વરૂપમાં નથી. એનું નામ અનેકાંત. બે સાચા છે એમ કહે એનું નામ અનેકાંત છે?

**'માટે માત્ર સંસાર-અવસ્થામાં...'** પણ રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, વ્યવહાર રત્નત્રય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણસ્થાનભેદ જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છે :-'** લ્યો! નક્કી સિદ્ધ કરે છે કારણ આપીને.

જુઓ! ભાષા ક્યાંની? કે જીવના ભેદની જ વાત કરી છે પાધરી. જીવના ભેદો જીવમાં નથી એ સિદ્ધ કરવા ભેદ જીવના .. એટલા એટલા બોલ છે ને તો જીવના ભેદ કાઢ્યા. ઓલા .. બોલ સમજ્યા ને? તો એના કર્મ ને નોકર્મ કાઢ્યા. ભાઈ! વર્ણ, ગંધ, રસ.. નોકર્મના છે એમ કરીને કાઢી નાખ્યું. અહીંયાં જીવના ભેદ પણ એ આત્માના નથી. કેમ કે

**एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।**
**बादरपज्जत्तिदरा पडयीओ णामकम्मस्स।।६५।।**
**एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।**
**पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।**

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને,**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.**
**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.**

આહાહા..! શૈલી! અહીં જીવના સ્થાનને જીવ કેમ કહેવું? જીવના ભેદને જીવ કેમ કહેવું એમ કહે છે. જીવસ્થાનનો બોલ આવ્યો છે એમાં. માર્ગણાસ્થાન, જીવસ્થાન, .. સ્થાન. એમાં આ એક બોલ. ઓલામાં એ લીધું હતું, નહિ? .. નોકર્મ.. એમ કરીને ત્યાં અજીવ નાખી દીધું. .. .. નથી. .. કર્મ ને નોકર્મના વર્ણ આદિ ગુણસ્થાન દેખીને .. ત્યાં આમ બે નાખ્યા. અહીં નાખ્યા જીવના ચૌદ ભેદ જે છે એ પ્રકૃતિને કારણે થયેલા છે. તારામાં છે નહિ. .. નથી.

**'ટીકા :- નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી,...'** કર્મ એટલે કાર્ય, કરણ એટલે સાધન. કાર્ય અને કારણનું એકપણું હોવાથી. શું કહ્યું? ખરેખર જોઈએ તો કર્મ નામ કાર્ય અને કરણ નામ કારણ નામ સાધન. બેનું એકપણું, અભિન્નપણું હોવાથી. આ સિદ્ધાંત મૂક્યો છે, સિદ્ધાંત. **'જે જેના વડે કરાય છે (થાય છે) તે તે જ છે-'** કેમ કે કાર્ય અને કરણનું એકપણું હોવાથી. **'જે જેના વડે...'** એટલે કરણ. જે **'વડે કરાય છે તે...'** કરણ છે. એમ. સમજાણું કાંઈ? નિશ્ચયથી જોઈએ તો કરણ-સાધન અને કાર્ય બે એક છે. કાર્ય અને કારણ બે એક છે. કાર્ય ને કારણ બે એક છે. સાધન અને સાધ્ય બે એક છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે જેના વડે...'** જે-કાર્ય, જેના વડે-કરણ લેવું. **'કરાય છે (થાય છે) તે...'** કાર્ય **'તે જ છે-'** તે કાર્ય તે જ છે. તેનું છે. **'એમ સમજીને (નિશ્ચય કરીને), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી...'** દેખો! સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી. આ સુવર્ણના પાના થાય છે ને? આ પાતળા નથી કરતા? કરે પાતળા. વરખ કહે છે. પાતળા. તમારે .. આ સમવસરણમાં પાતળા નથી? ત્રણ શું કહેવાય એ ત્રણ? પીઠિકા. આ રહ્યા રતિભાઈ. . .કરે છે ને શું કરે છે એ? કહો, સમજાણું આમાં? એ **'સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી...'** સોની વડે નહિ. લ્યો! ...ભાઈ! ... વડે નહિ એમ કહે છે. આહાહા..! .. એમ .. કળા હોવી જોઈએ ને કળા. એવા પાતળા અને પાછા કટકા થાય નહિ અને પાતળામાં પાતળું પડ થાય લ્યો સોનાનું. પાતળામાં પાતળું પડ થાય. બરફીને કરે છે. .. વરખ હોય છે ને? એય શેઠ! સોનાના હોય છે ને પાતળા. .. રાખે બધા શેઠિયા ઘરે .. ઝીણા-ઝીણા. કહે છે કે એ સોનાનું પાનું સોના વડે થાય છે એમ કહે છે. સોની વડે નહિ. આ સોની સમજો છો ને? કારીગર. એની કળા છે એ બહુ પાતળી કળા હોય છે. એ વડે પાતળું સોનું થાય છે? નહિ. કેમ કે કરણ અને કાર્ય બે અભિન્ન હોય છે. કામ અને તેનું કારણ બે એક હોય છે. એટલે સોનાનું કાર્ય પત્તાનું થયું, કરણ ભિન્ન સોની એ વડે થતું નથી. આહાહા..!

દાખલો જ કઠણ છે. **'જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે...'** સોના વડે કરાય છે એના વડે **'કરાતું (-થતું) હોવાથી...'** ઓહોહો..! **'જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી...'** સુવર્ણ એટલે કરણ. અને એ વડે.. કરણ કીધું ને? સુવર્ણ વડે. અને થયું તે કર્મ. પાનું થયું તેનું કાર્ય. સુવર્ણ વડે પાનું થયું. પાનું તે કર્મ, કર્મ નામ કાર્ય, કાર્ય નામ પર્યાય થઈ તે. એ પર્યાયનું કારણ સુવર્ણ છે. સુવર્ણથી બનેલું છે. હથોડીથી નહિ, એરણથી નહિ, સોનીથી નહિ. સમજાણું કાંઈ? કરણ અને કાર્ય બે એક હોય છે. એમ સિદ્ધ કરે છે. જુઓ! એટલો દાખલો પણ ઝીણો. સમજાણું કાંઈ?

માટી વડે ઘડો થયો છે એમ કહે છે. કુંભારથી નહિ. કેમ કે કરણ અને કાર્ય બે એક હોય છે. કરણ અને કર્મ .. છે. આટા વડે રોટલી થઈ છે. સ્ત્રી વડે નહિ, તાવડી વડે નહિ, અગ્નિ વડે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ... બધા ઉભા થાય છે એ એના કારણના કરણ વડે. એના પથરાના પર્યાય દ્વારા પથરાનું કાર્ય થાય છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. થાય છે. કાઢ્યું છે ને નવું? કહો, સમજાણું કાંઈ? એ પોતે મિસ્ત્રી છે. .. એ મિસ્ત્રી ... આહાહા..! એય..! શાંતિભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધાંત સિદ્ધ કરવો છે જીવનો. જીવના ભેદોનું કરણ કર્મ પ્રકૃતિ છે. એથી ચૌદ ભેદો તેના કરણ વડે કાર્ય થયા છે. જીવના દ્રવ્ય વડે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જીવના અપર્યાપ્તિ ને પર્યાપ્તિ અને સંજ્ઞી ને અસંજ્ઞી, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય... આહાહા..! જીવના ત્રણ ભેદ એ કાર્ય, તે તેનું કરણ નામ પ્રકૃતિ કર્મ વડે કાર્ય થયું છે. એ આત્માનું કાર્ય નહિ. .. તે આત્માનું કાર્ય નહિ. આહાહા..! **'બીજું કાંઈ નથી,...'**

**'જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી સુવર્ણ જ છે,...'** એટલે કે **'બીજું કાંઈ...'** કર્મ નથી અને બીજું કોઈ કાર્ય નથી એમ. કરણ વડે કરાતું સુવર્ણ છે, કરણ વડે કરાતું .. છે? સુવર્ણ વડે કરાતો સોની છે? જેનાથી થયું તે તે જ છે. જેનાથી થયું તે તે જ છે. જેનાથી થયું તે તે તેનાથી જુદું નથી. સમજાણું કાંઈ? **'તેમ જીવસ્થાનો...'** જીવના ચૌદ પ્રકારો **'બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીદ્રિંય, ત્રણ ઇન્દ્રિય ચતુરિંદ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતા (-થતાં) હોવાથી પુદ્‌ગલ જ છે,...'** આમાં .. જુઓ! આ કર્મ એ થયા. ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? સમજાણું?

**'અપર્યાપ્ત નામની પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં (-થતાં) હોવાથી પુદ્‌ગલ જ છે,...'** ચૌદ ભેદ પુદ્‌ગલ છે. **'જીવ નથી.'** જીવ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. ચિદાનંદ મૂર્તિ છે. એનાથી થયેલા ભાવો તે નિર્મળાનંદ, અભેદ સ્વરૂપ પ્રગટ એ એનાથી થયેલા હોય. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનાનંદ જ્ઞાયકસ્વરૂપ, સમરસી ચૈતન્ય સ્વરૂપ. ચારિત્રગુણ એટલે સમરસ સ્વભાવ. જ્ઞાન એટલે જ્ઞાયકસ્વભાવ. સમરસી જ્ઞાયકભાવ પોતા વડે પોતામાં સમરસ જ્ઞાયકભાવ થાય એ પોતાનું કરણ અને કાર્ય તે અભિન્ન છે. આ ભેદ પડે તેની કરણ પ્રકૃતિ છે અને કર્મ એ ચૌદ ભેદ પડે તે તેનું કાર્ય છે. કર્મ અને કરણ બે જુદાં જુદાં હોતા નથી. કહો, સમજાણું? એ પુદ્‌ગલ જ છે, જીવ નથી. લ્યો! એને નામકર્મની પ્રકૃતિ અને પુદ્‌ગલમયપણું તો .. પ્રસિદ્ધ છે. ભગવાન કહે છે કે કર્મ પુદ્‌ગલ છે. પુદ્‌ગલથી રચાયેલી .. તે પુદ્‌ગલ જ છે. કર્મ પુદ્‌ગલ છે તો કાર્ય પણ પુદ્‌ગલ છે. કહો, સમજાણું કાંઈ?

**'અનુમાનથી પણ જાણી શકાય છે...'** જુઓ! આગમની વાત કરી. **'કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી...'** લ્યો! શરીર આદિ બધા કર્મ પ્રકૃતિઓના કાર્ય હોવાથી. ઓલા કર્મ-નોકર્મના કહ્યા હતા બધા. એય..! કર્મ-નોકર્મના કહ્યા હતા. જીવસ્થાન. કર્મ ને નોકર્મ. સમજાણું કાંઈ? ત્યાં બે કહ્યા હતા. અહીં એકલા કર્મ નાખ્યા. **'કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી...'** **'શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કર્મપ્રકૃતિઓ પુદ્ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.**' લ્યો! જેનું કાર્ય છે પુદ્ગલ એનું કારણ પુદ્ગલ છે એમ અનુમાન થઈ શકે છે. આ આત્માનું કારણ નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ છે. એના વડે તો આત્માની શાંતિ પ્રગટ થાય એનું એ સાધન છે. પરના સાધન વડે આત્મા પ્રગટ થાય એવું એ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**માગશર વદ ૩, શુક્રવાર તા. ૩૦-૧૨-૧૯૬૬**
**ગાથા-૬૬-૬૭, શ્લોક-૩૮,૩૯, પ્રવચન-૧૨૯**

જીવના ચૌદ ભેદ છે એ નામની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. એ જીવના સ્થાન તે અજીવ છે. એ કહ્યું છે. સમજાણું? જીવના સ્થાન તે અજીવ છે. નામ કર્મની પ્રકૃતિ વડે બનેલા પર્યાપ્તિ અપર્યાપ્તિ, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય આદિ નામ કર્મથી બન્યા છે એટલે પુદ્‌ગલથી બન્યા છે એટલે એ ચૌદ ભેદ અજીવ છે, જીવ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. તેથી એમ શબ્દ લીધો ને અહીં. જીવસ્થાન તે જીવ નહિ, જીવસ્થાન તે અજીવ. સમજાણું કાંઈ? અજીવ કહે છે, દેખો! નામ કર્મની પ્રકૃતિથી બનેલા માટે નામ કર્મ પુદ્‌ગલ છે, અજીવ છે. એનાથી બનેલા એ અજીવ જ છે. જીવસ્વરૂપ તો જ્ઞાયક ચિદાનંદ અભેદસ્વરૂપ તેને અહીં જીવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? અનુમાનથી પણ... કાલે આવ્યું ને છેલ્લું?

**'એવી રીતે ગંધ,...'** જેમ જીવસ્થાનને પુદ્‌ગલથી બનેલા ગણીને તેને પુદ્‌ગલ જ છે. એ ગણીને આવ્યું. એમ છે કે ગણીને આવ્યું? એમ કે જાણીને. પુદ્‌ગલથી થયેલા છે માટે પુદ્‌ગલ જ છે, અજીવથી થયેલા માટે તે અજીવ છે તે જીવના નથી. એમ '**ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન-તેઓ પણ પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયા (બન્યા) હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે; તેથી માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્‌ગલમય કહ્યાં સમજવાં.**' લ્યો! જેમ નામ કર્મની પ્રકૃતિને લઈને એવા ચૌદ ભેદ જીવસ્થાનના પડ્યા, એને જેમ પુદ્‌ગલ કહ્યાં અને પુદ્‌ગલથી તે અભિન્ન કહ્યાં. જીવ સ્વભાવથી ભિન્ન કહ્યાં. સમજાણું? પુદ્‌ગલથી એક છે અને જીવસ્વભાવથી ભિન્ન છે. એવી રીતે ગંધ આદિ, શરીર આદિ બધાં પુદ્‌ગલથી અભિન્ન અને પુદ્‌ગલ જ કહ્યાં છે. આત્મા એને કહ્યો નથી.

'**માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.**' સાચા દૃષ્ટિના વિષયનો એ સિદ્ધાંત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણસ્થાન ભેદ આદિ જીવ નથી.

'**અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**निर्वतर्यते येन यदत्र किञ्चित्**
**तदेवतत्स्यान्न कथञ्चनान्यत्।**
**रुक्मेण निर्वृत्तमिहासिकोशं।**
**पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।३८।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટાંત આપીને વાત સિદ્ધ કરે છે. આત્મા તો અભેદ ચૈતન્ય સ્વરૂપ છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એમાં જેટલા પ્રકૃતિના કારણે ભેદ પડ્યા એ પ્રકૃતિ જે વસ્તુથી જે ભાવ બને... એમ છે. '**જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે...**' જે પદાર્થથી જે ભાવ બને તે પદાર્થ સ્વરૂપ જ તે વસ્તુ છે. '**કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...**' કહો, સમજાણું કાંઈ? ભાષા આ છે, જુઓ! '**कथञ्चन अन्यत्**' એમ છે ને? એમ જીવમાં ચૌદ ભેદ પડ્યા કે ગુણસ્થાનભેદ પડ્યા એ બધાય જીવ નથી. અજીવથી બનેલા માટે અજીવ જ છે. કોઈ રીતે જીવ નથી. અહીં તો ભાષા એમ લીધી, જોયું! વ્યવહારથી જરી કીધા હતા. સમજાણું કાંઈ? એ વ્યવહારથી કહેવામાત્રથી એમ. એટલે કોઈ રીતે યથાર્થપણે નથી, એમ. એકલો આત્મા અખંડ આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદ. એને આત્મા જાણવો. એ સિવાય બધા ભેદો, ગુણસ્થાન આદિ બધા ભેદો કે .. શું કહ્યું? જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન એ બધા એ વસ્તુથી નિપજેલાં, ખરેખર તો અજીવથી નિપજેલાં (છે). અજીવથી નિપજેલાં તે અજીવ છે, પુદ્ગલથી નિપજેલાં તે પુદ્ગલ છે.

'**કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...**' વસ્તુની યથાર્થ દૃષ્ટિએ કોઈ રીતે તે જીવ છે નહિ. અન્ય વસ્તુ નથી એટલે કે જીવ છે નહિ. સમજાણું કાંઈ? કોઈ રીતે નથી એમ કહ્યું આમાં. નિશ્ચયથી જુઓ તો એ વસ્તુ ચૈતન્યમૂર્તિ એના આ બધા પ્રકારો, ભેદો એ ભાવ, એ જડથી બનેલા ભાવ તે જડરૂપ છે. જે ભાવથી બન્યા તે વસ્તુ તે ભાવરૂપ છે. સમજાણું કાંઈ? '**કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...**' આત્મા નથી. કોઈ પ્રકારે આત્મા નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આત્મા અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ, એને કોઈપણ રીતે આ વસ્તુ આની છે એમ કહેવાતી નથી. ઓહોહો..!

અખંડ જ્ઞાયક સ્વભાવ આત્મા, એને અહીંયાં જીવ અને આત્મા કહીએ. આ બધા ભેદો તે અજીવ છે તેને કોઈ રીતે જીવ કહી શકાય નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ કે વ્યવહારે તે કહ્યું છે અને એ સાધારણ કથનમાત્ર જાણવા માટે છે. વસ્તુ રીતે જોતાં વસ્તુમાં કોઈ રીતે આ ભેદ એમાં છે નહિ. એટલે કે વસ્તુના કોઈ રીતે, અન્ય રીતે એટલે આત્માના કહેવાતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જેમ જગતમાં...**' દૃષ્ટાંત કેવો છે જુઓ! ઉપર દેખાય એવો. '**સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે,...**' સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે. '**કોઈ રીતે (તેને) તરવાર દેખતા નથી.**' શું કીધું? સોનાથી બનેલું મ્યાન એને લોકો સોનું દેખે છે. તલવાર દેખતા નથી. એમ પુદ્ગલથી, અજીવથી બનેલા આ બધા બોલો તેને લોકો અજીવ દેખે છે. અજીવ દેખે છે. તલવાર દેખતા નથી એટલે કે જીવ દેખતા નથી. એમ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એના જેવો આકાર તો ખરો ને.

ઉત્તર :- કોનો આકાર છે ત્યાં? આકાર-ફાકાર એ પોતાનો છે સ્વતંત્ર. સોનાનો આકાર છે. કહો, સમજાણું? આહાહા..! દૃષ્ટાંત કેવો ઉપરનો આપ્યો ને. ઉપર ઓલી અંદર તલવાર ભિન્ન આ જુદી ચીજ રહી ગઈ. એનામાં વર્ણ, ગંધ, રસ, શરીર, સ્પર્શ, ગુણસ્થાન ભેદો બધા ઉપર રહી ગયા, ઉપર. અંદરમાં રહી તરવાર એ તો ભિન્ન છે.

એમ ચૈતન્યસ્વરૂપ આવા ભેદભાવથી તદ્દન ભિન્ન છે. લોકો ભેદભાવને ભેદભાવ એટલે અજીવભાવથી થયેલાને અજીવ દેખે છે એમ કહે છે અહીં તો. દેખનારની દૃષ્ટિમાં ફેર છે એથી એને જીવ દેખે છે. ખરેખર સોનાથી બનેલા મ્યાનને સોનું દેખે છે. એમ અજીવથી બનેલા આ બધા ભાવને ધર્મી એને અજીવ દેખે છે. કોઈ રીતે તેને જીવ દેખતા નથી. કોઈ રીતે તેને તરવાર દેખતા નથી. સમજાણું કાંઈ? દાખલા એવા આપ્યા છે ને.

મુમુક્ષુ :- દેખાય છે ...

ઉત્તર :- એ જ કહે છે. સોનું છે, તરવાર નથી. એ જ કહે છે અહીં. જે બાહ્ય દૃષ્ટિથી આ ભેદો આદિ દેખાય, શરીર, વાણી, મન, રાગ, ભેદ આદિ અજીવ છે. જીવ નથી. સમજાણું કાંઈ?

આ જીવ-અજીવનો અધિકાર ચાલે છે. એટલે એ બધા ભેદો અજીવસ્વરૂપ છે એને કોઈ રીતે જીવસ્વરૂપ હોઈ શકતા નથી. ઓહોહો..! અહીં તો હજી શરીર ને વાણી ને મનને ને મારા એને લઈને સચેતથી ક્રિયા થાય છે. શું કહેવાય? સચેત શરીરથી ધાર્મિક ક્રિયા થાય. ઓહોહો..! સમજાણું કાંઈ? આ પ્રશ્ન પંડિતો વચ્ચે ઉઠે. અહીં કહે છે, જેટલા ૨૯ બોલ કહ્યા, માર્ગણા, ગુણસ્થાન, જીવસ્થાન, સંયમલબ્ધિસ્થાન, રાગ ને દ્વેષ, શુભરાગ પરિણામ. એ શુભરાગ જેમ સોનાને સોનું મ્યાનને દેખે, તરવાર દેખતા નથી. એમ ધર્મી રાગને અજીવ દેખે છે, તેને કોઈ રીતે જીવ દેખતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં છે કે નહિ એમાં? એય..! વજુભાઈ! બેયમાં છે ને? '**पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।**' તરવાર. તરવાર દેખતા નથી. આહાહા..!

વસ્તુ ચૈતન્ય જ્ઞાયકજ્યોત ભગવાનને આ અજીવભાવથી એને દેખતા નથી. રાગાદિ બધા અજીવભાવ છે. પુણ્યાદિ ભાવ બધા અજીવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અજીવ છે. અજીવને અજીવ તરીકે જોવે છે. સોનાના મ્યાનને સોના તરીકે જોવે છે. પણ મ્યાનને તલવાર તરીકે જોતા નથી. ..લાલભાઈ! સમજાણું કાંઈ? દાખલો પણ સોનાનો ઉપરનો આપ્યો. ઓલી રહી ગઈ અંદર ભિન્ન. કહો, સમજાણું આમાં? રાગાદિ, વિકલ્પાદિ, સંયોગો આદિ એ બધાને સોના તરીકે જેમ દેખે છે ઉપરના, એમ આ બધાને અજીવ તરીકે દેખે છે. અજીવથી બનેલાને અજીવ તરીકે દેખવું એ યથાર્થ દૃષ્ટિ છે. એને કોઈ રીતે જીવપણે દેખવું એ વસ્તુની યથાર્થદૃષ્ટિ નથી, એમ કહે છે. આહા..! સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે આમાં?

'**ભાવાર્થ :- વર્ણાદિક પુદ્‌ગલથી બને છે તેથી પુદ્‌ગલ જ છે, જીવ નથી.**'

'**વળી બીજો કળશ કહે છે :-**' પહેલાં સાધારણ વાત કરી. નહિતર કોઈ એવી રીતે લઈ જાય કે બધું વિશેષ કહે છે.

**वर्णादिसामग्र्यमिदं विदन्तु**
**निर्माणमेकस्य हि पुद्गलस्य।**
**ततोऽस्त्विदं पुद्गल एव नात्मा**
**यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।**

'**અહો જ્ઞાની જનો!**' સંબોધન કહે છે. અહો ધર્મી જનો! '**આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...**' જે ૨૯ બોલ છે તે... જરી ધીમેથી સમજવા જેવી વાત છે. જુઓ! '**અહો જ્ઞાની જનો!**' જુઓ! અહીં એકલા પુદ્‌ગલના કહેશે. હે ધર્મી જીવો! જે રંગ, ગંધ, રસ, સ્પર્શ, રાગાદિ ગુણસ્થાનભેદ આદિ '**તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો;...**' હવે જુઓ! એક પુદ્‌ગલની અને આત્માની કાંઈ નથી. એક કોર એમ કહે કે આત્મા એકલો રાગાદિથી બંધાયેલો એકલો છે. એક કોર એમ કહે કે આ રાગાદિ બધા એકલા પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલની રચના છે એમ જાણો. એક કોર એમ કહે કે હળદર અને ખારો ભેગા થઈને લાલપ થાય છે. એમ જીવ અને પુદ્‌ગલ બે થઈને વિકાર થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પુદ્‌ગલની રચના. પાઠ છે ને. '**निर्माणमेकस्य हि पुद्गलस्य।**' '**हि**' એમ પાછું. '**निर्माणमेकस्य हि पुद्गलस्य।**' શબ્દ-પાઠ છે. અહીંયાં એકલો દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય ભિન્ન બતાવવા એ બધા ગુણસ્થાનભેદ, જીવસ્થાન, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એકલી પુદ્‌ગલની રચના જાણો. એ પુદ્‌ગલનું ઉત્પન્ન પુદ્‌ગલને લઈને થયેલું એ પુદ્‌ગલને લઈને થયેલું પુદ્‌ગલ જ છે. રચના જાણો જરી બનાવ્યું છે ને? પુદ્‌ગલની જ રચના. તે પણ '**એક પુદ્‌ગલની રચના જાણો;...**' કહો, હવે એ લોકો કહે છે કે વિકાર એકલા પુદ્‌ગલનો જ છે, જીવનો નથી એમ આમાં આવે છે કે નહિ? એય..! અહીંયાં તો એકલો ચૈતન્ય સ્વભાવ જે જ્ઞાયક ત્રિકાળ એકરૂપ એની અપેક્ષાએ જીવ સ્વરૂપમાં એ નથી. એથી એના બધા ભંગ ભેદો એકલા પુદ્‌ગલોથી રચાયેલા જાણવા લાયક છે જ્ઞેય તરીકે. આદરવા લાયક (એકલો ચૈતન્ય સ્વભાવ) આ છે એ અપેક્ષાએ કહેવામાં આવ્યું. પંડિતજી! કેવું લખાણ. ૧૨૬માં.. એકલો કર્તા કર્મ બંધ અને પોતાથી બંધાય છે. ૪૭ નયમાં આવ્યું ને. નિશ્ચયનય.. એકલો જીવ બંધ અને મોક્ષમાં... એકલો પરમાણુ જેમ .. યોગ્યતાથી બંધાઈને છૂટે છે. એકલો આત્મા બંધરૂપ છે. રાગના, વિકારના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધરૂપ એકલો છે.

પંચાસ્તિકાયમાં એમ કહ્યું કે, વિકાર એકલો નિમિત્તની અપેક્ષા વિના નિરપેક્ષ આત્માના એકલા વિકાર છે. નિમિત્ત અથવા હેતુ વિના એકલો આત્મા વિકારપણે નિરહેતુક નિરપેક્ષ પરની અપેક્ષા વિના એકલો સંસારની પર્યાયે પરિણમેલો છે. અહીં કહે છે કે '**એક પુદ્‌ગલની રચના જાણો;...**' ત્યાં તો પરદ્રવ્યથી જુદો પાડવાની અપેક્ષાએ વાત કરી. પરદ્રવ્યથી જુદો આત્મા, એની દરેક અવસ્થા; દ્રવ્ય-ગુણ તો નિરપેક્ષપણે પડ્યા જ છે, પરની અપેક્ષા વિના પણ એની વિકારી અવસ્થા પણ પરની અપેક્ષા વિના તેના સ્વકાળે પોતાના કારણે ષટ્‌કર્મથી, ષટ્‌કારકથી બને છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાનથી પોતાથી જ રાગ, દ્વેષ, વિકાર આદિ બને. એમાં પરની નિશ્ચયથી અપેક્ષા નથી. આવે છે ને?

જયસેનાચાર્યમાં એવું આવે કે હળદર ને ખારો બે ભેગા થવાથી લાલ રંગ થાય. હળદર હોય છે ને હળદર? હલ્દી અને ચુનો. એ બે મળીને લાલ રંગ બને છે ને? એમ પતિ-પત્ની મળીને પુત્ર હોય છે. એકલાનો નહિ. એમ રાગ-દ્વેષ પુદ્‌ગલ અને જીવ બંને મળીને થાય છે. એકલાનો નહિ. એ સ્થાને એ લખ્યું, આ સ્થાને આત્માના લખ્યા. આ સ્થાને એકલા પુદ્‌ગલના લખ્યા.

સમજવું એ કે અહીંયાં.. જ્યાં લખ્યા કે વિકાર આદિ પરિણામ સ્વના પરની અપેક્ષા વિના નિરપેક્ષ પોતાથી થાય, (ત્યાં) એની સ્વતંત્ર પર્યાય સિદ્ધ કરી છે. એટલી વાત. સમજાય છે? અને જ્યાં બેના લખ્યા ત્યાં નિશ્ચયથી વિકાર પોતાથી છે. પણ નિમિત્ત કર્મ છે એનું જ્ઞાન બેનું (કરાવવા) પ્રમાણજ્ઞાનથી વાત કરી છે. અહીં એકલા સ્વભાવની દૃષ્ટિ માટે જીવદ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ એ બધા... સ્વભાવની રચના ભેદ હોય? સ્વભાવરૂપમાં ભેદ રચે? રાગની રચના સ્વભાવથી હોય? એકલો જીવ સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ બતાવવા અને એ રીતે છે પાછું. બતાવવા વળી કેમ કહેવું? કહો, સમજાણું કાંઈ?

સ્વઆશ્રય નિશ્ચયના બે પ્રકાર છે. સ્વઆશ્રય નિશ્ચયના બે પ્રકાર. સવારમાં આવ્યા હતા થોડાં. રાગ-દ્વેષ, પર્યાય બધું સ્વઆશ્રિત છે. તે નિશ્ચય પોતે પોતાનું છે એ. પણ એક સ્વઆશ્રય સ્વભાવને આશ્રિત લ્યો તો સ્વભાવમાં એ છે નહિ. અભેદની અપેક્ષાએ તો રાગ અને પર્યાય આદિ ભેદ બધા પરમાં ગયા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**निर्माणमेकस्य हि पुद्गलस्य।**' અહીં તો વસ્તુ અંતર જોતાં એકલો ચૈતન્ય સ્વભાવ પૂર્ણ શુદ્ધ જોતાં એ બધી રચના ભેદની અંતરદૃષ્ટિના વિષયમાં આવતી નથી. અંતરદૃષ્ટિના વિષયમાં એ આવતી નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય પૂર્ણ ઈદમ્ એની અંતર દૃષ્ટિ જોતાં એ બધા ભેદો અંતરના આશ્રય લાયક થયા નહિ અને અંતરમાં આવતા નથી. તેથી આ અંતર સ્વભાવનો આશ્રય કરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોતાં જીવને એ બધી રચના આ જીવની નહિ. સમજાય છે કાંઈ? કેટલા પડખા પડે! માણસ મૂંઝાઈ જાય. મૂંઝવણ ટાળવા માટે પડખા છે, એને ઠેકાણે મૂંઝવણમાં નાખી દે.

વસ્તુ ચૈતન્ય જ્યોત પરમાત્મસ્વરૂપ જ પોતે છે. એની પર્યાયમાં વિકાર છે એ એનો છે, એના હયાતીમાં છે, એના અસ્તિત્વમાં છે. સંસાર એની હયાતીમાં છે, એની દશામાં છે. એ સિદ્ધ કર્યા પછી હવે સંસાર ટાળવો છે કે નહિ? સંસાર એની હયાતીમાં છે, રાગ-દ્વેષ એની હયાતીમાં છે, પુણ્ય-પાપ એની દશામાં છે. એ સિદ્ધ કર્યું. પણ હવે સિદ્ધ કરીને પ્રયોજન સિદ્ધ શી રીતે થાય? સમજાણું કાંઈ? એ તો સિદ્ધ કર્યું કે રાગ તારો, પુણ્ય તારો, તારાથી થાય, નિમિત્તની અપેક્ષા નહિ નિશ્ચયથી. હવે એટલું જ જાણવાનું રહ્યું છે એને? કાંઈ પ્રયોજન સિદ્ધ કરવું છે કે નહિ? પ્રયોજન સિદ્ધ તો ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય લે ત્યારે એનું પ્રયોજન-સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનું પ્રયોજન સિદ્ધ થાય. એ સિદ્ધ થવા માટે અંતરમાં સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવા એ બધી રચના ઉપર ન જો. એ બધી પુદ્‌ગલની રચના છે, જડની રચના છે, અજીવ રચના તે અજીવ છે. અજીવની રચના તે અજીવ છે. જીવ સ્વભાવ તો એનાથી ભિન્ન છે. કહો, સમજાય છે આમાં?

મુમુક્ષુ :- એક ખીલે બાંધો ને.

ઉત્તર :- એક ખીલે જ બંધાય છે આ. એય..! ઓલા કહે, એક ખીલે બાંધો. પણ એક ખીલે જ બંધાય છે આ.

આત્મા એને સિદ્ધ કર્યો પહેલો કે આ આત્મા છે. એ ગુણવાળો છે, પર્યાયવાળો છે. લ્યો! રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના મિથ્યા પરિણામ આદિવાળો છે, સંસારી છે, વિકારી છે, દોષી છે, અપરાધી છે. એ સિદ્ધ કર્યું. કહો, હવે પછી એને કરવું છે શું? એને અપરાધ ટાળવો છે કે અપરાધ રાખવો છે? તો અપરાધ ટાળવો હોય એને કેવા જીવનો આશ્રય લે તો અપરાધ ટળે? સમજાણું કાંઈ? એકલો ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ જ્ઞાયક, એનો આશ્રય લેતાં મિથ્યાત્વ ટળે, સમ્યક્ થાય અને શાંતિ મળે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિને અંતરમાં લાવવા સ્વભાવ ઉપરનું અસ્તિત્વ સ્વીકારવા, કહે છે કે જીવના એ ભેદો રાગાદિ છે નહિ. આના નથી એટલે અજીવના છે એમ કરીને જ્ઞાતામાં જ્ઞેય કરી નાખ્યું. સમજાણું કાંઈ? પરજ્ઞેય તરીકે કહ્યું. વ્યવહાર પણ પરજ્ઞેય છે ને ખરેખર. સમજાણું આમાં?

આમાં વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી, જો સમજે નહિ તો. સમજે નહિ તો હોં! કહે છે કે ભાઈ! તું ચૈતન્ય છો એકરૂપ સ્વભાવ છે. એની તારે સિદ્ધિ કરવી છે કે નહિ? અપરાધ છે, ગુનો છે, તારાથી થયો, તારી થયો લાખ વાર કે અનંત વાર. અને તારામાં છે. અને તે અમે વ્યવહારથી કહ્યું તો નિમિત્ત પણ બીજી ચીજ છે. બે છે. હવે શું કરવું તારે? કહે. તારે નિમિત્ત અને અપરાધનું લક્ષ છોડવું છે? કારણ કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું લક્ષ રાખ્યે તો અપરાધ થયા જ કરશે. ત્યારે હવે એને લક્ષમાં લેવું છે કે લક્ષમાં એનો કોઈ નાશ થાય એવી ચીજને લેવી છે? કહે છે કે જે લક્ષમાં તને લેવું હોય તો શુદ્ધ અભેદ ચૈતન્ય દ્રવ્ય, એનાથી આ ભેદો રાગના, પુણ્યના બનેલા નથી. પછી તારે લક્ષ તો અહીં કરવાનું છે, અહીં તો કરવાનું નથી. સમજાણું કાંઈ? બહુ પ્રશ્નો કરે છે ચર્ચાવાળા પંડિતો તો. આમ છે ને તેમ છે. પણ ભાઈ! તારે વાતું કરવી છે કે કોઈ પ્રયોજન સિદ્ધ કરવું છે?

સંસાર દુઃખરૂપ છે. સંસાર દુઃખરૂપ છે. એ તારી દશામાં છે. દુઃખરૂપ પરવસ્તુ નથી, દુઃખરૂપ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? દુઃખરૂપ તારી દશામાં સંસાર છે એ દુઃખરૂપ છે. એ દુઃખ તારી દશામાં છે. તેં કરેલું છે, તારો રચેલો છે, તારો એ ભાવ છે. કહે હવે શું કરવું છે તારે? સમજાણું કાંઈ? હવે એ દુઃખને ટાળવું છે કે નહિ? કે રાખવું છે? તો દુઃખને ટાળવા માટે દુઃખની દશા આત્માથી જો બનેલી માન તો એનું લક્ષ ત્યાંથી ખસશે નહિ. સમજાણું કાંઈ? દુઃખની દશા આત્માથી બનેલી માને તો આત્મા ઉપર લક્ષ કરવું તો એ પણ આત્મા થયો તો એટલે એના ઉપરનું લક્ષ છૂટશે નહિ. એ દુઃખની દશા ખરેખર અજીવની રચેલી છે એટલે જીવના સ્વભાવથી આવેલી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વઆશ્રિત ક્યો? મૂળ સ્વઆશ્રિત રાખવું છે. સ્વઆશ્રિતના બે પ્રકાર કહ્યા નહિ? સ્વઆશ્રિત એટલે પરનો આશ્રય નહિ. એકલો દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના રહ્યા. એ તો સિદ્ધ કર્યું. હવે સ્વઆશ્રય કરવો છે, સ્વઆશ્રય કરવો છે એટલે પરથી લક્ષ છોડ્યું તો પર્યાય ઉપર લક્ષ ગયું ત્યારે સ્વઆશ્રય થાય? અહીંથી લક્ષ છૂટે તો અહીં લક્ષ જાય. ત્યારે આમ લક્ષ જતાં એના દ્રવ્ય સ્વભાવમાંથી આ બનેલી વસ્તુ હોય તો ભેગી ત્યાં દ્રવ્ય સ્વભાવમાં આવવી જોઈએ. સમજાણું કાંઈ? અરે..રે..! વાત છે તો સીધી સટ. પણ એવી એણે અટપટી મનાવી લીધી છે ને કે શાસ્ત્રના શબ્દમાં ગૂંચાઈ ગયો. આમાં આ કહ્યું અને આમાં આ કહ્યું. કહ્યું પણ એનો હેતુ શું?

અહીં તો આચાર્ય (આમ કહે છે). એ જ અમૃતચંદ્રાચાર્યની ટીકા પંચાસ્તિકાયની. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, કામ-ક્રોધ, વિકાર તારાથી તું કરે છે, કહે. પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે કરે છે. એ અમૃતચંદ્રાચાર્યની ટીકા. એ અમૃતચંદ્રાચાર્ય અહીં કહે છે કે એ પુદ્ગલની રચના છે. તારી નહિ. લે. હવે વિરોધ છે બેમાં? સમજાણું કાંઈ? બેય અમૃતચંદ્રાચાર્યની ટીકા અને આ કળશ અહીં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળનારા ગમે તેવા હોય, એની સાથે શું કામ છે અહીં? વસ્તુ સ્થિતિને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સિદ્ધ કરવી છે અંતરમાં એને વળી બહારનું શું કામ છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ સાંભળનારા નહિ, એમ કહે છે.

ઉત્તર :- એ એમ કહે છે ઓલી વખતે પાછા આમ, આ વખતે આમ. એ વખતે આમ કહે, આ વખતે આમ કહે. એમ કહે છે. ના, એમ છે જ નહિ. વસ્તુની જે સ્થિતિ છે તે રીતે જાણવામાં અને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... જેમ સોનાની તલવાર, સોનાના મ્યાનમાં તલવાર જુદી, કોઈ રીતે તલવારને સોનાની ન કહી શકાય. મ્યાન સોનાનું કહેવાય. સમજાણું? સોનાની તલવાર કહેવાય છે એ ઉપચારથી વાત છે. એ વાસ્તવિક છે નહિ. એમ આ ભેદો બધા રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્યના જીવના એ તો ઉપચારથી કથન છે. વાસ્તવિક એના નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. વાસ્તવિક જો હોય તો જુદા પડે નહિ, ટળે નહિ અને મુક્તિ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ? દાખલો આપ્યો. આમ ઉપર રાખ્યું. ઉપર તરતા કીધું ને પહેલું?

ભાઈ! ચૈતન્યસૂર્ય, એ જ્ઞાયકસૂર્ય પ્રભુ ઉપર બધા રાગ-દ્વેષ, દયા-દાન, વ્યવહાર વિકલ્પ જેટલો વ્યવહાર રત્નત્રય કહેવાય ને, એ પણ બધા ઉપર તરે છે. એ બધા અજીવથી બનેલા છે, એમ કહે છે અહીં તો. સમજાણું આમાં? એય..! છોટાભાઈ! અહીં ત્રણ વાતું નીકળી છે. પ્રવચનસારમાં કહે કે એકલો આત્મા બંધને પામે છે. ૪૭ નયમાં કહે કે એકલો પોતે બંધને પામે છે. પંચાસ્તિકાયમાં કહે, એકલો આત્મા વિકારપણાને પામે છે. પ્રવચનસારમાં ૧૮૯ ગાથામાં કહે, નિશ્ચયથી શુદ્ધનયથી આત્મા વિકારનો કર્તા છે અને વિકારપણે છે. અહીં શુદ્ધ નિશ્ચયથી કહે છે કે આત્માના સ્વભાવની અપેક્ષાએ જોઈએ તો એ રચના સ્વભાવની છે નહિ. સ્વભાવ શુદ્ધ આનંદ છે એની રચનામાં આનંદ આવવો જોઈએ. સ્વભાવ આનંદ છે તો તેની રચનામાં આનંદ આવે. આ ભેદ રચના એ આત્માના આનંદની નથી. એટલે અજીવની રચના છે. જીવની છે નહિ. અરેરે..! સમજાણું કાંઈ? આહાહા..! પછી તકરાર લાવે. આ કહે ત્યારે ઓલી લાવે અને ઈ આવે ત્યારે આ લાવે.

ભાઈ! શાંત થા.. શાંતિ રાખ. ભાઈ! તારે હિત કરવું છે કે નહિ? હવે હિત તો ક્યારે થાય? કે પહેલો સ્વતંત્ર અપરાધ તું કર છો એમ નક્કી કર અને અપરાધ બીજો કરાવતો હોય તો તે કરાવ્યા કરશે એટલે અપરાધ ટાળવાનો રહે નહિ. તો અપરાધીને ઉપદેશ દેવાની જરૂર ન રહે. ખરું કે નહિ? અહીં દાખલો આપ્યો છે. .. આપણે તો.. કર્મ . કર્મનો ઉપદેશ દેવો જોઈએ. અહીં ફૂલચંદજીએ દાખલો આપ્યો છે. સ્ત્રીને વશ પડેલો વિષયાસક્ત. તો એ સ્ત્રીને કહેવું કે હવે નીકળી જા, એને પરાધીન કર. કે આને કહેવું કે તું એને આધીન થા છે તે છોડી દે. વિષયનો અર્થી, વિષયનો અર્થી લોલુપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ સ્ત્રીને વશ થયો. હવે સ્ત્રીને ઉપદેશ દેવો કે એને તું છોડી દે હવે. કે આને દેવો કે તું છોડ એનું લોલુપીપણું? ઠીક છે? કારણ કે અપરાધ કરનારો છે એ ગુનેગાર છે. અપરાધનું નિમિત્ત થાય છે એ કાંઈ ગુનેગાર નથી. એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ?

વસ્તુને આશ્રયે અધ્યવસાય ભલે થાય પણ વસ્તુ બંધનું કારણ નથી. પરવસ્તુ કાંઈ બંધનું કારણ નથી. બંધનું કારણ તો તારો અધ્યવસાય છે. ત્યાં એમ કીધું, લ્યો! .. થોડું આવ્યું. છે ને? બંધનું કારણ તો એ છે. તારો ભાવ તે બંધનું કારણ છે. રાગમાં એકત્વતા, ઉપયોગમાં એનું એકત્વ કરવું એવું એ બંધનું કારણ છે. મિથ્યાભ્રમ. એ ભ્રમ તેં કરેલો છે, કોઈએ કર્યો નથી.

અહીં તો કહે છે કે એ મિથ્યાત્વ આદિ બધા.. ગુણસ્થાન આવ્યા કે નહિ? એ મિથ્યાત્વ આદિની રચના અજીવની છે, તારી નહિ. લે. એય..! આહાહા..! ભાઈ! એ બધા ભેદોની રચના ઉપર તારે લક્ષ કરવું છે? એ તો લક્ષ તો અનાદિનું છે. પર્યાયબુદ્ધિ તો છે. હવે એમાં છે એનું તારે બીજી રીતે કરવું છે કે એનું એ રાખવું છે?

કહે છે, હે જ્ઞાની જનો! સંબોધન છે ને. '**विदन्तु**' છે ને? '**विदन्तु**' છે. એનો જ અર્થ છે ને? જાણો. ત્યારે કો'કને ઉદ્દેશીને કહે છે ને? '**विदन्तु**' આમ જાણો. સમજાય છે? હે ધર્મી જીવો! આહાહા..! જુઓ! હે જ્ઞાની જનો! તમે આત્માના જ્ઞાયકભાવમાં આ ભેદને ન જાણો. સમજાણું? એ બધા ભેદને તમે પુદ્ગલની રચના જાણો. એટલે કે આ સ્વભાવ તરફનો આશ્રય કરતાં તને જે આનંદ અને જ્ઞાન શાંતિ થશે એમાં પછી આ ભેદ છે એ વસ્તુ એક એનું તને જ્ઞાન રહેશે. જ્ઞાન રહેશે. એ અજીવનું જ્ઞાન રહેશે. જીવના સ્વભાવનું જ્ઞાન આ બાજુ થયું ત્યારે એટલા ભેદનું અજીવનું જ્ઞાન છે. પાછી એ જીવની પર્યાય નહિ, અજીવની છે. એમ. સમજાણું કાંઈ?

'**માટે આ ભાવો પુદ્ગલ જ હો,...**' એમ કહ્યું ને? '**निर्माणमेकस्य हि पुद्गलस्य। ततो**' એમ છે ને? તે માટે. '**ऽस्त्विदं पुद्गल एव नात्मा**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા, એ કોઈ રીતે આ રાગાદિપણે છે નહિ, વિકારપણે છે નહિ, ભેદપણે છે નહિ, ગુણસ્થાનપણે છે નહિ, અજીવપણે છે નહિ. એનો અર્થ કે તે પરપણે થયો નથી. હે જ્ઞાની જનો! આહાહા..! આ તો કામ તો ટૂંકા છે ને. વર્ણાદિ ગુણસ્થાન પર્યંત ભાવ, ચૌદમા ગુણસ્થાનની રચના એ પુદ્ગલની જાણ. એય..! દેવાનુપ્રિયા! લ્યો, એ વળી ચૌદમું આવ્યું એનું. ગુણસ્થાન પર્યંત ભાવો, એ તેરમું ગુણસ્થાન એ પુદ્ગલની રચના જાણો. ચૌદમું પુદ્ગલની રચના જાણો. આહાહા..! કેમકે ભેદ ઉપર લક્ષ જતાં તો રાગ થાય છે. એ જીવનો સ્વભાવ એવો નથી. જીવ ચૈતન્યપ્રભુ અંતર સ્વભાવ જોતાં એ તો ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ જ છે. એમ એનું ભાન કરવામાં આ ભેદો કાંઈ કામ કરતા નથી. આ કામ કરે એમાં આ કામ કરતા નથી માટે આ (ચૈતન્યની) જાતના એ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે પુદ્ગલની રચના છે એમ જાણો. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં?

**‘માટે...’** **‘ततो’** **‘वर्णादि’** સામગ્રી કીધી. **‘सामग्र्यमिदं’** બધું. સમૂહ થઈ ગયો ને એટલે સામગ્ર કીધું. **‘એક પુદ્ગલની રચના જાણો;...’** ભારે ભાઈ! અહીં તો જીવ અને અજીવ, આમ બે ભેદ પાડી દીધા. કર્મ, શરીર આદિ તો જુદા આત્માથી પણ રાગ અને દ્વેષ પણ આત્માના સ્વભાવમાં નથી. એ અપેક્ષાએ એકલો ભગવાન... રાગ છે ખરો પર્યાયમાં, પણ એને જીવસ્વભાવથી ભિન્ન પાડવા જીવસ્વભાવમાં આવતું નથી અને જીવ સ્વભાવનું લક્ષ કરવામાં એનો આશ્રય હોતો નથી. એટલો જીવ સ્વભાવ દેખીને આને પુદ્ગલમાં નાખી દીધો. સમજાણું કાંઈ? એનું હોવાપણું જ અજીવનું હોવાપણું છે એમ અહીં સિદ્ધ કરે છે, લ્યો! ભગવાનનું હોવાપણું આ અજીવના હોવાપણામાં હોય નહિ. આહાહા..! સમજાણું આમાં?

હે ધર્માત્મા! એ બધા ભેદોને પુદ્ગલની રચના જાણ એટલે તારે લક્ષ કરવા જેવા નથી. તું નથી ત્યાં લક્ષ કરવા જેવું શું રહ્યું તને? એમ કહે છે. તું જ્યાં નથી ત્યાં તને લક્ષ કરવા શું રહ્યું? તું તેમાં નથી. તેમાં તો પુદ્ગલ છે. આહાહા..! આ વાત એવી છે કે અંતર્મુખ થવાને માટેની આ વાત છે. બહિર્મુખના ભાવોને પર ગણીને લક્ષ છોડાવી અંતર્મુખ કરાવવાની વાત છે. ત્યારે એને જીવનો પત્તો થાય. એમ છે. વાત એ માટે આ કહેવાય છે.

જ્યાં આખી સંપદા પૂર્ણાનંદનો નાથ અનંત સિદ્ધ પર્યાયનો પિંડ પોતે પડ્યો છે પ્રભુ! એને જીવ કહીએ. અભેદ સ્વરૂપને. આ લક્ષ કરવા લાયક છે. લક્ષ કરવા લાયક તે જીવ છે. લક્ષ કરવા લાયક નથી તે અજીવ છે. સમજાણું કાંઈ? આમાં એક પૂછે ત્યાં બીજું ભૂલાય અને બીજું પૂછે ત્યાં ત્રીજું. આમાં નક્કી શું કરવું? ફાવાભાઈ કહેતા કે સવારમાં નક્કી કરીએ કે રાગ આત્માનો છે. ત્યાં બપોરે આત્માનો રાગ નથી એમ આવે. પર્યાયની અપેક્ષાએ વિકાર સંસાર જીવનો છે, સ્વભાવની દૃષ્ટિ અપેક્ષાએ સંસાર પુદ્ગલનો છે, એમ બે અપેક્ષાએ કહેવામાં આવે છે. આહાહા..!

**‘આત્મા ન હો;...’** ભાષા જુઓ! અસ્તિ-નાસ્તિ કરી. એ બધા ગુણસ્થાન પર્યંત ભાવો. **‘एव नात्मा’** એમ છે ને પાઠમાં? અસ્તિ-નાસ્તિ આ અનેકાંત છે. લ્યો ઠીક. એ બધા ભાવો પુદ્ગલ છે, નહિ આત્મા. એનું નામ અનેકાંત. વ્યવહાર-નિશ્ચયથી કહે ત્યારે જુદું વ્યવહારથી છે અને નિશ્ચયથી નથી. પણ વ્યવહાર જ જ્યાં અભૂતાર્થ ગણીને જ્યાં પોતાનું સત્ય સ્વરૂપ નથી એથી એને અજીવમાં નાખીને તે આત્મા કોઈ રીતે નથી. **‘કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે,...’** જુઓ, આવ્યું હવે. છે ને પાઠમાં, જુઓ! **‘यतः’** તે કારણે. એમ. કારણ કે **‘स विज्ञानघनस्तोऽन्यः’** સમજાણું? આત્મા તો વિજ્ઞાન જ્ઞાનનો ઘન છે. જ્ઞાનનો પૂંજ છે. શિયાળાનું ઘી જેમ ઠંડુ અંદર હોય એમાં કોઈ આંગળીનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રવેશ તો નહિ પણ તવેથાનો પ્રવેશ નહિ. તવેથો નહિ આ લોઢાનો? લોઢાનો હોય ને? કુરપા. કુરપા પણ પ્રવેશ કરી શકે નહિ એવું કઠણ. શિયાળામાં. શિયાળો હોય ને ઝાડે કે દિનમેં. ઘી એવું હોય છે ને. પહેલા હતું. અત્યારે હોય કે નહિ. .. કરતા હશે.

અહીં તો કહે છે, આત્મા વિજ્ઞાનઘન છે કે જેમાં ભેદનો પ્રવેશ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ભેદ છે ખરા. અંતરમાં પ્રવેશ નથી. આત્મા તો વિજ્ઞાનઘન છે. એ જ્ઞાનનો પૂંજ છે. આહાહા..! એ વિજ્ઞાનઘનની વ્યાખ્યા કરી, હોં! '**તેથી આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.**' લ્યો! એ ભેદભાવથી તે અન્ય-અનેરો છે. બેય એક છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ.

ઉત્તર :- હા બેય 'જ' છે. ઓલામાં એ કીધું. '**निर्माणमेकस्य हि पुद्गलस्य।**' '**यतः स विज्ञानघनस्तोऽन्यः**' જુદું જ છે. '**एव नात्मा**' '**पुद्गल एव नात्मा**' બેયમાં '**एव**' લગાડ્યું. કહો, એક શ્લોકમાં તો ઘણું નાખ્યું. પહેલામાં ન્યાય આપી કે જે વસ્તુથી જે બને તે ભાવ તે વસ્તુ સ્વરૂપે છે. એમ પુદ્‌ગલથી બનેલા ભાવોને પુદ્‌ગલ કહેવામાં આવે છે. કોઈ રીતે તેને જીવ કહેવામાં આવતો નથી.

'**હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે :-**' લ્યો, હવે એને પાછું વ્યવહારમાત્ર (કહે) છે. અજીવ કીધો એને જીવના કહેવા એ વ્યવહારમાત્ર છે. ૬૭.

**पज्जत्तापज्जत्ता जे समुहुमा बादरा य जे चेव।**
**देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।**
**પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી,**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

'**ટીકા :- બાદર, સૂક્ષ્મ,...**' જીવ છે ને? બાદર છે, સૂક્ષ્મ છે, આખા લોકમાં ભરેલા સૂક્ષ્મ બાદર આદિ. '**એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય,...**' એકેન્દ્રિય-પૃથ્વી, પાણી આદિ. દ્વીન્દ્રિય-આ ઈયળ, ત્રણેન્દ્રિય- કીડી, મકોડા, '**ચતુરિન્દ્રિય,...**' માખી '**પંચેન્દ્રિય,...**' નારકી, મનુષ્ય, દેવ અને ઢોર. '**પર્યાપ્ત,...**' એટલે શક્તિ, પરમાણુને પૂર્ણ બાંધેલી અને '**અપર્યાપ્ત-એ દેહની સંજ્ઞાઓને...**' એ તો દેહના નામ છે. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બાદર, સૂક્ષ્મ તો કોના નામ છે? દેહના નામ છે. એને સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી, લ્યો. દેહના નામને જીવસંજ્ઞાએ કહી. એ જીવ નામ કીધું. સંજ્ઞા કહો. સમજાણું કાંઈ? એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત એ બધી દેહની સંજ્ઞા છે. જડની સંજ્ઞા છે. અહીં ભાષા જુઓ. તેને '**સૂત્રમાં...**' શાસ્ત્રમાં પાછું હોં! એમ કીધું ને? '**सुत्ते**'. '**જીવસંજ્ઞાપણે કહી છે, તે પરની પ્રસિદ્ધિને લીધે,...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરની પ્રસિદ્ધિને લીધે. હેતુ આપે છે. પરની પ્રસિદ્ધિને લીધે. કોની પેઠે? '**ઘીના ઘડાની જેમ વ્યવહાર છે-**' સમજાણું આમાં? દેહના નામને જીવનું નામ કહેવું એ વ્યવહાર છે. એમ કહે છે. નામ, હોં! સંજ્ઞા આપી. સંજ્ઞા આપી ને? '**देहस्स जीवसण्णा**' એમ કીધું ને? '**देहस्स जीवसण्णा**' દેહની સંજ્ઞાઓને સૂત્રમાં જીવ સંજ્ઞા (કહી છે). બેય લાગુ પાડ્યું ને એને? '**देहस्स जीवसण्णा**' દેહની સંજ્ઞાને જીવની સંજ્ઞા કીધી. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, પંચેન્દ્રિય એ દેહની સંજ્ઞા (છે), આત્મા છે નહિ. થઈ રહ્યું, ત્યારે આત્મા એક જુદો હશે એમ કહે કોઈ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય આત્મા તો કોઈ અદ્વૈત આખો અખંડ જુદો હશે. બધો થઈને. આ બધા જીવ નથી એમ કીધું. એટલે કે એક એક જીવમાં જે આવા નામ દેહના પડ્યા તે કાંઈ જીવસ્વરૂપ નથી. એમ કહે છે. એમ કહે કે આ પંચેન્દ્રિય અને એકેન્દ્રિય (નામ) તો કહ્યા શાસ્ત્રે. પણ પાછા ના પાડી. એમ કહે કે ઓલો આત્મા જુદો છે એ બતાવવા. પણ એ કયો? આ એક (ચૈતન્યસ્વરૂપ) એક આત્મા. સમજાણું કાંઈ?

'**કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે...**' ઠીક! ઘીના ઘડાની જેમ. કોરો ઘડો કોઈએ જોયો ન હોય એથી એને ઘીના ઘડાથી કહીને માટીનો ઘડો બતાવવો છે. એકલો કોરો ઘડો ન જોયો હોય તો એને કહે, જુઓ! આ ઘીનો ઘડો. તે ઘીનો નથી પણ માટીનો છે. બતાવવું છે તો માટીનો ઘડો, હોં! પાછું. ઘીને ઘડો બતાવીને બતાવવું છે આ. પરની પ્રસિદ્ધિ લીધી. જગતમાં અનાદિથી અજ્ઞાનીને પ્રસિદ્ધ એ છે. ઓલો કોરો ઘડો પ્રસિદ્ધ નથી. ઘીનો ઘડો, ઘીની તપેલી એને પ્રસિદ્ધ છે. એકલો કોરો ઘડો જોયો નથી. ઘીનો ઘડો... ઘીનો ઘડો... ઘીનો ઘડો... તો એ કહે કે જો ભાઈ, ઓલો ઘીનો ઘડો નહિ. ભાઈ! એ ઘડો લાવ. અંદર ભલે ઘી ન હોય પણ સંજ્ઞાથી પહેલા .. ને? ઘીનો ઘડો લાવ. માટીનો ઘડો લાવ એમ કહે તો ઓલા સમજે નહિ.

ઘી ભરેલું હોય અને ભલે ખાલી કરી નાખ્યું હોય, પણ પહેલાં ઘીથી ભરેલો જોયો હતો. ઓલો ઘીનો ઘડો લાવ. પણ એ ઘીનો ઘડો નથી. ખરેખર તો ઘીનો ઉપચાર કરીને ઘડાને ઘીનો કહ્યો. ખરેખર તો ઘીનો ઘડો માટીનો જ ઘડો છે. ઘીનો રચાયેલો છે? ઘીથી બન્યો છે? ઘીથી ઘડ્યો છે? ઘીથી બન્યો છે ઘડો? માટીથી બન્યો છે. જુઓ! આ સમજાણું? ઘીથી બન્યો નથી, માટીથી બન્યો છે. એમ આ બધા ભેદો જડથી બન્યા છે, આત્માથી બન્યા નથી. છતાં આત્માના કહેવા એ ઘીના ઘડાની પેઠે વ્યવહાર છે એમ કહે છે. આહાહા..! કેટલી વાત સિદ્ધ કરે છે! કેટલા પ્રકારથી. ૬૦થી .. કર્મ-નોકર્મના બધા છે ત્યાંથી માંડી છે.

'**જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો)...**' એટલે ઘીનો ઘડો જ એના ખ્યાલમાં છે. ખાલી ઘડો કોઈ દિ' જોયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આ દેવનો જીવ, માણસનો જીવ એ પ્રમાણે પ્રસિદ્ધ છે. પણ જીવ દેહ વિનાનો છે એમ તો કોઈ દિ' જાણ્યું નથી. આ ગાયનો જીવ. એમ કહેવાય ને? આ વનસ્પતિનો જીવ, આ ઢોરનો જીવ, આ દેવ, જુઓ, આ ભૂતનો જીવ. એ કાંઈ ભૂતનો નથી. જીવ તો જીવનો છે. એકલો જીવ દેહ વિનાનો કોઈ દિ' જાણ્યો નથી. એકલો કોરો ઘડો ઘી વિનાનો જોયો નથી એથી એને ઘીનો ઘડો કહે છે.

**'જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) હોય, તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય,...'** તે સિવાયના એટલે? તે સિવાયના એટલે ઘીના ખાલી ઘડાને તે જાણતો નથી. ઘીમાં રહેતો હતો તેથી તે ઘીના ઘડાને પ્રસિદ્ધપણે જાણે છે. પણ એકલા કોરા ઘડાને અંદર લાવ્યો એ જાણતો નથી. **'તેને સમજાવવા...'** જુઓ! ઘીના ઘડાથી પ્રસિદ્ધ છે અને એ સિવાય બીજા ઘડાને જાણતો નથી. બે વાત સિદ્ધ કરી. અને ત્રીજી વાત તેને સમજાવવા. સમજાણું કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘીના ઘડામાં રહ્યા. ૫૬૩ જીવના ભેદ આવે છે આમાં-શ્વેતાંબરમાં. અહીં તો કહે છે, અપ્રયોજન. કાંઈ માલ ન મળે એમાં. દેહથી જીવને ઓળખાવવો એમાં માલ કાંઈ ન મળે. પણ દેહસહિત જીવને ઓળખે છે અનાદિથી. રાગવાળો જીવ. ઓલો રાગ નથી કરતો? હા. એ જીવ. ક્રોધ નથી કરતો ક્રોધી? બહુ ક્રોધી નહિ? એ ક્રોધી. એમ નથી કહેતા? ઓલા ઘરના દસ માણસમાં ઓલો નથી ક્રોધી? બહુ પ્રકૃતિ ક્રોધી છે. એમ કહે કે નહિ? ઘરના માણસ કહે ને ઓલો વચલો છોકરો બહુ ક્રોધી છે ભાઈ. ક્રોધી નથી જીવ? હા. પણ ક્રોધ વિનાનો તેં આત્મા જોયો નથી એટલે ક્રોધી તેને ઓળખાવ્યો. પણ ક્રોધી જીવ છે નહિ. ક્રોધી જીવ એમ કહેતાં જીવ ક્રોધી નથી. એમ એમાં જણાવવા માટે વાત કરે છે, લ્યો! સમજાણું કાંઈ? નથી ઓલા દસ માણસમાં પ્રતાપી માણસ ફલાણો. માની જીવ નથી? માની જીવ. ઓલો કહે, હું માની છું. લાખ વાત હોય તો હું માન મૂકું નહિ. ઠીક ભાઈ! માની છું. ત્યારે એને બીજો પણ ઓળખાવે જુઓ, ઓલો માની છે. માની તે જીવ. એટલે માની તે જીવ એટલે કે માની તે જીવ નથી. જીવ તો માન વિનાનો તે જીવ છે. સમજાણું કાંઈ? ઘીનો ઘડો જાણીને. એક વાત.

બીજું. **'તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય,...'** બે વાત. ત્રીજી વાત **'તેને સમજાવવા...'** આવા જીવને સમજાવવા **''જે આ ઘીનો ઘડો'...'** જુઓ, એટલી બાંધી રાખી છે વાત. **''જે આ ઘીનો ઘડો'...'** એટલું બાંધી રાખ્યું. પછી **'છે...'** આમ નાખ્યું. **'છે તે માટીમય છે,...'** ઘીનો ઘડો છે તે માટીમય છે. ઓળખાવવો છે માટીનો ઘડો. ઘીના કારણથી ઓળખાવવો છે માટીનો ઘડો. ઘીનો ઘડો એમ ઓળખાવવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. એ તો એને પ્રસિદ્ધ છે ખ્યાલમાં એટલે (કહે છે), ઘીનો ઘડો માટીમય છે. સોનામય છે. એમ હોય ને? માટીનો દાખલો આપ્યો છે. મોટા ગૃહસ્થ તો સોનાના રાખે. ઘીના ઘડા. આમાં બધાનો દાખલો ક્યાંથી આપે? આ તો સાધારણનો દાખલો આપ્યો છે.

**'ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી...'** જુઓ! કરીને પાછું એમ કહેવું છે. ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી. એમ રાગી જીવ તે રાગમય નથી પણ જીવમય છે. રાગી જીવ કહીને તે રાગી જીવ નથી પણ તે જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ ઓળખાવવો છે એને. એ રાગસ્વરૂપે નથી. રાગી જીવ તે રાગી વિનાનો જીવ એણે જોયો નથી. દેહ વિનાનો જીવ, માણસ વિનાનો જીવ જુદો નથી જોયો. માણસનો જીવ તે માણસનો નથી, તે જીવ જીવનો છે. તે માણસપણે કોઈ દિ' છે નહિ. એમ ઓળખાવવા એ વાત કરે છે. સમજાણું કાંઈ? માણસ નથી ઓલો લોભી? લોભી હા. લોભી જીવ. ત્યારે ઓલાને ખ્યાલ આવે કે ઠીક. પણ એ લોભી એ જીવ નહિ. લોભમય જીવ છે જ નહિ. એમ બતાવવા લોભી જીવની સંજ્ઞા આપી છે. પણ ખરેખર એ જીવનું સ્વરૂપ છે નહિ.

**'ઘીમય નથી એમ (સમજાવનાર વડે)...'** ભાષા આ લીધી છે. ઓલું સમજાવવા હતું ને? એમ **'(સમજાવનાર વડે) ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે,...'** સમજાવનાર વડે ઘીના ઘડામાં ઘીના ઘડાનો. છે ને? ઘડામાં ઘડાનો. ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે. **'કારણ કે પેલા પુરુષને ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) છે;...'** જાણીતો ઈ છે તો શું કરે? ગાયનો જીવ, ભેંસનો જીવ, એકેન્દ્રિય જીવ, નિગોદનો જીવ, પર્યાપ્ત જીવ, અપર્યાપ્ત જીવ એવું બધું પ્રસિદ્ધ છે. એ દૃષ્ટાંત છે.

**'તેવી રીતે આ અજ્ઞાની લોકને...'** એ અજ્ઞાની લોકને **'અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે,...'** નિગોદથી માંડીને અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે. રાગ તે જીવ, દેહ તે જીવ, આ જીવ.. આ જીવ... માણસનો જીવ, દેવનો જીવ, એકેન્દ્રિયનો જીવ, નારકીનો જીવ, પશુનો જીવ, હાથીનો જીવ, એવું પ્રસિદ્ધ છે જગતને. આહાહા..! બહારથી ખબર છે, ઓલો અંદર છે એની તો ખબર નથી. ઓળખાવવો છે ઓલો અંદરનો. **'અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી,...'** એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન પરથી ભિન્ન છે એને જાણતો નથી. ઓલામાં આવ્યું હતું ને? માટી છે .. બીજા ઘડાને જાણતો નથી. એકલો જીવ શુદ્ધ છે ભિન્નને જાણતો નથી.

**'તેને સમજાવવા...'** આને સમજાવવા **'(શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા)...'** જુઓ! કરાવવું છે તો જ્ઞાન શુદ્ધ જીવનું. સમજાય છે? **'જે આ વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ...'** જે રાગી આદિ જીવ, ગુણસ્થાનભેદવાળો જીવ **'છે તે જ્ઞાનમય છે,...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**(વર્ણાદિવાળો) જીવ છે તે...**' રાગી નથી. રાગી જીવ તે '**જ્ઞાનમય છે,...**' રાગીજીવ છે તે જ્ઞાનમય છે. રાગી જીવ રાગી છે. રાગી આમ લેવું. (રાગી જીવ) છે તે જ્ઞાનમય છે. ઘીનો ઘડો છે તે માટીમય છે. ક્રોધી જીવ તે ક્રોધમય નથી, જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? ગુણસ્થાનવાળા ભેદવાળો જીવ ભેદવાળો નથી. '**એમ (સૂત્ર વિષે)...**' શાસ્ત્રમાં ભગવાનના આગમમાં '**જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે,...**' લ્યો! આ કારણે શાસ્ત્રમાં ગુણસ્થાનભેદ આદિનો વ્યવહાર કરવામાં આવ્યો છે. પણ એ ભેદ અભેદને સમજાવવા માટે છે. ભેદથી વાત કરી પણ ભેદથી વાત સમજાવે છે. આ ભેદવાળો તે અભેદ વસ્તુ તે ભેદવાળી નથી. ભેદથી કહે. ગુણસ્થાનભેદવાળો તે જીવ? ના. તે જીવ જ્ઞાનમય છે. અભેદ છે.

'**કારણ કે તે અજ્ઞાની લોકને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે.**' લ્યો! અજ્ઞાની લોકને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, ભેદ આદિ પ્રસિદ્ધ છે. અનાદિનો અંશ... અંશ... અંશ... અંશ... અંશ... જ્ઞાનના અંશનો ભેદ લક્ષ છે. એ દ્વારા એને અંશીને જણાવ્યો. અંશ દ્વારા અંશીને જણાવ્યો. અંશમાં રાખવો નથી. અંશ તે અંશ છે, તે જીવ નથી. (જીવ) જ્ઞાનમય છે. એમ જણાવવા શાસ્ત્રમાં વ્યવહાર કહ્યો છે. એ વ્યવહાર આદરવા જેવો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**માગશર વદ ૪, શનિવાર તા. ૩૧-૧૨-૧૯૬૬**
**શ્લોક-૪૦-૪૧, ગાથા-૬૮, પ્રવચન-૧૩૦**

જીવ-અજીવ અધિકાર, સમયસાર. જીવ-અજીવની છેલ્લી ગાથા છે.

હવે કહે છે કે, જેમ રંગ, ગંધ આદિ જીવ નથી, એમ સિદ્ધ થયું, એમ સિદ્ધ થયું કે અભ્યંતર રાગાદિ પણ જીવ નથી. શું કહે છે સમજાણું? જેમ આ શરીર, કર્મ આદિ જીવ નથી, એમ અંદરમાં રાગ-દ્વેષ અને ગુણસ્થાન પણ જીવ નથી. સ્થૂળતા વાત કરી પહેલી કે શરીર, કર્મ આદિ.. ૬૮ ગાથા.

મુમુક્ષુ :- કળશ.

ઉત્તર :- બાકી છે? કળશ. ઘીનો ઘડો એ?

**घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।।४०।।**

એ આવી ગઈ હતી ટીકા પહેલી.

‘**જો ઘીનો ઘડો એમ કહેતાં પણ ઘડો છે તે ઘીમય નથી...**’ ઘીનો ઘડો એમ કહેતાં પણ ઘડો છે તે ઘીમય નથી. ‘**(-માટીમય જ છે), તો તેવી રીતે વર્ણાદિવાળો જીવ એમ કહેતાં પણ...**’ શરીરવાળો, કર્મવાળો, સંહનનવાળો, સંસ્થાનવાળો કહેતા પણ ‘**જીવ છે તે વર્ણાદિમય નથી (-જ્ઞાનઘન જ છે).**’ લ્યો! એ તો જ્ઞાનનો ઘન છે. એને આત્મા કહીએ. એવા જ્ઞાનઘન સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડતાં એમાં વર્ણ-ગંધ આદિ અંદર હોતા નથી. માટે તે આત્માથી જુદાં છે.

‘**ભાવાર્થ :- ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી ‘ઘીનો ઘડો’ કહેવામાં આવે છે...**’ ભરેલા ઘડાને. ‘**છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી-ઘી સ્વરૂપ છે, ઘડો માટી-સ્વરૂપ છે; તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો ઈત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી ‘પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ’ ઈત્યાદિ કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી જીવ તે-સ્વરૂપે નથી; વર્ણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો ઈત્યાદિ પુદ્‌ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે.**’ લ્યો! બેય જુદાં છે. એ વાત થોડી આવી ગઈ હતી. લક્ષ ન રહ્યું .. સમજાણું કાંઈ?

હવે કહે છે કે એ રંગ, ગંધ અને શરીર સંહનન જે બાહ્ય છે એ જીવસ્વરૂપ નથી. પણ આ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને ભેદ ગુણસ્થાન એ જીવ છે કે નહિ? એ પણ જીવ નથી. એ વાત ૬૮માં કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।**
**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

'**उत्ता**' કહ્યા છે. શાસ્ત્રમાં કહ્યા છે એમ કહેવું છે.

'**ટીકા :- આ મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનો...**' ચૌદ. એ બધાં. લ્યો, ચૌદ ગુણસ્થાનો તે બધા '**પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...**' એ બધા ચૌદ ગુણસ્થાન પુદ્ગલના કર્મપૂર્વક થતાં હોવાથી '**સદાય અચેતન હોવાથી,...**' લ્યો! '**ઉદયપૂર્વક થતાં હોઈને, સદા અચેતન હોવાથી,...**' કર્મરૂપી પુદ્ગલ, એના ઉદયપૂર્વક, એનો એ ભાવ, એનો થવાથી ઉદયપૂર્વક થવાથી તે અચેતન હોય છે. '**કારણના જેવાં જ કાર્યો હોય છે...**' લ્યો, એ સિદ્ધાંત. કારણના જેવા જ કાર્ય હોય છે. ગુણસ્થાન, પુદ્ગલ કારણ અને ગુણસ્થાન કાર્ય. કારણ પુદ્ગલ છે તેનું કાર્ય પણ પુદ્ગલ છે, આત્મા નહિ. આત્મા તો અખંડ જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતાં એ ગુણસ્થાન અંદર ભેગા આવતા નથી. ભેગા આવતા નથી એટલે એ એના નથી. સમજાણું કાંઈ?

'**કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને), જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે...**' જવ વાવ્યાથી જવ થાય, જવપૂર્વક જવ થાય, જે થાય તે જવ જ હોય છે. જવપૂર્વક જે થાય તે ઘઉં હોય છે એમ નથી. કારણ જેવા કાર્યનું દૃષ્ટાંત છે. '**જવપૂર્વક જે જવ થાય છે તે જ જવ જ હોય છે...**' એમ કારણપૂર્વક થાય તે કાર્ય તે જ છે. એમ પુદ્ગલપૂર્વક ગુણસ્થાનના ભેદ થાય તે પુદ્ગલ જ છે. કહો, સમજાણું આમાં? અશુદ્ધ નિશ્ચયથી ગુણસ્થાન જીવની પર્યાયમાં છે. અશુદ્ધ નિશ્ચયને ત્રિકાળ અભેદ દૃષ્ટિથી કહેતાં એ અશુદ્ધ નિશ્ચય વ્યવહારમાં જાય છે અને વ્યવહાર જતાં એ પુદ્ગલના જ પર્યાય છે એમ એમાં સિદ્ધ થઈ જાય છે. વ્યવહાર એટલે અભૂતાર્થ, એટલે એ સત્ય વસ્તુ નથી, પરવસ્તુ થઈ ગઈ. સમજાણું કાંઈ?

'**જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્ગલ જ છે-જીવ નથી.**' લ્યો! સદા અચેતન હોવાથી એમ શબ્દ આવ્યો હતો ને. એના માટે ન્યાય મૂક્યો. '**પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને), જવપૂર્વક જે જવ થાય છે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્ગલ જ છે-જીવ નથી.**' જેના ભેદ પડવામાં ગુણસ્થાન આદિમાં કારણ પુદ્ગલ છે. તો કારણના જેવું જ કાર્ય ગણીને તેને પુદ્ગલ કહેવામાં આવ્યા. કહો, સમજાણું કાંઈ?

'**અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતે આધાર આપે છે, '**णिच्चमचेदणा उत्ता**'. ગોમ્મટસારમાં પણ એમ કહ્યું છે. મૂળ તો એમ કહે છે. પરમાગમ ચાલ્યા આવ્યા છે ને? ષટ્ખંડાગમ. એમાંથી બનેલું ગોમ્મટસાર. એમાં પણ ... ચૌદ ગુણસ્થાન મોહ ને જોગથી ઉત્પન્ન થયેલા કહેવામાં આવ્યા છે. આત્માથી ઉત્પન્ન થયેલા ત્યાં પણ કહેવામાં નથી આવ્યા, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' ભગવાન ચૈતન્ય સ્વભાવથી તેનું ભિન્નપણું જોગ અને મોહથી ઉત્પન્ન થયેલા બાર સુધી મોહ, તેર અને ચૌદ જોગ, એનાથી ઉત્પન્ન થયેલા એ બધા પુદ્ગલમય છે, તે આત્મા નથી. એનો અર્થ એ કે ચૌદ ગુણસ્થાન ભેદ ઉપર દૃષ્ટિ કરવા જેવી નથી, એમ કહે છે મૂળ તો. ચેતનમાત્ર વસ્તુ અનાદિ એકરૂપ શુદ્ધ અખંડ આનંદ, એમાં એકાકાર થઈ અને આત્માની શાંતિ મેળવવા જેવી છે, એમ કહે છે. ગુણસ્થાનભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે. કારણ કે એના અંશ ભેદ છે. એમાં ત્રિકાળી વસ્તુ નથી. માટે તે અંશભેદવાળાને જે કારણે ભેદ પડ્યો તે કારણનું જ કાર્ય છે. એ પુદ્ગલથી ભેદ પડ્યો (તેથી) એ પુદ્ગલ જ છે એમ કહીને અચેતન કહેવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ?

'**તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...**' એક ન્યાય આપ્યો. એક ન્યાય આપ્યો, એક આગમનો આધાર આપ્યો, હવે એક અનુભવનો આધાર આપે છે. ત્રણ આપે છે. સિદ્ધ કરે છે ત્રણ પ્રકારે. યુક્તિ, આગમ અને અનુભવ. ત્રણથી સિદ્ધ છે. એ બધું પાછું લઈ લેવું હોં! અહીં છેલ્લે સરવાળો કર્યો છે, ... બધાને લઈ લેવા. પહેલા ન્યાય આવ્યો હતો, ૪૪-૪૫માં. સમજાણું કાંઈ? સર્વજ્ઞનું આગમ પણ એને અચેતન કહે છે, યુક્તિથી પણ અચેતન સિદ્ધ થાય છે. તે યુક્તિપૂર્વક અનુભવનું બે ભેગું લઈને કહ્યું હતું. સમજાણું કાંઈ? અહીં કહે છે કે આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિમાં જે અહીંયાં ચૌદ ગુણસ્થાનનો ભેદ દેખાય તે પુદ્ગલના કારણપૂર્વક હોવાથી તે પુદ્ગલ છે. જવપૂર્વક હોવાથી જવ છે તે ન્યાયે તેને પુદ્ગલ કહેવામાં આવ્યા છે. એ ન્યાય. આગમ પણ એને પુદ્ગલ જ કહે છે. '**ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' જોગ અને મોહથી થયા એમ આગમ પણ કહે છે. બે વાત થઈ.

ત્રીજી વાત. '**તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી...**' લ્યો! ત્રીજો બોલ કહ્યો. પાઠ ત્યાંથી એ લીધો છે કે રાગાદિ ભાવો. '**एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा**' ઉપોદ્ઘાત એમ કર્યો છે. કહ્યું કે રાગાદિ... રાગ-દ્વેષ પછી ગુણસ્થાન આવે છે ને ભેગા. એટલે ગુણસ્થાનના પાઠમાં એ મૂક્યા. સમજાણું કાંઈ? વસ્તુ આત્માના દ્રવ્યપૂર્વક એ ભેદ નથી પડતો ગુણસ્થાનનો. પુદ્ગલ અચેતનપૂર્વક હોવાથી અચેતન છે. આગમ પણ તેને મોહ, જોગથી ઉત્પન્ન થયેલા અચેતન કહે છે. અનુભવમાં પણ, તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાયકભાવના અનુભવમાં પણ તે ભેદ આવતો નથી. ભેદ આવતો નથી માટે તે અચેતન છે.

**'ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...'** આત્મા તો ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત છે. ગુણસ્થાનના ભેદથી વ્યાપ્ત નથી. સમજાણું કાંઈ? ત્રણેયમાં ન્યાય લઈ લેવા બધાયમાં. એક એકમાં, હોં! રાગ-દ્વેષ-મોહ એ પણ પુદ્‌ગલપૂર્વક થયેલાં હોવાથી તે પુદ્‌ગલ રાગ-દ્વેષ-મોહ છે. એ શુભજોગ જે રાગ છે-દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો શુભરાગ, નામસ્મરણ-ભગવાન... ભગવાન... ભગવાન... એવો જે શુભરાગ એ પુદ્‌ગલ કર્મના પ્રકૃતિના પૂર્વક થયેલો હોવાથી તેને અચેતન કહેવામાં આવ્યો છે. આગમ પણ તેને મોહથી ઉત્પન્ન થયેલા કહીને રાગ કહેવામાં આવે છે. અનુભવથી પણ ભેદજ્ઞાનમાં તે રાગ આવતો નથી માટે ભેદજ્ઞાનમાં તો જ્ઞાનથી વ્યાપક, ચેતનથી વ્યાપક આત્મા આવે છે. કાંઈ રાગથી વ્યાપક અંતર અનુભવમાં આવતો નથી. શોભાલાલભાઈ! આવી વાત છે. રાગ, હોં! આ નામસ્મરણ કરે, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... વિકલ્પ. એ રાગને ત્રણ પ્રકાર ઉતાર્યા. આ ગુણસ્થાનમાં તો ઉતાર્યા પણ ઉતારવું છે ત્યાં જઈને રાગ ઉપર. પાઠમાં તે રાગ ઉતાર્યો છે.

રાગ જે શુભ છે એ રાગ પણ આત્મામાં પુદ્‌ગલપૂર્વક ઉત્પન્ન હોવાથી તેને અચેતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને આગમ પણ તેને જોગ, મોહભવા કહે છે. જોગ વળી ૧૩-૧૪મું. રાગ-દ્વેષ ને મોહથી ઉત્પન્ન થયા કહે છે. માટે પણ તે મોહ અચેતન તે અચેતન છે. અને એનાથી ભિન્ન પડીને ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્માની દૃષ્ટિ અનુભવ કરતાં એ રાગ ભેદજ્ઞાનમાં આવતો નથી. **'ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી...'** ભિન્નપણે ગુણસ્થાનો, એમ. અંતર્મુખમાં સ્વભાવનો અનુભવ કરતાં ભેદજ્ઞાની વડે તેની જુદાઈ જણાય છે. જુઓ! ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત જે આત્મા, તેનાથી-તેનાથી ભિન્નપણે તે રાગ ભેદજ્ઞાની વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી **'પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.'** કહો, ધર્મચંદજી! કેટલું યાદ રાખવું આમાં?

અહીં તો ગુણસ્થાનનું નામ આપ્યું. **'कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता'** મૂળ પાઠમાં એટલી વાત છે. ઉતારવું છે એને લઈને જેટલા બોલ ઓલા જડના કીધા હતા, એના પછીના કીધા રાગાદિ રાગ-દ્વેષ-મોહ-પ્રત્યય સમજ્યાને? ગુણસ્થાન ભેદ, માર્ગણાસ્થાન ભેદ, સ્વયંલબ્ધિસ્થાન ભેદ બધાં. આપણે તો અહીં શુભરાગ જ ઉપર લેતાં એનું સ્પષ્ટપણું થાય વધારે. શુભરાગ, હોં! શેનો? એ ભગવાનને વંદન કરવું સમવસરણમાં. પરમેશ્વર ત્રિલોકનાથ બિરાજમાન સમવસરણમાં છે, એને વંદન કરવાનો જે ભાવ શુભ. એય..! ધીરુભાઈ! એ શુભરાગ મોહકર્મની ચારિત્રમોહની પ્રકૃતિ જડ છે. એના કારણે ઉત્પન્ન થયેલો રાગ તેથી તેને અચેતન કહેવામાં અને પુદ્‌ગલ કહેવામાં આવ્યો છે. આરે.!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એનાથી ઉત્પન્ન..

ઉત્તર :- એનાથી ઉત્પન્ન થયો છે. ચૈતન્યના સ્વભાવથી ઉત્પન્ન થયો છે? આત્મા તો ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત છે. કાંઈ રાગ સ્વભાવ વ્યાપ્ત છે? સમજાણું આમાં? ધીરુભાઈ! રાડ નાખે હોં તમારે અંદર.

ભાઈ! આમ આત્મા છે ને, જુઓ! કેટલા ચાર ન્યાય આપ્યા. એક તો ચૈતન્ય સ્વરૂપ વ્યાપ્ત આત્મા, જ્ઞાયકભાવ સ્વરૂપ આત્મા, ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ સહિત વ્યાપ્ત આત્મા, એવા આત્મામાં રાગ જે દેખાય છે, કહે છે કે ભાઈ! એ રાગ તો ચારિત્રમોહની પ્રકૃતિ જડ છે, અચેતન છે, પુદ્ગલના પરમાણુ છે, એના પાકથી ઉત્પન્ન થયેલો તેનામાં જાય છે. માટે તેને પુદ્ગલના પરિણામને જ અચેતન કહેવામાં આવે છે. એ શુભરાગને અચેતન કહ્યો છે. એય..! પંડિતજી! વ્યવહાર રત્નત્રયના રાગને કર્મ પ્રકૃતિ, ચારિત્રમોહનીયના નિમિત્તના નિમિત્તથી થયેલું કાર્ય, કારણ જેવું કાર્ય, એ ન્યાય આપ્યો છે. સમજાણું કાંઈ? કારણ જેવું કાર્ય. ભાઈ! એ પ્રકૃતિ કારણ છે. એનો એ રાગ-શુભરાગ, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ કે શાસ્ત્ર સન્મુખનો વિકલ્પ જાણપણાનો, એ રાગ ખરેખર ચારિત્રમોહનીયના કારણપૂર્વક ઉત્પન્ન થયેલો હોવાથી, સ્વભાવના કારણપૂર્વક ઉત્પન્ન થયેલો નહિ હોવાથી... આહાહા..! સમજાણું કાંઈ? તેને અચેતન (કહ્યું છે). કારણ જેવા કાર્ય ગણીને તેને અચેતન કહેવામાં આવ્યા.

કેમકે જવથી તેના ફળમાં ડુંડી જવની થાય. કે જવની ડુંડીમાં ઘઉં આવે? ડુંડી સમજો છો ને? જવ વાવે છે ને એમાં? શું કહે છે? દાણા આવે છે ને એ. ઘઉં વાવે છે ઘઉં. તો એની ફળીમાં પણ ઘઉં થાય છે. કે ફળીમાં જવ હોય? જે જાત હોય બીજમાં તે જાત તેના ફળમાં આવે.

એમ મોહકર્મની પ્રકૃતિ જાત છે તેના ફળમાં તે આવ્યું છે. એ ન્યાયે તે જવપૂર્વક જવ હોવાથી પ્રકૃતિપૂર્વક રાગ હોવાથી, પ્રકૃતિ અચેતન હોવાથી તેના ફળ તરીકે તે પણ અચેતન ગણવામાં, કહેવામાં, હોવામાં આવ્યું છે. એક કોર રાગ એની પર્યાયમાં છે, હોં! અત્યારે દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ વાત કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સિદ્ધ કરી છે ને. સવારમાં કહ્યું નહિ? .. છે. પર્યાયમાં છે, નિમિત્ત સંબંધ રાગનો છે, કર્મનો સંબંધ છે, શરીરનો સંબંધ છે. એ જાણવા લાયક છે. જાણીને હેય કરવા લાયક છે. આહાહા..! હેય કરવા લાયક છે. કેમ? એનું અહીં કારણ આપે છે.

પ્રકૃતિના કારણે ઉત્પન્ન થયેલો, સ્વભાવના કારણે ઉત્પન્ન રાગ થાય? ભગવાન ચેતન વ્યાપ્ત આત્મા, ચૈતન્ય વ્યાપ્ત આત્મા, શક્તિ સ્વભાવથી આનંદ જ્ઞાનથી વ્યાપ્ત પ્રભુ, એના કારણથી અંકુરો રાગનો ક્યાંથી આવે? એ રાગનો વિકલ્પ જે છે એ અચેતન પ્રકૃતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચારિત્રમોહનો પાક આવ્યો. સત્તા પડી હતી, એનો પાક આવ્યો. તો પાક આવ્યો તે તેનું કાર્ય છે. એમ ગણીને તેને અચેતન કહેવામાં આવ્યા છે. માટે ધર્મીએ રાગ ઉપર દૃષ્ટિ રાખવા જેવી નથી, એમ કહે છે. એ વખતે પણ જ્યારે રાગ હોય ત્યારે પણ એની દૃષ્ટિ તો સ્વભાવ ઉપર હોવી જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા વાંધા ઉઠ્યા છે ને. રાગ કરતાં કરતાં થાય, ભક્તિ કરતાં કરતાં થાય. ભાઈ! રાગ તો પુદ્ગલ પરિણામ (કહ્યા છે). અહીંયાં કારણ પુદ્ગલ, એનું કાર્ય કહ્યું. હવે એ કારણ સેવતા-સેવતા દ્રવ્યનું કાર્ય થાય? દ્રવ્ય એટલે આત્મા એનું કાર્ય થાય? દ્રવ્ય એ આત્મા તો ચૈતન્ય વ્યાપક આત્મા છે. એ રાગ વ્યાપક છે? સમજાણું કાંઈ?

ત્રણ ન્યાય એક એક વાતમાં લેવા. રાગમાં, દ્વેષમાં, પુણ્ય પરિણામમાં, પાપ પરિણામમાં. સમજાય છે? જવપૂર્વક જવ થાય. એમ કારણપૂર્વક કાર્ય થાય તો પુદ્ગલ કારણ ખરેખર તો એક સમયનો અંશ જે વિકૃત દશા, એના કારણને તો પુદ્ગલ ગણીને તેના કાર્ય તરીકે પુદ્ગલ કહેવામાં આવ્યું છે. અચેતન કહેવા. માટે તેમાં દૃષ્ટિ દેવા જેવી નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આગમ પણ તેને મોહથી ઉત્પન્ન થયેલા કહે છે. સિદ્ધાંત જે ષટ્ખંડાગમથી બનેલું ગોમ્મટસાર. ષટ્ખંડાગમ જે બાર અંગને સંધિ કરનારું વીતરાગની વાણીને, એમાંથી બનેલું ગોમ્મટસાર એમાં પણ રાગને મોહથી ઉત્પન્ન થયેલો કહ્યો છે. આખા ગુણસ્થાને કહો તો મોહ અને જોગથી. પણ એકલા રાગને કહો તો મોહની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો કહ્યો છે. માટે પણ તે અચેતન છે, પુદ્ગલ છે. પણ તે દૃષ્ટિ દેવા લાયક આત્મા નથી. બહુ ઝીણું એટલે આ બધા વિરોધ ઉઠાવે છે ને. ભાઈ! ન્યાય છે એ રહેશે, બાપુ! તું કચડી-મચડીને નાખીશ તો એ વસ્તુ એમ નહિ થાય ત્યાં. આહાહા..!

પ્રભુ આત્મા આખો ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત ભગવાન, એને રાગથી વ્યાપ્ત અને રાગથી કારણ બનાવીને તેના ચૈતન્યના સ્વભાવને લાભ થાય એમ કોઈ દિ' નહિ બને. વસ્તુ એવી નથી. એમ અહીં તો કહે છે. જીવ-અજીવ અધિકાર છે ને. સમજાણું કાંઈ? આહાહા..! રાગ તે અજીવ છે. એ અચેતન છે. અજીવ કારણપૂર્વક કાર્ય થયું માટે તેને અજીવ કહેવામાં આવ્યો છે. સમજાણું? આગમ પણ તેને અજીવ કહે છે. ભાષા જુઓને. આગમથી સિદ્ધ કર્યું, વ્યવહારનયના શાસ્ત્ર.

અને તેમાં ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત જે આત્મા. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી વ્યાપ્ત, જ્ઞાનસ્વભાવથી અભેદ છે, જ્ઞાયકભાવથી અભેદ છે. તે આત્મા તેનાથી ભિન્નપણે, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તેનાથી જુદાંપણે તે રાગ અને ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે. જુઓ! નીચે તેનું લક્ષ છોડીને ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત આત્મા ઉપર દૃષ્ટિ અનુભવ કરતાં, તે ભિન્ન ગુણસ્થાન સ્વયં ઉપલભ્યમાન હોવાથી. તે ગુણસ્થાન અને તે રાગ ભેદજ્ઞાની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વડે સ્વયં ઉપલભ્યમાન (હોવાથી). કેવી રીતે? ભિન્નપણે. ભિન્નપણે એટલે એમાં ભેગો આવતો નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વભાવ વ્યાપ્ત આત્મા, એને અંતરમાં રાગથી, પરથી ભિન્ન પાડીને અંતર અભેદમાં આશ્રય કરતાં ભેદજ્ઞાનીઓ વડે તેના સાથમાં એ રાગ આવતો નથી. રાગ જુદો રહી જાય છે. માટે રાગ આત્માથી ભિન્ન છે. બહુ ઝીણું. ત્યારે આ લોકો .. ઓલો બિચારો કહેતો હતો કે પણ બે વિરોધ થાય છે. એક પક્ષ છે તમારાથી વિરૂદ્ધ અને એક પક્ષ આમ થોડો થોડો.. બધું ચાલે છે. .. થાય, કીધું. પુણ્યને ધર્મ માને છે ને. અહીં નથી માનતા એ. એને શું કહેવું. મૂળ તો કારણ ક્રમબદ્ધ ને ઘણાં ઘણાં છે. આ બધા શુભભાવથી ધર્મ માને છે, પરમાર્થે. અહીં શુભભાવ પરમાર્થે (ધર્મ નથી, એમ કહે છે). એમાં વિરોધ આવે છે. એ બધું આવી ગયું એમાં. સમજાણું કાંઈ? એનો આ બધો કોલાહલ.. ખળભળાટ ખળભળાટ છે. એય..! ન્યાલભાઈ! ભક્તિ કરતાં કરતાં કો'ક દિ' ફળશે. આ કહે કે ના. એ વ્યવહાર ભક્તિ કરતાં કરતાં કોઈ દિ' ફળશે નહિ. વ્યવહાર ભક્તિ રાગ છે અને પુદ્‌ગલના પરિણામ છે, એમ કહે છે અહીં તો. એય..! આહાહા..!

દેવ-ગુરુ-શાસ્ત્ર એ પર છે. એની શ્રદ્ધા કરવાથી પરલક્ષી શુભરાગ છે. શુભરાગ છે. શાસ્ત્ર સાચા માનવા, દેવ સાચા માનવા એ શુભરાગ છે. અહીં તો કહે છે કે એ શુભરાગ, ચૈતન્ય વ્યાપક આત્મા સાથે એનો મેળ ખાતો નથી. એની સાથે એનો મેળ છે જ નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવ વ્યાપ્ત આત્માની સાથે મેળ છે. એમાં એકાકાર થાય છે. રાગની સાથે લક્ષ કરતાં એકાકાર થાય છે ચૈતન્ય વ્યાપક આત્મામાં, એવો એનો મેળ નથી. માટે તે રાગ શુભરાગ હો, મહાવ્રતનો રાગ હો, સમકિતીનો મહાવ્રતનો રાગ હો, મુનિનો હો. મહાવ્રત મુનિ હોય એને જ હોય છે ને. મિથ્યાદૃષ્ટિને મહાવ્રત ફેરવાળા હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હેયબુદ્ધિએ પણ?

ઉત્તર :- હેયબુદ્ધિ પુદ્‌ગલ પરિણામ. કેમકે ભેદજ્ઞાનમાં તેનું ભિન્નપણું રહે છે. ભેદજ્ઞાનમાં તેનું એકપણું આવતું નથી. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- અત્યારે તો એ ધર્મ છે એમ કહેવાય.

ઉત્તર :- ધર્મ કહેવાય છે. વાંધા એ ઉઠ્યા છે ને. એ તો શુભયોગથી તો ક્ષાયિક સમકિત થાય (એમ કહે છે). કહો, પુદ્‌ગલ પરિણામ અહીં કહ્યાં એનાથી ક્ષાયિક સમકિત એટલે આત્માને કેવળજ્ઞાનનું કારણ ક્ષાયિક સમકિત થાય. શું થાય? કોણ જાણે કેવા.. થાય જ. અરે..! લોકોને, સાધારણ સમાજને કાંઈ વિચાર જ નથી. મનન કરવું નથી. શું છે એ સત્યને શોધવું, ખોળવું નથી. એમ ને એમ ગાડરીયા પ્રવાહે જન્મ્યા, ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને ત્યાં જે હોય એ સાંભળીને માન્યું છે. એમાંથી જ્યાં વિરૂદ્ધ આવ્યું ત્યાં ખળભળાટ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્ય સ્વભાવથી ભગવાન આત્મા વ્યાપ્ત હોવાથી તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે પરથી ભિન્ન પાડીને ચૈતન્યના અનુભવના કાળમાં જ્ઞાનીઓને સ્વયં ભિન્નપણે એ રહી જાય છે. અંદર ભેગાં આવતા નથી. એ રીતે '**પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.**' ત્રણ પ્રકાર કહ્યા ને? સમજાણું? જુઓ! '**જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્‌ગલ જ છે-જીવ નથી. અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' આગમે પણ એમ કહ્યા. આ રીતે પણ તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે. ભિન્નપણે ઉપલભ્યમાન હોવાથી પણ. એમ. અંતર્મુખ ચૈતન્યના અનુભવમાં ભેદજ્ઞાન કરતાં એ ભિન્ન રહી જાય છે. એમાં અભિન્ન આવતા નથી, અંતરમાં આવતા નથી. માટે તેને અચેતન અને આત્માના, ચૈતન્ય વ્યાપ્ત આત્માથી તેને ભિન્ન અજીવ કહેવામાં આવ્યો છે. એને અજીવ કહેવામાં આવ્યો છે. આ અપેક્ષાએ છે. બીજી અપેક્ષાએ છે? એમ વળી સવારે વજુભાઈએ (પૂછ્યું). એ અપેક્ષાએ તો આમ જ છે. એ અપેક્ષાએ કીધું એટલે? સ્વભાવની અપેક્ષાએ તો એમ જ છે. પર્યાયની અપેક્ષાએ લેવા જા તો એનો અંશ એનામાં છે. પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ જો તો એનામાં વ્યાપવાપણું એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

ત્રિકાળ તો આત્મા એમ લીધું છે ને? આત્મા ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત. એમ લેવું છે ને અહીં? આત્મા આત્મા ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત. એમાં રાગથી વ્યાપ્ત ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ઝીણું છે, શોભાલાલભાઈ! તેથી આ લોકોને ખળભળાટ થઈ ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહેતા હતા ને ભાઈ. ભગવાનલાલભાઈ કહેતા હતા કે ભાગીને આવ્યા. ત્યાં ગડબડ ગડબડ (ચાલે છે). ચાલો અહીં. મનાવે કાંઈકનું કાંઈક. બધાને વંદન કરો, આ કરો, તે કરો. સમજવા જેવી વાતું અહીં છે. અરે..! ભગવાન! બાપુ! માર્ગ બીજો ભાઈ! સાંભળવામાં હજી તને કંટાળો આવે, તને નિષેધ થાય એ તને અંદરમાં ક્યાંથી રુચે? આહાહા..!

ભાઈ! આત્માને માન્યો તેને કહેવાય કે જે ચૈતન્ય સ્વભાવ વ્યાપ્ત આત્મા દૃષ્ટિમાં લઈ અને ભેદને જુદા રહી જાય તેણે આત્માને માન્યો કહેવામાં આવે છે એમ અહીંયાં કહે છે. ધીરુભાઈ! ઠીક, આ એક સોંઘો માર્ગ ગોતી કાઢ્યો. વળી એમ કેટલાક કહે છે. સોંઘો છે કે બાપા અનંત પુરુષાર્થ છે? ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? એ રાગનું લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરવું, બાપા! એમાં અનંત પુરુષાર્થ છે. અનંત અનંત પુરુષાર્થ છે ભાઈ! તને ખબર નથી. અનંતા ગુણનો પિંડ પ્રભુ, એનું વલણ આખું જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ ઉપર અને પર ઉપર છે, એને આમ ગુલાંટ ખાવી એ બાપુ! અનંત પુરુષાર્થ છે. એ વાતું કરવાની વાત નથી. આહા..! સમજાણું કાંઈ?

ત્રણ બોલથી સિદ્ધ કર્યા. જુઓ! ગુણસ્થાનને ત્રણ બોલથી સિદ્ધ કર્યા. એક ન્યાયથી, એક આગમથી, એક અનુભવથી. જે પહેલાં વાત આવી ગઈ છે ૪૪માં. સમજાણું કાંઈ? ત્યાં બે ભેગું નાખ્યું હતું, યુક્તિ અને અનુભવ. ત્યાં ભેગું નાખ્યું. અનુભવ યુક્તિ. યુક્તિ ગર્ભિત અનુભવ. ૪૪માં. અહીં તો ત્રણેને સ્પષ્ટ કરીને ભિન્ન જુદાં પાડ્યા. આહાહા..!

**'એવી રીતે રાગ,...'** એ શુભરાગ કે અશુભરાગ. એના પણ ત્રણ પ્રકાર લેવા. સમજાણું કાંઈ? આહાહા..! આવી સ્પષ્ટતા અને આ ચોખવટ એને સાંભળવા મળે નહિ તો પ્રયોગ કે દિ' કરે? આ કરવું... આ કરવું... આ કરવું. પણ જે એમાં નથી તેનું કરવું, જે સ્વભાવમાં નથી એનું કરવું એમાં તારો સ્વભાવ આવશે ક્યાંથી એમાંથી? સમજાણું કાંઈ? રાગ એમ **'દ્વેષ,...'** દ્વેષનો અંશ છે એ પણ પુદ્ગલપૂર્વક થયો હોવાથી પુદ્ગલ છે. અને આગમ પણ તેને મોહથી ઉત્પન્ન થયેલા કહેવાથી તેને અચેતન કહ્યા છે. ભેદજ્ઞાની વડે તેને પરથી ભિન્ન અનુભવમાં આવે છે. ભેદજ્ઞાનમાં તેનું સાથે આવવું થતું નથી. આત્મા તેનાથી ભિન્નપણે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી. કારણ કે એનું લક્ષ છોડે ત્યારે અંદર જાય છે માટે એનું ભિન્નપણું ઉપલબ્ધમાં આવે એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ **'મોહ,...'** પર તરફની સાવધાનીનો કોઈપણ વિકલ્પ કે મિથ્યાત્વ આદિ. એ બધા ભાવ કર્મપૂર્વક હોવાથી, કર્મ છે, ન્યાય, આગમ એને એ કહે છે ને. **'પ્રત્યય,...'** એટલે આસ્રવ. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. ચાર આવ્યા હવે. મિથ્યાત્વ-વિપરીત માન્યતા, અવ્રતભાવ, કષાયભાવ અને યોગ-કંપન્ન. એ ચારેય પુદ્ગલપૂર્વક હોવાથી તેને અચેતન પુદ્ગલ કહ્યાં છે. કહો, સમજાણું કાંઈ? આત્મદ્રવ્યપૂર્વક થયા નથી. કારણ કે દ્રવ્ય છે એ ચૈતન્ય વ્યાપક આત્મા છે. એના પૂર્વક એ ઉત્પન્ન થતાં નથી માટે તે ચેતન નથી. સમજાણું કાંઈ?

**'પ્રત્યય,...'** જોગ-જોગ. કંપન્ન. શુભાશુભ ઉપયોગરૂપી ભાવ અને કંપન્ન. શુભાશુભભાવ એ કષાય, યોગ એ કંપન્ન, અવ્રતભાવ. એ બધો ભાવ આસ્રવભાવ, આસ્રવભાવ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય યોગ આદિ આસ્રવભાવ, જે પાંચ બંધના કારણ કહ્યા છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એવી જે વિકૃત પર્યાય બંધના કારણ કહ્યા છે, તે મોહપૂર્વક ઉત્પન્ન થયેલા હોવાથી તે આસ્રવ પુદ્ગલ છે. પાંચેય અચેતન છે. ઓહો..! તત્ત્વાર્થસૂત્રમાં કહે કે એ જીવનું સ્વ તત્ત્વ છે. એય.! તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર કે રાગ, દ્વેષ, મોહ, ઉદયભાવ, ગતિ, લેશ્યા, કષાય એ બધો જીવતત્ત્વમાં છે. એ તો પર્યાયને પરથી જુદી પાડવા તેની પર્યાયમાં કીધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે જ્યારે સ્વભાવને એનાથી જુદો પાડવો છે, ત્યારે કહે, સ્વભાવના એ નથી માટે પુદ્ગલના છે એમ કહેવામાં આવ્યું. કહો, સમજાણું એમાં? મોક્ષશાસ્ત્ર વંચાય દસ લક્ષણમાં. કાયમ. હવે એમાં એ આવે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, બંધના કારણ, એ પોતે ભાવબંધરૂપ, આસ્રવરૂપ, ભાવબંધરૂપ અને નવા બંધના કારણ છે માટે આસ્રવ. એ જીવના સ્વતત્ત્વ છે, જીવનું પર્યાયતત્ત્વ છે, એનો અંશ તત્ત્વ છે. એના અંશમાંથી અચેતન નથી, ચેતન તત્ત્વ છે. એ કઈ અપેક્ષાએ? પરદ્રવ્યથી તદ્દ્ન એનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું ભિન્નપણું જણાવવા એનું કહ્યું છે. સમજાણું કાંઈ? પણ એટલાથી સ્વદ્રવ્યની સિદ્ધિ થતી નથી. પોતાના આત્માને એ ત્રણ ઉપર લક્ષ દેવાથી કંઈ આત્માની સિદ્ધિ, આત્માની પ્રતીત થતી નથી. સમજાણું?

એની પ્રતીતિ તો એ પર્યાયના અંશ ઉપરથી લક્ષ છોડી અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ દેવાથી આત્માની પ્રતીતિ સિદ્ધિ થાય છે. એ કારણે એ રાગાદિને જેને જીવ કહ્યા હતા, એને જ અહીંયાં પુદ્ગલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લખાણ બેય પ્રકારના (આવે). ઉમાસ્વામી. એમના શિષ્ય આમ કહે, ગુરુ આમ કહે. બેયે જે નયે કીધું છે તે નયે બરાબર છે. વ્યવહારનયથી કહ્યું હતું, આ નિશ્ચયનયથી. આ સ્વભાવદૃષ્ટિ છે, પેલી પર્યાયદૃષ્ટિથી વાત છે. આવે છે કે નહિ? મિશ્ર, ઉપશમ.. જીવતત્ત્વ, .. છે પર્યાયદૃષ્ટિએ .. પણ છે હવે એને કરવું છે શું તારે? પર્યાય આશ્રયે લક્ષ જતાં એ પર્યાયનું જ્ઞાન થશે? કે દ્રવ્ય આશ્રયે દૃષ્ટિ જતાં તે છે એવું જ્ઞાન થશે? છે એવું, હોં! આત્મા સાથે છે એમ નહિ. સમજાણું કાંઈ? એનું ખરેખર જ્ઞાન રાગવાળો જીવ છે, રાગવાળો જીવ એમ થતાં એનું જ્ઞાન થશે? કે રાગ છે પર્યાયમાં પણ દ્રવ્યમાં નથી. એમ ચૈતન્ય વ્યાપક જીવ દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરતાં આત્માનું જ્ઞાન થાય અને રહેલા રાગ પણ ભિન્ન છે તેનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

‘**કર્મ,...**’ તો જડ છે જ. એ તો પહેલાં કીધું હતું, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. એવું જ કર્મ છે, જડ છે. કર્મ જડ છે. ‘**નોકર્મ,...**’ જડ છે. શરીર-શરીર. લ્યો! ઓલો કહે, સચેતન કાયથી ધર્મ થાય. અહીં કહે, નોકર્મ તે જડ છે, શરીર જડ છે. અથવા બાહ્ય નિમિત્તો જેટલા કહેવાય આત્મા સિવાય બાહ્ય, એ બધાય પુદ્ગલપૂર્વક ઉત્પન્ન થયેલા નોકર્મ પુદ્ગલ છે. આત્મા એ નથી. સમજાણું કાંઈ? જુઓ! આ દેરાસર, પ્રતિમા, પુસ્તક એ બધા નોકર્મ છે. વાણી. વાણીનું પુસ્તક એ બધું નોકર્મ છે. એ નોકર્મ પુદ્ગલપૂર્વક થયું છે. પુદ્ગલ છે. શાસ્ત્ર પણ એને પુદ્ગલ કહે છે અને એના લક્ષે આત્મામાં જવાતું નથી. એનું લક્ષ છોડીને જાય છે માટે ભિન્ન રહી જાય છે. માટે તે આત્માથી જુદાં છે. સમજાણું કાંઈ?

‘**વર્ગ,...**’ વર્ગ. એ પરમાણુ હોય છે ને એમાં? કર્મ થવાની યોગ્યતાનો એક જાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય, સમૂહ. એક પરમાણુમાં અમુક જાતની યોગ્યતા, બીજામાં એવી યોગ્યતા. એવી ઘણા પરમાણુનો સમૂહ તેને વર્ગ કહે છે. આ વર્ગ નથી કહેતા? પહેલી ચોપડીનો વર્ગ, બીજી ચોપડીનો વર્ગ. એવા પરમાણુમાં એવી એક જાતની યોગ્યતા ... એને વર્ગ કહે છે. '**વર્ગણા,...**' ઘણા વર્ગ ભેગા થઈને વર્ગણા કહેવાય. પહેલી, બીજી, ચોપડી એને વર્ગ કહીએ અને બધું થઈને આખી વર્ગણા-આખી નિશાળ. '**સ્પર્ધક,...**' એક સમયમાં જે ઉદયમાં આવવા હોય એ સ્પર્ધક. '**અધ્યાત્મસ્થાન,...**' અધ્યાત્મસ્થાનનો અર્થ અહીં અધ્યવસાય. જેટલા અધ્યવસાય પુણ્ય-પાપના વિકલ્પના અધ્યવસાય સ્થાન થાય એ બધા પુદ્ગલથી થયેલાં (છે).

'**અનુભાગસ્થાન,...**' કર્મના અનુભાગ સ્થળના ભેદો. કર્મના અનુભાગના ભેદો. એ બધાં પુદ્ગલ ને અચેતન કહેવામાં આવે છે. '**યોગસ્થાન,...**' લ્યો! અસંખ્ય પ્રકારના યોગસ્થાન છે કંપનના, હોં! એ પણ બધાં અચેતન પુદ્ગલ. કારણપૂર્વક કાર્ય હોવાથી અને આગમ પણ તેને પુદ્ગલ કહે છે. યોગથી ઉત્પન્ન થયેલો મોહના શરીર આદિથી ઉત્પન્ન છે ને? શરીર નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો કંપન્ન છે. શરીર નામ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા યોગના સ્થાન છે. માટે શરીરની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા માટે અચેતન છે. ક્યાં આવ્યું? એય..! ધર્મચંદજી! ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ-નહિ. યોગસ્થાન સુધી આવ્યું. શેનું સ્પષ્ટીકરણ થાય એ ભૂલી જાય છે. યોગસ્થાનની તો વ્યાખ્યા કરી આ. યોગસ્થાન શરીર નામ પ્રકૃતિના ઉદયથી ઉત્પન્ન થયેલું કંપન્નપણું તેના અવલંબે,.. સમજાય છે? ભાષાના અવલંબે, શરીરના અવલંબે, મનના અવલંબે ઉત્પન્ન થયેલો ભાવ, એ પુદ્ગલના અવલંબનથી થયેલો માટે તેને પુદ્ગલ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**બંધસ્થાન,...**' કર્મની પ્રકૃતિના બંધના ભેદો છે ને અસંખ્ય પ્રકાર પ્રકૃતિના. '**ઉદયસ્થાન,...**' એના પાક ઉદયના સ્થાન એ બધા પુદ્ગલ છે. '**માર્ગણાસ્થાન,...**' લ્યો! બધા ભેદો. આ જીવ આ ગતિમાં છે. આ ફલાણા લેશ્યામાં છે, કષાયમાં છે. '**સ્થિતિબંધસ્થાન,...**' એ કર્મની મુદ્દતના સ્થાન, ભેદો. અંતર્મુહૂર્તની સ્થિતિ, સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિ પડે કર્મમાં, એ બધા સ્થિતિબંધ પુદ્ગલના ભાગ છે. '**સંક્લેશસ્થાન,...**' એ અશુભ પરિણામ-અશુભભાવ. આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ભાવ એ અશુભભાવ. એ પણ પુદ્ગલના પરિણામથી ઉત્પન્ન થવાથી પુદ્ગલરૂપ હોવાથી પુદ્ગલ જ છે, આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આગમ પણ એને પુદ્ગલ કહે છે. કારણપૂર્વક કાર્ય થયા એ ન્યાયે કારણ પુદ્ગલ હતું માટે એનાથી ઉત્પન્ન થયેલા માટે ચારિત્રમોહનું કારણ. અને ચૈતન્ય વ્યાપ્ત આત્મામાં (તે) તેનાથી ભિન્ન રહી જાય છે અનુભવથી માટે ભિન્ન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**વિશુદ્ધિસ્થાન,...**' અસંખ્ય પ્રકારના શુભ પરિણામના સ્થાન. અસંખ્ય પ્રકારના શુભ પરિણામના સ્થાન જીવના. સાધારણ જીવની દયા, વિશેષ દયાના પરિણામ, ઉગ્ર પરિણામ. એમ સાચું બોલવાના પરિણામ, બ્રહ્મચર્ય પાળવાના પરિણામ, એવા શુભભાવના કોઈ ભક્તિના પરિણામ, કોઈ નામ સ્મરણના પરિણામ. એ પરિણામના અસંખ્ય ભેદ છે. શુભભાવના અસંખ્ય ભેદ છે. એ બધા ચારિત્રમોહના કારણથી ઉત્પન્ન થયેલા તે પુદ્ગલ છે.

મુમુક્ષુ :- વ્યવહાર મોક્ષમાર્ગ..

ઉત્તર :- વ્યવહાર મોક્ષમાર્ગ પુદ્ગલ છે એમ અહીં કીધું.

મુમુક્ષુ :- મોહના ઉદયથી..

ઉત્તર :- ચારિત્રમોહના ઉદયથી થયેલો છે.

મુમુક્ષુ :- સંજ્વલનના ઉદયપૂર્વક.

ઉત્તર :- એને શું સંજ્વલન. અહીં નીચે હોય તો એને જેટલા કષાય છે... સમજાણું કાંઈ?

'**વિશુદ્ધિસ્થાન,...**' શુભભાવના.. વિશુદ્ધિ એટલે શુભભાવ-કષાયની મંદતા. કષાયની મંદતાના અસંખ્ય પ્રકાર. એ બધા અસંખ્ય પ્રકારના ભેદો ચારિત્રમોહના કારણપૂર્વક થવાથી તે કાર્ય તેનું તે કામ છે, એ પુદ્ગલ. માટે તે કાર્યને પુદ્ગલ કહેવામાં આવે છે. અને આગમ પણ તેને મોહથી ઉત્પન્ન થયેલા ચારિત્રમોહથી ઉત્પન્ન થયેલા કહીને તેને પુદ્ગલ કહે છે. ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્મામાં અનુભવ કરતાં તે જુદા રહી જાય છે. તેથી પણ તેને પુદ્ગલ અને અચેતન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સંયમલબ્ધિસ્થાન-**' લ્યો! અંશ અંશ ક્ષયોપશમના અનેક સ્થાનો ભેદ પડે છે ને, એ ખરેખર આત્માને લક્ષ કરવા જેવા નથી. એનું લક્ષ કરતાં તો વિકલ્પ ઉઠે છે અને એ ભેદ પડ્યા તે બધા ચારિત્રમોહની પ્રકૃતિના કારણે ભેદ પડેલો છે. નહિતર વસ્તુ તો અભેદ છે. એમ કહે છે. નાખ્યો ક્ષયોપશમભાવ. ઓલો તો ઉદયભાવ હતો. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત! કઠણ એવી પડે છે ને. આખો એને ચૈતન્ય સ્વભાવ મોટો. એક સમયનો ફક્ત સંબંધ (છે), એ થઈ ગયો ઘરધણી. એક સમયનો રાગ સાથે સંબંધ છે જીવને. એક જ સમયનો, હોં! શુભરાગ કહો. સંયમલબ્ધિસ્થાન તો એક સમયનો. શુભરાગ કહો. સંયમલબ્ધિસ્થાન તો એક સમયનો સંબંધ છે. એક સમયના સંબંધને સ્વભાવના વ્યાપક એવા આત્માની સાથે આ વ્યાપવાપણું નથી. ભેદ વ્યાપવાપણું નથી. બહુ ઝીણું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાય છે, અંશ શુદ્ધ છે પણ અંશ છે. અંશ છે તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય ભેદ પડ્યો તે કર્મ પ્રકૃતિપૂર્વક પડ્યો છે. માટે તેને પુદ્ગલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ કહેવામાં આવ્યા છે. આગમમાં પણ તેને ચારિત્રમોહથી ઉત્પન્ન થયેલા કહેવામાં આવે છે. ભેદ આત્માથી થયેલો એમ છે નહિ.

મુમુક્ષુ :- .. ક્ષયોપશમથી...

ઉત્તર :- એ ક્ષયોપશમ પણ છતાં ભેદ પુદ્‌ગલ પરિણામ. મોહના ક્ષયોપશમપૂર્વક થયો તે ક્ષયોપશમ અહીં નથી પોતાની જાત. જાત ક્યાં છે એની સાથે. એક સમયની સ્થિતિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સંયમલબ્ધિના સ્થાન ઉત્પન્ન થાય છે દ્રવ્યને આશ્રયે સંયમ. ધ્યાન રાખજો. સંયમ એની પ્રાપ્તિની નિર્મળતા એ દ્રવ્ય સ્વભાવને આશ્રયે થાય છે. પણ દ્રવ્ય સ્વભાવને આશ્રયે થવા છતાં એ ભેદ છે. એ ભેદ ઉપર લક્ષ કરવાથી તો રાગ થાય છે. માટે તે ભેદ ખરેખર આત્માના સ્વભાવનો ભેદ નથી. એના સ્વભાવનો ભેદ સ્વભાવ તો અભેદ થાય. સમજાણું કાંઈ? એ ભેદ, સંયમલબ્ધિસ્થાન પુદ્‌ગલપૂર્વક ઉત્પન્ન થયા હોવાથી તેને પુદ્‌ગલ કહ્યાં. આગમે તેને મોહથી ઉત્પન્ન થયેલા કહ્યાં અને ભેદજ્ઞાની વડે પણ તે ભેદ પરથી-એનાથી લક્ષ છૂટીને અભેદ અનુભવમાં તે ભેગાં આવતા નથી. જુદાં રહી જાય છે. માટે તેને જુદાં કહ્યા છે. જુદાં એટલે જીવથી જુદાં એટલે અજીવ. સમજાણું કાંઈ? તકરાર જ ઉઠે. કુંદકુંદાચાર્ય સામે ઉઠાવી છે, કુંદકુંદાચાર્ય સામે. કે આવું બધું કેમ કર્યું? વેદાંતના ઢાળામાં જૈનદર્શનને ઢાળી દીધું આવું તમે? જૈનદર્શન તો મહાવ્રત પાળે, ચારિત્ર ક્રિયા કરે એ ચારિત્ર કહેવાય, કષ્ટદાયક કરે કામ એને ચારિત્ર કહેવાય. અહીં કહે કષ્ટદાયક તારા જે મહાવ્રત આદિના પરિણામ છે એને પુદ્‌ગલ પરિણામ કહીએ છીએ. લે. કહો, સમજાણું કાંઈ? એ લખ્યું છે, રતનચંદજીએ. આ ચારિત્ર કષ્ટદાયક છે માટે એને કરવું નથી ને માટે તમારા જ્ઞાનથી મોક્ષ બતાવવો છે. આ ચારિત્ર છે આ બધું એનું. હવે ધૂળેય નથી, સાંભળને. એ તો પુદ્‌ગલના પરિણામ છે.

અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો જે વિકલ્પ ઉઠે છે પંચમહાવ્રતનો એ રાગ ખરેખર આત્માના સ્વભાવથી ઉત્પન્ન થયેલો નથી. એ તો વિકાર છે. પરને લક્ષે ઉત્પન્ન થયેલો માટે પરના કહેવામાં આવ્યા છે. સ્વલક્ષે ઉત્પન્ન થાય તે પોતાના સ્વભાવની અભેદ દશા ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? રાડું પાડે ને. પણ અહીં તો શું સોનગઢમાં કાંઈ કોઈનું તંત્ર મળે નહિ. નહિ તો ઓલા બહારનું કહે. કેમ ધીરુભાઈ!

‘**તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને,...**’ લ્યો, છેલ્લો શબ્દ. ‘**તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને,...**’ કારણ કે ઓલા જીવસ્થાન તો આવી ગયા છે, ગુણસ્થાન આવી ગયા. માથે કીધા. સમજાણું? એ સિવાયના બધા બોલ લીધા અને છેલ્લો આ આવ્યો. ઓલામાં છેલ્લો ગુણસ્થાન હતો. એટલે ગુણસ્થાનનો છેલ્લો બોલ ગાથામાં લઈ લીધો. અર્થમાં આ બધાને રાગથી માંડીને... ‘**તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને,**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે-**' પુદ્ગલ જ છે. પુદ્ગલના પરિણામ કાઢીને પાછું પુદ્ગલ જ છે (એમ કહ્યું). '**જીવ નથી એમ આપોઆપ આવ્યું...**' લ્યો ઠીક! સમજ્યા ને? '**न तु जीव इति स्वयमायातम्**' '**स्वयमायातम्**' લ્યો ઠીક! એ તો સ્વયં આવી ગઈ વાત, કહે છે. આહાહા..! ન્યાયથી આવ્યું, કર્મપૂર્વક થતાં આવ્યું, ભેદજ્ઞાનથી, અનુભવથી પણ ભિન્ન રહી ગયા માટે આવ્યું. એ રીતે જીવ નથી એમ ત્રણેનું લાગું પાડ્યું છે બધાને. '**એમ આપોઆપ આવ્યું...**' વસ્તુની સિદ્ધિ એ રીતે જ ફલિત થઈ. કહો, સમજાણું આમાં?

વ્યવહાર કરતાં (એટલે કે) પુદ્ગલ કરતાં ચૈતન્ય પ્રગટે. એવું થયું. વ્યવહાર કરતાં કરતાં પરમાર્થ પ્રગટે. વ્યવહાર અભૂતાર્થ કરતાં કરતાં સત્યાર્થ પ્રગટે. સત્યાર્થ ઉપર દષ્ટિ જાય. વ્યવહાર કરતાં કરતાં એનું લક્ષ થાય, સત્યાર્થ ઉપર દષ્ટિ જાય. જૂઠા ઉપર દષ્ટિ કરતાં કરતાં સાચા ઉપર દષ્ટિ જાય. કહો, સમજાણું આમાં? એમ થયું કે નહિ? બહુ વાત ઘણી સ્પષ્ટ. જીવ અને અજીવની ચોખ્ખી. પછી કર્તા-કર્મ શરૂ કરશે. આ કહીને. એના અસ્તિત્વમાં, દ્રવ્યના ખરેખર ચૈતન્ય વ્યાપક આત્મદ્રવ્યના અસ્તિત્વમાં ચૈતન્ય વ્યાપક સ્વભાવ દ્રવ્યમાં એ નથી. એમ. પર્યાયમાં છે એ વાત.. જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો!

'**इति स्वयमायातम्**' આ તો આપણે આ લેવું છે. '**એમ આપોઆપ આવ્યું...**' આપોઆપ સ્વયં દ્રવ્યે પણ એમ સિદ્ધ કરી દીધું એમ કહે છે. ન્યાયથી, વસ્તુથી, બધા કારણે અનુભવથી આપોઆપ સિદ્ધ થઈ ગયું, ભાઈ! એ બધા ૨૯ બોલો એ રંગથી માંડીને બધાય કર્મ ને નોકર્મના બોલો, તે બધા આત્મામાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્માના નથી. આહાહા..!

'**માટે...**' હવે છેલ્લો સરવાળો કહે છે ને. બાંધ્યો હતો ને ઉપોદ્ઘાત? રાગાદિ ભાવો પણ જીવ નથી. કારણ કે ઓલા વર્ણ-ગંધથી લીધું હતું ને? વર્ણ-ગંધથી લીધું ને? વર્ણ-ગંધથી લીધું. પુદ્ગલથી લીધું હતું એટલે કહ્યું કે ભાઈ, એ પુદ્ગલ તો નથી બાહ્યના, પણ અભ્યંતરના ભેદો પણ તે તેના નથી. તું એકલો સમજી જાય કે બહાર આ પુદ્ગલ રંગ, ગંધ, રસ, સ્પર્શ એનાથી જુદો કીધો. પણ ઓલા અભ્યંતર રાગ-દ્વેષ અને ભેદથી? ભેદથી પણ જુદો. સમજાણું કાંઈ? '**માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.**' લ્યો! માટે શુભ-અશુભ રાગ તે આત્મા નથી એમ સત્યના ન્યાયથી સિદ્ધ થયું. આપોઆપ (અર્થાત્) આત્માએ આ રીતે સિદ્ધ થયું.

'**ભાવાર્થ :- શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દષ્ટિમાં...**' એટલે એકલો ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવને જે નય જ્ઞાન લક્ષમાં લે, એ દષ્ટિમાં ચૈતન્ય તો અભેદ છે. એમાં ભેદ-બેદ નથી. શરીર સંહનન તો નથી પણ ભેદ પણ નથી. શુદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય સ્વભાવ એકલો ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, અભેદ અભેદ, ધ્રુવ ધ્રુવ ધ્રુવ એવા સ્વભાવમાં ચૈતન્ય તો એકરૂપ છે. અભેદ એટલે એકરૂપ છે. '**અને એના પરિણામ પણ સ્વભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે.**' એના પરિણામ તો શુદ્ધ જ્ઞાન-દર્શન આદિ અભેદ પરિણામ થાય તે એના છે. સમજાય છે? સ્વભાવિક શુદ્ધ. સ્વભાવિક શુદ્ધ દર્શન-જ્ઞાન આદિ ભેદ થાય અભેદમાં એ એના પરિણામ છે.

'**પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો,...**' આટલું જુદું પાડવું છે. અભેદ પરિણામ છે ને એટલે. '**પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો,...**' પુણ્ય-પાપ આદિ ભેદો '**જોકે ચૈતન્ય જેવા દેખાય છે...**' સમજાણું? '**તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી...**' લ્યો! આત્માની દરેક દશામાં તે રહેતા નહિ હોવાથી '**ચૈતન્યશૂન્ય છે-જડ છે. વળી આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે.**' બીજો બોલ. ત્રીજો. '**ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે તેથી પણ તેઓ અચેતન છે, ચેતન નથી.**' આહાહા..!

'**પ્રશ્ન :-**' એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પો આદિ ભાવ '**જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે?**' તો તેઓ કોણ છે પણ ઈ? આ નથી તો છે કોણ ઈ? '**પુદ્‌ગલ છે?**' એ પૂછે છે, હોં! '**પુદ્‌ગલ છે? કે અન્ય કાંઈ છે?**' કાંઈક બીજું છે બીજું અંદર વળી? ભગવાન ભગવાન ઊભો છે અંદર કોઈ? કે આ બધું કરાવે. શું છે આ?

'**ઉત્તર :- પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.**' એ જે કીધું હતું એનો અર્થ ટીકાનો. કારણ જેવું કાર્ય થાય છે. એટલું. સમજાણું કાંઈ? એ મૂળ ટીકામાં જ છે ને બધું. ઓલું કરણ ને કાર્ય ને અભિન્ન કારણ એ ટીકામાં છે. સમ્મુચય વાત પાઠમાં છે. અભિન્ન કર્મ ને કરણ છે એ પણ ટીકામાં છે. પછી ટૂંકામાં અંદર મૂક્યું હોય પછી એમ જ મૂકાયને શાસ્ત્ર કોને કહે. ટૂંકામાં (મૂક્યું).

'**એ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે.**' કહો, સમજાણું?

'**હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક...**' બેય કીધું. અભ્યંતર અને બાહ્ય બેય ચીજ. વિકાર આદિ અભ્યંતર, ભેદ આદિ અભ્યંતર અને કર્મ આદિ બાહ્ય. એ '**જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે :-**'

**अनाद्यनन्तमचलं स्वयंवेद्यमिदं स्फुटम्।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।**

હવે અસ્તિથી વાત કરે છે, જુઓ! કેવો છે ભગવાન આત્મા? '**જે અનાદિ છે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી,...'** ચૈતન્ય તત્ત્વ. સમજાણું કાંઈ? કેવું છે? એમ શબ્દ લેવો છે ને? ચૈતન્ય લેવું છે ને? ચૈતન્ય લેવું છે. કોઈ કાળે ઉત્પન્ન ચૈતન્ય થાય? **'જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી,...'** બે બોલ લીધા. **'જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ-થતું નથી,...'** અનાદિઅનંત તો છે પણ કોઈ દિ' જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ છે, કો'ક દિ' જ્ઞાયક થઈ જાય અને કો'ક દિ' રાગ થઈ જાય. એમ છે નહિ. એકલો ચળરહિત અચળ જ્ઞાયકભાવ છે.

**'થતું નથી, જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે...'** લ્યો! એ તો પોતે પોતાથી જણાય એવો, રાગ ને વિકલ્પ ને એનાથી જણાય એવો આત્મા નથી. જે પોતાથી જણાય **'અને જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી-'** વસ્તુ વસ્તુ છે ત્યાં છૂપું (શું)? પદાર્થ ચૈતન્યમૂર્તિ ધ્રુવ અખંડ બિરાજમાન છે. **'એવું જે આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે,...'** જ્ઞાયકમૂર્તિ ભગવાન ચૈતન્ય ચકચકાટ ચકમકપણે જેમ ચકચકાટ પ્રકાશી રહ્યું છે **'તે પોતે જ જીવ છે.'** જ્ઞાન પ્રકાશમાન જે છે એ જીવ છે, એમ કહેવું છે. સ્વસંવેદન પોતે ચૈતન્ય અત્યંતપણે પ્રકાશિત છે. ચૈતન્ય, હોં! તે ચૈતન્ય છે એમ કહેવું છે.

ચૈતન્ય પ્રકાશમાન વસ્તુ છે અનાદિઅનંત, અચળ, સ્વસંવેદન, પ્રગટ એ. એવું જે ચૈતન્ય તે ચકચકાટપણે પ્રકાશી રહ્યું છે એ જીવ છે. એને જીવ કહેવામાં આવે છે. એવા જીવનો આશ્રય લેતાં ધર્મ અને શાંતિ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**માગશર વદ ૫, રવિવાર તા. ૧-૧-૧૯૬૭**
**શ્લોક-૪૨-૪૩, પ્રવચન-૧૩૧**

સમયસાર. જીવ-અજીવ અધિકાર એની છેલ્લી ગાથા. ૪૨મો શ્લોક છે.

**वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो**
**नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।**
**इत्यालोच्य विवेचकैः समुचित्तं नाव्याप्यतिव्यापि वा**
**व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।४२।।**

શું કહે છે? અહીં જીવ-અજીવ અધિકાર. '**હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છે :-**' એટલે કે આ આત્મા ચૈતન્ય લક્ષણે લક્ષિત થઈ શકે એવું એનું સ્વરૂપ છે. એનું લક્ષણ અમૂર્ત કે રાગ કે અજીવ એ એનું લક્ષણ નથી. કેમ કે એને લક્ષણે એ લક્ષિત થતો નથી. સમજાણું કાંઈ? એટલે કે અજીવના બે પ્રકાર. એક રંગ-ગંધ-રસવાળું અને રંગ-ગંધ-રસરહિત અમૂર્ત. પુદ્‌ગલ રંગ-ગંધ સહિત છે અને ધર્માસ્તિ આદિ તે વર્ણાદિ રહિત છે. '**માટે અમૂર્તપણાનો આશ્રય કરીને પણ જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી;...**' શું કહે છે? કે વર્ણ-ગંધ-રસ રહિત છે એમ જીવને માનવું એ તો બરાબર છે કે પુદ્‌ગલ એમાં નથી. પણ એને અમૂર્તવાળો માને તોપણ અમૂર્તના લક્ષણે તે ચૈતન્ય લક્ષિત થઈ શકે નહિ. કેમકે અમૂર્તપણું તો આત્મા સિવાય બીજા ચાર દ્રવ્યમાં પણ છે. અથવા બીજી રીતે અમૂર્તપણું આમ અમૂર્તપણે એ લક્ષિત ન થાય. એમ. ભલે આમ અમૂર્તપણું બીજા ચારમાં છે. એનું લક્ષ તો જ્ઞાન લક્ષણે લક્ષિત થાય એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એ તો એનું લક્ષણ છે નહિ. પણ ખરેખર તો રાગાદિ એ પણ એનું લક્ષણ નથી. કારણ કે રાગાદિ છે એ તો અમૂર્તમાં જાય છે. જેમ ધર્માસ્તિ આદિ અમૂર્ત છે એમ રાગાદિ અમૂર્ત છે. એ અપેક્ષાએ. એના લક્ષણે આત્મા લક્ષિત થઈ શકે નહિ. એના ચૈતન્યના જ્ઞાનલક્ષણે, જ્ઞાનલક્ષણે આત્મા લક્ષિત થઈ શકે. સમજાણું કાંઈ? આત્માની સિદ્ધિ જ્ઞાનલક્ષણે થઈ શકે. આત્માને આત્માની અસ્તિત્વતા, સત્તા શુદ્ધતા એ જ્ઞાનલક્ષણે સિદ્ધ થઈ શકે. બીજા કોઈ લક્ષણે એ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ?

તેથી કહ્યું કે '**(અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ) જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી;...**' કારણ કે અમૂર્ત તો ધર્માસ્તિ આદિ પણ છે અને અમૂર્ત તો ખરેખર જોઈએ તો રાગાદિ પણ અમૂર્ત છે પણ એ એનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? એનામાં જે લક્ષણ હોય અને બીજામાં વ્યાપે નહિ, બીજે એ લક્ષણ મળે નહિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા લક્ષણને લક્ષણ કહેવામાં આવે છે. કહે છે કે જગતના જીવો યથાર્થ સ્વરૂપને અમૂર્તપણે પણ અનુભવી શકતા નથી. એટલે જાણી શકતા નથી.

**'આમ પરીક્ષા કરીને...'** એમ છે ને? **'इति आलोच्य'** **'इति आलोच्य विवेचकैः'** એમ પરીક્ષા કરીને. ભાઈ! **'आलोच्य'**નો અર્થ છે ને એ? બરાબર છે. **'विवेचकैः'** નામ **'ભેદજ્ઞાની પુરુષોએ...'** એમ. સમજાણું કાંઈ? આત્મા રૂપીના લક્ષે લક્ષિત થાય નહિ. કારણ કે રૂપી તો પરનું લક્ષણ જડનું છે. અરૂપી લક્ષણે લક્ષિત ન થાય. કેમકે અરૂપી તો બીજા દ્રવ્યો પણ છે. એ પોતે અરૂપી છે એમ લક્ષણે પોતે લક્ષિત ન થાય એમ કહે છે. આમ યથાર્થ પરીક્ષા કરી એનું એંધાણ, એનું ચિહ્ન, એનું લક્ષણ લક્ષ કરવા લાયક જીવ, એનું લક્ષણ, ધ્યેય કરવા લાયક જીવ એનું જ્ઞાન એ એનું લક્ષણ છે. આ જ્ઞાન તે આત્મા, એમ તે જ્ઞાનથી આત્માનો અનુભવ થઈ શકે છે. માટે તે જ્ઞાન એનું ખરું લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ?

એમ કહીને તો (એમ કહ્યું કે) વ્યવહારરત્નત્રય રાગ એનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? એનું લક્ષણ એ નથી. એને જાણનારું જ્ઞાન, તને જાણવાવાળું જ્ઞાન છે તે તેનું લક્ષણ છે. સમજાણું કાંઈ? **'इति आलोच्य'** એમ પરીક્ષા કરીને ભગવાન આત્માને ભેદજ્ઞાની જીવ. એટલે કે કર્મથી ભિન્ન, રાગથી ભિન્ન, બીજા અમૂર્ત પદાર્થથી પણ ભિન્ન. એમ **'ભેદજ્ઞાની પુરુષોએ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત...'** એટલે પોતાના લક્ષણે લક્ષિત થાય એવા લક્ષણથી બીજા જે લક્ષણો અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ. પોતામાં ન વ્યાપે અને પોતા સિવાય બીજામાં પણ વ્યાપે એવા લક્ષણથી રહિત **'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે...'** લ્યો!

આ જીવ અધિકાર છે. એટલે અજીવના લક્ષે જીવનું જ્ઞાન નહિ થાય. અજીવના બે પ્રકાર પુદ્ગલ અને અમૂર્ત. એનું લક્ષ કર્યે આ લક્ષ નહિ પ્રાપ્ત થાય. ખરેખર તો પુણ્ય-પાપના વિકલ્પોના લક્ષે પણ એ પ્રાપ્ત નહિ થાય. કેમકે એ એનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? એમ **'ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે.'** તે જ એને બેસતું છે અને તે રીતે તે પકડ થઈ શકે છે. સમજાણું કાંઈ? આવ્યા ને.

**'તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે,...'** ઈ શું કહે છે? કે જ્ઞાનનો ભાવ પ્રગટ પર્યાયમાં છે. આનંદાદિ પ્રગટ નથી. સમજાણું કાંઈ? તે ચૈતન્ય સ્વરૂપ, ચેતનનું ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી એની પ્રગટ દશા જ્ઞાનની પ્રગટ છે. સમજાણું કાંઈ? કે જે પ્રગટ પર્યાય દ્વારા એ આત્મા જાણી શકાય છે. સમજાણું આમાં? **'તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે...'** ચૈતન્ય લક્ષણ તે પ્રગટ છે, તેણે-જ્ઞાન લક્ષણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે. આ આત્મા. જ્ઞાનલક્ષણથી એકાકાર થાય, જ્ઞાનથી એકાકાર .. થાય જે જીવે એણે જ્ઞાનલક્ષણે જીવનું અભેદ વાસ્તવિક સ્વરૂપ તેના લક્ષમાં આવે છે અને પ્રગટ કર્યું છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? આમાં તકરાર ક્યાં છે? કહો, આમાં તે વ્યવહારથી પ્રાપ્ત થાય એમ ક્યાં આવ્યું આમાં? સમજાણું? ત્યારે કહે છે, પર્યાય છે પ્રગટ એ તો વ્યવહાર છે અંશ. ભેદ છે. એ ભેદ છે એ કેનો છે? કેને બતાવે છે? એમ ત્યાં સિદ્ધ કરવું છે. ભેદ ભેદને બતાવતું નથી. આહા..! રાગ એને નહિ બતાવી શકે. ચૈતન્યના એકરૂપ સ્વભાવને રાગ નહિ બતાવી શકે. રાગમાં ક્યાં ચેતનપણું છે? રાગ તો અચેતન છે. સમજાણું કાંઈ? પરવસ્તુ પણ પોતામાં નથી. એની દશામાં એ નથી. એના લક્ષે પણ આ લક્ષણ આ પ્રગટ થઈ શકતું નથી. એક જ એનું સ્વરૂપ છે કે જે જ્ઞાનની પર્યાય પ્રગટ છે, એને અંતરમાં લક્ષણને વાળતાં લક્ષ ઉપર એની દૃષ્ટિ જાય ત્યારે આત્મા કેવો છે એ એને પ્રગટ થાય. સમજાણું કાંઈ?

**'અને તે અચળ છે-ચળાચળતા રહિત,...'** છે. એ કાંઈ જ્ઞાનસ્વરૂપ એનું કાંઈક થોડુંક રહે છે અને કોઈ વખતે ચાલ્યું જાય છે એમ છે નહિ. **'સદા મોજૂદ છે.'** છે ને? '**व्यक्तं व्यज्जितजीवतत्त्वमचलं**'. **'જગત તેનું જ અવલંબન કરો!'** એટલે જગતના જીવો, હે આત્માઓ! એમ જગતનો અર્થ. છે ને? '**चैतन्यमालम्ब्यताम्**'. સમજાણું? જગત છે ને બીજી લીટીમાં? જગત-જગત. '**जीवतत्त्वम**' જીવનું તત્ત્વ જ્ઞાનલક્ષણ છે. એનાથી આત્માનું આલંબન કરો, આલંબન કરો. '**(તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.)**' આપણે છેલ્લી ગાથા જીવની. આખો જીવ ચૈતન્ય ભગવાન જ્ઞાનલક્ષણે પકડી શકાય. બાકી એનું લક્ષણ બીજું છે નહિ. કહો, સમજાણું કાંઈ?

રાગનું કે અજીવનું એનું લક્ષ તો પર ઉપર આમ જાય છે. સમજાણું કાંઈ? આમાં કહ્યું છે પ્રવચનસારમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને લક્ષણ કહીને તારવ્યું છે. ત્યાં એ અપેક્ષાએથી વાત લીધી, ત્યાં એવું આવે છે. એ તો ત્યાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ લક્ષણમાં ઉત્પાદ બધા રાગાદિ પણ આવે. .. લક્ષણ છે. એ તો એમ કરીને સમ્મુચય અનંત ગુણની પર્યાય સહિતને લઈને વાત કરી. ત્યાં આવે છે પ્રવચનસારમાં, હોં! લક્ષણનું.

અહીંયાં તો જે એનો પ્રગટ પર્યાય-પ્રગટ જ્ઞાન છે, એ એના લક્ષણ છે અને એના વડે કરીને પકડાય. તે પર્યાયને-લક્ષણને અંતર લક્ષમાં વાળતાં ત્યાં લક્ષ ત્યાં ચોટી જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? રાગના લક્ષણેથી લક્ષથી કાંઈ અંદર ચોંટતો નથી. ત્યારે એ તો પરવસ્તુ પરલક્ષ ઉપર જાય છે. સમજાણું કાંઈ? કેમ કે એનો ચૈતન્યનો જે અંશ છે પ્રગટ લક્ષણ, એ અંતર વાળતાં એ જ્ઞાનમાં એકાકાર થાય છે. ચોંટે છે એટલે એકાકાર થાય છે. પકડે એટલે આ ભલે સામાન્ય છે એને એવું લક્ષ નથી ત્યાં. સમજાણું કાંઈ? એ જ્ઞાન એમાં જતાં એનું સ્વરૂપ છે તો એમાં એકાકાર થઈ જાય છે. ત્યાં આગળ એને દૃષ્ટિમાં, અભેદમાં લીન થઈ જાય છે. એ જ્ઞાનપર્યાય ત્યાં ચોંટે છે. એકમેક થઈ જાય છે. માટે તે જ્ઞાનલક્ષણે આત્મા પ્રગટ થાય છે. બીજું કોઈ લક્ષણ છે નહિ. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ?

મુમુક્ષુ :- ચોંટે છે એમાં...

ઉત્તર :- ચોંટે એમાં .. પર્યાય કહો, ચોંટે એકાગ્ર થાય એ. એ ચોંટે વળી કેમ આવ્યું? મથુરભાઈ કાલે ગયા હતા ને? એ મથુરભાઈ બોલ્યા હતા. શ્રીમદ્‌ના બાર ઘર છે. બાર ઘરનું ગામ નાનું છે. .. અડધો કલાક ત્યાં ગયા હતા. માણસ બહુ નરમ છે. પણ એ બધી વાત કરતાં કરતાં પાછું એ નીકળી ગયું કે જીવનું સ્વસ્વભાવનું પ્રગટ થવું તેને મોક્ષ કહે છે. એ પત્ર એક છે. જીવના સ્વસ્વભાવનું પ્રગટ થવું તેને મોક્ષ કહે છે. જીવનો સ્વસ્વભાવ કાંઈ જીવથી જુદો નથી. એ જીવ પોતાના સ્વભાવમાં લીનતાને પામે છે તેને મોક્ષ કહે છે. એ શબ્દ છે. આખો પત્ર છે. એ કુદરતે બહાર નીકળ્યા ને.. પુસ્તક લાવો, કીધું. નીકળ્યું. પછી અડધો કલાક ત્યાં રોકાણા. એણે પછી ત્યાં પાલેજ આવીને વાત કરી.

મહારાજ! એમ તમે કહ્યું કે આ જ્ઞાનના લક્ષણ સ્વભાવથી સહિત છે એમાં ચોંટી જા. એમ ભાષા બોલ્યો હતો એ. મેં તો ત્યાં કહ્યું હતું કે એમાં એકાકાર થવું. સમજાણું? બધે તરફથી વૃત્તિને ખેંચી અને જ્ઞાનની દશાને અંતરમાં વાળવી, એકાકાર થવું તે જ આત્માને પકડવાનો હેતુ છે. બીજો કોઈ ઉપાય એનો છે નહિ. ત્યારે એ ત્યાં એને પછી બોલાવ્યા હતા. આ જ ચોંટવાનું છે. સાચી વાત, કીધું. પાટીદાર છે. સરળ ભદ્રિક. ગૃહસ્થો છે બધા. ૫૦-૫૦ હજાર ૬૦-૬૦ હજારની ઉપજ છે વર્ષની. વર્ષની ખેતીની. એટલે બાર ઘરનું ગામ. પણ આ ચીમનભાઈ જરી ભક્ત ...એ પણ કોઈ .. ત્યાં. એના ઘરમાં નહિ પણ બીજાના ઘરમાં એક ફોટો હતો. ત્યાં શ્રીમદ્‌નો. સાથે ..સ્વામીનો છે ને આવે છે ને શ્રીમદ્‌માં આવે છે. ...આદિ અન્ય મતમાં થઈ ગયા. એમ કે એ પાત્ર એવા. .. એક ફોટો અને એક શ્રીમદ્‌નો ફોટો. વિવેક કરતા આવડે નહિ. એય..! ન્યાલભાઈ! ઓલા પત્રમાં લખ્યું છે ને. અન્યમતિ કોળીમાં પણ એમ કે એવી ભાષા હતી.. માર્ગાનુસારી થઈ ગયા છે, એવું લખ્યું છે. વસ્તુ બહાર આવી. .. એ રીતે પહેલા .. હળવે હળવે નીકળી જશે. પહેલું અમને એ રાગી છે ...'શ્રીમદ્'નો ફોટો રાખ્યો છે ત્યાં. હળવે હળવે કાઢી નાખશું. આણે તો રાખ્યો નથી. બાપુ! આ વસ્તુ જુદી છે. કીધું. કોઈની સાથે કાંઈ મેળ ખાય એવું નથી. એમ ન સમજો આ જૈનદર્શન એટલે શ્રીમદ્ કાંઈ કહે છે એ બીજી ચીજ છે અને જૈનદર્શન બીજી ચીજ છે એમ નથી.

આત્મા પરિપૂર્ણ ચૈતન્ય સ્વરૂપ એનો સ્વભાવ જ છે શુદ્ધ. એની શક્તિની વ્યક્તતા પૂર્ણ થવી એનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી ચીજ નથી. એ મોક્ષ કેમ થાય છે? કે જીવના સ્વભાવમાં લીન થવાથી થાય છે. પછી ચાહે તો શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતાથી લીન થતાં થતાં થાય છે. એક જ વાત છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. લીન થવું એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય સિદ્ધ કરે છે. અનંત ગુણો પ્રગટ થાય છે તો લીનતામાં અનંત ગુણ સિદ્ધ કરે છે. અનંત ગુણનું એકરૂપ દ્રવ્યમાં લક્ષ જતાં તે બધા ગુણો પ્રગટ થાય છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને સિદ્ધ કરે છે. એ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. કોઈ વેદાંત-ફેદાંતમાં ક્યાંય આ વાત ન હોય. એય..! શશીભાઈ! પછી તો સાંભળનાર બધા રસિયા હતા ને. સમજાણું કાંઈ?

અહીં તો સ્પષ્ટ વાત છે, કીધું. વસ્તુની સ્થિતિ આવી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયવાળી. એને આ રીતે કીધી. જીવ સ્વભાવમાં પૂર્ણ છે. એ જીવ સ્વભાવ રહિત નથી. એ સ્વભાવનું શક્તિપણું છે તેનું પૂર્ણ પ્રગટપણું થવું તેને મોક્ષ કહે છે. આત્મસિદ્ધિમાં એમ કહ્યું. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' અહીંયાં આમ કહ્યું છે. એક તો જીવ સિદ્ધ કરવો, એનો સ્વભાવ સિદ્ધ કરવો, એનું પ્રગટપણું સિદ્ધ કરવું. પ્રગટપણું થાય કેમ? કે જીવના સ્વભાવમાં જીવનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ એકાકાર છે. એમાં એકાકાર ધ્રુવ ન થાય. એકાકાર વર્તમાન ચાલતી પર્યાય એકાકાર થાય. કારણ કે એકાકાર આમ છે તો આમ થાય એ પર્યાય થાય. એ પર્યાયનો જ્યાં સ્વીકાર નથી તેને આ દશા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. '**જગત તેનું જ અવલંબન કરો!**' ભગવાન જ્ઞાયકમૂર્તિ, એને જ્ઞાનલક્ષણે પકડો. સમજાય છે? એ જ આલંબન છે. બીજું કોઈ આલંબન છે નહિ. '**चैतन्यमालम्ब्यताम्**' છે ને? ચેતનનું આલંબન. જુઓ! પછી એમાં વાંધા ઉઠાડે છે ને? તો પછી આ મૂર્તિ અને દેરાસરનું આલંબન ખરું કે નહિ? ફલાણાનું ખરું કે નહિ? નામ સ્મરણનું ખરું કે નહિ? હવે એ બધા શુભરાગ હોય ત્યારે હોય. સાંભળ! આપણે તો આલંબનને માનનારા છીએ. વળી એમ કહે. આ આલંબન તમે બીજી જાતનું કીધું. બેય-શાસ્ત્ર પણ આલંબન નથી અને મૂર્તિ આલંબન નથી. એ બધા રાગ વર્તે છે. આલંબન તો જ્ઞાનને અંતરનું છે એનું નામ આલંબન છે. કહો, શોભાલાલભાઈ! એમ કહે છે, જુઓને પાઠ શું છે?

જે સ્વરૂપને પ્રગટ કર્યું છે જે ચૈતન્યલક્ષણ પ્રગટ છે એણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે. પ્રગટ કર્યું એટલે છે તો છે પણ એને જણાવ્યું કે આ ચૈતન્ય. તે અચળ છે. ચળાચળ રહિત છે. સદા મોજૂદ છે. જગત! હે જગતના જીવો! એનું જ આલંબન કરો. તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ નામ અનુભવ થશે. ગ્રહણ નામ અનુભવ થશે. એ સિવાય આત્માનો અનુભવ થશે નહિ. આ જ કઠણ પડે. આનાથી થશે અને બીજાથી નહિ થાય. કહે, ના બીજાથી થાય અને આનાથી થાય, બે કહો તો અનેકાંત કહેવાય. કહો, ભગવાનના દર્શનથી નિધત અને નિકાચિત કર્મ તૂટે એવું ધવલમાં છે. લ્યો! અહીં તો ના પાડે છે કે ના. આણે ખોટી વાત કરીને ત્યાં કીધું હશે? ત્યારે કેટલાક ત્યાંની ખોટી વાત કરીને અહીં કીધું હશે? વળી એમ લે આમાં. એમ પણ નથી. તમે જ્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ કહો કે આ વાતને ખોટી પાડીને બીજે ઠેકાણે હોય. તો અમે કહીએ છીએ કે એ વાતને ખોટી પાડીને બીજે ઠેકાણે હોય? ન હોય. ત્યાં આગળ એનું નિમિત્તનું લક્ષ હતું કે આવા વીતરાગતા હતા, નિષ્ક્રિય હતા. નિષ્ક્રિય શબ્દે રાગ વિના. સમજ્યા? રાગ વિના નિષ્ક્રિય હતા. ઠરી ગયા હતા બિંબ જેવા. એનું લક્ષ પહેલું હતું. પછી લક્ષ ગયું અહીં. આ વીતરાગ સમરસી સ્વરૂપ નિષ્ક્રિય છે નામ રાગ વિનાનું છે. તેવા જ્ઞાને જતાં પકડ્યું એને. એથી એમ કહેવામાં આવ્યું કે જિનના દર્શન(થી નિદ્ધત નિકાચિત કર્મ તૂટે છે). ખરેખર જિનદર્શન તો આત્મા છે. કહો, સમજાણું કાંઈ? પોતાનું જિનપણું છે એ બહારના જિનપણાનું તો પહેલું લક્ષ હતું. લક્ષ ત્યાંથી છૂટીને અહીં ગયો એટલે એમ કહેવામાં આવ્યું કે આનાથી આ થયું. એમ છે નહિ. કહો, સમજાણું?

હે પ્રભુ! તમારી મૂર્તિ! આવે છે ને? 'શ્રીમદ્'માં આવે છે. ધ્યાનનું કારણ અને ફલાણું કાર્ય એવું આવે છે. સ્વરૂપનું કારણ અને ધ્યાનનું કાર્ય ઠરવું એ. એને અહીં ઉથાપી.. એ તો લક્ષ કરાવ્યું છે. ભાઈ! એક મૂર્તિ પણ ભગવાનના શાસ્ત્રમાં અનાદિથી ચાલી આવે છે. એ વસ્તુ ન માને તો એના જ્ઞાનમાં જે વ્યવહાર ઉઠે છે કે આ ભગવાન છે. વ્યવહારનય છે એને એમ જાણે છે જ્ઞેયને .. એથી જ્ઞાન ખોટું પડે છે. સમજાણું કાંઈ? આમ તો જ્ઞાનમાં કાર્ય થાય ત્યારે તો આલંબન એક જ છે. પણ જ્યારે રાગ આવે છે ત્યારે જ્ઞાનનો પર્યાય વ્યવહારનયને સામે લક્ષ કરે છે. ભગવાન છે એમ વિકલ્પ ઉઠે છે. એટલે એનો આધાર બાહ્ય નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત. છે તો પોતે ને પોતે એનાથી ભાવ ઉભો કરેલો છે. પણ એવો વ્યવહારનિક્ષેપ પણ જો ઉડાવે તો વસ્તુ છે એ સિદ્ધ યથાર્થ થશે નહિ. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- નિશ્ચયથી વર્ણાદિભાવો-વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા-**'જુઓ! સમજાણું કાંઈ? વર્ણાદિ આદિ આવે છે ને? શ્લોક આવે છે ને? શ્લોક છે ને આગળ. એ આવી ગયો છે પહેલો. ... જીવથી જુદા છે. છે ને. એ શ્લોક છે. કેટલામો છે? વર્ણાદિ પહેલા ગયું ને? કેટલામું ગયું? ૧૧૦ પાનું. હા. એ.

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः**

૩૭મો કળશ. ૩૭.

**तनैवान्तरस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युददृष्टमेकं परं स्यात्।।३७।।**

૫૦ થી ૫૫. ૫૦ થી ૫૫ ગાથા. એનો એ કળશ છે.

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**पुंस**' નામ ભગવાન પુરુષ આત્મા. પુરુષ-પુરુષોત્તમ પ્રભુ આત્મા. એનાથી વર્ણાદિ, રાગાદિ ભિન્ન. '**तरस्तत्त्वतः पश्यतो**' અંતર જોતાં '**नो दृष्टाः**'. ત્યાં દેખાતા નથી. છે નહિ. '**मेकं परं स्यात्**' ઉત્કૃષ્ટ જ્ઞાયકભાવ જ એક જ દેખાય છે. માટે તે રાગાદિ વર્ણાદિ, રાગ ને રંગ એના નથી. અથવા રંગ અને રાગ એના નથી. '**वर्णाद्या**'માં રંગ આવ્યો. રંગ અને રાગ એનામાં નથી.

'**વર્ણાદિભાવો-વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા-જીવમાં કદી વ્યાપતા નથી...**' કોઈ દિ' વ્યાપતા નથી. તેથી વ્યાપ્તિ પુદ્‌ગલથી છે. તેની વ્યાપ્તિ પુદ્‌ગલમાં જ છે. એમ લઈ લેવું અદ્ધરથી હોં! છે શબ્દ? સુધારામાં? ત્યાં લખ્યું છે કયાંક. હિન્દીમાં છે. તેની વ્યાપ્તિ પુદ્‌ગલથી છે. સમજાણું કાંઈ? છે એમાં? '**ઉનકી વ્યાપ્તિ પુદ્‌ગલસે હી હૈ.**' આમાં છે. એ જરી વધારાની પ્રતમાં છે. '**વર્ણાદિક સે ઔર રાગાદિક કા ભી પૂર્ણ હૈ તો રાગાદિ જીવ કા લક્ષણ કહા જાયે તો ઈનમેં વ્યાપ્તિ પુદ્‌ગલ સે હૈ. જીવકી સબ અવસ્થા મેં વ્યાપ્તિ નહીં.**' સમજાય છે?

રંગ-રાગ બેય આત્માની સાથે વ્યાપતા નથી. વ્યવહારત્નત્રય વિકલ્પ એ પણ આત્મા સાથે વ્યાપ્ત નથી. એ પુદ્‌ગલ સાથે વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? નિશ્ચય અને વ્યવહાર બે ભિન્ન ચીજ છે. નિશ્ચય જ્યારે જીવસ્વરૂપ છે તો એ અજીવસ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપ આ છે તો એ બધા અચેતનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ '**જીવમાં કદી વ્યાપતા નથી.**' તેની વ્યાપ્તિ પુદ્‌ગલથી છે. ઠીક છે, વધારે સ્પષ્ટ થાય. '**તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ;...**' સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ વિકલ્પ જે છે એ પુદ્‌ગલની સાથે રહેલો છે, વ્યાપેલો (છે). આત્મા સાથે વ્યાપેલો નથી. આત્મા સાથે હોય તો જુદાં કદી પડે નહિ. બધી અવસ્થામાં નથી.

'**વ્યવહારથી તેમને જીવનાં લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે...**' એમ. નિશ્ચયથી તો નહિ. એમ કહે છે. વ્યવહારથી-ઉપચારથી પણ તેમને રાગને પુણ્યને, દયા, દાન, વ્રત ભાવને જીવના લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે. કારણ? અવ્યાપ્તિ એટલે બધે ઠેકાણે વ્યાપ્યું નથી. '**કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી.**' સિદ્ધની પર્યાયમાં વર્તમાન અવસ્થાપણે પણ તે છે નહિ. માટે વ્યવહારથી પણ તે આત્મામાં છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું?

'**માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.**' વર્ણાદિમાં બધું આવી ગયું. રાગ અને રંગ પુણ્ય, દયા, દાન વ્રતાદિના શુભભાવ એનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી. એક એક શ્લોક અને એક એક લીટીમાં જે ભાવ આમાં (છે એ) વ્યવહારી જીવોને તો એવા કઠણ પડે.

'**અમૂર્તપણું જોકે સર્વ જીવોમાં વ્યાપે છે તોપણ તેને જીવનું લક્ષણ માનતાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્‌ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી,...**' એટલે અહીં પણ અમૂર્ત અને ત્યાં પણ અમૂર્ત. એટલે બેમાં વ્યાપી જાય માટે તેને અતિવ્યાપ્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે,...**' અતિવ્યાપ્તિ એટલે આત્મા સિવાય બીજામાં પણ એ રહે છે. અવ્યાપ્તિ એટલે આત્માના દરેક પર્યાયમાં નથી એને કહેવું તે અવ્યાપ્તિ છે. આત્મામાં પણ છે અને બીજામાં પણ છે એવું કહેવું એને અતિવ્યાપ્તિ કહેવાય. એટલે એ વાસ્તવિક લક્ષણ કહેવાય નહિ. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે એ. શરૂઆતમાં જ આવે છે. '**એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.**'

'**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપ્તું હોવાથી...**' એ અસંભવ કાઢી નાખ્યું છે. પણ એમાં.. જીવને રૂપી કહેવો તો અસંભવ છે. કોઈ દિ' છે નહિ. '**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી...**' એટલે? સર્વ જીવોમાં જ્ઞાનલક્ષણ સદા રહે છે. '**અવ્યાપ્તિ દોષથી રહિત છે, અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિ દોષથી રહિત છે; વળી તે પ્રગટ છે;...**' ઓલાનો અર્થ કરે છે. એ લક્ષણ જ્ઞાનપર્યાય પ્રગટ છે. '**તેથી તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે.**' પ્રગટ જ્ઞાનની પર્યાય એ પ્રગટ છે તેને પકડવાથી... એને પકડવા જાય એટલે એ પર્યાય અંદરમાં વળે છે. એ લક્ષણે જ આત્મા પકડી શકાય અને અનુભવ થઈ શકે છે. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ?

'**હવે, જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે?-એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :-**'

**जीवादजीवमिति लक्षणतो विभिन्नं**
**ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।**
**अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं**
**मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।**

'**શ્લોકાર્થ :- આમ પૂર્વોક્ત...**' પૂર્વે ઉક્ત કહેલાં '**જુદાં લક્ષણને લીધે...**' જીવનું લક્ષણ અને રાગાદિ અને રંગાદિનું લક્ષણ બેના જુદાં સ્વરૂપ હોવાને કારણે '**જીવથી અજીવ ભિન્ન છે...**' જીવથી અજીવ ભિન્ન છે. કહો, સમજાણું? '**તેને (અજીવને) તેની મેળે જ (-સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-**' રાગ અને શરીરાદિની પર્યાય આત્માથી ભિન્નપણે થતી '**પરિણમતું જ્ઞાનીપુરુષ અનુભવે છે,...**' એટલે કે એનાથી જુદો આત્માને અનુભવે છે, તે એનાથી જુદો રહી જાય છે. ભાષા તો એમ છે કે અજીવને ભિન્નપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમતું જ્ઞાનીપુરુષ અનુભવે છે. સમજાણું કાંઈ? એનો અર્થ કે અજીવથી જુદો પડતાં આત્મા પોતાનો અનુભવ કરી શકે છે. માટે તે અજીવને પોતાના સ્વરૂપથી ભિન્નપણે તેનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ?

એ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી, જીવના સ્વભાવથી રાગ ભિન્નપણે વિલસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ જે અજીવ છે, પુણ્ય-પાપના ભાવ જે અજીવ છે, તેને ભેદજ્ઞાની જીવો એની મેળે વિલસતું-પરિણમતું. એની મેળે રાગાદિ થતો (અનુભવે છે). સ્વભાવના આશ્રયથી થતો નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવના લક્ષણે લક્ષિત થઈને અનુભવતાં એનો ભિન્ન અનુભવ રહી જાય છે. એ પોતાના અંતર અનુભવમાં આવતા નથી. અને ભિન્ન વિલસતું પરિણમતું અનુભવે છે. એટલે એ જાણે છે. સમજાણું કાંઈ?

અરે..! આવા ભિન્નપણાપણે રહ્યા છતાં, એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનલક્ષણે લક્ષિતપણે રહ્યો છતાં, રાગાદિ પરલક્ષણે ભિન્નપણે રહ્યા છતાં, ધર્મી તેને ભિન્નપણે જાણવાના ભાવે રહેવા છતાં, અજ્ઞાનીને આમ કેમ બેની એકતા થઈ જાય છે? એમ કહે છે. સમજાણું કાંઈ? '**તોપણ અજ્ઞાનીને અમર્યાદપણે ફેલાયેલો આ મોહ...**' જોયું! ભ્રાંતિ છે, હોં! કર્મની વાત નથી અહીંયાં. ભગવાન આત્મા આમ ચૈતન્ય લક્ષણથી અનુભવ કરાય એવી જે ચીજ છે. અને એના અનુભવમાં રાગાદિનો અનુભવ ભિન્ન રહી જાય છે. એનું જ્ઞાન ભિન્ન આ છે, એમ જ્ઞાન રહી જાય છે. રાગાદિ ભિન્ન છે એમ એનું જ્ઞાન રહી જાય છે. રાગાદિ આમાં એક છે એવું જ્ઞાન ત્યાં રહેતું નથી. છતાં અરે..! આ ભિન્નને આમ કેમ થઈ ગયું? સમજાણું કાંઈ?

અજ્ઞાનીને અનાદિનો ફેલાયેલો આ મોહ અમર્યાદિત છે. '(**અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ**) **કેમ નાચે છે**–' આ કેમ થાય છે? જુઓ! અહીં તો આશ્ચર્ય કર્યું છે. જીવ-અજીવની વ્યાખ્યા છે ને? ભાઈ! તે જીવપણું, ચૈતન્યપણું એ તો ભિન્ન વિલસે છે અને એનાથી રાગાદિ ભિન્ન પરિણમે છે. રાગાદિ ભિન્ન પરિણમે છે. તદ્દન જુદાં રહીને જુદાંપણે ટકી રહ્યા છે. એ આત્મામાં અંતર જ્ઞાનના અનુભવમાં એ ભિન્નપણે જ્ઞાન થાય છે. આમ ભિન્નપણે જ્ઞાન થતાં છતાં અજ્ઞાનીને બેની એકતાનો અનુભવ કેમ થાય છે? એમ કહે છે. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા ચૈતન્ય લક્ષણે લક્ષિત થઈ અનુભવાય, ત્યાં રાગાદિ ભિન્નપણે વિલસતા, પરિણમતા, ટકતા ભાસે છે. એનું જ્ઞાન. આવું અનેકપણું હોવા છતાં અને અનેકપણે રહેવા છતાં જ્ઞાનીને અનેકપણે ભાસન હોવા છતાં, અજ્ઞાનીને એકપણું કેમ ભાસે છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને આ રાગથી લાભ થાય અને રાગથી આત્માની પ્રાપ્તિ થાય એવું એકપણું કેમ ભાસે છે? એટલે પરના લક્ષ કરીએ પહેલાં તો પછી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વનું લક્ષ થાય, આ બે એકપણું કેમ બેસે? એમ કહે છે. શશીભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેમ બેસે?

ઉત્તર :- અજ્ઞાનને લઈને, કહે છે ને. મર્યાદા વિનાનો મોહ ફેલાયેલો છે કે જેને બેની ભિન્નતા ભાસે છતાં, જ્ઞાનીને ભિન્નતા ભાસે કેમ કે ભિન્ન છે. ભિન્નતા ભાસે છે, કેમ કે ભિન્ન છે. એવા ભિન્નતા ભાસનારને ભિન્ન છે એવું ભાસે છે છતાં એકપણે અજ્ઞાનીને કેમ ભાસે છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વભાવ-જ્ઞાનસ્વભાવથી ભિન્ન (છે). કારણ કે એ રાગનું લક્ષ છૂટી જાય છે. અને જ્ઞાનના લક્ષે અંતર અનુભવ થાય ત્યાં પરપણું ભિન્ન રહી જાય છે. અને ભિન્ન હતું તો ભિન્નપણે રહી જાય છે. તો અરે..! આ ભિન્નપણે રહેનારાને આ અભિન્નપણે કેમ માને છે? નરભેરામભાઈ! આવો રંગ ક્યાંથી ચડી ગયો? એમ કહે છે. અમારે તો રાગની મંદતા એ અમને કલ્યાણનું કારણ થાય. અમારે તો રાગનો મંદ ભાવ કરતાં કરતાં આત્માની પ્રાપ્તિ થાય. કહે છે કે આ બધી એક્તા ક્યાંથી ઊભી થઈ? અનાદિ અજ્ઞાનીનો અમર્યાદ ફેલાવ બહુ વિસ્તરી ગયો. અભિપ્રાય ભ્રાંતિ. ભ્રાંતિનો ભ્રમ વધી ગયો. આહાહા..! સ્વ-પરના એકપણાની ભ્રાંતિ કેમ પરિણમે છે? એમ કહે છે અહીં. નાચે છે એટલે આ બે એક થઈને કેમ પરિણમે છે? બે જુદાં જુદાં પરિણમે છે. માથે લીધું ને? ભિન્ન વિલસતું-પરિણમતું જ્ઞાનીપુરુષ અનુભવે છે. આહાહા..! ભગવાન આત્મા આમ જ્ઞાન લક્ષણે સ્વરૂપ ભિન્નપણે એને જાણે છે, જ્ઞાનના સ્વભાવને અભિન્નપણે જાણે છે. આવું જ સ્વરૂપ જ્યાં છે ત્યાં બેની એક્તાના અનુભવ કરીને કેમ આ પરિણમે છે? પરિણમવું તો ભિન્નતાએ પરિણમવું જોઈએ. સમજાય છે કાંઈ? એને ભિન્ન રાખીને પરિણમવું જોઈએ. અથવા પોતામાં પરિણમીને એને ભિન્ન રાખીને જાણવું જોઈએ.

મુમુક્ષુ :- પોતામાં પરિણમીને એને ભિન્ન રાખીને જાણવું જોઈએ એટલે?

ઉત્તર :- એ જાણે એનો અર્થ કે ભિન્ન આમાં આવ્યું નહિ એટલે એ સંબંધીનું જ્ઞાન રહ્યું કે આ ભિન્ન છે એવું અભેદનું જ્ઞાન થતાં ભિન્નનું આમાં નથી એવું જ્ઞાન રહ્યું. એ નિશ્ચયનું ભાન થતાં વ્યવહાર બાકી રહ્યો એનું જ્ઞાન રહ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે ને. અને એના શબ્દો તે આચાર્યોના ઘા, અંદરથી ઝીણા ઘા મારે છે. ભાઈ! તું ભગવાન છો ને. તારું જ્ઞાનલક્ષણ તો અંશે પ્રગટ છે ને. પ્રગટ છે. એને દોરે જાવું જોઈએ ત્યાં. તો ત્યાં આગળ રાગાદિનું પરિણમવું તે ભિન્ન રહી જાય છે. આમાં ભેગું પરિણમતું નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાનના લક્ષણેથી જ્ઞાનના જાણવાની દશા તે તેની આની છે. એમ થતાં આની છે એટલો વિકલ્પ છે. પણ આ જ્ઞાન આમ જતાં ત્યાં એક થાય ત્યાં. એનાથી ભિન્ન રાગાદિનું પરિણમવું થાય એવું જ એનું સ્વરૂપ છે. ત્યાં અજ્ઞાનીને આ ને બે એક છે એવા પરના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષે પડ્યો અને સ્વને લાભ થશે આવી એકતાની અનુભૂતિનું પરિણમન કેમ અજ્ઞાનીનું છે?

મુમુક્ષુ :- ચૈતન્યવિકાર...

ઉત્તર :- વિકાર, વિકાર જડનો છે. આત્માનો નથી એમ કહે છે. ચેતન જેવો ભાસે છે પણ ચેતનનો નથી. આહાહા..!

ભક્તિના પુણ્ય પરિણામ, જાત્રાના પુણ્ય પરિણામ, નામસ્મરણના પુણ્ય પરિણામ. પહેલું મંગળિક કરો. નમો અરિહંતાણં... એ વિકલ્પ આવે. કહે છે કે પણ એ વિકલ્પનું અંદરમાં સ્વભાવથી ભિન્નપણે પરિણમન થતાં વિકલ્પ જુદો પરિણમે છે તેમ એના જ્ઞાનમાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? છતાં બેની એકતાને કેમ પરિણમાવે છે? એમ કહે છે. નાચે છે એટલે પરિણમે છે. અરે..! બેની એકતાની ભ્રાંતિને કેમ નચાવે છે? નાચે છે આ તે નાચ કઈ જાતનું પરિણમન? એમ કહે છે. રાગ ને વિકલ્પ અને ચૈતન્ય સ્વભાવ બે એક છે, એનો અર્થ એ કે એના લક્ષે મારું સ્વરૂપ પ્રાપ્ત થશે, આવી એકતાનું નાચનું પરિણમન કેમ થાય છે? આચાર્ય કહે છે, અમને મહા આશ્ચર્ય પણ છે, ભેગો ખેદ છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપસૂર્ય પ્રભુ, ચૈતન્યના પ્રકાશના નુરના પૂર પડેલા છે આખા. એની વ્યક્તિરૂપે દશા પ્રગટ જેની જાતની છે, એ પ્રગટ દશા વડે તેમાં જતાં એની એકતા થાય તે તેનો સ્વભાવ છે. રાગ સાથે એકતા થાય તે તેનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ પુણ્ય-પાપ પુણ્યનો વિકલ્પ છે, એનાથી એકતા થાય એ એનું સ્વરૂપ નથી. અને જ્ઞાનલક્ષણે થઈને એકતા થાય એ તો એનો સ્વભાવ છે. એથી સ્વભાવના ભાનમાં પરને જુદું અનુભવે છે એટલે આ જુદું છે એમ એના જ્ઞાનમાં, ભલે ઉપયોગ ભલે ખ્યાલ ન હોય પણ આ જ્ઞાન જ એવું ત્યાં રહી જાય છે કે જુદું છે તેમ જ્ઞાન તેને જાણે છે. કેમ કે તે રીતે તે છે. સમજાણું કાંઈ? આ રીતે હોવા છતાં અરે..! વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન અને રાગના સ્વરૂપનું અજ્ઞાન, બેયનું અજ્ઞાન, બેય અજ્ઞાન. ભિન્ન વિલસતાનું જ્ઞાન અને સ્વપરિણમનનું જ્ઞાન બે એકરૂપ થાય છે. ત્યારે આ રાગ અને ભિન્ન વસ્તું બેનું અજ્ઞાન. આ જ્ઞાનલક્ષણે લક્ષિત ચૈતન્ય અને રાગ ભિન્ન છે, એને એકપણે માનીને રાગના લક્ષથી આત્મા પ્રાપ્ત થશે. આવી એકપણાની પરિણતિ કેમ પરિણમી રહી છે? સમજાણું કાંઈ? આ બે (જીવ-અજીવ) જુદાની છેલ્લી ગાથા છે ને? આચાર્ય કહે છે, અરે..! જરી અમને વિકલ્પ આવે છે ખેદનો. આવું હોવા છતાં આમ કેમ થાય? આમ કેમ છે? ખેદનો અર્થ જરી અણગમો આવ્યો ને? આમ કેમ થાય? આમ કેમ છે?

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- આમ કેમ છે એવો પણ અમને વિકલ્પ ઉઠ્યો છે. જ્યાં સુધી નિર્વિકલ્પતા થઈ નથી ત્યારે આવો ભાવ હોય છે. એને ભિન્ન અનુભવીએ છીએ એમ કહે છે. ભિન્ન વિલસતું અનુભવીએ છીએ. ખેદને પણ, હોં! આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્યના વિલાસ અને ચૈતન્યના ભાવ અલૌકિક! એની ક્યાંય જગતમાં શી રીતે મોટપ? જેમાં ચક્રવર્તીના, ઈન્દ્રના રાજ પણ ડોલી જાય જેની શાંતિ આગળ. આહાહા..! શાંતિની એક દશા આગળ. એવી તો અનંતી દશાનો ભંડાર ગુણ અને એવા અનંત ગુણનો ભંડાર આત્મા. એના ખજાને ક્યાં ખોટ છે? એવા ભગવાનને તળીયે જતાં. દ્રવ્યના લક્ષે જતાં લક્ષણ તેને પકડીને જે વેદન થાય તેમાં તો કહે છે, રાગાદિ જુદાં પરિણમીને ટકતા દેખાય છે. આહાહા..! એય..! શશીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ છે કે નહિ એમાં? એ તો પોતે .. થઈ જાય.

આ તો છેલ્લી સ્થિતિનો શ્લોક છે ને. અરે..! ભાઈ! સમજાય છે? શું થયું? કહે છે. આવું હોવા છતાં. સમજાય છે?

**जीवादजीवमिति लक्षणतो विभिन्नं**
**ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।**
**अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं**
**मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।**

આહાહા..! ગજબ વાત છે. અમૃતચંદ્રાચાર્ય.. આહાહા..! અમૃત વરસ્યા રે પ્રભુ તારા કાળમાં. પંચમકાળમાં. સમજાણું કાંઈ? તારો કાળ એટલે સ્વકાળ.

કહે છે, ભાઈ! જ્યાં અંતરમાં જેના લક્ષણે લક્ષિત થવા યોગ્ય એવો આત્મા એને જ્યાં જાણ્યો, એવું જે ભેદજ્ઞાનના કાળમાં ભેદજ્ઞાન થયું. પછી પણ તેમ જ રહે છે. તે કાળે જ્યાં રાગ ને વિકલ્પ દયા, દાનનો વ્યવહારરત્નત્રયનો પણ ભિન્નપણે પરિણમતો, એકપણે પરિણમતો નથી દેખાતો. નિશ્ચયની દશા અને વ્યવહારની દશા એકપણે જ્યાં દેખાતી નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં આગળ આ અજ્ઞાનીનો મોહ કેમ ફેલાયેલો છે?

ભગવાન આત્માને અંતર લક્ષણે લક્ષિત કરીને વેદવો જોઈએ, જાણવો જોઈએ, અનુભવવો જોઈએ, પ્રતીતમાં લેવો જોઈએ, પ્રાપ્ત કરવો જોઈએ. એને ઠેકાણે રાગના વિકલ્પ ઉપર જોર દઈ અને આના લક્ષે મારું કલ્યાણ થશે એવી બેની એક્તાપણાનું મોહનું પરિણમન કેમ પરિણમે છે? કેમ લક્ષ ફેરવતા નથી? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે!'** છે ને? અહો..! આશ્ચર્ય, બસ ખેદ. આશ્ચર્ય અને ખેદ. ... કેમ નાચે છે? ભાઈ! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે, આ બેની એક પરિણતિ કેમ ઉભી થઈ? એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ? ચૈતન્ય બ્રહ્માંડમાં જેને રાગ નથી. ચૈતન્યના બ્રહ્માંડમાં જ્યાં રાગ નથી. એમાં આ રાગથી આ થાય આવા ભ્રમની નાચના ઊભી કેમ થઈ? આહાહા..! સમજાણું કાંઈ? તો એનું અમને આશ્ચર્ય પણ છે, અજ્ઞાનીના અજ્ઞાનનો. અને ખેદ પણ છે જરી. પ્રશસ્ત રાગ છે ને એ જરી એટલો ખેદ (થાય છે), આ કેમ છે? ભાઈ! આવા સ્વરૂપની શુદ્ધતાના પોકાર કર્યા છે અંદરમાં. એને તું પકડતો નથી અને આના પક્કડમાં રહીને તને આ શુદ્ધતાના પક્કડમાં આવતો નથી. બેની એકતાની બુદ્ધિમાં આ પરિણમનનું શું થયું? પ્રભુ! તને શું થયું? અમને ખેદ છે. તને ખેદ થાય કે નહિ, તું તો .. કરે છે ત્યાં. એકતા માનીને મોજમાં પડ્યો છો તું. અમને ખેદ થાય છે. આ શું કરે છે આ? સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! આચાર્ય મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાનની વાત છે અત્યારે લ્યો. વિકલ્પ ઉઠ્યો છે ને. એ વખતે પાછું .. પરિણમન .. ભિન્ન, આનું ભિન્ન. આને એકપણે કેમ આ નાચી રહ્યા? એનો ખેદ. એનું પરિણમન બિલકુલ ભિન્ન. આહાહા..!

પાછું કહેવા માગે છે, કહેવા માગે છે એને કારણે આ ખેદ નથી. પોતાની દશામાં એ પ્રકારના વિકલ્પની મર્યાદા માટે ખેદ છે. સમજાણું કાંઈ? એ ભૂમિકા સુધીનો પોતાને કારણનો ભાવ છે હોં એ. પરને કારણે નથી. પરને કારણે હોય તો તો બધાને ખેદ આવવો જોઈએ. બધા જ્ઞાનીને આવવો જોઈએ. એમ પણ બતાવે છે કે અમારી ભૂમિકામાં હજી આ ... કહો, સમજાણું આમાં? આશ્ચર્ય છે અને ખેદ છે. તને કેમ નાચે છે? એનો ખેદ છે એને કારણે? એટલો જરી વિકલ્પની ભૂમિકા છે ને? તો એની સત્ય સ્થાપનની ભૂમિકા છે એ રાગ છે. આમ છે... આમ છે... એ પણ એક પ્રશસ્ત રાગ છે. આ કેમ છે? આ કેમ છે? એ પણ એક પ્રશસ્ત ખેદ દુઃખ તે દ્વેષ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. છે ને. આત્માનુશાસનમાં નથી? પંચાસ્તિકાયમાં નથી લીધો. આત્માનુશાસનમાં લીધો છે. ઓલા સિંહને દાખલે નહિ? મુનિને સિંહ મારે છે. આત્માનુશાસનમાં આવે છે. સિંહ મુનિને મારે છે. .. ભક્ત છે. એ સિંહને મારે છે. સિંહને મારવાનો અભિપ્રાય નથી, મુનિનું રક્ષણ કરવાનો અભિપ્રાય છે. જો સિંહ ત્યાંથી ખસી જાય તો પાછો મારવા ન જાય. એટલે ત્યાં એનો પ્રશસ્ત દ્વેષ છે. મારનારને પુણ્ય બંધાય છે. આરે..! એ તો પુરુષાર્થસિદ્ધિમાં પણ ભાઈ આવ્યું હતું ને. હિંસાના ઘણા પ્રકાર છે. એક હિંસા કરે અને હિંસાનું ફળ આવતું નથી, એક હિંસાનું ફળ આવે અને હિંસા વર્તમાન ક્રિયામાં કરતો નથી. ઘણાં ભંગ લીધા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં પાછળ ઘણાં બોલ લીધા છે. બહુ ઘણાં અધિકાર. અહિંસાના અધિકારમાં, અહિંસા વ્રતના અધિકારમાં ઘણાં બોલ લીધા, બહુ લીધા. આ અમૃતચંદ્રાચાર્ય પોતે. ઘણાં ઘણાં લીધા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ કહે કે ભાઈ! આત્માના ધ્યાનમાં આમ સુખથી બેઠા હોય ને. ધ્યાનમાં તો માથું ગરદન કાપી નાખું. તેથી એમ ને એમ દશા રહી જશે. પણ આ ભૂંડા આવા તને વિચાર ક્યાંથી આવ્યા? એ તો એ ધ્યાનમાં બેઠો છે અને એમ કે આમાં બહારમાં ખસી જાય અને દેહ કાપી નાખું તો આની મુક્તિ થઈ જશે. એમ મુક્તિ ન થાય. ઘણાં દાખલા ગાથાઓ લીધી છે. ઘણી ગાથાઓ લીધી છે. બહુ સુખી પ્રાણી હોય ને સુખી? સુખના કાળમાં એનું માથું કાપીએ તો સુખ રહ્યા કરે. લૌકિક સુખી. અથવા બહુ દુઃખી થાય. બહુ દુઃખી. રોગથી બહુ દુઃખી થાય. મારી નાખીએ તો ઝટ દુઃખથી મુક્ત થઈ જાય. એ બધી ગાથાઓ લીધી છે. એમ ન થાય. એ તો એના ભાવે દુઃખી અને એના ભાવે સુખી છે. તારાથી થાય? તેં તો હિંસાના ભાવ કર્યા. એ તો કહે છે કે મને એ જાતનો અત્યારે વિકલ્પ ઉઠ્યો છે એ પ્રશસ્ત છે. એનો અમને વિલસતો ભિન્ન છે, ભાવ છે. આવું જ જીવ ને અજીવનું ભિન્ન સ્વરૂપ છે. એનો આ શ્લોક પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**માગશર વદ ૬, સોમવાર તા. ૨-૧-૧૯૬૭**
**શ્લોક-૪૪-૪૫, પ્રવચન-૧૩૨**

પૂર્ણાહૂતિમાં કળશ કહે છે. ૪૩મો થઈ ગયો. ૪૪મો.

**अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये**
**वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।**
**रागदिपुद्गलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।४४।।**

'**શ્લોકાર્થ :- આ...**' '**अस्मिन्न**' છે ને? આ. અનાદિ કાળથી, અનંત કાળથી એકેન્દ્રિયથી માંડીને નિગોદ રાશિથી અનંત કાળ '**મોટા અવિવેકના નાટકમાં...**' મોટું અવિવેકનું નાટક અનાદિનું. રાગ અને આત્માની એક માન્યતા રૂપી અવિવેકનું નાટક અનાદિ કાળથી છે. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ મૂર્તિ ભિન્ન હોવા છતાં એને રાગ અને પુદ્ગલ કર્મ બેનો સંબંધ અનાદિનો છે તેનો અવિવેક છે. એટલે તેમાં બેની એકતાની માન્યતાથી રખડી રહ્યો છે. સમજાણું? અનાદિ કાળના આ એટલે વિદ્યમાન અનંત કાળ, અનંત કાળની વિદ્યમાનતામાં મોટું અવિવેકનું નાટક. અરે..! આ ચૈતન્યને આ શું? જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, એમાં રાગ અને કર્મના સંબંધની એક્તા, એવી આ રચના અને એવું આ પરિભ્રમણ આ શું છે આ? સમજાણું?

'**અથવા નાચમાં વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે,...**' નાચમાં તો એ પુદ્ગલ જ નાચે છે. આત્મા તો અભેદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ બધા નાટકો છે એ રંગ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલના છે એમ કહે છે અહીં. અજીવનું નાટક છે. જીવ તો જ્ઞાનાનંદ મૂર્તિ અભેદ છે. સમજાણું આમાં? ચૈતન્ય ભગવાન અનંત શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળાનંદ વીતરાગી સમરસી ચૈતન્યસ્વરૂપ, એવા જીવમાં આ બધો નાચ દેખાય છે એ બધો પુદ્ગલનો નાચ છે, આત્માનો નાચ નથી. આત્મા તો અભેદ સ્વરૂપે બિરાજમાન છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

જીવ-અજીવનું છેલ્લું કહેતાં (કહે છે કે) આ બધા અજીવના ખેલ છે. ચૈતન્યમૂર્તિ તો જ્ઞાનાનંદ અભેદ વીતરાગ સમરસીનો કંદ છે. સમજાણું? એ '**નાચમાં...**' એટલે પરિણમનમાં શરીર આદિ કર્મ આદિ પુદ્ગલ જ નાચે છે. પુદ્ગલનું નાચવું છે. '**અન્ય કોઈ નહિ;...**' આત્મા નહિ. લ્યો! પુદ્ગલને લઈને આ બધું છે ચોર્યાશીના અવતાર, એમ કહે છે અહીં. થયું ને? અત્યારે કર્મને લઈને રખડે છે એમ આવ્યું કે નહિ આમાં? નહિ? આ કહે છે ને નહિ આવ્યું ક્યાંથી?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માનો સ્વભાવ ચિદાનંદ સચ્ચિદાનંદ મૂર્તિ છે. એ તો જ્ઞાનાનંદ સમરસી વીતરાગ એટલે કષાયરહિત સ્વભાવની મૂર્તિ અભેદ છે. એમાં એનું પરિભ્રમણનું કારણ નથી અને પરિભ્રમણ એમાં છે જ નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ બધો પુદ્‌ગલનો નાચ છે. જડ અજીવ પોતે ભિન્ન ભિન્ન ખેલ કરે છે. વિકાર. પહેલું વર્ણાદિથી લીધું છે. પછી રાગાદિ કરીને બે ભેળવી દે છે.

'**(અભેદ જ્ઞાનમાં પુદ્‌ગલ જ અનેક પ્રકારનું દેખાય છે,...**' ભગવાન આત્મા અત્યારે એકરૂપ સ્વરૂપ છે આત્મા અભેદ, એમાં જે અનેકપણું દેખાય છે એ પુદ્‌ગલનું છે, આત્માનું નહિ. સમજાણું કાંઈ? '**જીવ તો અનેક પ્રકારનો છે નહિ;)...**' વસ્તુ ભગવાન આત્મા અભેદ અખંડ એક સ્વરૂપ ચૈતન્ય, એ એક તે કાંઈ અનેકરૂપ નથી. એક સ્વરૂપે તે એક સ્વરૂપે જ છે અનાદિથી. એમ કહે છે. એમાં અનેકપણું એ બધું કર્મના સંગે થયેલું એટલે કર્મનું જ છે અને કર્મનો જ નાચ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ સ્વરૂપ જ એવું છે. અભેદ એટલે જ્ઞાનમાં એકપણાના સ્વરૂપમાં અનેકપણું છે નહિ. અનેકપણું કર્મને કારણે પુદ્‌ગલનું બધું અનેકપણું દેખાય છે. અવતાર ને ભવ ને ભવના કારણો ને પુણ્ય ને પાપ ને બધા (કર્મને કારણે અનેકપણું દેખાય છે). અહીં તો સ્વરૂપ અભેદ છે. જીવ અને અજીવનો ભેદ બતાવવો છે ને? આત્મા એને કહીએ કે અખંડ આનંદકંદ શુદ્ધ ચૈતન્યધાતુ એકરૂપ એવી દૃષ્ટિનો વિષય તેને આત્મા કહીએ. એ સમ્યગ્દર્શનનો એ વિષય. એ આત્મામાં આ બધું (અનેકપણું) દેખાય છે એ આત્માનું નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અને આ જીવ તો રાગાદિક પુદ્‌ગલવિકારોથી વિલક્ષણ,...**' છે. રાગાદિક પુદ્‌ગલવિકારથી વિરૂદ્ધ. વિરોધ. આમ પહેલું વર્ણાદિ કહ્યું. બધા બોલ નાખી દીધા, ઓલા ૨૯ના. ભાઈ! એ પુદ્‌ગલના નાચ છે. આ શરીર, કર્મ, જડ બધું. એ ખાવાની, પીવાની, ક્રિયાની, હાલવાની, ડોલવાની એ બધી જડની ક્રિયા છે એમ કહે છે અહીં. આત્માની નહિ. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ બોલવાની, ચાલવાની, ઉઠવાની, બેસવાની, સૂવાની એ બધી જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- જીવ કરે છે ને.

ઉત્તર :- જીવ કાંઈ કરતો નથી. જીવ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. અભિમાન કરે એ જુદી વાત છે. એ તો વસ્તુમાં નથી ને કરે એ તો અભિમાન કરે છે. આ હું કરું છું. છે નહિ એમાં. સમજાણું કાંઈ? માંગીરામજી! શું કહે છે? દુનિયા કહે છે, કર્મથી થાય છે, ચાર ગતિમાં રખડવું. અહીં કર્મથી થાય એમ કહ્યું, લ્યો. કઈ અપેક્ષાએ કહ્યું? વસ્તુની પોતાની જે ભૂલ છે એ ભૂલ પણ એનો સ્વભાવ નથી. ભૂલ પણ એનો સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. એનો સ્વભાવ તો ભગવાન ચૈતન્ય જ્યોત આત્મા છે. એવી દૃષ્ટિને ચૈતન્યમાં અભેદમાં વાળવા, કહે છે કે એ જીવ છે. બાકી બધું અનેક પ્રકારના પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન રાગાદિ છે અને શરીરની જડની ક્રિયા થાય, એક ભવથી બીજો ભવ, ભવમાંથી બીજો ભવ અને આ બધું પુદ્ગલનું નાટક છે. આહાહા..! ચૈતન્ય ભગવાન તો અંદરમાં જ્ઞાતા-દૃષ્ટા તરીકે અભેદ મૂર્તિ તેને આત્મા કહીએ. સમજાણું કાંઈ?

**'આ જીવ તો...'** જુઓ! જીવને જુદો પાડે છે ને. છેલ્લા અધિકારથી તો તદ્દન જુદા પાડે છે. જુદા છે. એમ કહે છે. એની માન્યતામાં અવિવેકપણું ઊભું કર્યું છે. વસ્તુ જુદી છે. ચૈતન્યદળ જ્ઞાનાનંદ સ્વરૂપ તદ્દન રાગથી, શરીરથી, કર્મથી તદ્દન ભિન્ન છે. એવી ચીજને એને પોતે ન માનતા રાગાદિ ને કર્મવાળો એવી માન્યતા ઊભી કરી, એ માન્યતા પણ એના સ્વરૂપમાં નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એ પુદ્ગલ છે.

ઉત્તર :- એ પુદ્ગલ છે. એ કીધું ને. એના સ્વરૂપની નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય મહાપ્રભુ જ્ઞાનસ્વરૂપે પ્રભુ અનંત શાંત રસ અને વીતરાગરસથી ભરેલો આત્મા છે. અરૂપી પણ મહાન પદાર્થ છે. અરૂપી પણ અનંત શાંતરસ આદિ શક્તિનું સત્ત્વ છે. એવો જે આત્મા તેને આત્મા કહીએ અને તેની દૃષ્ટિએ કરે તેને સમ્યગ્દર્શન કહેવાય. તેને ધર્મની દૃષ્ટિ પ્રથમ ઉત્પન્ન થાય. કહે છે કે આ બધું નાટક જડનું છે એ જીવમાં નથી તો તારી દૃષ્ટિ ક્યાં ગઈ છે? સમજાણું કાંઈ? અને આ જીવ તો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વિકાર, વ્યવહારરત્નત્રય આદિનો રાગ એ બધાથી (જુદો છે). એ તો પુદ્ગલના વિકાર છે એમ કહે છે. આહાહા..! વિશેષ પ્રકાર એ તો પુદ્ગલના. ભગવાન! તારું સ્વરૂપ તેના વિશેષ ન હોય. તારું આનંદસ્વરૂપ છે. આનંદનું વિશેષપણું તો આનંદ હોય. સમજાણું કાંઈ? એ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. ભાઈ! તને ખબર નથી. એ તો અતીન્દ્રિય આનંદનો કંદ તેને આત્મા કહીએ. સમ્યગ્દૃષ્ટિમાં એ અતીન્દ્રિય આનંદની મૂર્તિ અભેદ તે આત્મા મનાય છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપના રાગ શરીરાદિ બધું અજીવ છે. એ બધું અજીવ છે. એ જીવમાં આવતું નથી અને જીવ ત્યાં એમાં એકમેક થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ જીવ તો રાગાદિક...'** પુણ્ય-પાપના ભાવ. હવે અહીં જુઓ! પુણ્ય-પાપના ભાવ તો પુદ્ગલના વિકાર કહ્યા એ તો. ઓલાને તો એવું લાગે કે અરર..! પુણ્યભાવથી તો કર્મ ખપે, પાપ ટળે, કર્મ ખપે અને મુક્તિ એનાથી મળે અને અરિહંત પદ મળે એનાથી. લ્યો! ઓહોહો..! ઘણું ફેરવ્યું, ભાઈ! એમ તારા ફેરવ્યાથી નહિ ફરે, ભાઈ! વસ્તુ અહીં છે. જુઓને કહે છે, નાચે તો નાચો પ્રભુ! આત્મા તો સચ્ચિદાનંદ મૂર્તિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત આનંદનો કંદ આત્મા છે. ભાઈ! એવા આત્માની તને દૃષ્ટિ નથી. એ આત્માની દૃષ્ટિ નથી માટે તને પુણ્ય-પાપ ને રાગ ને શરીરવાળો તને જણાય છે એ બધી ભ્રાંતિ છે, ભ્રમ છે. એ ભ્રમ પણ તારું સ્વરૂપ નથી અહીં તો એમ કહે છે. આહાહા..! શોભાલાલજી! આહાહા..! ભારે વાતું! હજી તો થઈ ગયો પૈસાવાળો ને શરીરવાળો, હાલે ને ચાલે. અરે..! ભગવાન! પ્રભુ! તું તો આનંદની મૂર્તિ છો ને નાથ! તારા સ્વરૂપમાં દુઃખ કેવા? તારા સ્વરૂપમાં પરની ક્રિયા કરવાનું કર્તૃત્વ કેવું? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તું તો દુઃખરહિત તારો સ્વભાવ છે. અને પરના રજકણોનું હાલવું-ચાલવાની ક્રિયામાં પ્રેરકપણું થવું એ તારા સ્વરૂપમાં નથી.

વર્ણાદિમાં પુદ્ગલ નાખી દીધા, રાગાદિમાં વિભાવ નાખી દીધા. બેયમાં તું નથી, હોં! એમ કહે છે. સમજાણું કાંઈ? અને બેમાં તું નથી અને બેય તારામાં નથી. સમજાણું કાંઈ? અનાદિકાળના મોટા નાટકમાં આ પુદ્ગલનો જ નાચ છે. ભાઈ! તું તો આનંદની મૂર્તિ છો. આહા..! એ કેમ બેસે? સમજાણું કાંઈ? ભગવાન તો આત્મા એને પરમાત્મા આત્મા કહે છે કે શુદ્ધ ચૈતન્યધાતુ, શુદ્ધ ચૈતન્યધાતુ. સોનાએ જેમ સોનાપણાની શક્તિ ધારી છે, એમ આત્માએ શુદ્ધ ચૈતન્યને ધાર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી...'** ભિન્ન છે. તદ્દન જુદો છે. માંગીરામજી! શું છે આ? અરે..! કાંઈ કાને પડે નહિ, સંભળાય નહિ, સમજે નહિ. એમ ને એમ અનાદિકાળથી મૂઢપણે નાટકમાં રખડી રહ્યો છે. સમજાણું કાંઈ? .. પહેલેથી કેમ ન આવ્યા? પહેલેથી આવ્યા હોય તો શરૂ થઈ ગયું. પા કલાક થઈ ગઈ. સમજાણું કાંઈ?

અનાદિ કાળથી તારા પુદ્ગલના નાચને તું જોતો થયો એમાં તેં માન્યું છે તારું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તું રાગાદિ પુદ્ગલ વિકારથી વિલક્ષણ વસ્તુ છે. શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે. ભગવાન જ્ઞાન અને આનંદનું ધામ એકલું સ્વરૂપ છે એનું. એ સ્વરૂપ સિવાય જેટલો પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, પૂજા-કામ-ક્રોધ, રાગવૃત્તિ ઉઠે છે એ બધો પુદ્ગલનો વિકાર છે. ભારે વાત! સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- રાગાદિ ચિદ્દવિકારને દેખી...'** દેખો! આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો જે રાગાદિ દેખાય છે. **'દેખી એવો ભ્રમ ન કરવો...'** એનો ખુલાસો કર્યો છે આખો, વર્ણનો ન કરતા. નહિતર તો બે છે ઓલામાં. પણ ખુલાસો આ ભ્રમ વધારે.. એથી કરીને. આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો જે વૃત્તિઓ ઉઠે છે, એ બધા ચૈતન્યના વિકાર દેખીને એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે. એમ ન માનવું. શરીર, વાણી, મન આ તો જડ, માટી ધૂળ છે, અજીવ છે. વાણી, શરીર અજીવ, કર્મ અજીવ. આત્મામાં જે પુણ્ય અને પાપના વિકલ્પોની વૃત્તિઓ ઉઠે છે-રાગ, શુભ-અશુભ રાગ, એ આત્માના છે એમ ભ્રમ ન કરવો. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ ચૈતન્ય જ છે એમ ન માનવું. **'કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય.'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ આનંદકંદ, એવો આત્મા એની દરેક અવસ્થામાં જો વિકાર રહે તો વિકાર તેના કહેવામાં આવે. સમજાણું કાંઈ? ચૈતન્યની બધી દશાઓમાં રહે તો જ ચૈતન્યના કહેવાય. જ્યાં જ્યાં ચૈતન્ય આનંદસ્વરૂપ છે ત્યાં ત્યાં બધી વિકાર દશા જો રહે તો તો એ આત્માના કહેવાય. શોભાલાલજી! ઝીણી વાત, ભાઈ! એણે કોઈ દિ' આત્મા શું ચીજ છે, એનું સત્ત્વ શું છે એની કોઈ દિ' યથાર્થ રુચિથી સાંભળ્યું નથી. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા આનંદની મૂર્તિ, એને એણે વિકારવાળો, શરીરવાળો, કર્મવાળો, રાગવાળો, પુણ્યનો કરનારો, પુણ્યવાળો એવો એણે માન્યો. એવો એ નથી, એમ કહે છે. જેવો તું માને છો એવો એ નથી. કેમ? કે ભગવાન આત્મા વસ્તુ અખંડાનંદ પ્રભુ છે. એની દરેક હાલતમાં જો એ ચીજ રહે તો તે ચીજ એની કહેવાય. ધર્મચંદજી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિથી અત્યાર સુધી તો રહી છે.

ઉત્તર :- રહી નથી. ઈ જ કહે છે. અત્યાર સુધી રહી. એ તો પહેલી અહીં કહી ગયા છે. સંસાર અવસ્થામાં પણ (રાગરૂપે) નથી થયો એમ કહ્યું છે. એનો તો આ સરવાળો કરે છે.

ભાઈ! તને ખબર નથી. ચૈતન્યસૂર્ય છે એ તો. જ્ઞાનાનંદ ભગવાન આત્મા વર્તમાન પણ રાગ-પુણ્ય-પાપ દયા, દાનના રાગરૂપે થયો જ નથી. આહાહા..! જો વર્તમાન થઈ જાય તો તો રૂપી થઈ જાય. રૂપી થઈ જાય તો એની દશા મુક્તિ થાય ત્યારેપણ રૂપીપણું અભેદ રહેલું તો સાથે જ આવે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ ધર્મ સાંભળવો એ કાંઈ મહાપુણ્યનો યોગ જોઈએ છે અને એની યોગ્યતા જોઈએ છે. એ વિના સાચું સાંભળવું મળે નહિ. બહારની ધૂળ તો બધી અનંત વાર મળી. કહો, શોભાલાલજી! બે-પાંચ કરોડ ધૂળ મળી અને પૂર્વના પુણ્ય બળી ગયા અને મળ્યા એવું તો અનંત વાર થયું. હવે એમાં તને નવું શું થયું? અહીં તો કહે છે કે શુભભાવ પણ અનંત વાર કર્યા. એ તારી ચીજ નહોતી ને કર્યા. આહાહા..! સમજાણું કાંઈ? જેમાં તું નથી તેને તેં મારા માન્યા એ તારો રખડવાનો હેતુ છે.

**'રાગાદિ ચિદ્‌વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય.'** એટલે કે જેની મર્યાદા ચૈતન્ય સ્વરૂપની છે એમાં સર્વથા કાળે જો એ ચીજ રહે તો એ ચૈતન્યની કહેવાય. સર્વ કાળમાં એક થોડો કાળ પણ એનામાં ન રહે તો એ ચૈતન્યની ન કહેવાય. સમજાણું કાંઈ? **'રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વ્યાપતા નથી-**' ભગવાન આત્મા એમાં પુણ્ય-પાપના વિકલ્પનો રાગ તો બધી દશાઓમાં રહેતો નથી. બધી એની અવસ્થામાં રહેતો નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, દયા-દાનનો રાગ, પૂજા-ભક્તિનો રાગ એ વિકલ્પ રાગ વિકાર છે. એ વિકાર આત્માની દરેક દશામાં રહેતો નથી. માટે તે તેનો નથી. માટે તે રૂપે તે નથી. ભારે વાત! મૂળ તત્ત્વની ખબર ન મળે અને એય.. પછી ઝઘડા... ઝઘડા... ઝઘડા. શું થાય? આ ચીજ કાંઈ એમ મળી જાય એમ છે વિદ્વતાથી? શાસ્ત્રના ભણતર આમ કર્યું, આમ કહે છે ને આમ કહે છે ને આમ કહે છે. ભાઈ! બધું છે, સાંભળને!

ચૈતન્ય ભગવાન આત્મા અંદર ચૈતન્યની મૂર્તિ પ્રભુ છે. એના સ્પર્શને માટે-એના અનુભવને માટે એમાં નથી એના આશ્રયે અનુભવાય એવી એ ચીજ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ કોઈ વિકલ્પનો રાગ ઉઠ્યો વ્યવહાર, કષાય મંદ દયા, દાન, પૂજા, ભક્તિ ને ભગવાનના દર્શન કર્યા એ ભાવે ત્યાં આત્માનો સ્પર્શ થાય એવી ચીજ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગાદિ પુણ્ય-પાપના ભાવો, શુભાશુભ વિકલ્પો તે સર્વ દશાઓમાં રહેતા નથી. '**મોક્ષ અવસ્થામાં તેમનો અભાવ છે.**' જુઓ! વળી એક સિદ્ધાંત એ કહ્યો અને બીજો સિદ્ધાંત, બે વાત કહી.

'**વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે.**' ભાઈ! આત્મામાં જે તને દેખાય શુભ-અશુભ રાગ, એ આકુળતા છે, દુઃખ છે. ભાઈ! તને ખબર નથી. દુઃખ એ આત્મા ન હોઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ? બે સિદ્ધાંત સિદ્ધ કર્યા. કે દરેક અવસ્થામાં ન રહે તે તેના નહિ અને તને રહ્યા છે તોપણ તે આકુળતામય છે, દુઃખરૂપ છે એ આત્મા ન હોય. આહાહા..! સમજાણું આમાં? પુણ્ય પોતે દુઃખરૂપ છે. ફળ તો ધૂળમાં રહી ગયા એના. એય..! શોભાલાલજી! પૈસા તો ત્યાં રહી ગયા તમારા પાંચ-પાંચ, છ-છ લાખના બંગલો ને મોટો શું કહેવાય એ? આરસપહાણમાં .. એ નહિ. પણ તમારો વર્તમાન ભાવ થાય છે કે પચાસ હજાર, લાખ, સવા લાખ ખરચવાના ભાવ થયા ભાવ, એ ભાવ પણ શુભરાગ અને આકુળતા છે એમ કહે છે. આહાહા..! એને રાખું, રોકું એ તો તારો અધિકાર નથી પણ તારા ભાવ થાય કે આ મારા. એ ભાવ દુઃખરૂપ આકુળતા છે. એ તો ઠીક પણ એ પૈસા આદિની ચીજોમાં રાગની મંદતાથી પ્રભાવના આદિ કરવાનો ભાવ થાય દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા એ વિકલ્પ જે ઉઠે છે એ આકુળતા છે અને દુઃખ છે. નથુલાલજી! શું છે? રાડું પાડે છે બધા, બિચારા પોકાર કરે છે. જૈન ગેજેટમાં ખૂબ આવ્યું છે. લખ્યા લખ કરે. બાપુ! રાડ્યા રાડ પાડ પણ જેમ છે એમ છે. લે. એ કાંઈ તારે લઈને બીજું થાય એવું નથી.

ભગવાન આત્મા દેહના રજકણના માટીથી પાર છે, ભાઈ! તને ખબર નથી. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ફરમાવે છે અને એમ છે. અને એમ તારે નજર કરવી પડશે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નજર કર્યા વિના તારું ન્યાલપણું થાય એ ત્રણ કાળમાં બને એવું નથી. ભગવાન આત્મા કહે છે કે ભાઈ! તને શરીર, વાણી, કર્મ આ બાહ્ય પદાર્થો તો ભિન્ન પુદ્‌ગલ છે, પણ આ વિકારને અમે પુદ્‌ગલના વિકાર કેમ કહ્યા? પુણ્ય-પાપને પુદ્‌ગલનો વિકાર કેમ કહ્યો? કે એ શુભ-અશુભભાવ છે એ બાહ્ય દુઃખરૂપ છે. દુઃખરૂપ છે એ આત્મસ્વરૂપ કેમ હોય? આત્મપદાર્થ હોય એ એવા વિકૃતરૂપ કેમ હોય? સમજાણું કાંઈ? આ તો પરની દયાનો ભાવ શુભરાગ, આ ભક્તિનો ભગવાનનો ભાવ શુભરાગ બેય આકુળતા છે, એમ કહે છે. શોભાલાલજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છે. ભાઈ! તને ખબર નથી.

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનું ફરમાન છે. એની દિવ્યધ્વનિમાં આવ્યું છે અને એવી ચીજ એ છે. આત્મા શરીર, વાણી, મન અને કર્મ તો જુદાં છે જ. એના છે નહિ ત્રણ કાળમાં. પણ એક સમયમાં ઉત્પન્ન થતો રાગાદિ આકુળતા છે, આકુળતા છે, આકુળતા છે, એ દુઃખરૂપ છે. ભાઈ! એ દુઃખરૂપ એ આત્મા કહેવાય? દુઃખરૂપ એ આત્મા કહેવાય? પંડિતજી! શું કરવું? અરે..! પુણ્યના ફળે તો અરિહંતપદ મળે અને તમે પુણ્યને ઝેર કહો અને વિષ્ટા કહો. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! અહીં તો ભગવાન શુભભાવને ઝેર કહે છે. અને એનાથી બાંધેલા પુદ્‌ગલને વિષના ઝાડના ઝેર કહે છે. ઝેરના ઝાડ. માંગીરામજી! શું છે? ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ. ભગવાન અમૃતનું ઝાડ. અમૃતની નાળીયેરી પ્રભુ છે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એનો એને પત્તો નહિ, એની એને ખબરું નહિ. અને બેખબરો મૂર્ખાઈમાં, જગતમાં રખડે અને મજા માને. સમજાણું કાંઈ?

કહે છે કે એક તો જે આત્મા ભવગાનસ્વરૂપ છે, એમાં દરેક દશામાં હોય તેને તેની ચીજ કહીએ. તો રાગ-દ્વેષ કે શરીર આદિ એની દરેક અવસ્થામાં રહેતા નથી. માટે એની ચીજ છે નહિ. અને બીજી વર્તમાનમાં થતાં રાગાદિ તને આકુળતા અને દુઃખનું સ્વરૂપ દેખાય છે. બહાર લક્ષથી ઉત્પન્ન થતો શુભ-અશુભ રાગ એ બધો એનો અનુભવ પણ.. એમ. બધી દશામાં વ્યાપતો નથી એ તો ઠીક પણ વર્તમાનમાં એક સમયમાં રહેલો છે એનો પણ અનુભવ આકુળતામય દુઃખરૂપ છે. આહાહા..! '**માટે તેઓ ચેતન નથી,...**' ભગવાન અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એમાં એ શુભ અને અશુભરાગના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાની વૃત્તિ ઉઠે વિકલ્પ, કહે છે કે એ પણ દુઃખરૂપ છે. રાડ નાખે ને માણસ. સાંભળે .. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનીને દુઃખરૂપ છે, ભાન ન મળે. દુઃખરૂપ બધાને દુઃખરૂપ છે. એમ તો અહીં સિદ્ધ કરે છે. જ્ઞાની કે અજ્ઞાની બેયને દુઃખરૂપ (છે) પણ ભાન ક્યાં છે એને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો સિદ્ધ કરવું છે કે દુઃખરૂપ ભાવ સ્વભાવ કેમ હોય? એ ચૈતન્ય કેમ હોય? ચૈતન્ય તો સચ્ચિદાનંદ મૂર્તિ છે. સત્ જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ ઝેર છે, આકુળતા છે, દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? અહીં તો ટાણે આવે તો ચાલે ભાઈ! ટાણા વિના કાંઈ મળે એવું નથી. કહો, સમજાણું આમાં?

ન્યાય શું આપ્યો? કે '**તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. માટે તેઓ ચેતન નથી,...**' ચૈતન્યના પ્રકાશના નુર પૂર તો આનંદમય છે. આત્મા આત્મા એને કહીએ કે જેમાં સત્ હોવાપણે જ્ઞાન ને આનંદ છે. એને આત્મા કહીએ. આ દુઃખરૂપ પરિણામને આત્મા કેમ કહીએ? એને તો અહીં અજીવમાં નાખી દીધા છે. આહાહા..! જીવ-અજીવ છે ને? સમજાણું કાંઈ? તેથી તે '**જડ છે.**' અસ્તિ-નાસ્તિ કરી. શુભાશુભ રાગ, ભાઈ! ચેતન નથી. એ તારા ચૈતન્યની જાગૃતિનો ભાગ નથી. સમજાણું કાંઈ? તેથી તે ચેતન નથી, તેથી તે જડ છે. એ શુભરાગ જડ છે એમ કહે છે, માંગીરામજી! શું કરવું આમાં? પોકાર-પોકાર. દિલ્હીમાં પોકાર થયા છે.

એક જણાનું લખાણ આવ્યું હતું, કો'ક હતો, ચોપાનિયા છપાવ્યા ને અહીં આપ્યા. આહાહા..! શું કરે બિચારા? તત્ત્વની ખબર ન મળે, માર્ગની ખબર ન મળે. આંધળે આંધળા. અંધો અંધ પીલાય. આંધળો ચાલે અને આંધળો માર્ગ દેખાડે. જાવ અહીં. પણ એલા તને સૂજતું નથી અને જાવ એમ ક્યાં કહે છે? સમજાણું કાંઈ? નથુલાલજી! કેમ છે. ગુનામાં પણ આવી ગડબડ ચાલે છે. આખા હિન્દુસ્તાનમાં હલચલ થઈ ગઈ. અરે..! ભગવાન! સાંભળ ભાઈ! શાંત થા. ભાઈ! તને ખબર નથી. પ્રભુ આત્મા પરમેશ્વર ત્રિકાળ જ્ઞાની ત્રણ લોકના નાથ પરમાત્મા ફરમાવે છે. આ તો સંત કહે છે. કુંદકુંદાચાર્ય દિગંબર સંત. સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં બિરાજમાન હતા. એમના પછી ૯૦૦ વર્ષે કે ૧૦૦૦ વર્ષે અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત થયા. એ પોકાર કરે છે. સાંભળ રે સાંભળ, તું આત્મા કોણ કેવો. સમજાણું કાંઈ?

આત્મા '**ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે,...**' હવે અહીંથી લીધું, ગુલાંટ મારીને. ભાઈ! એ પુણ્ય અને પાપના ભાવ તો આકુળતા છે, દુઃખરૂપ છે. એ તું નહિ, તું નહિ. તારા નહિ, તારામાં નહિ, તું ત્યાં નહિ. ત્યારે ભગવાન આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ, એનો અનુભવ તો અનાકુળ-અનાકુળ શાંત... શાંત... શાંતરસનો અનુભવ હોય. ભગવાન આત્માનો અનુભવ તો અનાકુળ શાંત અવિકારી પરિણામ તે આત્માનો અનુભવ હોય. આ અનુભવ આકુળતાનો એ આત્મા કેમ હોય? સમજાણું કાંઈ?

'**તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું.**' લ્યો! આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ, આનંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. ભાઈ! એમાંથી ઝરે તો અતીન્દ્રિય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદ ઝરે. ગોળના રવામાંથી નીકળે તો ગોળ નીકળે. કાંઈ ઝેર નીકળે? રવા કહે છે કે શું કહે છે? ગોળનો રવો નથી હોતો? ભેલી. એ કોલ્હાપુરનો આવે છે ને. અડધા નંબરનો ગોળ આવે છે નહિ? કોલ્હાપુરી. અડધા નંબરનો. બહુ ઊંચો, સફેદ. એને ચીરો મારે તો શું થાય? ઝેર નીકળતું હશે એમાંથી? ગોળ નીકળે.

એમ આ આત્મા આનંદની ભેલી છે, આનંદનો રવો છે એમ કહે છે. તને ખબર નથી. બાપુ! ત્યાં દુઃખ-બુખ એમાં નથી. આહાહા..! ભગવાન આત્મા દેહના પરમાણુના પડદે પડ્યો આડો. દેહના પરમાણુના પડદે પડ્યો આડો. અને પુણ્ય-પાપના વિકલ્પમાં છવાઈ ગયો ભગવાન અંદર. એ પોતે તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. ભાઈ! અતીન્દ્રિય આનંદમાં એકાગ્ર થાય તો અતીન્દ્રિય આનંદ અનુભવાય. આ પુણ્ય-પાપ તારા છે અને તું માન અને અનુભવ એ તો આકુળતા છે. આહાહા..!

**'તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું.'** જુઓ! કોણ? ચૈતન્ય અનુભવ નિરાકુળ તે. શાંત... શાંત... શાંત... અકષાય સ્વભાવ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ કરતાં એમાંથી તો અનાકુળની આનંદની શાંતિ આવે. એ અનુભવનો આનંદનો ભાવ તે નિરાકુળતા તેને જીવ કહીએ, તેને આત્મા કહીએ અને તેને આત્માનો સ્વભાવ કહીએ. પુણ્ય-પાપના ભાવ આત્માનો સ્વભાવ નહિ. એ પરનો, પુદ્‌ગલનો વિકાર નાખી દે. હજી તો એ રાડ નાખે હાય-હાય. પુણ્ય-પુણ્ય આવું! એવું ગળે વળગ્યું છે ને આમ ગળે વળગ્યું છે. પણ ધૂળેય નથી. એની પાસે પુણ્ય પણ ક્યાં હતા અત્યારે એવા? ભાવ પણ એવા ક્યાં હતા અને ધૂળ પણ ક્યાં હતી? ચક્રવર્તીના રાજ જુઓ તો, છ ખંડના રાજ.. સોળ હજાર દેવ જેની સેવા કરે. ધૂળમાં માનતા. આ કાંઈ મારી ચીજ નથી. આ નહિ... આ નહિ. શુભરાગ ઉઠે છે એ હું નહિ એમ ચક્રવર્તી, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની હતા. આ આત્મા આનંદસ્વરૂપ છે તે હું. આનંદનો અનુભવ થાય એ મારો સ્વભાવ. દુઃખરૂપ અનુભવ એ મારું સ્વરૂપ નથી. કહો, સમજાણું કાંઈ?

**'હવે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે...'** જુઓ! શું કહે છે? કે પુણ્ય-પાપના રાગ અને શરીરાદિ(ને) મારું ચૈતન્ય સ્વરૂપ ભિન્ન છે અને એ ભિન્ન છે. બે વચ્ચેની એકતા તોડીને અનેકતાનો જે વિવેકનો અભ્યાસ, ભેદજ્ઞાનનો અભ્યાસ... ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આનંદ છે અને રાગાદિ આકુળતા છે. આ જીવ છે, કર્માદિ અજીવ છે. એ બેના વચ્ચેનો ભેદજ્ઞાનનો અભ્યાસ, એ ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા એમ કહે છે. બીજી કોઈ પ્રવૃત્તિ નહિ. બેને જુદા પાડવાની પ્રવૃત્તિ. રાગ, પુણ્ય કરતાં કરતાં આત્માને જણાય અને આત્મા જણાય એમ નહિ. પુણ્યના ભાવને અને આત્માને ભેદજ્ઞાનની પ્રવૃત્તિ કરતાં જુદું પાડવાની પ્રવૃત્તિ કરવાથી. સમજાણું કાંઈ?

**'ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય...'** ભગવાન જાણનાર ચૈતન્ય પદાર્થ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**પોતે પ્રગટ થાય છે...**' પણ જુઓ ભાષા. આ એનું મથાળું. છે? '**એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છે :-**' એમ કળશમાં મહિમા કરીને અધિકાર પૂર્ણ કરે છે.

**इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा**
**जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।**
**विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या**
**ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे ।।४५।।**

છેલ્લો. છેલ્લો કળશ.

'**શ્લોકાર્થ :- આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ...**' ભાષા જુઓ! ભગવાન આત્માને ધર્મની પ્રાપ્તિમાં શું પ્રવૃત્તિ હોય છે? આત્માને પામવા માટે શું પ્રવૃત્તિ હોય છે? કે ભેદજ્ઞાનરૂપી કરવતની પ્રવૃત્તિ હોય છે. એક લાકડાને બે ટૂકડા કરવા માટે. આ ... છે ને કરવત.. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ અને પુણ્ય-પાપના વિકલ્પો દુઃખરૂપ, બેની વચ્ચેની એકતાને તોડવાનો જે અભ્યાસ, એને અહીંયાં ભેદજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે...**' એટલે માથે કહ્યું એ, શરીરાદિ જડ પુદ્ગલ આદિનો વિકાર દુઃખરૂપ, ભગવાનનો અનુભવ અનાકુળ. '**આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો...**' જુઓ! ઓલા રાડ પાડે છે. પણ ચારિત્ર એ જ્ઞાનમાં ચારિત્ર આવી ગયું, સાંભળને હવે. આમ આત્મા અખંડાનંદ પ્રભુ, એને પુણ્ય-પાપની પર દિશા તરફથી વલણ પાછું વાળીને અંતર્મુખમાં થતાં, એ જ્ઞાનની કરવત દ્વારા રાગ અને આત્માને જુદો પાડ્યો એમાં જ્ઞાન-શ્રદ્ધા ને સ્થિરતા ત્રણે ભેગા આવી જાય છે. એમ વાત એ કે જ્ઞાનની ક્રિયા અને જ્ઞાનની શ્રદ્ધા અને જ્ઞાનની રમણતા એ સિવાય કાંઈક બીજું હોય તો એને ચારિત્ર કહેવાય. એમ માને છે અજ્ઞાની.

આ ભગવાન આત્મા ચૈતન્યનો દરિયો પ્રભુ, એના સન્મુખ થઈને અને પુણ્ય-પાપના રાગથી વિમુખ થઈને, બેની એક્તારૂપી માન્યતા તેને તોડીને ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આત્માની પ્રાપ્તિ થાય છે. આહાહા..! લ્યો, આ ધાર્મિક ક્રિયા કહે છે. આ ક્રિયા ભારે ભાઈ! શું કીધું? '**જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને નચાવીને...**' તેને પરિણમાવી. આ આકુળતાના પરિણામ છે તે દુઃખરૂપ, તે જીવ નહિ. અને આ આત્મા અનાકુળ આનંદમૂર્તિ છે એનો અનુભવ તે શાંત છે, અનાકુળ છે. એવી બે વચ્ચેની એકતા તોડીને અનેકતા રૂપે બેને અનેકપણે રાખવાની કરવત રાખીને અભ્યાસ કરવો. કેવો? વારંવાર. એકાદ વાર કર્યો એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? શું કરવું એ કર્યા કરે માણસ. અમારે કરવું શું? પણ આ અંદર કરવાનું છે ને, આ જોને. એની સૂઝ પડતી નથી અને બીજું માનેલું છોડાતું નથી. એય..! કાંતિભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, આ વારંવાર ભાષા છે ને. જુઓ! ક્યાંથી કાઢ્યું એ? '**ज्ञानक्रकचकलनापाटनं**' અભ્યાસ, અભ્યાસ. વારંવાર કાઢ્યું એમાંથી. અભ્યાસ શબ્દ છે ને? '**कलनात**'. અનુભવ કરવો, અભ્યાસ કરવો. એ શબ્દ ગોતે છે. ઉપરથી કાઢ્યું હશે. .. આ ધર્મ પામવાની કળા. ભગવાન આત્માને ભેટા કરવાની રીત. આ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ વસ્તુ છે અને રાગ પુણ્ય-પાપના વિકલ્પો દુઃખરૂપ છે. એમ બે વચ્ચે ભિન્ન પાડવું એટલે સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરવી, પરસન્મુખની દૃષ્ટિ છોડવી એ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરસન્મુખ જે પુણ્ય-પાપના રાગ ઉપરની દૃષ્ટિ જે અનાદિની છે, એ પોતે નથી છતાં એમાં માનીને રહ્યો છે, એવા શુભાશુભ રાગથી લક્ષ છોડી અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે છે એના ઉપર આશ્રય કરી અને અંતરમાં વારંવાર અવલંબન ચૈતન્યનું લઈને ભેદ પાડવો એ જ્ઞાનરૂપી કરવતનો અભ્યાસ-અનુભવ કહેવામાં આવે છે. લ્યો, આ અભ્યાસ કરવો એમ કહે છે. એ અભ્યાસ સૂઝે નહિ પછી બહારના અભ્યાસે મળી જાય એમ માને અનાદિથી. પહેલી, બીજી, ત્રીજી ચોપડીનો અભ્યાસ કરે છે કે નહિ માણસ આમ? આ અભ્યાસ કરને આ. પહેલી ચીજ શું છે તેનું માહાત્મ્ય સમજ. અને દુઃખરૂપ આકુળતા તેની તુચ્છતા સમજ. શુભાશુભ રાગ એ તુચ્છ છે, ઝેર છે, દુઃખરૂપ છે, આકુળતા છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે, શાંતરસ છે, અનાકુળનો અનાદિઅનંત કંદ છે. એમ ચૈતન્યના માહાત્મ્યમાં જ્ઞાનને વાળી રાગથી જુદું પાડવું એ ભેદજ્ઞાનનો અભ્યાસ છે. સમજાણું કાંઈ? આ તો હજી ઝીણી વાત. ઓલી તો બહાર સ્થૂળ હતી આખી આ અમદાવાદની.

એક જણો બિચારો કહે મહારાજ! આ વાત તો બહુ ઝીણી પડે છે. પણ તારે સાચી સમજવી કે ખોટી? હવે તું ખોટી તો સમજીને બેઠો છો અનાદિથી, હવે શું તારે કરવું છે? .. હોલ છે મોટો. એક હોલ કર્યો લાખ રૂપિયા નાખીને. હજાર ખુરશીયું. આ વ્યાખ્યાન છેલ્લું આપ્યું હતું ને? આ રવિવારે. રવિવારે. રવિવાર હતો ને? ના શનિવાર. ઓલા શનિવાર. હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. અને આમ બહાર ખીચોખીચ. ત્યાં .. આઘે બહાર. ઊભો થયો હતો એક જણો. મહારાજ! આ વાત તમે કહો છો એ ૨૫ માણસ સમજે. કીધું, એક સમજે તો બસ છે, સાંભળને. તમને કાંઈ અભ્યાસ ન મળે, ખબર ન મળે અને લઈને (બેઠા) મોટા મોટા થોથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમ તો બિચારો ... માણસ આમ ઘણું દેખાય ને. આમ ઘણાં ગૃહસ્થ. પણ એ જાણે આ બધા ૧૦-૨૦ લાખના આસામી, ૫૦ લાખના આસામી. એને કોઈ એવી રીતે કહે કે આ પૈસા ખર્ચો, આ કરો તો ધર્મ થાય તો એ ઠીક પડે. એમ. ધૂળમાંય નથી હવે સાંભળને. તારા ૫૦ લાખ અને કરોડ એ તો ધૂળ છે. એને લઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મ કે દિ' થતા હતાં. બહારથી કહો તો સહેલું પડે. આ તો તમે કહો કે આ આત્મા આવો છે અને એને સમજો. એને રાગથી ભિન્ન પાડો. ન સમજે તોય આ સમજે છૂટકો છે. એ વિના ત્રણ કાળમાં એનો આરો નથી.

આત્મસિદ્ધિ, અપૂર્વ અવસરના વ્યાખ્યાન કરો, મહારાજ! અમદાવાદમાં કીધું, બાપુ! આજ જ રહેવું છે, કાલે તો જાવું છે. એ ગુજરાતી છે ને સહેલું પડે. બાપુ! આ ગુજરાતી જ ચાલે છે, કીધું. આ તો સાદી ભાષામાં છે. આમાં કાંઈ બહુ એવી ઝીણી નથી. પણ માણસને અભ્યાસ જ ન મળે. આ વાતનો ખ્યાલ જ ન મળે. બહારની આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, જાત્રા કરો, દયા પાળો ને આ કરો ને આ કરો. અપવાસ કરો લ્યો. એનો અર્થ રાગ કરો... રાગ કરો... રાગ કરો. હવે એ તો રાગ છે બધો, સાંભળને હવે. રાગથી (ચૈતન્યમૂર્તિ આત્માને) જુદો પાડવાનો અભ્યાસ કર, એમ કહે છે.

**'આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને નચાવીને...'** પરિણમાવીને ભેદજ્ઞાનને. **'જ્યાં જીવ અને અજીવ બન્ને પ્રગટપણે જુદા ન થયા, ત્યાં તો જ્ઞાતાદ્રવ્ય, અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,...'** એટલે પ્રગટ થયા ત્યાં. સમજ્યાને? જુદાં ન થયા એટલે કે આમ થયા. એમ. તે સમયે. અભ્યાસ કરતાં કરતાં ભગવાન આત્મા... એક બીજો અર્થ બે કરશે. પણ અહીં તો પહેલો અભ્યાસ કરતાં કરતાં એકદમ એકાકાર થતાં આત્મદ્રવ્ય અને રાગ વિકલ્પ બે જુદા પડી જાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ થવાના કાળમાં આમ હોય છે એમ કહે છે. આ કોઈ મોટી વાત નથી તેરમા ગુણસ્થાનની અને કેવળીની. અહીં તો પહેલાની વાત છે હજી તો. આવા તો બીજાને હોય. પહેલી-બીજી હોય. હવે સાંભળને. બીજી હોય તો અનંત કરીને મરી ગયો. આહાહા..!

કહે છે, ભગવાન જીવ અને અજીવ બંને પ્રગટપણે જુદા એટલે પૂરા જુદાં કેવળજ્ઞાનપણે ન થયા ત્યાં તો જ્ઞાતાદ્રવ્ય પોતાના ભાનમાં આવી ગયું એમ કહે છે. ભલે રાગાદિ રહી ગયો થોડો. સમજાય છે? પણ રાગથી આમ ભિન્ન પડ્યો અને રાગથી સર્વથા છૂટ્યો નથી આમ કેવળજ્ઞાન (થઈને). આમ ભિન્ન પડ્યો. જ્ઞાતાદ્રવ્ય જુદો પડી ગયો. સમજાણું કાંઈ?

ભેદજ્ઞાનરૂપી કરવતનો વારંવાર અભ્યાસ કરીને ત્યાં જીવ અને અજીવ બંને આખા બે દ્રવ્ય જુદા પાડવા છે. તદ્દન. બે જુદા જુદા આખા દ્રવ્ય. પ્રગટપણે જુદા ન થયા એટલે પૂર્ણ રાગથી રહિત દશા પૂર્ણ ન થાય તે પહેલાં તો જીવ અને અજીવની ભિન્નતા ભાસી ગઈ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ત્યાં તો જ્ઞાતાદ્રવ્ય, અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,...'** એક તો પોતાના સ્વરૂપનું ચિદાનંદસ્વરૂપ એ રાગથી ભિન્ન પડતાં જ્ઞાનની તાકાત એવી છે કે લોકાલોકને જાણે એવી તાકાત છે દશામાં. સમ્યગ્જ્ઞાન થયે શ્રુતજ્ઞાનમાં હોં! જાણવાની તાકાત છે. કોઈની કરવાની, લેવાની, દેવાની તાકાત નથી એમ કહે છે. ભિન્ન પડી ગયો. રાગ અને પુણ્ય-પાપના ભાવથી ચૈતન્યમૂર્તિને અંદર જુદી પાડતાં એકલો રહી ગયો એવો છે કે વિકસતી શક્તિ. શક્તિરૂપે હતી જે સમ્યગ્જ્ઞાન શક્તિ પ્રગટરૂપે પર્યાયમાં આવી કે જેને લોકાલોક જાણવાની તાકાત જ જેની જ્ઞાનની પર્યાયમાં રહી ગઈ. રાગનું કરવું કે આનું મૂકવું કે છોડવું એ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

**'અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,...'** ...નો ખુલાસો કર્યો. પહેલાં શ્રુતજ્ઞાનમાં જ ચૈતન્યની શક્તિ વ્યાપી ગઈ. ભાવ શુદ્ધઉપયોગ થતાં અંતર સ્વભાવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કાળમાં રાગ વિકલ્પથી ભિન્ન પડીને સ્વરૂપના અવલંબે જ્યાં શક્તિની વ્યક્તતા પર્યાયમાં પરિણમી, કહે છે કે પોતાની પ્રગટ ચિન્માત્ર શક્તિ વડે. જે શક્તિ હતી એની પર્યાયમાં વ્યાપી. વિશ્વને વ્યાપી એટલે અનેક અનંત પદાર્થને જાણવાની શક્તિ પ્રગટ થઈ. અનાદિથી રાગને કરું અને પુણ્યને કરું એવી મિથ્યાબુદ્ધિ હતી એનો નાશ કરીને સમ્યગ્જ્ઞાન થયું એમાં બધી દશાઓને જાણવાનું, સ્વને-પરને જાણવાની દશા પ્રગટ થઈ.

**'પોતાની મેળે જ અતિ વેગથી ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.'** લ્યો! કહે છે કે કાંઈ રાગના સહારા વિના, નિમિત્તના સહારા વિના ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી પોતાના સ્વભાવની એકતામાં જ્યાં આવ્યો એટલે પોતાની મેળાએ શક્તિની વ્યક્તિ પ્રગટ પર્યાયમાં વ્યાપી ગઈ. એને કોઈનો સહારો નથી. જેનાથી જુદું પાડવું એનો એને સહારો નથી. એમ કહેવા માગે છે અહીં. પહેલો વ્યવહાર હતો.. વ્યવહાર હતો માટે એનાથી થયું કે નહિ? ના, ના. એમ કહે છે. કાંઈક રાગ મંદ હતો ને, પહેલો કષાય મંદ હતો ને તો એને ભિન્ન પાડવાનું કારણ થયું. ના.

**'પોતાની મેળે જ અતિ વેગથી...'** ભગવાન આત્મા જ્યાં શરીરથી, રાગથી ભિન્ન અંતરમાં ભાસ્યું એટલે શક્તિનો વિકાસ પોતાથી જ અંદર પ્રગટ્યો. સમજાણું કાંઈ? **'ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.'** સમ્યગ્દર્શન દીવો, સમ્યગ્જ્ઞાનરૂપી પ્રકાશ શ્રુતજ્ઞાન પ્રગટ થયું. કહો, સમજાણું આમાં? 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું...' એ શબ્દ આવ્યો હતો ને એટલે બધા ખુશી થઈ ગયા ત્યાં. શ્રીમદ્‌નું વાક્ય આવ્યું હતું ને એમાં. કીધું, આમ છે. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન.' એકલા જ્ઞાનનું જ્ઞાન. એકલું કેવળ ચૈતન્યનું જ્ઞાન એને સમ્યગ્દર્શન કહીએ. એને આત્મા કહીએ. કેવળ ચૈતન્યનું જ્ઞાન. એમાં રાગ ને પુણ્યનું કે આનું એનું નથી આવ્યું એમાં. આવે છે કે નહિ? આત્મસિદ્ધિ. કેવળ ચૈતન્યનું જ્ઞાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન.' દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન. એકલું જ્ઞાન સ્વરૂપ જ આત્મા છે. એમ પરથી ભિન્ન પાડતાં ભાસ્યું. પોતાની મેળાએ ભાસ્યું છે. એને કોઈની મદદ અને સહારો નથી. અત્યંતપણે પાછું. અતિ વેગથી. છે ને? '**त्तावदुच्चैश्चकाशे**'

મોટું પાણીનું તળાવ ભર્યું હોય ને મોટું? એક જરીક માથે તળાવની પાળમાં એક લીટી કરે ને આમ લીટી. પાણીનો વેગ ફાટે. ધક્કો મારતું પાણી નીકળે. પાળમાં પાણી ભરાણું હોય ને. પાણી બહુ હોય અંદર. કાઢી નાખવું હોય ત્યારે... કાઢો નહિતર ઓલી કોર પાણી જશે તો ગામને બોળશે. આમ એક લીટી કરવા જાય, ઓલો આમ સળી કરવા જાય ત્યાં ભાગવું પડે. નહિતર સડસડાટ પાણી આવે. એના વેગથી પાણી બહાર આવે છે, કહે છે. પાણી એના વેગથી ધક્કો મારે છે.

એમ ચૈતન્યના પુર અંદર પડ્યા છે આખા. એમાં એકાગ્ર થતાં પોતાની મેળાએ ચૈતન્યપુર ફાટીને પર્યાયમાં પ્રકાશ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ એને આત્મા જાણ્યો કહેવાય, એણે આત્માનો અનુભવ થયો કહેવાય, એને આત્મા કહેવાય. એ સિવાય એને આત્મા કહેવાય નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા સુદ ૫, સોમવાર તા. ૧૯-૯-૧૯૬૬**
**શ્લોક-૪૬, ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૩૩**

... એક પદાર્થ, કોઈ પણ પદાર્થ, કોઈ પદાર્થ કોઈ બીજા પદાર્થને કદી ચુંબતો નથી, સ્પર્શતો નથી. સમજાય છે કાંઈ? કોઈ પદાર્થ-આત્મા, પરમાણુને કદી અડતો નથી અને પરમાણુ પરમાણુને કદી અડતો નથી. અડ્યા વિના કર્તા-કર્મ કઈ રીતે થાય? આત્મા પરનું કાર્ય કરે અને આત્મા કર્તા, એમ કદી બનતું નથી. એ ઉપરાંત બીજી વસ્તુ અહીંયાં તો કહે છે. પહેલો શ્લોક છે.

**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**
**કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.**

'**કર્તાકર્મવિભાવને...**' આત્મા.. હવે અહીંયાં તો પરનો કર્તા નહિ પણ અંદરમાં (લેવું છે). જે ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ સ્વરૂપ છે, તે જ યથાર્થમાં આત્મા છે. તો એ આત્મા પુણ્ય-પાપના વિકારી પરિણામને કરે અને તે વિકારી પરિણામ જીવનું કાર્ય છે એવું અજ્ઞાનદશામાં માન્યું છે. સમજાય છે કાંઈ? પરનો કર્તા તો છે નહિ, કેમકે દરેક પદાર્થ પોતાના રૂપમાં બિરાજમાન છે. અને દરેક પદાર્થ પોતાની પર્યાયને કરે છે. પોતાની પર્યાયને કરે તો બીજો તેની પર્યાયને કરે એમ ક્યાંથી બને? એક ચીજના બે ધણી ન થઈ શકે. પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયને કરે તો તે પદાર્થનો માલિક-પર્યાયનો માલિક તો તે પદાર્થ છે. તો તે પર્યાયને બીજો પદાર્થ કરે તો એક પર્યાયના બે ધણી થઈ જાય છે. એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ?

હવે અહીંયાં તો આત્મા અને વિભાવ બે વચ્ચેની વાત છે. આત્મા કર્તા અને કર્મ વિભાવ. વિકારી પરિણામ જે પુણ્ય-પાપના ભાવ છે, તે ખરેખર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવથી વિકારી પરિણામ તન્મય નથી. સમજાય છે કાંઈ? જેમ પરપદાર્થ અને બીજો પદાર્થ એક સમય પણ તન્મય નથી. તો તેનો કર્તા-કર્મ નથી. એમ આત્મા પોતાનો શુદ્ધ જ્ઞાનમૂર્તિ ચૈતન્યસ્વભાવ, તેમાં સ્વભાવદૃષ્ટિથી તન્મય છે. અને પુણ્ય-પાપનો રાગ જે વિકાર છે તેનાથી ત્રિકાળમાં તન્મય નથી. ત્રિકાળમાં નથી, સ્વભાવ સાથે તન્મય નથી. એ સંયોગી ભાવ છે. વિકારી ભાવ સંયોગી ભાવ છે. સ્વભાવભાવમાં સંયોગીભાવનું તદ્રૂપપણું, એકરૂપપણું કદી થતું નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

એક આસ્રવતત્ત્વ છે. કર્મ આદિ અજીવતત્ત્વ છે. તો એ તો પોતપોતાના રૂપમાં રહે છે અને પોતાનું કાર્ય કરે છે. હવે બીજી (વાત), આસ્રવતત્ત્વ છે તે પણ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. સમજમેં આયા? જ્ઞાયકતત્ત્વ ભગવાન આત્મા વિકારના પરિણામનો કર્તા થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને વિકાર એનું કાર્ય હોય તો એ તો અજ્ઞાનભાવ છે. એને સ્વભાવનું ભાન નથી. સમજાય છે કાંઈ? આ તો હજી બહારમાં કહે છે, પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ. આહાહા..! કોઈ પૂછનાર છે? આહાહા..! કહો, પૂનમચંદજી! આ તમે લખ્યું હતું પત્રમાં કે પંડિત લોકો અહીંયાં આવું બોલે છે. ઈન્દોરમાં રાત્રે સભા થઈ હતી એમાં. આહાહા..! સમજાય છે કાંઈ?

બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. તે ભિન્ન પદાર્થ ભિન્ન પદાર્થનું કાર્ય કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે કોઈ પણ પદાર્થ વર્તમાનમાં નિકમ્મા નથી. નિકમ્મા સમજ્યા? પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિનાનો કોઈ પદાર્થ રહેતો નથી. નકામું નથી તો બીજો પદાર્થ તેનું કામ કરે એમ ત્રણ કાળમાં કદી હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો પરની વાત. આ તો પર સાથેની ચર્ચા થઈ હતી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો બીજી વાત છે. જ્ઞાયક સ્વભાવ ભગવાન, જેની દૃષ્ટિ પર્યાય, રાગ અને વિકાર ઉપર છે તે પર્યાયબુદ્ધિવાળો વિકાર મારું કાર્ય અને હું કર્તા, એમ અજ્ઞાનભાવથી માની રાખ્યું છે. સમજાય છે કાંઈ? પરંતુ જેની દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ હું છું, એમ દૃષ્ટિ છે ત્યાં વિકાર પરિણામ મારું કાર્ય અને હું કરનારો, એમ એમાં રહેતું નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. ઈ કહે છે.

'**કર્તાકર્મવિભાવને...**' કર્તા આત્મા અને કર્મ વિકારી, એમ '**મેટી જ્ઞાનમય હોય**'. હું તો ચૈતન્ય છું. જાણનાર-દેખનાર છું. જાણનાર-દેખનાર વિકારનો કર્તા અને વિકાર કાર્ય એમ હોય નહિ. '**કર્મ નાશી શિવમાં વસે**'. તો એના કર્મનો નાશ પણ થાય છે અને મોક્ષમાં વસે. '**નમું તેહ, મદ ખોય**'. તેને હું નિર્માનપણે નમસ્કાર કરું છું. એમ જયચંદ્ર પંડિત વચનિકા, જે ચાલતી ભાષામાં બનાવનારા, એમણે નમસ્કાર કર્યો છે.

'**પ્રથમ ટીકાકાર કહે છે કે-'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે.''** જેમ નાટકમાં આવે ને, એવી રીતે. '**જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી નૃત્યના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.**'

મુમુક્ષુ :- .. અજીવ લીધો.

ઉત્તર :- એ અજીવ છે. અહીં તો અંદર કર્મ લીધું છે ને.

'**હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :-**' બોલો.

**एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी**
**इत्याज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

શું કહે છે? જુઓ!

**શ્લોકાર્થ :- 'આ લોકમાં...'** જગતની અંદર અજ્ઞાની સ્વરૂપના ભાન વિનાના પ્રાણી એમ માને છે, **'હું ચૈતન્યસ્વરૂપ આત્મા...'** હું જ્ઞાનસ્વરૂપ આત્મા **'તો એક કર્તા...'** હું એક કર્તા **'અને આ ક્રોધાદિ ભાવો મારા કર્મ છે'** વિકારી ભાવ મારું કાર્ય, એ દૃષ્ટિ ભ્રમ છે. પોપટભાઈ! લાદી-બાદીનું તો ક્યાંય રહી ગયું. લાદી-બાદીને ફેરવે, કરે એ તો આત્મામાં છે જ નહિ. લાદી, આ પત્થરની લાદીનો વેપાર છે. પત્થરની લાદી હોય છે ને? એનો મોટો વેપાર છે. આ પોપટભાઈ અહીંયાં બેઠા છે ને? ઘણાં પૈસાવાળા (લોકો) કહે છે. ઘણી ધૂળવાળા એમ કહે છે. સમજ્યા? લાદીનો વેપાર છે. લાદી સમજ્યા? આ પત્થર નહિ? આ લાદી છે ને? શું કહેવાય? ટાઈલ્સ. મોટા વેપારી છે. ઘણાં લાખોપતિનો ધંધો કરે છે. એમ માને છે. કરતા નથી. સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે. ભગવાન! તારી ચીજ પરની ક્રિયાનો કર્તા થાય, એમ ત્રણ કાળમાં બને નહિ. ત્રણ કાળમાં બને નહિ. કેમ કે એ પદાર્થ પોતાની પર્યાયથી ખાલી નથી. કોઈ પણ પદાર્થ પોતાના કાર્યથી ખાલી નથી. તો કાર્ય તો પદાર્થ પોતાની પર્યાયમાં કરે છે. એમાં તું ક્યાં ન્યાં કરવા જાય છે? સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! હવે અહીંયા રહી અંદરની વાત.

જેને ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ ધ્રુવ શુદ્ધ, એની રુચિ નથી તો કહે છે કે જેને વિકારની રુચિ છે, એ વિકારની રુચિવાળાને ત્રિકાળ સ્વભાવ પ્રત્યે અરુચિ છે. એનું નામ ક્રોધ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યપુર, ચૈતન્યનું નૂર, જ્ઞાયકસ્વરૂપનું પૂર આત્મા છે. એવા ચૈત્યની શક્તિવંત તત્ત્વ, એ વિકાર પુણ્ય-પાપના ભાવ, દયા, દાનના ભાવ (તેનો કર્તા નથી). આ તો હજી કહે છે, પરની દયા પાળે તો એ ધર્મ છે. એમ કહે છે અત્યારે તો. આહાહા..! .. થઈ ગયો, મૂઢ થઈ ગયો છે. પરની દયા પાળવી. પરની દયા ત્રણ કાળમાં કોઈ પાળી શકતું નથી. સમજાય છે કાંઈ? કેમ કે એની પર્યાય એના અધિકારમાં છે. જીવ અને શરીરનું સંયોગરૂપ રહેવું કે વિયોગ થઈ જવો, એ તેની પર્યાયનું કાર્ય છે. બીજો એના સંયોગને વિયોગ કરી દે અને વિયોગને સંયોગ કરી દે, એમ ત્રણ કાળમાં બની શકે નહિ. સમજાય છે કાંઈ?

અહીંયાં તો બીજી વાત લેવી છે. ભગવાન આત્મા ચૈતન્યના પૂર સ્વરૂપ ભગવાન, એને વિકારી મારું કાર્ય અને હું તેનો કરનારો, તો કહે છે, ભગવાન ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, તેની એણે અરુચિ કરી. સ્વભાવ શુદ્ધ છે. તેની તેણે અરુચિ કરી. અને વિકારનો પ્રેમ કર્યો તો વિકાર મારું કાર્ય, એમ અજ્ઞાની માને છે. સેઠી! સૂક્ષ્મ છે. આહાહા..! 'દ્વેષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરોચક ભાવ.' શ્વેતાંબરમાં એક આનંદઘનજી થયા છે. આનંદઘનજી. એ પણ જ્યારે ભગવાનની સ્તુતિ કરતા હતા,...

સંભવ દેવ તે ધુર સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ,
સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ. સં. ૧.
ભય ચંચલતા જે પરિણામની રે,

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન, એમાં પરિણામ સ્થિર નથી કરતો તો કહે છે, પરિણામની ચંચળતા, તેને અહીંયાં આત્મા પ્રત્યે ભય લાગે છે. ચંચળતા રહે છે. પોતાનું નિર્ભય સ્વરૂપ, એમાં રુચિ કરીને ઠરતા નથી અને વિકારી પરિણામમાં જાય છે, તેને આત્મામાં જતાં ભય લાગે છે. આકરી વાત છે, ભાઈ! અમરચંદભાઈ! અને 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ, એનો જેને દ્વેષ છે, તેને આત્મા પ્રત્યે ક્રોધ છે અને રાગ પ્રત્યે પ્રેમ છે. સમજાય છે કાંઈ? અરે..! ક્યાં વાત અંતરની અને ક્યાં લોકો બહારથી (મથે છે).

ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદકંદ નિત્યાનંદ અનાદિઅનંત. તેની જેને રુચિ છે, તેને રાગ અને દયા, દાનના વિકલ્પ પ્રત્યે રુચિ નથી. સમજાય છે કાંઈ? અને જેને આત્મા, પુણ્ય-પાપના પરિણામ, પુણ્ય રાગ, દયા, દાનના ભાવની જેને રુચિ છે, તેને જ્ઞાનાનંદ પ્રત્યે ક્રોધ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞના મુખમાંથી નીકળેલી વાત, એ સ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદનું નૂર, પૂર સ્વભાવથી ભરપુર શુદ્ધ જ્ઞાનઘન, એની જેને રુચિ નથી, તેને દયા, દાન, વ્રત, રાગની મંદતાની રુચિ છે તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. આત્મા પ્રત્યે તેને દ્વેષ છે. આહાહા..! એ.. શોભાલાલભાઈ! ઝીણી વાત છે અહીંયાં. એઈ..!

'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન! તારી ચીજમાં અનંત આનંદ આદિ શાંતિ પડી છે. તેની અરુચિ થાય, ત્યારે રાગની રુચિ થાય. જિનેશ્વરદાસજી! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભગવાન સર્વજ્ઞનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. જગતથી નિરાળો છે. જગતમાં કોઈની સાથે એને મેળ નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં એ માર્ગની સાથે કોઈનો મેળ નથી ખાતો. સમજાય છે કાંઈ?

કહે છે, **'આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું અને ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે...'** આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકકી ડલ્લી, એવી ચીજની જેને રુચિ નથી, એના સન્મુખનો જેને પ્રેમ નથી, એવો અજ્ઞાની હું કરનારો, રચનારો, બનાવવાવાળો, થવાવાળો.. શું? વિકારની રચના કરવાવાળો, બનાવવાવાળો, વિકાર મારું કાર્ય અને હું કર્તા, એમ અજ્ઞાની માને છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- યહાં સંધિ..

ઉત્તર :- અહીંયાં સંધિ પડી છે.

ભગવાન! અજીવતત્ત્વ શરીર, કર્મ તો ભિન્ન રહ્યાં, પણ અહીંયાં તો આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વ બે ભિન્ન છે. નહિતર સાત તત્ત્વ સિદ્ધ નથી થતાં. સમજાય છે કાંઈ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સાત થયા કે નહિ? આસ્રવમાંથી પેટા ભેદ પુણ્ય અને પાપ. કહે છે, ભગવાન! તું તો ચૈતન્ય છો ને! જ્ઞાયક છો ને! તો જ્ઞાયક સ્વભાવ, નિજ સ્વભાવની રુચિ છોડીને અજ્ઞાનપણે પોતાના સ્વભાવનું ભાન નથી, તેની દૃષ્ટિ પુણ્ય ને પાપના વિકલ્પ રાગ ઉપર જાય છે, તો અજ્ઞાની રાગનો કર્તા અને રાગ મારું કર્મ એમ અજ્ઞાની સ્વીકારે છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને બધી તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.'** હું જ્ઞાયક ચૈતન્ય છું. સમજાય છે કાંઈ? **'બધી તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.'** હું ચૈતન્ય છું, જાણનાર-દેખનાર છું. મારામાં રાગ નથી, મારામાં પર તો નથી, કર્મ-શરીર તો નથી, પણ મારામાં દયા, દાનના વિકલ્પ મારી ચીજમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બનારસીદાસે કહ્યું ને? ઈ આમાંથી લીધું છે ને શ્લોકમાં.

કરૈ કરમ સોઈ કરતારા,
જો જાનૈ સો જાનનહારા
જો કરતા નહીં જાનૈ સોઈ
જાનૈ સો કરતા નહિ હોઈ. ૩૩.

સમજાય છે કાંઈ? ભગવાન! તારો માર્ગ કોઈ સૂક્ષ્મ છે, પ્રભુ! એણે અંદરમાં શું ચીજ છે એની મહિમા કદી કરી નહિ. સમજાય છે કાંઈ? 'કરૈ કરમ સોઈ કરતારા,' રાગ અને પરનું કાર્ય હું કરું છું અને એ મારું કાર્ય છે. એમ અજ્ઞાની કર્તા થાય છે. 'જો જાનૈ સો જાનનહારા.' હું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છું. રાગાદિના કાર્યનો હું કર્તા નથી. એવી દૃષ્ટિ સમ્યગ્જ્ઞાનીની હોય છે. સમજાય છે કાંઈ? અહીં તો હજી કહે, પરનાં કાર્ય ન કરે એ દિગંબર જૈન નહિ. ભગવાન! ગજબ કરી પણ વાત! સમજાય છે કાંઈ? ઈશ્વરકર્તા જગતનો અને તું કર્તા પરદ્રવ્યનો, એમાં ફેર શું રહ્યો? જિનેશ્વરદાસજી! પેલા ઈશ્વરકર્તા જગતનો, તેને તમેં જૂઠા ઠરાવો. અને તું શરીરની ક્રિયા અને પરદ્રવ્યનો કર્તા માન, બેમાં ફેર ક્યાં રહ્યો? બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ સરખા છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- એમ કહે છે, આખા જગતના કર્તા અને આ થોડાનો કર્તા. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ભગવાન કુંદકુંદાચાર્યે લીધું છે. ઈશ્વર જગતનો કર્તા માને છે અને તું જૈન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈને છકાયની ક્રિયાનો કર્તા, છકાયની દયાનો હું કર્તા છું, બેય મિથ્યાદષ્ટિ એક જાતના છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, જે કર્તા થાય તે જાણનાર રહેતો નથી અને જાણનાર કર્તા થતો નથી. સમજાય છે કાંઈ? આ જૈનદર્શનની મૂળ વસ્તુ છે. જૈન નહિ, જગતની ચીજ એવી છે. જૈન કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? જેવું વસ્તુનું સ્વરૂપ છે, એવું ભગવાને જાણ્યું અને વીતરાગ થઈ ગયા. બસ, જેવું છે તેવું વાણીમાં આવ્યું. સમજાય છે કાંઈ?

ભાઈ! ભગવાન! તું આત્મા છો ને. તો આત્મા ચૈતન્ય જ્યોત છે ને પ્રભુ! તારી પ્રભુતા તો જાણન-દેખનની પ્રભુતા છે. તારી પ્રભુતા રાગ ને દયાના પરિણામ મારું કાર્ય અને હું કર્તા, ભગવાન! એ તારી પ્રભુતા નહિ. એ તો પામરતા છે. સમજાય છે કાંઈ? આહા..! અહીં તો હજી બહારના કામ મેં કર્યા, મેં કર્યા, મેં કર્યા. એ.. શેઠ! યાદ આવે એટલે વારાફરતી અંદર આવે ને. આહાહા..!

જ્ઞાન પોતાની ચૈતન્ય મુડી-પુંજી, તેને ભૂલીને નિજ સ્વભાવની મહિમાને ખોઈને અજ્ઞાની વિકારનું, પુણ્ય-પાપના ભાવનું કર્તૃત્વ મારું છે (એમ માને છે). એનો અર્થ ઈ થયો કે હું જ આખો વિકારરૂપ થઈ ગયો. હું નિર્વિકારી ત્રિકાળ ચીજ છું એવી દષ્ટિ એની રહી નહિ. હું વિકારરૂપ પરિણમન કરું છું, હું ત્રિકાળ વિકારી છું. બસ. સમજાય છે કાંઈ? આહાહા..! એવો અજ્ઞાનભાવ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાનના ભાન વિના કૃત્રિમ ક્ષણિક વિકારની દશા, દયા, દાન, વ્રતના વિકલ્પ આદિ શુભભાવ, તે મારું કાર્ય અને હું કર્તા (છું એમ માને છે) ત્યાં સુધી આત્માના સ્વભાવનું અજ્ઞાન છે. શશીભાઈ! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

મૈં કરતા મૈં કીન્હી કૈસી
અબ યौં કરौं કહૌ જો ઐસી. (બંધદ્વાર-૨૪)

મેં કર્યું, મેં કર્યું. શું કર્યું તેં? તું જ્ઞાનસ્વરૂપ ભગવાન છો ને. તું તો ચૈતન્યસૂર્ય છો. ચૈતન્યસૂર્ય. ભગવાન ચૈતન્યસૂર્ય એ જાણે-દેખે કે બીજાનું કરે કોનું? આહાહા..! પણ એવું ચાલ્યું છે, બસ, આવા વ્રત પાળવા, આમ કરવું, આમ કરવું, આવી ક્રિયા કરવી. એ મોટો અજ્ઞાની, મોટો ત્યાગી. સમજાય છે કાંઈ? બહારનો ત્યાગ (કર્યો), એમાં જ્ઞાન સંપન્ન દશાનો પણ ત્યાગ ભેગો કરી નાખ્યો. શું કહ્યું, સમજાય છે કાંઈ? બાહ્ય ત્યાગ કર્યો તો મેં છોડ્યું, મેં છોડ્યું, મેં છોડ્યું. હું આવો જ્ઞાનસ્વરૂપ છું, એને પણ એણે છોડી દીધું. આહાહા..! સમજાય છે કાંઈ? મેં ત્યાગ કર્યો, મેં આવો ત્યાગ કર્યો, મેં આવો ત્યાગ કર્યો. સાથે હું ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ છું, એનો પણ સાથે ત્યાગ કર્યો. ભાઈ! સમજાય છે? હું જ્ઞાન ચૈતન્ય જ્યોત ત્રિકાળ આનંદકંદ છું, એવી દષ્ટિમાં રાગનો પણ સ્વરૂપમાં અભાવ છે. પરનો અભાવ તો છે જ અને રાગનું કર્તૃત્વ પણ સ્વરૂપની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિમાં છે જ નહિ. એવી અજ્ઞાનદશા જે અનાદિથી ચાલે છે કે વિકાર પરિણામ, દયાના પરિણામ, પરની દયાના પરિણામ, હોં! પરની દયાની ક્રિયા નહિ, પણ દયાનો ભાવ, એ મારું કાર્ય અને હું તેનો કર્તા, એ દૃષ્ટિમાં ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાનો અભાવ છે. જૈનદર્શન... એ.. કેસરીચંદજી! આ તો કેસરીયા થવાની વસ્તુ છે. એ.. ન્યાલભાઈ!

આ તો ભગવાનની ભક્તિ કરો, મેં મંદિર બંધાવ્યું, મેં પૂજા કરાવી, મેં પાંચ-દસ લાખ જાત્રામાં ખર્ચ્યા. મૂઢ છો, પરની ક્રિયા કોણ કરી શકે છે? અને આગળ જતાં એમાં ભક્તિનો શુભભાવ આવ્યો. સમજાય છે કાંઈ? એ પણ મારું કાર્ય અને હું કર્તા, (એમાં) સ્વભાવની દૃષ્ટિનો અભાવ છે. જેને સ્વભાવનું અધિકપણું રાગથી ભિન્નપણું ભાસ્યું, તેને રાગનું કર્તૃત્વ ભાસતું નથી. અને જેને પોતાના સ્વભાવથી રાગની અધિકતા ભાસી, તે રાગનો કર્તા થઈને રાગ મારું કાર્ય છે, એમ માને છે. સમજાય છે કાંઈ?

એમ આત્મામાં જ્ઞાનસ્વરૂપ જાગૃત થયો કે અરે..! હું તો ચૈતન્ય છું. હું તો અનાદિઅનંત જ્ઞાતા-દૃષ્ટા જ રહ્યો છું. કદી પરરૂપ તો થયો નથી, પણ વિકલ્પ જે વિકાર શુભ દયા, દાનનો તે રૂપે પણ હું તો થયો જ નથી. એવું સમ્યગ્જ્ઞાન થતાં '**બધી તરફથી શમાવતી...**' રાગનું કર્તૃત્વ, વિકારનું કર્તૃત્વ ચારે બાજુથી છોડી દ્યે છે. '**જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? જે પરમ ઉદાત્ત છે...**' પરમ ઉદાત્ત છે '**અર્થાત્ કોઈને આધીન નથી,...**' શું કહ્યું? પહેલાં જે કષાયની મંદતા હતી તો જ્ઞાનજ્યોતિનું ભેદજ્ઞાન થયું એમ નહિ. સમજાય છે કાંઈ? શું કહ્યું? રાગની મંદતા, રાગની મંદતા હતી તો મને ભેદજ્ઞાનમાં મારી ચૈતન્યજ્યોતિ જાગૃત થઈ. એમ છે જ નહિ. જ્ઞાનજ્યોતિ કોઈને આધીન નથી. સમજાય છે કાંઈ? ઉદાત્તની વ્યાખ્યા કરી. અથવા ત્રિકાળ ઉત્કૃષ્ટ છે. જ્ઞાન ભગવાન ચૈતન્યપ્રભુ રાગથી ભિન્ન-અધિક, '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**'. છે ને? '**जो इंदिये जिणित्ता**' ૩૧ ગાથામાં. '**णाणसहावाधियं मुणदि आदं**'. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ રાગથી ભિન્ન અધિક નામ જુદો છે. એવું ભાન સમ્યગ્જ્ઞાનમાં થયું તો કહે છે કે પરમ ઉદાત્ત છે, કોઈને આધીન નથી. રાગની મંદતા હતી તો તેની સહાયતાથી ભેદજ્ઞાન થયું એમ નહિ. ચૈતન્યજ્યોતિ નિરપેક્ષ તદ્દન રાગથી ભિન્ન છે. આહાહા..! ઉદાત્ત છે.

'**જે અત્યંત ધીર છે...**' ભગવાન ચૈતન્ય ધીર શાશ્વત વસ્તુ છે. ધીર નામ શાશ્વત વસ્તુ છે અને એમાંથી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. હું તો જ્ઞાતા છું, દૃષ્ટા છું. એક રજકણનું કાર્ય તો મારું નહિ પણ રાગના કણનું કાર્ય પણ મારું નહિ. આહાહા..! ભારે ભાઈ! એવો માર્ગ ભગવાનનો કોઈ નિરપેક્ષ નિરાલંબી તત્ત્વ (છે). સમજાય છે કાંઈ? '**કોઈ પ્રકારે આકુળતારૂપ નથી...**' વિકલ્પ છે જ નહિ તો આકુળતા ક્યાંથી આવી?

'**અને પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી...**’ જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ રાગથી ભિન્ન ભાન થઈને, નિજ ચૈતન્યનું સ્વામીપણું સ્વાધીનપણું પ્રગટ થયું તો કહે છે કે એની તાકાત, જેવા જુદાં જુદાં દ્રવ્ય છે, રાગ ભિન્ન છે, દ્રવ્યની પર્યાય ભિન્ન છે, એમ જુદાં જુદાંને પ્રત્યક્ષ જાણે છે. શ્રુતજ્ઞાન પણ એમ જાણે છે. સમજાય છે કાંઈ? ‘**દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે...**’ જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન પ્રગટ કરે છે, પણ વર્તમાનમાં લોકાલોકને જાણનાર હું છું. હું તો જાણનાર છું, કોઈ વિકલ્પ ને કોઈ પરની ક્રિયા કરનારો હું છું જ નહિ. એવી જ્ઞાનજ્યોતિ આત્માના સ્વભાવનો અનુભવ કરીને પ્રગટ થઈ તે બધાને જાણનાર રહ્યો. પોપટભાઈ! આ ભગવાન પાસે નાચે છે ને હાથથી આમ? આ ક્રિયા હું કરું છું. તો મૂઢ છો.

મુમુક્ષુ :- એક તો ભક્તિ કરે ને પાછો મૂઢ કહો.

ઉત્તર :- ભક્તિ ક્યાં હતો ન્યાં. અને એમાં જે રાગ આવ્યો, એના ઉપર દૃષ્ટિ રહી, રાગથી ભિન્ન મારી ચીજ છે તેનું ભાન ન રહ્યું તો એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સમજવું પડે એવું છે.

ઉત્તર :- સમજવું પડશે. શેઠ!

મુમુક્ષુ :- સમજ્યા વિના જ્ઞાન નહિ થાય?

ઉત્તર :- નહિ થાય, મરી જાય તોય નહિ થાય. ક્રિયાકાંડ કરતા-કરતા, વ્રત-તપ કરીને મરી જાય. ચિદાનંદ ભગવાન રાગથી ભિન્નના ભાન વિના એનો કદી ઉદ્ધાર થતો નથી. સમજાય છે કાંઈ?

‘**જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે-પ્રત્યક્ષ જાણે છે.**’

**ભાવાર્થ :-** ‘**આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે...**’ જુઓ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, ‘**તે, પરદ્રવ્ય...**’ કર્મ આદિ. ‘**તથા પરભાવોના...**’ વિકાર આદિ ‘**કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને,...**’ હું તેનો કર્તા છું, એવા અજ્ઞાનને દૂર કરીને સ્વયં પ્રગટ પ્રકાશમાન થાય છે. કહો, સમજાય છે કાંઈ?

‘**હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના...**’ ‘**જ્યાં સુધી આ જીવ આસ્રવના...**’ જુઓ! આવ્યું. પુણ્ય-પાપ આસ્રવભાવ છે. ચાહે તો વ્રતનો ભાવ હો, અવ્રતનો ભાવ હો, સમજાય છે કાંઈ? એ બધા આસ્રવભાવ છે. અણુવ્રતના ભાવ હો, મહાવ્રતના ભાવ હો, એ આસ્રવભાવ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય એમાં સંવર નથી. સેઠી! ઈ કહે છે, અત્યારે કહે છે. થોડા સંવર,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્જરા છે અને શુભજોગથી ક્ષાયિક સમકિત થાય છે. એવું છાપામાં આવે છે. અરે..! ભગવાન! ક્યાં તારી દૃષ્ટિ છે. આહાહા..! આજથી દસલક્ષણી શરૂ થયા છે. એમ કે આવી વાત..

ભગવાન આત્મા, એના પ્રત્યે ક્ષમા કરવી. એનો અર્થ કે એની રુચિ છોડીને રાગની રુચિ કરવી, તે આત્મા પ્રત્યે ક્રોધ છે. અને આત્માની રુચિ કરીને વિકારની રુચિ છોડવી તેનું નામ ક્ષમા છે. સમજાય છે કાંઈ? એનું નામ ક્ષમા છે. ઈ ક્ષમા આમ કરે, એમ નહિ. વિકલ્પમાત્ર વિકારની રુચિ છોડી ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિની રુચિ કરવી. અને એના પ્રત્યે અરુચિ છે અને વિકારની રુચિ છે તે ક્રોધ છે. એ વિકારની રુચિ છોડી અવિકારીની રુચિ કરવી એનું નામ ક્ષમા છે-સમ્યગ્દર્શનરૂપી ક્ષમા છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

એની દૃષ્ટિમાં-શ્રદ્ધામાં આ વાત ન લાવે અને કહે કે અમારે ધર્મ થઈ ગયો. ધૂળમાં નથી, એકડા વિનાના મીંડા છે બધા. સમજાય છે કાંઈ? એકડો સમજો છો? શું કહે છે? એક બિનાકા શૂન્ય. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાન પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા પાસે આઠ દિવસ રહ્યા હતા. સંવત ૪૯માં લગભગ, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાય છે કાંઈ?

'**જ્યાં સુધી આ જીવ આસ્રવના...**' અર્થાત્ પુણ્ય-પાપના વિકલ્પ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ આસ્રવ છે. આસ્રવ છે? ગાય તો બહુ છે. દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, પરમગુરુ હોય.. નહિ? બહુ ગાય છે. સોલહ તીર્થંકરપદ પાય. સાંભળ તો ખરો. જે ભાવે બંધ પડે એ ભાવ ધર્મ નહિ. તીર્થંકર પ્રકૃતિનો બંધ પણ ધર્મભાવથી નથી થતો. ખરેખર તે આસ્રવ છે. નિશ્ચયથી તે અધર્મ છે. એ.. કેસરીચંદજી! શું છે?

મુમુક્ષુ :- બહુ કડક થઈ જાય છે.

ઉત્તર :- કડક થઈ જાય છે? આવી જ વસ્તુ છે, ભાઈ! એ વાત તો અમે સંપ્રદાયમાં કહી હતી. સંપ્રદાયમાં સંવત ૧૯૮૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૩૭ વર્ષ થયા. સંપ્રદાયમાં અમે બોટાદ સંપ્રદાયમાં હતા ને. એમાં હતા ને ૨૧ વર્ષ. મોટી સભા ભરાતી. એ વખતે પણ મોટી સભા ભરાતી હતી ને. અમારા નામની પ્રતિષ્ઠા ઘણી હતી ને. નામની, હોં! વસ્તુ શું છે એ તો.. મોટી સભા ભરાયેલી. આખો અપાસરો ખચોખચ ભરેલો. ૮૫ની સાલ. ૮૫ સમજ્યા? સંવત ૧૯૮૫. મોટી સભા. સવારે કહ્યું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ થાય નહિ અને જે ભાવે બંધ થાય તે ધર્મ નહિ. હાય.. હાય...! ખદબદાટ.. ખદબદાટ. અમરચંદભાઈ!

ભગવાન ત્રિલોકનાથ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે. તીર્થંકર ગોત્રનો ભાવ છે તે શું આત્માને લાભદાયક છે? તીર્થંકર કોણ બનાવે છે? પ્રકૃતિ બનાવે છે? શુભરાગ આવ્યો તેને છોડીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીતરાગ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે છે. આત્માને શું બનાવ્યો એણે? આહાહા..! સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવે આત્માને શું લાભ કર્યો? તીર્થંકર બનાવી દીધા? તીર્થંકર કોણ? સમવસરણ બન્યું એ તીર્થંકર છે? ભગવાન! આ તો વીતરાગમાર્ગ છે, પ્રભુ! જે ભાવ આવ્યો એ આસ્રવ છે. સમ્યગ્દૃષ્ટિ તેને પૃથક્ જાણે છે. પોતાના સ્વભાવમાં એને ભેળવતા નથી. જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞેય છે, હું જ્ઞાતા છું. એ ભાવ મને લાભદાયક નથી. વિકાર લાભદાયક થાય? આહાહા..! ભારે ભાઈ! કડક વાત છે? ભાઈ! શું છે? પણ સાચી છે. કડી એટલે? કઠિન. ત્રણે કાળે સત્ય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ, બીજો કોઈ પંથ છે નહિ. સમજાય છે કાંઈ?

એણે આનો નિર્ણય અને શ્રદ્ધા કરવી પડશે. આવી શ્રદ્ધા કર્યા વિના એનો કોઈ દિ' ઉદ્ધાર થાય નહિ. મરી જાય મહાવ્રત પાળીને, અણુવ્રત પાળીને, તપસ્યા કરી કરીને સૂકાઈ જાય પણ તારા આત્માના લાભ નહિ થાય. જ્યાં સુધી આસ્રવ આત્માને દુઃખદાયક છે (અને) આત્મા આનંદદાયક છે (એવો નિર્ણય ન થાય ત્યાં સુધી કલ્યાણ નથી). દુઃખદાયક છે? શુભભાવ દુઃખદાયક છે? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ દુઃખદાયક છે કે સુખદાયક છે? ભાઈ! દુઃખદાયક છે કે સુખદાયક ભાવ છે? દુઃખ છે. રાગ છે એ દુઃખ છે. આત્માનું અમૃત લૂંટીને રાગ થયો છે. આહાહા..! લોકોને સત્ય વીતરાગનો માર્ગ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાળજા ફડફડે શું? ચૈતન્યનો માર્ગ શૂરવીરનો માર્ગ છે, પામરનો માર્ગ નથી. સમજાય છે કાંઈ?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,<br>
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

સમજાય છે કાંઈ? ભગવાન પરમાત્મા નિજાનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એમાં એ ભાવ હો, આવે છે, હો, પણ છે દુઃખદાયી. આહાહા..! એમ આવે કે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ પરંપરા મુક્તિનું કારણ છે. એ તો એને છોડીને, શુભભાવને છોડીને સ્વરૂપમાં શુદ્ધઉપયોગમાં લીન થશે ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થશે, ત્યારે પ્રકૃતિનું ફળ જડમાં આવશે. આત્મામાં શું આવ્યું? સમજાય છે કાંઈ? એ તો બહાર આવ્યું, સમવસરણ. એમાં આત્મામાં શું આવ્યું? સમજાય છે કાંઈ?

આજે દસલક્ષણી પર્વનો પહેલો દિવસ છે. ભગવાનનો વીતરાગ માર્ગ શું છે એની એણે યથાર્થ દૃષ્ટિ કરવી જોઈએ. એનું જ્ઞાન કરવું જોઈએ, ભાઈ! સર્વજ્ઞ કહે છે આમ અને ઈ માને બીજું અને કહે કે અમને ભગવાનની શ્રદ્ધા છે. ક્યાં રહી તારી શ્રદ્ધા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આર્ષ ગ્રંથમાં લખ્યું છે.

ઉત્તર :- આર્ષ ગ્રંથમાં આવું લખ્યું જ નથી. 'દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' શુદ્ધ શ્રદ્ધા વિના તને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા ક્યાંથી થશે? 'શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો.' છાર સમજ્યા? રાખોડી રાખોડી રાખ હોય છે ને? આટલી રાખ-ભસ્મ. આટલી ભસ્મ ઉપર ગાર કરે. ગારને શું કહે છે? લીપણ.. લીપણ. રાખ ઉપર લીપણ ન થાય. એમ સાચી શ્રદ્ધા વિના તને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ સાચી શ્રદ્ધા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે ઈ તો તું માનતો નથી અને તું કહે છે કે મને દેવની શ્રદ્ધા છે. ક્યાંથી આવી તને દેવની શ્રદ્ધા? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આવું જ છે.

ઉત્તર :- આમ જ છે. દેવ આમ કહે છે, ગુરુ આમ કહે છે અને શાસ્ત્ર પણ ઈ જ કહે છે કે રાગ આસ્રવ છે અને તારો સ્વભાવ ભિન્ન છે. તું માને કે રાગથી લાભ થાય. ભગવાન ના પાડે છે કે રાગથી લાભ નથી. તું માને છો. તને શ્રદ્ધા ક્યાં રહી? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા અને તારી શ્રદ્ધાને મેળ નથી. શોભાલાલજી! આ બીજી વાત છે અહીંયાં. આહા..!

વીતરાગમાર્ગ પ્રભુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! શાંત.. શાંત. જ્ઞાનસ્વરૂપમાં તો રાગનો અભાવ છે. '**જ્યાં સુધી આ જીવ આત્માના અને આસ્રવના વિશેષને (તફાવતને) જાણે નહિ...**' જ્યાં સુધી એ પુણ્ય-પાપના વિકલ્પ-રાગ અને ભગવાન જ્ઞાયક સ્વરૂપનું અંતર ન જાણે-ભેદ ન જાણે-ફેર ન જાણે '**ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો...**' ત્યાં સુધી તો અજ્ઞાની છે. એને આત્માનું ભાન નથી. '**આસ્રવોમાં પોતે લીન થતો...**' જુઓ! ભાષા કેવી છે! એ પુણ્ય-પાપના ભાવમાં સ્વયં લીન થતો. કર્મ લીન નથી કરાવતા. સમજાય છે કાંઈ? નિજ સ્વરૂપના અજ્ઞાનને કારણે વિકારમાં લીન થાય છે. કર્મ વિકારમાં લીન નથી કરાવતા. સમજાય છે કાંઈ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ'. કર્મ શું કરે? એ તો જડ છે. આ જ લખાણ આવે છે, કર્મથી આમ થયું, કર્મથી આમ થયું. ધૂળમાંય થયું નથી, સાંભળ તો ખરો. કર્મ શું છે? જડ છે. જડને ખબરેય નથી અમે શું તત્ત્વ છીએ જગતના? તેં ભૂલ કરી અને તું નાખ કર્મ ઉપર, મોટો અન્યાય કરે છે.

અહીં તો કહે છે, નિજ શુદ્ધ ભગવાન આત્મા અને પુણ્ય-પાપના રાગરૂપી આસ્રવ, બેને જ્યાં સુધી ભિન્ન નથી જાણતો ત્યાં સુધી તેને પોતાના માનીને એમાં લીન થાય છે. '**કર્મોનો બંધ કરે છે...**' મિથ્યાદષ્ટિ સહિત આઠ કર્મોનો બંધ કરે છે. '**એમ ગાથામાં કહે છે.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।**
**अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।**

**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**
**जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।।७०।।**

સર્વદર્શી સર્વજ્ઞ ત્રિલોકનાથ ભગવાને આમ ફરમાવ્યું છે. નીચે હરિગીત. નીચે હરિગીત છે ને?

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**

**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

સમજાય છે કાંઈ? એનો અર્થ, ટીકા, ટીકા. થોડું સૂક્ષ્મ છે, વસ્તુ એવી છે. સમજવું પડશે, યથાર્થ ઓળખાણ કરીને ઓળખાણ કરવી પડશે. એ વિના ત્રણ કાળમાં કોઈ દિ' તારો ઉદ્ધાર થશે નહિ. એ મોક્ષમાર્ગ કોઈ બીજો આપી શકતો નથી. સમજાય છે કાંઈ? ભગવાનની ભક્તિ કરવાથી મુક્તિ થઈ જાય છે, સમ્યગ્દર્શન (થઈ જાય) એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ ખર્ચ્યા છે? એઈ.. શેઠ! લાખો રૂપિયા ખર્ચ્યા. જુઓને, આ બધા મકાન. ધૂળ, એ તો બનવાની વસ્તુ હતી. કોણે બનાવી? કોણ કહે છે બનાવી છે?

મુમુક્ષુ :- મિસ્ત્રીએ બનાવ્યું.

ઉત્તર :- મિસ્ત્રીએ બનાવ્યું નથી, રામજીભાઈએ બનાવ્યું નથી, કોઈએ બનાવ્યું નથી.

મુમુક્ષુ :- મેં તો મકાન બનાવ્યું જ નથી.

ઉત્તર :- એ પ્રમુખ હતા ને ૩૦ વર્ષ. કહો, સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલ પરાવર્તનના પ્રવાહમાં પરિણમન કરતાં કરતાં એમ બની ગયું છે.

મુમુક્ષુ :- .. એણે તો બનાવ્યું.

ઉત્તર :- બનાવ્યું જ નથી, કોણ બનાવે? પુદ્‌ગલની પર્યાય છે. પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલ બનાવે છે, મિસ્ત્રી બનાવે છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બનાવવું છે ને હજી અમારે. મંદિર બનાવવું છે ને. આ બની ગયું એનાથી અને બનશે પણ એનાથી. મલૂકચંદભાઈથી નહિ. કહો, સમજાય છે કાંઈ? મલૂકચંદભાઈને સાદુ કરવું છે અને ઓલાને મોટું કરવું હતું. એમ બધા વાંધા ઉઠ્યા હતા હળવે હળવે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કારણ કે પૈસાવાળા માણસ. એના છોકરા પૈસાવાળા... કાંઈક આપે ઝાઝું ને સારું કરવું. એમ. આ જાણે કે થોડું મારે ... ઠીક. કહો, સમજાય છે? કોણે મંદિર બનાવ્યું? જગતના પદાર્થ અસ્તિ છે કે નાસ્તિ? અસ્તિ છે તો એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે કે નહિ? તો સમયે સમયે એ પરમાણુમાં પોતાથી ઉત્પાદ થાય છે તો બીજો એનો ઉત્પાદ કરે, એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ઈ તો બરાબર, પણ નિમિત્તથી થાય છે ને.

ઉત્તર :- નિમિત્ત જ એનું નામ, ઉત્પાદ પોતપોતાની પર્યાયમાં એ નિમિત્ત નિમિત્તરૂપે રહે છે. ઉપાદાન ઉપાદાનરૂપે રહે છે. પોતપોતાના રૂપે રહે છે, એમાં નિમિત્ત કર્યું શું? આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્ત એ પણ પદાર્થ છે કે નહિ? પરપદાર્થ પોતાની પર્યાયમાં પોતાના રૂપે રહે છે કે પર રૂપે થઈ જાય છે? અને ઉપાદાન પણ પોતપોતાની પર્યાયરૂપે રહે છે. નિમિત્તે શું કર્યું એમાં? સમજાય છે કાંઈ? આહાહા..! એ.. દેવીદાસભાઈ! અહંકાર છે ને. અહંકાર છે. મેં કર્યું, મેં કર્યું.

મુમુક્ષુ :- કરવું ખરું પણ એનો અહંકાર ન કરવો.

ઉત્તર :- કરી શકતો નથી, શું કરે? કહે છે ને, અનાસક્ત ભાવે કરવું. અનાસક્ત ભાવે કરવું. કરવું ખરું પણ આસક્તિ ન કરવી. મૂઢ છો. પરનું કરી કોણ શકે છે?

મુમુક્ષુ :- ઈ કહે છે, કરવું પણ અહંકાર ન કરવો.

ઉત્તર :- ઈ કહે છે એ ખોટું છું, વાત જ ખોટી છે. પરદ્રવ્યનું કદી ત્રણ કાળમાં કરી શકતો નથી. કરવું પણ આસક્તિ ન કરવી, એ લાવ્યો ક્યાંથી? સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત, ભાઈ! અરે..! વીતરાગમાર્ગ. આ તો સિંહના માર્ગ છે. સમજાય છે કાંઈ? કાયરના કામ નથી.

કહે છે, ભગવાન આત્મા, **'જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...'** પહેલી લીટી. લીટી કહે છે ને? પહેલી પંક્તિ. ભગવાન આત્મા, **'જેમને..'** એટલે એને-ભગવાન આત્માને **'તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...'** જુઓ! ત્રણ શબ્દ આવશે. તાદાત્મ્યસિદ્ધ સંબંધ, સંયોગસિદ્ધ સંબંધ, પરસ્પર અવગાહલક્ષણ સંબંધ. એમાં આ પહેલાં કહે છે કે, ભગવાન આત્મા, એને જ્ઞાન... **'એવાં આત્મા અને જ્ઞાનમાં...'** શું કહે છે? **'જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...'** આત્માને, જ્ઞાન અને આત્માને તાદાત્મ્ય સંબંધ છે. તાદાત્મ્ય સંબંધ સમજ્યા? તદ્રૂપ સંબંધ છે. જેમ સાકર અને એનું ગળપણ... ગળપણ કહે છે? મીઠાશ. એ તદ્રૂપ સંબંધ છે, તદ્રૂપ સંબંધ છે. અગ્નિ અને ઉષ્ણતા. અગ્નિ અને ઉષ્ણતા તદ્રૂપ સંબંધ છે. એમ ભગવાન આત્મા અને એનો જ્ઞાનસ્વભાવ, તાદાત્મ્ય સંબંધ છે-તદ્રૂપ સંબંધ છે, એકરૂપ સંબંધ છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેમ ભગવાન આત્મા, '**જેમને...**' એટલે આત્માને '**તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...**' કોની સાથે? જ્ઞાન સાથે. સ્વભાવવાન આત્મા અને જ્ઞાનસ્વભાવ. સ્વભાવવાનની સાથે જ્ઞાનસ્વભાવનો તાદાત્મ્યસંબંધ છે. તાદાત્મ્યસંબંધ સમજ્યા? એકરૂપ સંબંધ છે. તદ્રૂપ સંબંધ છે. પ્રદેશ ભિન્ન નથી. ભાવવાન અને ભાવ ભલે કહો. આત્મા ભાવવાન, જ્ઞાન ભાવ. પણ ભાવવાન અને ભાવમાં તાદાત્મ્ય સંબંધ છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય જ્યોત, ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા અને ચૈતન્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવ જેમાં આત્માને અને જ્ઞાનસ્વભાવને તાદાત્મ્ય સંબંધ છે, બેનો એકરૂપ સંબંધ છે. ભિન્ન નથી.

'**જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી...**' બેમાં ભેદ નથી, બેમાં અંતર નથી, બે ભિન્ન નથી. એકરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ અને આત્મા એકરૂપ છે. '**તેમનો ભેદ (જુદાપણું) નહિ દેખતો થકો,...**' જેમ ભગવાન આત્મા અને જ્ઞાન. જ્ઞાન અને આત્માને જુદા નહિ દેખતો થકો. ધર્મી, પોતાનો આત્મા અને એનો જ્ઞાન સ્વભાવ, બેને ભિન્ન નહિ દેખતો થકો. બેને એકરૂપ દેખતો થકો. બેમાં અંતર અને ફેર નહિ દેખતો થકો. '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' ભગવાન આત્મા, અહીં આત્માનું જ્ઞાન લેવું છે ને. તો જ્ઞાનની સાથે તાદાત્મ્ય સંબંધ છે તો એ સંબંધમાં નિઃશંકતાથી જ્ઞાનમાં પોતાપણે વર્તે છે. એ પર્યાય આવી. શું કહે છે? જે આત્મા કાયમ છે, એનો જ્ઞાનસ્વભાવ કાયમ તાદાત્મ્ય છે. તો એવો જ્ઞાનસ્વભાવ અને આત્મા એકરૂપ હોવાથી, ભિન્ન નહિ હોવાથી '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે...**' જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે. એમ અંતરમાં પ્રવર્તે છે અને એ પ્રવર્તે છે એ જ્ઞાનની ક્રિયા થઈ. સમ્યગ્દર્શન, જ્ઞાનની ક્રિયા થઈ. આત્મા, જેમાં જ્ઞાન ચૈતન્ય તાદાત્મ્ય સંબંધ છે, તો તે બે વચ્ચે ભેદ નહિ દેખતો થકો, આત્મામાં જ્ઞાનરૂપમાં સ્થિર થાય છે. જ્ઞાન અને આત્મામાં એકાકાર થાય છે.

'**ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' શું કહે છે? સૂક્ષ્મ વાત છે. આત્મા ચેતન, જ્ઞાન ચૈતન્ય. જ્ઞાન ચૈતન્ય, આત્મા ચેતન દ્રવ્ય. જ્ઞાન ચૈતન્ય સ્વભાવ. એ બેમાં ભિન્નતા નહિ દેખતો થકો, બેમાં અંતર-તફાવત નહિ જાણતો થકો. સમ્યગ્જ્ઞાની બેમાં એકતા જાણતો, બેમાં ભિન્નતા નહિ જાણતો થકો. '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે...**' જ્ઞાન છે તે જ હું છું, એમ નિઃશંકપણે અંદરમાં પ્રવર્તે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્રિયા. સમજાય છે કાંઈ? તો એ જ્ઞાનક્રિયા સ્વભાવભૂત છે. સ્વરૂપ આત્મા અને તેનો જ્ઞાનસ્વભાવ, એ જ્ઞાનમાં પોતાપણે વર્તતો, એ મારું સ્વરૂપ છે એમ અંતરમાં એકાકાર થવાથી જ્ઞાનક્રિયા ઉત્પન્ન થઈ. જ્ઞાનક્રિયાનો અર્થ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરીથી. ભગવાન આત્મા, જેને જ્ઞાન તાદાત્મ્ય સંબંધ છે એમ બેમાં ભેદ નહિ દેખતો થકો, અંતરમાં આત્મામાં જ્ઞાનપણે, પોતાપણે, જ્ઞાનમાં પોતાપણે-જ્ઞાન હું છું, ચૈતન્ય હું છું, એમ સ્વભાવમાં નિઃશંકપણે એકાકાર થઈને પ્રવર્તે છે, તે ક્રિયાને જ્ઞાનક્રિયા કહેવામાં આવી છે. એ ક્રિયાને મોક્ષના માર્ગની ક્રિયા કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' એ નિષેધ નામ જુદી થઈ શકતી નથી, એમ કહે છે. ચૈતન્ય ભગવાન આત્મા અને જ્ઞાનસ્વરૂપ એક છે. તો જ્ઞાનમાં પોતાપણું માનીને પોતાના જ્ઞાનસ્વભાવમાં લીન થાય છે, એકાકાર થાય છે, એની જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે, એ સ્વાભાવિક ક્રિયા જુદી થઈ શકતી નથી. એ જ્ઞાનક્રિયા આત્મા સાથે અભેદ હોય છે. સૂક્ષ્મ છે, ભાઈ! આ કર્તા-કર્મ મહા તાત્ત્વિક વાત છે. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય ૭૬ ગાથામાં અધિકાર લીધો છે. છે?

ભાઈ! તારું જ્ઞાન છે તે તું છો અને તું છો તે જ્ઞાન છે-અંદર જાણન. એ જ્ઞાનમાં પોતાપણું કરીને એકાકાર થઈને સ્વરૂપમાં ભિન્ન નહિ દેખતો, આત્મા અને જ્ઞાનને જુદાં નહિ દેખતો જ્ઞાનમાં પોતાપણે પ્રવર્તતા જે જ્ઞાનક્રિયા ઉત્પન્ન થઈ, તે તો નિર્વિકારી સ્વભાવક્રિયા ઉત્પન્ન થઈ. એ નિર્વિકારી સ્વભાવક્રિયા તો સ્વભાવ સાથે અભેદ થઈ. તેનો નિષેધ થતો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કરી શકે? અભેદ ચૈતન્ય અને આત્મા, એમાં એકાકાર થઈને પ્રવૃત્તિ થઈ, પરિણામ થયા-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, એ ત્રણેને અહીંયાં જ્ઞાનક્રિયા કહી છે. એ સ્વભાવભૂત ક્રિયા થઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અંતર્મુખ થઈને પ્રવૃત્તિ કરી તો એમાં જ્ઞાનક્રિયા સ્વભાવભૂત ઉત્પન્ન થઈ. સ્વભાવભૂત જ્ઞાનક્રિયા તે મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! '**નિષેધવામાં આવી નથી..**' દ્રવ્ય આત્મા, જ્ઞાનગુણ અને એમાં પ્રવર્તન એકાકાર થવાથી નિર્મળ દશા સ્વભાવના એકપણાથી ઉત્પન્ન થઈ, તેનો અભાવ થતો નથી. એ તો સ્વાભાવિક ક્રિયા ઉત્પન્ન થઈ, એ તો અભેદ થઈ. તો અભેદનો નિષેધ થતો નથી. એ મોક્ષના માર્ગનો આદર કરવાનો છે. વિશેષ કહેશે.. ઝીણી વાત છે ને. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૬, મંગળવાર તા. ૨૦-૯-૧૯૬૬**
**ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૩૪**

આ સમયસાર કર્તા-કર્મ અધિકાર ચાલે છે. ૬૯-૭૦. ફરીથી, ટીકાથી ફરીને લઈએ છીએ. શું કહે છે? જુઓ! બહુ સૂક્ષ્મ વાત છે. અનંત કાળથી એણે એ ક્રિયા એક સમયમાત્ર પણ કરી નથી. કઈ ક્રિયા? '**જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...**' ભગવાન આત્માને જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ છે. આત્મા વસ્તુ છે આત્મા, એને જ્ઞાન-જાનન.. જાનન.. જાનન.. જાનન સ્વભાવ, એ જાનન સ્વભાવથી આત્મા તાદાત્મ્ય છે, એક સ્વરૂપ છે, તદ્રૂપ છે. '**તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી...**' શું કહે છે? ભગવાન આત્મા અને જાનનસ્વભાવ, એ જાનન સ્વભાવ અને જાનન સ્વભાવવાળો, બેમાં ભેદ નથી, બેમાં અંતર નથી, બે પૃથક્ નથી, બે ભિન્ન નથી. સમજાય છે કાંઈ? '**નહિ હોવાથી તેમનો ભેદ (જુદાંપણું) નહિ દેખતો થકો,...**' ભગવાન આત્મા અને જ્ઞાન, બે વચ્ચે પૃથક્તા નહિ દેખતો થકો, '**નિઃશંક રીતે...**' નિઃશંકપણે. જ્ઞાન છે તે આત્મા છે. જાનન.. જાનન. જાનનક્રિયા એ આત્મા છે, એમ નિઃશંકપણે '**જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, એનો જ્ઞાનસ્વભાવ-જાનનસ્વભાવ, એ ત્રિકાળ તદ્રૂપ આત્મા સાથે છે. તો એ જ્ઞાનમાં-જાનનમાં પોતાપણે પ્રવર્તતો થકો જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. '**ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' અહીંયાં આવ્યું છે. શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન સાથે એકરૂપ છે. તો જ્ઞાનસ્વભાવમાં પોતાપણું માનતો, પોતાપણું જાણતો થકે નિઃશંકપણે જ્ઞાનમાં આત્માપણે (પોતાપણે) વર્તે છે. તો પ્રવૃત્તિ છે તેમાં એકાકાર થઈને સ્વભાવભૂત જે ક્રિયા પ્રગટ થઈ, તેને ધાર્મિકક્રિયા અને ધર્મ કહે છે. આરે..! ભારે વાત. સમજાય છે કાંઈ?

ક્રિયા ત્રણ પ્રકારની. એક સ્વાભાવિક ક્રિયા, એક વિભાવિક ક્રિયા અને એક પરની જડની ક્રિયા. નિજ આત્મા સિવાય અન્ય પદાર્થ શરીર, વાણી, મન.. ક્રિયા પર્યાયકી ફેરણી. પરપદાર્થમાં જે પર્યાય બદલાય છે તે પરપદાર્થની ક્રિયા છે. અને આત્મામાં પુણ્ય અને પાપાદિ ભાવ થાય છે એ વિકારી ક્રિયા છે. સમજાય છે કાંઈ? અને આત્મા જ્ઞાનપણે હું એક છું, જ્ઞાનસ્વભાવી હું આત્મા છું, એમ જ્ઞાનમાં પોતાપણું માનીને, જ્ઞાનમાં આત્માપણાની નિઃશંકપણે શ્રદ્ધા કરીને જ્ઞાનમાં પોતાના સ્વરૂપની સ્થિરતા કરે છે. તેને જ્ઞાનક્રિયા સ્વભાવભૂત (પ્રગટ થઈ). એમાં જ્ઞાન તે આત્મા, એવી શ્રદ્ધા સમ્યગ્દર્શનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્રિયા, જ્ઞાન તે આત્મા, સ્વસંવેદન જ્ઞાનની ક્રિયા, જ્ઞાન તે આત્મા સ્વરૂપની સ્થિરતા રૂપ ક્રિયા, તેને અહીંયાં જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં નથી આવી. અર્થાત્ એ સ્વાભાવિક ધાર્મિકક્રિયાનો નિષેધ થઈ શકતો નથી. સમજાય છે કાંઈ?

ફરીથી લઈએ છીએ. બહુ સૂક્ષ્મ છે. ભગવાન આત્મા, પરનું બધાનું લક્ષ છોડી, રાગનું-વિકલ્પનું લક્ષ છોડી, આ જ્ઞાન તે આત્મા, જાનન.. જાનન.. જાનન.. જાનન.. સ્વભાવ, એ સ્વભાવવાન તે આત્મા છે. સ્વભાવ છે તે જ આત્મા છે. એમ પોતાના જ્ઞાનમાં આત્મપણે (પોતાપણે) નિઃશંકપણે એકાકાર થઈ, જે પ્રવૃત્તિ થાય છે તેને સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવે છે. આહાહા..! શેઠ! આકરું છે ભારે. એ સ્વભાવભૂત ક્રિયાને મોક્ષનો માર્ગ કહે છે. એને સંવર, નિર્જરાની ક્રિયા કહે છે. આહાહા..!

ભગવાન આત્મા જાનન.. જાનન.. જાનન જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવ, જાણકસ્વભાવ એ જાણકસ્વભાવ અને આત્મા તદ્રૂપ-એકરૂપ-હોવાથી જ્ઞાનમાં પોતાપણું માનીને નિઃશંકપણે તેમાં એકાગ્ર થાય છે. કેમ કે હું જ્ઞાન તે જ આત્મા છું. એમ નિઃશંકપણે એમાં રહેવાથી જે ક્રિયા પ્રગટ થઈ તેને સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવે છે. તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્રિયા કહે છે. સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! આહાહા..! પરિણામી પદાર્થ એ દ્રવ્ય છે. અને ગુણ એનો ત્રિકાળી સ્વભાવ છે, અને પરિણમન-બદલવું-રૂપાંતર થવું, એ રૂપાંતર જ્ઞાન અને આત્મા છું, એમ થઈને રૂપાંતર થાય છે. એ અંતરમાં સ્વભાવમાં એકાકાર થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય (પ્રગટ થઈ) તેને અહીંયાં સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવી છે.

અથવા જ્ઞાનક્રિયા, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત. જ્ઞાન શબ્દે રાગક્રિયા નહિ. પુણ્યનો દયા, દાનનો વિકલ્પ છે એ રાગની ક્રિયા છે. એ નહિ. જ્ઞાનક્રિયા. જ્ઞાન હું આત્મા છું. ચૈતન્ય મારો સ્વભાવ છે, તે જ હું છું, એમ અંતરમાં દૃષ્ટિ કરી જ્ઞાનક્રિયા. સ્વભાવમાં-જ્ઞાન આત્મામાં એકાકાર થઈને જે જ્ઞાનક્રિયા ઉત્પન્ન થઈ, રાગક્રિયા નહિ, પુણ્યક્રિયા નહિ, જડની ક્રિયા નહિ. અંતરમાં જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનક્રિયા થઈ એ સ્વભાવભૂત છે. એ પોતાની નિર્મળ વીતરાગી પર્યાય છે. આહાહા..! અમરચંદભાઈ! આહા..! એ જ ધર્મ છે.

‘**હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**’ અર્થાત્ તેનો નિષેધ થઈ શકતો નથી. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરે જોયો, એવું જ્ઞાન તે આત્મા, રાગ તે આત્મા નહિ, પુણ્ય-પાપ, દયા, દાનનો વિકલ્પ ઉઠે તે આત્મા નહિ, દેહાદિ તો આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જાણનસ્વભાવ તદ્રૂપ આત્મા, એવા આત્મામાં જ્ઞાનમાં આત્મપણાની (પોતાપણાની) જે ક્રિયા થાય છે તેને અહીંયાં જ્ઞાનક્રિયા કહેવામાં આવે છે, તેને અહીંયાં સ્વભાવભૂત કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? કર્તા આત્મા અને જ્ઞાનક્રિયા ઉત્પન્ન થઈ તે તેનું કર્મ નામ કાર્ય છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'નિષેધવામાં આવી નથી...'** તે ક્રિયાનો નિષેધ થતો નથી. કોઈ કહે છે ને, ક્રિયાનો નિષેધ છે, ક્રિયાનો નિષેધ છે. પણ કઈ ક્રિયાનો નિષેધ છે? જડની પર્યાયમાં જે પલટવું થાય છે વાણી, દેહનું એ ક્રિયા તો જડની છે. તેનો તો નિષેધ છે, આત્મામાં છે જ નહિ. આત્મા તેને ત્રણ કાળમાં કરતો નથી. સમજાય છે કાંઈ? વાણીની દશા, શરીરની દશા, એ અવસ્થાને આત્મા તો ત્રણ કાળમાં કરતો નથી. એ તો પરની ક્રિયા છે. અને પોતામાં રાગાદિ વિકલ્પ જે ઉત્પન્ન થાય છે તેના ઉપર લક્ષ રાખીને એકાકાર થવું તે વિભાવિક ક્રિયા છે. એ પછી લેશે.

પહેલા તો આ સ્વભાવભૂત ક્રિયા લીધી છે. રાગ, વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની કોઈ પણ વૃત્તિ ઉઠે છે એ બધો રાગ છે. રાગની સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ નથી-તદ્રૂપ સંબંધ નથી. અને જ્ઞાન ને આત્મા સાથે તદ્રૂપ સંબંધ છે. જ્ઞાનસ્વરૂપ જાનન.. જાનન.. જાનન.. તેમાં આત્મપણું (પોતાપણું) કરી નિઃશંકપણે પ્રવર્તે છે. આત્મામાં જ્ઞાન તે આત્મા, નિઃશંકપણે પ્રવર્તે છે અને જે જ્ઞાનક્રિયા ઉત્પન્ન થઈ તે સ્વભાવભૂત થઈ છે. પોતાની શુદ્ધતામાં પ્રગટ થઈ છે. તેનું નામ ભગવાન ધાર્મિક ક્રિયા કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે આ તો. એઈ..! નૌતમભાઈ! કોઈ દિ' સાંભળ્યું ન હોય. આવી ધંધામાં ક્યાં નવરાશ છે. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા, એવા ભગવાનની વાણીમાં-દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે પ્રભુ! તારો જ્ઞાનસ્વરૂપી આત્મા છે. જાનન.. જાનન.. જાનન... જાનનસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાનમાં તારી એકાકારતા આત્મપણાની (પોતાપણાની) એકાકારતા થવી તેને અમે સ્વભાવભૂત જ્ઞાનક્રિયા કહીએ છીએ. તેને સંવર, નિર્જરા કહીએ છીએ. અને તે ક્રિયાને જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહીએ છીએ. એ ત્રણે જ્ઞાનક્રિયા છે, રાગક્રિયા નહિ. સમજાય છે કાંઈ?

**'નિષેધવામાં આવી નથી માટે, જાણે છે...'** જાણવાની ક્રિયા થાય છે, જાનનક્રિયા થાય છે. સમજાય છે કાંઈ? જાણવાની ક્રિયા થાય છે. રાગ થયો, દેહની ક્રિયા થાય છે તેને પોતાના જ્ઞાનસ્વરૂપમાં રહીને પોતાને જાણે છે તો રાગને પણ જાણવાની ક્રિયા પોતાના અસ્તિત્વમાં થઈ. જાણવાની ક્રિયા પોતાના અસ્તિત્વમાં થઈ. તે ક્રિયાને મોક્ષમાર્ગ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? અંતિમ ગ્રૈવેયક-નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. અગિયાર અંગ ભણી ગયો. નવ પૂર્વ ભણ્યો. અને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા શુભભાવ અનંત વાર કર્યા. પણ હું જ્ઞાનાનંદ ચૈતન્યબિંબ આત્મા છું, એમાં એકાકાર થઈને જે સ્વભાવિક ક્રિયા શુદ્ધ ઉત્પન્ન થાય છે તે હું છું એમ કદી માન્યું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

**'માટે, જાણે છે-જાણવારૂપ પરિણમે છે,...'** જુઓ! જાણવાની ક્રિયામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમમિત પર્યાયરૂપ, જાણવાની પર્યાયરૂપમાં પરિણમિત અવસ્થારૂપ થાય છે. જાણવાની ક્રિયારૂપ પરિણમિત થાય છે. તેનું નામ ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! સાંભળ્યું ન હોય પૃથક્ માર્ગ શું છે. કહો, શેઠ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તમારી યોગ્યતા નહોતી માટે સંભળાવ્યું નહિ. શેઠ! એમ છે કે નહિ? પોતાની પાત્રતા ન હોય..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એવી પાત્રતા હોય તો સંભળાવનાર ન મળે એમ બને નહિ. સમજાય છે કાંઈ? પાત્રતા જોઈએ.

મુમુક્ષુ :- જુદી જાતની કોલેજ છે.

ઉત્તર :- કોલેજ નહિ, આ ધાર્મિક કોલેજ છે. સર્વજ્ઞ પરમેશ્વરની આ એક વ્યાયામશાળા છે. સમજાય છે કાંઈ? અનાદિ કાળથી જડની ક્રિયાનો વ્યાયામ માને છે કે અમારી ક્રિયા છે અને દયા, દાનનો વિકલ્પ અમારી ક્રિયા છે. એ અજ્ઞાનની વ્યાયામ ક્રિયા છે. અજ્ઞાનશાળા છે. ભગવાનની શાળા આ છે. આહાહા..!

ભગવાન આત્મા પરબ્રહ્મ સ્વરૂપ આનંદકંદ સ્વરૂપ (છે). અહીંયાં જ્ઞાનથી કેમ લીધું છે? જ્ઞાન પ્રગટ અંશ છે ને. તો પ્રગટ અંશ દ્વારા, આ જ્ઞાન તે આત્મા, આ જ્ઞાન તે આત્મા, એમ એમાં એકાકાર થઈને તેનો અનુભવ કરે છે, પ્રતીત કરે છે, સ્થિર થાય છે તે જ્ઞાનક્રિયાને સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવી છે. દ્રવ્ય-ગુણમાં એ સ્વાભાવિક પર્યાય અભેદ થઈ ગઈ. તેનો નિષેધ થઈ શકે નહિ. એ ક્રિયાનો નિષેધ ભગવાને કર્યો નથી, નિષેધ થઈ શકતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તેવી રીતે,...**' હવે બીજી રીતે લ્યે છે. '**તેવી રીતે જ્યાં સુધી...**' જ્યાં સુધી '**આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે...**' પહેલાં, તાદાત્મ્યસિદ્ધ સંબંધ કહ્યો હતો. ભગવાન આત્મા અને જાનન.. જાનન.. જાનન.. જાનન સ્વભાવ, એ બેનો તદ્રૂપ-તાદાત્મ્ય સંબંધ હતો. એ તો એનો વાસ્તવિક સ્વભાવ હતો. એમાં એકાકાર થઈને સ્વાભાવિક ક્રિયા થઈ તેને નિષેધવામાં આવી નથી. સમજાય છે કાંઈ? પણ જ્યાં સુધી ભગવાન આત્મા.. '**જેમને સંયોગસિદ્ધ સંબંધ છે...**' જુઓ! ભાષા. પુણ્યના પરિણામ જે થાય છે તે સંયોગસિદ્ધ સંબંધ છે. પુણ્યભાવ છે તે સ્વાભાવિક ભાવ નથી, સંયોગી ભાવ છે. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની જે વૃત્તિ ઉઠે છે, રાગ ઉઠે છે તે ભગવાન ત્રિકાળ સ્વભાવમાં એ રાગ સંયોગ સંબંધ છે. સંયોગી સંબંધ છે તો છૂટી જાય છે, સ્વભાવ સંબંધ છે .. નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, '**સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ,...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહ્યું? જ્યાં સુધી ભગવાન આત્મા, આત્માની પર્યાયમાં જે પુણ્ય-પાપના વિકલ્પ, વિકાર ઉઠે છે તેને સ્વભાવ સાથે સંયોગ સંબંધ છે, તદ્રૂપ સંબંધ નહિ. વિકારનો ભાવ, વ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, પૂજા-ભક્તિના ભાવ, એ વિકલ્પ છે તેની સાથે આત્માને તદ્રૂપ સંબંધ નથી. સંયોગી ભાવ, આગંતુક ભાવ છે. આહાહા..!

**'સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ...'** ક્રોધાદિ કેમ લીધું? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સર્વજ્ઞ સ્વભાવી, તેની જેને રુચિ નથી અને જેને એ પુણ્યભાવમાં રુચિ છે, તેને આત્મા પ્રત્યે દ્વેષ-ક્રોધ છે. દાસબહાદુરજી! જુઓ! ભારે ભાઈ. કહો, ન્યાલભાઈ! 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આત્મા સત્ શુદ્ધ ચિદાનંદ પડ્યો છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જ્ઞાનની મૂર્તિ આત્માને જોયો છે. એવા જ્ઞાનની મૂર્તિ પ્રત્યે પ્રેમ-રુચિ નહિ, તેને રાગની કળા જે શુભરાગ ઉત્પન્ન થાય છે, તેનો જેને પ્રેમ છે તેને સ્વભાવ આત્મા પ્રત્યે દ્વેષ છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે.

તારા સ્વભાવ પ્રત્યે પ્રેમ નથી. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ પ્રત્યે તારી પ્રેમ-પ્રીતિ-રુચિ-નથી અને તારી પ્રીતિનો ભાગ રાગ લઈ જાય છે. સમજાય છે કાંઈ? શુભરાગ પ્રત્યે તને પ્રીતિ છે, ભગવાન આત્મા પ્રત્યે તને અપ્રીતિ છે. આહાહા..! ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાયક ધાતુ ચૈતન્ય તરફનો ઝુકાવ અને રુચિ નથી તો સંયોગી સંબંધથી જે પુણ્ય-પાપના વિકલ્પ, રાગ ઉત્પન્ન થયા તેને અહીંયાં ક્રોધ કહે છે. કેમકે સ્વભાવ પ્રત્યેનો અનાદર કરીને રાગનો આદર કર્યો તો તેને ક્રોધ કહે છે. આહાહા..!

એ ક્રોધાદિ-ક્રોધ, માન, માયા, લોભ. નિજ સ્વભાવનું અધિકપણું નહિ માનીને એ રાગનું અધિકપણું માન્યું તે માન છે. અનંતાનુબંધી માન છે. નિજ જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વભાવની સરળપણે રુચિ, દૃષ્ટિ નહિ કરતાં એમાં આડ નાખીને રાગનો પ્રેમ કર્યો તે અનંતાનુબંધીની માયા છે. અને ભગવાન ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ ભાવનો ભંડાર, એની ભાવના નહિ કરી રાગની ભાવના કરી તેનું નામ અનંતાનુબંધ લોભ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! આ ચાર. ક્રોધાદિ શબ્દ પડ્યો છે. તો ક્રોધ, માન, માયા અને લોભ. ભગવાન ચૈતન્યબિંબ જ્ઞાનની મૂર્તિ શુદ્ધ આનંદકંદની જેને રુચિ, પ્રેમ નથી તેને રાગ ઉપર પ્રેમ છે. તેને અહીંયાં આત્મા પ્રત્યે ક્રોધ છે એમ કહ્યું. સમજાય છે કાંઈ?

કાલે આનંદઘનજીનું કહ્યું હતું, 'દ્વોષ અરોચક ભાવ.' ભગવાન આત્મા પ્રત્યે રુચિ નહિ તે આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! અને રાગ જે સંયોગીભાવ ઉત્પન્ન થયો તેના પ્રત્યે અર્પણતા અને પ્રેમ છે. તે જ અનંતાનુબંધી ક્રોધ છે. અને રાગને અધિક માનીને સ્વભાવભાવનું અધિકપણું છોડી દીધું તે જ અનંતાનુબંધી માન છે. અને સ્વભાવ શુદ્ધ ચિદાનંદનો સરળપણે આદ્ય વસ્તુ ચિદાનંદ છે, તેનો આદર નહિ કરતાં વિકલ્પનો આદર કર્યો તો આત્મા સાથે માયા કરી, એણે કપટ કર્યું. ઠગ્યો, આત્માને ઠગે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? બીજાને તો કોણ છેતરી શકે છે? બીજો તો તેના કારણે છેતરાય. તારે શું? તું બીજાને છેતરી શકે છે?

ભગવાન આત્મા, પોતાની આખી મુડી-ઋદ્ધિ લઈને પડ્યો છે. તેનો આદર નહિ કરતાં આડ મારીને વિકલ્પનો આદર કર્યો તે માયા (છે). આત્માની સાથે આડ મારીને કપટ કર્યું. સમજાય છે કાંઈ? આડ કહે છે? આડ કહે છે તમારે હિન્દીમાં? કાઠિયાવાડી ભાષા કોઈ આવી જાય છે. આડ મારી એટલે અંદરમાં દરકાર ન કરી. સ્વભાવની દરકાર નહિ કરી રાગની દરકાર કરી એ અનંતાનુબંધી માયા છે. અને ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની ભાવના શબ્દે એકાગ્રતા નહિ કરતાં વિકલ્પની એકાગ્રતા કરી, એની ભાવના કરી એનું નામ અનંતાનુબંધી લોભ છે. એમાં છે, ક્રોધાદિ આસ્રવોમાં પ્રવર્તે છે. માટે ક્રોધ શબ્દ મૂક્યો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- માનની વ્યાખ્યા ફરીથી.

ઉત્તર :- નિજ સ્વભાવનું અધિકપણું નહિ માનીને રાગનું અધિકપણું (માન્યું). અધિક માને છે ને? શ્રેષ્ઠતા, શ્રેષ્ઠતા. અમારે કાઠિયાવાડમાં તો.. તેને વિશેષતા આપી. તેને વિશેષતા-બહુમાન આપ્યું. અહીંયાં અપમાન કર્યું. સમજાય છે કાંઈ? અહીંયાં તો ભઈ, સંતોની વાણી અંતરની છે. સૂક્ષ્મ વાત છે. કુંદકુંદાચાર્ય સર્વજ્ઞના પેટ ખોલીને વાત કરે છે. સમજાય છે કાંઈ?

ભાઈ! તારો માર્ગ અનાદિથી બંધ થઈ ગયો છે. કેમ કે તારા સ્વભાવની મહા મુડી છે, તે તરફ તો તારી દૃષ્ટિ જતી નથી અને તારી દૃષ્ટિમાં તેં રાગાદિને વિષય બનાવ્યો. અને રાગ જ મારો સ્વભાવ છે એમ માની લીધું, જે સંયોગ સંબંધ છે, સ્વભાવ સંબંધ નથી. એવી ક્રિયાને આસ્રવમાં.. એ આસ્રવ છે. જે ક્રોધ, માનના વિકલ્પ ઉઠે છે તે આસ્રવ છે, મેલ છે.

'**(જ્ઞાનમાં પોતાપણે) વર્તતો...**' ભાઈ! પહેલું એમ કહ્યું. '**(જ્ઞાનમાં પોતાપણે) વર્તતો...**' એમ '**ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે...**' પણ લીધું ને? પણ. આત્મા જ્ઞાન તે આત્મા. જ્ઞાન જાણન તે આત્મા. એ જ્ઞાન આત્મામાં પોતાપણે પ્રવર્તે છે એ તો સ્વભાવભૂત ક્રિયા થઈ. એમ જે વિકાર છે તે સંયોગી ભાવ છે, સ્વભાવભાવ નથી. આગંતુક ભાવ છે-મહેમાન આવ્યા છે. મહેમાન સમજ્યા ને? મહેમાન કહે છે? મહેમાન. અંતરની ચીજ નથી. આગંતુક ભાવ છે. રાગાદિ દયા, દાનના વિકલ્પમાં પોતાપણું માનીને. '**ક્રોધાદિ આસ્રવોમાં પણ,...**' પણ એટલે પહેલાં જે જ્ઞાનમાં પોતાપણું માનતો હતો, એમ વિકારમાં પણ પોતાપણું માને છે, પોતાના અજ્ઞાનભાવથી. અજ્ઞાનભાવથી. એ પોતાનો ભાવ નથી. રાગ સંયોગી ભાવ છે, વિકાર ભાવ છે, પુણ્યભાવ છે, સમજ્યા? ઉપાધિ ભાવ છે, મેલ ભાવ છે, ઝેર ભાવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પોતાના અજ્ઞાનભાવને લીધે?

ઉત્તર :- હા, અજ્ઞાનભાવને લીધે, કર્મને કારણે નહિ, એમ લીધું છે. કર્મને કારણે મને ભ્રાંતિ થઈ. મૂઢ છો. કર્મ બિચારે કૌન? કર્મ તો જડ છે. ભૂલ તારી અને નાખે છે કર્મ ઉપર. ઈ કહે છે, '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' છે? જુઓ! શબ્દે શબ્દમાં પાઠ-ભાવ પડ્યો છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ મારું, એમ પોતામાં નિઃશંકપણે પ્રવર્તવું જોઈએ, તે છોડીને ક્રોધ, માનના જે વિકલ્પ થયા તેમાં પોતાપણું માનીને આસ્રવમાં પ્રવર્તતો નિઃશંકપણે તેમાં રહે છે, તે સ્વભાવને છોડીને વિકારમાં આવ્યો. તો કહે છે, '**ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે...**' પોતાનો શુદ્ધ આનંદકંદ સ્વભાવ, તેનો અજ્ઞાનભાવ-ભાન નથી. અને વિકારને જ પોતાનો માનીને તેમાં પ્રવર્તે છે. એ પોતાના અજ્ઞાનભાવને લીધે પ્રવર્તે છે. મિથ્યાત્વભાવથી પ્રવર્તે છે. કોઈ બીજું કર્મનું કારણ છે એમ છે જ નહિ. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા'. સમજમેં આયા? આહાહા..!

કહે છે,'**પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો...**' જુઓ! વિશેષ નામ અંતર. રાગ-વિકલ્પ ક્રોધ ભિન્ન છે, મારો સ્વભાવ ભિન્ન છે. એમ ભિન્નને નહિ જાણતો થકો, પૃથક્‌ને નહિ જાણતો થકો, સંયોગી વિકારી ભાવ પોતાના સ્વભાવથી અન્ય છે, એમ નહિ જાણતો થકો. સમજાય છે કાંઈ? '**વિશેષ નહિ જાણતો થકો...**' વિશેષનો અર્થ તફાવત, ફેરફાર. હું જ્ઞાયક સ્વરૂપ છું, રાગાદિ વિકાર છે, વિપરીત છે, મલિન છે. એમ બે વચ્ચે અંતર નહિ જાણતો, ફેરફાર નહિ જાણતો એમાં.... સમજાય છે કાંઈ? '**તેમનો ભેદ દેખતો નથી...**' રાગની ક્રિયા પોતાના સ્વભાવથી ભિન્ન છે. એમ ભેદને, પૃથક્‌તાને, અન્યપણું સંયોગી ભાવ સ્વભાવથી અન્ય છે, એમ અંતરમાં નહિ જોતો વિકારી ભાવમાં '**નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે...**' એ વિકારભાવમાં પોતાપણે પ્રવર્તે છે. એ અજ્ઞાનીનું વિકારી કર્મ થયું. એ વિકારી ક્રિયા થઈ. સમજાય છે કાંઈ? પુણ્યાદિના પરિણામમાં વર્તતો થકો એ મારી ચીજ છે, એમાં પોતાપણું માનીને પ્રવર્તે છે. નિજ સ્વરૂપના અજ્ઞાનપણાથી પ્રવર્તતો. અજ્ઞાની આત્મા કર્તા થયો, વિકારી પર્યાય અજ્ઞાનીનું કર્મ થયું. સમજાય છે કાંઈ? ઝીણી વાત, ભાઈ! ઓલી તો વાત કરે કે, આ પાળવું, વ્રત કરી નાખવા, બે અપવાસ ખેંચી નાખે, આઠ અપવાસ-લાંઘણું (કરી નાખે). લંઘન.. લંઘન છે. ભગવાન આત્મા શું વસ્તુ છે તેનો પત્તો લીધા વિના બધી ક્રિયા અને લાંઘણ છે, ધર્મ-બર્મ છે નહિ.

મુમુક્ષુ :- થોડોક પણ ધર્મ નથી?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- જરીયે નહિ, અધર્મ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને તો હશે.

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને પણ રાગ ધર્મ નથી. સમજાય છે કાંઈ? ધૂળમાં ધર્મ છે. એને (અજ્ઞાનીને) તો પુણ્ય પણ સારું નહિ બંધાય.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત બિરાજમાન છે અને અનંત અનંત ગુણથી રત્નાકર ભરેલો છે. એમ અંતરમાં આદર નહિ કરી, રુચિ નહિ કરી, જ્ઞેય નહિ બનાવી, ધ્યેય નહિ બનાવી, જેણે રાગને જ્ઞેય, રાગને ધ્યેય બનાવીને પોતાપણે પડ્યો છે, તેની બધી અજ્ઞાનક્રિયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજવું કઠણ પડે એમ લાગે એને. આવો વીતરાગ ધર્મ છે? વીતરાગ આવા છે.

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,<br>
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

કાયરના કાળજા કંપી જાય, આ શું ધર્મ આવો? કાયર સમજ્યા કાયર? પામર. પુરુષાર્થ હિન. શાસ્ત્ર તો એને નપુંસક કહે છે. નપુંસક-હીજડા. રાગને પોતાની ક્રિયા માનીને રાગમાં એકાકાર થાય છે, શાસ્ત્ર કહે છે કે નપુંસક છો. સમયસારમાં લીધું છે. પુણ્ય-પાપ અધિકારમાં, અજીવ અધિકારમાં ક્લિવ કહ્યું છે, ક્લિવ. પુણ્ય-પાપ અધિકારમાં છે ને. જુઓ! શું છે? કેટલામો છે? પુણ્ય-પાપ અધિકાર છે. પુણ્ય-પાપ. ૧૫૪. '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' (ટીકાની પાંચમી લીટી છે). જુઓ! '**તેની-પ્રતિજ્ઞા લઈને પણ...**' '**સમયસારસ્વરૂપ છે તેની-પ્રતિજ્ઞા લઈને પણ...**' કહે છે, હું દશામાં વીતરાગ થઈશ, એવી પ્રતિજ્ઞા લીધી. '**પણ, દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' પરંતુ શુભરાગથી રહિતની થવામાં એની નપુંસકતા છે. તો શુભરાગને જ ધર્મ માને છે. છે? ક્લિવ પાઠ છે. સંસ્કૃતમાં પહેલી લીટી છે. '**दुरनत्कर्मचक्रोत्तरणक्लीबतया**' સંસ્કૃતમાં છે. ક્લિવ છે, નપુંસક છે. સંતોને ક્યાં ત્યાં પૈસા ઉઘરાવવા છે, લોકો પાસે ખરડો કરવો છે કે ઠીક પડશે કે નહિ પડે. કેમ? સમજાય છે? શાસ્ત્રનું જે રહસ્ય છે તે ખોલે છે. દુનિયાને ઠીક પડે કે ન પડે એની સાથે સંબંધ નથી. એમાં પણ છે ને. જીવ-અજીવ અધિકાર છે ને? ૩૯થી ૪૩ ગાથા છે ને, એમાં પણ છે. બે ઠેકાણે છે.

૩૯થી ૪૩માં શબ્દ છે ક્યાંય? પહેલી લીટી. '**આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ લક્ષણે લક્ષિત થાય છે. રાગાદિને પોતાનું લક્ષણ માનનાર, અસાધારણ ભગવાનનું લક્ષણ નહિ જાણવાથી નપુંસકતાથી અત્યંત વિમૂઢ થયા થકા, આત્માને નહિ જાણનારા અનેક પ્રકારે પરને આત્મા કહે છે. રાગ મારો છે, વિકલ્પ મારો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ નપુંસક પ્રાણી કહે છે. દિગંબર મુનિ (કહે છે). આવું દિગંબર સંત કહે છે. શાંતિથી કહે છે, ભગવાન! તારી કરુણા છે એમને. આહાહા..! પુરુષાર્થ કર, કહે છે. તારો પુરુષાર્થ રાગમાં રોકાઈ ગયો છે અને રાગથી મને લાભ છે, તો કહે છે કે નપુંસક છે. વીર્યની રચના રાગથી રહિત પોતાના સ્વભાવની કરવી એનું નામ વીર્ય છે. રાગની રચના કરવી એ તારું વીર્ય છે? સમજાય છે કાંઈ? શોભાલાલભાઈ! અહીં તો કઠણ વાત છે. આહાહા..! માણસે સાંભળ્યું ન હોય, આવું કો'ક દિ' આવે. એને માંડ માંડ પડતું હોય કાને, શું કહે છે આ તે? વીતરાગનો માર્ગ આવો હશે? અમે તો સામાયિક કરવા ને પોષા કરવા ને પડિકમણા કરવા ને અપવાસ કરવા. હમણાં ઘણાં ધમાલના દિવસો ગયા ને. એમાં ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો. અહીંયાં વીતરાગ માર્ગ છે. વીતરાગમાર્ગમાં વીતરાગ પરિણતિ અંતરમાં સ્વભાવને આશ્રયે ઉત્પન્ન થાય એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? અને રાગને.. જુઓ! કહે છે ને? મારો રાગ છે, એમ કહે છે ને? નથી છોડતો, કહે છે. સમજ્યા? બે ઠેકાણે નપુંસક આવ્યું.

આત્માનું વીર્ય એને કહે છે કે સ્વરૂપની રચના કરે એનું નામ વીર્ય છે. એ ૪૭ શક્તિમાં આવી ગયું છે. ઈ આવ્યું છે તમારી પાસે? નહિ? આત્મપ્રસિદ્ધિ. ગુજરાતી છે, આત્મપ્રસિદ્ધિ. એમાં ૪૭ શક્તિઓનું વર્ણન છે. એમાં એ આવી ગયું છે. વીર્ય કોને કહે છે, આત્માનું વીર્ય? કે સ્વરૂપની રચના કરે એનું નામ વીર્ય છે. પોતાના શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, શાંતિ પોતાના સ્વભાવને આશ્રયે રચના કરે એનું નામ વીર્ય છે. રાગની રચના કરે એ તારું વીર્ય છે? ઊંધું છે, નપુંસક વીર્ય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..! ભારે આકરું, ભાઈ! દિગંબર મુનિ વીતરાગી સંત જંગલમાં રહેનારા આવું કહે છે? આવું કહે છે, તારી દયા ખાઈને. અમરચંદભાઈ!

મુમુક્ષુ :- કરુણાથી..

ઉત્તર :- કરુણા છે. પ્રભુ! તું શું કરે છે? તારી ચીજને ખોઈને, ભૂલીને રાગ તારી ચીજ નહિ તેને પોતાની માને છે, શું તારું વીર્ય ખોવાઈ ગયું છે? લૂંટાઈ ગયું? શું થયું છે તને?

મુમુક્ષુ :- લૂંટાઈ ગયું.

ઉત્તર :- લૂંટાઈ ગયું, એમ કહે છે. આહાહા..! કઠણ. લોકોએ સાંભળ્યું નથી. માર્ગ-વીતરાગમાર્ગ આવો છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો કહેલો આ માર્ગ છે.

કહે છે, '**વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી...**' વિકારના પરિણામમાં અને સ્વભાવમાં ભિન્નતા નહિ દેખતો થકો, જુદાઈ નહિ દેખતો થકો વિકારી પરિણામમાં '**ત્યાં સુધી નિઃશંક રીતે...**' પહેલેથી લીધું હતું ને? '**જ્યાં સુધી આ આત્મા...**' જ્યાં સુધી આત્મા, વિકારી ક્રોધાદિ પરિણામ અને સ્વભાવમાં ભિન્નતા નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણતો ત્યાં સુધી વિકારી પરિણામમાં પોતાપણું માનીને નિઃશંકતાથી અજ્ઞાનપણે પ્રવર્તે છે. '**જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી..**' જુઓ! વિકારી પરિણામ છે એ પરભાવભૂત છે. એ છૂટી જાય છે, નિષેધ કરવાલાયક છે એમ નહિ માનતા... '**નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...**' અજ્ઞાનીને, રાગ મારો સ્વભાવ છે, એમ ટેવાઈ ગયો છે, આદત થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? એ રાગના પરિણામ મારા છે, એવો અધ્યાસ થઈ ગયો છે, ટેવ પડી ગઈ છે, આદત પડી ગઈ છે એને, અનાદિથી આદત પડી ગઈ છે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, તને આદત પડી ગઈ છે, તને લત થઈ ગઈ છે. લત થઈ ગઈ સમજો છો? .. અહીંયા કહે છે, તને લત પડી ગઈ છે. ઈ કહે છે, જુઓ!

'**સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ...**' વિકલ્પ ઉઠે છે, દયા, દાન, વ્રત રાગાદિ મારો સ્વભાવ છે, એવો અજ્ઞાનીને અધ્યાસ થઈ ગયો છે. છે સંયોગી ભાવ, એને પોતાનો માનીને સ્વભાવભૂત હોવાને તેને અધ્યાસ હોવાથી. રાગ પણ મારો સ્વભાવ છે, વિકલ્પ પણ મારું સ્વરૂપ છે, એવો અજ્ઞાનીને સંયોગી ભાવને પોતાના માનીને '**ક્રોધરૂપ પરિણમે છે...**' પહેલામાં કહ્યું હતું, જ્ઞાનરૂપ પરિણમે છે. હું જ્ઞાનમય આત્મા છું, એવી દૃષ્ટિ કરીને જ્ઞાનરૂપ પરિણમે છે. આ ક્રોધ મારો છે, એમ આદત પડી ગઈ છે તો ક્રોધરૂપ પરિણમન થાય છે. સ્વભાવનો અનાદર કરીને વિકારરૂપ થાય છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! સમજાય છે કાંઈ? આવો માર્ગ પકડાય નહિ એટલે બીજો માર્ગ પકડી લીધો. ચાલો, ભાઈ! અમે પણ ધર્મ કરીએ છીએ. સમજાય છે કાંઈ? શેઠ! અત્યાર સુધી આવું જ કર્યું છે. પૈસા દે, શેઠિયા માણસ, પાંચ-પચાસ હજાર ખર્ચે એટલે ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી.

મુમુક્ષુ :- બધા પૈસા પાણીમાં ગયા?

ઉત્તર :- પૈસા કે દિ' એના બાપના હતા, પૈસા જડના છે.

મુમુક્ષુ :- એના બાપના ક્યાં હતા, એના પોતાના હતા.

ઉત્તર :- પોતાના હતા નહિ. શરીર તેનું નથી. અહીં તો વિકાર પોતાનો નથી એમ કહે છે, ત્યાં વળી બીજા પૈસા ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :- પૈસા..

ઉત્તર :- પૈસા જડના છે, અજીવના છે. એ તો અજીવની પર્યાય છે. આત્માના ક્યાંથી થઈ ગયા? રાગની મંદતા થઈ એમાં, એ વિકાર છે. વિકારમાં પોતાપણું માનીને, પોતાપણું માનીને જે નિષેધ કરવાલાયક છે, તેમાં પોતાપણું માનીને આદત પડી ગઈ છે. ટેવ પડી ગઈ છે કે આ મારું કાર્ય છે. રાગ મારું કાર્ય છે, એવી એને આદત પડી ગઈ છે. આહાહા..! ગણધર પાસે, તીર્થંકર પાસે ઈન્દ્રો આવે છે તે વાત કેવી હશે!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઈન્દ્ર ત્રણ જ્ઞાનનો ધણી છે, ક્ષાયિક સમકિતી છે, કેવી વાત સાંભળવા આવે છે? વાર્તા જેવી? આમ છે, તેમ છે. ... એવી વાત સાંભળવા આવે છે ઈ? ત્રણ જ્ઞાનના ધણી શક્રેન્દ્ર ક્ષાયિક સમકિતી છે, અત્યારે. શક્રેન્દ્ર સુધર્મ દેવલોકનો ઈન્દ્ર એકાવતારી છે. એકાવતારી સમજ્યા? એકભવતારી. પતિ-પત્ની બેય એકભવતારી છે. એક મનુષ્યનો છેલ્લો ભવ છે મુક્તિમાં જવાનો. ઈન્દ્રો અર્ધ લોકના સ્વામી ભગવાન પાસે જાય છે અત્યારે, સીમંધર ભગવાન પાસે. અહીંયાં હોય ત્યારે અહીંયાં આવતા હતા. તો કેવી વાત સાંભળવા આવતા હશે? સાધારણ વાત?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિજ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થયો એટલે. ભક્તિ-બક્તિથી નહિ. બિલકૂલ નહિ.

મુમુક્ષુ :- જો આપ એમ કહેશો તો..

ઉત્તર :- એવું કહે તો કહો. અજ્ઞાની એવું નહિ કહે તો કોણ કહેશે? સમજાય છે કાંઈ? પરની ભક્તિ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી થયું. એને તો વિકાર કહ્યો. વિકારમાં પ્રવર્તવાથી તો મિથ્યાત્વની ક્રિયા ઉત્પન્ન થઈ અને તેને પોતાની માને તો મૂઢ અજ્ઞાની છે, એમ તો અહીંયાં કહે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીને-સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે. પણ રાગને અને સ્વભાવને એક નથી માનતા, એકમેક ભેળવતા નથી, ભિન્ન ભિન્ન માને છે. ઈ કહ્યું હતું ને? નહોતું બતાવ્યું? સમયસાર નાટક છે ને? ત્યાં બતાવ્યું હતું, બંધ અધિકારમાં બતાવ્યું હતું ને? અધ્યવસાય છે ને? અધ્યવસાય. કેટલામું છે? અધ્યવસાય છે, અધ્યવસાયની વાત છે. આ રહ્યું, જુઓ! સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે એનો શ્લોક લીધો છે. (શ્લોક-૩૨).

અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,
તેઈ વિવહાર ભાવ કેવલી-ઉકત હૈ.

જેટલો વ્યવહાર છે તે મને લાભદાયક છે એમ માને છે તેટલો મિથ્યાત્વનો પ્રકાર છે. જેટલા વિકલ્પ રાગાદિ છે તેને પોતાના માને છે, તેટલા પ્રકારના મિથ્યાત્વ છે એની પાસે.

જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક દરસ ભયૌ,
તે નિયત-લીન વિવહારસૌં મુકત હૈ.

રાગાદિ વ્યવહાર આવે છે. અંતર દૃષ્ટિમાં દ્રવ્યમાં વ્યવહાર નથી અને તેની સમ્યગ્દર્શન પર્યાય થઈ, તે પર્યાયમાં પણ વ્યવહાર નથી. ભિન્ન વ્યવહાર છે તેને જાણે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ?

નિરવિકલપ નિરુપાધિ આતમ સમાધિ,
સાધિ જે સુગુન મોખ પંથકૌ ઢુકત હૈ.
તેઈ જીવ પરમ દસામૈં થિરરુપ હ્વૈકે,
ધરમમેં ધુકે ન કરમસૌં રૂકત હૈં. ૩૨.

સમજાય છે કાંઈ? એના પોતાના સ્વભાવની મહિમાની ખબર નથી. મહિમા રાગની ને આમ થયું ને પુણ્યબંધ થયો. ધૂળમાં. પણ બંધ થયો ને? અબંધ પરિણામ તો તારા થયા નહિ. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને એવો ભાવ આવે છે. ભક્તિનો શુભભાવ (આવે છે). પણ પોતાના નિશ્ચય સ્વભાવમાં તેને ભેળવતા નથી, એક નથી માનતા. ભિન્ન રાખીને તેને જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- (રાગ) હેય હેય, જ્ઞેય. (રાગ) જાણવાલાયક હેય. પોતાનો સ્વભાવ ઉપાદેય કરવાલાયક જ્ઞેય. પેલું હેય જ્ઞેય, આ ઉપાદેય જ્ઞેય. પોતાનો સ્વભાવ જ્ઞેય પણ ઉપાદેય રૂપ છે. અને રાગ હેય પણ જાણવાલાયક જ્ઞેય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! લોકોને વ્યવહાર તો એવો ગળે વળગ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- અનાદિકાળથી છે.

ઉત્તર :- અનાદિકાળથી છે. દૃષ્ટિ છે ને.

અહીંયાં ઈ જ કહે છે, ભગવાન! તારા સ્વભાવમાં એ વિકલ્પ ઉઠે છે ને, શુભરાગ, એ તો સંયોગી ભાવ છે ને પ્રભુ! એ સંયોગી ભાવમાં પોતાપણું માનીને તું રોકાઈ જાય છે, એ તારા અજ્ઞાનભાવથી તેને તું તારું કાર્ય માને છે. તને આત્માનું ભાન નથી. શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા ચિદાનંદ પ્રભુ, વિકલ્પથી ભિન્ન છે, એવું તને ભાન નથી. તેથી '**ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી...**' એ વિકાર છે, '**નિષેધવામાં આવી છે,...**' જુઓ! એ ભાવનો નિષેધ થઈ શકે છે. અને નિષેધ થઈ શકે છે એમ નહિ માનીને, પોતાના માનીને આદત-ટેવ પડી ગઈ છે કે મારું કર્તવ્ય છે, મારું કર્તવ્ય છે, મારું કર્તવ્ય છે. રાગના પરિણામ મારું કર્તવ્ય છે. એમ મૂઢ પોતાના જ્ઞાતા સ્વભાવને ભૂલીને, રાગને પોતાનો માનવાની આદત પડી ગઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- શુભરાગ..

ઉત્તર :- શુભરાગ શું, રાગ એ પાપ છે. 'પાપ પાપકો સહુ કહે, અનુભવી પુણ્યકો ભી પાપ કહે.' યોગીન્દ્રઆચાર્ય, યોગસાર. સમજાય છે કાંઈ? અને પુણ્ય-પાપ અધિકારમાં વ્યવહારરત્નત્રયને પણ પાપ કહ્યું છે. જયસેનાચાર્યની ટીકા. સમજાય છે કાંઈ? જયસેનાચાર્યની ટીકા છે ને? પુણ્ય-પાપનો અધિકાર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિને..

ઉત્તર :- મિત્યાદષ્ટિને સંવર છે જ નહિ. ત્યાં છે, પુણ્ય-પાપ અધિકાર છે ને.

મુમુક્ષુ :- મુનિઓનો વ્યવહાર..

ઉત્તર :- મુનિઓને .. કહે છે. મુનિ કોને કહેવાય? સમજાય છે કાંઈ? પોતાના ભાન વિના મુનિપણું ક્યાંથી આવ્યું? પુણ્ય-પાપ અધિકાર છે ને.

મુમુક્ષુ :- નગ્ન હોય છે.

ઉત્તર :- નગ્ન હોય તો શું થયું? નગ્ન તો આ પશુ પણ ફરે છે. જુઓ! પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લે છે. જયસેનાચાર્યની ટીકામાં. '**व्यवहार मोक्षमार्गो**' વ્યવહાર મોક્ષમાર્ગ ભાવલિંગીનો સંતનો. નિજાત્માના અનુભવ દષ્ટિ થયા છે. રાગને હેય માનીને વ્યવહાર આવે છે. એ '**निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः**' વ્યવહારથી વ્યવહાર ઉપાદેય કહેવામાં આવ્યો. '**परंपरया जीवस्य पवित्रताकरणात्**' વ્યવહારથી પવિત્ર કહેવાય છે. '**बहिर्द्रव्यालंबनत्वेन**' પણ રાગ વ્યવહારરત્નત્રય પરદ્રવ્યના આલંબનથી ઉત્પન્ન થાય છે. '**पराधीनत्वा**' પરાધીન છે. '**पतति**' નિજ સ્વરૂપથી પતિત થાય છે. '**नश्यतीत्येकं कारणं। निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पालंबनेन स्वरूपात्पततितं भवतीति द्वितीयं कारणं। इति निश्चयनयापेक्षया पापं।**' ઈ પાઠ છે. જુઓ! મોટી લીટી પણ કરી છે. સમજાય છે કાંઈ? જયસેનાચાર્ય પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે કહે છે, વ્યવહારરત્નત્રય સમકિતીનો. ધર્મી પોતાના શુદ્ધ સ્વભાવની દષ્ટિ અનુભવ થયો, એને જે વ્યવહાર આવે છે, એ પોતાના અમૃતથી વિરૂદ્ધ વ્યવહાર રત્નત્રય ઝેર છે. આહાહા..!

મુમુક્ષુ :- ..કારણ છે તેને આપ ઝેર કહો છો.

ઉત્તર :- કારણ-ફારણ છે જ નહિ. આ તો કહે, વ્યવહાર રત્નત્રય ચોથે, પાંચમે, છઠ્ઠે છે અને પછી નિશ્ચય આઠમે થશે. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો.

પોતાનો શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ અમૃતના સાગરનો અનુભવ કરવાથી જે સમ્યગ્દર્શન થાય છે. પછી રાગાદિ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, તેને વ્યવહાર રત્નત્રય કહે છે. નિશ્ચયથી તે પાપ છે. કારણ કે પોતાના અમૃત સ્વરૂપથી વિપરીત ભાવ છે. જિનેશ્વરદાસજી! આહાહા..! કાયરના તો કાળજા કંપી જાય એવું છે. હાય.. હાય..! અમારા વ્યવહારનો લોપ થાય છે. સાંભળ તો ખરો, તારો વ્યવહાર ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ કહ્યું છે, પદ્મનંદીમાં. જેમ જળમાંથી માછલી અગ્નિમાં આવે છે તો બહુ દુઃખ થાય છે. પણ જળમાંથી વેળુમાં આવે તો પણ દુઃખ થાય છે. એમ સમ્યગ્દષ્ટિને અશુભમાં આવવું તે અગ્નિ સમાન છે અને શુભમાં આવવું તે વેળુ સમાન દુઃખ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ, સર્વજ્ઞ ત્રિલોકનાથનું ફરમાન ઈન્દ્રો સાંભળે છે, ગણધરો અનુભવે છે, શ્રુતકેવળીઓ ભગવાન પાસે બિરાજે છે, વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં, તેઓ આવો અનુભવ કરે છે અને કહે છે, આ માર્ગ આવો છે. સમજાય છે કાંઈ? ખળભળાટ ભળભળાટ થઈ ગયો. એ.. વ્યવહારનો લોપ કરે છે. ભગવાન! વ્યવહાર હો, પણ એની ભાવના અને એનો પ્રેમ રાખે છે તો ચિદાનંદ પ્રત્યેનો તારો પ્રેમ છૂટી જાય છે.

મુમુક્ષુ :- સમજ્યો જ નથી.

ઉત્તર :- સમજ્યો જ નથી. પણ નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. અજ્ઞાનીને વ્યવહાર કેવો? જેની દૃષ્ટિ વિપરીત છે એને વ્યવહાર ક્યાંથી આવ્યો? આંધળો વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચય સમ્યગ્દર્શન આદિ થયા તેને રાગ મંદ આવે છે, એને વ્યવહાર કહે છે. છે દુઃખરૂપ. રાજબહાદુરજી! આવી વાત? આવો વીતરાગનો માર્ગ? તો ચાલે કેવી રીતે? સંપ્રદાય નહિ ચાલે. અરે..! સત્યની રીતે ચાલશે કે અસત્યની રીતે ચાલશે? વીતરાગમાર્ગ સત્યથી ચાલે છે કે અસત્યથી ચાલે છે? અસત્ય કથન કરવાથી માર્ગ ચાલે છે? આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. નથી આવતી. જાણે છે રાગ બંધનું કારણ છે, એમ જાણીને આવે છે. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાયમાં લીધું છે, યથાર્થમાં અજ્ઞાનીને ભક્તિમાં ઘણો પ્રેમ છે. જ્ઞાનીને ભક્તિ આવે છે, પણ તેનો આદર કરતા નથી. નિશ્ચયમાં ભેળવતા નથી. રાગ ભિન્ન અને જ્ઞાયક ભિન્ન છે. એવા ભાનની કળામાં રાગ આવે છે. જાણે છે, બંધનું કારણ છે. હું સ્વરૂપમાં સ્થિર નથી થઈ શકતો એટલે આવો અશુભથી બચવા અથવા શુભના કાળમાં એ રાગ આવે છે. આહાહા..! ભારે જગતને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધર્મ નહિ, અધર્મ છે. આ કહ્યું ને? ધર્મ નથી. વ્યવહાર આવ્યો ને. આ વ્યવહાર રત્નત્રય કહ્યું ને. વ્યવહાર રત્નત્રયને પાપ કહ્યું ને.

મુમુક્ષુ :- પંચાધ્યાયીમાં..

ઉત્તર :- અરે..! પંચાધ્યાયીમાં આવે છે, ઘણે ઠેકાણે આવે છે. આત્માનુશાસન છે ને? અધર્મ, અધર્મ છે.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં આવ્યું કે અધર્મ છે.

ઉત્તર :- ઘણે ઠેકાણે આવે છે. આવ્યું છે. ઘણે ઠેકાણે આવે છે. એક આત્માવલોકન છે, એમાં પણ (આવે છે). દીપચંદજીએ તો (એમ કહ્યું), શ્રાવકકા જે પરિણામ શુદ્ધ છે તે ધર્મ છે, અશુદ્ધ છે તે અધર્મ છે. એમ લખ્યું છે. દીપચંદજીનું આત્માવલોકન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એમાં લખ્યું છે. શ્રાવકને ધર્મ-અધર્મ બેય છે. એવો પાઠ લીધો છે. ધર્મ-સ્વભાવને આશ્રયે શુદ્ધતા થઈ તે ધર્મ છે. જેટલી અશુદ્ધતા છે તેનું નામ અધર્મ છે.

મુમુક્ષુ :- પંડિતજી કહે છે કે આપ અધર્મ કહો છો તો લોકો છોડી દે છે.

ઉત્તર :- કોણ છોડી દે? સ્વરૂપમાં સ્થિર થયા વિના છૂટતા નથી.

મુમુક્ષુ :- આપ અહીંયાં ઉપદેશ દ્યો છો, તો એ લોકો...

ઉત્તર :- ખોટી વાત છે. ઈ સમજતા નથી. કોઈ ઉપદેશને કારણે (છોડતા નથી). ઉપદેશ તો સત્ય છે. સત્ય માર્ગ સાંભળવાથી સત્યની પ્રતીતિ થાય છે, તેનાથી અસત્યનો આદર થતો નથી. અસત્યને દૃષ્ટિમાંથી છોડી દેવો. પણ આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવે છે. આવે છે, પણ આદર નથી.

મુમુક્ષુ :- ઈ વાતમાં પંડિતજીને બાધા નથી, એને અધર્મ કહેવામાં બાધા છે.

ઉત્તર :- ઈ અધર્મનો અધર્મ, એનો બાપ છે. પાપ કહ્યું પછી ક્યાં (વાત રહી)? એ પંચાધ્યાયીમાં લીધું છે, પંચાધ્યાયીમાં લીધું છે. પંચાધ્યાયીમાં અધર્મ શબ્દ લીધો છે. છે. પુણ્યને પાપ કીધું. આહાહા..! અહીં મુનિને કહ્યું ને, સમયસારમાં. મુનિને નિશ્ચય રત્નત્રય છે, તેને વ્યવહાર આવે છે તેને નિશ્ચયથી પાપ કહ્યું. વ્યવહારથી પુણ્ય છે, નિશ્ચયથી પાપ છે. પોતાના અમૃતસ્વરૂપ લૂંટાવાથી રાગ આવે છે. રાગ ઝેર છે.

મુમુક્ષુ :- અધર્મ લુટતો નથી ને..

ઉત્તર :- અનાદિ કાળની મીઠાશ છે ને. અનાદિ કાળનો પ્રેમ છે. એ પ્રેમ અંદરથી ખસ્યા વિના સ્વભાવની રુચિ થતી નથી. એ જ ખતવે છે. પહેલા કષાય મંદ થાય ને, એનાથી અમને લાભ થશે. તો મંદ કષાયની રુચિ છે, તો ત્યાંથી છૂટવાનો પ્રસંગ રહેતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... અશુભ થઈ જાય.

ઉત્તર :- ધૂળમાંય અશુભ નથી થતું. રાગ આવે છે, આવે છે, હો. એની રુચિ છોડી દે પહેલાં. કષાયની મંદતાની રુચિ મિથ્યાત્વ છે. એને છોડ, જ્ઞાયક સ્વભાવની રુચિ કર ત્યારે તને સ્વભાવનો અનુભવ થશે. એ વિના સમ્યગ્દર્શન અને અનુભવ થશે નહિ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે કે નહિ? છ ઢાળા.

મુમુક્ષુ :- છોડી જગત દ્વંદ્વ ફંદ,

ઉત્તર :- હા, ઈ. જગત દ્વંદ ફંદ ઈ. પુણ્ય-પાપના ભાવ ફંદ છે, દ્વંદ છે. છોડ જગતના દ્વંદ ફંદ. સમજાય છે કાંઈ? મીઠાશ છે ને, મીઠાશ અંદરથી. પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ, અમૃતથી ભરેલો અતીન્દ્રિય અમૃતથી ભરેલો, રાગમાં જ્યાં સુધી સુખબુદ્ધિ રહે, પુણ્યભાવમાં જ્યાં સુધી સુખબુદ્ધિ-હિતબુદ્ધિ રહે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- અધર્મ કહો કે... એ તો કહ્યું ને? પહેલાં કહ્યું હતું. (સંવત) ૧૯૮૫ની સાલમાં. ૩૭ વર્ષ થયા. સંપ્રદાયમાં હતા ને. બોટાદ સંપ્રદાય. અહીંયાં બોટાદ છે. અમારું તો સંપ્રદાયમાં પણ બહુ માન હતું ને. મોટી સભા, મોટી સભા. ૧૫૦૦ માણસ. ખીચોખીચ (ભરાય). એમાં ઈ અધિકાર આવ્યો. પોષ મહિનો. સમજાય છે? ૮૫ની સાલ. ૮૫ સમજો છો? એંસી અને પાંચ. એમ આવ્યું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે એ ભાવ ધર્મથી વિરુદ્ધ છે. ધર્મ હોય તો બંધનું કારણ ન થાય. અને બંધનું કારણ હોય તેને ધર્મ કહેતા નથી. સમજાય છે કાંઈ? ૮૫ની સાલ, સંપ્રદાયમાં (કહ્યું). એ પણ એમાં કહ્યું હતું, ધર્મ નહિ તેનું નામ અધર્મ છે. એનો શું અર્થ છે, વ્યવહારથી ધર્મ અને નિશ્ચયથી અધર્મ છે. સ્વભાવથી વિપરીત ભાવને ધર્મ કહેવો? સમજાય છે કાંઈ? વ્યવહારધર્મ કહો કે નિશ્ચયથી અધર્મ કહો, એક જ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ .. તો લોકો ધર્મ છોડી દેશે.

ઉત્તર :- કોણ છોડે ને કોણ મૂકે? હજી ભાન નથી ત્યાં છોડે કોણ ને મૂકે કોણ? સમજાય છે કાંઈ? એ તો મોક્ષમાર્ગમાં કહ્યું છે, સમ્યક્ અભિપ્રાય કરાવવા અમે કહીએ છીએ તો કોઈ શુભભાવ છોડે તો એના સ્વચ્છંદનું કારણ છે, કોઈ ઉપદેશનું કારણ નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં એ વાત લીધી છે, ટોડરમલજીએ લીધું છે. લીધું છે ને? ટોડરમલજીએ બધાની વાત લીધી છે, બધાની નાડ પકડી છે. બધાની નાડ પકડીને દવા આપી છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..નો દૃષ્ટાંત આપ્યો છે. ગધેડો સાકર ખાવાથી મરે તો શું ઉપદેશ ન દેવો? એણે તો સત્યાર્થને સિદ્ધ કર્યું છે. ટોડરમલજી સત્યાર્થને સિદ્ધ કર્યું છે, હજારો શાસ્ત્રનો મર્મ ખોલી નાખ્યો છે. તેમને પણ અત્યારે અપ્રમાણિક ઠરાવે છે. સ્વતંત્ર છે જીવ. સમજાય છે કાંઈ?

અહીંયાં ભગવાન કહે છે, ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત (છે). વિકારી પરિણામ રાગાદિ હો, શુભ આદિ હો, બધા પરભાવભૂત છે. નિષેધ કરવામાં આવ્યો છે. '**તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી...**' મારી ક્રિયા છે, મારો સ્વભાવ છે. '**ક્રોધરૂપ પરિણમે છે.**' લો. સ્વભાવરૂપ પરિણમન ન થયું, ક્રોધ-રાગરૂપ પરિણમન થયું. રાગરૂપ અને મોહરૂપ, ત્રણે થઈ ગયા. દ્વેષરૂપ, રાગરૂપ અને મિથ્યાત્વરૂપ. કહો, સમજાય છે કાંઈ?

હવે કહે છે કે આવું કેમ થાય છે? એ વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૭, બુધવાર તા. ૨૧-૯-૧૯૬૬**
**ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૩૫**

સમયસાર, કર્તા-કર્મ અધિકાર. શું કહ્યું પહેલાં? આ આત્મા છે, આત્મા, તે આત્મા જ્ઞાનસ્વરૂપે સ્થિત છે. જ્યાં સુધી આત્મા જ્ઞાનમાં પોતાપણું માનીને પોતાની ક્રિયા-શુદ્ધ અનુભૂતિ કરે છે એ તો સ્વભાવભૂત ક્રિયા છે. સમજાય છે કાંઈ? આત્મા... ત્યાં કોઈ ગડબડ કરે છે. છોકરું.. છોકરું.

આ આત્મા વસ્તુ જ્ઞાન, આનંદ સહિત તાદાત્મ્ય સ્વરૂપે આત્મપદાર્થ છે. એ આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં એકાકાર થઈને નિઃશંકપણે એકાકારની સ્થિરતા કરે છે તો એ ક્રિયાને અહીંયાં સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવી છે. સ્વભાવભૂત ક્રિયાનો નિષેધ થતો નથી. કેમ કે એ ક્રિયા તો પોતાની આત્મિક શાંતિની, શ્રદ્ધાની, જ્ઞાનની ક્રિયા છે. એ તો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ આત્માની સન્મુખ થઈને લીનતાની ક્રિયા થઈ, તેનું નામ ભગવાન ધર્મ કહે છે.

ધર્મીજીવ કર્તા થઈને એ નિર્વિકારી જ્ઞાનમાં લીનતારૂપ ક્રિયા, તે એનું કર્મ નામ કાર્ય છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની, પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ નહિ હોવાથી પુણ્ય અને પાપના વિકલ્પ નામ વિકાર જે થાય છે, એની રુચિથી પોતાના ત્રિકાળી સ્વભાવની અરુચિથી વિકારમાં પ્રવર્તતો વિભાવિક ક્રિયા તેને થાય છે. જોકે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. કેમ કે તે પોતાનો સ્વભાવ નથી. પણ અજ્ઞાનીને વિભાવિક પર્યાયનો અધ્યાસ-આદત થઈ ગઈ છે કે એ મારું કાર્ય છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. તે તરફની રુચિ નહિ હોવાથી અને વિકારની રુચિ હોવાથી પુણ્ય કે પાપ, દયા, દાન, વ્રતાદિના મંદ કષાયનો ભાવ (થાય), તેની રુચિ હોવાથી તેમાં પોતાપણાથી પ્રવર્તીને લીનતા થાય છે તેનું નામ વિભાવિક ક્રિયા કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ?

**'હવે અહીં,...'** હવે અહીંથી આવે છે. સમજાય છે કાંઈ? આ તત્ત્વજ્ઞાન તો અંતરની ચીજ છે. એ કંઈ બહારથી પ્રાપ્ત થતી નથી. બહારથી હું આ શરીરાદિના કામ કરું, રાગાદિનું કામ કરું એવા મિથ્યાત્વભાવની પ્રાપ્તિ થાય છે. એ પણ મિથ્યાત્વભાવ. બહારનો અર્થ-બહિર્લક્ષથી પરના કામ મારાં છે અને રાગાદિની ક્રિયા મારી છે, એમ એમાં લીન થાય છે તો એ ક્રિયા થાય છે એ મિથ્યાત્વની, અજ્ઞાનની, વિભાવની ક્રિયા છે. શેઠ!

મુમુક્ષુ :- સ્વભાવ વિભાવ બાહરસે તો આતા નહીં.

ઉત્તર :- બહારથી આવતા નથી, પણ અંદર પરના લક્ષે કરે છે ને. અંતરનું લક્ષ છે નહિ. ચિદાનંદ સ્વરૂપ મારું શું છે, એની ખબર નથી. તો એમાં જે વિકારપર્યાય થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમાં પોતાપણું માનીને એમાં લીન થાય છે, એનું નામ વિભાવિક અધર્મક્રિયા કહેવામાં આવે છે. આહાહા..! ભારે! સમજાય છે કાંઈ?

'**હવે અહીં,...**' બે વાત થઈ ગઈ. '**હવે અહીં,...**' છે એમાં? ક્યાં છે શેઠ? ખબર પડે ને. ત્યાં નથી, અંદર ઉપર છે. '**હવે અહીં,...**' હવે અહીં છે? '**જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' છે? ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે, તેનો અંતરમાં પોતાના ભાવનો ભાસ નથી, ભાન નથી. સમજાય છે કાંઈ? હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, એવું ભાન નહિ હોવાથી. '**આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' એવા શબ્દો લીધા છે, દેખો! પોતાના અજ્ઞાનભાવને લીધે. કર્મને કારણે નહિ, પરને કારણે નહિ. પોતાના અજ્ઞાનભાવને લીધે. છે શબ્દ? પોતાનું શુદ્ધ ચૈતન્ય આનંદ, જેમાં અતીન્દ્રિય આનંદરસ પડ્યો છે અને એકલો ચૈતન્યસૂર્ય આત્મા છે. તેના અજ્ઞાનને કારણે, પોતાના અજ્ઞાનભાવને લીધે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનભવનમાત્ર...**' જે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે, તેની તો વર્તમાન ક્રિયા જ્ઞાનભવન, જ્ઞાનરૂપ થવું, જ્ઞાનરૂપ પરિણમવું, શ્રદ્ધા સમ્યક્રૂપ થવી, આનંદરૂપ થવું, શાંતિરૂપ થવું તે જ્ઞાનભવનમાત્ર સહજ પોતાની ક્રિયા છે. સમજાય છે કાંઈ? '**સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...**' ઉત્પન્ન નહિ કરીને અર્થાત્ ત્યાગ કરીને એમ કહ્યું છે.

મુમુક્ષુ :- હતી અને ત્યાગ કર્યો એમ નહિ?

ઉત્તર :- છે ક્યાં અવસ્થા? સમજાય છે કાંઈ?

અહીંયાં તો ચૈતન્ય જ્ઞાનાનંદ જ્ઞાન-આનંદકંદ, તેની તો ખરેખર જ્ઞાનભવન સમ્યક્ આનંદભવન, શાંતિનું થવું તે એની ક્રિયા છે. સમજાય છે કાંઈ? પણ એ ક્રિયાનો ત્યાગ કરીને અર્થાત્ તે ક્રિયા ઉત્પન્ન થવી જોઈએ તેને છોડીને પોતાના શુદ્ધ ચૈતન્યના, પોતાના સ્વરૂપના અજ્ઞાનભાવને લીધે... સમજાય છે કાંઈ? શેઠ! નહિ. '**આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે...**' આ તો મહા અંતરંગ સિદ્ધાંત છે. ચૈતન્ય શુદ્ધ આનંદ અનાકુળ પ્રભુ આત્મા છે, તેના અજ્ઞાનભાવથી. ભાન નથી. તો '**જ્ઞાનભવનમાત્ર...**' જે અંદર આનંદનું થવું, શાંતિનું થવું, સ્વભાવ સન્મુખની ક્રિયા તો આનંદ ને જ્ઞાનનું થવું, એવી સહજ સ્વાભાવિક ઉદાસીન જ્ઞાતા-દૃષ્ટામાત્રની ક્રિયા થવી જોઈએ તેનો ત્યાગ કરીને. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ, અનંત ચૈતન્ય ગુણ રત્નાકરનો પિંડ છે. તે તરફના પોતાના અજ્ઞાનભાવને લીધે, પોતાના સ્વભાવના બેભાનપણાને લીધે, પોતાના સ્વભાવના અનાદરથી.. શું થાય છે? જે પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેનું જ્ઞાનભવન, શાંતિભવન, આનંદ થવો તે એની ક્રિયા છે. પણ એ સહજ ક્રિયાને છોડી દે છે, ઉત્પન્ન કરતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જિનેશ્વરદાસજી! સમજાય છે કાંઈ? ભાઈ! શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે. પોતાના અજ્ઞાનભાવને લીધે સ્વભાવની, સ્વભાવની રુચિ અને સત્કારના અભાવને કારણે વિકારના આદરને લીધે, પોતાના જ્ઞાનસ્વભાવના અજ્ઞાનને લીધે. અંતર જ્ઞાનસ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, આનંદની પર્યાય સહજ થવી જોઈએ, તે પોતાના અજ્ઞાનભાવને લીધે તે અવસ્થાને છોડી દઈ. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય છે ને? ભાઈ! ભાષા સાદી છે. ભગવાન! પ્યોર હિન્દી તો અમને નથી આવડતી. અમારી તો કાઠિયાવાડી ભાષા છે.

અહીંયાં ચૈતન્યપ્રભુ અનાકુળ આનંદની મૂર્તિ નિત્યાનંદ આત્મા છે. નિત્યાનંદ સ્વભાવના અભાનને લીધે, અભાનને લીધે, અજ્ઞાનને લીધે, અનાદર કરવાથી તેના સ્વભાવના વિરૂદ્ધ ભાવથી... બરાબર છે? વેણીપ્રસાદજી! આહાહા..! '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદ છે, તેનું થવું-ભવન-થવું-પરિણમન થવું, આનંદનું પરિણમન થવું તે એની ક્રિયા છે. અજ્ઞાનભાવને લીધે તે અવસ્થાને છોડી દઈ. ઉત્પન્ન થઈ છે અને છોડે છે એમ નહિ. સમજાય છે કાંઈ? પાઠ શું છે? જુઓ! '**આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' શબ્દ જુઓ શાસ્ત્રમાં શું છે? '**જ્ઞાનભવનમાત્ર...**' જ્ઞાનનું થવું, પરિણમવું, આનંદનું થવું. વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ અનાકુળનું પરિણમન થવું, એ સહજ અવસ્થાનો, સહજ ઉદાસીન અવસ્થાનો, જ્ઞાતાદૃષ્ટાનું ભાન ભૂલીને તે અવસ્થાનો ત્યાગ કરીને. સમજાય છે કાંઈ? અવસ્થા આવી ઉત્પન્ન થવી જોઈએ, તે અવસ્થાનો ત્યાગ કરીને. એ શબ્દમાં ઘણી ગંભીરતા છે. '**આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે...**' ભાઈ આવ્યા. અંદરમાં છે ઈ બતાવો. એઈ..! અમરચંદજી! નથી આવ્યું. ગુંચવણમાં પડ્યા છે. સમજાય છે કાંઈ? અહીંથી દેખાય છે ને. ન્યાં નજર નહોતી પડી. જુઓ! શબ્દનો શું ભાવ છે તેને પહેલાં સમજવો જોઈએ ને.

'**હવે અહીં, જે આ આત્મા...**' ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ તે આત્મા. '**પોતાના અજ્ઞાનભાવને લીધે...**' પોતાના આનંદ અને જ્ઞાનભાવના બેભાનપણાને લીધે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનભવનમાત્ર...**' પોતાની પર્યાય તો શાંતિ, જ્ઞાતાદૃષ્ટાની વીતરાગી પર્યાય સહજ ઉદાસીન થવી જોઈએ. એ સહજ ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. ત્યાગ કરવાનો અર્થ તે ઉત્પન્ન નહિ કરતો થકો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ નથી. ઉત્પન્ન ક્યાં થઈ છે? ઉત્પન્ન થવી જોઈએ તેવી ઉત્પન્ન થવાનો ત્યાગ કર્યો, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહા..!

ભગવાન આત્મા... આબાળ ગોપાળ ભગવાન બિરાજે છે, હોં! બધા શરીરમાં. શરીર ક્યાં એનું છે. એ તો જડ છે, માટી-ધૂળ છે. કર્મ ક્યાં એના છે? એ તો માટી-ધૂળ છે. અને એમાં પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે, એ તો આસ્રવતત્ત્વ છે. એ વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો કહેવી છે કે આસ્રવ અને સ્વભાવનો ભેદ નહિ જાણનારો અજ્ઞાની. એ તો ગાથામાં છે. પરની વાત તો અહીંયા છે નહિ. આ તો માટી-ધૂળ જડ છે. રજકણ છે. કોઈની પર્યાય અહીંયા આવી છે. તારી પાસે છે નહિ, તારામાં છે નહિ. તારી પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થનારા શુભ-અશુભ વિકારીભાવ કે જે આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ અને જ્ઞાતા ત્રિકાળી સ્વરૂપ, બેનો તફાવત નહિ જાણતો, બેની ભિન્નતા નહિ જાણતો, બેનો ભેદ નહિ જાણતો પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનો અનાદર કરીને. સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું?

**'અવસ્થા તેનો ત્યાગ કરીને...'** તો શું અવસ્થા ઉત્પન્ન થઈ હતી? ઉત્પન્ન થઈ હતી? ઉત્પન્ન થઈ જ નથી. સમજાય છે કાંઈ? શાસ્ત્ર તો શાસ્ત્રની રીતે કથન કરે ને. કહેવું છે શું? કે વસ્તુ જે શુદ્ધ ચૈતન્યપ્રભુ છે, એની દૃષ્ટિ થાય તો તો અવસ્થા જ્ઞાનભવન, શ્રદ્ધાભવન, શાંતિભવન, આનંદનું થવું તે જ તેની પર્યાય છે. પણ એ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપના અજ્ઞાનને લીધે અને અંદરમાં રાગ ઉત્પન્ન થાય છે તે મારી ચીજ છે તેને લીધે. સમજાય છે કાંઈ? **'જ્ઞાનભવનમાત્ર...'** માત્ર કેમ કહ્યું? કે રાગનો વિકલ્પ પણ એમાં નહિ હોવો જોઈએ. એકલું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ ભગવાન, તેનો અંતર સ્વરૂપનો આશ્રય કરવાથી જ્ઞાનભવન, શ્રદ્ધા-સમ્યગ્દર્શન થવું, સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન થવું, સ્વરૂપાચરણ થવું, સ્વઆનંદ થવો તે તેની અવસ્થા, વાસ્તવિક ક્રિયા છે. પણ સ્વભાવનું ભાન નહિ હોવાને લીધે તે અવસ્થા ઉત્પન્ન થવાનો ત્યાગ કરીને. શેઠ! આહાહા..! એ... ન્યાલભાઈ! સમજાય છે આ? આરે.. આરે..! ભારે વાતું આવી માર્ગની.

આજે આવ્યું પેલામાં, ભાઈ! પ્રથમાનુયોગ વાંચવા. પહેલાં પ્રથમાનુયોગ વાંચવા. ભગવાન! આ વસ્તુ દ્રવ્યાનુયોગનું તત્ત્વ સમજ્યા વિના તારી દૃષ્ટિ કોઈ દિ' સુધરશે નહિ. સમજાય છે કાંઈ? તેથી ટોડરમલજીએ કહ્યું છે, સભામાં દ્રવ્યાનુયોગ વાંચવા. કેમ કે એમાં ઘણાં જીવોને મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય છે. અને તે નહિ સાંભળવાથી, નહિ કહેવાથી ઘણાં જીવોને ઘણો અપરાધ થાય છે. સમજાય છે કાંઈ? ગધેડાનો દૃષ્ટાંત આપ્યો છે ને? કોઈ ગધેડો સાકર ખાય અને મરી જાય તો શું માણસ સાકર ખાવાનું છોડી દે? આ દૃષ્ટાંત આપ્યો છે. એમ કોઈ અધ્યાત્મની વાત સાંભળીને એકાદ વાત ઉપરથી પકડીને પોતાના સ્વચ્છંદમાં ચાલ્યો જાય તો શું દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો છોડી દેવો? સમજાય છે કાંઈ? આહાહા..!

ભાઈ! તને આત્મા શું ચીજ છે? પરમાત્મા અખંડાનંદ પ્રભુ છે. આત્મામાં તો અનંતા સિદ્ધ ભગવાન પડ્યા છે. સમજાય છે કાંઈ? શું? શું કહ્યું? આત્મામાં અનંતા સિદ્ધ ભગવાન પડ્યા છે. અનંતા! કઈ રીતે? ઈ એક ફેરી કહ્યું હતું ને? કે જે સિદ્ધપર્યાય છે, સિદ્ધપર્યાય થાય છે ને? સિદ્ધ તો અવસ્થા છે ને, ગુણ-દ્રવ્ય નથી. તો સિદ્ધ અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય છે એક સમયની, તો એ શુદ્ધ ઉત્પાદ થયો અને બીજે સમયે તે ઉત્પાદનો વ્યય થાય છે અને નવી સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. અને ત્રીજે સમયે ઉત્પાદ થયો તે બીજા સમયનો ઉત્પાદ હતો તેનો વ્યય થાય છે, ત્રીજો નવો ઉત્પન્ન થાય છે. એમ સાદિઅનંત જેટલી સિદ્ધ પર્યાય છે, તે ભગવાન આત્મામાં બધી પડી છે. સમજાય છે કાંઈ? રાયબહાદુર! અનંત સિદ્ધ, હોં! આત્મામાં અનંત સિદ્ધ છે.

મુમુક્ષુ :- નવી નવી..

ઉત્તર :- નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે તો એવી સાદિઅનંત (ઉત્પન્ન થાય છે). સાદિઅનંતની જેટલી પર્યાયની સંખ્યા છે. સંસારની પર્યાય છે અનાદિસાંત. અનાદિસાંત છે ને સંસારપર્યાય? અને સિદ્ધપર્યાય સાદિઅનંત. તો સંસારપર્યાયની સંખ્યા કરતાં સિદ્ધની પર્યાયની સંખ્યા અનંતગુણી છે. અને સિદ્ધપર્યાય એક સમયની છે. બીજે સમયે બીજી સિદ્ધપર્યાય, ત્રીજે સમયે ત્રીજી (થાય છે). તે પર્યાય નહિ, એવી જ થાય છે પણ (તેની) તે નહિ. એવી એવી અનંત પર્યાય-સિદ્ધ ભગવાન-એ આત્મામાં અનંત પડી છે. એમાંથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? ભાઈ! એક આત્મામાં અનંતા સિદ્ધ. પર્યાય છે કે નહિ? એક સમયના પરમાત્મા, બીજા સમયે બીજા પરમાત્મા, ત્રીજા સમયે ત્રીજી પર્યાય. એમ સાદિઅનંત પરમાત્મા, જેટલી સંખ્યા છે તેટલી સંખ્યા આત્માના દ્રવ્ય-ગુણમાં પડી છે. શક્તિ સમૂહ પડ્યો છે. આખી શક્તિ પડી છે, એની ખબર નથી. એ પર્યાય ક્યાંથી આવે છે? રાગમાંથી આવે છે? પર્યાયમાંથી પર્યાય આવે છે? એક દ્રવ્યમાં-એક પદાર્થમાં એવા અનંતા પરમાત્મા વર્તમાનમાં પડ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એવો આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે. આહાહા..! પોતાનું આવું સ્વરૂપ છે એનું ભાન નથી, રુચિ નથી, સત્કાર નથી, આદર નથી. સમજાય છે કાંઈ? અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તેમાં પોતાપણું માનીને તેનો આદર કરે છે. તો '**અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર...**' ભગવાન આત્મામાં જ્ઞાનદશા, શુદ્ધ આનંદની દશા ઉત્પન્ન થવી એ તેની અવસ્થા છે. અવસ્થાયી-પદાર્થ, અવસ્થાયી તે પદાર્થ. અને તેની અવસ્થા શુદ્ધ પર્યાય થવી તે એની અવસ્થા છે. અવસ્થા સમજ્યા? પર્યાય. એવી અવસ્થાનો ત્યાગ કરીને (અર્થાત્) એવી અવસ્થા ઉત્પન્ન નહિ કરીને. સમજાય છે કાંઈ? આહાહા..! '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ...**' જુઓ! આ વિકાર છે એ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાનનો અર્થ ચૈતન્ય જ્ઞાનસૂર્ય છે, તેમાં વિકલ્પ ઉઠે એમાં ચૈતન્યના નુરના-તેજના અંશનો અભાવ છે. શું કહ્યું? ભગવાન ચૈતન્યસ્વરૂપ હૈ અને પુણ્ય પરિણામ જે ઉત્પન્ન થાય છે, દયા, દાન, વ્રત રાગની મંદતા, એ રાગની મંદતામાં ચૈતન્યપ્રકાશનો અંશ, નિર્વિકારી ચૈતન્યપ્રકાશનો અંશ રાગમાં નથી આવ્યો. રાગ તો આંધળો છે-અચેતન છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યનો પ્રકાશ તો ચૈતન્યપ્રકાશ હોવો જોઈએ. સૂર્યના પ્રકાશમાં સૂર્યનું તેજ આવવું જોઈએ ને? એમ આત્મા ચૈતન્યસૂર્ય છે એમાં તો ચૈતન્યનું નુર-પ્રકાશ પર્યાયમાં આવવો જોઈએ. એ ન આવ્યો અને રાગ આવ્યો તો ચૈતન્યની પર્યાયનો અંશ પણ રાગમાં નથી. ભિન્ન ચીજ છે, અહીંયાં તો અચેતન કહે છે. ભાઈ! સમજ્યા? એ તો સમજી શકે એવી આત્મામાં તાકાત છે. પણ ઈ ના પાડે છે, શું કરે? અરે..! ભગવાન! તું તો ત્રણ લોકનો નાથ છો. કેવળજ્ઞાન લેવાની તાકાત છે અને આવું ન સમજે, એમ કેમ ના પાડે છે? સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ...**' ભાષા એમ લીધી છે, જુઓ! અજ્ઞાન કેમ લીધું? જ્ઞાનભવનની સામે. ભાઈ! શુદ્ધ ચૈતન્ય પરમાનંદની દૃષ્ટિ નહિ હોવાથી, જ્ઞાન આત્મા એમ પોતામાં પોતાપણું માનીને સ્થિરતા નહિ હોવાથી, પોતાના સ્વભાવના અજ્ઞાનને લીધે જ્ઞાનભવન જે દશા શુદ્ધ થવી જોઈએ તેની ઉત્પત્તિ નહિ કરીને અજ્ઞાનભવનમાત્ર જે ક્રોધાદિ વિકારની ઉત્પત્તિ કરે છે. સમજાય છે કાંઈ? પુસ્તક છે કે નહિ? સામે પડ્યું છે. નામા તો મિંઢવો. નામા મિંઢવે (મેળવે) છે કે નહિ? રકમ જોવે. તમારામાં શું છે, મારામાં શું છે, જુઓ. ભગવાન! તારી રકમ તો શું છે? જુઓ! આહાહા..! એ.. શેઠ! નામામાં બહુ પ્રવીણ, આમાં નહિ. ભગવાન જાણે, અમને ખબર નથી. ક્યાં ગયા શોભાલાલજી?

જુઓ! બે પદમાં કેટલું ભરી દીધું છે, ભગવાન અમૃતચંદ્રાચાર્યે! ભાઈ! પ્રભુ! તું તો શુદ્ધ આનંદ છો ને. અને આનંદના અજ્ઞાનને કારણે સ્વભાવના અજ્ઞાનને કારણે તારા ભાવમાં જ્ઞાન, શાંતિની અવસ્થા થવી જોઈએ તેનો ત્યાગ કરીને, તું અજ્ઞાનભવનમાત્ર વિકારરૂપ પરિણમે છે, એ તારું અજ્ઞાનીનું કામ છે. સમજાય છે કાંઈ? પરનું કામ તો તારું છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અજ્ઞાનભવનવ્યાપારરૂપ...**' રાગના રાગને અહીંયાં ક્રોધ કહ્યો છે. કેમ કે સ્વભાવની રુચિ નથી તો સ્વભાવ પ્રત્યે અરુચિ છે તો રાગ પ્રત્યે રુચિ છે તો અહીંયાં સ્વભાવ પ્રત્યે અરુચિને અહીં ક્રોધ કહ્યો છે. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવનો તું દુશ્મન છો. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ આખો શુદ્ધ અંદર પડ્યો છે, તેનો પ્રેમ, પ્રીતિ, રુચિ છોડીને વિકાર ક્ષણિક, અનિત્ય, ઉપાધિ, મલિનનો પ્રેમ છે તો કહે છે કે તારા શુદ્ધ સ્વભાવ પ્રત્યે તને દુશ્મનાવટ, ક્રોધ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ક્રોધાદિ અજ્ઞાનભવનવ્યાપાર છે. ચૈતન્યના પ્રકાશસ્વરૂપ ભગવાન, એની પર્યાયમાં આનંદનું જ્ઞાનભવન, ચૈતન્યના અંશનું પરિણમન, જ્ઞાનના અંશનું પરિણમન, શાંતિનું પરિણમન એવી જ્ઞાનભવનમાત્રની પર્યાયનું ઉત્પન્ન કરવું છોડી દઈને, એ સ્થાનમાં અજ્ઞાનભવનમાત્ર (વ્યાપારરૂપ પરિણમે છે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે;...'** હું વિકારરૂપ પરિણમું છું, હું વિકારરૂપ પરિણમું છું, હું વિકારરૂપે પરિણમું છું એમ અજ્ઞાનીને વિકારરૂપ પરિણમન થાય છે એમ પ્રતિભાસવાવાળો અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? ફરીથી. આ તો એવી ચીજ છે ને. આહાહા..! એક નિર્મળ અવસ્થા સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો આશ્રય કરીને, આદર કરીને, રુચિ કરીને નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવું એવો તારો સ્વભાવ છે. એવા સ્વભાવના અજ્ઞાનને કારણે એ નિર્મળ અવસ્થાની ઉત્પત્તિનો ત્યાગ કરીને, તેને છોડીને એ સ્થાનમાં તું અજ્ઞાનભાવનું પરિણમન કરે છે. અજ્ઞાનભાવનું અર્થાત્ વિકારભાવનું પરિણમન કરે છે. એ વિકારને જ અજ્ઞાનભવન કહ્યું છે. જ્ઞાનાનંદનું નિર્મળ ભવન તેનાથી વિરુદ્ધ વિકારનું અજ્ઞાન. અજ્ઞાન નામ એ વિકારમાં જ્ઞાનનો અંશ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ...'** અર્થાત્ વિકારના પરિણમનના વ્યાપારરૂપ **'પ્રવર્તતો...'** વિકારમાં પ્રવર્તમાન પરિણમતો થકો **'પ્રતિભાસે છે...'** કે હું તો વિકારરૂપ પરિણમું છું. એમ ભાસ થાય છે એ વિકારનો કરનારો અજ્ઞાની છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- કર્મ-ફર્મની અહીં વાતેય નથી. કર્મ પરદ્રવ્ય છે, એની સાથે શું એને સંબંધ છે? વકીલ છે તો સ્પષ્ટ કરાવે છે. પંડિતજી! આહાહા..! એક ટીકા તો જુઓ, ટીકા! અમૃતચંદ્રાચાર્યની ટીકા, એક એક શબ્દમાં કેટલા ભાવ ભર્યા છે! સમજાય છે કાંઈ? ભાવલિંગી મુનિ, એક વિકલ્પ આવ્યો છે, શબ્દની રચના શબ્દથી થઈ ગઈ છે. શબ્દની રચના કરનાર પણ આત્મા નથી. એ વિકલ્પ આવ્યો એ પણ પ્રવૃત્તિ નથી, હું તો વિકલ્પના જ્ઞાતા-દૃષ્ટારૂપ પરિણમન કરું છું તેવો હું આત્મા છું. આહાહા..! સમજાય છે કાંઈ?

અજ્ઞાનભવન નામ અજ્ઞાન થવું, એવો વ્યાપાર. અર્થાત્.. વ્યાપાર તો આવ્યો, હોં! શેઠ! એઈ..! શોભાલાલજી! વ્યાપાર તો આવ્યો, ભાઈ! તમાકૂનો વેપાર, હીરાનો વેપાર, તમારે શું છે? આ વકીલાતનો વેપાર કરતા હતા. રાગનો, ભ્રમનો કરતા હતા. સમજાય છે કાંઈ? એવો અજ્ઞાનભવનવ્યાપાર. વેપાર તો આવડે છે એને, પણ અજ્ઞાનનો. સ્વરૂપના બેભાનપણાને લીધે શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ નહિ હોવાથી, સ્વભાવનો સ્વીકાર નહિ હોવાથી, સ્વભાવથી વિરુદ્ધ અજ્ઞાનભાવ પુણ્ય-પાપના દયા, દાન વિકલ્પભાવ છે તે અજ્ઞાનભાવ છે. સમજાય છે કાંઈ? શું? એ શુભભાવ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વ એમ નહિ. ચૈતન્યના પ્રકાશનો જેમાં અભાવ છે, એવા ભાવને અજ્ઞાનભાવ કહેવામાં આવ્યો છે. આહાહા..! કહો, સમજાય છે ને? નટુભાઈ! કહો, સમજાણું આમાં? આહા..!

કહે છે, પ્રભુ! તારી દૃષ્ટિમાં પરમાત્મા નિજ સ્વરૂપનો સ્વીકાર હોવો જોઈએ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વીકાર થવાથી તો એની અવસ્થામાં તો શાંતિ અને આનંદની મોક્ષમાર્ગની પર્યાયનું પરિણમન થવું એ તારી દશા છે. પણ એ દશાને પોતાના શુદ્ધ સ્વભાવનો આદર છોડીને, એ દશાની ઉત્પત્તિનો ત્યાગ કરીને, પોતાના સ્વભાવના અજ્ઞાનભાવને લીધે અને અજ્ઞાનભવનરૂપ વિકારી પરિણમનરૂપ પ્રવર્તતો તને ભાસે છે. હું તો વિકાર પરિણમનરૂપ (પ્રવર્તતો) પ્રતિભાસે છે તે અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, શેઠ! સમજાય છે કાંઈ? તમાકૂ-બમાકૂનો વેપાર નહિ. સાયકલ ઉપર બેસીને જતા હતા, એવું તો તેં કર્યું જ નથી, એમ કહે છે. રાગ કર્યો રાગ. જુઓ! અહીં તો હજી કર્તા કહેવો છે ને.

કર્તા કેમ થયો? કે પોતાના શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનને લીધે વિકારના પરિણમનમાં લીન થતો પ્રવર્તતો ભાસે છે કે હું તો વિકારરૂપ થઈ ગયો છું, થાઉં છું, થાઉં છું. એ અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! વીતરાગમાર્ગ છે, બાપુ! જેને ઈન્દ્રોએ સ્વીકાર કર્યો, ગણધરોએ સ્વીકાર કર્યો. એવો અનાદિ સનાતન સત્ય માર્ગ છે. સમજાય છે કાંઈ?

'**અજ્ઞાનભવનવ્યાપારરૂપ...**' અર્થાત્ સ્વભાવથી વિરૂદ્ધ ભાવરૂપ અર્થાત્ ક્રોધાદિ વ્યાપારરૂપ અર્થાત્ પુણ્યાદિના પરિણામને અહીંયાં અજ્ઞાનભાવ કહીને ક્રોધ કહ્યો છે. એમ પ્રવર્તતો, વિકારમાં પ્રવર્તતો થકો, એટલે પોતાથી પ્રવર્તમાન થાય છે. પ્રવર્તતો થકો. કર્તા સિદ્ધ કરવો છે ન. '**પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે;...**' આહાહા..! સમજાય છે કાંઈ? જેને અજ્ઞાનભવનરૂપ વિકારનો પ્રતિભાસ થાય છે કે હું તે રૂપ થાઉં છું, વિકારરૂપ થાઉં છું એ અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. આહાહા..! મહા જૈન સિદ્ધાંત એટલે વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ? જૈન કાંઈ કોઈએ નવો બનાવ્યો નથી.

મુમુક્ષુ :- બધા અભિપ્રાયને મેળવવા..

ઉત્તર :- મેળવવાનું શું? કોઈનું લઈને મેળવવું? વળી કેટલાક એમ કહે છે, પરમેશ્વરે અનેકાંત કર્યું. કેમ? બધી નયને લઈને અનેકાંત બનાવ્યું. અરે.. ચાલ, ચાલ. એ તો કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક ભાસ્યું એવું અનેકાંત સ્વરૂપ વાણી દ્વારા આવી ગયું. બીજાની સાથે મેળવીને કહ્યું છે એમ છે નહિ. અનાદિના કેવળજ્ઞાની થતા આવ્યા છે, કાંઈ નવા છે? અનાદિથી કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનનો વિરહ જગતમાં કદી નથી. સર્વજ્ઞનો વિરહ લોકમાં કદી નથી. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા અનાદિથી ચાલ્યા આવે છે. એવા ભગવાને કેવળજ્ઞાનમાં જેવો આત્મા જોયો, તેવો કહ્યો અને કહ્યું કે આવા આત્મા તરફ તારી દૃષ્ટિ નહિ હોવાથી તને જ્ઞાનભવનરૂપ દશા થવી જોઈએ, એમ નહિ થતાં દયા, દાનના વિકલ્પ છે એ ક્રોધ છે, સ્વભાવથી વિરૂદ્ધ ભાવમાં તું પ્રવર્તતો, આખો આત્મા એ વિકારમાં પ્રવર્તતો પ્રતિભાસે છે. તે અજ્ઞાની આત્મા વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? એઈ..! પોપટભાઈ! લાદી-બાદી તો ક્યાંય ગઈ તમારી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- ઈ તો મુંબઈમાં છે ને.

ઉત્તર :- મમતા તો છે ને. લાદી ન્યાં પડી રહી. લાદી ક્યાં સાથે આવતી હતી? કહો, સમજાય છે કાંઈ?

**'અને...'** હવે કર્મ બતાવે છે. પહેલાં કર્તા બતાવ્યો. અહીં કર્તા-કર્મ અધિકાર છે ને એટલે અહીંયાં કર્તા બતાવ્યો. હવે કર્તાનું કર્મ બતાવે છે. કર્મ નામ કાર્ય. **'અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં,...'** જુઓ! શું કહે છે? પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યપ્રભુનું જ્ઞાનભવન-જ્ઞાનનું થવું-શાંતિનું થવું-સમ્યગ્દર્શનનું થવું-અનુભૂતિનું થવું-એવા જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવૃત્તિથી જુદાં. એવી પર્યાયથી ભિન્ન **'ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં...'** ક્રિયમાણ-કરવામાં આવે છે. કરવામાં આવે છે, મારાથી થયા છે. વિકાર મારાથી થયો છે. કર્તા પ્રતિભાસે છે તે કર્તા થયો. પણ એ વિકાર મારાથી થયો છે. ક્રિયમાણપણે કરવામાં આવે છે, મારાથી થયો છે, મેં કર્યો છે, એમ **'અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવા ક્રોધાદિક તે, (તે કર્તાનાં) કર્મ છે...'** આહાહા..! સમજાય છે કાંઈ? બધી અંતરંગની રમતું છે. બહારની સાથે કાંઈ સંબંધ નથી. આહા..! પરદ્રવ્યની સાથે શું સંબંધ? પરદ્રવ્ય તો પોતામાં લોટે છે, ફરે છે, તારી સાથે કાંઈ સંબંધ નથી. આત્મા કદી દેહને અડ્યો જ નથી. ત્રણ કાળમાં દેહને અડ્યો નથી. દેહ આત્માને અડ્યો નથી.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ક્યારે શું? ત્રણ કાળ કહ્યું ને, એમાં વળી ક્યારે શું? સમજાય છે કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકમાં આત્મા દેહને અડ્યો નથી, આત્મા કર્મને અડ્યો નથી. દેહ અને કર્મ આત્માને અડ્યા નથી. કહો, નક્કી કરો.

મુમુક્ષુ :- ગોમ્મટસાર..

ઉત્તર :- ગોમ્મટસાર વયું નથી જતું, સિદ્ધ થાય છે. બીજી વસ્તુ છે એમ સિદ્ધ કરે છે. અડતો નથી, સ્પર્શતો નથી, ચુંબતા નથી, આલિંગન કરતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, આલિંગન કરતું નથી, સ્પર્શ કરતું નથી. અમારી કાઠિયાવાડી ભાષામાં એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. સમજાય છે? તમારામાં છૂતે નહીં. આહાહા..!

સમયસારમેં પહલે શ્લોકમેં લિયા. સમયસારમેં લિયા હૈ, દેખો! ત્રીજી ગાથા છે, જુઓ! ત્રીજી ગાથા છે ને, ત્રીજી. ત્રીજી ગાથા. અગિયાર પાનું. પાનું અગિયાર. એમાં વચ્ચે છે. તે સર્વ પદાર્થો.. તે સર્વ પદાર્થો. છે? જુઓ! સર્વ પદાર્થ છે? ભાઈ! તે સર્વ પદાર્થ **'પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...'** પ્રત્યેક પદાર્થ પોતામાં રહેલા ગુણરૂપી ધર્મને સ્પર્શ કરે છે, ચુંબે છે, અડે છે. **'તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...'** છે? ભાઈ! શું કહ્યું? જુઓ ભાઈ! તમે વાંચો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- **'જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે...'**

ઉત્તર :- કરતા નથી. ઈ પછી, એ બીજી વાત થઈ ગઈ. એ ક્ષેત્ર. શાહુકારને પુસ્તક બતાવવું જોઈએને કે એમાં શું છે.

કહે છે કે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ, પોતામાં રહેલા અનંત ગુણરૂપ ધર્મ, તેને ચુંબે છે, આલિંગન કરે છે, અડે છે. તોપણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. જુઓ! સંસ્કૃતની ત્રીજી લીટી. '**सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि**' ઉપરથી ત્રીજી લીટી છે. છે? '**सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्ना**' દ્રવ્યમાં રહેનારા અનંત સ્વધર્મચક્રના સમૂહને '**चुम्बिनोऽपि**'. ચુંબે છે છતાં પણ '**परस्परमचुम्बन्तोऽत्यन्त**' બસ, એટલું. '**परस्परमचुम्बन्तो**'. કહો, સમજાય છે કાંઈ? અક્ષરે અક્ષર લખ્યું છે. અક્ષરે અક્ષર નીચે લખ્યું છે. સંસ્કૃતમાં એમ છે. અહીંયાં તો સ્પષ્ટ વસ્તુ છે. ભગવાન! સમજાય છે કાંઈ? એનો શું અર્થ થયો? સાંભળો!

કર્મનો ઉદય એ જડની પર્યાય છે. આત્મા તેને અડતો નથી.

મુમુક્ષુ :- નિશ્ચયથી અડે નહિ, વ્યવહારથી અડે.

ઉત્તર :- વ્યવહારથી શું અડે? શું આવ્યું? એમાં આવ્યું કે નહિ? પરસ્પર એક દ્રવ્ય બીજી પર્યાયને અડતું નથી. કર્મનો ઉદય .. પર્યાય છે, જડમાં અસ્તિત્વ (છે). પોતાનો આત્મા પોતાના ગુણ-પર્યાયમાં છે. તો પોતાની પર્યાય કર્મની પર્યાયને અડતી નથી. કેમકે પરસ્પર અન્ય દ્રવ્યને કદી અડતું-આલિંગન કરતું નથી. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! શું કરે? જુઓ! આ એને અડ્યું જ નથી, એમ કહે છે. જુઓ! ભગવાનની વાણીનો ન્યાય. જુઓ! સમજાય છે કાંઈ? જુઓ! હાથ આમ છે. જુઓ! સીધો છે કે નહિ? ખાડાને શું કહે છે? ખડ્ડા. ખાડો પડ્યો એ પોતાની પર્યાયથી થયો છે. આ એને અડ્યો જ નથી. અડ્યા વિના પોતાની પર્યાયથી આમ થઈ ગયું છે, એમ ભગવાન કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન બેસે તો ચુંબન કરે છે એમ થઈ ગયું, તો વિરોધ થાય છે. સિદ્ધાંતનો દૃષ્ટાંત આપ્યો.

એક પર્યાય એક દ્રવ્યની, તેનો બીજા દ્રવ્યની પર્યાયમાં અભાવ છે, ચુંબતી નથી, અડતી નથી, સ્પર્શતી નથી. આહાહા..! રાયબહાદુરજી! અરે..! ભગવાન! તારી ચીજ જ એવી છે, પ્રભુ! તું કદી કર્મને અડ્યો જ નથી. અને એક દ્રવ્ય બીજા રજકણને કદી અડ્યું નથી. નક્કી કરો, નહીં તો સિદ્ધાંત વિરૂદ્ધ હો જાયેગા. ભગવાન અમૃતચંદ્રાચાર્ય અનાદિ સનાતન સત્ય સર્વજ્ઞને કહા સિદ્ધાંત કહતે હૈં. અપને સ્વરૂપમેં...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કરે? અડતો નથી. શું કહ્યું? જરી સૂક્ષ્મ વાત છે. જૈનદર્શનના દ્રવ્યાનુયોગનું તત્ત્વ સમજવું ઘણી ઊંડી વાત છે. ઊંડા ભાવ છે. જૈનદર્શનનું નહિ, વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કહ્યું છે માટે છે, એમ નહિ. સ્વરૂપ એવું છે. (ભગવાને) એમ જોયું છે. છે એવું જોયું છે, જોયું એવું કહ્યું, કહ્યું એવું છે. સમજાય છે કાંઈ? નહીં તો ત્રીજી ગાથા વારંવાર લક્ષમાં લેવી. વેણીપ્રસાદજી! ત્રીજી ગાથા લેવી. ત્રીજી કહ્યું હતું ને પહેલા? એ વારંવાર લક્ષમાં લેવી.

પ્રત્યેક પદાર્થ સ્વયં સત્... એ ત્રીજી ગાથામાં આવી ગયું ને સંસ્કૃત? પોતાના અનંત...એક પોંઈટ રજકણ છે, પોંઈટ-રજકણ-પરમાણુ. પોતાના અનંત ધર્મને અડે છે. કેમકે એક પ્રદેશી છે. પણ બીજા ભિન્ન પ્રદેશી દ્રવ્ય છે તેને એક રજકણ બીજા રજકણને અડતો નથી. નહિ તો ખોટું પડે છે. કોઈ કહે કે નિશ્ચયથી નહિ, વ્યવહારથી છે. પણ એનો અર્થ શું? નિશ્ચયથી અડતું નથી એમ છે અને વ્યવહારથી અડે છે. કોઈ નિર્ધાર નથી. જૈનદર્શનનું આવું અનેકાંત છે? ફુદડીવાદ છે? એઈ..! કેસરીચંદજી! આવું નિશ્ચયથી છે તે જ સત્ય છે. વ્યવહારથી કહ્યું તે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. નિમિત્ત કોણ ચીજ છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. પણ નિમિત્ત તેને અડે છે, એમ ત્રણ કાળમાં નથી. નહિતર મહા તત્ત્વનો વિરોધ થઈ જશે. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આહાહા..! ભારે આકરું, ભાઈ!

દાંતથી રોટલીના કટકા થાય છે ને? રોટલીને દાંત અડ્યા જ નથી. નક્કી કરો. અહીં દાંડી પીટીને કહેવામાં આવે છે. વાતને છંછેડો. સમજાય છે કાંઈ? આ જીભના રજકણ દાંતને અડ્યા નથી. રોટલીને જીભ ત્રણ કાળમાં અડતી નથી. નહિતર એક દ્રવ્ય થઈ જાય છે. ભાઈ! ભગવાન સર્વજ્ઞે કહ્યું તત્ત્વજ્ઞાન, બાપુ! એની એમ શ્રદ્ધા કરવી જોઈએ. એવી યથાર્થ શ્રદ્ધા થાય નહિ ત્યાં સુધી સ્વાનુભવ સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ? તત્ત્વનું જેવું સ્વરૂપ છે એમ પહેલાં જ્ઞાનમાં યથાર્થ નિર્ણય ન આવે ત્યાં સુધી એને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થતી નથી. કેમ કે સત્ એવું છે. આહાહા..!

શાસ્ત્રમાં આવે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે છે. એ તો સંયોગ બતાવે છે કે ત્યાં બીજી ચીજ કોણ છે-સંયોગ. એક ઠેકાણે અડવાની ના પાડે અને બીજે કહે, અડે છે. તો સિદ્ધાંત તત્ત્વથી વિરૂદ્ધ થઈ ગયો. ખોટું થઈ ગયું. જૈનશાસન એવું હોય જ નહિ. જૈનશાસન અનેકાંત વસ્તુને સિદ્ધ કરે છે. સ્પર્શ કરતું નથી, ત્રણ કાળમાં બીજાને સ્પર્શતું નથી. સ્પર્શ કરવું કહેવું એ તો નિમિત્તથી કથન છે. સમજાય છે કાંઈ? નિમિત્ત કોણ હતું તેને બતાવનારી વાણી છે. આહાહા..! દુનિયામાં ભ્રમ પડી ગયો, ભ્રમ. ભગવાનને ભ્રમ થઈ ગયો. ભ્રમ ભાંગ્યા વિના ભગવાન કદી થતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ભગવાન ભૂલાની ખડકી..

ઉત્તર :- હા, ભગવાન ભૂલાની ખડકી છે. આહાહા..! અરે..!

જુઓ! આ કપડું છે કે નહિ? આ કપડું હાથને અડ્યું જ નથી. નક્કી કરો, નક્કી કરો. એમ નહિ ચાલે, ગડબડ નહિ ચાલે. અડ્યું જ નથી.

મુમુક્ષુ :- જો અડે તો હાથ અને કપડું એક થઈ જાય.

ઉત્તર :- એક થઈ જાય. ભાઈએ કહ્યું. એક થઈ જાય. બે એક થતાં નથી. પરસ્પરમાં અભાવ છે. એકમાં બીજાનો અભાવ છે, બીજાનો બીજામાં અભાવ છે. અભાવ ક્યારે ટકે છે? કે અડતા નથી એટલે અભાવ ટકે છે. સમજાય છે કાંઈ? એમ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર ઈન્દ્રોની ઉપસ્થિતિમાં દિવ્યધ્વનિમાં આમ કહેતા હતા. ઈ વાત આવી છે. ભગવાન કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. મુનિ હતા, સમ્યગ્જ્ઞાની હતા. પણ વિશેષ નિર્મળતા થઈ તો શાસ્ત્ર લખ્યા. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આમ કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. એણે માનવું પડશે. સત્યનો સ્વીકાર કરવો હોય તો. કરવો પડશે. કરવો પડશે, ભગવાન!

અનંત કાળથી રખડે છે, પ્રભુ! તને ક્યાંય શરણ નથી. ચોર્યાસીના અવતારમાં... આહાહા..! ક્યાંથી આવ્યો, ક્યાં હતો? આ મનુષ્યદેહ મળી ગયો. એમાં ક્યાં ચોર્યાસીના અવતાર. નિગોદમાં, આલુ-બટાટા, શક્કરકંદ, થોર. એક શરીરમાં અનંત જીવ. ક્યાં હતો ક્યાં આવી ગયો. અહીંયા જો આવી ચીજ સમજાય નહિ તો તારો અવતાર શું? કીડી, કાગડાનો અવતાર અને આ અવતાર, જો સત્યનો લાભ ન મળ્યો તો બેયના અવતાર નિષ્ફળ છે. એનો નિષ્ફળ છે અને તમારો નિષ્ફળ છે. જિનેશ્વરદાસજી! આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે.. એક સિદ્ધાંત સમજે અને એક જ ભાવ સમજે તો બધા ભાવ એમાં સત્ય સમજાય. કહે છે, એક દ્રવ્યની... અહીંયાં પણ એમ કહ્યું, પરમાણુને બાંધે છે અને અડે છે એ વાત તો છે જ નહિ, અને કર્મનો ઉદય આવ્યો અને અહીં અડ્યો માટે વિકાર થયો એમ નથી. પોતાના અજ્ઞાનભાવને લીધે પોતાના શુદ્ધ ભગવાનને ભૂલીને, ચિદાનંદ પ્રભુ આનંદકંદનો આદર છોડીને, ભૂલીને અજ્ઞાનભવન વિકારનું પરિણમન ભાસે છે કે હું પરિણમું છું. એ અજ્ઞાની વિકારનો કર્તા છે. એ કરવામાં આવે છે, મારાથી રાગ થયો છે એ અજ્ઞાનીનું કર્મ છે. સમજાય છે કાંઈ? જુઓ!

'**અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં...**' પહેલામાં અવસ્થાનો ત્યાગ કરીને એમ હતું. કર્તામાં. '**જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ...**' હવે અહીં કહ્યું, '**જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં...**' એમ કહ્યું. કર્તામાં એમ બતાવ્યું કે ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના જ્ઞાનભવનમાત્રથી જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય થવી જોઈએ તે અવસ્થાનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારમાં પ્રતિભાસે છે તે અજ્ઞાની વિકારનો કર્તા માને છે. સમજાય છે કાંઈ? ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિથી ચાલે છે તો એમાં ભ્રમ ઘુસી ગયો. સમજાય છે કાંઈ? લોકસ્થિતિ એવી છે કે જાણે સંયોગથી કાર્ય થાય છે એમ ભાસે છે. એ એને અનાદિથી ભ્રમ થઈ ગયો છે. શ્રીમદ્દે એમ કહ્યું. શ્રીમદ્ રાજચંદ્ર. લોકસ્થિતિ એવી છે કે સત્યનું ભાવન કરવું મુશ્કેલ છે. અસત્યનું ભાવન, આગ્રહ થઈ જાય એવી સ્થિતિ દેખાય છે. આમ થયું, આનાથી આમ થયું, આનાથી આમ થયું, બધો ભ્રમ છે. કોઈની પર્યાય કોઈથી ત્રણ કાળમાં કદી થતી નથી. સમજમેં આયા?

અહીં તો કહે છે, બે વાત લીધી. પોતાની જ્ઞાનગુણ માત્ર ક્રિયાને છોડીને જે અજ્ઞાનરૂપ પર્યાયથી હું પ્રવર્તું છું, પ્રવર્તું છે એ અજ્ઞાનીને કર્તા ભાસે છે અને જ્ઞાનભવનવ્યાપાર પ્રવૃત્તિથી ભિન્ન ક્રિયમાણ-મારાથી થયું છે, મારાથી થયું છે, મારાથી કરવામાં આવે છે, મેં કર્યું છે એમ અંતરંગમાં ઉત્પન્ન થવાથી વિકાર પરિણામ હું કરું છું એમ પ્રતિભાસિત થાય છે. એવા વિકારી ક્રોધાદિ પરિણામ અજ્ઞાનીનું કર્મ નામ કાર્ય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ તો થોડો અધિકાર ખ્યાલમાં તો આવે, શું વસ્તુ છે, શાસ્ત્રમાં શું કહે છે, સર્વજ્ઞ શું કહે છે. ખબર નથી, પોતાની કલ્પનાથી માને છે. સ્વતંત્ર છે અનાદિથી. સમજાય છે કાંઈ?

'**આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી...**' જુઓ! સમજાય છે કાંઈ? આ પ્રમાણેમાં બે પ્રકાર લઈ લીધા. પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપની જ્ઞાનભવનક્રિયાનો, ઉદાસીન દશાનો ત્યાગ કરીને, વિકારરૂપે હું પરિણમું છું એવો ભાસ થયો તે અજ્ઞાની વિકારનો કર્તા છે. અને જ્ઞાનભવનરૂપ પર્યાયથી જુદાં જે વિકાર છે તે મારાથી થયા છે એમ પ્રતિભાસે છે તે અજ્ઞાનીનું કર્મ છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આહાહા..! પરની દયાના કામ તો ક્યાંય રહ્યા, પણ પરની દયાનો શુભભાવ પોતામાં આવ્યો. આ શુભભાવમાં હું પ્રવર્તુ છું, મારું કાર્ય છે, તો એમાં જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ છોડી દીધી. આવું છે, ભાઈ! સમજાય છે કાંઈ? તેણે જ્ઞાનભવનમાત્રનો જે પ્રવૃત્તિથી ભિન્ન રાગભાવ જે થયો તે ક્રિયમાણ-મારા દ્વારા કરવામાં આવે છે, મારા દ્વારા કરવામાં આવ્યું છે, મારું કાર્ય છે એમ અંતરંગમાં ઉત્પન્ન થવાથી વિકાર મારા દ્વારા કરવામાં આવ્યો છે, એમ વિકારી પરિણામ, દયા આદિના પરિણામ, શુભ આદિ ભાવ અજ્ઞાનીનું કર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ.. અમરચંદભાઈ! બહુ આકરી વાત છે.

આવી વાત! પણ આ શું કરવા કહ્યું છે? અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી તો દુનિયાને સમજાવવા કહ્યું છે કે ગુપ્ત રાખવા કહ્યું છે? સંતાડી દો, સંતાડી દો, આવી વાત ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરવી. સમજાય છે કાંઈ? ૯૦૦ વર્ષ પહેલાં ટીકા કરી. બે હજાર વર્ષ પહેલા ભગવાન કુંદકુંદાચાર્યે શ્લોક બનાવ્યા. સમજાય છે કાંઈ? દુનિયામાં પ્રસિદ્ધ કરો કે માર્ગ આમ છે. સમજાય છે કાંઈ?

પોતાનો શુદ્ધ પ્રભુ, એવું જ્ઞાયક સ્વરૂપ તેની દૃષ્ટિ નહિ હોવાથી જ્ઞાનદશાની પર્યાયનું ઉત્પન્ન થવાનું છોડીને, વિકારી પરિણામમાં હું પ્રવર્તુ છું એમ કર્તા અજ્ઞાનીને ભાસે છે. એ વિકારનો કર્તા અજ્ઞાની છે. અને જ્ઞાનભવનમાત્રથી ભિન્ન વિકારી પરિણામ છે તે મારા દ્વારા કરવામાં આવ્યા છે, એમ દૃષ્ટિ પરમાં પડી છે, સ્વભાવના ભવનમાત્રનો ત્યાગ કર્યો છે તો એ વિકારી પરિણામ મારું કર્મ છે, અજ્ઞાનીનું તે કાર્ય છે. સમજાય છે કાંઈ? એઈ..! શેઠ! આમાં મગજ બહુ કેળવવું પડે છે. આહાહા..! ઉપયોગ લગાવ્યા વિના વસ્તુ સમજાય નહિ. અંતરમાં ઉપયોગ લગાવવો તો બીજી વસ્તુ છે. આવું સત્યનું શરણ, સત્ય વસ્તુનું જો શરણ નહિ લે તો ક્યારેય આત્માના જન્મ-મરણ નહિ મટે અને શાંતિ નહિ મળે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી નાખતા, એમ.

'**એમ અનાદિ કાળના અજ્ઞાનથી..**' જુઓ ભાષા! અનાદિ કાળના અજ્ઞાનથી. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ, તેના અનાદિ કાળના અજ્ઞાનથી. અનાદિ કાળથી અજ્ઞાન લીધું, કર્મના કારણે અજ્ઞાન, એમ નથી લીધું. સમજાય છે કાંઈ? કર્મનું બહુ જોર છે તેથી અજ્ઞાન થયું છે, એમ ત્રણ કાળમાં ક્યારેય નથી. એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં કદી જોર ચાલતું નથી. પૃથક્ થઈને તટસ્થ ઊભા છે. સમજાય છે કાંઈ? '**અનાદિ કાળના અજ્ઞાનથી થયેલી...**' અજ્ઞાનથી થયેલી '**આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે.**' લ્યો, આ સરવાળો લીધો. આવા અજ્ઞાનથી અનાદિ કાળની વિકારી પરિણામનો હું કર્તા અને એ મારા દ્વારા કરવામાં આવેલું કામ, એ મારું કરવામાં આવેલું કામ અને હું કર્તા છું એમ પ્રતિભાસિત થઈને કરવામાં આવેલું કામ (છે). એ અજ્ઞાનીની કર્તા-કર્મની પ્રવૃત્તિ અનાદિ કાળથી ચાલી આવે છે. નિગોદથી ચાલી આવે છે. સમજાય છે કાંઈ? હવે વિશેષ વાત થોડી આવશે, વખત થઈ ગયો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૮, ગુરુવાર તા. ૨૨-૯-૧૯૬૬**
**ગાથા-૬૯-૭૦, ૭૧. પ્રવચન-૧૩૬**

આ સમયસાર, કર્તા-કર્મ અધિકાર ચાલે છે. એમાં પહેલી ૬૯-૭૦ ગાથા. શું કહ્યું એમાં? કે આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ સ્વભાવમાં પોતાપણું માનીને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે તેને સ્વાભાવિક શુદ્ધ ક્રિયા પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? બે દિવસથી ચાલે છે ને? ત્રણ દિવસ ચાલ્યું, આજે તો ચોથો દિવસ છે.

ભગવાન આત્મા પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ જે કાયમ રાખે છે, તેમાં જ્ઞાન અને આત્મામાં તાદાત્મ્ય સંબંધ છે-એકરૂપ સંબંધ (છે). જ્ઞાન અને આત્મા એકરૂપ સંબંધ છે. એમ જ્ઞાનમાં પોતાના આત્માને તાદાત્મ્યરૂપ સમજીને નિઃશંકપણે પોતામાં ઠરે છે, એકાકાર દૃષ્ટિ આદિ કરે છે તો એમાં સ્વાભાવિક ક્રિયા ઉત્પન્ન થાય છે. એ સ્વાભાવિક ક્રિયાને ધર્મ કહેવામાં આવે છે. એ સ્વાભાવિક ક્રિયા ધર્માત્મા આત્માનો કર્તા અને સ્વાભાવિક ક્રિયા કર્તાનું કર્મ નામ કાર્ય છે. સમજાય છે કાંઈ? અને જ્યાં સુધી તે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ નહિ કરીને પર્યાયમાં-અવસ્થામાં વિકારભાવ થાય છે, એ વિકાર ઉપર લક્ષ, રુચિ, આશ્રય કરીને એમાં પ્રવર્તે છે. તો એમાં વિભાવિક ક્રિયા ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? પોતાનો શુદ્ધ ધ્રુવ સ્વભાવને છોડીને વર્તમાન પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ થાય છે, એ રાગમાં પ્રવર્તમાન પોતાને ભાસિત થાય અને રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું, ત્યાં સુધી અજ્ઞાનથી વિકારનો કર્તા આત્મા થાય છે. આહાહા..! ભારે સૂક્ષ્મ.

‘**એ રીતે...**’ ત્યાં સુધી આવ્યું છે, જુઓ! ‘**પોતાના અજ્ઞાનને લીધે...**’ આ પ્રમાણે પોતાના અજ્ઞાનને કારણે. પોતાનો શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વભાવને નહિ જાણીને, તેનો આદર નહિ કરીને કર્તા-કર્મભાવથી ક્રોધાદિમાં પ્રવર્તમાન-એ વિકારી પરિણામ શુભ-અશુભભાવ ઉપર તેની પ્રવૃત્તિ કરવાથી ‘**ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામ...**’ વિકારના પરિણામ પોતાથી ઉત્પન્ન થયા અને પોતામાં તેની દૃષ્ટિ રાખીને એ વિકારી પરિણામ નિમિત્તમાત્ર થયા. કોને? નવા કર્મબંધનમાં. સમજાય છે કાંઈ? અજ્ઞાનને લીધે. પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય આનંદથી હું ભરેલો છું, એમ અંદરના મહાન ચૈતન્યની આસ્થા, અસ્તિત્વનો સ્વીકાર નહિ કરીને, વર્તમાન પર્યાય અંશ બુદ્ધિમાં વિકારનું થવું, એ તરફ પોતાનું લક્ષ રાખવાથી વિકારની પ્રવૃત્તિમાં પ્રવર્તે છે તે તેનું કર્મ છે-કાર્ય છે. આત્મા અજ્ઞાનથી તેનો કર્તા થાય છે.

મુમુક્ષુ :- કોનો કર્તા થાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- વિકારનો. પરની તો અહીંયાં વાતેય નથી. આહાહા..! અહીં તો હજી પરનો કર્તા આત્મા થાય છે એમ માને છે.

મુમુક્ષુ :- જૈનધર્મની વાત...

ઉત્તર :- અરે..! જૈનધર્મ ભગવાન! જૈનધર્મ તો બીજી વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? રજકણ ને શરીર ને વાણી તો સ્વતંત્ર જગતની ચીજ છે. એ વાણી આદિની અવસ્થા થાય છે એ આત્મા વિના થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અવાજ ઉઠે છે એ શબ્દવર્ગણાની પર્યાય, આત્મા કર્તા વિના ઉઠે છે. આહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાનપણે પણ વાણીની પર્યાયનો તો કર્તા આત્મા થઈ શકતો નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનપણે પણ નહિ?

ઉત્તર :- અજ્ઞાનપણે પણ પરની દયાની ક્રિયાના, પરની દયાની ક્રિયાના પરિણામ અજ્ઞાનપણે પણ કરી શકતો નથી. અજ્ઞાનપણે એટલું કરી શકે છે કે પોતાની વર્તમાન પર્યાયમાં જે શુભ-અશુભભાવ થાય છે તે તરફ રુચિ કરીને તેમાં પ્રવર્તમાન થવું, તેનો કર્તા થઈને અજ્ઞાનભાવથી આ મારું કાર્ય એમ માની શકે છે. એટલી વાત છે. આહાહા..! ભારે! આ કર્તા-કર્મ છે. સમજાય છે કાંઈ?

'**એ રીતે પોતાના અજ્ઞાનને લીધે...**' પાછું પોતાના અજ્ઞાનને લીધે. કર્મનું નિમિત્ત છે તો એનું જોર થયું અને અજ્ઞાન થયું. નિમિત્ત છે એ તો. કહેશે. '**પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે...**' વિકારી પરિણામનો હું કર્તા અને વિકારી પરિણામ મારું કાર્ય. એવા '**ક્રોધાદિમાં...**' ક્રોધ શબ્દની વ્યાખ્યા. સ્વભાવની શુદ્ધતાની રુચિનો અભાવ અને વિકારી પરિણામની રુચિનો સદ્ભાવ. તેને અહીંયાં ક્રોધ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..! '**આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિ...**' જુઓ! એ ફક્ત પ્રવૃત્તિ કરે છે. અનાદિની કરી હોય તો શુભ-અશુભ પરિણામની જ પ્રવૃત્તિ એણે કરી છે. શોભાલાલજી! તમાકૂ-બમાકૂનો વેપાર એણે કદી કર્યો જ નથી એમ કહે છે. આ તમાકૂની પર્યાય લાવ્યા, શું કહેવાય? પડા લાવ્યા ને આમ છોડ્યા, એ ક્રિયા આત્માએ કદી કરી જ નથી. એ તો જડની પર્યાય છે. જડને કારણે થાય છે. આવવું-જવું, ફરવું આદિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ દે છે? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે પોતાનો આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ સચ્ચિદાનંદ આનંદકંદ એવો નિજ આત્મા સો હી પરમાત્મા, એવી અંતરમાં દૃષ્ટિની સત્તાનો સ્વીકાર નહિ કરીને વિકારી પરિણામ ક્ષણિક ઉત્પન્ન થાય છે એ તરફનો સત્તાનો સ્વીકાર કરીને વિકારમાં પ્રવર્તમાન આત્મા, તેનો કર્તા અને તે વિકારી પરિણામ કર્મ, અજ્ઞાનભાવમાં એમ થાય છે. આહાહા..! અરે..! સમજાય છે કાંઈ? આ હીરાનો વેપાર પણ અજ્ઞાનભાવે નથી કરી શકતો. સેઠી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ વકીલાતની બોલણી કરે છે એ અજ્ઞાનભાવથી બોલી નથી શકતો, એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાનભાવથી તો બોલી શકે.

ઉત્તર :- લો. જ્ઞાનભાવથી તો ક્યાંથી બોલે? પણ અજ્ઞાનભાવથી પણ અવાજ કરી શકે અને બીજાને દલીલ આપી શકે એમ નથી. જડની પર્યાય સ્વતંત્ર છે. રાયબહાદુરજી! આહાહા..! ભગવાન! તારી ચીજને ભૂલે તો શું કરે? તારી દશામાં વિકારનો કર્તા થાય અને વિકાર તારું કાર્ય માન, એટલી વાત છે. બીજી વાત છે નહિ. આહાહા..! અરેરે..! સમજાય છે કાંઈ?

કહે છે, '**ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામ...**' વિકારી. તેને '**નિમિત્તમાત્ર કરીને...**' હવે નવા બંધની વાત કરે છે. '**પોતે પોતાના ભાવથી જ પરિણમતું...**' જુઓ! કર્મ પણ સ્વયં પોતાની પર્યાયથી કર્મરૂપ પરિણમે છે. આત્મા વિકારનો કર્તા થયો અને નિમિત્ત છે તો કર્મ વિકારપણે થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? જુઓ! શું શબ્દ પડ્યો છે? '**નિમિત્તમાત્ર કરીને...**' ફક્ત અજ્ઞાનીનો વિકારી ભાવ જે દુઃખરૂપ છે, તેનું કાર્ય મારું છે, હું કર્તા છું, એવા અજ્ઞાનભાવથી વિકારી પરિણામ કર્યા. તેને નિમિત્તમાત્ર કરીને. હવે નવા પુદ્ગલ '**પોતે પોતાના ભાવથી જ...**' નવા પરમાણુમાં જે કર્મની પર્યાય થાય છે તે પોતે પોતાની પર્યાયથી '**પરિણમતું...**' એ જ્ઞાનાવરણી આદિ કર્મ છે એ કર્મને યોગ્ય જે પુદ્ગલ હતા, તે પોતાની પર્યાયથી પરિણમતું '**પૌદ્ગલિક કર્મ એકઠું થાય છે.**' ત્યાં પરમાણુની પર્યાય પરમાણુમાં પોતાથી એકઠી થઈને બંધ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કર્મનું બંધન આત્માએ કર્યું જ નથી. કેમ કે એ તો પુદ્ગલની પર્યાય છે. પુદ્ગલની પર્યાયનો કર્તા પુદ્ગલ છે. કર્મ,... જેમ આ અવસ્થા છે, આ રજકણ છે ને? પરમાણુ સ્કંધ પુદ્ગલ, એની આ અવસ્થા છે. તો એ અવસ્થાનું પરિણમન કરનારું પુદ્ગલ સ્કંધ છે. એમ કર્મ થવાયોગ્ય વર્ગણા, કર્મના રજકણનું દળ છે તે પોતાથી કર્મરૂપે પર્યાય થાય છે. અહીંયાં અજ્ઞાનીનો રાગ નિમિત્ત થયો તો તેને અહીંયાં થવું પડ્યું એમ નથી. શું છે? જુઓ!

મુમુક્ષુ :- નિમિત્તમાત્ર છે.

ઉત્તર :- બસ, નિમિત્તમાત્ર. ઉપાદાન એનું પોતાનું સ્વયં છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મામાં ઈચ્છા થઈ તો આંગળી આમ થઈ એ તો ત્રણ કાળમાં નથી. જિનેશ્વરપ્રસાદજી! એ તો બીજી વસ્તુ છે. ઈચ્છા કરી કે હું રોટલી ખાઉં. તો આંગળી આમ રોટલી તરફ ગઈ. એ આત્માએ ચલાવી જ નથી ત્રણ કાળમાં. સમજાય છે કાંઈ? એ આંગળી પોતાની પર્યાયથી આમ થઈને રોટલી તરફ જાય છે. આહાહા..! પણ પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની સ્વતંત્ર છે. એ અજ્ઞાનભાવથી પણ આંગળીને આમ નથી કરી શકતો. સમજાય છે કાંઈ? અજ્ઞાનભાવથી. એની મર્યાદામાં એટલું કરે કે પોતાના શુદ્ધ ચૈતન્યને છોડીને વિકારી પર્યાય તરફના અસ્તિત્વનો સ્વીકાર કરીને, તે મારું કર્તવ્ય છે અને હું તેનો કરનાર છું, બસ. અજ્ઞાનીની મર્યાદામાં એટલું થાય છે. અનાદિથી થયું હોય તો આમ થયું છે. કહો, સમજાય છે કાંઈ? કહો, શોભાલાલજી! તમે તો બધા મોટા શેઠિયાઓ બહુ કરતા હો. કેટલી તો મોટરું રાખે. ધમાધમ. આટલો માલ મગાવો, આટલો તમાકૂ લાવો. એઈ..! અમરચંદભાઈ! આહા..! ધૂળેય કરી શકતો નથી, પ્રભુ! તું સાંભળ તો ખરો.

તારા અસ્તિત્વમાં, તારી મર્યાદામાં, તારી સત્તામાં સુલટું-ઉલટું કરવાની તારી તાકાત છે. પરમાં સુલટું-ઉલટું કરવાની અજ્ઞાનભાવમાં પણ ત્રણ કાળમાં તાકાત નથી. આહાહા..! કેમ હશે? પ્રભુભાઈ! આહાહા..! અહીંયાં તો એટલું કહે છે, ભગવાન! તારા સ્વભાવને તું ચૂકી ગયો અને કૃત્રિમ વિકારના પરિણામ મારાથી થયા અને મારું કાર્ય છે, એવી તારી દૃષ્ટિ, વિકારની અવસ્થામાં તારી દૃષ્ટિ પડી છે તો તું વિકારનો કર્તા અને વિકાર તારું કાર્ય, એટલી તારી મર્યાદા છે. એવા વિકારના પરિણામને નિમિત્તમાત્રની ઉપસ્થિતિ છે. પુદ્‌ગલ તે સમયે સ્વયં પોતાના ભાવથી જ, '**પોતાના ભાવથી જ...**' આમ શબ્દો પડ્યા છે. સમજાય છે કાંઈ? '**પોતે પોતાના ભાવથી...**' નામ પર્યાયથી જ '**પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.**' પૌદ્‌ગલિક કર્મની પર્યાય પુદ્‌ગલને કારણે થાય છે. પોતાના અજ્ઞાનભાવથી વિકાર અજ્ઞાનીએ કર્યો તેને લીધે કર્મરૂપ પર્યાય થઈ એમ છે નહિ. આહાહા..! ભારે ઝીણી વાત. સમજાય છે કાંઈ?

અહીં તો હજી બીજાનું કરી દેવું છે, આનું કરી દેવું, બીજાને ઉપદેશ દઈને સમજાવી દેવું. કોણ સમજાવે? ભાષા જ તારી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શેઠ! મકાન બનાવી દઉં. ધ્યાન રાખીને આમ કરી દઉં. જુઓ! આ મકાન કેવું થયું છે. એ કડિયાએ બનાવ્યું છે કે નહિ? કારીગરે બનાવ્યું છે કે નહિ? નહિ? ધૂળેય બન્યું નથી. કારીગર શું કરે? એ તો જડની પર્યાય છે. પોતાને કારણે સ્વતંત્ર પરિણમન થઈને પરમાણુ પરિણમે છે.

અહીંયાં તો કહે છે કે તારા વિકારનું કાર્ય તેં સ્વીકાર્યું તો એટલું બન્યું કે એ નિમિત્ત અને કર્મ પોતાને કારણે પર્યાયથી પરિણમિત થઈને કર્મ એકઠા થઈને બંધન થાય છે. તેને કારણે છે. આહાહા..! કહો, પોપટભાઈ! અહીં તો કેટલા અભિમાન. મેં કર્યું, આમ કર્યું. મેં પરની દયા પાળી, આમ કર્યું, લક્ષ્મી (કમાણો), દેહની ક્રિયા આમ કરી, હું બધાને મારી શકું, મારા શરીરમાં જોર છે ને એટલે મારી શકું. અરે..! ભગવાન! તું તો આત્મા છો. તારી સત્તામાં તું કામ કર. બીજાની સત્તામાં તારો અધિકાર ક્યાં છે? આહાહા..!

કહે છે કે '**આ રીતે જીવ અને પુદ્‌ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે...'** જુઓ! બંધ સિદ્ધ કર્યો. વ્યવહારબંધ છે, વ્યવહારબંધ છે. ભાવબંધ થયો તો એ નિમિત્ત છે, પરમાણુ પોતાથી બંધાયા તે વ્યવહાર નિમિત્ત બંધ છે. આવી વાત સર્વજ્ઞ સિવાય બીજામાં હોતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ક્ષેત્રમાં રહ્યા. જ્યાં આત્મા છે ત્યાં રજકણ રહ્યા, રજકણ છે ત્યાં આત્મા રહ્યો. પરસ્પર અવગાહ છે. **'પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.'** ત્રણ વાત કરી. એક તાદાત્મ્ય સંબંધ. તાદાત્મ્ય સંબંધ પહેલા આવી ગયું ને? તાદાત્મ્યસિદ્ધસંબંધ, તાદાત્મ્યસિદ્ધસંબંધ. આત્માને જ્ઞાનગુણ સાથે તાદાત્મ્યસિદ્ધસંબંધ છે. એક થયું? સંયોગસિદ્ધસંબંધ. ચોથી લીટી. સંયોગસિદ્ધસંબંધ. વિકારી ભાવની સાથે જીવને સંયોગસિદ્ધસંબંધ છે. પરની સાથે સંયોગસિદ્ધસંબંધ જ નથી. ભગવાન આત્મા પોતાના જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી તાદાત્મ્ય, તાદાત્મ્ય, તાદાત્મ્યસિદ્ધસંબંધ છે. અને વિકારી પર્યાય કરે છે તો વિકારી પર્યાયનો ત્રિકાળી ભગવાન આત્માને સંયોગસિદ્ધસંબંધ, સંયોગસિદ્ધસંબંધ (છે). બેના સંયોગ સંબંધમાં વિકાર થયો તો કર્મ પોતાને કારણે એકઠા થઈને પરસ્પર અવગાહલક્ષણ સંબંધ, **'પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ...'** એવો કર્મબંધ થાય છે. બસ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. અહીંયાં નૈમિત્તિક એની પર્યાય થઈ. સમજાય છે કાંઈ?

**'અનેકાત્મક હોવા છતાં...'** બે દ્રવ્ય ભિન્ન ભિન્ન હોવા છતાં. અનેક સ્વરૂપ. જીવ ભિન્ન સ્વરૂપ છે. કર્મથી ભિન્ન છે અને કર્મ ભિન્ન છે. **'(અનાદિ) એક પ્રવાહપણે હોવાથી...'** અનાદિનો એક પ્રવાહ. અહીંયાં વિકાર કરે છે, ત્યાં (કર્મની) પર્યાય થાય છે. એવા પ્રવાહથી **'જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે...'** આ રાગ થયો તો એ થયા અને ઈ છે તો અહીંયાં (રાગ થયો), એમ નથી. પોતાથી રાગ થયો અને કર્મની પર્યાય કર્મથી થઈ. એમ અનાદિથી ચાલ્યું આવે છે.

**'એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત...'** કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત **'જે અજ્ઞાન...'** બંધ **'તેનું નિમિત્ત છે.'** શું કહે છે? વિકાર મારું કાર્ય અને હું કર્તા એવું જે અજ્ઞાન, તે નવા બંધમાં નિમિત્ત પડ્યો. અને બંધ પડ્યો તે પણ અજ્ઞાનમાં નિમિત્ત થશે. સમજાય છે કાંઈ? ફરીથી. જે કર્તા-કર્મના પરિણામ અજ્ઞાનભાવથી થયા તે નિમિત્ત. કોને? નવા બંધમાં. અને જે બંધ પડ્યો એ પાછો અજ્ઞાનમાં નિમિત્ત (થાય). પૂર્વનો બંધ અજ્ઞાનમાં નિમિત્ત હતો અને આ અજ્ઞાન થઈને નવા બંધમાં નિમિત્ત થયો, તે બંધ વળી નવા અજ્ઞાનમાં નિમિત્ત થશે. સ્વરૂપનો આશ્રય નહિ કરવાવાળાને તે બંધ અજ્ઞાનમાં નિમિત્ત થશે. સમજાય છે કાંઈ? લો. એ અધિકાર પૂરો થયો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાવાર્થ :- 'આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે...'** ભગવાન આત્મા જાણન.. જાણન.. જાણન સ્વભાવના લક્ષે જાણનસ્વભાવરૂપ થાય છે, **'તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે,...'** જ્યાં સુધી વિકારરૂપ પરિણમે છે. **'જ્ઞાનમાં ને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી,...'** ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદ અને વિકાર દુઃખરૂપ, બેનો ભેદ જ્યાં સુધી નથી જાણતો **'ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે;...'** સમજાય છે કાંઈ? **'ક્રોધાદિરૂપ પરિણમતો...'** એ વિકારરૂપે અવસ્થારૂપ વિકારને ધારણ કરતો તે પોતે વિકારનો કર્તા છે. વિકાર, પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામરૂપ પ્રવર્તતો તે સ્વયં વિકાર પરિણામનો કર્તા છે અને **'ક્રોધાદિ તેનું કર્મ છે...'** વિકારી પરિણામ એનું કર્મ છે. કર્મ નામ કાર્ય. સંયોગભાવ છે.

**'વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે,...'** એ અજ્ઞાનથી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. **'કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...'** અરસપરસ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. **'એ પ્રમાણે અનાદિ સંતાન (પ્રવાહ) છે, માટે તેમાં ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.'** એ ગાથા પૂરી થઈ. હવે પ્રશ્ન (પૂછે છે). વેણીપ્રસાદજી! હવે અનુભવ કેમ થાય છે, એ વાત ચાલે છે. **'આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે...'** વિકારી (પરિણામનો) કર્તા થઈ પરિણમે છે **'ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.'**

**'હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે?'** હવે અમને કર્તા-કર્મની પ્રવૃત્તિનો અભાવ થઈને આત્માના આનંદનો અનુભવ ક્યારે થાય છે? કહો, બરાબર છે? અનાદિ નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં કર્તા-કર્મ અજ્ઞાનભાવે થયો અને નવા કર્મમાં નિમિત્ત થયો, વળી બંધ અજ્ઞાનમાં નિમિત્ત થશે. એમ તો અનાદિથી પ્રવર્તે છે. કહે છે, હવે કર્તાકર્મનો અભાવ ક્યારે થાય? મહારાજ! પ્રભુ! એ કર્તા-કર્મનો અભાવ કઈ રીતે-કઈ વિધિથી થાય છે? તેનો ઉત્તર આચાર્ય મહારાજ (આપે છે). આ કેમ આમ લખ્યું છે? જેને આવી જિજ્ઞાસા અંદરમાં છે, મહારાજ! આ વિકારી પરિણામ અજ્ઞાનભાવે કર્તા અને મારું કર્મ, એ બંધનમાં નિમિત્ત અને એ બંધન વળી ભવિષ્યમાં (નિમિત્ત થશે). પૂર્વનું બંધન વર્તમાન અજ્ઞાનમાં નિમિત્ત, પેલો બંધ ભવિષ્યમાં અજ્ઞાનમાં નિમિત્ત (થશે). આવી પરિપાટી અનાદિથી ચાલી આવે છે. એ તો અનાદિનો બંધ સિદ્ધ થયો. અજ્ઞાનભાવથી. હવે પોતાને જ્ઞાન, ભાન કર્તા-કર્મથી રહિત કઈ રીતે થશે? અમારા આત્માનું ભાન કઈ રીતે થશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છૂટે કઈ રીતે? ૭૧.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।**
**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

સમજાય છે કાંઈ? બંધનમાં પણ સ્વતંત્ર છે. અજ્ઞાનભાવથી વિકાર કરતો હતો. નવા બંધનમાં વિકાર નિમિત્ત થયો. કર્મ તો પોતાથી થયા છે. અને જ્યાં સુધી પોતાના સ્વરૂપનું લક્ષ નથી તો તેનું બંધ ઉપર લક્ષ છે તો પોતાના પુરુષાર્થથી અજ્ઞાનના કારણમાં પૂર્વનો બંધ નિમિત્ત પડે છે. બસ, એટલું. સમજાય છે કાંઈ? હવે, પ્રભુ! અમને ધર્મ કઈ રીતે થાય? ઈ તો બતાવો. આ તો તમે કહ્યું, અનાદિથી અજ્ઞાન થયું, અજ્ઞાનથી બંધ થયો, વળી બંધ અજ્ઞાનમાં નિમિત્ત થયો. એ તો અનાદિથી કર્તા-કર્મનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ આપે બતાવ્યો. હવે અમારે એ સંબંધ તૂટે શી રીતે? શી રીતે સમજે? કિસ પ્રકાર.

**ટીકા :- 'આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...'** શું (કહે છે)? જુઓ! આ જગતને વિષે વસ્તુ જે પદાર્થ છે તે પોતાના સ્વભાવમાત્ર જ છે. સમજાય છે કાંઈ? **'અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે);...'** પહેલાં એ સિદ્ધાંત કહ્યો. શું સિદ્ધાંત કહ્યો? જે પદાર્થ છે, જગતમાં પદાર્થ છે-વસ્તુ છે-તે પોતાના સ્વભાવમાત્ર વસ્તુ છે. વસ્તુ પોતાનો સ્વભાવ. વસ્તુ સ્વભાવવાન તો તેનું સ્વરૂપ જ એકલા સ્વભાવસ્વરૂપ છે. અને તે સ્વભાવનું થવું, સ્વનું ભવન. આ તો પહેલાં સિદ્ધાંત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? સામાન્ય સિદ્ધાંત. વસ્તુ જે છે, કોઈપણ વસ્તુ, **'તે સ્વભાવમાત્ર જ છે,...'** વસ્તુ પોતાના સ્વભાવમાત્ર જ છે. અને સ્વભાવ-સ્વનું ભવન. અને સ્વનું ભવન થવું, સ્વભાવનું પર્યાયમાં તે રૂપે થવું તેનું નામ સ્વભાવ છે.

**'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...'** જુઓ! હવે આત્મામાં ઉતાર્યું. ભગવાન આત્મા વસ્તુ છે. તો એનો સ્વભાવ જ્ઞાનપણું-જાણન.. જાણન.. જાણન.. જાણન એનો સ્વભાવ છે. વસ્તુ આત્મા છે તો જાણન ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્યસૂર્ય.. ચૈતન્યસૂર્ય પ્રકાશ.. વસ્તુ છે તે તેનો સ્વભાવ છે. સ્વભાવ છે તે સ્પષ્ટ ભવનં સ્વભાવ. તો તે પોતાના સ્વભાવમાત્રનું પરિણમન થવું એ વસ્તુ છે. આત્મા જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ (છે). વિકાર નહિ. પુણ્ય-પાપના વિકાર એનો સ્વભાવ નથી. દયા, દાન, વ્રતના વિકલ્પ એનો સ્વભાવ નથી. ભગવાન આત્મા... કહે છે, **'નિશ્ચયથી જ્ઞાનનું થવું...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તેનું પરિણમન (થવું) તે આત્મા છે. જ્ઞાન ચૈતન્યનું પરિણમન થવું.. કેમ કે આત્મા વસ્તુ છે, જ્ઞાન સ્વભાવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનસ્વભાવરૂપ થવું, જ્ઞાનસ્વભાવરૂપનો અર્થ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિરૂપે થવું તેનું નામ આત્મા છે. સમજાય છે કાંઈ?

**'અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.'** અને વિકારનું પરિણમન થવું, દયા, દાન, વ્રતનો રાગ, તે અવસ્થાનું થવું એ ક્રોધાદિ છે, તે આત્મા નહિ. શાંતિથી સમજવું. આ કર્તા-કર્મ અધિકાર તો ગહન છે. આચાર્યોએ ૭૬ ગાથા એમાં નાખી છે. અને સર્વવિશુદ્ધ અધિકાર. કર્તા-કર્મ તો બહુ સ્પષ્ટ કર્યો. એમાં અનાદિથી ઘણી ગડબડ છે ને. ઈશ્વર કર્તા છે ને, ફર્તા છે. ઈશ્વર કર્તા-ફર્તા તો છે નહિ, પણ તું પણ પરદ્રવ્યનો કર્તા નથી. તું પરદ્રવ્યનો તો કર્તા નથી પણ તારો સ્વભાવ છોડીને વિકારનો કર્તા તારા અજ્ઞાનભાવથી છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ કે આખી ચીજ જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ ચૈતન્યસ્વરૂપ આનંદકંદ પ્રભુ આત્મા છે. આત્મા એટલે સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે.

વસ્તુ સ્વભાવમાત્ર (અર્થાત્) આનંદ અને જ્ઞાનમાત્ર છે. અને જ્ઞાનમાત્ર છે તો એ જ્ઞાનનું પરિણમવું, આનંદનું થવું, શુદ્ધ દશા થવી તે આત્મા છે. અહીં સંવર, નિર્જરા સહિતને આત્મા કહ્યો. શું કહ્યું સમજાણું? દૃષ્ટિનો વિષય ધ્રુવ છે એ તો બરાબર છે. પણ અહીંયાં કહે છે કે દૃષ્ટિનો વિષય ધ્રુવ થયો તો પર્યાયમાં પરિણમન થયું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું. જ્ઞાનરૂપે પરિણમ્યું એનો અર્થ જ્ઞાન રાગરૂપ ન થયું. પોતાના જ્ઞાનસ્વરૂપે-જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની રુચિ, જ્ઞાનની સ્થિરતા એમ જ્ઞાન જ્ઞાનરૂપે થયું તે શુદ્ધ ચૈતન્યની પરિણતિ થઈ. સંવર, નિર્જરારૂપ અથવા મોક્ષમાર્ગની પર્યાયરૂપ. સમજાય છે કાંઈ? જુઓ!

જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા. આટલા શબ્દનો અર્થ થાય છે. આત્મા વસ્તુ છે. પહેલા કહ્યું કે વસ્તુ સ્વભાવમાત્ર છે. વસ્તુ જ્ઞાનમાત્ર છે, ચૈતન્યમાત્ર છે. રાગ પુણ્ય-પાપ વિકલ્પમાત્ર વસ્તુ નથી. આસ્રવ વસ્તુ આત્મામાં છે જ નહિ. આસ્રવ ભિન્ન ચીજ છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય વસ્તુ જ્ઞાનસૂર્ય, ચૈતન્યસ્વભાવ, એ સ્વભાવમાત્ર વસ્તુ છે. અને એ વસ્તુનું સ્વભાવરૂપ પરિણમન થવું, પર્યાય થવી, અવસ્થા થવી, સ્વભાવવાનના સ્વભાવનું પરિણમન થવું. અંતર્મુખ દૃષ્ટિ થવાથી આસ્રવનો ભેદ કરવાથી અને સ્વભાવને આત્મા સાથે અભેદ રાખવાથી જે અંદર પરિણમન થયું, એ સમ્યગ્દર્શન, જ્ઞાનપર્યાયનું પરિણમન થયું તેને અહીંયાં આત્મા કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ફરીથી વિશેષ. આ તો અંતરની વાત એવી ચીજ છે.. આહા..! જગતમાં વસ્તુ છે તે પોતાના સ્વભાવમાત્ર સ્વભાવમાત્ર (છે). માત્ર કહેતાં એમાં વિકાર અને પર છે જ નહિ. સ્વનું ભવન. જે વસ્તુ છે તેનું પર્યાયમાં થવું, સ્વભાવનું થવું તેનું નામ સ્વભાવ છે. **'માટે નિશ્ચયથી...'** ખરેખર **'જ્ઞાનનું થવું...'** ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રકાશમૂર્તિ છે. પ્રકાશ ચૈતન્યપ્રકાશ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એનું પરિણમવું, એના સ્વભાવરૂપ અવસ્થાનું થવું તે આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- જાણનક્રિયા..

ઉત્તર :- જાણનક્રિયા આત્મા થઈ. રાગરૂપ ક્રિયા આત્મા નહિ, એ તો આસ્રવ છે. આહાહા..! કહો, વેણીપ્રસાદજી! આ તમારા પ્રશ્નનો ઉત્તર. જિનેશ્વરદાસજી! પૂછતા હતા ને અંદરમાં કઈ રીતે કરવું?

કહે છે, પ્રભુ! તું તો આત્મા છો ને. આત્મા છો તો તારો સ્વભાવ શું છે? એ તો ચૈતન્યસૂર્ય સ્વભાવ છે, ચૈતન્યસ્વભાવ છે, ચૈતન્યસ્વભાવ. રાગ વિકલ્પ, દયા, દાન વિકલ્પ એ તારો સ્વભાવ નથી. કર્મરૂપ તો તારો સ્વભાવ નહિ, શરીરરૂપ તારો સ્વભાવ નહિ, વાણીરૂપ તો તારો સ્વભાવ નહિ પણ પુણ્ય-પાપનો વિકાર પણ તારો સ્વભાવ નહિ. સ્વભાવ તો કાયમ રહેનારી વસ્તુ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચેતન, તેનો ચૈતન્ય સ્વભાવ. જાણવું-દેખવું એ સ્વભાવ. એવો સ્વભાવ રાગથી, વિકલ્પથી ભિન્ન પડી વસ્તુની દૃષ્ટિમાં સ્વભાવની દૃષ્ટિ થઈ તો સ્વભાવનું પરિણમન-સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, આનંદાદિનું પરિણમન, જે અનંત ગુણ શુદ્ધ છે તેનું પરિણમન-શુદ્ધ પર્યાયનું થવું તેનું નામ દ્રવ્ય-ગુણની પર્યાય થવી તે આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? પદ્મપ્રસાદજી! આ કમળ ખીલવું છે. જુઓ! પદ્મ ખીલે છે, એમ કહે છે. કમળની પ્રસાદી.

ભગવાન ચૈતન્યકમળ છે ને. તો કહે છે, ભગવાન આત્મા તો જ્ઞાનસૂર્ય છે ને પ્રભુ! એમાં અંદર એકાકાર થઈ, રાગથી ખસી વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી સ્વભાવનું પરિણમન થવું, શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, શાંતિનું જ્ઞાનમાત્રનું પરિણમન થવું તેને ભગવાન આત્મા કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, આ વ્યવહારનો નિષેધ થઈ ગયો. લોકો કહે છે કે પહેલાં રાગની મંદતા થાય તો પછી સ્વભાવનું ભાન થાય. અહીં ના પાડે છે, એમ છે જ નહિ. વસ્તુના સ્વરૂપમાં એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન! સાંભળ તો ખરો તારો સ્વભાવ. તારા સ્વભાવમાં કેવળજ્ઞાનકંદ પડ્યો છે. અનંત સિદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે. એવો ભગવાન ચૈતન્યસ્વભાવ, એ સ્વભાવવાનની દૃષ્ટિ કરવાથી સ્વભાવનું પરિણમન થવું, શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા થવી, એ અભેદ થયો તો તેને આત્મા કહે છે. આહાહા..! સીધો આત્મા હાથમાં આવ્યો, એમ કહે છે. રાગની મંદતા હતી તેનું અવલંબન લીધું તો આત્માનો પત્તો લાગ્યો એમ નથી. એમ કહે છે. આહાહા..! ભાઈ! ભગવાન એવો આત્મા નિરપેક્ષ, રાગથી નિરપેક્ષ સ્વભાવવાળો છે. કેમ કે વ્યવહાર જે વિકલ્પાત્મક છે તેનો તો સ્વભાવમાં અત્યંત અભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એમાં અત્યંત અભાવ છે. (વ્યવહારનું) એનું લક્ષ કરે છે તો આત્માનું લક્ષ થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી, એમ કહે છે. જેમાં છે નહિ, તેનું લક્ષ કરવાથી જેનું થવું થાય એમ બનતું નથી. આ શાસ્ત્ર તો અધ્યાત્મ સિદ્ધાંત છે. એકલા અમૃતથી ભરેલું છે. સમજાય છે કાંઈ? ઈ શું કહ્યું? જુઓ!

**'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું...'** એકદમ ભગવાન જ્ઞાનસૂર્ય પ્રભુ ચૈતન્યબિંબ. અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે પણ જ્ઞાન સાથે આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે, કર્તા, કર્મ આદિ ષટ્‌ગુણ અંદર પડ્યા છે. બધા શુદ્ધ પડ્યા છે. સમજાય છે કાંઈ? પોતાનો આત્મા સ્વભાવમાત્ર છે. જ્ઞાન, આનંદ સ્વભાવમાત્ર છે. એમ દૃષ્ટિ કરવાથી સ્વભાવનું પર્યાયમાં પરિણમન થયું, અવસ્થા થઈ, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદની દશા થઈ તો એ સ્વ-પોતે પોતાના સ્વભાવરૂપ થયો તો તેને આત્મા ભગવાન કહે છે. એ આત્મા થયો. એ આત્મપ્રસિદ્ધિ થઈ. આહાહા..! ભારે વાત, ભાઈ!

એવા ઝઘડા ઉઠાવે છે ને. ભગવાન! તેં સાંભળ્યું નથી, હોં! પ્રભુ! અરે..! એવા ઝઘડા ઉઠાવે. આજ તો પંડિતજી ઉપર પણ આવ્યું છે. આવ્યું છે કે પંડિતજી ત્યાં શું પડ્યા છે? એકાંતમાં પડ્યા છે. સૌ સ્વતંત્ર છે. અરે..! ભગવાન! તેં સાંભળ્યું નથી, પ્રભુ! એક વાર પંદર દિ', મહિનો સાંભળ તો ખરો કે શું ચીજ છે. જૈનદર્શન છે ને? કટારિયા છે ને? હિંમતનગરના. દૂધ-દહીંના પંડિત, એમ લખ્યું છે. દૂધ-દહીમાં (પગ) રાખવાવાળા. દૂધ-દહીં હોય ને? બેયમાં પગ રાખવાવાળા. અરે..! ભગવાન! એકદમ એમ કહી દેવું કે જે કોઈ એને માને તેને પૈસા આપે છે. તેથી માને છે. પૈસા ખુબ આપે છે. અરે..! પ્રભુ! આ શું? આવી વાત કરવી સાધારણ સજ્જનને શોભે નહિ. સમજાય છે કાંઈ? અરે..! પ્રભુ! આ આત્મા જ એવો છે, પ્રભુ! તું પણ જો બરાબર સાંભળીને વિશ્વાસ આવે તો તને એમ થઈ જાય કે વાત તો સાચી છે. સમજાય છે કાંઈ? પણ સાંભળતા નથી અને અદ્ધરથી બધાને ભડકાવે છે. એઈ.. એકાંત છે, એ.. એકાંત છે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારો સ્વભાવ તો આત્મા છે ને. ઈ તો અહીંયાં કહે છે.

સ્વભાવ શુદ્ધ છે તેની દૃષ્ટિ કરવાથી સ્વભાવનું પરિણમન થાય છે તે જ સમ્યક્ એકાંત છે. રાગ છે તો આવા સ્વભાવની દૃષ્ટિ થઈ એમ છે જ નહિ, એમ તો અહીંયાં કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ! **'આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે)...'** પર્યાયમાં પોતારૂપે થવું તે સ્વભાવ છે. **'માટે નિશ્ચયથી...'** નામ ખરેખર ભગવાન **'જ્ઞાનનું થવું...'** ચૈતન્યપ્રભુ એકલો ચૈતન્ય સ્વભાવમાં એકલો ચૈતન્ય છે. એના સ્વભાવની દૃષ્ટિ કરવાથી **'પરિણમવું...'** તે જ્ઞાનસ્વભાવનું પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવું. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે જ. એમાં એકાકાર થવાથી રાગથી ખસીને, રાગથી ખસીને એનો અર્થ કે વ્યવહારથી ખસીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો મહા અધ્યાત્મ સિદ્ધાંત છે.

કહે છે, '**જ્ઞાનનું થવું...**' અર્થાત્ પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એ શુદ્ધ સ્વરૂપનું થવું, પર્યાયમાં શુદ્ધ સ્વરૂપનું થવું એનો અર્થ કે જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા છે તેનું લક્ષ કરવાથી પ્રતીતિ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ એ બધું જ્ઞાનનું થવું છે. રાગનું થવું એ નથી. સમજ્યા? જ્ઞાનનું થવું એનો અર્થ રાગનું થવું નથી. પણ જ્ઞાનનું થવું, શ્રદ્ધાનું થવું, શાંતિનું થવું, આનંદનું થવું એ બધું જ્ઞાનનું થવું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વિભાવનું ન થવું અને સ્વભાવનું થવું તે અનેકાંત..

ઉત્તર :- તે અનેકાંત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગથી પણ થાય છે અને આમ પણ થાય છે તો અનેકાંત થયું જ નહિ. શીતલપ્રસાદજીએ સારું કાઢ્યું એમાંથી. વસ્તુ એવી છે.

અહીં શું કહે છે? ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારું સ્વરૂપ સ્વભાવ છે ને. સ્વભાવ શુદ્ધ (છે). શુદ્ધ સ્વભાવનું જ્યાં લક્ષ કર્યું તો રાગની મંદતાનું લક્ષ છૂટી ગયું. રાગની મંદતા સાધન થયું અને સ્વભાવ પ્રગટ થયો એમ છે નહિ. આહાહા..! શું કરે પણ એવી કોઈ લપ ગરી ગઈ છે ને. લત.. લત ને લપ. ભગવાન નિરપેક્ષ ચિદાનંદ સ્વરૂપ આત્મા, જેમાં વિકારનો પણ અત્યંત અભાવ છે. પર રજકણનો, કર્મનો તો અભાવ છે જ, પણ વિકૃત ભાવ ક્ષણિક કેટલાક ગુણની વિપરીત અવસ્થા છે, એ વિકૃતનો ત્રિકાળ સ્વભાવમાં અભાવ છે. જેને અત્યંત અભાવ કહ્યો છે. વિકારનો અત્યંત અભાવ અને ત્રિકાળ શુદ્ધ સ્વભાવનો સદ્ભાવ. ભગવાન આત્માનો ત્રિકાળ જ્ઞાન, દર્શન, આનંદ આદિ ત્રિકાળ સ્વભાવનો સદ્ભાવ, વિકારનો અભાવ. એવા સદ્ભાવ ત્રિકાળ આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ, તેની હયાતીમાં દૃષ્ટિ દેવાથી વિકારના પરિણામનો અભાવ છે. તો એનો સાથ લેવાથી સ્વનું લક્ષ થયું એમ છે જ નહિ. કષાયની મંદતાની સહાયતા મળી તો અહીંયાં શુદ્ધ આત્માનું લક્ષ થયું એમ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

શું કહે છે? આ તો મહા સિદ્ધાંત છે. કહે છે, '**માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું...**' અર્થાત્ ભગવાન આત્મા જાણક સ્વભાવ છે, જાણક સ્વભાવ છે. એ પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ એ આત્મ સ્વભાવ નહિ, એ તો વિકાર છે. સ્વભાવમાં અત્યંત અભાવ છે. એવો ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવમાં દૃષ્ટિ દેવાથી એ દૃષ્ટિનું પરિણમન જ્ઞાનરૂપ થયું. આત્મા જ્ઞાતા જ છે, એવી પ્રતીતિમાં જ્ઞાનરૂપ પર્યાય થઈ, શ્રદ્ધારૂપ થઈ, શાંતિરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ, આનંદરૂપ થઈ. એ રાગરૂપ નથી માટે બધાને જ્ઞાનમાત્ર થઈ એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આમાં? ઝીણું પડે છે, પણ સામે પુસ્તક છે કે નહિ? આહાહા..! જુઓ!

**'અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.'** શું કહે છે? પોતાનો શુદ્ધ ધ્રુવ સ્વભાવ, જ્ઞાનસ્વભાવનું લક્ષ છોડીને એકલા પુણ્ય-પાપનો વિકલ્પ-રાગ, દયા, દાન.. અહીંયાં તો શુભની વાત છે, વિચાર કરે છે ત્યારે શુભરાગ છે, તો શુભમાં પ્રવર્તનારને નિજ સ્વભાવનો અનાદર થઈને શુભરૂપ થયો એમ ભાસે છે. શુભરૂપ થયો એટલે ક્રોધાદિકરૂપ થયો. સ્વભાવનો અનાદર કરીને વિકારરૂપ થયો એમ પ્રતિભાસે છે. આહાહા..! જુઓ! હજી તો ખુબ લેશે, હોં! અમૃતચંદ્રાચાર્યે ટીકા તો બહુ ગજબ કરી છે! ઓહોહો..! ખોલીને અમૃતસ્વરૂપ ભગવાન આત્મા છે એમ દૃષ્ટિમાં લે. ભગવાન! તારી ચીજ છે ને! અને તું જ ઈ છો. તારી ચીજ શું, તું જ એવો છો. આહાહા..! તું જ એવો છો. પ્રભુ! તું જ્ઞાનાનંદ સ્વરૂપી છો ને. શું વિકારસ્વરૂપ તું છો? આસ્રવસ્વરૂપ તું છો? કર્મસ્વરૂપ તું છો? શરીરસ્વરૂપ તું છો? ભગવાન! તું તો જ્ઞાનાનંદસ્વરૂપ છો ને. સમજાય છે કાંઈ? એ જ્ઞાનાનંદ સ્વભાવનું લક્ષ કરવાથી એકદમ વિકારી પરિણામ મારામાં નથી તો (એનું) લક્ષ છોડીને, મારામાં નથી તેનો આશ્રય શું? મારામાં તો જ્ઞાન, આનંદ ત્રિકાળ સદ્‌ભાવ પડ્યો છે તેનો આશ્રય લીધો.

**'જ્ઞાનનું થવું...'** સ્વરૂપની દૃષ્ટિનું થવું, સ્વભાવનું જ્ઞાન થવું, સ્વભાવની શાંતિનું થવું એ આત્મા છે. એ આત્મા થયો. **'અને ક્રોધાદિકનું થવું...'** અને પોતાના સ્વભાવની રુચિ છોડીને વિકાર-પુણ્ય, દયા, દાન, વ્રતાદિ મંદ કષાયની રુચિ કરી તો સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો, સ્વભાવનો અનાદર થયો અને વિકારનો પ્રેમ થયો. તેને અહીંયાં ક્રોધ કહે છે. સમજાય છે કાંઈ? **'ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે,...'** વિકારનું થવું તો વિકારરૂપ છે. અને સ્વભાવની દૃષ્ટિથી સ્વભાવરૂપ થવું તે આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'વળી જ્ઞાનનું થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...'** હવે નાસ્તિથી કહે છે. પહેલા અસ્તિથી બે વાત કરી. અસ્તિથી શું કહ્યું? જ્ઞાનનું થવું તે જ્ઞાન આત્મા છે. વિકારનું થવું તે વિકાર છે, એ આત્મા નહિ. એ અસ્તિથી કહ્યું. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત ચૈતન્યસ્વભાવનું લક્ષ, અસ્તિત્વનો સ્વીકાર કરવાથી, આવા અસ્તિત્વનો સ્વીકાર, મોજૂદગી છે એવો સ્વીકાર કરવાથી જ્ઞાનનું થવું, એ તો સ્વભાવની પર્યાયનું થવું એનું નામ આત્મા છે. અને સ્વભાવનું લક્ષ છોડી વિકારનું લક્ષ કરવાથી વિકારનું થવું તે વિકાર છે. વિકાર છે, આત્મા ક્યાં આવ્યો એમાં? એ તો આસ્રવ છે. સમજાય છે કાંઈ? આત્મા તે આસ્રવ નહિ, આસ્રવ તે આત્મા નહિ. અરે..! વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ તો આસ્રવ છે અને નિશ્ચય સ્વભાવ તો જ્ઞાનાનંદ અનાસ્રવી છે.

ભગવાન ચૈતન્યસ્વભાવ, એના મહાન અસ્તિત્વમાં-મોજૂદગીમાં વિભાવનો તો ત્રિકાળ અભાવ છે અને પૂર્ણ શાંતિ, આનંદ સ્વભાવનો તો સદ્‌ભાવ છે. તો પૂર્ણ સદ્‌ભાવનો જ્યાં સ્વીકાર થયો, વિકારનો સ્વીકાર નહિ, સદ્‌ભાવ સ્વભાવનો સ્વીકાર થયો તો સ્વભાવરૂપ પર્યાય થઈ. શાંતિ, સમ્યગ્દર્શન, જ્ઞાનરૂપ થઈ તે જ્ઞાનમાત્ર દશા છે. અને તેનો સ્વીકાર નહિ થવાથી રાગનો સ્વીકાર થયો તો રાગરૂપ પરિણામ દેખાય એ તો આસ્રવ થયો. એ આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...'** શું કહે છે? શુદ્ધ સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તરફનો આશ્રય કરવાથી જે જ્ઞાનરૂપ થવું તે જ વિકારરૂપ થવું છે એમ છે જ નહિ. સ્વભાવરૂપ થયો, સ્વભાવના અસ્તિત્વનો સ્વીકાર કરી સ્વભાવરૂપ થયો તે સ્વભાવનો અનાદર કરીને વિકારરૂપ થવું એમ થતું જ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાતું. આ તો બાપુ! અંદરના ભેદજ્ઞાનની વાત છે. આસ્રવ અને સ્વભાવ વચ્ચેનો ભેદ, એનું નામ આત્મા. અને આસ્રવ અને સ્વભાવની એકતા તેનું નામ અનાત્મા વિકાર. એમ કહે છે અહીંયાં તો. આહાહા..! આ તો સમજાય એવી વાત છે, હોં! ન સમજાય એવી સૂક્ષ્મ વાત નથી. ભાષા તો સરળ છે. ભાવ સૂક્ષ્મ છે પણ ખ્યાલમાં આવી જાય એવી ચીજ છે. આહાહા..!

ભગવાન! તારી મહિમા તો તારા સ્વભાવમાં છે ને, પ્રભુ! તો જ્યાં સ્વભાવરૂપ થયો, સ્વભાવનું અસ્તિત્વ સ્વીકાર્યું, પર્યાયબુદ્ધિમાં રાગના અસ્તિત્વનો સ્વીકાર હતો તે છોડી દીધો અને ત્રિકાળ સ્વભાવનો સ્વીકાર થયો તો સ્વભાવરૂપ પરિણમન થયું, જ્ઞાનનું થવું થયું અને જ્ઞાનનું થવું થયું તે જ સમયે વિકારનું થવું થયું, એ ક્યાંથી આવ્યું? એમ થતું જ નથી. અનાસ્રવી ભગવાન ચૈતન્યસ્વભાવનો આશ્રય કરીને ચૈતન્યસ્વભાવરૂપ થયો અને વિકારરૂપ પણ થયો, (એમ બનતું નથી). ચૈતન્યનો આદર કરીને, રાગનો પ્રેમ કરીને રાગરૂપ થયો એમ બનતું નથી. એમ થતું નથી. સમજાય છે કાંઈ?

**'જ્ઞાનનું જે થવું-પરિણમવું...'** સ્વરૂપ શુદ્ધ શુદ્ધ તેનું થવું, દશાનું થવું તે જ ક્રોધાદિકનું થવું, એનો અનાદર કરીને વિકારરૂપ થવું નથી. નથી, એમ થતું નથી. કારણ્ આપશે, હોં! કારણ આપશે. કેમ? કેમ કે, **'કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...'** શું કહે છે? ભગવાન જ્ઞાન ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવના પૂર્ણ અસ્તિત્વનો સ્વીકાર થવાથી જેમ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું, જ્ઞાનનું થવું માલૂમ પડે છે, માલૂમ પડે છે, તેમ ક્રોધરૂપ ભાવ માલૂમ પડતા નથી.

ફરીથી. **'કારણ કે...'** ભગવાન આત્મા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવસ્વરૂપ, એનું અંતર લક્ષ, દૃષ્ટિ કરવાથી જે જ્ઞાનનું થવું, જ્ઞાનનું પરિણમન થવું, સ્વભાવનું થવું, તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ સમયે '**જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...**' શુદ્ધતાનો ભાવ માલૂમ પડે છે, શુદ્ધતાના પરિણમનનું જ્ઞાન થાય છે, શુદ્ધતા થઈ એમ માલૂમ પડે છે. સમજાય છે કાંઈ? '**તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી...**' જ્યારે જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ... જુઓ! ખૂબી શું છે? કે જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે એવો અંદર સ્વીકાર કર્યો તો જ્ઞાનનું થવું, આનંદનું થવું, શુદ્ધિનું થવું માલૂમ પડે છે. પણ તે કાળે હું ક્રોધરૂપ થયો, વિકારરૂપ થયો એમ માલૂમ પડતું નથી. કેમ કે વિકારરૂપ થતો જ નથી. આહાહા..! શું કહ્યું સમજાણું? થોડો વિકાર છે ભલે, પણ એ વિકારના જ્ઞાનરૂપ થવું, વિકારનું જ્ઞાન નહિ, આત્માનું જ્ઞાન એમ જ્ઞાનરૂપ થવું માલૂમ પડે છે. સમજાય છે કાંઈ? એક મ્યાનમાં બે તરવાર નથી સમાતી, એમ કહે છે. તરવાર કહે છે ને?

એમ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવ સ્વભાવ, તેની દૃષ્ટિ કરવાથી શુદ્ધતા, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ થતી માલૂમ પડે છે, તે જ્ઞાનસ્વભાવરૂપ માલૂમ પડે છે. તે જ કાળે હું વિકારરૂપ થયો એમ માલૂમ પડતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આચાર્યો હૃદય ખોલીને શું કહે છે તેને સમજે નહિ, સાંભળે નહિ. સમજાય છે કાંઈ? આ તો દિગંબર સંતો વનવાસી હતા. જંગલમાં રહેતા રહેતા આવો વિકલ્પ આવ્યો તો શાસ્ત્ર બની ગયા. સમજાય છે કાંઈ? દુનિયાની પડી નહોતી. લખેલા પત્ર પણ એમ ને એમ પડ્યા રહ્યા. કોઈ શ્રાવક આવે તો લઈ જાય. બનાવે, એમને તો કંઈ પડી નહોતી. આવા વીતરાગી સંત હતા. આહાહા..! સમજાય છે કાંઈ? ગૃહસ્થોને ખબર પડે કે મહારાજ શાસ્ત્ર લખે છે તો ત્યાં પત્ર પડ્યું હોય તો જંગલમાંથી મળી જાય. ઈ ઘરે દેવા ન જાય કે મેં આમ લખ્યું છે, લો. આહાહા..! સમજ્યાને? તમે છપાવી નાખજો (એમ ન કહે). આહાહા..! મુનિ વીતરાગ દશામાં ઝુલે છે, આવો વિકલ્પ કરૂણાથી આવી ગયો અરે..! આ દુનિયાને સત્ય માર્ગ કહું. બસ. વિકલ્પના પણ કર્તા નથી. એ તો કહે છે. વિકલ્પનું અને પોતાનું જ્ઞાનરૂપ પરિણમન ભાસે છે પણ હું રાગરૂપ થયો એમ ભાસતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ સમ્યગ્દર્શન થાય છે, એનો આ ખુલાસો કર્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કેમ થાય છે એ કહ્યું ને. ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ સ્વભાવ છે, તેનો અંતરમાં સ્વીકાર કર્યો અને રાગના લક્ષનો સ્વીકાર છોડી દીધો તો પોતાના પૂર્ણ સ્વભાવના સદ્ભાવનો સ્વીકાર થયો તો પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન થયું એમ માલૂમ પડે છે. માલૂમ પડે છે એમ કહે છે, હોં! ભાસ થાય છે કે મને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, ચારિત્ર થયું. આહાહા..! આંધળા નથી કે ખબર ન પડે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- અનુભૂતિ થાય છે એમાં આનંદનું ભાન થાય છે, એમ કહે છે. જ્ઞાન બધા અસંખ્ય પ્રદેશને ન જોઈ શકે. પણ આખો જ્ઞાનસ્વરૂપ હું છું, એ જ સ્વભાવ છે, એમ શ્રદ્ધાન કરવાથી પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માલૂમ પડે છે, એમ કહ્યું, જુઓ! જ્ઞાન થાય છે એમ માલૂમ પડે છે. ક્રોધાદિક થતાં માલૂમ નથી પડતા. હું વિકારરૂપ થઈ ગયો એમ છે જ નહિ, એમ કહે છે. વિકારરૂપ થયો એમ છે નહિ. હું તો જ્ઞાન અને આનંદરૂપ થયો એમ ભાસ થાય છે. આહાહા..! જુઓ! આ કર્તા-કર્મ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો સમુદ્ર છે, ચૈતન્ય રત્નાકર. વિકારથી ખાલી છે. પરથી તો ખાલી (છે જ). ખાલી કહે છે ને? ખાલી-શૂન્ય. વિકારથી શૂન્ય છે, પરથી શૂન્ય છે, પોતાના શુદ્ધ સ્વભાવથી અશૂન્ય છે. પોતના અશુદ્ધ સ્વભાવથી અશૂન્ય નામ ભરપૂર ભરેલો છે. આહા..! એવો પોતાનો મહા ચૈતન્યપ્રભુ, તેનો અંતર્મુખ સ્વીકાર કરવાથી કહે છે કે જેવું જ્ઞાન થયું, શુદ્ધ થયો, શ્રદ્ધા થઈ, શાંતિ થઈ એમ માલૂમ પડે છે, તે જ સમયે હું વિકારરૂપ થયો એમ છે જ નહિ. વિકારરૂપ થયો એમ નથી. સમજાય છે કાંઈ?

ઓહોહો..! આ માર્ગ પ્રભુનો છે. જુઓ! કાયરના કાળજામાં (ઘા વાગતા) હોય એવું લાગે. અરે..! કંઈ મદદ નહિ? રાગની મંદતાની કાંઈ મદદ નહિ? પ્રભુ! એમાં છે નહિ એની મદદ ક્યાંથી લાવ્યો? એમાં તો છે શુદ્ધતા, આનંદથી ભરેલો આત્મા છે, એમાં કરણ નામની શક્તિ પણ શુદ્ધ પડી છે. એનો આશ્રય કરવાથી કરણ નામનો ગુણ સાધન થઈને નિર્મળ પર્યાય થાય છે. રાગની મંદતા સાધન થઈને પર્યાય નિર્મળ થાય છે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! અરે..! એને એ વાત સાંભળવી પણ ગોઠે નહિ, રુચે નહિ. નહિ, એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. આ સમ્યક્ એકાંત સિદ્ધપદની પ્રાપ્તિનું છે. સમજાય છે કાંઈ?

**'માલૂમ પડતાં નથી,...'** સમજાય છે કાંઈ? હવે ત્રીજું પદ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા સુદ ૯, શુક્રવાર તા. ૨૩-૯-૧૯૬૬**
**ગાથા-૭૧. પ્રવચન-૧૩૭**

૭૧મી ગાથા છે. ચોથી પંક્તિ. ચોથી ફરીથી લઈએ. ટીકાની ચોથી પંક્તિ છે ને? **'વળી જે જ્ઞાનનું થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...'** શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, અંતરની વાત છે. અહીંયાં ઈ સિદ્ધ કરવું છે કે આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપ, એની અનુભૂતિ થવાથી, તેનો અનુભવ થવાથી જ્ઞાન નામ આત્માનું (પરિણમવું થાય છે). અહીં શું કહે છે? જેની દૃષ્ટિ પુણ્ય-પાપ વિકારના પરિણમનથી ઉઠી ગઈ છે અને જેની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયકભાવ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ છે. તો ત્યાં જ્ઞાનનું થવું-ત્યાં તો આત્માના શુદ્ધ સ્વભાવનું થવું-પરિણમવું-ભાસે છે. સમજાય છે કાંઈ? જ્યાં જ્ઞાનનું થવું-પરિણમવું છે અર્થાત્ કે આ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિનો અનુભવ થયો, દૃષ્ટિ આત્મામાં પડી તો શુદ્ધ આત્માનું થવું એનું નામ આત્મા કર્તા અને શુદ્ધતાનું થવું તે જ્ઞાનનું કાર્ય.

ફરીથી. આ સૂક્ષ્મ વાત છે. કર્તા-કર્મ અધિકાર છે કે નહિ? તો જ્ઞાનનું એટલે આત્માનું થવું.. જ્ઞાન શબ્દે આત્મસ્વભાવ શુદ્ધ, એવા શુદ્ધ આત્માની દૃષ્ટિ કરવાથી આત્માનું થવું અર્થાત્ શુદ્ધ પરિણમન ધર્મનું, શાંતિનું, આનંદનું થવું તે પરિણમવું તે કર્મ છે. અને આત્મા ત્રિકાળ દ્રવ્ય છે તે તેને કરનારું છે. જ્યારે સમ્યગ્દર્શન થયું અને આત્માની અનુભૂતિમાં શુદ્ધ ચૈતન્ય હું છું એમ થયું તો આત્મા સ્વભાવપણે શુદ્ધપણે પરિણમે છે, તેનું નામ આત્માનું કાર્ય છે. સમજાય છે કાંઈ?

**'ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...'** તે સમયે સ્વભાવની રુચિથી ખસીને વિકારની રુચિનું થવું અને વિકારરૂપ પરિણમવું છે, જ્યારે આત્માના સ્વભાવની દૃષ્ટિથી શુદ્ધનું થવું છે તો તે જ સમયે વિકારના પ્રેમથી વિકારનું પણ થવું છે એમ બનતું નથી. ભારે! (એક મ્યાનમાં) બે તરવાર નથી રહેતી, ભાઈ! સમજાય છે કાંઈ? જુઓ! જ્ઞાન શબ્દે આત્મા શુદ્ધ પ્રભુ અનાકુળ આનંદસ્વરૂપનું થવું, તેનું પરિણમવું, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું થવું તે સમયે ક્રોધાદિક ભાવનું થવું, તે સમયે વિકારનો પ્રેમ કરીને વિકારનું થવું નથી. સમજાય છે કાંઈ?

**'કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...'** જેમ શુદ્ધ ભગવાન આત્મા વિકારની રુચિ છોડીને, આસ્રવની રુચિ છોડીને, અનિત્ય કૃત્રિમ વિકલ્પની રુચિ છોડીને નિત્યાનંદ સ્વભાવની અનુભવ દૃષ્ટિ કરી તો કહે છે કે જ્ઞાન થવા કાળે, આનંદરૂપ પરિણમન થવા કાળે જેમ જ્ઞાન થતું, શુદ્ધતા થતી માલૂમ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે છે તેમ ક્રોધાદિક થતાં માલૂમ નથી પડતા. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય પરમાત્મા નિજાનંદ મૂર્તિ, તેની દૃષ્ટિ થઈ, ભેદજ્ઞાન-રાગ વિકલ્પથી ભેદજ્ઞાન, આસ્રવ અને સ્વભાવની ભિન્નતા તો ભિન્નતાના કાળમાં જેમ આત્માનું શુદ્ધપણે થવું માલૂમ પડે છે, તે જ સમયે વિકારરૂપ હું થાઉં છું એમ માલૂમ પડતું નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત છે, ભાઈ! જુઓ!

જ્ઞાન થવા કાળે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થવા કાળે શુદ્ધતાનું થવું માલૂમ પડે છે, તેવી જ રીતે વિકારનું થવું, હું વિકારરૂપ થાઉં છું અને વિકાર મારું કાર્ય છે એમ માલૂમ પડતું નથી. જિનેશ્વરદાસજી! આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો બે વાત (છે). ધર્મરૂપ પરિણમનમાં અધર્મરૂપ પરિણમન નથી. સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્યસ્વભાવ પૂર્ણ આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, તેનો આશ્રય લઈને જે દૃષ્ટિ ઉત્પન્ન થઈ તો તે સમયે શુદ્ધતાનું પરિણમન ભાસિત થાય છે, તે જ સમયે હું વિકારરૂપ પરિણમું છું એમ માલૂમ પડતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

બીજી રીત, જ્ઞાન થવા કાળે જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે, તેમ વિકાર પણ થાય છે એમ માલૂમ પડતું નથી. હું વિકારપણે પણ થયો અને શુદ્ધપણે પણ થયો એમ એક સમયમાં બે હોઈ શકતા નથી. સમજાય છે કાંઈ? અને '**ક્રોધાદિકનું પણ થવું...**' વિકારની રુચિથી વિકારનું પરિણમન થવું '**તે જ્ઞાનનું પણ થવું...**' શુદ્ધ આનંદનું પણ થવું નથી. સમજાય છે કાંઈ? આ તો અંતરની વાત છે. શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા રાગથી, વિકલ્પથી, વિકારથી પૃથક્ પુણ્ય-પાપના ભાવ.. ઓહોહો..! અહીં તો કહે છે, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય ને? સમજાય છે? તે સમયે પણ શુદ્ધ સ્વભાવનું થવું જ પ્રતિભાસે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હું વિકારરૂપ થાઉં છું એવો ભાસ થતો નથી. આહાહા..! ચૈતન્ય શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસૂર્ય (છે). જેમ ચૈતન્યસૂર્યની દૃષ્ટિમાં શુદ્ધતાનું થવું છે, તે જ સમયે અશુદ્ધતા આસ્રવનું પણ થવું છે, એમ થઈ શકતું નથી, એમ ભાસતું નથી. આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અશુદ્ધતા ભાસતી નથી, છે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ પછી કહેશે. જ્યારે.. આ કહ્યું ને? ક્રોધાદિક થતાં માલૂમ નથી પડતું અને ક્રોધાદિકનું થવું-પરિણમવું, જ્યારે અશુદ્ધ વિકારપણે હું થાઉં છું, તે સમયે આનંદરૂપ પરિણમું છું એમ નથી. બે અરસપરસની વાત છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાસન પણ નથી, પરિણમન પણ નથી, પરિણમન નથી. વિકાર જુદો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહી ગયો. વિકાર મારારૂપ નહિ, મારામાં નહિ. રાગ સંબંધી અને પોતાના સંબંધી શુદ્ધતાનું પરિણમન જ માલૂમ પડે છે. અશુદ્ધતાના પરિણમનમાં, એકલા અશુદ્ધતાના પરિણમનમાં શુદ્ધતાનું પરિણમન માલૂમ નથી પડતું. જરી એવી વાત છે. રાગ થાય છે ભલે, એની સાથે અહીંયાં સંબંધ નથી. રાગ પરજ્ઞેયમાં ગયો. રાગના કાળે પણ પોતાના જ્ઞાનનું શુદ્ધપણે પરિણમન માલૂમ પડે છે, તે જ સમયે રાગરૂપ થાઉં છું એમ છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકતા થઈ ગઈ. થોડી સૂક્ષ્મ વાત છે ને. જ્યાં સુધી.. રાયબહાદુરજી!

ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ થઈ તો કહે છે કે તે સમયે શુદ્ધતાપણે પરિણમું છું એવો જ ભાસ થાય છે. એ જ પરિણમન છે. રાગ હોવા છતાં રાગ સંબંધી પોતાનું જ્ઞાન તેમાં પરિણમું છું એમ ભાસ થાય છે. રાગરૂપે પરિણમું છું એમ ભાસતું નથી. આહાહા..! ભારે ઝીણી વાત. સમજાય છે કાંઈ? થોડું પણ યથાર્થ ચીજ એવી છે..

અહીંયાં તો બે ટુકડા. એમાં પણ આવ્યું, બારમી ગાથામાં કહ્યું ઈ. '**यदात्वे**' વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એનો અર્થ કે જ્યારે શુદ્ધ ચૈતન્યની અંતર્મુખ દૃષ્ટિ થઈ તો રાગ છે, અનેકતા છે, પણ પોતાના જ્ઞાનસ્વરૂપના પરિણમનમાં રાગનું પણ જ્ઞાનરૂપ પરિણમું છું એમ ભાસે છે. રાગરૂપ પરિણમું છું એમ નહિ. જ્ઞાનરૂપ પરિણમું છું એમ ભાસે છે. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ મૂળ વાત વીતરાગના ઘરની મૂળ વાત છે. પણ એ વાત કદી એણે પ્રયોગમાં લીધી નહિ તો શું વસ્તુ છે એની ખબર પડતી નથી. કેમ ભાઈ! આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં આવ્યું કે પ્રભુ! તું તો શુદ્ધ આનંદસ્વરૂપ ધ્રુવ છો ને. એવી દૃષ્ટિનો અનુભવ થયો તો તે સમયે શુદ્ધતા, શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, શાંતિ, ચારિત્ર, આનંદનું શુદ્ધપણાનું પરિણમન માલૂમ પડે છે અને શુદ્ધતાના પરિણમનના કાળમાં અશુદ્ધતાપણે પણ પરિણમું છું એમ માલૂમ નથી પડતું. સમજાય છે કાંઈ? અને ક્રોધાદિકનું થવું, અશુદ્ધપણે પરિણમનનું થવું, અશુદ્ધ વિકારની રુચિપૂર્વક અશુદ્ધતાનું પરિણમન થવું તે જ્ઞાનનું પણ થવું નથી. મિથ્યાદૃષ્ટિની અશુદ્ધની દૃષ્ટિ છે, વિકાર ઉપર રુચિ છે, અશુદ્ધપણે હું પરિણમું છું એવા ભાસમાં તેને ભેદજ્ઞાનથી શુદ્ધપણે પણ પરિણમું છું એમ નથી. એ તો પહેલા આવી ગયું છે, એકલું શુદ્ધ આત્માનું પરિણમન છે, રાગપણે એનું પરિણમન નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, પરિણમતો જ નથી. રાગની સાથે એકત્વ છે તે રાગરૂપ પરિણમે છે. રાગથી એકત્વ તૂટ્યું છે તે રાગરૂપ પરિણમતો નથી, શુદ્ધપણે જ પરિણમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, એકરૂપ છે જ નહિ, પૃથક્ છે. નિશ્ચયમાં વ્યવહારથી મુક્ત છે. એ સિદ્ધાંત જે કહ્યો તે જ આ સિદ્ધાંત છે. આહાહા..!

ફરીથી. જ્ઞાનના થવા કાળે. કાળ લીધો. શુદ્ધ સ્વરૂપ આત્મા, એવી શુદ્ધની દૃષ્ટિ અનુભવના કાળે જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે, તેવી જ રીતે ક્રોધાદિક થતાં માલૂમ નથી પડતા. તે સમયે હું વિકારરૂપ થાઉં છું, એવું ક્યાંથી આવ્યું? વિકારથી પૃથક્ થઈને પોતાનું જ્ઞાન જ્ઞાનસ્વરૂપે પરિણમે છે તો વિકારની એકતા રૂપે પરિણમું છું એમ છે જ નહિ. એ તો અજ્ઞાન થયું. સમજાય છે કાંઈ? ફરીથી, ફરીથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સ્વામીત્વ તો રહ્યું નહિ. એનો અર્થ એ થયો કે આત્માનું શુદ્ધપણે જ પરિણમન છે. અશુદ્ધપણું એ પરજ્ઞેયમાં ગયું. તે સંબંધીનું પણ પોતાના જ્ઞાનપણે આત્મા પરિણમે છે, રાગપણે નહિ. પહેલેથી આસ્રવ અને આત્માના ભિન્નપણાની આ ગાથા છે. પહેલા કહ્યું તે આસ્રવ અને આત્માની એકતાની ગાથા હતી, અજ્ઞાનની. સમજાય છે કાંઈ?

આત્માની અંતર્મુખ દૃષ્ટિ થઈ, શુદ્ધ સ્વભાવ પરમાનંદનું પરિણમન દૃષ્ટિમાં થયું તો શુદ્ધતાના પરિણમનના કાળમાં અશુદ્ધતા પણ મારી થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સ્વામી નથી રહેતો.

ઉત્તર :- સ્વામી નથી રહેતો એનો અર્થ કે હું શુદ્ધપણે જ પરિણમું છું, હું અશુદ્ધપણે પરિણમતો જ નથી. અહીંયાં તો એક ઘાના બે ટુકડા છે. એવી વાત છે. એ તો પર રહી ગયા. એ સંબંધી પોતાનું સ્વ-પરનું જ્ઞાન શુદ્ધપણે જ પરિણમતું માલૂમ પડે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. ઉપયોગ તો શુદ્ધપણે જ પરિણમે છે આત્મા. ભલે રાગમાં હો. શુદ્ધના પરિણમનમાં એકત્વ પરિણમન નથી માટે રાગરૂપ પરિણમન છે જ નહિ. સૂક્ષ્મ વાત છે. આ અલૌકિક કર્તા-કર્મનો અધિકાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. રાગનું પણ પરિણમન એ તો રાગનું કાર્ય અને હું કર્તા, એ તો અજ્ઞાનભાવ થયો. સમજાય છે કાંઈ? રાગરૂપ પરિણમું છું એટલે ક્રોધાદિરૂપ પરિણમું છું, ત્યારે તો વિકાર જ મારું કાર્ય અને હું કર્તા, એ તો અજ્ઞાનભાવ થયો. અજ્ઞાનભાવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકારરૂપ પરિણમન છે, તે વખતે જ્ઞાનરૂપ, આનંદરૂપ પરિણમન છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લબ્ધ, ઉપયોગ બેય એક જ છે અહીં તો. એ તો ઉપયોગમાં ભલે રાગ હો, પણ શુદ્ધતાનું જ પરિણમન એના અસ્તિત્વમાં છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? શું છે? જરી સૂક્ષ્મ વાત છે. વિચારમાં બેસી જાય એવી ચીજ છે.

આમ શુદ્ધ પ્રભુ, આમ કૃત્રિમ વિકાર ક્ષણિક વિકલ્પ, એક સમયનો વિકલ્પ ઉઠે છે. હવે એ વિકલ્પથી આત્મા ભિન્ન થયો, શુદ્ધ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ તો આત્મા જ્ઞાન એટલે શુદ્ધપણે પરિણમે છે એમ માલૂમ પડે છે. હું શુદ્ધપણે પરિણમું છું એમ પ્રતિભાસે છે. અને તે જ સમયે હું અશુદ્ધપણે પણ પરિણમું છું, એવું ક્યાંથી આવ્યું? સ્વભાવ સન્મુખ દૃષ્ટિમાં શુદ્ધપણે જ મારું પરિણમન છે, અશુદ્ધપણે પરિણમન છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભિન્ન કરી દીધા. રામસ્વરૂપજી! ભાઈ! આ ગાથા તો એવી છે.

'**ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી; અને ક્રોધાદિકનું જે થવું...**' અર્થાત્ વિકાર કૃત્રિમ ક્ષણિકની રુચિમાં અશુદ્ધતાની એકતામાં પરિણમન થવું '**તે જ્ઞાનનું થવું-પરિણમવું નથી,...**' તે સમયે શુદ્ધતા છે તેનું જ્ઞાન કરીને શુદ્ધ થાય છે અને શુદ્ધપણે પરિણમે છે એમ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? આ ધીમે ધીમે તો કહેવામાં આવે છે. જરી વિચાર (કરવો).

મુમુક્ષુ :- દૃષ્ટાંત..

ઉત્તર :- આ દૃષ્ટાંત કહ્યો ને. આત્માના આનંદનો સ્વાદ છે ત્યાં રાગનો સ્વાદ છે જ નહિ. સમજાય છે કાંઈ? અને રાગનો એકલો સ્વાદ છે ત્યાં આનંદનો સ્વાદ છે જ નહિ. બેયનો ભિન્ન ભિન્ન સ્વાદ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્રોધમાં એકાકાર થયો ત્યારે તો એકલો આત્મા છે જ નહિ. અહીં તો એકતાબુદ્ધિ છે એ જ આત્મા વિકારરૂપ થયો તો ઈ આત્મા જ નથી, એ તો વિકારરૂપ થયો. સમજાય છે કાંઈ? અરે..! આત્મા.. એક કૃત્રિમ ક્ષણિક વિકલ્પનો જેને પ્રેમ છે, અનિત્ય વિકૃતના પ્રેમની રુચિ પરિણમન છે એમાં જ્ઞાતાપણાનું શુદ્ધનું પરિણમન છે જ નહિ. અને જેને શુદ્ધનું પરિણમન છે ત્યાં અશુદ્ધ રાગાદિરૂપ અવસ્થા એમાં છે જ નહિ. દ્રવ્યમાં તો નથી, ગુણમાં નથી, પરિણમનમાં નથી. ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, તેના (રાગના) જ્ઞાતાપણે આત્મા પરિણમે છે, રાગપણે નહિ. અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો બે જ વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. લડાઈ નહિ, જ્ઞાતાપણે જ પરિણમે છે. ભાઈ! એવી વાત છે, પ્રભુ! લડાઈમાં આમ ઊભો હોય, ક્ષાયિક સમકિતી હો તો શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ હોવાથી શુદ્ધપણે જ પરિણમે છે. સમજાય છે કાંઈ? અશુદ્ધપણે પરિણમું છું એમ એની દૃષ્ટિમાં છે જ નહિ.

અહીં તો બે જ વાત લેવી છે. રાગરૂપ એકત્વબુદ્ધિ પરિણમનમાં શુદ્ધરૂપ પરિણમન નથી, શુદ્ધરૂપ દૃષ્ટિમાં, શુદ્ધરૂપ પરિણમનમાં રાગની એકતારૂપ પરિણમન નથી. તો એકલું જ્ઞાનરૂપ પરિણમન રહ્યું. આહાહા..! એનો અર્થ એમ છે કે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તો પરિણમનમાં શુદ્ધતા આવી, અશુદ્ધતાથી તો મુક્ત પરિણમન છે. આહાહા..! ઈ એક વાર કહ્યું હતું, સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન વ્યવહારથી મુક્ત છે. બનારસીદાસ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ કહ્યું હતું. પહેલાં નહોતું કહ્યું? એક વાર બતાવ્યું હતું. 'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ તે હિ વ્યવહારભાવ કેવલિ ઉકત હૈ.' સમજાય છે કાંઈ? બનારસીદાસ કહે છે. એ તો (૧૭૩) શ્લોકનું છે.

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**

શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, ભગવાને એમ ફરમાવ્યું કે પરનું જીવન, પરનું મરણ, પરના સુખ-દુઃખ હું કરું છું, એવા અધ્યવસાયને ભગવાન મિથ્યાત્વ કહે છે. કેમ કે કરી શકતો નથી. જ્યારે અધ્યવસાય-પરનું કરી શકું છું એવા અધ્યવસાયને ભગવાને છોડાવ્યો છે તો આચાર્ય કહે છે કે એમાંથી અમે એમ કાઢીએ છીએ કે પરદ્રવ્યના આશ્રયે જે ભાવ થાય છે તેને પણ ભગવાને કાઢવાની વાત કરી છે. '**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः**' જેમ પરની ક્રિયા હું કરી શકું છું, એ એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે, અધ્યવસાય છે, તેને ભગવાને છોડાવી છે કે છોડી દે. પરની ક્રિયા કરવાનું તારું કામ નહિ. આચાર્ય કહે છે કે એમાંથી અમે એમ કાઢીએ છીએ કે જેમ પરની ક્રિયાનો કર્તા માનવું વ્યવહાર મિથ્યાત્વ છે, એમ પરના આશ્રયે રાગાદિ થાય છે તેનો પણ ભગવાને ત્યાગ કરાવ્યો છે. '**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः**' વ્યવહાર ત્યાજ્ય છે. એનો અર્થ કર્યો છે. જુઓ! એનો અર્થ કર્યો છે. (૫૬-૩૨).

જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ,
તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનુભવમાં આ જ છે. અસ્થિરતાની પરિણતિને અહીંયાં ગણી જ નથી. સમજાય છે કાંઈ? અહીં તો બે જ ભાગ છે. રાગથી એકત્વબુદ્ધિના પરિણમનમાં સ્વભાવના પરિણમનનો અભાવ. અને સ્વભાવના શુદ્ધની દૃષ્ટિના પરિણમનમાં રાગના પરિણમનનો અભાવ. બે વાત છે. સમજાય છે કાંઈ? રાયબહાદુરજી! સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાગે-ફાગે નહિ. એ તો સદાય પરિણમન રહે છે. લબ્ધરૂપ હો તો પણ શુદ્ધરૂપ પરિણમન જ ચાલે છે. અશુદ્ધતા એનામાં છે જ નહિ. દ્રવ્ય-ગુણમાં નથી, પર્યાય પૃથક્ થઈને પરિણમે છે તો રાગરૂપ અશુદ્ધનું પરિણમન સમ્યગ્દૃષ્ટિને થતું જ નથી, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી; અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું...**' સ્વરૂપની અરુચિથી વિકારની રુચિના પ્રેમના, વિકારનો આશ્રય થવો અને જ્ઞાનનું પણ થવું-અંતર સ્વરૂપની શુદ્ધ પરિણતિનું પણ થવું છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! '**કારણ કે ક્રોધાદિકના થવામાં...**' જુઓ! વિકારરૂપ થાઉં છું એ સમયમાં '**જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે...**' વિકારરૂપ થાઉં છું, વિકાર જ એની દૃષ્ટિમાં, વેદનમાં આવે છે. '**તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' તેમ હું શુદ્ધ પણ આનંદરૂપે અનુભવું છું એમ નથી. એમ છે જ નહિ. ... ભાઈ! પાઠ લીધો છે ને? '**जइया इमेण जीवेण**'. '**जइया**' નામ ધર્મ લબ્ધિ કાળ લીધું છે. ઈ લીધું છે ને. જયસેનાચાર્યમાં '**जइया**' શબ્દનો અર્થ ધર્મલબ્ધિ કાળ, એમ ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં '**जइया**' શબ્દનો (આમ અર્થ કર્યો છે). જ્યારે ધર્મ લબ્ધિ કાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જયસેનાચાર્યની ટીકા છે ને? ૭૧મી ગાથા. પહેલો જ અર્થ કર્યો છે ઈ. '**जइया**'. જુઓ! '**जइया**' '**यदा धर्मलब्धि काले**'. જયસેનાચાર્યમાં '**जइया**' શબ્દ પડ્યો છે ને? ૭૧ (ગાથાનો) પહેલો. '**जइया**' '**यदा धर्मलब्धि काले**'. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવ, દૃષ્ટિના કાળમાં... સમજાય છે?

'**इमेण जीवेण अप्पणो आसवाण य तहेव। णादं होदि विसेसतरं**'. ભગવાન આત્મા અને વિકારી પરિણામ, બેનો તફાવત ભિન્ન જાણીને પોતાનું શુદ્ધપણે પરિણમન કરે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, સદાય. અહીં તો સદાની વાત છે. સમજાય છે કાંઈ? શુદ્ધરૂપી પરિણમન. એ અશુદ્ધતાનું પરિણમન અહીંયાં ગૌણ કરીને, વ્યવહાર કહીને છોડી દીધું છે. સમજાણું? ઈ વાત છે. અહીંયાં તો વાત (એ છે કે) એકલા ભાવ શુદ્ધપણાના પરિણમન કાળે અશુદ્ધપણે પરિણમું છું એમ ભાસતું નથી. અશુદ્ધતાનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થયું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. તેમાં પરિણમન થાય છે. વાત બાપુ! આ એવી ચીજ છે જરી.

આસ્રવતત્ત્વ ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. જ્ઞાયક સ્વરૂપનો... જ્ઞાયક શુદ્ધ ધ્રુવ એમ જ્યાં દૃષ્ટિ થઈને અને પરિણમન થયું તો તે જ સમયે રાગરૂપે પણ થાઉં છું એમ ક્યાંથી આવ્યું? કહે છે. દ્રવ્ય સ્વભાવ તો શુદ્ધરૂપ પરિણમે છે. દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ તો શુદ્ધરૂપે જ પરિણમે છે. અશુદ્ધતાને કાઢી નાખી, એમાં છે નહિ, એકત્વબુદ્ધિ નથી. એકત્વ નથી તો તે રૂપે પરિણમું છું એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉગમણો આથમણો. કાળભેદ એક સમય, પણ વસ્તુ જેને શુદ્ધ સ્વરૂપ વસ્તુની દૃષ્ટિ થઈ, પરમાત્મા પોતે નિજ રાગથી ભિન્ન વિશેષ અંતરંગ કહ્યું ને? '**णादं**' શબ્દ પડ્યો છે. મૂળ શ્લોકમાં '**णादं**', '**णादं**' '**इमेण जीवेण अप्पणो आसवाण य तहेव। णादं**' આ એની વ્યાખ્યા ચાલે છે. જાણનાર છે, બસ. બીજા પદનો પહેલો શબ્દ છે.

**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।**

બંધ જ નથી, અહીંયાં તો એમ કહી દીધું. કેમ કે અજ્ઞાનભાવથી જે બંધ હતો, રાગના એકત્વથી, એ બંધ છે જ નહિ તો એ અપેક્ષાથી બંધ નથી એમ કહી દીધું છે. સમજાય છે કાંઈ? એ તો સ્વરૂપ એકલું અબંધ પરિણમે છે. વસ્તુ અબંધ છે, ગુણ અબંધ છે. એવી દૃષ્ટિનું જ્ઞાન થયું (તો) એના અબંધ પરિણામ જ છે. બંધ પરિણામ વિકલ્પરૂપ થાઉં છું એમ અંદરમાં થતું જ નથી. ભિન્ન રહી ગયા. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, શેઠ! સમજાય છે? આ બહુ ઝીણું, હોં! એમ ને એમ અહીં ન રાખવું, થોડું વિચારવું ત્યાં. ઘરે પાછુ વિચારવું, વાંચવું તો ખબર પડે એવું છે, નહિતર નથી પડે એવું આ. તુંબડીમાં કાંકરા જેવું લાગે. શું કહે છે આ? પ્રભુ! તારા ઘરની વાત છે, હોં! આહાહા..!

જેણે અંતરમાં ઘર જોયા એ તો ઘરરૂપ જ પરિણમન કરે છે, વિકારરૂપ પરિણમન કરતો નથી. સમજાય છે કાંઈ? આવે છે ને? ભજનમાં આવે છે. 'કબહુ ન નિજઘર દેખ્યા' આવે છે. બરાબર યાદ નથી. નિજઘર આયે. પરઘર ફિરત બહુત કાલ ગંવાયા. પંડિતજી! ઘર કબહુ ન આયા. નિજઘર તો શુદ્ધ ચૈતન્યપ્રભુ રાગથી, નિમિત્તથી પૃથક્. એવા નિજ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન થયા તો નિજ શુદ્ધ દ્રવ્ય-ગુણ છે તો પરિણમનમાં શુદ્ધતા જ ઉત્પન્ન થાય છે. એ તેનું કાર્ય અને આત્મા કર્તા છે. આ કર્તા-કર્મનો અધિકાર છે. જ્ઞાની શુદ્ધ પરિણમનનું કાર્ય (કરે) અને રાગનું પણ કાર્ય (કરે છે), એમ બે છે જ નહિ. સમજાય છે કાંઈ? રાગ ઉત્પન્ન થાય છે તે જ સમયે પોતાના જ્ઞાતા-દૃષ્ટા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તરફ દૃષ્ટિ હોવાથી સ્વપરપ્રકાશકનું શુદ્ધતા સાથે પરિણમન થાય છે, તેનો એ સ્વામી છે, તેનું એ કાર્ય છે, તેનો એ કરનારો છે. આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનચેતના છે. તેથી તો અહીંયાં કહે છે. ચોથે જ્ઞાનચેતના ન હોય તો અનુભવ ક્યાંથી થયો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લગાવી દે, એને ખબર નથી.

ભગવાન આત્મા જ્ઞાનચેતના શબ્દે જ્ઞાનમાં એકાકાર વેદન થઈ ગયું. અહીં તો કહે છે કે થોડી કર્મચેતના અને કર્મફળચેતના રહી ગઈ છે તેનો પણ અહીંયાં જ્ઞાતા-દૃષ્ટા રહીને જ્ઞાતા પરિણમે છે એમ કહે છે. બે ચેતના છે એમ અહીંયાં કહેતાં જ નથી. એ તો પછી અસ્થિરતાનો વિષય સ્થાપવો હોય તો (કહે). અહીં તો એક ઘા ને બે કટકા. ભેદજ્ઞાન... સમજાણું?

'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' એમ છે ને? ધર્મદાસ ક્ષુલ્લક. સમ્યક્જ્ઞાન દીપિકા. એમાં છે. સ્વાત્માનુભવ મનન. સ્વાત્માનુભવ મનન અને સમ્યક્જ્ઞાન દીપિકા, બેય છે. અમે તો ઘણાં વર્ષોથી જોયું છે. (સંવત) ૧૯૭૮ની સાલથી સમ્યક્જ્ઞાન દીપિકા જોઈ હતી. બધું જોયું છે. અહીં તો શાસ્ત્ર તો ઘણાં વર્ષોથી, સંપ્રદાયમાં પણ અમે તો દિગંબર શાસ્ત્રો વાંચતા હતા. સમજાય છે કાંઈ? ઘણા વર્ષોથી. ૧૯૭૮ની સાલથી. સમ્યક્જ્ઞાન દીપિકા, સ્વાત્માનુભવ મનન, બધું જોયું છે, બધું જોયું છે, પહેલાં સંપ્રદાયમાં બધા જોયા છે. અહીંયા બધા પુસ્તક છે. સમજાય છે કાંઈ? એમણે કહ્યું છે, 'ભેદજ્ઞાન તે જ્ઞાન બાકી બૂરો અજ્ઞાન.' રાગ અને વિકલ્પથી પૃથક્ થઈને જ્ઞાનચેતનાનું પ્રગટ થવું એનું નામ જ્ઞાન-ભેદજ્ઞાન છે. બાકી શાસ્ત્રનું એકલું જ્ઞાન એ જ્ઞાન છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ધર્મદાસજી દિગંબર હતા?

ઉત્તર :- દિગંબર હતા. દિગંબર ક્ષુલ્લક હતા. ... થોડો એક બીજો ફેર છે. એના ગુરુ ભટ્ટારક માને છે. એટલું. બાકી વસ્તુસ્થિતિ બહુ સરસ વર્ણવી છે, બહુ સરસ વર્ણવી છે. બધો ખ્યાલ છે. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે, '**ક્રોધાદિકના થવામાં (-પરિણવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' આહા..! અહીં તો બે જ વાત. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરીને જે પરિણમન થાય છે તે જ આત્માનું શુદ્ધ પરિણમન, પોતાના અસ્તિત્વમાં એ જ પરિણમન છે. રાગનું પોતાના અસ્તિત્વમાં પરિણમન જ નથી. ભિન્ન કરી નાખ્યું. જેમ જડની પર્યાય ભિન્ન છે, એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગની પર્યાય પણ અજીવમાં, અજ્ઞાનમાં નાખી દીધી, પરમાં નાખી દીધી. અજ્ઞાન શબ્દનો અર્થ સમજો છો? રાગ છે એમાં ચૈતન્યના પ્રકાશનો અંશ નથી. તેથી ભગવાન સ્વરૂપ ચિદાનંદ જ્ઞાયક, એ સિવાય રાગથી માંડીને બધું અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ જેમાં જ્ઞાનના તેજનો-પ્રકાશનો અંશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જેમ ક્રોધાદિક થતાં...'** અશુદ્ધતા, મલિનતા, સ્વભાવની અરુચિ અને વિકારની રુચિમાં અહીંયાં વિકાર થતો માલૂમ પડે છે, **'તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.'** એટલે કે ત્યાં જ્ઞાન થાય છે એમ છે નહિ. માલૂમ પડતું નથી એનો અર્થ કે ત્યાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ ગાથા ટીકા છે, આ ટીકા તો ગંભીર ટીકા છે. એમ ને એમ વાંચી જાય, લ્યો, અમે વાંચી ગયા. એક જણ કહે, પંદર દિ'માં સમયસાર (વાંચી લીધું). તમે બહુ વખાણ કરો છો. પંદર દિ'માં વાંચી લીધું. એમાં શું? અક્ષર વાંચવા (એમાં). ભગવાન! એનું વાચ્ય સમજવું જરી સૂક્ષ્મ છે. ઈ કહે છે એ વાચ્ય-ભાવ સમજવો. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ! જ્યાં સુધી રાગની, પુણ્યની, વિકારની એકતાબુદ્ધિમાં વિકારનું પરિણમન દેખાય છે, તે જ સમયે વિકારથી ભિન્ન પોતાનું શુદ્ધનું પરિણમન નથી. નથી તો માલૂમ પડતું નથી, એમ કહે છે. અને જ્યારે વિકારથી રહિત અંતર્મુખ સ્વભાવ ચૈતન્યની દૃષ્ટિમાં શુદ્ધ પરિણમન થયું તો એ સમયે રાગરૂપ પરિણમન નહિ. માલૂમ પડતું નથી એનો અર્થ કે છે જ નહિ. સમજાય છે કાંઈ? અરે..! એણે ઘર કોઈ દિ' જોયા નહિ. ઘરમાં આવ્યો નહિ, નિજઘરમાં શું ચીજ છે. આહાહા..!

શરીર, વાણીને તો કોઈ દિ' અડતો પણ નથી, કદી અડ્યો જ નથી, એ તો જડ છે. અડ્યો છે એક સમયની વિકારી પર્યાયને. એક સમયની વિકારી પર્યાયને અડ્યો છે. એ અડ્યો છે એની રુચિ રહી જાય તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એને તો વિકારનો જ કર્તા ભાસે છે. અને એક સમયનો વિકૃત ભાવ મારી ચીજમાં નથી. હું એનાથી ભિન્ન છું. એમ દ્રવ્યદૃષ્ટિ થઈને આત્માની અનુભૂતિ થઈ, અનુભૂતિમાં આત્મા જ પરિણમન કરતો ભાસે છે. રાગરૂપ થયો એમ અંદર છે જ નહિ. છે નહિ તો ક્યાંથી ભાસે? અમરચંદભાઈ! શશીભાઈ! આહાહા..! શીતલપ્રસાદજી! સમજાય છે કે નહિ? થોડી સૂક્ષ્મ વાત છે. આહાહા..!

આ શબ્દ તો સમજાય છે કે નહિ? કે આ શબ્દનો આ અર્થ થાય છે. આ લીટીનો આ અર્થ (થાય છે). પંક્તિ કહે છે ને? આ પંક્તિનો આ અર્થ છે. **'ક્રોધાદિકના થવામાં (-પરિણવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું...'** શુદ્ધતા પણ થાય છે એમ છે જ નહિ. તો શુદ્ધતા પણ માલૂમ પડે છે એમ છે જ નહિ. એવી વાત છે. ઓહોહો..! એનો અર્થ ઈ કે વિકાર એક ક્ષણિક આસ્રવના ભેદથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છૂટી જા, એ આસ્રવની રુચિ છોડી દે. અને ભગવાન શાંતરસનો, અનાકુળ સ્વરૂપ ભગવાનની રુચિ કર તો તને શુદ્ધતા જ પરિણમનમાં ખ્યાલમાં આવશે. સમજાય છે કાંઈ? જ્યારે જ્યારે આસ્રવની, પુણ્યની, દયા, દાન, વ્રતના વિકલ્પની રુચિ રહેશે ત્યારે તને તારું વિકારી પરિણમન જ ભાસિત થશે. અવિકારીની શ્રદ્ધા આદિ થઈ શકશે નહિ. આહા..! સમજાય છે કાંઈ?

અહીં તો શુભભાવથી પહેલી વાત લીધી છે. જ્યાં સુધી કષાયની મંદતાનું પરિણમન છે, તેના ઉપર રુચિ અને દૃષ્ટિ છે, ત્યાં સુધી આસ્રવથી ભિન્ન આત્માનું પરિણમન થતું નથી. અને જ્યારે રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરી, એ સ્વભાવના પરિણમનમાં રાગરૂપ થાય છે એમ થતું જ નથી. તો રાગરૂપ પરિણમન માલૂમ પડતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અભાવ જ છે એમાં.

મુમુક્ષુ :- નથી માલૂમ પડતું એમાં..

ઉત્તર :- નહિ, નહિ. માલૂમ પડતું નથી એટલે છે નહિ, એટલે માલૂમ પડતું નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથા ગુણસ્થાનની દશાની.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. અનુભવથી છે, શાસ્ત્રથી નહિ. આ ચોથા ગુણસ્થાનની વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનાસ્રવ દશા દૃષ્ટિમાં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ જ દૃષ્ટિ, એ જ વસ્તુ.

મુમુક્ષુ :- પ્રતિભાસમાં નથી કે પ્રવૃત્તિમાં નથી?

ઉત્તર :- પ્રવૃત્તિમાં નથી. પણ ભાસમાં પણ નથી. રાગ મારો છે એમ ભાસતું નથી. એની પ્રવૃત્તિ પણ નથી. સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો. ત્યાંથી રાગની પ્રવૃત્તિમાં પ્રવર્તું છું એમ જ્ઞાનીને ભાસતું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પ્રવર્તતો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, નહિ. એકતા નથી તો પ્રવૃત્ત છે જ નહિ. એ પછી ૭૨મી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથામાં ખુલાસો કરશે. એ વાત જ સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરિણમન નહિ, પરિણમન તો શુદ્ધતાનું જ એનું પરિણમન છે. અશુદ્ધતાના પરિણમનનો ભાસ-જ્ઞાન પોતાનું છે. અશુદ્ધતા પોતાની નથી અને અશુદ્ધતા પોતામાં છે જ નહિ. જરી સૂક્ષ્મ વાત છે. એકલું સમ્યગ્દર્શન જ્યાં થયું, શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા.. એઈ..! અહીં તો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ કરવો છે. આગળ કહેશે, જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં દર્શન-શ્રદ્ધા અને સ્થિરતાનો અંશ આવી ગયો.

અહીં તો વિશેષાંતર કહ્યું છે ને? શું કહ્યું જુઓ! ગાથામાં શું કહ્યું છે? '**जइया इमेण जीवेण**' પ્રશ્ન શું કર્યો હતો? કે '**કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે?**' મહારાજ! આ તો કર્તા-કર્મની વાત આપે ૬૯-૭૦માં કરી. તો એની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? '**जइया इमेण जीवेण**' જ્યારે પોતાનો જીવ '**अप्पणो आसवाण**' આત્મા અને આસ્રવ વચ્ચે '**णादं विसेसंतरं**' બેને ભિન્ન જાણ્યા, બેને ભિન્ન જાણ્યા તો આત્મા આત્મા રૂપે પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી. '**तइया ण बंधो**' તેથી બંધ છે જ નહિ. અસ્થિરતાનો બંધ અને અસ્થિરતા પોતામાં નહિ ગણીને બંધ છે જ નહિ, એમ અહીંયાં તો કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લિંગ નહિ, એ તો પોતાનું જ્ઞાતા-દૃષ્ટાપણું લીધું છે. આ તો વાત એવી છે, સમયસાર એટલે તો આ જગતચક્ષુ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ તો જ્ઞાયકભાવ તો જ્ઞાયકપણે જ પરિણમે છે. એ પરિણમે છે એમાં શુદ્ધતાપણે પરિણમે છે, એમાં અશુદ્ધતા તો છે જ નહિ. તો અશુદ્ધપણે પરિણમવું એમ અંદર છે જ નહિ. અશુદ્ધતાનું પરિણમન એ જ્ઞેય તરીકે-પરજ્ઞેય તરીકે એના જ્ઞાનમાં આવી ગયું કે આ છે. પણ મારા જ્ઞાનના અસ્તિત્વનું પરિણમન છે એમ નથી. એવી વાત છે. દાંડી પીટીને છે અહીં તો, ગુપ્ત નથી. એ.. જિનેશ્વરદાસજી! નહિ તો તપાસો શાસ્ત્ર. જુઓ શાસ્ત્ર. શાસ્ત્રની શૈલી જુઓ, કથની જુઓ, ભાવની સાથે મિંઢવો. આહાહા..! બહાદુરજી!

અરે..! ક્યાં રખડ્યો... આવ્યું હતું ને? અરે.. પ્રભુ! હું તો રખડ્યો. આ તારી ચીજ ભગવાન શુદ્ધ પ્રભુ વિકલ્પના તત્ત્વથી ભિન્ન. અજીવતત્ત્વથી તો ભિન્ન છે જ, પણ આસ્રવસે વિશેષાંતર-ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો તો ભિન્નપણાની વસ્તુપણે પરિણમન ક્યાં રહ્યું? એમ કહે છે. પાઠમાંથી એવો પાઠ છે, હોં! એમાંથી ટીકા કરી છે. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? ભગવાન આત્મા.. અહીં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું ભાન થયું-ભેદજ્ઞાન, બસ, ત્યારથી પોતાની શક્તિમાં નિયત લીન છે, વ્યવહારથી મુક્ત છે. મુક્ત થઈ ગયો એ તો. સમજાય છે કાંઈ? અહીંયાં દૃષ્ટિની પ્રધાનતાના અનુભવની વાત કરે છે. અસ્થિરતા છે, એ તો ચારિત્રની વાત હો તો રાગની મંદતા છે એ દોષ છે. સમજાય છે કાંઈ? કર્મધારા. પણ એ કર્મધારા છે. એ જ્ઞાનધારામાં એકત્વ થતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ચૈતન્યસૂર્ય પ્રકાશનો પુંજ પ્રભુ, એ પ્રકાશમાં એકાકાર થઈને જ્યાં પ્રકાશનું કિરણ પ્રગટ થયું તો ચૈતન્યનું કિરણ જ્ઞાનરૂપ થયું. શ્રદ્ધા જ્ઞાનરૂપ છે, શાંતિ જ્ઞાનરૂપ છે, એટલે રાગરૂપ નહિ. એમ. શ્રદ્ધા જ્ઞાનરૂપ છે, રાગરૂપ નહિ. જ્ઞાન જ્ઞાનરૂપ છે, રાગરૂપ નહિ. સ્થિરતા જ્ઞાનની દશારૂપ છે, રાગરૂપ નહિ. આનંદ આનંદરૂપ છે, રાગરૂપ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે! એક સમયમાં રાગ અને સ્થિરતા, બે ભાગ એક સમયની પર્યાયમાં. છતાં જ્ઞાયકની દૃષ્ટિમાં શુદ્ધતાનું પરિણમન મારું. અશુદ્ધતાનો હું જાણનાર છું, પરરૂપે પરિણમનારો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ગાથામાં આટલો પોકાર છે. '**विसेसंतरं**' '**णादं**' '**णादं**' તફાવત જોયો તો અનુભવમાં રાગરૂપ થયો એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? અને રાગરૂપ દેખાય છે, હું રાગરૂપ થયો, એ ભેખ વિકારરૂપ થયો, વિકારનું કાર્ય મને થયું એ અજ્ઞાની કર્તા છે. એમાં જ્ઞાયકપણાનું કર્તાપણું રહ્યું નહિ. સમજાય છે કાંઈ? કર્તા-કર્મ તો અલૌકિક અધિકાર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઊંડો શું એ તો એવો જ છે. ઊંડો કહો કે છીછરો કહો. ઊંડા સમજ્યા? ગહરા.. ગહરા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ સંધિ છે.

અહીંયાં તો પરથી ભિન્ન કરાવે છે. પરથી ભિન્નમાં પર પરમાં રહ્યા, સ્વ સ્વમાં રહ્યું. બે એક થઈ જાય તો બે તત્ત્વ એક થઈ ગયા. એ તો અજ્ઞાન છે.

મુમુક્ષુ :- રાગ જ્ઞેયમાં ગયો.

ઉત્તર :- એ તો પરજ્ઞેયમાં (ગયો). જેમ અજીવ છે, એમ રાગ પરજ્ઞેયમાં છે.

સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમ ભારી.
જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજ રૂપા પર રૂપા ભાસી.

રાગાદિ જ્ઞેય તરીકે, પોતાના જ્ઞાનમાં જ્ઞાનરૂપ પરિણમન કરવું એ પોતામાં રહ્યું. રાગ નહિ, રાગ નહિ, રાગ નહિ. સમજાય છે કાંઈ? અબંધ પરિણામ એના છે, રાગ પરિણામ એના છે જ નહિ. અને રાગ પરિણામ જેને એકત્વબુદ્ધિમાં રહ્યા એને આત્મા રહ્યો નહિ. રાગ અધિક થઈ ગયો તો આત્મા દૃષ્ટિમાં ખલાસ થઈ ગયો. અને જ્યાં આત્માની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકતાની અધિકતા થઈ તો રાગ ગૌણ થઈ ગયો એટલે પોતાની પર્યાયમાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'આ રીતે...'** માલૂમ પડતું નથી અર્થાત્ છે જ નહિ. જ્ઞાન જ માલૂમ પડે છે. એમ. જ્ઞાનમાં જ્ઞાન જ માલૂમ પડે છે, રાગમાં રાગ જ માલૂમ પડે છે. રાગની રુચિમાં તો વિકાર જ દેખાય છે. અને જ્ઞાનની રુચિમાં જ્ઞાન જ દેખાય છે. **'આ રીતે...'** સમજાય છે કાંઈ? આ તો સાદી ભાષા છે, બહુ ગૂઢ નથી કાંઈ. ભાવ ભલે સૂક્ષ્મ હો, પણ વાત ન સમજાય એવી કોઈ ચીજ નથી. એવી કોઈ ગૂઢ..

બે વાત છે. એક કોર ભગવાન આત્મારામ અને એક કોર ગામ. આતમરામ ભગવાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને આત્મા આરામ-પોતાની દશામાં રમે છે તો એ શુદ્ધ પરિણમન જ એનું છે. અને જ્યારે રાગમાં રમે છે તો રાગ જ એની દશા છે, એ આત્મા નહિ. એ તો આસ્રવમય થઈ ગયો. કેમ ભાઈ? આહાહા..! સમજવું જોઈએ અને સમજીને પ્રયોગ કરવો જોઈએ, અંદરમાં પ્રયોગ કરવો જોઈએ. તેથી વાત છે. પહેલા સમજણમાં પણ યથાર્થતા ન આવે તો પ્રયોગ ક્યાંથી કરે? રુચિ ત્યાં રહી જાય. રાગમાં ઠીક છે, રાગ મારી પર્યાયમાં છે. અહીં તો દ્રવ્યમાં-ગુણમાં નથી તો દ્રવ્ય-ગુણનું શુદ્ધ પરિણમન જ એનું છે. સમજાય છે કાંઈ? એ આગળ ગાથામાં આવે છે ને? ભાઈ! વિકારનું પરિણમન-કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય થઈને પરમાં નાખી દીધું. ૭૫-૭૬-૭૭-૭૮. આવશે. હવે અહીં ક્યાં... આ તો આ લોકો માટે જરી લીધું છે ને. સમજાય છે કાંઈ?

૭૫-૭૬માં તો ઈ આવશે.. સમજ્યા? લ્યો. એ જ્ઞેય છે. આ પુસ્તક અમારી પાસે છે ને. ૭૫માં છે, ૭૫માં છે ને? **'પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે...'** છેલ્લી લીટી છે. ૭૫ની છેલ્લી. આખિરકો ક્યા કહતે હૈં? છેલ્લી. જુઓ! **'જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** કોનું? એનું જ્ઞાન, પોતાનું જ્ઞાન. **'તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે (માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે).'** રાગ આત્માનું વ્યાપ્ય છે જ નહિ.

મુમુક્ષુ :- તે સંબંધીનું જ્ઞાન..

ઉત્તર :- તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં વ્યાપ્ય છે. રાગ તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ? પેલામાં વિશેષ ખુલાસો કર્યો છે ને. આમાં વધારે છે ને? આ તો બીજું પુસ્તક છે ને. આ પુસ્તકમાં બધું લઈ લીધું છે. જુઓ! ૭૫માં છે. જુઓ, શું કહે છે? **'કારણ કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર...'** પુદ્‌ગલ શબ્દે અહીંયાં રાગ, હોં! **'છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** રાગ જેનું નિમિત્ત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે...'** રાગ આત્માનું-જ્ઞાતાનું વ્યાપ્ય છે જ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાતા પુદ્ગલ પરિણામનું જ્ઞાન કરે.

ઉત્તર :- જ્ઞાતા રાગનું જ્ઞાન કરે એ પોતાના અસ્તિત્વમાં રહીને જ્ઞાન કરે છે. એ સ્વપરપ્રકાશકજ્ઞાન પોતાનું વ્યાપ્ય છે, વ્યાપક આત્મા છે. સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ ગાથાઓ છે.

મુમુક્ષુ :- પરંતુ માત્ર પુદ્ગલપરિણામને જાણે, આત્માના સ્વરૂપને સ્પર્શે અને આત્માને જાણે...

ઉત્તર :- જાણે છે. બસ, એ કહેવું છે. રાગનું પોતાના જ્ઞાનમાં રહીને જાણવું તે આત્માનું વ્યાપ્ય છે. સ્વભાવદષ્ટિમાં રાગ વ્યાપ્ય છે જ નહિ. રાગ વ્યાપ્ય અને હું વ્યાપક છું, એવી દષ્ટિ હોય તો તો અજ્ઞાનભાવ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? એઈ..! કેસરીચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, અહીંયાં બીજી વાત છે. આસ્રવ પણ ભિન્ન તત્ત્વ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક નથી. જુઓ! તેથી કહ્યું ને? **'આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.'** જુઓ! અત્યારે ચાલે છે એમાં જુઓ. **'આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.'** એક વસ્તુપણું નથી, વસ્તુપણું શબ્દ પડ્યો છે. એકવસ્તુપણું નથી. છે ને એમાં લીટી? આ રીતે વિકારી પરિણામને અને આત્માને ખરેખર એકવસ્તુપણું નથી. આહાહા..! આસ્રવ ભિન્ન તત્ત્વ છે, જ્ઞાયક ભિન્ન તત્ત્વ છે. જ્ઞાયકનું ભિન્ન તત્ત્વનું રાગથી ભિન્ન ભાસ થયો તો શુદ્ધ પરિણમન જ એનું વસ્તુત્વ છે. રાગ એનું વસ્તુત્વ નથી. આ રીતે,.. જુઓ! **'આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી...'** જુઓ! આ પ્રમાણે-આ પ્રમાણે કહેલી રીતથી આત્મા અને વિકારનું વિશેષ-તફાવત જોવાથી **'જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે...'** રાગનો-વિકલ્પનો અને નિરાસ્રવી ભગવાન આત્મા, એનો ભેદ જાણે છે **'ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...'** ત્યારે રાગ મારું કાર્ય અને હું કર્તા, એવી અજ્ઞાનબુદ્ધિનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? અહીં તો અજ્ઞાનનો નાશ એ જ જ્ઞાનની ઉત્પત્તિ અને એ જ મોક્ષનો માર્ગ સિદ્ધ કરવો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'આ પ્રમાણે આત્મા અને...'** સંવરમાં તો લીધું છે ને? ભાઈ! સંવરમાં તો ત્યાં સુધી લીધું છું, આ લીધું છે, સંવરમાં ત્યાં સુધી લીધું છે કે વિકારના પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના પ્રદેશથી ભિન્ન છે. તેના પ્રદેશ જ ભિન્ન છે, એમ લઈ લીધું છે. સંવર અધિકારમાં પહેલા શરૂઆતમાં. ભગવાન આત્માના શુદ્ધ પ્રદેશ, શુદ્ધ ચૈતન્યઘન તે પોતાના પ્રદેશ. એમાં જે વિકાર ઉત્પન્ન થાય છે એના તો પ્રદેશ જ ભિન્ન છે, એમ કહી દીધું છે. પ્રદેશ ભિન્ન છે, વસ્તુ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે. જાઓ. આહાહા..! વસ્તુ ભિન્ન છે. પુદ્ગલ પરિણામ છે, પોતાની વસ્તુમાં નથી. ભાઈ! એ ચૈતન્યપ્રભુ છે, રાગ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન નામ ચૈતન્યનો અંશ એમાં નથી. જ્ઞાનમૂર્તિમાં ચૈતન્યના અંશનો અભાવ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? જ્ઞાનમૂર્તિ ભગવાન ચૈતન્યજ્યોતમાં રાગ તો ચૈતન્યના અંશના અભાવરૂપ છે, જેને હમણાં ૭૨માં જડ કહેશે. જડ છે, અશુચિ છે, વિપરીત છે. સમજાય છે કાંઈ?

**'આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે...'** બેની જુદાઈ જોવે છે, ભિન્ન જુએ છે. એક દેખે તો મિથ્યાદષ્ટિ થયો. **'ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં...'** અજ્ઞાન અનાદિનું છે. **'અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી કર્તાકર્મ પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...'** વિકારી પરિણામ જ્ઞાનના ભાન વિના અજ્ઞાનથી, હું કર્તા અને વિકાર મારું કાર્ય, એ પોતાનો સ્વભાવ રાગથી ભિન્ન જાણવાથી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ નાશ થાય છે. સમજાય છે કાંઈ? આ મૂળ ચીજ છે, મૂળ ચીજ છે. **'તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો...'** બસ, અહીં તો ઈ વાત લેવી છે. **'પૌદ્ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.'** આહાહા..!

પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગથી ભિન્ન જાણવા માત્રથી, એકતાબુદ્ધિ ટળવાથી સ્વભાવમાં એકતા થવાથી, રાગથી એકતા ટળવાથી જે એકતાની બુદ્ધિ (હતી કે) રાગ મારું કાર્ય અને (હું) કર્તા, એવી અજ્ઞાન (રૂપ) પ્રવૃત્તિ હતી, તો એકતાબુદ્ધિ ટળવાથી અજ્ઞાભાવની નિવૃત્તિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? **'તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો...'** જુઓ! એની અહીંયાં વાત લેવી છે. **'પૌદ્ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. એમ થતાં, જ્ઞાનમાત્રથી જ...'** રાગ ને વિકલ્પ ને વિકૃત અવસ્થાથી ભિન્ન ભગવાનનું ભેદજ્ઞાન કરવામાત્રથી જ **'બંધનો નિરોધ સિદ્ધ થાય છે.'** એને બંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? ભાવાર્થ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ઉત્તર આપ્યો. મહારાજ! કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? જુઓ! **'कदाऽस्या कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति चेत्'**. આ કારણે. રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન જાણવાથી પોતાના શુદ્ધ પરિણમનમાં, રાગનું કાર્ય મારું, એવી જે અજ્ઞાનપ્રવૃત્તિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતી તે છૂટી ગઈ. એકલું સમ્યગ્જ્ઞાન થયું, રાગથી ભિન્ન પોતાનું શુદ્ધ પરિણમન, એ જ્ઞાનથી જ બંધનો નિરોધ થઈ ગયો. બંધ છે જ નહિ. દ્રવ્ય-ગુણ અબંધ અને અબંધ પરિણામ. એમાં બંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઈ ક્રિયા વળી? પ્રશ્નકર્તા અમારે દલાલ છે. પછી ક્રિયા કરવી? શું ક્રિયા કરે? સ્વરૂપમાં એકાગ્ર થાય છે ઈ જ એની ધાર્મિક ક્રિયા છે. વચ્ચે વિકલ્પ આદિ રાગ આવ્યો તેનો પણ આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. વ્રતનો વિકલ્પ આવે છે તે રૂપે પરિણમતો નથી, જ્ઞાતા-દૃષ્ટા છે. એવી વાત છે. આ જ ક્રિયા છે. સ્વાભાવિક તો પહેલાં કહ્યું હતું ને? સ્વભાવભૂત ક્રિયાને નિષેધવામાં નથી આવી, એ તો પોતાનું સ્વરૂપ છે. રાગની એકતાની વિભાવિક ક્રિયાનો નિષેધ થઈ શકે છે માટે તે પોતાની ક્રિયા નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે;...'** જુઓ! વિકારી પરિણામ અને ભગવાન આત્મા જુદી ચીજ છે. **'જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે...'** જુઓ! **'અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.'** હવે શિષ્ય પ્રશ્ન કરે છે. મહારાજ! **'જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?'** એકલું આત્માનું ભાન થયું, ભેદજ્ઞાન થયું તેનાથી બંધનો નિરોધ કઈ રીતે થાય? એની ૭૨મી ગાથા છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૧૦, શનિવાર તા. ૨૪-૯-૧૯૬૬**
**ગાથા-૭૨. પ્રવચન-૧૩૮**

૭૨, ૭૨. શિષ્યે પ્રશ્ન કર્યો. ‘**હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**’ જ્ઞાનમાત્રથી જ બંધ કઈ રીતે અટકી જાય છે? નિરોધ થાય છે? ઉત્તરમાં એમ કહ્યું, પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ રાગરહિત છે એવી દૃષ્ટિ કરીને શુદ્ધ ચૈતન્યમાં પોતાપણું અનુભવ કરીને રાગને લક્ષમાં, વૃત્તિમાંથી છોડી દીધો તો પોતાના સ્વભાવનું ભાનમાં રાગથી રહિત ભાન થયું. એટલા જ્ઞાનમાત્રથી બંધ થતો નથી. અજ્ઞાનજન્ય બંધને અહીં બંધ કહેવામાં આવ્યો છે. અજ્ઞાનજન્ય. અસ્થિરતાનો બંધ એ બંધપંક્તિમાં છે. જ્ઞાનમાત્રની દશામાં એ નથી. સમજાય છે કાંઈ? એ ખુલાસો ૭૨ ગાથાના ભાવાર્થમાં આવશે. અહીંયાં તો આત્મા.. કર્તા-કર્મ છે ને? વિકારી પરિણામનું લક્ષ, કાર્યપણું વૃત્તિમાંથી છોડીને પોતાનું જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં એકાકાર થઈને શુદ્ધ સ્વભાવના કાર્યનો કર્તા થાય ત્યારે અજ્ઞાનજન્ય કર્તા-કર્મપણું છૂટી જાય છે. સમજાય છે કાંઈ? એમ સમ્યગ્જ્ઞાન ભેદજ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. ભેદજ્ઞાનમાત્રથી જ્ઞાનીને બંધ થતો નથી. સમજાય છે કાંઈ?

પૂછે છે કે ‘**જ્ઞાનમાત્રથી જ...**’ જ્ઞાનમાત્રથી એનો અર્થ-રાગથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાનનું જ્ઞાનવેદન અને જ્ઞાનમાં રમણતાને અહીંયાં જ્ઞાનમાત્ર કહેવામાં આવ્યું છે. તેનાથી ‘**બંધનો નિરોધ કઈ રીતે થાય છે? તેનો ઉત્તર કહે છે :-**’ આવી જેને અંતરમાં જિજ્ઞાસા છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. અમથા સમજાવે છે એવી વાત નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને અંતરમાં આવી સમજવાની જિજ્ઞાસા થઈ કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વિકારથી ભિન્ન પોતાનું ભાન થવામાત્રથી કર્મનો બંધ તેને થતો નથી. કેમ કે અજ્ઞાનભાવ રાગનો કર્તા અને રાગ મારું કાર્ય, એ નાશ થઈ ગયો. પોતાના સ્વભાવના ભાનમાં જ્ઞાનીને બંધ નથી અને અજ્ઞાનપણાનો ભાવ નથી. સમજાય છે કાંઈ? તો આમ કેમ થાય છે? એમ પ્રશ્ન કરે છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? મુખ્યપણે જ્ઞાનીને બંધ નથી એ સિદ્ધ કરવું છે. એ પ્રશ્નનો ઉત્તર :-

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**
**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ટીકા :- 'જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે;...'** સમજાય છે કાંઈ? જેમ પાણીમાં-જળમાં શેવાળ છે તે મેલ છે-મળ છે. એ મેલ-મળની **'શેવાળની માફક...'** એ મેલ-શેવાળ છે. શેવાળ સમજો છો ને? કાઈ. **'શેવાળની માફક આસ્રવો...'** ભગવાન આનંદસ્વરૂપ આત્મામાં પુણ્યાદિના ભાવ છે તે શેવાળ સમાન-કાઈ-મળ-મેલ-છે. સમજાય છે કાંઈ? છે? ૭૨ ગાથા છે ને? ટીકા. જળમાં શેવાળ છે તે જળનો સ્વભાવ નથી, એ તો મેલ છે. **'શેવાળની માફક...'** શેવાળની પેઠે, શેવાળના પ્રકારે આસ્રવ-પુણ્ય અને પાપના વિકલ્પ, શુભાશુભ ભાવ જળમાં શેવાળ છે, એમ ભગવાન આત્મામાં એ મેલ દેખાય છે. શુભાશુભભાવ મેલ છે-મળ છે. તે મેલપણે અનુભવાય છે. સમજાય છે કાંઈ? તેથી તે **'અશુચિ છે...' 'णादूण आसवाणं असुचित्तं'**. એનો ખુલાસો કરે છે. અશુચિ છે. પુણ્ય-પાપના ભાવ, વ્રત-અવ્રતના વિકલ્પ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો શુભરાગ શેવાળની માફક અશુચિ છે. આહાહા..! અપવિત્ર છે.

**'અને ભગવાન આત્મા...'** એની સામે. જુઓ! ભગવાન આત્મા એમ અમૃતચંદ્રાચાર્યે લીધું. પ્રભુ આત્મા **'તો સદાય અતિનિર્મળ...'** સદાય અતિ નિર્મળાનંદ પ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? જળમાં શેવાળ-મેલ-મળ છે, એમ આસ્રવભાવ મળ-અશુચિ-આપવિત્ર છે. ભગવાન આત્મા સદાય અતિનિર્મળ. શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ નિર્મળ આનંદરૂપી જળ એમાં ભર્યું છે. આહાહા..! તે **'અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...'** અનુભવાય છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવરૂપ અનુભવમાં આનંદરૂપ, શાંતરૂપ, ચૈતન્યના પ્રકાશરૂપ અનુભવમાં આવનારો આત્મા છે. સમજાય છે કાંઈ? તેથી **'અત્યંત શુચિ...'** પવિત્ર અને ઉજ્જ્વળ ભગવાન આત્મા છે. એમ **'णादूण'** એમ લેવું. **'णादूण'**. બે વચ્ચે આવો તફાવત જાણીને, બે વચ્ચે આવો તફાવત જાણીને **'णादूण'** શબ્દ છે પહેલો. સમજાય છે કાંઈ?

શુભ-અશુભભાવ અશુચિ, અપવિત્ર, મેલ છે. ભગવાન અતિ ત્રિકાળ સદાય અતિનિર્મળ ચૈતન્ય સ્વભાવ પવિત્રપણાથી અનુભવમાં આવનારી વસ્તુ છે. એમ **'णादूण'**. એમ લેવું. છેલ્લે લેશે, પણ પહેલેથી લેવું. બે વચ્ચે આવું ભેદજ્ઞાન જાણીને.. સમજાય છે કાંઈ? **'तदो णियत्तिं कुणदि जीवो'** એ ચોથું પદ છે. શું કહ્યું સમજાણું? વિકાર પરિણામ મલિન, અશુચિ (છે). ભગવાન નિર્મળ પવિત્ર છે. એમ અંદર ભેદજ્ઞાન કરવાથી, પોતાના સ્વભાવસન્મુખ થવાથી અશુચિથી-આસ્રવથી નિવૃત્તિ થાય છે. અશુચિ પરિણામમાં આત્માની પ્રવૃત્તિ થતી નથી. સમજાય છે કાંઈ? જે મેલપણે અનુભવમાં આવે અને જે નિર્મળ ચૈતન્યભાવ નિર્મળપણે અનુભવમાં આવે છે. એમ બે ચીજ વચ્ચે **'णादूण'** નામ સમ્યગ્જ્ઞાન કરીને પોતાનો સ્વભાવ-ચૈતન્ય સ્વભાવ અતિનિર્મળ છે, એમ જાણી વિકાર મલિન, અશુચિ છે એમ જાણીને તેના તરફનું લક્ષ છોડીને, પોતાના આશ્રયમાં લીન રહીને પુણ્ય-પાપના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આસ્રવથી નિવૃત્ત થાય છે. જ્ઞાની પુણ્ય-પાપના આસ્રવથી નિવૃત્ત અભાવસ્વરૂપ પરિણમે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! કેવી વાત કરે છે!

ભાઈ! તારી ચીજ જ એવી છે. ભગવાન કાયમ સદા અતિનિર્મળ ચૈતન્યસ્વભાવથી અનુભવમાં આવનારી ચીજ અને પુણ્ય-પાપના ભાવ તો મેળપણે અનુભવમાં આવનારા ભાવ છે. બે વચ્ચે '**णादूण**'. બે વચ્ચે આવું જ્ઞાન કરીને પોતાનો આનંદ ચૈતન્ય સ્વભાવ તરફ ઝુકવાથી એ અશુચિ તરફની નિવૃત્તિ થઈ જાય છે. શુભાશુભભાવ પોતાની પર્યાયમાં પરિણમતા નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**' ઈ પહેલા શબ્દનો અર્થ થાય છે. સમજાય છે કે નહિ? '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**' પાઠ આવો છે. એમાંથી અમૃતચંદ્રાચાર્યે અશુચિ સામે શુચિ આત્મા કેવો છે એમ કાઢ્યું. પાઠમાં તો એમ છે કે '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. પણ જાણનાર કોણ? હું જાણનાર ચૈતન્ય સ્વભાવ સદા નિર્મળ એમ પોતાના જ્ઞાનમાં રહીને અશુચિ મળરૂપ પવિત્ર નહિ, એ પુણ્ય-પાપ તો અપવિત્ર છે. એમ એનું લક્ષ છોડીને પોતાના સ્વભાવમાં ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થાય છે તો જ્ઞાની આસ્રવ અને સ્વભાવના ભેદમાં '**णादूण**' જ્ઞાન કરીને આસ્રવોથી નિવૃત્ત છે. આસ્રવથી નિવૃત્ત છે. પોતાની પર્યાયમાં આસ્રવનો અભાવ છે. થોડી સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ?

સદા અતિનિર્મળ એવો ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવનો અનુભવ થવાથી મલિન પરિણામથી નિવૃત્તરૂપ થાય છે. એનું નામ જ્ઞાનમાત્રથી આસ્રવ રોકાઈ ગયો અને જ્ઞાનમાત્રથી તેને બંધ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અત્યંત શુચિ-પવિત્ર છે ભગવાન આત્મા. એવો જ્ઞાયક ચૈતન્ય તરફ, પવિત્ર તરફનો ઝુકાવ થવાથી ચૈતન્યસ્વભાવ અતિનિર્મળનો અનુભવ થવાથી પોતાનું લક્ષ અને દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી શુભાશુભ પરિણામનું ભેદજ્ઞાન કરવાથી શુભાશુભ પરિણામથી ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં, અનુભવમાં એની નવૃત્તિ કરે છે. આસ્રવભાવ પોતાના સ્વભાવમાં આવવા દેતો નથી, ઉત્પન્ન થતાં નથી. સમજાય છે કાંઈ?

જુઓ! આ ભેદજ્ઞાન. અને એ જ્ઞાનમાત્રથી અજ્ઞાનભાવનો નાશ થાય છે અને અજ્ઞાનથી બંધ થાય છે તે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ જાય છે. જ્ઞાનમાત્રથી અર્થાત્ શુદ્ધ સ્વભાવનો અનુભવ, એમાં દૃષ્ટિ પણ આવી, સ્વસંવેદનજ્ઞાન પણ આવ્યું અને એમાં રોકાણો એટલું સ્વરૂપાચરણ પણ આવ્યું. તેને અહીંયાં જ્ઞાનમાત્ર કહે છે. સમજાય છે કાંઈ? '**णादूण**' શબ્દમાં આટલું પડ્યું છે. પાઠ તો એટલો છે કે '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. પણ નિવૃત્તિ તો નાસ્તિથી થઈ, નાસ્તિથી. અસ્તિ શું? એ તો નાસ્તિથી થયું. અસ્તિ શું? સમજાય છે કાંઈ? અસ્તિ-ચૈતન્યસ્વભાવ સદા નિર્મળાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન એ અસ્તિ. સમજાય છે કાંઈ? અતિનિર્મળાનંદ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાનઘન વિજ્ઞાનઘન, નિર્મળાનંદ પ્રભુની દૃષ્ટિ કરવાથી, ચૈતન્યભાવનો અનુભવ થવાથી એ શુભાશુભ પરિણામની અંદર નિવૃત્તિ થાય છે. સમજાય છે કાંઈ? આ વાતની વાત નથી. સમજાય છે કાંઈ? આ વિકલ્પની વાત નથી. વિકલ્પથી આસ્રવથી નિવર્તે છે એમ પણ નથી. ફક્ત આસ્રવ મલિનથી રહિત ચિદાનંદ સદા અતિનિર્મળ પ્રભુ એવા ચૈતન્ય સ્વભાવથી દ્રવ્ય અનુભવમાં આવે છે, એમ આખું અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યું (તો) પુણ્ય-પાપના ભાવથી પર્યાયમાં નિવૃત્તિ થાય છે. જ્ઞાનમાત્રથી સદા નિર્મળ આત્મા અને અશુચિ-મેલ, બેના ભેદજ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. સમજાય છે કાંઈ? અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે સ્વરૂપાચરણ અને આનંદ, એટલાને અહીંયાં જ્ઞાન કહે છે.

આ અધ્યાત્મશાસ્ત્ર છે. અંતરમાં શુદ્ધ ચૈતન્ય ભગવાન અતિ નિર્મળાનંદ (છે), એમ જ્યાં ભાસ થયો તો પર્યાયમાં ચૈતન્યસ્વભાવનો અનુભવ થયો. અનુભવ થયો-અનુભૂતિ થઈ તો પુણ્ય-પાપના વિકલ્પનો એમાં અભાવરૂપ પરિણમન થયું. શુદ્ધ ચૈતન્યના સ્વભાવરૂપ પરિણમન થયું એની દૃષ્ટિથી તો પુણ્ય-પાપના ભાવના અભાવરૂપ પરિણમન થયું. તે અહીંયાં આસ્રવથી નિવૃત્તિ, '**णादूण**' જ્ઞાન કરીને નિવૃત્તિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એક વાત (થઈ).

હવે બીજું. '**विवरीयभावं**'. બીજું, '**विवरीयभावं**'. આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે, આ કંઈ ગોખવાની વસ્તુ નથી. આ તો અંતરમાં ઉતારવાની ચીજ છે. ભગવાન આત્મા અતિ શુદ્ધ ચૈતન્ય નિર્મળ, એના સ્વભાવસન્મુખ થઈને ચૈતન્યનું ભાન થયું તો એમાં દૃષ્ટિ, જ્ઞાન, રમણતા, આનંદ આદિ બધાનો અનુભવ થઈ ગયો. એવા જ્ઞાનમાત્રથી વિકારના પરિણામથી છૂટીને સ્વભાવના અસ્તિત્વમાં પરિણમન કરે છે તો એ આસ્રવથી નિવૃત્તિ થઈ ગઈ. આસ્રવથી નિવૃત્તિ થઈ તો બંધનું કારણ રોકાઈ ગયું તો બંધ થતો નથી. સમજાય છે કાંઈ? આ અનુભૂતિની વાત છે. જિનેશ્વરદાસજી! આહાહા..! સમજાય છે કે નહિ? બરાબર, બરાબર નહિ, અંદર બરાબર સમજવું ખ્યાલમાં આવે છે કે નહિ. એને સમજાયા વિના બરાબર ક્યાંથી આવ્યું? સમજાણું કે નહિ? શોભાલાલજી! આહાહા..!

'ભેદજ્ઞાન તે જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તૂ માન.' એ ધર્મદાસ ક્ષુલ્લક કહે છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ..' એમના કોઈ હશે, 'હેમરાજ તૂ માન.' સમજાય છે કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન, અગિયાર અંગ નવ પૂર્વનું (જ્ઞાન) એ જ્ઞાન નહિ. આહાહા..! ભગવાન આત્મા સદા અતિનિર્મળ પ્રભુ ઉપર દૃષ્ટિ કરવાથી જે પર્યાયમાં શુદ્ધતાનું ભાન થયું એ જ્ઞાનને જ્ઞાન કહે છે. એ જ્ઞાનમાં પ્રતીતિ આવી તેને સમકિત કહે છે, એ જ્ઞાનમાં લીનતા થઈ તેને સ્વરૂપાચરણ કહે છે, એ જ્ઞાનમાં આનંદનું વેદન થયું એ અનુભૂતિ આનંદનું વેદન કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સમજાય છે કાંઈ? આ સમ્યગ્દષ્ટિની ચોથા ગુણસ્થાનની વાત છે. આહાહા..! જયચંદ્ર પંડિત ભાવાર્થમાં ઈ ખુલાસો કરશે.

મુમુક્ષુ :- ઈ તો પંડિતનું છે.

ઉત્તર :- એમાં છે ઈ કાઢ્યું છે, પંડિત હોય તો શું? પંડિતની વાત નહિ લેવી, એમ કહે. પણ પંડિત, છે એમાંથી કાઢ્યું છે, પંડિત ઘરની વાત ક્યાં કરે છે? પાઠ શું છે? '**णादूण आसवाणं**'. સામે કહ્યું, અતિ નિર્મળાનંદ ભગવાનનો આશ્રય કર્યો (તો) આસ્રવ છે તેનાથી છૂટી ગયો. '**तदो णियत्तिं कुणदि**' એ આસ્રવનું પરિણમન થયું નહિ, જ્ઞાયકભાવનું પરિણમન થયું. એ તો પાઠ બોલે છે, એનો ખુલાસો કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘરની છે ક્યાં પણ? ઘરની તો છે ઘરની અંદરની, કલ્પનાની નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઘરની તો ઘરની છે, પણ કલ્પનાની નથી. પણ એ વાત શું છે? બે વચ્ચે કટ કરવો-ભેદ કરવો. કેમકે આ કર્તાકર્મ અધિકાર છે. પુણ્યનો વિકલ્પ મારું કાર્ય અને હું કર્તા, એ અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનભાવનો નાશ ક્યારે થાય છે? કે અશુચિ પરિણામથી ભિન્ન મારો શુચિ સદા નિર્મળાનંદ ભગવાન છે. એમ આશ્રય કરવાથી રાગની નિવૃત્તિ થાય છે તો રાગ મારું કાર્ય અને હું કર્તા, એમ એમાં હોતું જ નથી. હું શુદ્ધ ચૈતન્ય કર્તા અને આનંદાદિ મારું કાર્ય એ મારું કર્મ-કાર્ય છે. સમજાય છે કાંઈ? એ.. કેસરીચંદજી! ઝીણું પડે છે કે શું? આ તો મહાન સિદ્ધાંત છે. એમાં શબ્દ થોડા પડ્યા છે પણ ભાવ પડ્યા છે ઘણાં. ગાગરમાં સાગર ભરી દીધો છે.

એક શબ્દ-'**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. એટલા શબ્દનો આટલો અર્થ થયો. સમજાય છે કાંઈ? હવે '**णादूण आसवाणं विवरीयभावं तदो णियत्तिं कुणदि जीवो**'. એ બીજો બોલ આવે છે હવે. હોય છે એક સમયમાં સાથે, પણ સમજાવવામાં ક્રમ પડે છે. હોય છે એકસાથે. સમજાય છે કાંઈ? મલૂકચંદભાઈ ક્યાં છે? આવ્યા નથી. એટલે બધે બેઠા? કહો, સમજાણું? હવે બીજો બોલ. આ બોલનો ક્રમ કહે છે. અંદર ક્રમ નથી. અંદર તો એકસાથે છે. કહેવામાં ક્રમ પડ્યો છે. અંદર પહેલા અશુચિથી નિવૃત્ત થાય છે, પછી જડ અને આત્મા ચૈતન્ય એનાથી નિવૃત્ત થાય છે એવો ક્રમ નથી. સમજાવવામાં ક્રમ કરીને ત્રણ બોલ લીધાં છે. બીજો બોલ.

'**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' ચોથી પંકિત. '**णादूण विवरीयभावं तदो णियत्तिं कुणदि जीवो**' એનો બધો અર્થ છે. આસ્રવોને (અર્થાત્) પુણ્ય અને પાપના ભાવ છે તે જડસ્વભાવ છે. જુઓ! એ જડસ્વભાવ છે. ચૈતન્યસ્વભાવથી વિપરીત જડસ્વભાવ છે. જડનો અર્થ પરમાણુ એમ નહિ.

મુમુક્ષુ :- કઠણ પડે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- સ્પષ્ટ કરીએ છીએ ને. ધીમે ધીમે કરીએ છીએ, હજી તો પહેલો શબ્દ આવ્યો છે. સ્પષ્ટ કરીએ છીએ, એમ ને એમ નહિ જવા દઈએ. એમ વયુ નહિ જાય, સ્પષ્ટ કરીએ છીએ.

પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત વિકલ્પના ભાવ એ આસ્રવ છે, એ જડસ્વભાવત્વ-જડસ્વભાવપણું છે. જડસ્વભાવપણાનો અર્થ એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નહિ. પણ ચૈતન્ય જ્ઞાનનું નૂર-પ્રકાશના અંશનો એ રાગમાં અભાવ છે. એ અપેક્ષાથી એને જડસ્વભાવ કહ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એ તો ચૈતન્યસ્વભાવની મૂર્તિ, ચૈતન્યપ્રકાશનું નૂર ભરપૂર, ચૈતન્યના નુરથી ભરપુર એવો ભગવાન ચૈતન્ય છે. એમાં રાગ જે ઉત્પન્ન થાય છે, ચાહે તો તીર્થંકરગોત્રના બંધનો રાગ હો પણ છે જડત્વ સ્વભાવ. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે '**જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' રાગ રાગને જાણતો નથી, રાગ નજીકમાં આત્મા છે તેને જાણતો નથી. સમજાય છે કાંઈ? રાગ ઉઠ્યો-ઉત્પન્ન થયો એ રાગ અચેતન છે. અચેતનનો અર્થ ચૈતન્યના પ્રકાશની પર્યાયનો એમાં અભાવ છે. આખા ચૈતન્ય દ્રવ્ય-ગુણનો તો અભાવ છે પણ ચૈતન્યના પ્રકાશનું જે શુદ્ધ કિરણ છે તેનો પણ રાગમાં અભાવ છે. માટે રાગને જડત્વસ્વભાવ કહીને અચેતન કહ્યો છે. કેસરીચંદજી!

સૂર્યમાંથી તો કિરણ પ્રગટ થાય છે તો એ પ્રકાશમય હોય છે. એમાંથી અંધારુ નીકળે? સૂર્યમાંથી અંધારુ નીકળે છે? એમ ભગવાન આત્મા દ્રવ્ય અને ગુણ તો ચૈતન્યના નુરથી ભરપુર, આનંદકંદ આત્મા જ્ઞાયક છે. તો એમાંથી જે કિરણ નીકળે એ તો ચૈતન્યની પર્યાય નીકળે છે. જ્ઞાયકની શુદ્ધ પર્યાય નીકળે છે. આ રાગ એ ચૈતન્યની પર્યાય નહિ. એ ચૈતન્યના પ્રકાશનો રાગમાં અભાવ હોવાથી એ અપ્રકાશ વસ્તુ છે. માટે તેને જડત્વસ્વભાવ કહેવામાં આવ્યું છે. કેસરીચંદજી! હવે સમજાણું કે નહિ? જડ એટલે આ રજકણ નહિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નહિ. કહો. જુઓ!

'**આસ્રવો જડસ્વભાવપણે...**' ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ જડપણું છે, રાગ જડ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એમ નહિ પણ ચૈતન્યનો પ્રકાશ જે સ્વપરપ્રકાશનું કિરણ છે તેનાથી વિરૂદ્ધ રાગ છે. ચૈતન્યના પ્રકાશનો અંશ એ રાગમાં નથી. તેથી રાગને જડત્વસ્વભાવપણું કહ્યું. કેમ? કે રાગ પોતાને જાણતો નથી અને રાગ સાથે રહેલા જ્ઞાયકને જાણતો નથી. સમજાય છે કાંઈ? અરે..! કદી એણે પોતાનો પંથ શું છે એ લક્ષમાં લીધું નહિ. એમ ને એમ અનાદિથી ગડબડ ગડબડ કરી અને માની લીધું કે હું કાંઈક ધર્મ કરું છું. પ્રભુ! એ તો તારી ચીજ એવી છે, એમ કહે છે. શું છે?

મુમુક્ષુ :- રાગ પત્થરમાં થાય છે?

ઉત્તર :- પત્થરમાં કોણ કહે છે? અહીંયાં તો કહે છે કે ચૈતન્યના પ્રકાશનું પૂર,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેના નૂરના પૂરનો ભરપુર ભગવાન, એમાંથી કિરણ પ્રગટે તો ચૈતન્યની નિર્મળ જ્ઞાયકપર્યાય પ્રગટ થાય છે. રાગ છે એ ચૈતન્યના પ્રકાશના અભાવરૂપ રાગ છે. તો એને અહીંયાં જડસ્વભાવપણું કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ!

એ તો દૃષ્ટાંત આપ્યું છે ને? જુઓ! '**બીજા વડે જણાવાયોગ્ય છે...**' એમ તો સિદ્ધ કર્યું. રાગ પોતાને જાણતો નથી. કેમ કે જ્ઞાયકની પર્યાય નથી. ચૈતન્યનો અંશ-પ્રકાશનો અંશ નથી. તો બીજા વડે જણાવાયોગ્ય છે. સમજાય છે કાંઈ? '**(કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી...**' રાગ છે.. લાકડી જાણે છે? લાકડી છે એવા અસ્તિત્વને તે જાણે છે? એ વસ્તુના અસ્તિત્વને નથી જાણતી, લાકડી આત્માનું અસ્તિત્વ છે તેને જાણે છે? આત્માનું અસ્તિત્વ છે એમ લાકડી જાણે છે? નથી જાણતી. જ્ઞાયકસ્વભાવ ભગવાન છે, હું ચૈતન્ય છું એમ જાણે છે અને આ લાકડી છે એમ જાણે છે. આ લાકડીમાં બે સ્વભાવ નથી કે પોતાને જાણવું અને પરને જાણવું એવો સ્વભાવ નથી. એમ રાગમાં જડત્વસ્વભાવ હોવાથી રાગ પોતાને જાણતો નથી અને રાગ સાથે જ્ઞાયક પડ્યો છે એને પણ જાણતો નથી. આહાહા..! કેવી વાત કરી છે, જુઓ!

મુમુક્ષુ :- રાગમાં જાણવાની શક્તિ નથી.

ઉત્તર :- રાગમાં ક્યાં શક્તિ છે. રાગમાં શક્તિ છે? સમજાય છે કાંઈ?

જળ છે, જળ.. જળ. ઉષ્ણ છે-ગરમ. તો આ ગરમ છે એ તેનો વાસ્તવિક સ્વભાવ નથી. અને જળ છે તો તેનો વાસ્તવિક સ્વભાવ ઠંડો છે. એવો નિર્ણય રાગ કરે છે? રાગમાં તાકાત છે? સાંભળો! પાછળ આવે છે, શ્લોક આવે છે. પાણી ઉષ્ણ છે. તો જળ.. જળ કહે છે ને પાણીને? તો એનો સ્વભાવ ઠંડો છે. અને ઉષ્ણ છે તે વાસ્તવિક સ્વભાવ નથી. એવો નિર્ણય કોણ કરે છે? જ્ઞાનનું કિરણ નિર્ણય કરે છે કે વિકલ્પ-રાગ નિર્ણય કરે છે? રાગમાં તાકાત છે કે આ ઉષ્ણ છે અને એનો સ્વભાવ શીતળ છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનનો વિષય છે.

ઉત્તર :- જ્ઞાનનો વિષય છે. જ્ઞાનના ખ્યાલમાં આવ્યું કે જળ છે તો સ્વભાવ ઠંડો છે. વર્તમાન ઉષ્ણતા હોવા છતાં વસ્તુ ઠંડી છે. કેમકે એક સમયમાં ઉષ્ણતા હોવા છતાં જો અગ્નિ ઉપર નાખવામાં આવે તો અગ્નિને ગારો કરી નાખે. ઠંડી કરી નાખે. ગુલાંટ મારે, ગુલાંટ સમજ્યા? અધ મણ પાણી હોય, મણ પાણી ઉષ્ણ હોય. એ જ પાણી જેના નિમિત્તે ગરમ થયું, થયું પોતામાં, ગુલાંટ મારીને એ પાણી (અગ્નિ ઉપર નાખે) તો ગારો થઈ જાય. શીતળતાનો સ્વભાવ એનો કાયમ રહે છે. સમજાય છે કાંઈ? આવો નિર્ણય કોણ કરે? આ તો હજી પરપદાર્થનો સ્વભાવ અને ઉષ્ણતા એવો નિર્ણય કોણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે? એ તે જ્ઞાનનું કિરણ કરે છે કે રાગભાવ કરે છે? જ્ઞાનનું કિરણ કરે છે. સમજાય છે કાંઈ? એ કળશ આગળ આવશે. શાકમાં ખારાપણું છે અને આ શાક છે, એ નિર્ણય કોણ કરશે? રાગ નિર્ણય કરશે? સમજાય છે કાંઈ?

એમ રાગ છે અને આત્મા છે. તો રાગ નિર્ણય કરશે? એવો શ્લોક પાછળ આવે છે ને? ભાઈ! કેટલામો આવે છે ઈ? ઓલામાં છે ને એટલે ભૂલી જવાય છે. અમારે તો ગુજરાતી વાંચન હોય ને. ગુજરાતી હોય. કળશ ક્યો છે? ૯૭ ગાથા. એનો કળશ જુઓ! ૯૭ ગાથાનો શ્લોક. ૬૦મો કળશ છે. ૬૦મો કળશ જુઓ. '**ज्ञानादेव ज्वलनपटसौरौष्ण्यशैत्यव्यवस्था**' '**અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' જુઓ, અંદર નીચે છે. બધું દષ્ટાંત સહિત અમૃતચંદ્રાચાર્યે તો સિદ્ધ કર્યું છે. '**અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' જડથી નહિ, રાગથી નહિ. કહો, સમજાય છે કાંઈ? આ ઉષ્ણ, આ શીતળ સ્વભાવ એવો નિર્ણય જ્ઞાન કરે છે.

વ્યંજનના સ્વાદથી લવણના સ્વાદની સર્વથા ભિન્નતા જ્ઞાનથી જ પ્રગટ થાય છે. આ ખારાપણું છે ઈ લવણ છે. શાકનો સ્વાદ ભિન્ન છે. એ જ્ઞાન નિર્ણય કરે છે. શું રાગ નિર્ણય કરે છે? રાગમાં તાકાત છે? '**નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ, કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો-તોડતો થકો, જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' સમજાય છે કાંઈ? ઓહોહો..! અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્યે સમયસારમાં તો દરિયો ભરી દીધો છે. કોઈ પણ વાત દષ્ટાંત, સિદ્ધાંત એવી રીતે સિદ્ધ કર્યા છે. પણ એની દૃષ્ટિમાં પેસે નહિ તો એને સમજાય નહિ. બહારમાં ભટક.. ભટક.. ભટક કરે છે.

અહીં તો ત્રણ દષ્ટાંત આપ્યા. ભગવાન! એટલો તો તું નિશ્ચય કર કે આ જળ છે તે શીતળ છે, ઉષ્ણતા વાસ્તવિક સ્વભાવ નથી. એ નિર્ણય કોણ કરશે? આમ પાણી કાન ઉપર પડે તો કાન નિર્ણય કરશે? આ ઠંડુ છે એમ નિર્ણય... આ આંખ જોવે છે એ ઉષ્ણતાનો નિર્ણય કરશે? અંદર હાથ નાખે, પાંચ શેર ઊનું પાણી છે ને. શીતળ પાણી છે અને ઉષ્ણતા ભિન્ન છે, એ નિર્ણય હાથ કરશે? અર્થાત્ પાંચ ઈન્દ્રિયથી નિર્ણય નથી થતો એમ કહેવું છે. આ સુગંધ લે, પાણી ઠંડુ છે અને ઉષ્ણ (અગ્નિનો સ્વભાવ છે) એ નાકથી ખ્યાલમાં આવે છે? જીભ અડાડે પાણીને, લો. અડે તો ઉષ્ણ લાગે છે. ઠંડો સ્વભાવ છે એ નિર્ણય કોણ કરશે? જ્ઞાન જ કરે છે. સમજાય છે કાંઈ?

એમ પોતામાં રાગ છે તે જડ છે, હું ચૈતન્ય ભિન્ન જ્ઞાનાનંદ છું એ જ્ઞાન નિર્ણય કરે છે. જડમાં તાકાત નથી. એમ કહીને બીજી એક વાત કહે છે. રાગ વિકલ્પ છે તે અચેતન છે, એનામાં જાણવાની તાકાત નથી. એ તો બીજા દ્વારા જણાય છે. તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જડનો આશ્રય લઈને ચૈતન્યનું ભેદજ્ઞાન થાય છે એમ બનતું નથી. આહાહા..! ભાઈ! અહીં તો બીજી વાત કરવી છે કે પેલો વિકલ્પ વ્યવહાર કહે છે ને? વિકલ્પ વ્યવહાર અને વ્યવહારથી આ નિશ્ચય થાય છે. ભગવાન! એમ છે નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર શુભરાગ અને શુભઉપયોગ છે એ અચેતન છે, જડત્વ છે. એનાથી ચૈતન્યનું ભાન થાય છે? આહા..! એ તો અચેતન જડ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ એ તો અચેતન જડત્વ સ્વભાવ છે. એ રાગ પોતાને નથી જાણતો કે હું કોણ છું. આહાહા..! બહાદુરજી! ભગવાન આત્માની બહાદુરી.

અહીં તો ઈ કહે છે કે રાગ જે વિકલ્પ, ચાહે તો શુભ હો, અહીં તો મુખ્યપણે શુભથી જ ભેદ પડાવવો છે. કારણ કે અનંત કાળથી એણે શુભથી જ ભેદ કર્યો નથી. બાકી તો અશુભ તો પરિણામ તરીકે છોડ્યા, પણ મિથ્યાત્વરૂપી અશુભ ન છોડ્યું. સમજાય છે કાંઈ? જે અશુભમાં મૂળ અશુભ છે. બીજા પરિણામ મંદ કર્યા, દયા, દાન, વ્રતાદિ, બ્રહ્મચર્ય આદિ. પણ એ તો સાધારણ અશુભ છે, પરિમિત અશુભ છે. પણ મિથ્યાત્વ અપરિમિત અશુભ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ કે આખો ચૈતન્ય એક સમયમાં ભગવાન જ્ઞાનમૂર્તિનો આદર નહિ કરીને રાગ મારો છે, એમ પ્રતીત કરીને કર્તા થયો એ મહા મિથ્યાત્વ મહા અશુભ છે. એ અજ્ઞાનજન્ય મિથ્યાત્વનો નાશ કરવાની વાત ચાલે છે. આહાહા..! દેવીલાલજી! આહા..!

ભગવાન! કહે છે, પ્રભુ! એ રાગ છે, અમે તને ન્યાયથી કહીએ છીએ, સાંભળ! એ વિકલ્પ-રાગ ઉઠે છે, એ રાગમાં શું જાણવાની તાકાત છે? રાગ પોતાને જાણે છે? બીજી ચીજને રાગ જાણે છે? માટે રાગને જડત્વ સ્વભાવ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? ચાહે તો તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ પણ જડત્વ છે. આહાહા..! ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું અજ્ઞાન જ કહ્યું છે. બધું અજ્ઞાન છે. રાગ અજ્ઞાન (છે). અજ્ઞાનનો અર્થ વિપરીત માન્યતા એમ નહિ. અ-જ્ઞાન નામ જ્ઞાનનો અંશ એમાં નથી. ભાઈ! આહાહા..! ભગવાન ચૈતન્યમૂર્તિ, કહે છે કે ભાઈ! શુભરાગ છે ને, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો, અનાદિના મિથ્યાદષ્ટિને પણ, સમજાય છે? નવમી ગ્રૈવેયક ગયો. મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન એ રાગથી ભિન્ન હું, રાગ તો અચેતન છે તે પોતાને જાણતો નથી અને તે પરને નથી જાણતો. હું એને જાણનારો અને મને જાણનારો, પણ એવો આત્મા એણે રાગથી ભિન્ન પાડ્યો નહિ. રાગથી ભિન્ન કર્યા વિના જે ક્રિયાકાંડ કર્યા, બધા મિથ્યા દષ્ટિમાં ગયા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા મિથ્યાદષ્ટિ. .. એમાં શું? અજ્ઞાનરૂપી પાડો એની રાગની ક્રિયા ખાઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયો. સમજાય છે કાંઈ?

અથવા બીજી રીતે કહીએ તો પુણ્યભાવની અશુચિ છે તેની જેને રુચિ છે, તેને નિર્મળાનંદ ભગવાનની રુચિ નથી. બીજી રીતે કહીએ તો રાગ જે જડત્વસ્વભાવ છે, તેના આશ્રયે મારા ચૈતન્યનો પત્તો લાગી જાય તો એ મિથ્યારુચિ છે. જડત્વસ્વભાવમાં તાકાત નથી કે આત્માનું ભાન થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' જડત્વસ્વભાવ, અચેતનસ્વભાવ, ચૈતન્યના સ્વભાવનો અભાવસ્વભાવ. ચાહે તો જે ભાવે કોઈ પણ ૧૪૮ પ્રકૃતિ બંધાય એ બધા ભાવ જડત્વ છે. સમજાય છે કાંઈ? ચૈતન્યસ્વભાવથી બંધ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- તેનાથી તો નિર્જરા જ થશે.

ઉત્તર :- તેનાથી તો શુદ્ધતા જ પ્રગટ થશે. આહાહા..! અરે..! એને પોતાની વસ્તુનું કેટલું માહાત્મ્ય છે, કદી એણે રુચિ કરી જ નહિ. આ જડત્વસ્વભાવ પુણ્યની મીઠાશ. બહુ મીઠાશ.. મીઠાશ. હું કષાય મંદ કરું છું, કષાય મંદ કરું છું. મીઠાશ, જડની મીઠાશ. ચૈતન્યની મીઠાશનો અનાદર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ માને છે. માને છે ને. રાગના સ્વાદમાં જ મીઠાશ માને છે. સમજાય છે કાંઈ? પોતાના ચિદાનંદનો રાગથી ભિન્ન સ્વાદ ખબર નથી. કેમ કે એ જડત્વમાં પ્રેમ લાગ્યો છે. જડત્વ શબ્દે રાગ. જેમાં ચૈતન્યનો અંશ નથી એવા શુભરાગમાં પ્રેમ લાગ્યો છે. એ જડત્વમાં પ્રેમ લગાવવાથી આત્માનો સ્વાદ નથી આવતો. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સીધી સાદી વાત છે. આમાં કંઈ ઘણાં શાસ્ત્રો ભણવાની (જરૂર નથી).

ભગવાન ચૈતન્યજ્યોત ચૈતન્યનો સૂર્ય, કેવળજ્ઞાની સૂર્ય પ્રભુ આત્મા છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. સર્વ-જ્ઞ, જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ-સર્વજ્ઞ સ્વભાવ. વસ્તુ સર્વજ્ઞસ્વભાવી. સ્વભાવ સર્વજ્ઞ. જ્ઞ-એકલો પ્રકાશમૂર્તિ ચૈતન્ય છે. કહે છે કે એનાથી વિરુદ્ધ જે રાગ ઉત્પન્ન થયો, સર્વજ્ઞ અથવા પ્રકાશના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અંશ એ રાગમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સત્ય વાત શું છે, એ સાંભળવા મળે નહિ તો અંદર ગોઠે કેમ અને રુચે કેમ અને પરિણમન કેમ કરે? સમજાય છે કાંઈ? એમ ને એમ અનાદિથી ભટક.. ભટક.. ભટક.. દોડત દોડત દોડિયો, જેવી મનની દોડ. .. આમ કર્યું ને આમ કર્યું ને આમ કર્યું, પંચ મહાવ્રત પાળ્યા ને વ્રત પાળ્યા ને દયા કરી ને અવપાસ કર્યા ને માસખમણ કર્યા ને મહિના-મહિના સુધી આહાર ન કર્યો. પણ શું કર્યું તેં એમાં? તારા ચૈતન્ય જ્ઞાયક આનંદકંદનો તો આદર ન કર્યો અને ક્રિયામાં રાગ મંદ થાય એનો તેં આદર કર્યો. ઊલટી વાત થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

કોઈ કહેતું હતું ને? પ્રશ્ન થયો હતો ને? અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો તો પુરુષાર્થ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો ઘણો કર્યો. ના, ના. પુરુષાર્થ ઊંધો કર્યો, ઊલટો કર્યો. રાગની ક્રિયાને ચૈતન્યની ક્રિયા માનીને એણે આત્મધર્મ માન્યો. ઊલટો પુરુષાર્થ કર્યો છે. રાગક્રિયા જડત્વ છે. એની ક્રિયા આત્માની છે એમ માનીને એમાં ધર્મ માન્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું પુરુષાર્થ કર્યો? ઊલટો કર્યો. સુલટો કર્યા વિના એને પુરુષાર્થ કોણ કહે? આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે, અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આયા, તમારી હિન્દી (ભાષા).

કહે છે, આસ્રવોનો '**णादूण आसवाणं विवरीयभावं**' બીજા પદનો અર્થ ચાલે છે. વિપરીત ભાવ. '**णादूण**' વિપરીત ભાવ. એમાંથી ભગવાન અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું કે વિપરીત ભાવનો અર્થ શું? કે ચૈતન્યસ્વભાવથી રાગ વિપરીત સ્વભાવ છે. વિપરીત શબ્દ પડ્યો છે ને. '**णादूण आसवाणं विवरीयभावं**'. પહેલાં અશુચિનો અર્થ થઈ ગયો. '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. પછી '**णादूण आसवाणं विवरीयभावं तदो णियत्तिं कुणदि जीवो**'. રાગનો વિકલ્પ શુભ હો, પંચ મહાવ્રતનો હો કે દયા, દાનનો હો કે ચાહે તો મૂર્તિ બનાવવાનો, મંદિર બનાવવાનો શુભભાવ હો, પણ એ શુભભાવ... દુઃખરૂપ પછી કહેશે, એ શુભભાવ જડત્વસ્વભાવ છે. આહાહા..! એ.. ન્યાલભાઈ! શું આ બધું સાંભળ્યું? એમાં છે ને? જુઓ! પુસ્તક હાથમાં રાખ્યું છે કે નહિ? કેસરીચંદજી! અહીંયાં તો કેસરિયા કરવાની વાત છે. આહાહા..!

ભગવાન! તું અંદર ચિદાનંદ પ્રભુ છો ને! એનાથી વિપરીત. પાઠ એમ છે ને? ભગવાન કુંદકુંદાચાર્ય. વિપરીત. જે ભાવ શુભ છે, અશુભ તો વિપરીત છે જ, પણ શુભભાવ-રાગની મંદતાનો ભાવ, એ ચૈતન્યસ્વભાવથી વિપરીત ભાવ છે. વિપરીત ભાવ છે તેથી તેને જડસ્વભાવ કહે છે. જડસ્વભાવ કહે છે કેમ? કે એ પોતાને જાણતો નથી અને જડસ્વભાવની પાછળ આત્મા આનંદકંદ પડ્યો છે, તેને પણ જાણતો નથી. એનો અર્થ શું થયો? કે રાગથી આત્મા જાણવામાં નથી આવતો, ભાઈ! આહાહા..! વ્યવહારની ક્રિયાકાંડથી આત્મા જાણવામાં આવતો નથી, એમ કહે છે. એઈ..! શેઠ!

મુમુક્ષુ :-

ઉત્તર :- જ્ઞાનીને રાગ થતો જ નથી, અહીં તો એમ કહે છે. રાગ, અસ્થિરતાના રાગથી પોતાનું પરિણમન ભિન્ન છે. સમજાય છે? અહીંયાં એ વાત સિદ્ધ કરવી છે. અસ્થિરતાનો રાગ ગૌણ કરીને, વ્યવહાર કહીને, અસત્યાર્થ કહીને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે જ નહિ. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો (વકીલની) વકીલાત પણ ચાલતી નથી, એવી ચીજ છે આ તો. બહારમાં કહે, ના, ના. આમ છે ને તેમ છે. શાસ્ત્રમાં કહ્યું છે ને, વ્યવહાર સાધન છે. સાધન છે. નિયતનો હેતુ-કારણ છે. છ ઢાળામાં નથી આવતું? છ ઢાળામાં આવે છે ને? જિનેશ્વરદાસજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિયતનો હેતુ. વ્યવહાર નિયતનો હેતુ. વ્યવહાર નિમિત્તથી કથન છે. હેત-ફેતુ નિશ્ચયથી છે નહિ. વ્યવહારનયનું કથન છે. અન્યની અપેક્ષા કરીને કથન કરે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અન્યથા કથન કરે.

ઉત્તર :- વ્યવહારનય અન્યથા કથન કરે. છે નહિ અને હેતુ કહે છે તેનું નામ વ્યવહારનય છે. એમ તેનો હેતુ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. એ હેતુ નથી.

હેતુ ભગવાન આત્મા રાગથી ભિન્ન પોતાના સ્વભાવમાં સાધન-કરણ નામનો ગુણ અનાદિ પડ્યો છે. તેનું અંતર લક્ષ કરવાથી પોતાની શ્રદ્ધા-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે. રાગની મંદતાથી, નિમિત્ત છે તો તેનાથી (થયું, એમ નથી). નિમિત્ત ત્યારે કહેવાણું કે પોતે પોતાથી સ્વભાવ સન્મુખ થઈને અનુભવ કર્યો તો રાગની મંદતાને વર્તમાન અથવા પૂર્વ નયની અપેક્ષાથી વ્યવહાર કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- કર્મની મંદતા..

ઉત્તર :- નહિ, નહિ. કર્મની તો વાત જ ક્યાં છે અહીંયાં. એ તો ધૂળ રહી ગઈ જડમાં. અહીં તો એની પર્યાયમાં રાગની મંદતા એ જડ છે, એમ કહે છે. (કર્મતો) જડ છે જ. એ તો અચેતન પરમાણુ છે. તો એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અચેતન જ છે. કર્મનું દ્રવ્ય, એની શક્તિ, એની પર્યાય બધું અચેતન છે. એ તો બધા અચેતન, ત્રણે સર્વ અચેતન છે. પણ આત્મામાં થનારો અચેતન જડત્વ છે, એ અહીં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? અચેતન કઈ રીતે મદદ કરે? નિમિત્ત હોય તો થાય. નિમિત્ત ક્યાંથી આવ્યું તારું? સાંભળ તો ખરો. કંઈ ખબર ન મળે. રાગ અચેતન છે.

કહે છે કે '**णादूण आसवाणं विवरीयभावं**'. ભગવાન આત્મા પછી કહેશે. એમાં કહ્યું છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય, દેખો! '**બીજા વડે જણાવાયોગ્ય છે...**' કોણ? રાગ. શુભરાગ-મંદ કષાયનો ભાવ એ પોતાને જાણતો નથી, બીજા વડે જાણવાલાયક થયો. એ તો જ્ઞાયકસ્વભાવની પર્યાય થઈ તે રાગને જાણે છે. રાગ રાગને જાણતો નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! તેમ આ જડ રજકણ નહિ, હોં! પાછું. પહેલા કહ્યું હતું. આ જડત્વ સ્વભાવ ઈ રજકણ નહિ, રંગ, ગંધ, રસ, સ્પર્શ નહિ. ઈ વાત છે. છે તો અરૂપી વિકૃત દશા. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ ચૈતન્યના પ્રકાશના કિરણનો રાગમાં અભાવ છે માટે જડત્વ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

સમયસાર એટલે આત્મા પ્રસિદ્ધ કરી દીધો છે. આહાહા..! આ ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ ક્યારે થાય છે? ઈ સવારે આવ્યું આપણે. સમજાય છે કાંઈ? આસ્રવ જડ છે, એ પોતાને અને પરને નથી જાણતા. બીજા જ જાણે છે. શું અર્થ કર્યો? રાગ છે એ અચેતન છે, જડત્વ છે. એ બીજો જાણે છે. રાગથી ભિન્ન પડીને આત્મા જાણ્યો તો પોતાના જ્ઞાનમાં પોતાને જાણ્યો, રાગ છે તેને જાણ્યો. બીજા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વડે રાગ જાણવાલાયક છે. રાગથી રાગ જણાતો નથી. રાગથી રાગ જણાતો નથી, રાગથી આત્મા જણાતો નથી. આહાહા..! ભારે વાત. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચેતનથી ચેતન... થઈ શકે છે.

ઉત્તર :- હા, ઈ. ચૈતન્ય ભગવાન પ્રકાશનું પુર છે. પ્રકાશના પુરમાં રાગ તો અંધકાર છે. આહાહા..! એ અંધકાર અને પ્રકાશ એક કઈ રીતે થઈ શકે? એમ કહે છે. ન થઈ શકે. આસ્રવ અને આત્મા એક ન થઈ શકે. આહાહા..! સમજાય છે કાંઈ? શાંતિથી વસ્તુ શું કહે છે એની ખબર નહિ અને પોતાની કલ્પનાથી અર્થ કરે અને માને કે મેં શાસ્ત્ર વાંચ્યા. સમજાય છે કાંઈ? એમ ન ચાલે. આ તો આત્મા જેવો છે એવા ભાવથી અર્થ સમજવા જોઈએ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બહુ કાર્યકારી છે, ભાઈ! પ્રભુ તો એક જ વાત છે. સમજાય છે કાંઈ? એ અમારે પહેલાં કહેતા, 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' શું કહેવાય? દલપત મોટા હતા, કવિ હતા. કવિ અને નિશાળના મોટા.. શું કહેવાય? રતિભાઈ આવ્યા છે કે નહિ? એ શું કહેવાય મોટા તમારા? ડેપ્યુટી. ડેપ્યુટી કહેતા. દલપત કવિ. નાનાલાલ તો એના દીકરા. નાનાલાલના બાપ. નાનાલાલ તો અહીંયાં (સંવત) ૧૯૯૨ની સાલમાં આવ્યા હતા. આ તો એના પિતા. ક.દ.ડા. એમ લખતા ને? ક.દ.ડા. એટલે કવિ દલપતરામ ડાહ્યાભાઈ. ત્રણ અક્ષરનું નામ. ક.દ.ડા. કવિ દલપતરામ ડાહ્યાભાઈ. એણે આ લખ્યું હતું. 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' વાંચ્યા કરે પણ એનો સાર શું છે ઈ સમજે નહિ. સમજાય છે કાંઈ?

દૃષ્ટાંત પણ આપતા હતા. નહિ? 'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકામાંહી.' શું કહ્યું? ફાનસ હોય ને? ફાનસ. ફાનસને (શું કહે છે)? લાલટેન. એમાં આમ લાલ દીવો થાય ને. છોકરાને પિતાજીએ કહ્યું, દીકરા! ફાનસને સળગાવો. સળગાવોને શું કહે છે? જલાઓ. ફાનસ સળગાવો. અંધારું છે, ફાનસને સળગાવો. એણે તો ભડકો કરીને મોટો દીવો કર્યો એમાં ફાનસ નાખી દીધું. જલાઓ કહો છો ને તમે? સળગાવો કહ્યું ને? ફાનસને સળગાવો. અગ્નિમાં નાખી દીધું. એમ અર્થ કરે છે. ફાનસ સળગાવો કહ્યું. સળગાવોને શું કહ્યું? જલાઓ. ફાનસ સળગાવો. લાવો, .. અરે..! સળગાવવાનો અર્થ દીવો કરો. બત્તી લગાવો, એમ કહેતા હતા. સમજાય છે કાંઈ? આ તો એક દૃષ્ટાંત આપ્યું. એમ સમજે નહિ. જ્યાં વ્યવહાર કહ્યો, વ્યવહાર નિમિત્તને કારણ કહ્યું, (તો કહે), જુઓ! કહ્યું. શું કહ્યું છે? સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? આહાહા..!

સર્વવિશુદ્ધ અધિકારમાં આવ્યું છે. શાસ્ત્રના અર્થ કેમ કરવા એના ભાન વિના... સર્વવિશુદ્ધમાં આવ્યું ને? ભાઈ! પ્રજ્ઞાના દોષથી શાસ્ત્રના અર્થ બીજા કરીને કર્મથી આત્માને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકાર થાય છે એમ માને છે. મૂઢ લોકો એમ માને છે, એમ લખ્યું છે. લખ્યું છે. અર્થનો અનર્થ કરે છે. કર્મથી અમારામાં થાય છે, રાગથી આત્મામાં થાય છે. સર્વવિશુદ્ધ અધિકારમાં લખ્યું છે. પોતાની બુદ્ધિના દોષથી એમ અર્થ કરે છે. અમારો એમ કહેવાનો આશય નથી. શું પરદ્રવ્ય તને વિકાર કરાવે છે? પરદ્રવ્ય તારા જ્ઞાનનો ઉઘાડ કરે છે? પરદ્રવ્યથી તને નિંદ્રા આવે છે? સમજાય છે કાંઈ? પરદ્રવ્ય શું તને કરે? તારી પર્યાય તારાથી થાય છે. શું કહ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ આગળ કહે છે ને. રાગ-દ્વેષ મારો દોષ છે એમ નથી માનતો અને પરનો અપરાધ માને છે, પરનો જ અપરાધ છે. મૂઢ છો. પરનો અપરાધ માનીશ તો તારે અપરાધ છોડવો ન રહ્યો. એ છૂટે તો તારો અપરાધ છૂટી જશે. એમ નથી. તું પોતે જ અપરાધ કરે છે. તું જ અપરાધ કરે છે અને અપરાધ કર્મને માથે નાખે છે, મોટો અન્યાય કરે છે, મોટો અન્યાય કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. મોહ ઉતરશે નહિ. ઉતરશે ક્યાંથી? વિકાર ઈ કરાવે છે, ઈ કરાવે છે. તો વિકાર ટાળવાનો અધિકાર તારો અધિકાર રહ્યો નહિ. અહીં તો વિકાર છે ઈ પોતાથી થયો છે, એનાથી પણ ભિન્ન આત્મા બતાવવો છે. પરથી તો ભિન્ન થઈ ગયો. પોતાના રાગથી ભિન્ન છે. સમજાય છે કાંઈ?

જુઓ! '**માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' કોણ? શુભરાગ. ચાહે તો તીર્થંકર ગોત્ર બંધાય ઈ, ચાહે તો આહારક શરીર બંધાય ઈ, ચાહે તો સર્વાર્થસિદ્ધનો ભવ બંધાય ઈ. એ રાગ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો છે. એ રાગ જડસ્વભાવ છે. પોતાને જાણતો નથી, પરને-ચૈતન્યને જાણતો નથી. માટે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો છે. કહો, સમજાય છે કાંઈ? '**ભગવાન આત્મા...**' હવે સામે લીધું, જુઓ! '**પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...**' ભગવાન આત્મા સદા વિજ્ઞાનઘન, વિજ્ઞાનઘન-વિકલ્પનો પ્રવેશ ન થાય એવી એ ચીજ છે. સમજાય છે કાંઈ? '**પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (જ્ઞાતા) છે...**' પોતાથી જાણે છે. રાગની મદદથી નહિ, નિમિત્તની મદદથી નહિ. પોતાથી જાણે છે. પોતાને પોતાથી જાણે છે અને રાગને પણ પોતાથી પોતામાં જાણે છે કે આ રાગ ભિન્ન છે. સમજાય છે કાંઈ? ત્યારે '**णादूण आसवाणं णियत्तिं कुणदि**' આવું ભાન થાય, સ્વભાવ તરફ ઝુકીને રાગની નિવૃત્તિરૂપ પરિણમન પોતાની પર્યાયમાં થાય છે તેનું નામ જ્ઞાનથી બંધ રોકાયો એમ કહેવામાં આવ્યું છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૧૧, રવિવાર તા. ૨૫-૯-૧૯૬૬**
**ગાથા-૭૨. પ્રવચન-૧૩૯**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૨ ગાથા. અમારી બોંત્તેર ભાષા છે, તમારે બહત્તર જે હોય ઈ. શિષ્યનો એ પ્રશ્ન છે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. આત્માનું અને વિકારનું ભેદજ્ઞાન કરવાથી જ્ઞાનમાત્રથી બંધન કેમ રોકાઈ જાય છે? એકલું જ્ઞાન-ભાન થયું ત્યાં બંધનો નિરોધ થઈ ગયો? એમ શિષ્યનો પ્રશ્ન છે.

૭૧માં કહ્યું હતું કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે. છેલ્લી લીટી. તો કહે છે કે આત્મામાં જ્ઞાનમાત્રથી નવો બંધ અટકી જાય છે એ કઈ રીતે છે? તેના ઉત્તરમાં કહે છે, '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**' એ બે બોલ આવી ગયા છે. જેમ જળમાં મેલ છે, એમ પુણ્ય-પાપના ભાવ, જળમાં શેવાળ-કાઈ છે, એમ વિકારનો અનુભવ અશુચિરૂપ તેનો અનુભવ છે. સમજાય છે કાંઈ? શુભ-અશુભભાવ એ અશુચિ છે-અપવિત્ર છે. તેથી તે મેલપણે અનુભવમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પુણ્ય એટલે પવિત્ર એટલે શુભભાવની વાત છે ત્યાં. પવિત્ર એટલે આ જરી પાપથી ઓછું. પવિત્ર (એટલે) અંદરની પવિત્રતાની વાત નથી. પુણ્ય પવિત્રતાની વાત કરે છે ને? એ સર્વાર્થસિદ્ધિમાં આવે છે. એ પુણ્ય તો વ્યવહારે પાપનો નાશ કરીને શુભ થાય છે, એટલી વાત છે. યથાર્થ પવિત્રતા છે જ નહિ. સમજાય છે કાંઈ? આ ગાથા ચાલી હતી, (સંવત) ૨૦૧૩ની સાલમાં, મધુવનમાં. મધુવનમાં ચાલી હતી. હવે ત્રીજો બોલ આવે છે એના ઉપર પ્રશ્ન ચાલ્યો હતો, ભાઈ!

પહેલો બોલ એમ કહ્યો કે, '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. જ્યારે ભગવાન આત્મા નિર્મળ સદા અતિનિર્મળ છે અને આસ્રવભાવ અશુચિ મલિન છે. ભગવાન શુચિ-પવિત્ર છે. એમ અંતરમાં ભેદજ્ઞાન થવામાત્રથી આત્મા આસ્રવથી નિવૃત્તિને પ્રાપ્ત થાય છે. તો એને નવો બંધ થતો નથી. સમજાય છે કાંઈ? એક બોલ આવ્યો.

બીજો બોલ. '**विवरीय**'. આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ છે એ ચૈતન્યસ્વભાવથી વિપરીત ભાવ છે. વિપરીતનો અર્થ જડત્વસ્વભાવ છે. કષાયની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના જે ભાવ છે એ જડસ્વભાવ છે. કેમ કે જડસ્વભાવ પોતાને જાણતો નથી અને જડસ્વભાવ બીજાને પણ જાણતો નથી. માટે તેને પુણ્ય પરિણામને જડત્વસ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવામાં આવ્યા છે. અને ભગવાન આત્મા સદા ચૈતન્યસ્વભાવને કારણે ભગવાન પોતાને સદા વિજ્ઞાનઘન સ્વભાવવાળો હોવાથી સ્વયં જ ચેતક છે. ભગવાન આત્મા સ્વયં સ્વને ચેતે-જાણે છે અને રાગાદિ પરને જાણવાનો સ્વતઃ સ્વયં આત્માનો સ્વભાવ છે. '(-**પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...**' કોણ? આત્મા. જાણવું-દેખવું ચૈતન્યસ્વભાવથી આત્મા અનન્ય નામ એક છે. અને જડસ્વભાવ ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે. એમ અંતરમાં સ્વભાવનો અને વિભાવનો બોધ થવામાત્રથી આત્મા આસ્રવથી નિવૃત્તિને પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? આ હિન્દી કંઈ બહુ ઝીણી-સૂક્ષ્મ નથી. પેલા નવા લોકો આવ્યા છે ને, નવા ગામડાના આવ્યા છે. તમારી જેવી હિન્દી એવી નથી, અહીં તો સાદી હિન્દી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન વિજ્ઞાનઘન સદા ચૈતન્યસ્વભાવ સંપન્ન અને રાગ જડસ્વભાવ છે. જડ પોતાને નથી જાણતું, પરને અને આત્માને એ નથી જાણતું. ભગવાન સદા ચૈતન્યસ્વભાવવાળો હોવાથી પોતાને પણ જાણે છે અને પરને જાણે છે. માટે ચૈતન્યસ્વભાવથી ભગવાન અભિન્ન છે અને જડસ્વભાવ આત્મસ્વભાવથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. એમ અંદર ભેદજ્ઞાન થવામાત્રથી આત્મા પુણ્ય-પાપનો આદર નથી કરતો અને પુણ્ય-પાપના પરિણાથી નિવૃત્તરૂપ પરિણમન કરે છે, તેથી જ્ઞાનમાત્રથી આસ્રવનું રૂંધન થયું અને બંધનનું રૂંધન થઈ ગયું. સમજાય છે કાંઈ? આ તો કાલે આવ્યું હતું તેની વાત ચાલી.

હવે આજે ત્રીજો બોલ લેવો છે. સમજાય છે કે નહિ? સેઠી! વન્સ મોર કરે છે. એમ કહ્યું, જુઓ! પહેલો બોલ છે-અશુચિ. ભગવાન શુચિ, વિકાર અશુચિ. દયા, દાન, વ્રતના પરિણામ હો પણ એ છે અશુચિ, વિકાર છે. અને ભગવાન આત્મા શુચિ. એમ '**णादूण**'. આવું બે પ્રકારના ભાન થવાથી આત્મા સ્વભાવ તરફના ઝુકાવને કારણે એ પુણ્ય-પાપ મલિન છે તો એની નિવૃત્તિ અંતરમાં થાય છે. તો આસ્રવ ભાવરૂપ પરિણમન જ્ઞાનીનું-ભેદજ્ઞાનીનું થતું નથી. જિનેશ્વરદાસજી! આવી વાત. અહીં તો મહા ગાથા છે. આ ગાથા તો ત્યાં ચાલી હતી. સમજ્યા? મધુવનમાં.

કહે છે કે, ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવ સંપન્ન છે. જાગૃત ચૈતન્યસૂર્ય સ્વભાવ સંપન્ન છે ને. એ ચૈતન્યસ્વભાવ પોતાને પણ જાણે છે અને રાગાદિ પરને પણ જાણે છે. એવો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ હોવાથી ચૈતન્યસ્વભાવ આત્માથી અભિન્ન છે અને રાગાદિ અચેતન હોવાથી સ્વભાવથી તદ્દન ભિન્ન છે. સમજાય છે કાંઈ? વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. નવરંગભાઈ ક્યાં છે? ન્યાં છે. રાત્રે પ્રશ્ન કર્યો હતો. ખબર છે રાત્રે પ્રશ્ન? ચાર અભાવમાં આ વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે એ ક્યા ચાર અભાવમાં આવે છે? એવો પ્રશ્ન કર્યો હતો ડૉક્ટરને. ડૉક્ટરને કર્યો હતો. ચાર અભાવ આવે છે ને? પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્ય અભાવ અને અત્યંત અભાવ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ ચાર અભાવ આવે છે. વિકારનો જડસ્વભાવનો, વિકાર જડસ્વભાવ છે-અચેતન છે અને ભગવાન ચૈતન્યસ્વભાવ સંપન્ન ત્રિકાળ છે. તો તેમાં અત્યંત અભાવ છે. અત્યંત અભાવ ચાર અભાવમાં આવે છે કે નહિ? એમ રાત્રે પ્રશ્ન કર્યો હતો. એ ચારમાં નથી આવતો, એ ચાર તો ન્યાયના વિષયમાં છે. આ તો અધ્યાત્મનો વિષય છે. સમજાય છે કાંઈ? એ ચારમાં અત્યંત અભાવ છે તે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? આ અત્યંત અભાવ તો ચારથી ભિન્ન ચીજ છે. સમજાય છે કાંઈ? ચાર અભાવ નથી આવતા? પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્ય અભાવ, અત્યંત અભાવ. એ પાંચમો આ અભાવ છે. આત્મસ્વભાવ અને વિકાર વચ્ચે અત્યંત અભાવ એ ચાર અભાવ માહ્યલો અભાવ નહિ. કારણ કે એ અત્યંત અભાવ તો દ્રવ્ય દ્રવ્યની વચ્ચે અત્યંત અભાવ છે. અને આ તો સ્વભાવ અને વિભાવ વચ્ચે અત્યંત અભાવ છે. જરી સૂક્ષ્મ વાત છે. આ અધ્યાત્મનો અત્યંત અભાવ છે અને એ અત્યંત અભાવ તો એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની વચ્ચે અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? રાત્રે પ્રશ્ન જરી છંછેડ્યો હતો. ડૉક્ટર... નવરંગભાઈ છે ને? કહો, સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા સદા ચૈતન્યસ્વભાવ હોવાથી એવું ભાન '**णादूण**' સ્વ-પરને જાણનાર છે એમ જાણ્યું અને જડસ્વભાવ સ્વ-પરને નહિ જાણનાર એમ જાણ્યું. એમ બે વચ્ચે ભેદજ્ઞાનથી જ્ઞાન થયું એ જ્ઞાનમાત્રથી પુણ્ય-પાપના ભાવથી '**तदो णियत्तिं कुणदि जीवो**' એ આસ્રવથી આત્મા નિવૃત્તિ કરે છે. એ તરફનું પરિણમન એ તરફ જાતો નથી. એના અભાવરૂપ પરિણમન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? વેણિપ્રસાદજી! જુઓ, હવે ત્રીજો બોલ આકરો આવશે. હવે મુદ્દાની રકમ ત્રીજી છે-'**दुक्खस्स कारणं**'.

'**दुक्खस्स कारणं**'નો ત્રીજો બોલ છે, ભાઈ! કહે છે, '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા...**' છે. આ ત્રીજો બોલ ચાલે છે. બે બોલ તો ચાલી ગયા. આસ્રવ નામ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભભાવ છે એ આકુળતાના ઉત્પન્ન કરનારા છે. હું એકલો શુભ લઉં છું, પણ છે શુભ અને અશુભ બેય. વાંધા તો લોકોને શુભનો છે ને. કેમ? સમજાય છે કાંઈ? શુભભાવ પણ આકુળતાના ઉત્પન્ન કરનારા છે. તેથી '**દુઃખનાં કારણો છે;...**' અહીંયાં આસ્રવને ચૈતન્યથી ભિન્ન કરવું છે. તો શુભ-અશુભ બેય આસ્રવ છે. સમજાય છે કાંઈ? બેય નવા આવરણનું કારણ છે. એ બીજી વાત છે. પણ એ આસ્રવ દુઃખનું કારણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શુભ હો કે અશુભ, દુઃખનું જ કારણ છે.

ઉત્તર :- દુઃખનું કારણ છે. રાગ છે ને, ભાઈ! આત્મા અમૃતસ્વરૂપ.. આગળ કહેશે. આત્મા તો આનંદ છે. અતીન્દ્રિય આનંદને આત્મા કહે છે. દુઃખને આત્મા નથી કહેતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખ તો આસ્રવતત્ત્વમાં જાય છે તો એ ભિન્ન તત્ત્વ થઈ ગયું. જીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. એ તત્ત્વ ભિન્ન ભિન્ન છે. આત્મામાં જે આસ્રવ વિકલ્પ છે, શુભ હો કે અશુભ હો, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે. જિનેશ્વરદાસજી! બહાદુરજી! આ રાજબહાદુર આત્મા છે, જુઓ! આહાહા..!

ભગવાન આત્મા.. ઈ કહેશે. કહે છે, આસ્રવ, પ્રભુ કહે છે કે '**णादूण आसवाणं दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो**' એમ લેવું. પહેલા એમ લીધું, '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. પછી, '**णादूण आसवाणं विवरीयभावं तदो णियत्तिं कुणदि जीवो**'. પછી '**णादूण आसवाणं दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो**'. એમ લાગુ પડે છે. શું કહે છે? આ તો શાંતિથી સમજવાની ચીજ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ પરલક્ષે ઉત્પન્ન થાય છે. વિભાવ છે. આત્મા અતીન્દ્રિય અમૃતનો પિંડ છે. તેનાથી વિભાવ એ વિપરીત ભાવ છે. તો આનંદથી વિપરીત છે તો એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો ભાવ અને શાસ્ત્રનું ભણતર કરવાનો પરલક્ષી રાગ, એ બધા આકુળતાના ઉત્પન્ન કરનારા છે. રાયબહાદુરજી! સ્પષ્ટ તો કરવું જોઈએ ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ શું કહે છે? આ શું છે? આ શું કહે છે કુંદકુંદાચાર્ય? શું કહે છે એના અર્થના સ્પષ્ટીકરણ કરનારા અમૃતચંદ્રાચાર્ય? સમજાય છે કાંઈ? ન્યાયથી અર્થ તો સમજશે કે નહિ?

અહીં તો આસ્રવ અને આત્મા, બે વચ્ચેની વાત છે. આસ્રવ પુણ્ય અને પાપ બેય ભાવ આસ્રવ છે. સમજાય છે કાંઈ? તત્ત્વાર્થ સૂત્રમાં આવ્યું નહિ? અણુવ્રત અને મહાવ્રતનો અધિકાર લીધો છે એ આખો આસ્રવનો અધિકાર છે. આસ્રવમાં લીધું છે. તત્ત્વાર્થ સૂત્રમાં. અણુવ્રત, મહાવ્રત એ આસ્રવ છે, પુણ્યાસ્રવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને મીઠાશ છે ને. સંસ્કાર એટલા પડ્યા છે કે એ શુભરાગ એ દુઃખ? દુઃખ? આહાહા..! સહન નથી થતું. હજી આવશે. ત્યાં હુકમીચંદજી બેઠા હતા ને? પંડિતજી! અમારા હુકમચંદ નહિ? સલાલવાળા. ત્યાં એ બેઠા હતા. એણે પ્રશ્ન કાઢ્યો હતો. આ. હવે કહીશું. અહીં જે આવ્યું ને? દુઃખ. દુઃખ એ આત્માની શાંતિનું કારણ નહિ. .. રહી જાય છે. શાસ્ત્રમાં આવ્યું ને? વ્યવહાર સાધક છે, કારણ છે. તો ત્યાં પ્રશ્ન ઉઠ્યો. એ તો નિમિત્ત કારણનો ઉપચાર કરીને કથન કર્યું છે. કારણ છે નહિ.

અહીં તો કહે છે કે આસ્રવ તો દુઃખરૂપ જ છે. દુઃખરૂપ છે એ આત્માના સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કારણ કઈ રીતે થાય? ભગવાન! એ તો બેસાડે છૂટકો છે. ઈ બેઠા વિના આત્માનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પત્તો નહિ લાગે. એ ચીજ એવી છે, કોઈની બનાવેલી નથી. '**वत्थुसहावो धम्मो**' હમણાં .. ચાલ્યું હતું. સ્વામી કાર્તિકેયમાં લીધું છે, '**वत्थुसहावो धम्मो**' સ્વામી કાર્તિકેયમાં છે. ભગવાન આત્માનો સ્વભાવ આનંદ ને શાંત ને જ્ઞાન છે. એ સ્વભાવ છે, એ ધર્મ છે. સમજાય છે કાંઈ? આ રાગાદિ છે એ વસ્તુનો સ્વભાવ જ નથી. જે નિકળી જાય તે સ્વભાવ ક્યાંથી થયો? રાગ નિકળી જાય છે તો સ્વભાવ નથી. તો દુઃખ થયું. વસ્તુ જે છે, આત્મા વસ્તુ તો વસ્તુનું વસ્તુત્વ સાથે રહી જાય છે. વસ્તુનું વસ્તુત્વ-જ્ઞાન, આનંદ, વીતરાગતા એ એના સ્વભાવની સાથે રહી જાય છે. પણ વસ્તુના રાગાદિ વસ્તુત્વ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા એ વસ્તુ અને એનો વસ્તુત્વ સ્વભાવ. સ્વભાવ તો જ્ઞાન, આનંદ અને વીતરાગસ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ અકષાય વીતરાગસ્વભાવ છે. સમજાય છે કાંઈ? વસ્તુ, વસ્તુત્વ વીતરાગ સ્વભાવ. વસ્તુ-આનંદસ્વભાવ. વસ્તુ આત્માની વાત ચાલે છે, હોં! જ્ઞાનસ્વભાવ. તો એ વસ્તુનું વસ્તુત્વ છે એ એનો સ્વભાવ છે. જો રાગ એનો સ્વભાવ હોય તો વસ્તુનું વસ્તુપણું અભેદ થઈને જે શુદ્ધ વીતરાગતા થઈ ગઈ (ત્યાં) રાગ રહ્યો નહિ. વસ્તુપણું રહી ગયું. જો વસ્તુપણું હોય તો રાગ પણ સાથે રહી જવો જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, વેણીપ્રસાદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહો, કરો પ્રશ્ન કરો. છે નહિ, ભગવાન! તારે નક્કી કરવું પડશે, પ્રભુ! એમ નક્કી કરવું પડશે. નક્કી કર્યા વગર નહિ ચાલે.

અહીં તો કહે છે કે આસ્રવ આકુળતાના ઉત્પન્ન કરનારા છે. ભાઈ! શુભભાવ, જેને વ્યવહાર કહે છે, એ આકુળતાના ઉત્પન્ન કરનારા છે. એ આકુળતાના ઉત્પન્ન કરનારા, એ અનાકુળ આત્મસ્વભાવના સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં કારણ કઈ રીતે થાય? ભાઈ! આહાહા..! ભાઈ! એ ચીજ આખી ભિન્ન છે.

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શનમાં કારણ થાય છે.

ઉત્તર :- વ્યવહાર સમ્યગ્દર્શનનો અર્થ એ રાગ અને દુઃખરૂપ છે. એનો અર્થ શું? ઈ તો વાત કરે છે. વ્યવહારનો અર્થ પરાશ્રય શુભભાવ. શુભભાવ એ આસ્રવ છે, આસ્રવ છે તે દુઃખરૂપ છે, વર્તમાન આકુળતારૂપ છે. તેથી તો આ ગાથા ત્યાં લીધી હતી. નવ વર્ષ થયા. ફાગણમાં દસ વર્ષ થશે. (સંવત) ૨૦૧૩ ને ૨૦૨૩. સમજાય છે કાંઈ? ભાઈ! આ શાંતિનો માર્ગ છે, ભાઈ! પ્રભુ! આ તો શાંતિ-આત્મા તરફ ઝુકવું હોય અને આત્માનો આશ્રય કરવો હોય તો પુણ્ય-પાપ તો દુઃખરૂપ છે તેને દૃષ્ટિમાં ન લે, જ્ઞાનમાં નિર્ણય ન કરે તો તેનાથી ખસીને સ્વભાવસન્મુખ નહિ થાય. દુઃખરૂપ ન માને અને આત્માને આનંદરૂપ ન માને તો દુઃખથી ખસીને આનંદમાં નહિ આવે. રુચિ ત્યાં રહી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગઈ. પુણ્ય પરિણામ સુખરૂપ છે, મને સાધન છે, મને લાભ કરે છે (એમ) ત્યાં રુચિ રહી તો સ્વભાવ સન્મુખ રુચિ નહિ થાય. અનાદિનું એવું શલ્ય અંદર રહી ગયું છે. જૈન સાધુ થઈને અનંત વાર નવમી ગ્રૈવયક ગયો. દિગંબર દ્રવ્યલિંગી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન સુખ (લેશ) ન પાયો.' કેમ? એ શુભભાવ, શુક્લલેશ્યાનો ભાવ ... નવમી ગ્રૈવેયક ગયો. પણ એ શુક્લલેશ્યાનો ભાવ દુઃખરૂપ છે. એને જ ધર્મ માનતો હતો. હું મહાવ્રત પાળું છું તો ધર્મ છે, સમજાય છે કાંઈ? એમ રાગની મંદતામાં બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ એવો બ્રહ્મચર્યનો શુભભાવ. એમ માનતો હતો કે મેં ધર્મ કર્યો. ધર્મ ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ? એવી વાત છે. નવમી ગ્રૈવયક ગયો તો કેટલું કર્યું! શુક્લલેશ્યા, હોં! શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા. લેશ્યા જુદી, ધ્યાન જુદું. લેશ્યા તો અભવિને પણ શુક્લલેશ્યા થાય છે. સમજાય છે કાંઈ? અભવિને પણ શુક્લલેશ્યા થાય છે અને અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. શુક્લલેશ્યાના જોરથી. પણ અંદરમાં આત્માનું જોર આવ્યું નહિ. એ શુક્લલેશ્યા દુઃખરૂપ છે અને ભગવાન આત્માનો સ્વભાવ આનંદરૂપ છે. એવું ભેદજ્ઞાન કર્યું નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ભૂલ રહી ગઈ. સમજ્યા? આત્મા આનંદમૂર્તિ અને રાગ દુઃખરૂપ છે, એમ '**णादूण**' ન કર્યું. તો '**णियत्तिं कुणदि**' ન કર્યું. પંડિતજી! આપણે તો પાઠમાંથી જરી સંધિ કરવી છે. ભગવાન! એ તો આચાર્ય શું કહે છે? આચાર્યનું હૃદય એમ છે. ભગવાન કુંદકુંદાચાર્યના અંદર હૃદયમાંથી ભાવ પકડ, ભાઈ! પ્રભુ! રાગ છે ને, એ તો દુઃખદાયક છે ને, એને તું સાધન માનીને ત્યાં રોકાઈ ગયો તો આત્મા એનાથી ભિન્ન છે એની તો તેં રુચિ કરી નહિ. તો આનંદ આવ્યો નહિ. આનંદ આવ્યો નહિ તો તને આત્મજ્ઞાન થયું નહિ. આત્મજ્ઞાન વિના તારું રખડવું મટ્યું નહિ. આહા..! અરે..! પણ ક્યાંક ક્યાંક એને સ્વચ્છંદ થઈને અટકી ગયો છે, રોકાઈ ગયો છે.

આમ ભગવાન આત્મા... ઈ હમણાં કહેશે, અહીં તો હજી આસ્રવ આકુળતાના ઉત્પન્ન કરનારા (છે). પરલક્ષી જેટલા શુભભાવ હો, એ દુઃખનું કારણ છે, ભાઈ! તીર્થંકર ગોત્ર દુઃખના પરિણામ છે. એનાથી બંધ પડે છે. દુઃખના પરિણામથી બંધ પડે છે. શું આનંદના પરિણામથી બંધ પડે? અરે.. ભાઈ! એઈ..! પ્રસાદજી! આહાહા..! ભગવાન! શાંતિથી તારે આ સમજવું જોઈએ કે આત્મા શું છે પછી કહેશે. અહીંયાં તો હજી આસ્રવ '**णादूण**' છે ને? '**णादूण आसवाणं दुक्खस्स कारणं**'. જ્યારે પુણ્ય અને પાપના ભાવ આસ્રવ દુઃખદાયક છે, એમ જાણ્યું તો જાણનાર કેવો છે એ હવે પછી કહે છે. આસ્રવ આકુળતાના દુઃખના કારણ છે. એ દુઃખના કારણનો અર્થ એ દુઃખરૂપ જ છે. આહાહા..! એ આત્માને આનંદનું કારણ થાય, એમ કેમ બને? ઝેર અમૃતનું કારણ થાય?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આસ્રવ ઝેર છે. ઝેર છે શુભભાવ? ભડકી ગયા બિચારા. વિષ્ટા કહ્યું ત્યાં ભડકી ગયા બિચારા. લુટનારો છે, ભાઈ!

પ્રભુ! તું તો અમૃતનો પિંડ છો ને, ભાઈ! અતીન્દ્રિય અમૃતના સાગરની ખાણ તારી ચીજ છે. એમાંથી તો અમૃતના ઝરણા ઝરે એવી તારી ચીજ છે. વસ્તુમાંથી તો વસ્તુપણું ઝરે. આ રાગ વસ્તુપણું છે? એ તો અદ્ધરથી વિકલ્પથી પર્યાયમાંથી ઉઠાવગીર ઊભો કર્યો છે. એ દુઃખરૂપ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવે છે તો એ દુઃખરૂપ છે, કહે છે ને. આવે છે તો શું છે? છે તો આખો સંસાર પડ્યો છે, એમાં શું છે? પણ છે ઈ દુઃખરૂપ છે. આત્માના સ્વભાવના સાધનમાં બિલકુલ સહાયક નથી. એમ કહે છે. આહાહા..! નહિતર કરો વિચાર, નિર્ણય કરો, ભાઈ! એવી વાત છે.

આ તો ચૈતન્ય ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવ્યું એવું વસ્તુનું સ્વરૂપ અહીંયાં કહેવામાં આવે છે. ભગવાને આમ કહ્યું છે. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં સાક્ષાત્ ત્રિલોકનાથ સર્વજ્ઞપ્રભુ પાસે બિરાજમાન (હતા). ઓહોહો..! એમની પવિત્રતા, અને એમનું પુણ્ય, ભરતક્ષેત્રના માનવીએ સાક્ષાત્ પરમાત્માની જાત્રા કરી એ તે કંઈ અલૌકિક વાત છે!! સમજાય છે કાંઈ? આહા..! ભરતમાં જન્મેલા માનવી ધ્યાનમાં હતા. અંદર વિકલ્પમાં સમવસરણની વિચારણા કરતા હતા. અરે..! ભરતક્ષેત્રમાં તીર્થંકરના વિરહ પડ્યા અમને. સર્વજ્ઞ પરમેશ્વર વર્તમાન મહાવીર આદિ તો નથી, પણ મોજૂદ અહીંયાં સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે તેમના પણ અમને વિરહ પડ્યા. સમજાય છે કાંઈ?

એ આપણે સમવસરણ સ્તુતિમાં નાખ્યું છે, નહિ? શું શબ્દ છે? 'રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં'. પંડિતજી હિંમતભાઈએ સ્તુતિ બનાવી છે. 'રે રે સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં'. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર બિરાજે છે. એના અમને વિરહ પડ્યા. એવી અંદર વિકલ્પદશા જ્યાં ઉઠી અને અંદર વંદન કરે છે, વંદન કરે છે ત્યાં ભગવાનની વાણીમાંથી નીકળે છે 'સત્‌ધર્મ વૃદ્ધિ અસ્તુ'. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનની વાણીમાં (આવ્યું). સામે કોઈ પૂછનાર નથી, છતાં 'સત્ ધર્મ વૃદ્ધિ અસ્તુ' (ધ્વનિ નીકળી). સભામાં ખળભળાટ થઈ ગયો કે આ શું થયું? કોઈ પુરુષ સામે નથી. સત્ વૃદ્ધિ કોને કહે છે? સમજાય છે કાંઈ?

એમનો પૂર્વનો મિત્ર હતો. ઈ આવ્યો અને ભગવાન કુંદકુંદાચાર્યને ચાર આંગળ ઊંચે ચાલવાની શક્તિ હતી. જમીન ઉપર. નગ્ન દિગંબર મુનિ, એક મોરપીંછી અને કમંડળ. ત્યાં તો ... ચાર હાથ ઊંચા અને પાંચસો ધનુષ-બે હજાર હાથ! ઓહોહો..! ચક્રવર્તી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો (જમીનમાં) નીચે બેસી ગયા. કીડા જેટલા લાગે. ચક્રવર્તી હાથમાં લઈને, છ ખંડના ધણી ચક્રવર્તી ત્યાં છે (ઈ પૂછે છે), મહારાજ! આ કોણ છે? પ્રભુની વાણી નીકળી કે એ ભરતક્ષેત્રના મહા સદ્ધર્મવૃદ્ધિકરા આચાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અંદરમાં અનુભવ ચારિત્ર તો હતું, વિશેષ નિર્મળતા પ્રાપ્ત કરી અહીંયાં આવ્યા. શાસ્ત્ર બનાવ્યા.

ભગવાન પોકાર કરે છે આચાર્ય મહારાજ, ભાઈ! જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થાય છે? એમ તારો પ્રશ્ન હોય તો એમાં અમે એમ કહીએ છીએ કે, ભગવાન કહેતા હતા અને એમ છે કે પુણ્ય પરિણામ શુભ એ દુઃખનું કારણ છે. એ દુઃખનું કારણ જાણીને '**ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે...**' પ્રભુ આત્મા સદાય. જુઓ! સદાય. આકુળતા રહિત '**નિરાકુળતા-સ્વભાવને લીધે...**' વસ્તુ પ્રભુ આત્માનો સ્વભાવ '**નિરાકુળતા સ્વભાવને લીધે કોઈનું કાર્ય...**' નથી. જુઓ ભાષા. અહીંથી પ્રશ્ન કર્યો. રાગ કારણ અને સ્વભાવની પર્યાય કાર્ય, એમ છે નહિ. સમજાય છે કાંઈ? આ પ્રશ્ન ઉઠયો હતો ત્યારે, મધુવનમાં. કોઈનું કાર્ય નથી. ભગવાન આત્મા પુણ્ય પરિણામ, પાપ આદિ દુઃખનું કારણ, ભગવાન આત્મા નિરાકુળતા સ્વભાવને લીધે, નિરાકુળ સ્વભાવને કારણે કોઈનું કાર્ય, એ દ્રવ્ય, ગુણ અને પર્યાય કોઈનું કાર્ય નથી, રાગનું કાર્ય નહિ. કષાયની મંદતા દુઃખનું કારણ છે તો એનાથી અહીંયાં આત્માની પર્યાય પ્રગટ થઈ એમ નથી. સમજાય છે કાંઈ?

'**નિરાકુળતા-સ્વભાવને લીધે...**' ભગવાન નિરાકુળતાનો પિંડ છે. નિરાકુળતાનો કહો કે આનંદનો પિંડ છે પ્રભુ, અતીન્દ્રિય રસનો કંદ નિત્યાનંદ પ્રભુ છે. એ કોઈનું કાર્ય નથી. એ રાગ છે તો દ્રવ્ય કે ગુણ કે પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. એ કષાયની મંદતા દુઃખરૂપ દશા છે તો અહીંયાં પોતાનું કાર્ય થયું એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આકુળતા રહિત સ્વભાવ નિરાકુળતાનું સ્વરૂપ ભગવાન આત્મા સદા, હોં! સદા ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે, નિત્યાનંદ પ્રભુ આત્મા છે. એ કોઈનું કાર્ય નહિ. છતાં '**કોઈનું કારણ નહિ હોવાથી,...**' રાગનું કારણ પણ નહિ. રાગનું કાર્ય નહિ, શુભભાવ છે તો એનું કાર્ય નહિ આત્મા, એની પર્યાય, હોં! અને આત્મા રાગનું કારણ પણ નહિ. આહાહા..! દુઃખનું કારણ પણ નહિ અને દુઃખનું કાર્ય પણ નહિ. બીજી ભાષાએ. શુભાશુભ ભાવ છે એ દુઃખરૂપ છે. ભગવાન...

૪૭ શક્તિનું વર્ણન છે ને? આત્મ પ્રસિદ્ધિ આવી ગયું કે નહિ? ૪૭ શક્તિ છે. ચાર અને સાત. જીવત્વશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, એવા ગુણ છે એ રાગનું કાર્ય થાય અને રાગનું કારણ (થાય) એવો આત્મામાં ગુણ છે જ નહિ. અકાર્યકારણ નામનો આત્મામાં અનાદિઅનંત ગુણ છે. ઓહોહો..! જડનું કાર્ય કરે અને જડમાં કારણ બને એવું છે નહિ. અને રાગનું કારણ બને અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગના કાર્યથી આત્મામાં કાર્ય બને એવો આત્મામાં ગુણ છે નહિ. અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત છે. અહીંયાંથી એ શક્તિ કાઢી છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા રાગ દુઃખનું કારણ પણ નહિ અને દુઃખનું કાર્ય પણ નહિ. આહાહા..! શું કહ્યું? રાગ દુઃખનું સ્વરૂપ, દુઃખરૂપ. ભગવાન આત્મા અનાકુળ-નિરાકુળ સ્વભાવ. એમાં એક શક્તિ-ગુણ એવો પડ્યો છે, અકાર્યકારણ ત્રિકાળ ગુણ પડ્યો છે. તો અકાર્યકારણગુણની દૃષ્ટિ જ્યાં દ્રવ્યની થઈ તો અકાર્યકારણગુણ જે ગુણરૂપ હતો, શક્તિરૂપ હતો તે દ્રવ્યમાં પણ છે, ગુણમાં પણ રહ્યો અને એનો આશ્રય કર્યો, દુઃખરૂપ રાગ છે તેને છોડીને સ્વભાવનો આશ્રય કર્યો તો અકાર્યકારણ નામના ગુણનું પર્યાયમાં પણ પરિણમન થયું. પર્યાય પણ રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ. શું કહ્યું? ફરીથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, કેમકે આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે. અનાદિઅનંત પડ્યો છે. અકાર્યકારણનો ગુણ ધરનારો આત્મા. એવા આત્માની જ્યારે દૃષ્ટિ થઈ કે રાગ દુઃખ છે, હું અનાકુળ આનંદ છું, એવી દૃષ્ટિ થઈ તો અકાર્યકારણ નામનો જે ગુણ છે એ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે અને દૃષ્ટિ થઈ તો અકાર્યકારણગુણ પર્યાયમાં વ્યાપક થઈ ગયો. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક થઈ ગયો. અકાર્યકારણ નામના ગુણનું પરિણમન દ્રવ્ય-ગુણમાં છે અને પર્યાયમાં એ આવી ગયું. તો પર્યાયમાં આવી ગયું તો રાગનું કાર્ય પર્યાય છે એમ પણ નહિ અને રાગનું કારણ નિર્મળ પર્યાય છે એમ નથી. પર્યાયમાં અકાર્યકારણ આવી ગયું. જરી વાત સમજો. ૪૭ શક્તિનું વર્ણન હમણાં નવું કર્યું છે. પહેલાં છપાઈ ગયું છે. નવા હમણાં છપાશે. બહુ ગૂઢ છે, બહુ સ્પષ્ટ આવ્યું છે. હવે છપાશે. ટેપ રેકોર્ડિંગ થઈ ગયું છે. આત્મ પ્રસિદ્ધિ નીકળી ગઈ છે એ નહિ, પણ નવી નિકળવાની છે એની વાત છે. નવી નિકળવાની છે પણ બીજી રીતે. પહેલાથી આ બીજી ઢબ છે. અંદર પડ્યું છે, હજી સાહિત્ય એટલું પડ્યું છે, બહાર આવે ત્યારે નીકળે ને. સમજાય છે કાંઈ?

શું કહે છે? સાંભળો! ભગવાન આત્મા '**કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' એનો અર્થ શું થયો? કે રાગ-વિકલ્પ દુઃખરૂપ છે. આ આત્મા અનાકુળ આનંદરૂપ છે. તો એ આત્મા દુઃખનું કારણ પણ નહિ અને દુઃખ છે, રાગ છે તો પર્યાયમાં કાર્ય થયું એમ પણ નહિ. એમ જ્યારે દ્રવ્યનું '**णादूण**' '**णादूण**' જીવને જાણ્યો અને દુઃખને જાણ્યું તો ભેદજ્ઞાન થવાથી અકાર્યકારણ નામનો ગુણ જે અનાદિઅનંત પડ્યો છે તેનું પર્યાયમાં પરિણમન થઈ ગયું. દ્રવ્ય-ગુણમાં તો છે જ, પર્યાયમાં અકાર્યકારણની વ્યાપક દશા થઈ ગઈ. તો પર્યાયમાં દુઃખનું કારણ પર્યાય છે એમ પણ નહિ અને દુઃખનું કારણ છે પર્યાય એમ પણ નહિ. ઝીણી વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. બીજી વાત છે.

ફરીથી. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પનું... આત્મદ્રવ્યમાં એક અકાર્ય નામનો.. અહીંથી લીધું છે. કાર્યકારણ નથી એવી શક્તિ કાઢી છે અમૃતચંદ્રાચાર્યે. અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યા છે! કુંદકુંદાચાર્યનું પેટ ખોલીને વાત કરી છે. સમજાય છે કાંઈ? એ પણ મુનિ ભાવલિંગી સંત હતા. દિગંબર મુનિ વનવાસી હતા, હોં! ઓહોહો..! ધર્મધુરંધર ધર્મના થાંભલા, ધર્મના સ્તંભ. એમણે એવી શક્તિ કાઢી, એક શક્તિ એવી આત્મામાં અનાદિઅનંત પડી છે, ભગવાને જોઈ છે, અમે કહીએ છીએ કહે છે. આત્મા વસ્તુ, એમાં એક અકાર્યકારણ, અકાર્યકારણ એવો ગુણ પડ્યો છે, શક્તિ પડી છે, સ્વભાવ પડ્યો છે. એવા સ્વભાવનો ધરનાર આત્મા છે. એમ '**णादूण**'. રાગ દુઃખનું કારણ છે, આત્મા અનાકુળતાનું સ્વરૂપ છે એમ દૃષ્ટિ થઈ તો એમાં આનંદની જે પર્યાય પ્રાપ્ત થઈ એ રાગનું કાર્ય નહિ અને એ રાગનું આનંદ કારણ નહિ. અકાર્યકારણ નામની શક્તિ પડી છે એ આવી ગઈ. રાજબહાદુરજી! સમજાય છે કાંઈ?

આ મૂળ છે, પ્રભુ! આ તો મૂળ ચીજ છે, હોં! આ રીતે જ વસ્તુનો સ્વભાવ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ અહીંયાં કહ્યું, તો કહે છે કે, આનંદસ્વરૂપ પ્રભુ રાગનું કારણ પણ નહિ, રાગનું કાર્ય પણ નહિ. એનો અર્થ કે અકાર્યકારણ નામનો જે આત્મામાં ગુણ પડ્યો છે એ ગુણનો આધાર આત્મા છે. આધેયઆધારની ભિન્ન દૃષ્ટિ છોડીને એકલા દ્રવ્ય સ્વભાવનો આશ્રય કર્યો તો રાગથી નિવૃત્તિ થઈ. તો અકાર્યકારણ નામના ગુણની પરિણતિ પણ રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ એવી પરિણતિ શુદ્ધ થઈ ગઈ અંદરમાં. સમજાય છે કાંઈ? એવી વાત છે. એવી ૪૭ શક્તિ છે, ભાઈ! એક શક્તિનું વર્ણન ચાલે છે. આ વખતે શક્તિ એવી આવી છે, બધું રેકોર્ડિંગ ઉતરી ગયું છે. બહાર આવી છે, અમારે હરિભાઈએ લખી છે, હવે થોડા વખતમાં બહાર આવશે. અમારા ભાગીદાર હતા ને, એ ગુજરી ગયા એમના તરફથી કાઢી. પાલેજમાં ભાગીદાર હતા ને. ભાગીદાર સમજ્યા ને? એ ગુજરી ગયા તો એમના તરફથી એક હજાર પુસ્તક છપાવ્યા. પાંચ હજાર આપ્યા. ઓછી કિંમતે આવશે. અમારે હરિભાઈ છે (એ કરશે). રેકોર્ડિંગ થઈ ગયું છે.

મુમુક્ષુ :- ગુજરાતીમાં હશે.

ઉત્તર :- છે તો ગુજરાતી. થોડી હિન્દી છે? ભાઈ! હરિભાઈ! ૪૭ ગુજરાતી છે? કોઈ હિન્દી નથી? પણ એ ગુજરાતીનું કોઈક હિન્દી કરશે. આહાહા..! શક્તિનું વર્ણન એવું આવ્યું છે, બહુ સરસ આવ્યું છે. એ તો જરી શાંતિથી વિચાર અને વાંચે તો (સમજાય એવું છે). અહીં તો ચાલે છે... એ જ વાત ચાલે છે. એકની વાત સાથે કરી. અકાર્યકારણ છે ને, એકની વાત કરી. હજી તો ૪૭ છે. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞદેવે એક આત્મામાં અનંતાઅનંત ગુણ જોયા છે. એમાં એક ગુણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવો જોયો છે કે અકાર્યકારણ નામનો ગુણ ભગવાને જોયો છે. આત્મામાં છે. આવો અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત (છે). શું કહ્યું? જુઓ! '**સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...**' આનંદકંદ ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ છે અને તેથી અતીન્દ્રિય આનંદની સાથે એક અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે, તો આસ્રવ દુઃખરૂપ છે, આ ભગવાન નિરાકુળ છે. એમ સ્વભાવનો આશ્રય કરવાથી '**णादूण**'. આત્માનું જ્ઞાન કરવાથી '**तदो णियत्तिं कुणदि**'. રાગથી નિવૃત્તિ કરે છે. નિવૃત્તિનું કરવું, અભાવ કરવો એવું પોતામાં કાર્યકારણ છે. પણ રાગને કરવું એવો પર્યાયમાં ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું પણ યથાર્થ સમજવું જોઈએ, યથાર્થ સમજવું જોઈએ. એમ ને એમ લાંબી લાંબી વાત કરે અને સમજે નહિ કાંઈ તો... એમાં યથાર્થ ચીજ શું છે?

વસ્તુ છે.. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર ભગવાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલની પેઠે જાણ્યા. એ ભગવાને કહ્યું, પ્રભુ! તારા આત્મામાં આવી એક શક્તિ છે, એવી તો અનંતી શક્તિ છે. પણ એક એવી શક્તિ છે કે તારો આત્મા વિકારનું કારણ ન બને અને વિકારનું કાર્ય ન બને, એવી તારામાં એક શક્તિ-ગુણ છે. વિકાર કરે એનું કારણ ગુણ તારામાં છે જ નહિ. આહાહા..! વિકાર કરવાનો જો ગુણ હોય તો વિકાર કોઈ દિ' ટાળી શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..! સમજાય છે કાંઈ? એ.. પોપટભાઈ!

વાસ્તવિક દૃષ્ટિથી ધીમે ધીમે સમજે ને, વાસ્તવિક દૃષ્ટિ હોય તો તો પૂર્ણ પ્રાપ્ત થઈ જાય એને. પણ વાસ્તવિક દૃષ્ટિ ન કરે અને એને પ્રાપ્ત થઈ જાય એમ બને નહિ. કહે છે કે '**ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય...**' શુભરાગ છે તેની પર્યાય કાર્ય છે, રાગ કારણ અને પર્યાય કાર્ય એવો આત્મામાં ગુણ નથી. અને રાગનું કારણ પર્યાય બને એવો ગુણ નથી. ગુણ નથી તો પર્યાયમાં પણ એમ નથી. ગુણનું કાર્ય હોવું જોઈએ ને. અકાર્યકારણ નામનો ગુણ છે તો એનું કાર્ય પર્યાય છે. શું કહ્યું? અકાર્યકારણ નામનો અનાદિઅનંત ગુણ છે. તો ગુણની પર્યાય હોવી જોઈએ ને? ગુણનું કાર્ય, ગુણનું કાર્ય. અકાર્યકારણ નામના ગુણનું કાર્ય પર્યાય. અકાર્યકારણ ગુણનું કાર્ય રાગનું કારણ ન થવું અને રાગથી પોતામાં કાર્ય ન થવું. એવી અકાર્યકારણ ગુણની પર્યાયનું કાર્ય છે.

ફરીથી. સમજાય છે કાંઈ? ફરીથી લઈએ, હોં! આમાં પુનરુક્તિ નથી લાગતી. આ તો અંદરની ચીજ છે. ભગવાન આત્મા વસ્તુ (છે). તો કહ્યું કે રાગ શુભ હો કે અશુભ હો એ દુઃખરૂપ છે. ભગવાન અનાકુળરૂપ એટલે આનંદરૂપ છે. એવો ભગવાન એને '**णादूण**'-જાણીને. '**तदो णियत्तिं कुणदि**'. વિકારથી નિવૃત્તિ. એનો અર્થ છે કે વિકારનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાર્ય પર્યાયમાં રહ્યું નહિ અને વિકારનું કારણ પર્યાયમાં રહ્યું નહિ. પોતામાં અકાર્યકારણ નામની શક્તિ-ત્રિકાળ ગુણ છે. જેમ સર્વજ્ઞશક્તિ છે, સર્વજ્ઞશક્તિ છે તો એનું કાર્ય શું? પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થયું ઈ. ભાઈ! શું કહ્યું? સર્વજ્ઞશક્તિ જે છે એ પારિણામિકભાવે છે. વળી બીજું આવ્યું. છોકરાઓને પ્રશ્ન કર્યો દસ વાગે, એટલે આવ્યું. કર્યો હતો ને છોકરાઓને. કીધું, આ સર્વજ્ઞપણું છે... પૂછ્યું હતું, તમારા એ ભરતભાઈને. ... છોકરાઓને અને આ તમારો પણ હતો ને? અતુલ. ક્યાં છે ..ભાઈ? તમારા અતુલને પૂછ્યું હતું. બેય ભાઈબંધ છે ને. કોલેજમાં ભણે છે તો પ્રશ્નનો ઉત્તર આપો. સવારે દસ વાગે આહાર કરીને આવ્યા ને. જીતુ હતો, ભાઈ હતો, જીતેન્દ્ર. બે, ચાર, પાંચ જણા હતા. કીધું, આત્મામાં સર્વજ્ઞપર્યાય પ્રગટ છે. જેમ સૂર્ય છે ને આમ? એની સામે વાદળા આવે છે. એમ સર્વજ્ઞપર્યાય પ્રગટ છે અને ઉપર આવરણ છે એમ છે? એમ નથી. સર્વજ્ઞપર્યાય.. જેમ સૂર્યનો પ્રકાશ છે ને? ઉપર વાદળા આવે છે. એમ સર્વજ્ઞપર્યાય-કેવળજ્ઞાન પ્રગટ છે અને આત્મામાં આવરણ છે, એમ છે? એમ નથી. સર્વજ્ઞપર્યાય પ્રગટ હો તો એ તો ક્ષાયિકભાવ છે. અને સર્વજ્ઞશક્તિ છે એ પારિણામિકભાવે ત્રિકાળ છે. આવી વાત છે, ભાઈ!

શું કહે છે? કે સર્વજ્ઞશક્તિ જે ગુણ છે એ તો પારિણામિક ત્રિકાળ સ્વભાવ છે અને પર્યાય પ્રગટ થાય છે એ તો ક્ષાયિકભાવ છે. તો ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ એક નથી. ક્ષાયિકભાવની સાદિઅનંત સ્થિતિ છે અને પારિણામિકની અનાદિઅનંત સ્થિતિ છે. સમજાય છે કાંઈ?

એમ, આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે એ પારિણામિકભાવે ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? હવે અકાર્યકારણ નામનો ગુણ જે ત્રિકાળ છે એને રાખનારું દ્રવ્ય છે. તો દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ તો અકાર્યકારણ નામના ગુણની પર્યાયમાં અકાર્યકારણપણાનું પરિણમન થઈ ગયું. રાગનું કારણ પણ નહિ અને રાગનું કાર્ય પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- દૃષ્ટિ વિના તો..

ઉત્તર :- દૃષ્ટિ વિના ખબર (ન પડે). લોકોને બહારમાં ... પણ ચીજ શું છે... સમજાય છે કાંઈ? બરાબર છે? ભાઈ! ..પ્રસાદજી! આહાહા..! શું કહે છે? જુઓ!

ભગવાન આત્મા, જેમ સર્વજ્ઞસ્વભાવ આત્મામાં છે, છે કે નહિ? બીજી ભાષાએ કહીએ તો જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ. આત્મા છે તો એનો સ્વભાવ જ્ઞ-જાણવું. તો જાણવું સ્વભાવમાં અપૂર્ણતા નથી આવતી. ધ્યાન રાખો. જાણવાનો અર્થ જ પરિપૂર્ણ. તો એનું નામ છે સર્વજ્ઞશક્તિ. એને ૪૭માં સર્વજ્ઞશક્તિ કહ્યું છે. ૪૭ કહે છે ને? સૈંતાલીસ. દસમી શક્તિ. નવમી સર્વદર્શીશક્તિ છે, દસમી સર્વજ્ઞશક્તિ છે. સ્વચ્છત્વ અને પ્રકાશ આદિ ઘણી શક્તિ છે. અહીં કહે છે કે જેમ સર્વજ્ઞ નામનો ગુણ ત્રિકાળ પડ્યો છે. તો એ સર્વજ્ઞ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ગુણનું કાર્ય શું? કે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય એ સર્વજ્ઞગુણનું કાર્ય છે. જિનેશ્વરદાસજી! સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે. પારિણામિકભાવે શક્તિરૂપ, ગુણરૂપ, સ્વભાવરૂપ, તદ્દરૂપ ગુણ પડ્યો છે. તો એનું કાર્ય શું? એની પર્યાય કેવી? સમજાય છે કાંઈ? જ્યારે આસ્રવ દુઃખરૂપ છે એમ જાણીને આત્મા આનંદરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો અકાર્યકારણગુણનું પર્યાયમાં પરિણમન થયું, પર્યાયમાં પરિણમન થયું. જેવું દ્રવ્ય-ગુણમાં હતું એવું પર્યાયમાં થયું. એ અકાર્યકારણ નામની પરિણતિ થઈ કે જે રાગનું કારણ પણ નહિ, રાગનું કાર્ય પણ નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આ તત્ત્વજ્ઞાન તો એવું સૂક્ષ્મ છે કે અંદરમાં જરી જ્ઞાનકળા પ્રગટ કરે તો એને સમજાય એવી વાત છે. એમ ને એમ બહારથી સમજાય એવી વસ્તુ નથી. રાગથી સમજાય એવી વસ્તુ નથી. ઇન્દ્રિયથી સમજાય એવી વસ્તુ નથી. એ તો અતીન્દ્રિય ચીજ છે. અતીન્દ્રિય છે.

કહે છે કે, લ્યો, ક્યાંનું ક્યાં ગયું. જુઓ! કાર્યકારણ આવ્યું ને એટલે જરી.. ત્યાં પણ કાઢી હતી, થોડી, આટલી નહિ. કારણકાર્યના અનાદિથી વાંધા ઉઠે છે ને. વ્યવહાર કારણ છે, નિમિત્ત કારણ છે. ભગવાન! સાંભળ તો ખરો. તારામાં એક અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે તો પરનું કારણ એવું તારામાં આવતું જ નથી. આહાહા..! અકાર્યકારણ નામની શક્તિ-ગુણ પારિણામિકભાવે ત્રિકાળ પારિણામિક એટલે સ્વભાવભાવ ત્રિકાળ પડ્યો છે. તો એનું કાર્ય શું? એની પર્યાય કેવી? કે પર્યાયમાં પણ અકાર્યકારણરૂપ પરિણમન થઈ ગયું. પર્યાયમાં અકાર્યકારણરૂપ થઈ ગઈ. જ્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ તો પર્યાયમાં અકાર્યકારણપણું થઈ ગયું. તો અકાર્યકારણ પર્યાય થઈ તો વ્યવહાર રત્નત્રયના કારણે આ પર્યાય થઈ એમ રહ્યું નહિ અને વ્યવહાર રત્નત્રયનું કારણ આ પર્યાય છે એમ પણ રહ્યું નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બહુ જ વિલક્ષણ છે.

ઉત્તર :- વિલક્ષણ છે, પ્રભુ! આ તો વાત જ એવી છે. એવી વાત સર્વજ્ઞના પેટની વાત છે. સમજાય છે કાંઈ? જંબુપ્રસાદજી! એ તો સમજાય એવી ચીજ છે. ન સમજાય એવું નથી. અને સાદી ભાષા છે, ભાષા કોઈ એવી (કઠણ નથી). આહાહા..!

મુમુક્ષુ :- કાર્ય-કારણ શક્તિ પડી છે,..

ઉત્તર :- નહિ, નહિ. અકાર્યકારણ નામની શક્તિ છે. કાર્ય-કારણની શક્તિ હોય તો સ્વભાવના કાર્ય-કારણની શક્તિ છે. એ તો બીજું આગળપાછળ આવે છે. ષટ્ કર્મ આવે છે ને? ષટ્ કર્મ પાછળ આવે છે. ષટ્કારક આવે છે. એ ષટ્કારકમાં સ્વભાવનું કારણ અને સ્વભાવનું કાર્ય એમ આવે છે. એ ષટ્કારકમાં આવે છે. ષટ્કારકની શક્તિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? આ બીજું છે. અહીં તો એક એક શક્તિનું વર્ણન બહુ થઈ ગયું છે. ૪૭ શક્તિનું તો બહુ.. કેટલા? પાના તો ઘણાં થવાના છે. કેટલા? ૮૦૦ પાના થવાના ને? મોટું પુસ્તક થવાનું છે. હવે તો ઘણાં આવવાના છે, હજી બહાર આવવાના છે. એક એક શક્તિ ઉપર સ્પષ્ટીકરણ કર્યું છે.

મુમુક્ષુ :- ફરીથી કર્યું?

ઉત્તર :- ફરીથી. પહેલાની વાત નથી. આ બીજી વાર થયું એ ઘણું સ્પષ્ટીકરણ થયું છે. ગુપ્ત છે હજી, બહાર આવશે. સમજાય છે કાંઈ? શું કહે છે?

પ્રભુ! સાંભળ તો ખરો. પ્રભુ! તારામાં એવી એક શક્તિ છે, એવો ગુણ છે-ગુણ, તારો ગુણ. ગુણનો ગુણ શું? ગુણના ગુણનો અર્થ-ગુણનું કાર્ય. સમજાય છે કાંઈ? ગુણનો ગુણ એટલે ગુણનું કાર્ય. તારામાં અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત પડ્યો છે. તો એનું કાર્ય-ગુણનો ગુણ શું? કાર્ય શું? એના પરિણમનમાં દુઃખનું કારણ નહિ અને દુઃખનું કાર્ય નહિ. એવો તારી પર્યાયમાં અકાર્યકારણ ગુણના પરિણમનનો ગુણ થઈ ગયો. સમજાય છે કાંઈ? દૃષ્ટિ દ્રવ્યની થઈ તો અકાર્યકારણ નામના પરિણમનમાં વ્યવહારનું કારણ નહિ અને વ્યવહારનું કાર્ય નહિ, એવું પરિણમન તારી દશામાં થઈ ગયું. સમ્યગ્દર્શન થયું ત્યાં. આહાહા..!

સમ્યગ્દર્શનનો અર્થ-આખો '**भूदत्थमस्सिदो**'. ભૂતાર્થ ભગવાન અનંત ગુણનો પિંડ છે એની જ્યાં દૃષ્ટિ થઈ તો સમ્યગ્દષ્ટિના ખ્યાલમાં આવી ગયું કે મારી પર્યાય મારાથી થઈ. હું વિકારનું કારણ પણ નહિ અને વિકારનું હું કાર્ય પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન દુઃખનું કારણ નહિ. કેમ કે કોઈનું કાર્ય અને કોઈનું કારણ નથી. કોઈનું, હોં! પરનું તો નહિ પણ રાગનું પણ નહિ. આહાહા..! ભારે. જગતને સત્ય... પરમેશ્વર કેવા છે? સત્ય પ્રભુ... '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થ જે ત્રિકાળ અનંત ગુણનો પિંડ, એમાં અનંત ગુણમાં અકાર્યકારણ નામનો ગુણ ભૂતાર્થમાં પડ્યો છે. એની જ્યાં દૃષ્ટિ થઈ તો પર્યાયમાં અકાર્યકારણગુણની પર્યાય થઈ, અકાર્યકારણરૂપ પરિણમન થઈ ગયું. તો વ્યવહારનું હું કારણ છું અને વ્યવહારનું હું કાર્ય છું, એવી દૃષ્ટિ ઉઠી ગઈ. ત્યારે સમ્યગ્દષ્ટિ થયો. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? કહો, હીરાલાલજી! આ અમારે નવા છે ને. જુવાન નવા તૈયાર થાય છે. નવા તૈયાર થાય છે.

આહા..! ભગવાન! એ તો આઠ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન લે છે. એમાં શું છે? આહાહા..! નિગોદમાંથી નીકળીને, હોં! કોઈ દિ' મનુષ્ય ન થયા હોય. મનુષ્ય થાય અને આઠ વર્ષે જ્યાં સાંભળ્યું ને એકદમ ફાટ પ્યાલા! વીજળી ઉપરથી પડે ને? તાંબાનો તાર હોય ને? એમાં અંદર હેઠે ઊતરી જાય. તાંબાનો હોય ને? ઉતરી જાય. એમ ભગવાન આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂર્ણાનંદ સ્વરૂપ જ્યાં અંદર દૃષ્ટિના વીર્યની સ્ફુરણામાં આવી ગયો તો અંદરમાં એકાકાર થઈ ગયો. એકાકાર થઈને સમ્યગ્દર્શન, ચારિત્ર અને કેવળજ્ઞાન લઈને અંતર્મુહૂર્તમાં મોક્ષ થઈ જાય. એટલી તાકાત ભગવાન આત્મામાં છે. આહાહા..!

ટોડરમલે લીધું છે, અરે..! ભગવાન! સબ અવસર આ ગયા હૈ. એમ કહે છે. સાંભળ્યું છે? એમાં લખ્યું છે. બધો અવસર આવી ગયો છે. સમજ! એમ લખ્યું છે, હોં! બધો અવસર આવી ગયો છે. ભગવાન! આહાહા..! હું નહિ કરી શકું એમ કાઢી નાખ. સમજાય છે કાંઈ? તારામાં કેવળજ્ઞાન લેવાનું સામર્થ્ય છે તો સમ્યગ્દર્શન લેવાની તાકાત નહિ? એ ત્રીજામાં બધું ચાલ્યું. ક્યારે શું નીકળી જાય. ક્યાં ખબર હતી કે કેવું નીકળશે.

કહે છે, ભગવાન આત્મા અનાકુળ સ્વભાવને લીધે કોઈનું કાર્ય નથી. અનાકુળ સ્વભાવ આકુળતાનું કારણ થાય? અને અનાકુળ સ્વભાવ આકુળતાનું કાર્ય થાય? આકુળતા છે તો કાર્ય થયું, એમ છે? એમ નથી. આહાહા..! વ્યવહાર છે એ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયો. જ્ઞેય થઈ ગયો. પણ એને કારણે અહીંયાં થયું અને આને કારણે રાગ થયો એમ વસ્તુમાં નથી. એના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે જ નહિ. જિનેશ્વરદાસજી! આહાહા..! આવા આત્માની અંદર પ્રતીતિ કરવી, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. ક્યાં વ્યવહારની વાત.. આહાહા..! એ દુઃખનું કારણ નથી. લ્યો. ભગવાન દુઃખનું અકારણ છે. અથવા વ્યવહાર દુઃખનું કારણ નથી. વ્યવહાર જે દુઃખરૂપ પર્યાય છે એનું કારણ નથી. આનંદનું કારણ અને કાર્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા સુદ ૧૨, સોમવાર તા. ૨૬-૯-૧૯૬૬**
**ગાથા-૭૨. પ્રવચન-૧૪૦**

સમયસાર, કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૨ ગાથા. અમારી બોંત્તેર ભાષા છે, તમારી બહત્તર જે હોઈ ઈ. જે હોઈ ઈ. અમને હિન્દી બરાબર નથી આવડતી. જુઓ! છેલ્લો ત્રીજો બોલ છે. ૭૨માં આવ્યું ને?

'**णादूण**' પહેલાં એ આવ્યું. '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**' ૭૨ છે ને? સીત્તેર અને બે. આ ટીકા ચાલે છે, જુઓ! બે બોલ તો આવી ગયા. ત્રીજો બોલ પણ આવી ગયો. પણ વિશેષ સ્પષ્ટીકરણ માગે છે. પહેલા શું કહે છે? કે '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. એવા શબ્દો છે. જે કોઈ પ્રાણી પુણ્ય-પાપના વિકલ્પને મલિન જાણીને (નિવૃત્ત થાય છે.) ભગવાન આત્મા સદા અતિનિર્મળ  છે. ઈચ્છામાત્ર, ચાહે તો ઈચ્છા વ્રતની હો કે ભક્તિની હો, પૂજાની હો, દાનની હો કે કોઈ પણ હો, ઈચ્છામાત્ર દુઃખરૂપ છે. ઈચ્છામાત્ર મલિન છે. અને ભગવાન આત્મા સદા અતિનિર્મળ છે. એમ '**णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो**'. અંતરમાં એ રાગથી નિવૃત્ત થઈને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે તેને સમ્યગ્દર્શન અને આત્માની અનુભૂતિ થાય છે. ત્યારથી ધર્મ શરૂ થાય છે. સમજાય છે કાંઈ?

બીજો બોલ, '**णादूण आसवाणं विवरीयभावं**' જે રાગ ઉત્પન્ન થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, પૂજા આદિ કે કામ, ક્રોધ એ બધા વિપરીત ભાવ છે. ચૈતન્યથી વિપરીત જડ છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય પ્રકાશનો સૂર્ય, એમાં રાગમાં ચૈતન્યનો અંશ નથી. તેથી શુભ દયા, દાન, વ્રતાદિના ભાવ છે એ પણ જડ છે. જડનો અર્થ રજકણ નહિ. પણ એમાં ચૈતન્યસૂર્ય પ્રકાશમૂર્તિ પ્રભુ, એના ચૈતન્યનું કિરણ રાગમાં નથી. તેથી રાગને વિપરીત જડ કહેવામાં આવ્યો છે. '**णादूण आसवाणं विवरीयभावं**' એ આસ્રવ વિપરીત ભાવ છે. ભગવાન ચૈતન્યસ્વભાવ પોતાનો રાખે છે. એમ બે વચ્ચે તફાવત કરીને પોતાના આત્મામાં અનુભૂતિમાં એ વિપરીત ભાવને છોડે છે, (આસ્રવથી) વિપરીત ભાવરૂપ પરિણમન કરે છે તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

હવે, ત્રીજો બોલ ચાલે છે. '**णादूण आसवाणं दुक्खस्स कारणं**'. જે કોઈ વિકલ્પની વૃત્તિ ઉઠે છે તે બધી દુઃખરૂપ છે. શુભભાવ કે અશુભભાવ દુઃખરૂપ છે. '**णादूण आसवाणं दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो**'. અંતરમાં વિકારને દુઃખરૂપ જાણીને..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં નીચે આવ્યું છે. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા...**' છે. ટીકામાં નીચે આવ્યું છે. તેથી '**દુઃખના કારણો છે;...**' શુભ અને અશુભ વૃત્તિમાત્ર દુઃખનું કારણ છે, દુઃખરૂપ છે, ઝેર છે. સમજાય છે કાંઈ? સેઠી! ઝેર કહો, દુઃખરૂપ કહો. ભગવાન આત્મા સદાય આકુળતા રહિત '**નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...**' કાલે ન્યાં આ વાત વિશેષ ચાલી હતી. શું? જુઓ! આ વિશેષ ચાલે છે. કાલે આવ્યું હતું કે આત્મા અનંત ગુણ સંપન્ન છે. અનંત ગુણ સંપન્ન. વસ્તુ એક એમાં અનંતા અનંત ગુણ સંપન્ન છે. એમાં એક ગુણ એવો છે કે અકાર્યકારણ નામનો આત્મામાં અનાદિઅનંત એક ગુણ છે.

જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, શ્રદ્ધાસ્વરૂપ છે એમ અકાર્યકારણસ્વરૂપ આત્મા છે. તો એ આત્મામાં અકાર્યકારણ નામની શક્તિ, ગુણ, સ્વભાવ અનાદિઅનંત છે. એ આત્મા રાગ જે ઉત્પન્ન થાય છે વિકાર, એ વિકારનું કાર્ય પણ નહિ અને વિકારનું આત્મા કારણ પણ નહિ. સમજાય છે કાંઈ? દેહ, વાણીની ક્રિયાની વાત નથી. એ તો જડ છે, પર છે. એની ક્રિયા તો અજ્ઞાની આત્મા પણ ત્રણ કાળમાં કરી શકતો નથી. આ દેહ, વાણી, હાલવું, ચાલવું, બોલવું એ ક્રિયા તો આત્માની ત્રણ કાળમાં અજ્ઞાનમાં પણ નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું?

પરદ્રવ્યની પર્યાય તો પરદ્રવ્યનું કાર્ય છે. કેમ કે પ્રત્યેક પદાર્થ ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં છે. તો પ્રત્યેક રજકણ એક એક પોંઈટ પોતાનું ધ્રુવપણું કાયમ રાખીને પોતાના ઉત્પાદપણે પર્યાયનું કાર્ય કરે છે. તો એનું કાર્ય બીજો કરે એ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. સમજાય છે કાંઈ?

એક પ્રશ્ન તો એવો આજે મગજમાં આવ્યો હતો, ભાઈ! ક્રમવર્તીનું બહુ આવે છે ને? ક્રમવર્તીનું. ક્રમવર્તી પર્યાય છે ને? પર્યાય આત્મદ્રવ્યમાં ક્રમવર્તી એક પછી એક પછી એક (થાય છે). અને ગુણ અક્રમ છે. સાંભળો! તો પર્યાય જે ક્રમવર્તી વ્યવસ્થિત થાય છે અને ગુણ અક્રમ છે. તો આત્મામાં એક ક્રમ-અક્રમ નામનો ગુણ પડ્યો છે. ભાઈ! છે ને? ક્રમવર્તી અક્રમવર્તી નામનો એક ગુણ પડ્યો છે. જુઓ! ૫૯૦ પાને હશે. આ તો જરી ક્રમવર્તીમાં જરી બીજો વિચાર આવી ગયો. શું આવ્યું? ક્રમવર્તી છે ને? ક્રમવર્તી. ક્યાં આવ્યું? ૧૮મી (શક્તિ). '**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...**' ૧૮મી શક્તિ. જરી સાંભળો. એમાં ક્રમવર્તીનો ખુલાસો આવે છે. શું કહે છે? જુઓ! આજે વળી બપોરે વિચારમાંથી આવ્યું. જુઓ, સાંભળો! છે? '**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અમક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે).**' એવો એક આત્મામાં ગુણ છે, ભાઈ! સાંભળો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મામાં એક ઉત્પાદવ્યયધ્રુવ થાય એવો એક ગુણ છે. સમજાય છે કાંઈ? ક્રમવૃત્તિ પર્યાયમાં થવું અને અક્રમરૂપ ગુણમાં થવું, એવો આત્મામાં એક ગુણ છે. ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની એક શક્તિ છે. જેમ આનંદ નામની શક્તિ આત્મામાં છે, એમ ઉત્પાદવ્યયધ્રુવ-ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ નામનો એક અંદર ગુણ છે. તો એ ગુણને કારણે ક્રમે વર્તે છે અને અક્રમે (રહે છે), એ ગુણ આત્મામાં છે તો આત્માની દૃષ્ટિ... અહીં તો ઈ કાઢવું છે, ભાઈ! ક્રમવૃત્તિ થાય છે એનું ફળ શું? સાંભળો! જરી સૂક્ષ્મ વાત છે.

આત્મામાં ક્રમે ક્રમે અવસ્થા થાય છે. પરમાં પણ ક્રમસર થાય છે. આઘીપાછી કોઈની પર્યાય થતી નથી. અનંત પરમાણુ હો કે અનંત આત્મા હો તો જે સમયે જે પર્યાય જ્યાં થવાની હોય તે થાય છે. એમાં કોઈ આઘીપાછી થાય છે એમ ત્રણ કાળમાં નથી. એમ આત્મામાં પણ ક્રમસર વ્યવસ્થિત જે પર્યાય થાય છે અને અક્રમ જે ગુણ છે, એ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ એક ઉત્પાદવ્યયધ્રુવત્વ નામનો ગુણ આત્મામાં છે. સમજાય છે કાંઈ? એ ગુણનો ધરનારો આત્મા છે. તો જ્યારે ક્રમવૃત્તિરૂપ પર્યાય છે, એનો નિર્ણય કરનારો... માણસ કહે છે કે ક્રમસર થાય છે તો અમારે પુરુષાર્થ શું કરવો?

મુમુક્ષુ :- અહીં આવ્યું..

ઉત્તર :- હા. સમજાય છે કાંઈ? પરથી તો કહેતા હતા પણ આ તો જરી ગુણમાંથી.. જરી શાંતિથી સાંભળો, આ તો અંતરની મૂળ વાત છે, જે અનંત કાળમાં એણે દૃષ્ટિમાં લીધી નથી.

ક્રમવૃત્તિ પર્યાય થવું, ક્રમસર, ક્રમબદ્ધ. અને અક્રમ રહેવું-ગુણ. એકસાથે અનંત ગુણ આમ પડ્યા છે. સીધો વિસ્તાર છે. અને ક્રમ પર્યાયનો આમ વિસ્તાર છે-ઊર્ધ્વ પર્યાય. પર્યાયમાં ઊર્ધ્વ ક્રમ પડ્યો છે વ્યવસ્થિત. અને ગુણમાં અનંત ગુણ આમ પડ્યા છે. એ બધામાં એક ગુણ એવો છે કે ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં ક્રમવૃત્તિરૂપ અક્રમવૃત્તિરૂપ નામનો એક ગુણ છે. તો ક્રમવૃત્તિ પર્યાય ક્રમબદ્ધ થાય છે, એવો નિર્ણય કરવાવાળાને ઉત્પાદવ્યયધ્રુવ જે ગુણ અંદરમાં છે, એ ગુણને ધરનાર દ્રવ્ય છે એની દૃષ્ટિ થવાથી એને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..!

ફરીથી, ફરીથી. ફરીથી કહીએ છીએ, હોં! જુઓ! પ્રભુ! આ વાત એવી છે, આ તો અંતરની ચીજ છે. જેમાં અંદરમાં કદી શું ચીજ છે (એ લક્ષમાં લીધું નથી). આત્માની પ્રતીતિ ક્યારે થાય છે? આત્મા છે, એવી પ્રતીતિ ક્યારે થાય છે? કે આત્મામાં જેટલા ગુણ છે એ ગુણસહિત જે દ્રવ્ય છે, એની પ્રતીતિ થાય તો આત્માની પ્રતીતિ છે. આત્મામાં એક ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ નામનો એક ગુણ છે. સમજાય છે કાંઈ? આ અઢારમો ગુણ. અઢારમી શક્તિ. '**ક્રમવૃત્તિરૂપ અક્રમવૃત્તિરૂપ વર્તન...**' વર્તના. આત્મામાં ક્રમે ક્રમે વર્તવું અને અક્રમે વર્તન રહેવું, એવો એક આત્મામાં ગુણ છે. માણસ કહે છે કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રમબદ્ધ જો થાય તો અમારે પુરુષાર્થ શું કરવો? ક્રમે થશે, ક્રમે ક્રમે. પણ પ્રભુ! સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? રાયબહાદુરજી! જરી ખ્યાલ રાખજો.

ક્રમવર્તી, પર્યાય જે ક્રમબદ્ધ થાય છે અને અક્રમ જે ગુણ છે, એ બેનો એક ગુણ છે અંદરમાં. ક્રમવૃત્તિ રહેવું અને અક્રમવૃત્તિરૂપ રહેવું એવો એક ધ્રુવ ગુણ છે. ગુણ એવો છે કે ક્રમે વર્તવું અને અક્રમે રહેવું એવો એક ગુણ છે.

મુમુક્ષુ :- આડુઅવળું થાય એવો...

ઉત્તર :- એવો કોઈ ગુણ નથી. અનંત ગુણ એકસાથે રહેવું અને ક્રમે ક્રમે અવસ્થા ક્રમબદ્ધ થવી એવો એક ગુણ છે. એકસાથે રહે છે તેનું નામ અક્રમ. આત્મામાં ગુણો એક સાથે રહે છે કે નહિ? જ્ઞાન, દર્શન, આનંદ એક સાથે વિસ્તારમાં રહે છે, વિસ્તાર. અને પર્યાય જે છે એ ક્રમે રહે છે.

મારે અહીં તો બીજું કહેવું છે કે ક્રમવૃત્તિ પર્યાય અને અક્રમવૃત્તિ ગુણ એ બે મળીને એક ગુણ આત્મામાં છે કે જેને અહીંયાં ઉત્પાદવ્યયધ્રુવ નામનો ગુણ કહ્યો છે. એ ગુણ જ્યારે નિશ્ચયમાં દૃષ્ટિમાં આવે તો ગુણનો ધરનાર આત્મા છે. તો આત્મા ઉપર જ્યારે દૃષ્ટિ પડે છે તો ગુણની પણ પ્રતીતિ થઈ ગઈ. તે સમયે ક્રમસર થનાર થાય છે અને અક્રમ ગુણ છે. તો ક્રમવૃત્તિ પર્યાય તો થાય છે પણ ક્રમે થાય છે અને અક્રમે રહે છે એવો જે ગુણ આત્મામાં છે, એ ગુણનો ધરનાર દ્રવ્ય છે. એ દ્રવ્યમાં દૃષ્ટિ થઈ તો ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિનું તાત્પર્ય એમાં આવી ગયું. જંબુપ્રસાદજી!

ફરીથી, ફરીથી. આ તો ઉપરથી તો કહેતા હતા પણ આજે જરી ગુણમાંથી કાઢ્યું, ભાઈ! આ શક્તિમાંથી કાઢ્યું, ઉપરથી તો કહેતા હતા. જુઓ! ક્રમબદ્ધ છે, ક્રમબદ્ધ છે. આત્મામાં ક્રમબદ્ધ અવસ્થા (થાય છે). પણ ક્રમબદ્ધનો આશ્રય, ક્રમબદ્ધનો આશ્રય... દ્રવ્યમાં ક્રમબદ્ધ થાય છે. તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય કે હું જ્ઞાયક ચિદાનંદ છું. તો એનું ક્રમબદ્ધનું ફળ આવ્યું. એની દૃષ્ટિ પર્યાય ઉપર રહે તો ક્રમબદ્ધ જેમાંથી થાય એની દૃષ્ટિ તો થઈ નહિ. પર્યાયબુદ્ધિ રહી.

અહીંયાં ઉત્પાદવ્યયધ્રુવ રહેવું એવો એક ગુણ છે. ક્રમે વર્તવું અને અક્રમે રહેવું. પાઠ જુઓ તો એક એક શબ્દમાં બહુ ગંભીરતા ભરી છે. આ તો અંતરના પેટ છે. ક્રમરૂપ, ક્રમપ્રવૃત્તિ, ક્રમવૃત્તિ, ક્રમવૃત્તિ-ક્રમે પરિણમવું, ક્રમે પરિણવારૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન-વર્તના જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ. સમજાય છે કાંઈ? આત્મામાં ક્રમે વર્તના અને અક્રમ વર્તના એવો ગુણ છે. ક્રમબદ્ધ છે એમ નિર્ણય કરનારને ઉત્પાદવ્યયધ્રુવ ગુણનો નિર્ણય કરવો પડશે અને ગુણનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? એકલા ગુણભેદથી નિર્ણય નથી થતો. રાગ ઉત્પન્ન થાય છે. ઉત્પાદવ્યયધ્રુવ-ક્રમે વર્તના અને અક્રમ વર્તના એવો એક ગુણ છે. એકલા ગુણનું લક્ષ કરવાથી ગુણની પ્રતીતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


યથાર્થ નથી થતી. કેમ કે ભેદ પડી ગયો.

એવો ગુણ છે કે ક્રમે પ્રવર્તે છે, અક્રમે ગુણ રહે છે. એવો એક ગુણ છે. તો એ ગુણનો ધરનાર આત્મા, એ આત્મા ઉપર અંદર દૃષ્ટિ જાય છે તો એના ગુણની પ્રતીતિ થઈ, દ્રવ્યની પ્રતીતિ થઈ કે ક્રમે થવાવાળી થાય છે અને અક્રમે ગુણ રહે છે. એવી પ્રતીતિ થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- વધારે સૂક્ષ્મ છે.

ઉત્તર :- વધારે સૂક્ષ્મ છે? જુઓ! હજી તો ક્યાં લઈ જવું હતું, વાત હજી તો બીજે લઈ જવી હતી.

અહીંયા તો વસ્તુ આત્મા પદાર્થ છે. પદાર્થ છે, અસ્તિ છે. અસ્તિ છે તો એ તો દ્રવ્ય થયું. દ્રવ્ય છે તો શક્તિઓ છે કે નહિ? કોઈ શક્તિ વિના દ્રવ્ય હોય? સ્વભાવ વિના દ્રવ્ય હોય? દ્રવ્ય છે એની શક્તિ કેટલી છે? જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, અસ્તિત્વશક્તિ, વસ્તુત્વશક્તિ, ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. એવી શક્તિ સંખ્યાએ અનંત છે. એક આત્મામાં એવી સંખ્યાએ, સંખ્યાએ.. સંખ્યા સમજો છો ને? એક, બે, ત્રણ એવી અનંતાઅનંત શક્તિ છે. એમાં એક એવી શક્તિ છે કે ક્રમે વર્તવું અને.. શું શબ્દ છે? જુઓ! ક્રમવૃત્તિ, ક્રમવૃત્તિ. ક્રમે ક્રમે થવું અને અક્રમવૃત્તિ-એકસાથે રહેવું. એવો ઉત્પાદવ્યયધ્રુવ નામનો ગુણ આત્મામાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? ક્રમબદ્ધ થાય છે એનો જ્યારે નિર્ણય કરવા જાય છે તો ક્રમબદ્ધ અને અક્રમ રહેનારા જે અંદર ગુણ છે, એ ગુણને ધરનાર દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવાથી ક્રમબદ્ધ અને અક્રમનું ફળ સમ્યગ્દર્શન થઈ ગયું. આહાહા..! .. ભારે સૂક્ષ્મ, ભાઈ! આ તો બહુ ક્રમ ક્રમનો પોકાર કરતા હતા ને. એટલે વળી વિચારમાં મનન કરતાં કરતાં બપોરે આ શક્તિ ખ્યાલમાં આવી.

નહિતર તો ખુલાસો કરીએ છીએ કે ભાઈ! જેમાંથી પર્યાય ક્રમવર્તી થાય છે એ દ્રવ્યની દૃષ્ટિ થવાથી તારા પુરુષાર્થમાં ક્રમબદ્ધનો નિર્ણય થયો. નિર્ણય થયો તો ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ ગઈ. તો સ્વભાવમાં એકત્વ થયું. રાગથી પૃથક્ થયો. પરના કાર્યથી પૃથક્ થયો. પોતાના અનુભવમાં પ્રતીતમાં આવ્યું ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એને થયા. એમ તો ઘણીવાર કહ્યું હતું. પણ આ વાત આ શક્તિમાંથી કાઢી. આગમ આધાર, આગમ આધાર. ભગવાન! તારી ચીજ એવી છે, પ્રભુ! આહાહા..!

પ્રભુઆત્મા.. આ એક આત્મા, હોં! પોતાનો. એમાં અનંત ગુણ સંખ્યાએ (છે). એ તો કહ્યું હતું ને? જેટલા આકાશના પ્રદેશ છે, અમાપ.. અમાપ.. અમાપ... છે.. છે.. છે ને? આકાશ છે એમાં ક્યાંય નથી એમ આવશે? નથી એમ ક્યાં આવશે? આકાશ છે, અલોક, ત્યાં નથી એમ આવશે? છે.. છે.. આવશે. તો છે.. છે.. છે.. છે.. છે.. તો કેટલું છે? એટલા આકાશના પ્રદેશની જેટલી સંખ્યા છે, એક આત્મામાં તેનાથી અનંતગુણા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુણ છે. આહાહા..! એમાં એક એવો ગુણ છે, ઉત્પાદવૃત્તિ ક્રમવૃત્તિરૂપ, અક્રમવૃત્તિરૂપ જેનું વર્તન છે એવો એક ગુણ આત્મામાં છે. એ ગુણનો ધરનારો ગુણી-આત્મા છે. ગુણી ઉપર દૃષ્ટિ જવાથી સમ્યગ્દૃષ્ટિને પ્રતીતમાં આવી ગયું કે પર્યાય ક્રમવૃત્તિ થાય છે અને ગુણો અક્રમવૃત્તિ છે, એવું મારું દ્રવ્ય છે એમ એને પ્રતીત થઈ ગઈ. આહાહા..! ભાઈ! સમજાણું?

ફરીથી, ફરીથી. જુઓ, ભાઈ! આ તો અંતર દ્રવ્ય, ગુણ અને પર્યાય. આત્મામાં એક ઉત્પાદ ક્રમવૃત્તિરૂપ, અક્રમવૃત્તિરૂપ એક જ ગુણની વ્યાખ્યા, બીજા ૪૭ તો ઘણાં છે. એક ગુણ આત્મામાં એવો છે. જેમ આત્માનો જ્ઞ-સ્વભાવ, આનંદ સ્વભાવ, અસ્તિત્વ સ્વભાવ, વસ્તુત્વ સ્વભાવ, પ્રમેયત્વ સ્વભાવ છે, એવો એક ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે, જેનું સ્વરૂપ છે એવો ઉત્પાદવ્યયધ્રુવ નામનો એક ગુણ છે. એ ગુણને ધરનારું દ્રવ્ય છે. તો જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ, દ્રવ્યની દૃષ્ટિ થઈ કે હું જ્ઞાયક છું અને એમાં આ ગુણ પડ્યો છે. તો દ્રવ્યની દૃષ્ટિમાં પ્રતીતમાં આવી ગયું કે એ એક ગુણ અનંત ગુણને નિમિત્ત છે. તો અનંત ગુણ પણ ક્રમવૃત્તિરૂપ જ પ્રવર્તે છે, ભાઈ! આહાહા..! અરે.. ભગવાન! સાંભળો ભાઈ! વાત કોઈ આવી ગઈ છે અંદરથી.

અહીંયાં તો આગમપ્રમાણથી સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? જુઓ! આત્મા પ્રતીતમાં આવ્યો કોને કહેવાય? કે એ આત્મામાં અનંત ગુણરૂપ આત્મા છે. એમાં એક ઉત્પાદવ્યયધ્રુવરૂપ ક્રમવૃત્તિરૂપ, અક્રમવૃત્તિરૂપ વર્તના જેનું સ્વરૂપ છે એવો ગુણ છે. એ ગુણનો ધરનાર ભગવાન આત્મા છે. તો એ આત્માની જ્યાં અંતરમાં પર્યાયનું લક્ષ છોડી, ગુણભેદનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કરીને એકત્વબુદ્ધિ થઈ, અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનમાં એ ગુણની પ્રતીતિ આવી કે ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિરૂપ વર્તના એનો ગુણ છે. તો ગુણનો ધરનાર દ્રવ્ય છે. તો દ્રવ્ય પણ ક્રમવૃત્તિ... એવો એક ગુણ નહિ, એવા અનંતા ગુણ. બધા અનંત ગુણ ક્રમવૃત્તિરૂપ પરિણમે છે અને અક્રમવૃત્તિ ગુણરૂપ રહે છે, એવો એક ગુણનો ધરનાર દ્રવ્ય એ રીતે અનાદિથી વર્તન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ દૃષ્ટિ થઈ ત્યારે, હોં! નહિતર તો તેની ખબર નથી.

મુમુક્ષુ :- .. પણ માનતો નથી.

ઉત્તર :- માનતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. એ જ અનંત પુરુષાર્થ..

ઉત્તર :- અનંત પુરુષાર્થ થયો અને એના ખ્યાલમાં આવી ગયું કે ક્રમે પરિણમવું અને અક્રમે રહેવું એ તો મારો સ્વભાવ છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધમાં પુરુષાર્થ કઈ રીતે આવે છે એનો ખુલાસો છે.

ઉત્તર :- એનો ખુલાસો છે. એ.. હિંમતભાઈ! જરી સમજાય છે આ? આ રીતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહોતું આવ્યું. ભાઈએ કાલે કહ્યું હતું ને થોડું જિનેશ્વરદાસજીએ? થોડી શક્તિનું કહો. તો વળી આ આવી ગયું મગજમાં. કાલે થોડું કહ્યું હતું ને?

ભાઈ! તારી રમતું એવી છે, પ્રભુ! આહાહા..! એની એને ખબર ન મળે અને ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ? એને પુણ્યના પણ ઠેકાણા નથી. પાપાનુબંધી પુણ્ય બાંધે કોઈ મંદ કષાયથી. કોઈ ધર્મ-બર્મ નહિ. એને ત્રણ કાળમાં જન્મ-મરણનો અંત નથી આવતો. ભગવાન આત્મા અનંત ગુણ સંપન્ન એકરૂપ, એમાં એક ગુણ એવો છે કે ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ એવો ગુણ (છે). એ ગુણને ધરનારું દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો પ્રતીતમાં આવી ગયું, અનુભૂતિમાં આવી ગયું કે આ દ્રવ્યની દરેક ગુણની પર્યાય ક્રમસર થાય છે. ગુણ અક્રમ રહે છે. એમ અનુભવમાં પ્રતીતમાં આવી ગયું. જંબુપ્રસાદજી! આહાહા..! અરે.. ભગવાન! ઝીણું પડી ગયું, લ્યો. મેં કીધું, આ બહુ સાધારણ છે. આજે બપોરે વળી આવ્યું હતું ને. નવી વાત છે. પહેલા આ રીતે મૂકી નથી. બીજી રીતે મૂકી છે ઘણી રીતે, પણ આ રીતે મૂકી છે અત્યારે (એવી રીતે નહિ). કાલે ભાઈએ કીધું હતું ને?

ભાઈ, જુઓ! આત્માની પ્રતીતિ કરવી છે ને? જેવો આત્મા છે એવી પ્રતીતિ કરવી છે ને? તો સમ્યક્ કહેવાય ને? સમ્યગ્દર્શન. સમ્યક્ નામ જેવો આત્મા છે એવી પ્રતીતિ કરે તો. તો આત્મા કેવો છે? કે અનંત ગુણ સંપન્ન. એમાં એક ગુણ એવો છે કે ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ એનો એક ગુણ છે. ૧૮મી શક્તિ. ક્રમવૃત્તિરૂપ-કર્મ વર્તનારૂપ, અક્રમ વર્તનારૂપ વર્તન રહેવું એનું સ્વરૂપ છે. એવી ઉત્પાદવ્યયધ્રુવ એવો એક ગુણ છે. આહાહા..! ગજબ વાત કરે છે ને! અમૃતચંદ્રાચાર્યે તો એવું કાઢ્યું છે!

આત્મા એને કહીએ કે જેમાં ક્રમે વર્તના અને અક્રમે ગુણ રહેવા એવો ગુણ છે. તો એ ગુણ સહિત આત્માને પ્રતીત કર્યો તો પ્રતીત કરવામાં અનુભૂતિ થઈ. રાગથી પૃથક્ થયો. પરના કાર્યનો કર્તા નહિ. રાગ આવે છે એનો હું કર્તા નથી. અને મારી પર્યાય નિર્મળ થાય છે તો એનો વિકલ્પ આવ્યો અને હું નવી કરું એમ પણ નથી. કેમ કે દ્રવ્ય જ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ ગુણને ધરનારું છે. એવા દ્રવ્યની દૃષ્ટિ થઈ તો ગુણનું કાર્ય અથવા અનંત ગુણનું કાર્ય જે છે, એ એક ગુણ સર્વ ગુણમાં વિભુ છે. એક ગુણ બધા ગુણમાં વિભુ છે. વિભુ સમજ્યા? વ્યાપક. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં જ્ઞાનગુણ છે, ત્યાં આનંદગુણ છે, ત્યાં આ ઉત્પાદવ્યયધ્રુવ નામનો એવો એક ગુણ આત્મામાં સાથે પડ્યો છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! કહે છે, પ્રભુ! તારો આત્મા એવો છે. તો એવા આત્મામાં ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ એવો એક ગુણ છે. એ ગુણની પ્રતીત ક્યારે થાય છે? કે ગુણને ધરનારું દ્રવ્ય છે તો દ્રવ્યની પ્રતીતિ થઈ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આખું દ્રવ્ય એક ગુણ અનંત ગુણમાં ક્રમવર્તી પર્યાય થાય છે અને ગુણ અક્રમ રહે છે એવી પ્રતીતિ સમકિતીને આવી ગઈ. આહાહા..! રાજબહાદુરજી! કહો, અમરચંદભાઈ! અરે.. ભગવાન!

એ સમયે રાગ આવે છે ને એ પણ ક્રમસર આવે છે. પણ એ જાણવા-દેખવાની પર્યાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો દ્રવ્યનો ગુણ એવો છે કે ક્રમે વર્તવું અને અક્રમે વર્તવું. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો રાગ તો એ કાળે આવશે. પણ એને જાણનારું જ્ઞાન ક્રમમાં આવશે. જાણવાનું જ્ઞાન ક્રમમાં આવશે. તે જ રાગને જાણવાનું જ્ઞાન ક્રમમાં આવશે. એ ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિની એને પ્રતીતિ થઈ ગઈ. આહાહા..! અરે.. ભગવાન! હિંમતભાઈ! આ રીતે મૂકાણું નથી. જિનેશ્વરદાસજીએ કાલે પ્રશ્ન કર્યો ને, થોડું કહો, થોડું કહો.

મુમુક્ષુ :- આધાર ..

ઉત્તર :- અહીં તો આધાર દેવો હતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સર્વજ્ઞે જોયું એ આધારનું હવે અહીંયાં કામ નથી. સર્વજ્ઞે જોયું તો ક્રમે થાય છે, એનું અહીં કામ નથી. દ્રવ્યનો સ્વભાવ એવો છે. એવી વાત છે, પ્રભુ! આ તો અંતરની વાત છે. અમારે ભાઈ કહે છે, સુંદર વાત છે, બરાબર છે.

આ તો વસ્તુની સ્થિતિ એવી છે, પ્રભુ! શું કહે? એનો ખ્યાલ આવ્યા વિના.. એ વસ્તુ એવી છે. આ વસ્તુ છે એવી સર્વ વસ્તુ છે. બધી વસ્તુમાં પણ આવો જ ગુણ પડ્યો છે. એ પણ પોતાના ક્રમ અને અક્રમથી પ્રવર્તન કરે છે. પણ એના જ્ઞાન વિના એને ખબર નથી. આ જ્ઞાતા છે તો એને ખબર પડે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો બધું આમાં નાખ્યું. સાંભળો, ભાઈ! આપણે તો અત્યારે આત્મા સિદ્ધ કરવો છે.

આત્મા એને કહીએ, આત્મા એને કહીએ કે જેમાં એક ગુણ એવો પડ્યો છે કે ક્રમવૃત્તિરૂપ પર્યાય વર્તે અને ગુણ અક્રમ (વર્તે). એવો ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા (છે). ગુણને માનનારને ક્રમબદ્ધ પર્યાય થાય છે અને ગુણ અક્રમ (રહે છે), એવી પ્રતીતિ થઈ ગઈ છે. કેમ કે દ્રવ્યની શ્રદ્ધા થઈ ગઈ. બધા ગુણની. આખું દ્રવ્ય ક્રમબદ્ધ પર્યાય અને અક્રમ ગુણ રાખે છે એવા ગુણની શ્રદ્ધા થઈ ગઈ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ કંઈક? થોડું. આહાહા..!

આ વાત ખ્યાલમાં ન આવે એવી નથી. વાત એવી કોઈ નથી. આ આમ કહે છે અને આમ છે, એમ ખ્યાલમાં ન આવે એવી વાત નથી. ભગવાન આત્મા એક સમયમાં મોજૂદગી રાખે છે. એમાં અનંત ગુણની મોજૂદગી છે. તો એક ગુણ એવી મોજૂદગી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાખે છે કે ક્રમે પ્રવર્તે અને અક્રમે વર્તે એવો એક ગુણ મોજૂદગીમાં અંદર પડ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શક્તિને ન માને તો દ્રવ્ય જ માન્યું નથી, ગુણ પણ માન્યો નથી, પર્યાય માની નથી અને આત્માને માન્યો નથી એણે. એ આત્માને જ નથી માનતો. સમજાય છે કાંઈ? આહાહા..! એ.. શેઠ! સમજાય છે કે નહિ કાંઈ? હજી બરાબર નથી સમજાણું.

ભગવાન શું વર્ણવે છે? આગમ (અને) અમૃતચંદ્રાચાર્ય. સર્વજ્ઞ પરમાત્માએ આવો આત્મા જોયો. એ આત્મામાં અનંત ગુણ જોયા. અનંત ગુણમાં એવો એક ગુણ ભગવાને જોયો કે ક્રમે પ્રવર્તે ક્રમસર. કોઈ દ્રવ્યની પર્યાય આઘીપાછી નથી થતી. આઘીપાછીને શું કહે છે? અમને બહુ હિન્દી નથી આવડતી. આઘીપાછી ન થાય અને એકસાથે ગુણ રહે અને ક્રમસર પર્યાય થાય, એવો દ્રવ્યમાં ગુણ પડ્યો છે. એ ગુણનો ગુણ શું? એ ગુણનો ગુણ શું? ગુણના ગુણનો અર્થ-ગુણનું કાર્ય શું? એ ગુણનું કાર્ય શું? કે ધ્રુવરૂપે અક્રમ રહેવું અને પર્યાયમાં ક્રમ રહેવો એ ગુણનો ગુણ નામ કાર્ય છે. આહાહા..! અરે.. ભગવાન! એણે વાત સાંભળી નથી. આત્મા શું છે? આત્મા આત્મા તો બધા પોકાર કરે છે પણ આત્મા કેવો એની પ્રતીતિની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ.. શોભાલાલજી! પોકાર કરવો જોઈએ ને. આહાહા..!

રજકણ લક્ષમાંથી છોડી દે, કર્મ છોડી દે લક્ષમાંથી. એ તારામાં છે જ નહિ. સમજાય છે? અને રાગાદિ આવે છે એ તારામાં નથી. સાંભળ! આ શાસ્ત્ર છે. શાસ્ત્રનો અધિકાર ચાલે છે ને? શરીર, કર્મ છે એ તો અજીવતત્ત્વ છે. આત્મામાં નથી. હવે આસ્રવ. પુણ્ય-પાપના વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે, દુઃખરૂપ છે. એ આસ્રવતત્ત્વ આત્મામાં નથી. નહિતર બે તત્ત્વ ભિન્ન નથી રહેતા. સમજાય છે કાંઈ? હવે આસ્રવતત્ત્વ આત્મામાં નથી. એક વાત. ત્યારે છે શું એમાં? એમાં અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ છે. એમાં એક ગુણ એવો છે કે પ્રત્યેક ગુણ (-પર્યાય) ક્રમસર પ્રવર્તે અને ગુણ એકસાથે રહે એવો એક ગુણ છે. એવા અનંત ગુણમાં એવો ગુણ છે. એવા અનંત ગુણની તાકાત એવી છે. અને અનંત ગુણની તાકાત તો દ્રવ્યની પણ એવી તાકાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તો ત્રણે માનતો નથી. એ આત્માને માનતો જ નથી. આમ તો આત્મા આત્મા કરે, પણ આવો આત્મા ન માને તો એ નાસ્તિક છે. આમ આત્મા આત્મા કરે ઈ શું કામ આવે? સમજાય છે કાંઈ? સારી વાત નીકળી ગઈ, હોં! તમે દૂરથી આવ્યા છો ને. આ તો આગમસાક્ષી લીધી. જંબુપ્રસાદજી! ભાઈ! સર્વજ્ઞે જોયું માટે થાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નહિ. વસ્તુનું સ્વરૂપ એવું છે. નહિતર વસ્તુનો ગુણ નાશ થઈ જાય છે.

વસ્તુના ગુણમાં એક ગુણ એવો છે. ક્રમવર્તનરૂપ, અક્રમવર્તનરૂપ. ગુણોનું એકસાથે રહેવું, વ્યવસ્થિત પર્યાય એક સાથે આમ થવી, આઘીપાછી નહિ. એવો ગુણ છે. એ દ્રવ્યની પ્રતીત કરે છે તો ગુણની પ્રતીત આવી જાય છે. અને આવી પ્રતીત ન કરે તો એને ગુણની પ્રતીત નથી, દ્રવ્યની પ્રતીત નથી. બીજી વાત-ભગવાન આત્મામાં આ જે ઉત્પાદવ્યયધ્રુવ ગુણ જે પડ્યો છે, એ ગુણનું પરિણમન.. ભાઈ! હવે ગુણ છે એનું કાર્ય શું આવ્યું? કાર્ય શું? એ તો ગુણ કહ્યો, શક્તિ કહી. ત્રિકાળી શક્તિ કહી. તો ત્રિકાશી શક્તિનું પર્યાયમાં કાર્ય શું? સમજાય છે કાંઈ? એ ત્રિકાળી શક્તિનું કાર્ય એ રહ્યું કે ધ્રુવરૂપ રહ્યો અને ક્રમે પ્રવર્તન એ ત્રિકાળી શક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- દરેક વખતે નવી નવી વાત આવે છે.

ઉત્તર :- નવો .. તો નવી આવે ને. એના ને એના સ્પષ્ટીકરણનો નવો તર્ક છે. આહાહા..! અરે.. ભગવાન!

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આત્મા છે એમ જાણ્યું. અને એ ભગવાને આત્માને એવો જાણ્યો કે અનંત ગુણમાં એક ગુણ એવો પડ્યો છે કે ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિરૂપ ગુણ પડ્યો છે. એમ ભગવાને જાણ્યું. એવો આત્મા જાણ્યો. એવા આત્માને જે પ્રતીતમાં લે છે કે આવો આત્મા છે, તો એને રાગ દુઃખરૂપ છે, હું આત્મા આનંદરૂપ છું, એમ દુઃખ અને આનંદ વચ્ચે ભેદજ્ઞાન કરીને જ્ઞાયક તરફ ઝુકે છે તો પ્રતીતમાં આવી ગયું કે આ દ્રવ્ય-ગુણ આવા છે. ક્રમે ક્રમે અવસ્થા થાય અને અક્રમે ગુણ રહે, એવો એનો ગુણ જ છે. આહાહા..! એ.. હિંમતભાઈ! આ તો સાક્ષી કાઢી અંદરથી. આહાહા..!

સદશ વિસદશ બીજો એક ગુણ છે. એ વળી પછી. એ તો વળી પેલો વિચાર આવ્યો હતો ને? વિરૂદ્ધઅવિરૂદ્ધ શક્તિનું આવ્યું હતું ને આપણે? વિરૂદ્ધઅવિરૂદ્ધ શક્તિ આવી હતી ને? ત્રીજી ગાથા. વિરૂદ્ધઅવિરૂદ્ધ શક્તિથી વિશ્વને અનુગ્રહ કરે છે. ત્યાં પણ સદશ વિસદશ શક્તિ કાયમ પડી છે. એ વખતે વળી થોડો વિસ્તાર કર્યો હતો. આ બતાવી ઈ નહોતો કર્યો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... એને આત્મા કહે છે કે જે જ્ઞાન ધારણ કરે છે. એને આત્મા કહે છે કે જે આનંદ ધારણ કરે છે. એને આત્મા કહે છે કે જે અસ્તિત્વ ગુણ ધારણ કરે છે. એને આત્મા કહે છે કે ભાવપ્રાણ ચૈતન્યનો ધારણ કરે છે. એને આત્મા કહે છે કે રાગના અભાવરૂપ પરિણમન કરનારો અકર્તા નામનો આત્મામાં એક ગુણ છે. ઈ વાત ચાલે છે ને. કર્મના નિમિત્તે થવાવાળો વિકૃતભાવ એનાથી ઉપરમસ્વરૂપ, ઉપરમસ્વરૂપ..ઈ ગાથા છે. અકર્તા, અભોક્તા બીજી વાત છે. સમજાય છે કાંઈ? છે કે નહિ? ક્યાં આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઈ? આ રહ્યું, જુઓ! ૨૧મી શક્તિ. '**સમસ્ત કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ અકર્તૃત્વશક્તિ.**' ૨૧મી શક્તિ. અહીં તો આત્માની પ્રતીત કરવી છે તો કહે છે કે એમાં '**કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' જે પરિણામ થયા, રાગને જાણવું એવા પરિણામ, રાગને જાણવું-જેવો રાગ છે તેનાથી ઉપરમ-નિવૃત્તસ્વરૂપ. જુઓ! '**પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.)**' ૨૧મી શક્તિ. નીચે છે. શું કહ્યું એમાં? જુઓ!

જેમ આત્મામાં ક્રમવર્તનરૂપ પર્યાય, અક્રમવર્તનરૂપ ધ્રુવ એવો એક ગુણ. એવો એક ગુણ, હોં! ત્રણે મળીને એક ગુણ અહીંયાં. એક ગુણની જ્યારે પ્રતીતિ થઈ તો એની ક્રમવૃત્તિ પર્યાય છે, એવી પ્રતીત સમ્યગ્દર્શનમાં થઈ ગઈ. ત્યારે દ્રવ્યની શ્રદ્ધા યથાર્થ થઈ. નહિતર આ ગુણને કાઢી નાખીને એકલી દ્રવ્યની શ્રદ્ધા કરે તો દ્રવ્યની શ્રદ્ધા સાચી છે નહિ.

બીજી (વાત). હવે જ્યારે ક્રમવૃત્તિ પરિણામ છે.. ભાઈ! હવે પેલા રાગને હવે કાઢી નાખવો છે. ક્રમવૃત્તિ પર્યાય છે, અક્રમવૃત્તિ એવા ગુણ છે, એવા દ્રવ્યની દૃષ્ટિ કરી. તો આત્મામાં એક એવો ગુણ સાથે છે કે નિમિત્તના લક્ષે જે વિકલ્પ ઉઠ્યો છે, તેના ઉપરમસ્વરૂપ-તેનાથી નિવૃત્તસ્વરૂપ આત્મામાં અકર્તા નામના ગુણનું જ્ઞાતૃત્વરૂપ તેના પરિણામ થયા. જે સમયે રાગ થયો છે તે જ સમયે ઉપરમસ્વરૂપ-તેનાથી નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ્ઞાતૃ પરિણામ થયા તે અકર્તૃત્વ પરિણામનું કાર્ય છે.

ફરીથી. '**સમસ્ત કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' રાગાદિ થયા તેનાથી નિવૃત્તસ્વરૂપ, નિવૃત્તસ્વરૂપ. એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. સમજો ફરીથી. વેણીપ્રસાદજી! આ તો.. .. શ્રદ્ધા આદિ કહ્યું હતું ને કાલે? થોડી શક્તિ કહો. એમ શક્તિ તો શક્તિ જ્યારે ચાલતી હોય ત્યારે ચાલે. અહીં તો સાધારણ આધાર આપીએ છીએ. જ્યારે એક એક શક્તિ (ચાલતી હોય) તો તો એના ઉપર કેટલા બોલ ઉતારીએ છીએ. ઉતરી ગયું છે, પણ હવે જ્યારે છપાય ત્યારે ખરું. જલ્દી છપાશે, એમ અમારે રામજીભાઈ કહે છે. કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું?

આત્મામાં એક અકર્તૃત્વ નામનો અનાદિઅનંત ગુણ છે. શું? આત્મામાં, જેમ ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ રહેવું એવો ગુણ છે, એમ આત્મામાં એક અકર્તા નામનો ગુણ ત્રિકાળ પડ્યો છે. એ ગુણ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્રિકાળ શક્તિ રહેવાવાળી છે. આ ત્રિકાળની વાત છે. ઉપરમસ્વરૂપ પ્રત્યેક સમયે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. .. એમાં. આત્માની દૃષ્ટિ કર્મના ઉપરમસ્વરૂપથી અકર્તાપણું થયું. કર્મની સાથે સંબંધ જ ન રહ્યો. અજ્ઞાનમાં જેને શક્તિનું ભાન નથી અને શક્તિવાનનું ભાન નથી તે રાગનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? તે જ સમયે રાગ તો આવે છે પણ આ અકર્તૃત્વ શક્તિના ધરનારનું ભાન નથી તે રાગનો કર્તા થાય છે. કેમકે દ્રવ્યનું ભાન નથી. પણ દ્રવ્યનું જેને ભાન છે તો દ્રવ્યમાં અકર્તૃત્વ નામનો ગુણ પડ્યો છે તો એનું પણ ભાન થયું. તો રાગના નિવૃત્તરૂપ પરિણામ થવા એ અકર્તૃત્વગુણનું ફળ છે. આહાહા..! રાગનો કર્તા સમ્યગ્દૃષ્ટિ છે નહિ. સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી, રાગને જ્ઞાતા તરીકે જ્ઞેય તરીકે જાણે છે. અહીંયાં તો જરી બીજી વાત સિદ્ધ કરવી છે. પેલા ક્રમ સાથે, ભાઈ!

એ ક્રમ સાથે જે રાગ આવે છે તે પણ અહીંયાં ક્રમે થાય છે પણ એનું લક્ષ કરવું નથી. અહીં અકર્તૃત્વ નામનો આત્મામાં ગુણ પડ્યો છે તો એ અકર્તૃત્વગુણને ધરનારું દ્રવ્ય (છે). આખા ગુણનું અકર્તૃત્વ છે કે રાગનો કર્તા નહિ. એવા દ્રવ્યની દૃષ્ટિ થઈ તો તે સમયે જે રાગ થાય છે, તેનાથી અભાવસ્વરૂપ પરિણમન કરવું તે અકર્તૃત્વગુણનું ફળ છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! આ બધું આવી ગયું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ તો એક એક ગુણનું કાર્ય ભિન્ન ભિન્ન બતાવવું છે. છે એક સમયમાં બધા. સમજ્યા? ગુણ એકસાથે છે અને કાર્ય પણ એક સમયમાં સાથે છે. શક્તિનું વર્ણન કર્યું છે એમાં ઘણું આવ્યું છે. અહીં તો થોડું આધાર માટે લઈએ છીએ. શું કહ્યું સમજાણું?

થોડું પણ જેવું છે તેવું સત્ય સમજે તો તેનો નિવેડો આવે. એમ ને એમ અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ગયો, ભણી ભણીને ભણ્યો ને કાઢ્યું નહિ કાંઈ. રાગ કાઢ્યો અને રાગ કરવો એ કાઢ્યું એ તો અનાદિથી કરે છે, એમાં તને શું આવ્યું? સમજાય છે કાંઈ? કાં હું પરનું ભલું કરી દઉં છું. હું પરનું ભલું કરી દઉં છું. શું ધૂળ કરી શકે છે ત્રણ કાળમાં? પરનું કરવું એવો તારામાં તો ગુણ નથી. એ તો નહિ પણ રાગનો કર્તા એવો તારામાં ગુણ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયના વિકલ્પનું કર્તાપણું એવો કોઈ આત્મામાં ગુણ નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞે કહ્યા એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્રજ્ઞાન પર સન્મુખનો વિકલ્પ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કરવું એવો આત્મામાં ગુણ નથી. એ વિકલ્પથી નિવૃત્ત થવું એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. સમજાય છે કાંઈ?

આ તો શાંતિથી સમજવાની ચીજ છે. આ કોઈ એવી ચીજ નથી, આ તો સત્ય સ્વરૂપ છે. સચ્ચિદાનંદ પ્રભુ એવો છે. સર્વજ્ઞે જોયું છે એવું છે. તો કેવો છે? કે આત્મા જ્યારે માનવામાં આવ્યો તો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ પડ્યો છે. તો એ અકર્તૃત્વ ગુણને ધરનાર દ્રવ્યની શ્રદ્ધા થઈ તો પર્યાયમાં અકર્તૃત્વ ગુણનું પરિણમન થયું. દ્રવ્ય અને ગુણમાં તો અકર્તૃત્વ વ્યાપક છે. પણ જ્યાં દૃષ્ટિ થઈ તો અકર્તૃત્વ ગુણ પર્યાયમાં વ્યાપી ગયો. પર્યાયમાં વ્યાપી ગયો એનો અર્થ રાગથી નિવૃત્ત થવું એ પર્યાયનું પરિણમન છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

જે સમયે રાગ છે તે સમયે પણ અકર્તૃત્વ ગુણનું કાર્ય રાગથી ઉપરમસ્વરૂપ થઈને પરિણમવું એ અકર્તૃત્વગુણનું કાર્ય છે. આહાહા..! આત્મા એટલે તો એમ માને આત્મા આત્મા એમ ન ચાલે. એમ ન ચાલે. સમજાય છે કાંઈ? એ ચીજ શું છે, શક્તિઓ કેવી છે અને શક્તિનું કાર્ય શું છે? દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે. અકર્તૃત્વગુણ શક્તિ છે. તો શક્તિનો ધરનાર ભગવાન આત્મા છે. તો એ આત્મા જ્યારે માનવામાં આવ્યો તો પર્યાયમાં અકર્તૃત્વગુણનું પરિણમન થયું. શું? રાગથી અભાવસ્વરૂપ પરિણમન થયું. એ અકર્તૃત્વગુણનું પર્યાયરૂપી કાર્ય છે. ત્યારે તેણે આત્મા જાણ્યો, માન્યો, અનુભવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ.. ન્યાલભાઈ! ભારે વાત, ભાઈ! આ તો ન્યાલની વાત છે, હોં! અનંત કાળમાં આ વાત એણે યથાર્થપણે સાંભળી નથી. સાંભળી નથી, યથાર્થપણે સાંભળી નથી. રુચે તો ક્યાંથી? સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મામાં એક ગુણ એવો છે કે કર્મના ગુણથી જે રાગ થયો તેનાથી ઉપરમસ્વરૂપ રહેવું એનો ગુણ છે. એનાથી નિવૃત્તસ્વરૂપ પરિણમવું એનો ગુણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગના અભાવરૂપ પરિણમન થાય છે. રાગનો નાશ થાય છે, કર્મ પણ તેના કારણે નાશ થાય છે. અરે..! ભગવાન! નાશ કરવો પડતો નથી, રાગનો નાશ કરવો પડતો નથી. કેમકે રાગનો નાશ કરવાનો કોઈ ગુણ નથી આત્મામાં. રાગને ગ્રહણ નથી કર્યો. એ તો એક ગુણ આવે છે ને? ત્યાગઉપાદાનશક્તિ. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. રાગનો ત્યાગ અને રાગના ગ્રહણથી શૂન્ય શક્તિ આત્મામાં છે. તેનાથી શૂન્ય છે. રાગનો ત્યાગ કરવાનો ગુણ પણ આતમામાં નથી. રાગનો ગ્રહણ ત્યાગ નહિ કરવો એવી આત્મામાં શક્તિ છે. આહાહા..!

અરે..! એક એક શક્તિ આત્માની શું છે.. સમજાય છે કાંઈ? આમ તો કહે કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અમે માનીએ છીએ, માનીએ છીએ. બાપા! આત્માને માનવો એ તો કોઈ અપૂર્વ દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અનંત કાળમાં એ ચીજ શું છે એ શ્રુત, પરિચિત અનુભૂત નથી કરી. શ્રુતમાં આવી નથી, પરિચયમાં ક્યાંથી આવે અને અનુભવમાં તો આવે જ ક્યાંથી. અનાદિથી રાગ કરવો અને રાગ અનુભવવો એ સાંભળ્યું છે, એનો અભ્યાસ છે અને એ કરે છે અનાદિથી. એ તો અનાદિની નિગોદની દશા જેવી જગતની દશા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, આત્મામાં.. અહીં તો હજી પેલું દુઃખ છે ને? એ દુઃખના વિરામસ્વરૂપ **णादूण आसवाणं दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो**'. એમાંથી કાઢ્યું છે. રાગાદિ વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે. અને આત્મા આનંદસ્વરૂપ છે. એમ જ્યાં બે વચ્ચે ભેદ કર્યો તો નિવૃત્તિ, અંદર નિવૃત્તિ થઈ ગઈ. અકર્તા નામનો ગુણ પણ દ્રવ્યમાં છે તો રાગના ઉપરમસ્વરૂપ નિવૃત્તિ થઈને પોતાના આનંદની પરિણતિ અંદર થઈ. એનું નામ દ્રવ્યની પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! ક્યાંનું ક્યાં નીકળ્યું.

ભાઈ! પ્રભુ! તું કેવડો ક્યાં છો તેની તને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની એક સમયમાં જેણે ત્રણ કાળ ત્રણ લોક જોયા, એણે આત્મા આવો જોયો છે. આવો આત્મા તને પ્રતીતમાં આવે ત્યારે આત્મા માન્યો કહેવાય. નહિતર નાસ્તિક છે, આત્માને માનતો નથી. છે નહિ તેને માનવું, આત્મા છે નહિ એવો માનવો તે આત્માને માનતો જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્માને રાગ આવે છે ને? રાગ. દુઃખરૂપ કહ્યો ને અહીંયાં? ખરેખર આત્મામાં એક ગુણ એવો પડ્યો છે કે સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. જે આત્મામાં એવો ગુણ પડ્યો છે કે રાગના સ્વામી થાવું, રાગ પોતાનો અને સ્વામી થવું એવો કોઈ ગુણ નથી. પણ રાગથી ઉપરમસ્વરૂપ જે અકર્તાગુણથી થયો અને ક્રમસર જે પર્યાય પરિણમે છે તેવી ઉત્પાદવ્યયધ્રુવ શક્તિના ધરવાવાળાની પ્રતીત થઈ... સમજાય છે કાંઈ? તો સાથે .. શું કહ્યું? અકર્તૃત્વ ગુણનું પરિણમન જ્યારે થયું તો સાથે... સાંભળો! વ્યવહાર રત્નત્રયનો સ્વામી ન રહ્યો. સ્વામી ન રહ્યો. કેમકે આત્મામાં સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ પડ્યો છે. અને એ ગુણના ધરનાર આત્માની પ્રતીત થઈ તો શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વામી છે, એ રાગનો સ્વામી આત્મા નથી. સમકિતી સ્વામી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો રાડ પાડે છે ને? વ્યવહાર રત્નત્રય પહેલા અને પછી નિશ્ચય. અરે.. પ્રભુ! તને ખબર નથી આત્મા કોણ છે. ભાઈ! આત્મા કેવો છે તને ખબર નથી. અને માને છે કે અમે આત્મા માનીએ છીએ, આત્મા માનીએ છીએ. માન્યા.

મુમુક્ષુ :- છ દ્રવ્ય માન્યા એમાં..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- છ દ્રવ્ય ક્યાં માન્યા છે? આત્મા શું છે એ માન્યું જ નથી. આત્મા એને માન્યો કહીએ કે જે રાગ દુઃખનું કારણ છે.. અહીંયાં તો કર્તાકર્મ બતાવવું છે ને. તો એનાથી નિવૃત્ત કરવો છે. નિવૃત્ત. '**णियत्तिं कुणदि जीवो**'. કેમ? કે આત્મા આનંદસ્વરૂપ છે, અકર્તાસ્વરૂપ છે, ક્રમબદ્ધ પરિણમન આદિ કરવાનું તેનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આવા ગુણના ધરનાર દ્રવ્યનું લક્ષ કરવાથી, રુચિ કરવાથી રાગ આવ્યો તેના અકર્તાગુણના પરિણામમાં ઉપરમસ્વરૂપે પરિણમન થયું, રાગના અભાવસ્વરૂપે પરિણમન થયું. ક્રમસર પરિણમન થયું. ગુણ અક્રમ રહ્યા. અને રાગનો સ્વામી ન રહ્યો. રાગના અભાવસ્વરૂપ પરિણમન છે તેનો સ્વામી રહ્યો. આહાહા..! ભારે વાત, ભાઈ!

એક કર્તામાં વળી સ્વસ્વામી આવ્યું. પ્રભુ! તારી તો લીલા છે. આ તો પેલા લોકો કહે, ઈશ્વર લીલા રે લીલા. ઈશ્વર-ફિશ્વર એવો કોઈ છે નહિ. સમજાય છે કાંઈ? ઈશ્વર તું છે. અનંત શક્તિનો ધણી. શક્તિ વિના આત્મા રહેતો નથી. સમજાય છે કાંઈ? એક શક્તિનું..

મુમુક્ષુ :- એની લીલાનું વર્ણન છે.

ઉત્તર :- લીલાનું વર્ણન છે. મોરબી પાસે સનાળા છે, સનાળા. અમે ત્યાં ગયા હતા-સનાળા. ત્યાં શક્તિનું મંદિર છે. એ કાઠી લોકો માને. શક્તિનું મંદિર. અમે સાંજે ભોજન કરીને ફરતા હતા તો ત્યાં ગયા. બાવાજી કહે, ઓહો..! પધારો, પધારો. શક્તિ આ નહિ. આ દેવીની શક્તિ નહિ. આત્મામાં અનંત શક્તિ (છે), એ દિવ્ય શક્તિ વિના ભગવાનને નહિ ચાલે. એ કહે છે, શક્તિ વિના ઈશ્વર ન ચાલે. શક્તિ વિના ઈશ્વરને પણ ન ચાલે. કીધું, સાચી વાત છે. આ અનંતી શક્તિ વિના દ્રવ્યને ન ચાલે. એ ઈશ્વર છે. અમારી દૈવી શક્તિ છે એના વિના ઈશ્વરને ન ચાલે. કીધું, આ તારી દેવી નહિ. આ દૈવી શક્તિ જે અકર્તૃત્વ છે, ઉત્પાદવ્યયધ્રુવ છે, અકર્તાગુણ છે એવી અનંત શક્તિ વિના દ્રવ્ય ન ચાલે, દ્રવ્ય નહિ રહે. આહાહા..! એ ઈશ્વરને અનંત શક્તિની જરૂર પડી છે, અંદર છે. ઓહોહો..!

અહીં તો '**णियत्तिं कुणदि**' આવ્યું ને? ભાઈ! કર્તા સાથે. ક્રમ આવ્યું, અકર્તાગુણ.. આનંદગુણ છે. આનંદ (સ્વરૂપ) આત્મા છે એવી દૃષ્ટિ થઈ તો રાગથી નિવૃત્તરૂપ પરિણમન થયું. સમ્યગ્દર્શનની વાત ચાલે છે, હોં! સમજાય છે કાંઈ? આ આવી ગયું. નિવૃત્તસ્વરૂપ થઈ ગયો. રાગ બાકી છે તે જ્ઞેયમાં રહી ગયો, જ્ઞેયમાં રહી ગયો. પોતાનું પરિણમન તેનાથી ઉપરમસ્વરૂપ પરિણમન થયું. અકર્તાપણાનું પરિણમન થયું તો રાગના અભાવરૂપ પરિણમન થયું. એનું નામ ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન અહીંયાં બતાવે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું જુઓ હવે.

**'નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**દુઃખનું અકારણ જ છે...**' સાંભળો! ભગવાન આત્મા અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે તેથી રાગનું આત્મા કારણ નહિ અને નિર્મળ પર્યાય થઈ તો રાગથી થઈ એમ નથી. સમજાય છે કાંઈ? એ રાગની મંદતા છે, વ્યવહાર છે તો સમ્યગ્દર્શન થયું એમ વસ્તુમાં નથી, ભાઈ! હવે અહીં તો સિદ્ધ કરવું છે કે વસ્તુમાં નથી. આજે એ ગડબડ આવી છે. એ લખે છે, કોઈ વખતે વ્યવહાર પહેલા હોય છે, કોઈને નિશ્ચય હોય. એમ હોતું નથી. કોઈ પન્નાલાલ છે સાગરવાળા. એણે લખ્યું છે થોડું. લેખ લખ્યો છે. કાંઈ ભાન (ન મળે). આ માર્ગ સમજ્યા વિના લેખ લખ્યા કરે. પહેલા પછી કોને કહેવું?

અહીંયાં તો ભગવાન આત્માના વિકલ્પથી અભાવસ્વભાવસ્વરૂપ છે. આમાં રાગ પહેલા, વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી આવ્યું ક્યાં? '**णियत्तिं कुणदि**'. રાગ છે એ દુઃખરૂપ છે. આત્મા આનંદરૂપ છે. એમાં અકર્તા નામનો ગુણ છે. તો રાગથી નિવૃત્તિરૂપ પરિણમવું એનો ગુણ છે. અહીંયાં આત્માની દૃષ્ટિ થઈ તો રાગથી નિવૃત્તિરૂપ પરિણમન થયું. ત્યારે રાગ છે એ જ્ઞેયમાં રહી ગયો. પોતાની પર્યાયમાં ન આવ્યો. એ વ્યવહાર જ્ઞેય થઈ ગયો. વ્યવહારનો સ્વામી નહિ, વ્યવહાર પોતાની પર્યાયમાં નહિ. આહાહા..! ગજબ વાત છે ને. સમજાય છે કાંઈ? આજે તો એક કલાક એમાં ગયો. જ્યારે વાત ચાલે ત્યારે ચાલે. ત્રિકાળ સત્ય છે, ત્રિકાળ સત્ય. એમાં કંઈ પણ ફેરફાર કરે તો એની દૃષ્ટિ મિથ્યા થશે. દ્રવ્યને માનનારો નહિ રહે. સમજાય છે કાંઈ? આહાહા..!

નિરાકુળતા સ્વભાવને લીધે ભગવાન કોઈનું કાર્ય નથી. અર્થાત્ રાગથી તો નિવૃત્તરૂપ કાર્ય છે. તો રાગ એનું કાર્ય છે એમ નથી. અને રાગથી અહીંયાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ નથી. કેમ કે રાગનું આત્મા કારણ નથી અને રાગ છે તો કારણ છે અને અહીં કાર્ય (થાય છે), એમ આત્મામાં છે જ નહિ. આત્મામાં રાગનું કારણ અને રાગનું કાર્ય નહિ એવો અકાર્યકારણ નામનો ગુણ અનાદિઅનંત પડ્યો છે. એ અનાદિઅનંત ગુણ-દ્રવ્ય છે. એ દ્રવ્ય પર દૃષ્ટિ જવાથી રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય આત્મા નહિ. એવી પ્રતીત અનુભવમાં થાય ત્યારે એણે આત્મા માન્યો કહેવાય છે. નહિતર એ આત્મા માનતો નથી. આહાહા..! આવું જે .. છે એવું દ્રવ્ય માને તો યથાર્થ માન્યું કહેવાય ને? ગુણ આવો છે અને માને બીજું. એમાં ગુણ છે કાંઈક અને માને બીજું. આત્માની શ્રદ્ધા જ નથી. આત્માના ગુણની શ્રદ્ધા નથી. રાજબહાદુરજી!

'**આ પ્રમાણે વિશષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' નિવૃત્તનો અર્થ વિકારરૂપે પરિણમન ન રહ્યું. સ્વભાવની દૃષ્ટિમાં વિકારરૂપ પરિણમન ન રહ્યું. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદ કહે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૧૩, મંગળવાર તા. ૨૭-૯-૧૯૬૬**
**ગાથા-૭૨. પ્રવચન-૧૪૧**

સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૨ ગાથા ચાલે છે. અહીં સુધી આવી ગયું. શું કહ્યું? જેને આ આત્મા આનંદસ્વરૂપ છે, પવિત્ર છે અને ચૈતન્યસ્વરૂપ છે અને પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધ, કષાયની મંદતાનો ભાવ એ મલિન છે, જડ છે, દુઃખરૂપ છે. પુણ્ય પોતે દુઃખરૂપ છે. શુભભાવ દુઃખરૂપ છે. આ શરીરની વાત નથી. શરીરની ક્રિયા તો આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. આ હલનચલન આદિ થાય છે એ જડની અવસ્થા થાય છે. આત્મા એને કિંચિત્ નથી કરી શકતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. પણું કોને કહેવું? ધૂળમાં .. કોને કહે? દેહાદિ પરમાણુ પોતાની એની પર્યાયથી પરિણમી રહ્યા છે. તો એ પરમાણુની પર્યાય આત્મા કરી શકે, હું આમ કરું, આમ કરું, એ તો મહા સત્યનું ખુન કરનારી મિથ્યા દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ જડનો સ્વામી થાય છે. જડ પોતાની પર્યાયથી ઉત્પાદ-વ્યયથી પરિણમી રહ્યું છે તો એના કાર્યનો માલિક જડ છે. અજ્ઞાની માલિક થાય છે કે એ ક્રિયા મેં કરી, શરીરનો મેં સદ્ઉપયોગ કર્યો. એ મહા તીવ્ર મિથ્યાત્વના પાપનું સેવન કરે છે. સમજાય છે કાંઈ? એ વાત તો અહીંયાં છે જ નહિ. કેમ કે એ તો જડમાં ગયું.

અહીંયાં તો આસ્રવ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાન કરવાની વાત છે. તો કહે છે કે ભગવાન આત્મા નિર્મળાનંદ અતિ સદા શાશ્વત જ્ઞાન નિર્મળ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, મંદ કષાયની શુભ વૃત્તિ ઉઠે છે એ અશુચિ છે, મેલ છે. જળમાં શેવાળની પેઠે એ રાગનો મલિન અનુભવ છે. એક વાત.

બીજી. એ રાગ અચેતન છે. કેમકે ચૈતન્યનું નૂર-તેજ સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયનું ચૈતન્ય નૂર છે. જ્ઞાયકથી ભરપુર ચૈતન્યનું નૂર, એનું ચૈતન્યનું સ્વરૂપ છે. જેનાથી રાગ ઉત્પન્ન થાય છે, જેને પંચ મહાવ્રતના પરિણામ કહો, દયાના, વ્રતના, ભક્તિના કહો, એ રાગ અચેતન છે. ચૈતન્યના જ્ઞાનના પ્રકાશના અંશ એમાં નથી. સમજાય છે કાંઈ? તેથી તે અચેતન છે, જડ છે. એમ જાણીને હું ચૈતન્ય સ્વભાવવાળો ત્રિકાળ જ્ઞાયક છું, એમ બે વચ્ચેનું જ્ઞાન, ભાન કરીને.

ત્રીજી વાત. રાગ જે શુભ-અશુભ થાય છે એ દુઃખરૂપ છે. આત્માનું અમૃત સ્વરૂપ છે. આત્મા અતીન્દ્રિય નિત્યાનંદ ભગવાન છે. નિત્યાનંદ આનંદકંદથી ઊલટી વૃત્તિ જે થાય છે, શુભ હો કે અશુભ હો, એ બધી દુઃખરૂપ છે, ઝેર છે, આત્માની શાંતિને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લુટનારા એ શુભભાવ છે. આહા..! સમજાય છે કાંઈ? છેલ્લો (બોલ) છે. જુઓ!

**'આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે; અને ભગવાન આત્મા સદાય નિરાકુળતા સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી...**' ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ, રાગની ભક્તિ, દયા, દાન આદિના પરિણામ છે તો પોતાની શ્રદ્ધા-સમ્યગ્દર્શન થાય છે, એમ નથી. અને આત્મા છે તો રાગ આત્માની પર્યાયથી ઉત્પન્ન થયો, એમ નથી. સમજો, જરી સૂક્ષ્મ વાત છે. મૂળ વાત એણે અનંત કાળમાં દૃષ્ટિમાં લીધી જ નથી. સમજાય છે કાંઈ?

૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડેલો સમ્યગ્દૃષ્ટિ, રાગથી ભિન્ન પોતાના આત્માનું ભાન કરે છે તો ક્ષણે ક્ષણે ત્યાં નિર્જરા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને બાહ્યનો તદ્દન નગ્ન દિગંબર ત્યાગી હોય, પણ અંતરમાં એ રાગની મંદતાની ક્રિયા મારી છે, મને લાભદાયક છે એવો અભિપ્રાય છે, એ સાત વ્યસનના સેવનારના પાપ કરતાં અભિપ્રાયમાં અનંતગુણું પાપ છે. સમજાય છે કાંઈ? જ્ઞાનાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડનો એ અનાદર કરે છે. અને રાગનો વિકલ્પ જે ઉઠે છે એ મારું કર્તવ્ય છે, મારું કાર્ય છે એમ માનનારો આત્માની શ્રદ્ધાનું ખુન કરે છે. સમજાય છે કાંઈ?

ઈ કહે છે કે જ્યારે એવો ખ્યાલ આવ્યો કે એ રાગ દુઃખરૂપ છે, હું આનંદરૂપ છું. ત્યાં સુધી આવ્યું છે. '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને...**' બે વચ્ચે તફાવત જોઈને. શરીર, વાણી, કર્મ તો જડની સ્વતંત્ર પર્યાય થાય છે. આત્મા બોલતો નથી, આત્મા વચનના કર્તાપણે ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? વાણી નીકળે છે એ જડની પર્યાય છે. આત્મા ત્રણ કાળમાં જડનો કર્તા-હર્તા નથી. એ વાત તો અહીંયાં છે જ નહિ. પણ અહીંયા રાગ અંદર કષાયની મંદતા, કોમળતા, કરૂણા, દયા, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ છે એ દુઃખરૂપ છે, અપવિત્ર છે, જડ છે. હું પવિત્ર છું, ચૈતન્યસ્વભાવ છું, આનંદ છું. એમ તફાવત જોઈને, એ બે વચ્ચે આવા તફાવતને જોઈને, વિશેષ જોઈને, તફાવત જોઈને, બેનું ભિન્નપણું જોઈને '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' જ્યારે આ આત્મા રાગાદિ વિકલ્પ અને ભગવાન આનંદકંદ, બે વચ્ચે બેની એકતાને નહિ, પણ બેની અનેકતાને ભેદને જાણે છે. જરી સૂક્ષ્મ વાત છે. એણે કદી શ્રદ્ધા-સમ્યગ્દર્શન શું છે અને કઈ રીતે ઉત્પન્ન થાય છે, એની એણે શ્રદ્ધા પણ કરી નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા અનાકુળ આનંદ ચૈતન્યસ્વભાવ સદા નિર્મળ. એ ત્રણ બોલ આ બાજુ આવ્યા. રાગ મલિન, અચેતન અને દુઃખરૂપ. એમ બે વચ્ચે ભેદને જાણે છે અર્થાત્ રાગાદિ વિકલ્પ તો પર્યાયબુદ્ધિમાં પોતાના માનતો હતો. તેનાથી ખસીને પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવામાં, વિકલ્પ ચાહે તો તીર્થંકરપણાના બંધનું કારણ હો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ રાગ પણ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? એમ જાણે છે '**તે જ વખતે...**' તે જ વખતે. શું કહે છે? '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા...**' આત્મા અને આસ્રવોની એકતાને છોડે છે અથવા ભેદને જાણે છે. આહાહા..! ભારે. છે એમાં? ભાઈ! '**ભેદ જાણે છે...**' આ તો મહાસિદ્ધાંત છે ને, પ્રભુ! એ એકદમ ન ચાલે. અહીં તો એક એક શબ્દમાં ઘણું વાચ્ય ભર્યું છે.

આ તો એકલી અંતર્મુખની દશાની વાત, જે એણે કોઈ દિ' સાંભળી નથી. સમજાય છે કાંઈ? તો કહે છે કે પ્રભુ! તું તો ચૈતન્ય આનંદમૂર્તિ સદાય છો ને. વિકલ્પ ઉઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ આદિનો હું અપવાસ કરું ને આમ કરું ને ધૂળ કરું, રાગ કરું. એ બધો રાગ દુઃખરૂપ છે. એમ બેના ભેદને, અનેકતાને જાણે છે '**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' શું કહે છે? જ્યારે રાગાદિ વિકલ્પથી મારી ચીજ ભિન્ન છે, હું આનંદ છું એમ જાણે છે. ભેદ શબ્દે રાગ, ઈ પહેલાં કહ્યું હતું કે જેને રાગ વિકલ્પ છે તેનો પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દુશ્મનાવટ છે, ક્રોધ છે. સમજાય છે કાંઈ?

આ દેહની ક્રિયાને હું કરી શકું છું, જાણીને બોલી શકું છું, હું બીજાને મદદ કરી શકું છું. એ તો મહા મિથ્યાત્વ, તીવ્ર મિથ્યાત્વનું પાપ છે. અનંતગુણું પાપ. અહીંયાં તો બીજી વાત કહે છે કે એ રાગ જે છે, વિકલ્પ જે છે,.. સમજાય છે કાંઈ? એ મારી ચીજ છે અને એ મારું કામ છે. કર્તા-કર્મ છે ને. હું રચનારો અને રાગ મારું રચેલું કાર્ય. એવી જ્યાં દૃષ્ટિ છે તો એની રાગ ઉપર જ રુચિ છે. રાગ ઉપર રુચિ છે તો સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાનો દુશ્મન છે. સમજાય છે કાંઈ?

આનંદઘનજીની વાત એક વાર કરી હતી. 'દ્વેષ અરોચક ભાવ.' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાની જેને રુચિ નથી, રાગ રુચે છે એ દ્વેષ (છે), આત્મા પ્રત્યે એને દ્વેષ છે. દ્વેષના બે ભાગ-ક્રોધ અને માન. એ ક્રોધ અને માન અહીં લીધા છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! સત્યની શું રીત છે અને સત્યની કઈ રીતે પ્રાપ્તિ થાય એનો ખ્યાલ પણ નથી, તો એ સત્યની પ્રાપ્તિનો પ્રયોગ, પ્રયત્ન કઈ રીતે કરે? સમજાય છે કાંઈ? આમ ને આમ અનાદિથી ભ્રમમાં કરે છે, હું કંઈક કરું છું, મને લાભ થશે. જાઓ, નિગોદમાં જશે. નિગોદમાં જશે. એના તત્ત્વના વિરોધનું ફળ નિગોદ છે. અને તત્ત્વના આરાધનનું ફળ મોક્ષ છે. ચાર ગતિ તો વચ્ચે શુભાશુભ પરિણામનું ફળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? રામસ્વરૂપજી! આહા..!

કહે છે, ભગવાન મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ, અનંત ગુણનો પિંડ મહા આનંદકંદ, એનો જેને પ્રેમ નથી, એને રાગના વિકલ્પનો પ્રેમ છે. તો આત્મા પ્રત્યે એને દ્વેષ છે, ક્રોધ છે. સ્વભાવનો દુશ્મન છે અને રાગનો મિત્ર છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ તો પુરુષાર્થથી આત્માને તાકાત.. ઈ કહે છે કે બહારમાં મોંઘવારી બહુ વધે ને, તો પૈસા ઘણાં હોય તો નભી શકે. એમ આ તો બહુ પુરુષાર્થ હોય તો નભે એમ કહે છે. જુઓ! આત્મામાં તાકાત છે. મોંઘવારી સમજ્યા? મોંઘુ બહુ હોય ને. શું કહે છે? મહંગાઈ. એમ આ મોંઘી ચીજ છે, એમ કહે છે. મોંઘુ નહિ, પોતાનું સત્ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એની દૃષ્ટિ કદી કરી નથી. એના લક્ષમાં એનું બહુમાન આવ્યું જ નહિ. અનાદિથી આ ક્રિયા મેં કરી, એની ક્રિયા મેં કરી, મેં બીજાને મદદ કરી, એને મેં ... નાખ્યા, એને મેં જીવાડી દીધો. મૂઢ મિથ્યાદૃષ્ટિ. મિથ્યાત્વના સંસ્કાર ક્ષણે ક્ષણે મહાપાપના સંસ્કાર નાખે છે.

અહીં તો કહે છે કે એ તો સ્વભાવનો દુશ્મન છે જ. એમ માનનારો. પણ રાગ જે દયા, દાન, કષાયની મંદતાનો ભાવનો જેને પ્રેમ છે, રુચિ છે, દૃષ્ટિ છે એ સ્વભાવ પ્રત્યે વેરી, વિરોધી છે. કહો, સમજાય છે કાંઈ? તો કહે છે કે જ્યારે રાગ અને આત્મા બે ભિન્ન છે, મારો સ્વભાવ શુદ્ધ છે, રાગ અશુદ્ધ મલિન છે એમ ભેદ જાણ્યો '**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' એનો અર્થ શું? અભિપ્રાયમાંથી આસ્રવ મારો છે એમ છૂટી જાય છે. અભિપ્રાયમાં આત્મા શુદ્ધ છું, એવો અભિપ્રાય થઈ જાય છે, એમ કહે છે.

ફરીથી સાંભળો. જે અભિપ્રાયમાં, દૃષ્ટિમાં, આશયમાં રાગાદિ, પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે તે મારા છે, એવો જે અભિપ્રાય હતો ત્યાં સુધી તો રાગની સાથે એકત્વબુદ્ધિ હતી. સમજાય છે કાંઈ? અને જ્યારે રાગ દુઃખદાયક અને ચૈતન્ય આનંદસ્વરૂપ છે, એવો ભેદ થયો તો એ અભિપ્રાયમાં રાગથી નિવૃત્ત થઈ ગયો. રાગથી નિવૃત્ત થઈ ગયો. અભિપ્રાય પોતાનો શુદ્ધ સ્વરૂપમાં થઈ ગયો. સમજાય છે કાંઈ? અહીં અભિપ્રાયથી નિવર્ત્યો એની વાત છે, હોં! હજી અસ્થિરતા તો રહે છે. એની અહીંયા વાત નથી. અહીં તો અભિપ્રાયમાં, આશયમાં, રુચિમાં રાગ મારો છે, એવી માન્યતા એકત્વબુદ્ધિની હતી, તેનો ભેદ જાણ્યો.

રાગ, વિકલ્પ ચાહે તો સર્વાર્થસિદ્ધના દેવનો બંધ પડે એવો ભાવ હોય, પણ છે ઈ ભાવ દુઃખરૂપ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! તારું હિત તો બહુ કઠણ છે. છે એના ઘરની વાત. પ્રયત્ન કર્યો નથી. આ વાત એને રુચિ નથી અનંત કાળથી. નવમી ગ્રૈવેયક દિગંબર સંત સાધુ થઈને ગયો, હજારો રાણીનો ત્યાગ, બાળ બ્રહ્મચારી (રહ્યો). પહેલા દેવલોકની ઈન્દ્રાણી આવે તો ચળે નહિ, એવી તો જેની ત્યાગવૃત્તિ રાગની મંદતા. પણ અંતરમાં એ રાગની મંદતા અને દેહની ક્રિયા એ મારું કાર્ય છે, હું કર્તા છું, એવી બુદ્ધિ મહા મિથ્યાત્વની થઈ ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું હતું ને? પહેલા ઈ કહ્યું હતું. શ્વેતાંબરમાં ...ચંદજી થયા એણે કહ્યું છે,

દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધરમ રુચિ હિન,
ઉપદેશક પણ તેહવા જી, શું કરે જીવ નવીન,
ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.

ચંદ્રાનન ભગવાન. વીસ તીર્થંકર છે ને મહાવિદેહમાં. મહાવિદેહમાં વીસ તીર્થંકર છે ને? જંબુપ્રસાદજી! એમાં એક ચંદ્રાનન ભગવાન બિરાજે છે. એમને ઉદ્દેશીને સ્તુતિ કરી છે. સમજાય છે કાંઈ? 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધરમ રુચિ હિન' શું અર્થ છે? હે નાથ! ભરતક્ષેત્રમાં રાગની મંદતાની ક્રિયાને ધર્મ માનીને પ્રાણી ચાલે છે. સમજાય છે કાંઈ? પણ ભાવ ધર્મ-રાગથી ભિન્ન પોતાના સ્વભાવની રુચિથી હિન થઈ ગયા છે. બીજું શું કારણ છે? એ તો થયું છે, (પણ) 'ઉપદેશક પણ...' ઉપદેશ પણ એવો મળ્યો. ઉપદેશ કરનારા એવા મળ્યા એના. 'ઉપદેશક પણ તેહવા..' કરો, કરો, એમ કરતા કરતા થશે. એકદમ થઈ જશે? રાગ કરો, બીજી ક્રિયા કરો, એમ અજ્ઞાનીનો ઉપદેશ પણ એવો મળ્યો. 'શું કરે જીવ નવીન'. નાથ! એ જીવ શું કરે? એ બિચારા ક્યાંથી લાવે તત્ત્વની વાત? સમજાય છે કાંઈ?

કહે છે, **'તે જ વખતે...'** જ્યારે ભાન (થયું કે) અંતરમાં જ્ઞાયક ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ પ્રભુ અને આ રાગ ઈ દુઃખરૂપ વિકાર (છે), એમ બે વચ્ચે ભેદ પાડતું જ્ઞાન જ્યાં થયું તે જ વખતે રાગની પર્યાયબુદ્ધિમાં મારો માન્યો હતો, તે પર્યાયબુદ્ધિ છૂટીને દ્રવ્યબુદ્ધિ થઈ તો રાગને અભિપ્રાયમાં મારો માન્યો હતો એ અભિપ્રાયથી છૂટી ગયો. આસ્રવોથી અભિપ્રાયથી છૂટી ગયો. અભિપ્રાયમાં આત્મા શુદ્ધ છે એમ થઈ ગયું. ફરીથી. હજી તો આ સમ્યગ્દર્શનની વાત છે, હોં! ચારિત્રની સ્થિરતા, અંદરમાં સ્વરૂપમાં રમણતા, આનંદમાં રમણ કરે એનું નામ ચારિત્ર છે.

મુમુક્ષુ :- પહેલો ઘડો જ ઊંધો છે.

ઉત્તર :- ઊંધો છે. જેનો પહેલો ઘડો ઊંધો એના બધા ઘડા ઊંધા જ રહે છે. ઘડો હોય ને? ઘડો. એના ઉપર બધા ઊંધા જ રહે. એક્કે સવળો રહે નહિ. એમ જેની દૃષ્ટિ, અભિપ્રાય જૂઠો છે એ બધું ખોટું કાઢે છે. શાસ્ત્ર પાઠમાં ખોટું કાઢે, અર્થમાં ખોટું કાઢે, બધું ખોટું કાઢે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! અનંત કાળે આવું મનુષ્યપણું (મળ્યું). ચાલ્યો જશે આંખો મીચીને ક્યાંય ધૂળમાં ચાલ્યો જશે. સમજાય છે કાંઈ?

કહે છે, જ્યારે આત્મા અને ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગ, અભિપ્રાયમાં આમ રુચિ ગયું કે રાગ મારી ચીજ નહિ, પરસન્મુખથી ઉત્પન્ન થનારો ચાહે તો ... એ મારી ચીજ નથી. અંતર્મુખમાંથી ઉત્પન્ન થનારો, રાગને જાણનારો જ્ઞાતા-દૃષ્ટા હું છું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ રાગથી અભિપ્રાયથી જ્યારે ભેદ જાણ્યો તો નિવૃત્ત થાય છે. અભિપ્રાયથી નિવૃત્ત થાય છે. રાગ મારો છે એવો અભિપ્રાય છૂટી ગયો. સમજાય છે કાંઈ?

'**કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...**' સાંભળો! તેમનાથી (ન) નિવર્તવાનો અર્થ છે કે સિદ્ધભાવ જે દયા, દાનના વિકલ્પ એની પ્રવૃત્તિની રુચિથી નિવૃત્ત નથી, '**તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' શું કહે છે? જેને રાગાદિ વિકલ્પથી નિવૃત્ત થયો નથી, રાગાદિ ભાવ અભિપ્રાયમાંથી છૂટ્યા નથી, નિવૃત્ત નથી, '**તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' આહાહા..! ભારે. ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ અને વિકલ્પ જે દુઃખરૂપ, એવું ભેદજ્ઞાન કરીને એનાથી નિવૃત્ત થયો. જો નિવૃત્ત ન થયો, રાગને પોતાનો માને અને રાગથી અભિપ્રાયમાં નિવૃત્ત ન થયો તો એને યથાર્થ ભેદજ્ઞાન પ્રગટ થયું નથી. સમજાય છે કાંઈ? આસ્રવોથી યથાર્થ ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ નથી. જેને અંતરમાં રાગનો વિકલ્પ એ ઠીક છે, એમ રહ્યું છે, એ રાગથી નિવૃત્ત થઈને પોતાની દૃષ્ટિ કરતો નથી. અને જ્યારે રાગ અને ભિન્ન આત્માનો ભેદ થયો તો રાગથી અભિપ્રાયથી નિવૃત્ત થયો કે એ મારી ચીજ નથી. મારી ચીજ જ્ઞાતા છે. સમજાય છે કાંઈ? રાજબહાદુરજી! સમજાય છે કે નહિ?

'**ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ...**' પ્રશ્ન કર્યો હતો ને પહેલાં કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થાય છે? ઈ પ્રશ્નની આ ગાથા છે. આ જ્ઞાન જ્યાં થયું ત્યાં આસ્રવનો નિરોધ થઈ ગયો અને બંધનો નિરોધ થઈ ગયો. સમ્યગ્જ્ઞાન જ્યાં થયું, આસ્રવ વિકલ્પ છે એ મારી ચીજ નહિ, હું આનંદકંદ છું એવો ભેદ થયો ત્યાં આસ્રવથી નિવૃત્ત થયો, બંધનું કારણ રહ્યું નહિ. એને બંધ થતો નથી. જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થાય છે, એનો ઉત્તર છે. એ અહીં લાવ્યા. '**ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે...**' શું? એ રાગાદિ મારી ચીજ નથી, ચૈતન્યસ્વભાવ મારી ચીજ છે, એમ અભિપ્રાયમાં રાગથી નિવૃત્ત થયો '**એવા જ્ઞાનમાત્રથી જ,...**' રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન થયું એવા '**જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' સમજાય છે કાંઈ? મિથ્યા અભિપ્રાય ટળ્યો તો મિથ્યા અભિપ્રાયથી જે બંધ થતો હતો એ બંધ રહ્યો નહિ. તેને જ ખરેખર બંધ કહે છે. શેઠ! પુસ્તક છે કે નહિ હાથમાં? મેળવો, પુસ્તક સાથે મેળવો. એમ ને એમ નહિ, મેળવવું જોઈએ. સમજાય છે કાંઈ?

'**ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' શું કહે છે? રાગ છે એ પરલક્ષી વિકાર દુઃખ છે, હું આનંદ છું. એમ બે વચ્ચે ભેદ થયો, બેની વચ્ચે એકતા ન રહી, બે બે રૂપે અનેકતા અંદર ભાસી ગઈ તો એની સાથે '**જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ,...' રાગથી ભિન્ન પડીને જે જ્ઞાન થયું તો જ્ઞાનમાત્રથી જ **'અજ્ઞાનથી થતો...'** મિથ્યાત્વથી થતો **'પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.'** બરાબર છે? હવે અમૃતચંદ્રાચાર્ય જરી કોર્ટની જેમ ન્યાય ઉતારે છે. સાંભળો!

**'વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?'** હવે પ્રશ્ન કરે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાત્રથી બંધનનો નિરોધ થઈ ગયો એ વાત સિદ્ધ કરવા હવે વાતને વિશેષ છંછેડે છે. સમજાય છે કાંઈ? હું પૂછું છું આચાર્ય કહે છે કે હું પૂછું છું, અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એ **'આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે...'** વિકલ્પ જે દયા, દાન, વ્રત રાગ છે એ આસ્રવ દુઃખરૂપ છે, ભગવાન આત્મા સુખરૂપ છે. એમ બે વચ્ચે ભેદ થયો એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? હવે ન્યાયથી પૂછે છે. જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે એ વાતને સિદ્ધ કરવા માટે આ પ્રશ્ન ઉઠાવ્યો છે. સાંભળ! અમે કહીએ છીએ કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. રાગ અને વિકલ્પથી ભિન્ન પોતાનું જ્ઞાન થયું ત્યાં બંધનો નિરોધ થઈ ગયો. સમ્યગ્દૃષ્ટિને બંધ છે જ નહિ. મિથ્યાત્વના બંધને અહીં બંધ ગણવામાં આવ્યો છે. અજ્ઞાનનો બંધ, અસ્થિરતાનો બંધ ગૌણ છે, એની અહીંયાં ગણતરી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રશ્ન કરે છે, એની સાથે અર્થ લઈએ છીએ. **'જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે...'** ભગવાન અમૃતચંદ્રાચાર્ય પૂછે છે કે ભાઈ! અમે કહીએ છીએ કે આત્માનું જ્ઞાન થયું રાગથી ભિન્ન પડીને, તો જ્ઞાનમાત્રથી બંધ અટકી ગયો. બંધ થતો નથી. નથી થતો. એમ જો તું કહે કે, કેમ થતો નથી? તો અમે પૂછીએ છીએ કે આત્મા અને રાગનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન? **'જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ,...'** તો રાગ અને આત્મા એક માનનારું અજ્ઞાન (થયું), એ ભેદજ્ઞાન ન થયું. એને ભેદજ્ઞાન નથી કહેતાં. શું કહ્યું?

ફરીથી. ચૈતન્યસ્વભાવ ધ્રુવ આનંદની ખાણ ભગવાન અને રાગ દુઃખરૂપ. એ બે વચ્ચે ભેદજ્ઞાન થયું, આ નહિ, હું આ છું, એવું ભેદજ્ઞાન થયું તેનાથી બંધનો નિરોધ થઈ ગયો. જો ન થાય તો અમે પૂછીએ છીએ કે એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? જો અજ્ઞાન કહો તો આત્મા અને વિકારની એકરૂપ દશા થઈ. એ તો રાગથી નિવૃત્ત થયો નહિ. અભિપ્રાયમાંથી રાગથી નિવૃત્ત ન થયો. સમજાય છે કાંઈ? રાગ અને આત્મા એક માનનારો થયો તો એ ભેદજ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન થયું. આહાહા..! સમજાય છે કાંઈ? અભેદજ્ઞાન (થયું). અભેદજ્ઞાન અર્થાત્ જે રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ છે એ તો ભિન્ન પડી નહિ, એ તો એમ ને એમ રહી. એને ભેદજ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ? અહીં તો ભગવાને કોર્ટ ચલાવી છે.

કહે છે, સાંભળ! અમે કહીએ છીએ કે ભગવાન આત્મા અભિપ્રાયમાં વિકલ્પથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વામીપણું તો છૂટી ગયું અને ચૈતન્યસ્વભાવનો સ્વામી થયો. ભેદજ્ઞાન થયું. બેની એકતા છૂટી ગઈ, અનેકતા રહી ગઈ. આ રાગ અને આ સ્વભાવ. એવા જ્ઞાનને, અમે કહીએ છીએ કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. તો તને પૂછીએ છીએ કે એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? જો અજ્ઞાન કહે છે. અજ્ઞાન છે તો આસ્રવની સાથે એકતાબુદ્ધિ રહી ગઈ. સમજાય છે કાંઈ? અજ્ઞાન છે તો રાગની સાથે એકતાબુદ્ધિ અભેદજ્ઞાન રહી ગયું. તો ભેદજ્ઞાન થયું નહિ. માટે એને ભેદજ્ઞાન કહેતા નથી.

**'અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવૃત્ત છે?'** કોણ પૂછે છે? આચાર્ય કહે છે. એ જ્ઞાન છે તો એ જ્ઞાન આસ્રવોમાં એકતાબુદ્ધિથી પ્રવર્તે છે કે રાગથી ભિન્નપણે પ્રવર્તે છે? સમજાય છે કાંઈ? **'અને જો જ્ઞાન છે...'** કોણ? એ ભેદજ્ઞાન. જો ભેદજ્ઞાન જ્ઞાન છે,.. પહેલાં કહ્યું ને? ભેદજ્ઞાન એ અજ્ઞાન છે. અજ્ઞાન હોય તો ભેદજ્ઞાન રહ્યું નહિ. અજ્ઞાન તો રાગથી એકત્વબુદ્ધિ છે તો અનાદિનું અજ્ઞાન છે જ, એમાં ભેદજ્ઞાન ક્યાં રહ્યું? અને એને જો તું જ્ઞાન કહે, રાગથી ભિન્ન પડનારા ભેદજ્ઞાનને, તો અમે પૂછીએ છીએ કે **'તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે તેમનાથી નિવર્ત્યું છે?'** એ જ્ઞાન આસ્રવોમાં એકબુદ્ધિ રૂપે પ્રવર્તે છે કે રાગથી અનેકબુદ્ધિ-ભિન્ન થઈને પ્રવર્તે છે?

**'જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.'** જ્ઞાન રાગમાં એકત્વબુદ્ધિમાં પ્રવર્તે છે તોપણ રાગની સાથે અભેદ અજ્ઞાન જ રહ્યું. એ તો જ્ઞાન જ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? **'અને જો જ્ઞાન છે...'** તો તે આસ્રવોમાં પ્રવર્તે છે કે નહિ? એ રાગમાં એકત્વબુદ્ધિ છે કે નહિ? કે રાગથી એકત્વબુદ્ધિ છૂટી ગઈ? જો આસ્રવોમાં પ્રવર્તે છે, રાગનું એકત્વ છે તો એ આત્મા અને આસ્રવોનું અભેદજ્ઞાન થયું. એકતાબુદ્ધિ થઈ, એમાં ભેદજ્ઞાન થયું નહિ. આહાહા..! ભારે સૂક્ષ્મ વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

જો જ્ઞાન કહો તો એ જ્ઞાન રાગ સાથે એકત્વરૂપ પ્રવર્તે છે? આસ્રવો સાથે એકત્વરૂપ પ્રવર્તે છે કે ભિન્ન? જો એકરૂપ પ્રવર્તે છે તો જ્ઞાન જ નથી. સમજાય છે કાંઈ? તો અજ્ઞાન રહ્યું. એને તું જ્ઞાન કહે તો તારી વાત ખોટી છે. જ્ઞાન હોય તો રાગના પરિણામથી નિવૃત્ત હોય કે રાગ મારો નહિ. હું જ્ઞાનાનંદ છું, એમ ભેદ પડીને જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! દિગંબર સંતો કેવી વાત સિદ્ધ કરે છે? લોજીક ન્યાયથી, હોં! સમજાય છે કાંઈ?

અમે તને કહીએ છીએ, અમે કહીએ છીએ કે વિકલ્પ દયા, દાન, વ્રતાદિ જે બંધનું દુઃખનું કારણ છે, તેનાથી (ભિન્ન) ભગવાન આત્મા આનંદ છે, એમ ભેદજ્ઞાન થયું તો એ ભેદજ્ઞાનથી અજ્ઞાનજન્ય બંધ હતો તે રોકાઈ ગયો. અને જો ન રોકાય તો અમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તને પ્રશ્ન કરીએ છીએ. ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન? ત્યારે એ કહે, અજ્ઞાન છે. અજ્ઞાન છે તો રાગમાં એકત્વબુદ્ધિ પ્રવર્તે છે, એમાં તારું ભેદજ્ઞાન ક્યાં રહ્યું? અને જો તું જ્ઞાન કહે તો જ્ઞાન આસ્રવમાં એકત્વબુદ્ધિ પ્રવર્તે છે કે આસ્રવોથી ભિન્ન પડીને પ્રવર્તે છે? સમજાય છે કાંઈ? આસ્રવમાં પ્રવર્તે છે તો આત્મા અને આસ્રવોનું અભેદજ્ઞાન થયું તેને પણ .. ન થઈ. રાગ અને આત્મા એકરૂપ પ્રવર્તે છે તો એ જ્ઞાન અને અજ્ઞાનમાં કાંઈ ફેર રહ્યો નહિ. એ તો અભેદજ્ઞાન થયું, રાગ સાથે એક થયું. સમજાય છે કાંઈ? શાંતિથી સાંભળજો, શાંતિથી વિચાર કરવો, આ એવી ચીજ છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

આસ્રવોમાં પ્રવર્તે છે.. જુઓ! '**આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે...**' રાગમાં અભિપ્રાય પડ્યો છે કે રાગ મારો છે, તો તો એ આત્મા અને આસ્રવોનું અભેદજ્ઞાન થયું. રાગ અને આત્માનું એક જ્ઞાન થયું, એકરૂપ જ્ઞાન થયું, ભેદ પડ્યો નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! વાળની ખાલ, કહેતા હતા ને? વાળની ખાલ ઉતારે છે. અહીં તો વાળની ખાલથી પણ સૂક્ષ્મ છે. આહાહા..! ભાઈ! પ્રભુ! તું પરમાત્મા છો ને, નાથ! તારા સ્વભાવમાં તો રાગ છે નહિ ને, નાથ! તું તો ચૈતન્ય આનંદ છો ને, પ્રભુ! રાગ છે એ તારી ચીજમાં નથી, તારાથી ઉત્પન્ન થયો નથી. અને રાગને પોતાનો માને એ તો અજ્ઞાન થયું, અભેદજ્ઞાન થયું. એની સાથે એક થયો. તું કહે છે કે ભેદજ્ઞાનથી કર્મબંધ કઈ રીતે અટકે? તો અમે પૂછીએ છીએ કે એ જ્ઞાન થયું એ આસ્રવોમાં પોતાપણું માનીને પ્રવર્તે છે કે આસ્રવથી છૂટી ગયું છે? તૂં કહે કે આસ્રવમાં પ્રવર્તે છે. તો એ તો અજ્ઞાન રહ્યું. રાગ પોતાનો માનીને પ્રવર્તે તો અજ્ઞાન થયું. ભેદજ્ઞાન છે ક્યાં ત્યાં? સમજાય છે કાંઈ? એ.. કેસરીચંદજી! સમજાય છે કે નહિ આ? આરે.. આરે..! ભારે વાતું ભાઈ આ. રામજીભાઈ કોર્ટમાં કરે ને એવી અહીં કોર્ટ ચલાવી છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! આત્મા ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. ન સમજે એમ કેમ બને? આહાહા..! સમજાય છે કાંઈ? પણ દરકાર નહિ. અરે..! એણે પોતાની દરકાર ન કરી. આહાહા..! એમ ને એમ જીવન જીવ્યો, અનંત ગાળ્યા ભેગી આ કરો ને આમ કરો ને આમ કરો. આપણે નિવૃત્તિ ન લઈ શકીએ તો એટલું તો કરવું ને. અરે.. ભગવાન! એ રાગના ભાવથી અંતરમાં અભિપ્રાયથી નિવૃત્ત થવું એ જ પહેલું સમ્યગ્જ્ઞાન, દર્શન છે. એ પ્રવૃત્તિ, રાગની પ્રવૃત્તિ પરિણામની છે એમાં નિવૃત્ત આત્માના દર્શન કરવા તેનું નામ ભેદજ્ઞાનથી રાગની નિવૃત્તિ છે. આહાહા..!

કહે છે, '**જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાન..**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયું. એ તો એક જ્ઞાન થયું, રાગ અને આત્મા એક થયા. એક થયા એમાં કાંઈ ભેદજ્ઞાનની વિશેષતા રહી નહિ. **'અને જો આસ્રવોથી નિવર્ત્યું છે...'** ભગવાન જ્ઞાનપ્રભુ રાગ મારો નથી, હું રાગથી ભિન્ન છું, એવું ભેદજ્ઞાન થઈને રાગથી નિવૃત્ત જ્ઞાન થયું, અભિપ્રાયથી રાગથી નિવૃત્ત થયો **'તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?'** તો સમ્યગ્જ્ઞાનથી જ બંધનો નિરોધ છે એમ કેમ નથી કહેતા? તું એમ માન, એમ કહે છે.

મુમુક્ષુ :- માનવું પડશે.

ઉત્તર :- માનવું પડશે. જંબુપ્રસાદજી! આહાહા..! આ તો મોટી વકીલાત કરે છે, જુઓ! આહાહા..!

પ્રભુ! રાગ વિકલ્પ ઉઠે છે ને? નાથ! એ તો દુઃખરૂપ છે ને, પ્રભુ! અને આત્મા અંદર જ્ઞાનસ્વરૂપ ચૈનત્યઘન (છે). એ રાગનો અભિપ્રાય છે, એ મારો છે, મને લાભ છે, મારું કામ છે, હું કર્તા છું, એવા અભિપ્રાયથી જે નિવૃત્ત થયો તો રાગનું લક્ષ છોડીને જ્ઞાતા ઉપર દૃષ્ટિ ગઈ તો એને તો ભેદજ્ઞાન થયું. એ જ્ઞાન આસ્રવમાં પોતાપણું માનીને પ્રવર્તતું નથી. જ્ઞાતા-દૃષ્ટા રહીને રાગને જાણે છે. તો એવા જ્ઞાનથી બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ તો ચૈતન્યસૂર્ય છે ને, નાથ! આત્મા તો ચૈતન્યસૂર્ય. એ ચૈતન્યસૂર્યમાં રાગ તો અંધકાર છે, વિકાર છે, જડ છે, દુઃખ છે, અચેતન છે. આહાહા..! એમ બે વચ્ચે એકતા તૂટી ગઈ અને અનેકપણું (થયું). રાગ રાગમાં રહ્યો, સ્વભાવ સ્વભાવમાં રહ્યો. એવું ભેદજ્ઞાન થવામાત્રથી બંધનો નિરોધ છે. જ્ઞાનીને બંધ થતો નથી. રાગાદિની અસ્થિરતા છે એ પોતામાં નથી, પોતામાં નથી, એ બંધની પંક્તિમાં ગયો. જ્ઞાનની પંક્તિમાં એ રહ્યો નહિ તો જ્ઞાનથી આત્માને કદી બંધ થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! **'(સિદ્ધ થયો જ કહેવાય).'** લ્યો. ઈ અહીં આવ્યું.

**'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું,...'** શું કહે છે? આમ સિદ્ધ થવાથી, શુભભાવથી ધર્મ થાય છે, એમ માનનારા અજ્ઞાનીનું ખંડન થયું. સાંભળો! **'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ...'** અજ્ઞાન નામ રાગ. શુભ રાગ છે ને? કષાયની મંદતાથી ધર્મ છે, એનાથી લાભ છે, પરંપરા લાભ થશે. એવો જે અજ્ઞાનનો અંશ. રાગ ભાગ ક્રિયાકાંડમાં મંદ રાગ. એવા ક્રિયાનયનું ખંડન થયું. રાગની મંદતાથી આત્માને ધર્મ થાય છે એમ માનનાર ખોટો થયો, તું ખોટો છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! પકડે છે, પકડે છે, હોં! પકડ પકડમેં ફેર હૈ. મિંદડી જેમ.. મિંદડી કહે છે ને? બિલ્લી. મિંદડી ઉંદરને પકડે અને મિંદડી પોતાના બચ્ચાને પકડે. ઘણો ફેર છે. બચ્ચાને પકડે તો પોચુ રાખે. અને ઉંદરને પકડે તો (લોહી કાઢી નાખે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ધર્મી રાગને પકડતા જ નથી, રાગ મારો છે જ નહિ. સમજાય છે કાંઈ? રાગથી ભિન્ન મારી ચીજ છે, એવા ભાનમાં રાગને પોતાનો માનતા જ નથી. તો કહે છે કે આમ માનવાથી, અજ્ઞાની એમ કહેતો હતો કે અમારે તો રાગની મંદતાની ક્રિયા એ જ ધર્મ છે. તો અજ્ઞાનનો અંશ છે રાગ. રાગ અજ્ઞાનનો અંશ છે, ચૈતન્યના અંશ એમાં છે જ નહિ. તો અજ્ઞાનનો અંશ એવા રાગનય-ક્રિયાનયનું ખંડન થયું. તારા રાગની મંદતાથી ધર્મ થાય છે, રાગની મંદતાથી આત્માની પ્રતીતિ થઈ ગઈ, થઈ જશે, કરતા કરતા થઈ જશે, એમ (માનનાર) અજ્ઞાનીનું ખંડન થયું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એકદમ ખંડન.

ઉત્તર :- એકદમ નથી કર્યું, ઘણું કહ્યા પછી કર્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શું કહ્યું? હજી આવ્યું નથી. હજી આવવા તો દો, આવવા તો દો. એનો પણ ખુલાસો આવવા દો. હજી તો અહીં સુધી આવ્યું છે. એક વાત કરી. સમજાય છે કાંઈ?

રાગની મંદતા-દયા, દાન, વ્રત, ભક્તિ, કોમળતાના ભાવ એ વિકાર છે. તેનાથી મને ધર્મ થશે, એમ માનનારનું, રાગથી ભિન્ન જ્યાં કહ્યું તો રાગથી ધર્મ થાય છે એમ માનનાર જૂઠો થયો. એ તારી ... એને ધર્મક્રિયા ત્રણ કાળમાં કહેતા નથી. અને જો **'આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો...'** હવે સાંભળો! હવે જ્ઞાનનયની વાત ચાલે છે. શું કહે છે? આત્મા અને રાગ, વિકલ્પ, દયા, દાન, વ્રતના પરિણામ શુભ, તેનાથી ભેદજ્ઞાન આસ્રવોથી નિવૃત્ત ન થાય.. સમજાય છે? રાગથી અભિપ્રાયથી નિવૃત્ત ન થાય તો એ જ્ઞાન જ નથી, એ જ્ઞાન જ નથી. શું કહ્યું? અભિપ્રાયમાં રાગ મારો છે અને રાગથી મને લાભ છે, એવા જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. તો શું કહ્યું?

**'આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો...'** ભેદ થયો અને આસ્રવોથી નિવૃત્ત ન થાય, જ્ઞાન એકલું રાગમાં એકત્વ થઈને રહે, આસ્રવોથી અભિપ્રાયમાં નિવૃત્ત ન થાય તો જ્ઞાન જ નથી. **'એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ...'** જ્ઞાનનો અંશનો અર્થ કે જાણપણું થયું પણ રાગમાં એકત્વ છે, રાગથી લાભ માને છે, જ્ઞાન રાગથી નિવૃત્ત થયું નહિ, રાગથી અભિપ્રાયમાં નિવૃત્ત ન થયો. એકલો જ્ઞાનાભાસ, નિશ્ચયાભાસ, રાગમાં એવી ને એવી એકત્વબુદ્ધિ છે અને માને છે કે મને જ્ઞાન છે અને એ જ્ઞાનથી મુક્તિ થશે. એમ નથી. જે જ્ઞાન રાગથી નિવૃત્ત થાય છે, એવું જ્ઞાન મુક્તિનું કારણ છે. તો જ્ઞાન રાગમાં એકત્વ થઈને જ્ઞાન માને છે એવા જ્ઞાનનો અંશ, જ્ઞાનનયનું ખંડન થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરીથી. ફરીથી વાત લઈએ છીએ, એમ ને એમ નહિ જવા દઈએ. હજી પા કલાક છે ને? પોણા ચાર થયા છે. અહીંયાં બે વાત લીધી. ભાઈ! આ પ્રભુ આત્મા છે ને? અનાદિઅનંત આનંદકંદ ધ્રુવની ખાણ. આનંદની ખાણ છે એ આત્મા. એવા આનંદથી વિરૂદ્ધ જે રાગ છે એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપથી ભિન્ન જ્ઞાન થયું કે આ નહિ. અભિપ્રાયમાંથી રાગથી રુચિ ઉઠી ગઈ. અને પોતાના સ્વભાવની રુચિ થઈ. એવું જે ભેદજ્ઞાન થયું, એ ભેદજ્ઞાનથી કર્મ રોકાઈ ગયા એમ અમે સિદ્ધ કરીએ છીએ. અને ભેદજ્ઞાનથી બંધ ન રોકાય તો અમે તને પ્રશ્ન કરીએ છીએ. એ ભેદજ્ઞાન થયું એ જ્ઞાન છે કે અજ્ઞાન? અજ્ઞાન. અજ્ઞાનમાં તો રાગની એકત્વબુદ્ધિ અભેદબુદ્ધિ થઈ. રાગથી અભેદબુદ્ધિ એ ભેદજ્ઞાન નથી. બીજું કહીએ કે જ્ઞાન છે. જ્ઞાન આસ્રવોમાં એકત્વબુદ્ધિથી પ્રવર્તે છે કે આસ્રવથી છૂટી ગયું? જ્ઞાન એકત્વબુદ્ધિએ પ્રવર્તે છે તો એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ બતાવે છે. હજી વાત આવે છે, જુઓ! આ તો વાત કરે છે.. પુસ્તક છે કે નહિ સામે?

અહીંયાં તો કહે છે, પ્રભુ! અહીં તો કાયદા લોજીક ન્યાયથી કહે છે. .. પ્રભુનો માર્ગ છે. ન્યાયથી સિદ્ધ થાય છે. એમ ને એમ ચકડમકડ કરીને માનવું એમ નહિ. કહે છે કે, સાંભળ! ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, રાગનો દુઃખરૂપ ભાવ મારો નથી એવો અભિપ્રાય થયો. તો સમ્યક્‌જ્ઞાન થયું. સમ્યક્‌જ્ઞાનથી અજ્ઞાનજન્ય બંધ રોકાઈ ગયો. અલ્પ બંધ રહ્યો એની અહીંયાં ગણતરી નથી. મહાન સંસારનો મિથ્યાત્વનો જે બંધ હતો એ રોકાઈ ગયો, ખલાસ થઈ ગયું. સમ્યગ્દૃષ્ટિ એક ન્યાયે તો મુક્ત છે એમ થયું. ત્યારે કહે છે કે એકલા જ્ઞાનમાત્રથી મુક્તિ થઈ ગઈ? બંધ અટકી ગયો? હા. કેમ રોકાઈ ગયો? કે રાગ સાથે એકત્વબુદ્ધિ હતી ત્યારે અજ્ઞાન હતું. અને રાગથી અભિપ્રાય છૂટીને જ્ઞાન થયું તો જ્ઞાનમાત્રથી બંધ અટકી ગયો. કોઈ એમ માને કે રાગની મંદતાથી ધર્મ થાય છે, એ અજ્ઞાનયનું ખંડન થયું. અજ્ઞાનનયનું ખંડન કર્યું. અને કોઈ એમ કહે કે અમારું જ્ઞાન તો એવું ને એવું છે. રાગમાં એવું ને એવું પ્રવર્તે છે, વિકલ્પમાં એવી ને એવી હિતબુદ્ધિથી પ્રવર્તે છે. તો એને જ્ઞાન કહેતા નથી. એકાંત જ્ઞાનનો નય. રાગ એવો ને એવો પ્રવર્તે અને કહે કે અમને જ્ઞાન થયું છે, એવા એકાંત જ્ઞાનનયનું ખંડન થયું. સમજાય છે કાંઈ?

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરૂણા ઊપજે જોઈ.

એ શ્રીમદ્દે લખ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! રાગની મંદતા દયા, દાનથી ધર્મ થાય છે. એ કોઈ ક્રિયાજડ થઈ રહ્યા. એ ક્રિયાજડ છે. અને શુષ્કજ્ઞાનમાં કોઈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગનો પ્રેમ તો એવો ને એવો છે, રાગની રુચિ એવી ને એવી છે અને માને છે કે મને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ. એ શુષ્કજ્ઞાની છે. આ જે બીજો બોલ કહ્યો ઈ. એ જ્ઞાનનયનું ખંડન થયું. શુષ્કજ્ઞાન છે તારું.

જ્ઞાનસ્વરૂપ ભગવાન રાગના અભિપ્રાયથી જો છૂટે નહિ અને અભિપ્રાય એવો ને એવો રહે, તો તે એકાંતનયનું ખંડન કર્યું. તો એવી રીતે આસ્રવથી નિવૃત્તિ થતી નથી. અભિપ્રાયમાં રાગની રુચિ છોડીને જ્યાં દૃષ્ટિ થાય, ત્યારે તેને જ્ઞાન કહે છે. નહિતર તો જ્ઞાનાભાસ કહે છે. એ જ્ઞાનાભાસનો નિષેધ કર્યો.

ફરીથી. આમાં પુનરુક્તિ નથી લાગતી. આ તો ભાવનાની વસ્તુ છે ને. કહે છે કે સાંભળ! પ્રભુ! તારામાં બે વસ્તુ છે. શરીર-બરીરની વાત નથી કરતા. એ તો જડ. જડની જડપર્યાય એનાથી હાલેચાલે છે એને કારણે, હોં! આમ હાથ ઊંચો નીચો આત્માથી થાય એમ બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? તારામાં તારા અપરાધથી ઉત્પન્ન થાય એની સાથે ભેદજ્ઞાન કરાવવું છે. તારી પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય રાગ છે. અનિત્ય. એક સમયનું તાદાત્મ્ય છે. આ શરીરાદિથી તો એક સમયનો અનિત્ય તાદાત્મ્ય પણ નથી. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા અને શરીર, કર્મ સાથે એક સમય પણ તાદાત્મ્ય, એક સમય પણ પોતાના અસ્તિત્વમાં નથી. હવે રહ્યો આસ્રવભાવ. એ એક સમયમાં તારી પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય છે. અનિત્યરૂપે તદ્રૂપે છે. પણ છે ઈ ત્રિકાળ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. જ્ઞાતા સ્વભાવ એવો ભગવાન આત્મા, નિત્ય તાદાત્મ્ય સ્વભાવની દૃષ્ટિથી એ વિકારી સંયોગી ભાવ છે. સમજાય છે કાંઈ?

શરીર, કર્મ તો સંયોગી પદાર્થ છે. એ તો સંયોગી ભિન્ન પદાર્થ છે. એની પર્યાયનું કરવું-હરવું એ તો ત્રણ કાળ ત્રણ લોકમાં તારી પર્યાયમાં નથી. ફક્ત તારી પર્યાયમાં મિથ્યા સ્વભાવનું ભાન નહિ હોવાથી, વિકારી એક સમયની વિકલ્પની દશા, તદ્રૂપ થઈને ઉત્પન્ન થાય છે, એ મારું કાર્ય અને હું કર્તા, એ અજ્ઞાનજન્ય અપરાધ છે. સમજાય છે કાંઈ? જે આત્મા ત્રિકાળ આનંદકંદ સાથે તાદાત્મ્ય સંબંધ છે. અને એક સમયની પર્યાય કૃત્રિમ અનિત્ય તાદાત્મ્ય છે. તો તાદાત્મ્ય ત્રિકાળ જ્ઞાનાનંદના સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો એક સમયની વિકૃત દશા સંયોગી ભાવ છે. સંયોગી ભાવ, પોતાનો સ્વભાવભાવ નહિ. સમજાય છે કાંઈ? સંયોગી ચીજ તો બહાર રહી ગઈ. જડ આ શરીર, વાણી, મન, પરની દયા થવી, હિંસા થવી એ તો એની પર્યાયથી થાય છે, તારાથી બિલકુલ પરમાં થતું નથી. તારામાં અપરાધ પોતાના અજ્ઞાનજન્યથી ઉત્પન્ન થયો વિકાર. એ પહેલા આવી ગયું છે, ૬૯-૭૦માં.

વિકૃત સ્વભાવમાં નથી, ગુણમાં નથી. પર્યાયમાં ઉભો કર્યો પર્યાયદૃષ્ટિથી, અંશદૃષ્ટિથી. એ વિકલ્પ જે રાગ છે તે દુઃખરૂપ છે. આનંદગુણમાંથી ઉત્પન્ન નથી થયો. સમજાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? અધ્ધરથી પર્યાયમાંથી વિકલ્પમાંથી ઉત્પન્ન થયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આનંદ, ભગવાન આનંદકંદ છે એમાંથી રાગ નથી આવ્યો. શું રાગ અંદર ભર્યો છે? સ્વભાવમાં તો આનંદકંદ અતીન્દ્રિય આનંદનો સાગર ચૈતન્ય રત્નાકર ભર્યો છે. પણ એ તરફ દૃષ્ટિ નથી, અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે પર્યાયમાં રાગની ઉત્પત્તિ કરે છે. અને રાગ મારું કાર્ય અને હું કર્તા, એમ અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે. હવે એનું ભેદજ્ઞાન કરાવે છે.

એ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, કષાયની મંદતા, કોમળતાની સાથે અભિપ્રાયમાં એકત્વરૂપ વર્તે છે તો એ અભેદજ્ઞાન થયું. આસ્રવ સાથે અભેદ નામ એકરૂપ જ્ઞાન થયું, એ ભેદજ્ઞાન નથી. સમજાય છે કાંઈ? અને જો રાગનો અભિપ્રાય છૂટી ગયો. ઓહો..! વિકલ્પ છે એ મારી ચીજ નથી, મારી ચીજમાંથી ઉત્પન્ન નથી થયો. મારી ચીજ તો આનંદ, જ્ઞાતા-દૃષ્ટા છે. એમ રાગને ભિન્ન કરીને રાગની સાથે એકત્વબુદ્ધિ છૂટી ગઈ તો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ ગયો. તો એકાંત માનનારો રાગની મંદતાથી ધર્મ થાય છે એવી ક્રિયાનયનું ખંડન કર્યું. અને એકલું જાણપણું.. જાણપણું.. જાણપણું (કરી લીધું). પણ એ જ્ઞાન રાગથી અભિપ્રાયથી નિવર્ત્યું નથી તો એને જ્ઞાન જ કહેતા નથી. એકાંત જ્ઞાનનયનું ખંડન થયું. સમજાય છે કાંઈ?

**‘જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય...’** નિવૃત્તનો અર્થ આ, હોં! પોતાના શુદ્ધ આનંદસ્વભાવમાં એને ભેળવતો નથી. ભેળવતો નથી એ આસ્રવોથી નિવૃત્ત થયો. આહાહા..! સમજાય છે કાંઈ? રાગાદિ પર્યાયબુદ્ધિમાં જે દેખાય છે એ સ્વભાવબુદ્ધિમાં રાગને પોતામાં ભેળવતો નથી. ભેળવતો નથી તે આસ્રવથી નિવૃત્ત થયો છે. અને રાગની સાથે ભેળવે છે કે હું એક છું. તો તો મિથ્યાદૃષ્ટિ છે, આસ્રવોમાં પ્રવર્તે છે, મિથ્યાત્વભાવ છે તો બંધન જેવું અનાદિનું છે તેવો જ બંધ છે. સમજાય છે કાંઈ?

**‘એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું...’** એકાંત જ્ઞાનનયનો અર્થ-જાણપણું ક્ષયોપશમ થયો પણ ક્ષયોપશમજ્ઞાનની પર્યાય રાગની સાથે એકત્વ રહી. રાગની સાથે એકત્વ રહી. રાગથી નિવૃત્ત ન રહી. રાગથી અભિપ્રાયમાં નિવૃત્ત ન રહી તો એ જ્ઞાનનયનો એકાંત છે. એ જ્ઞાનનયનું ખંડન થયું. એને જ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ? સેઠી..! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ વાત. ખ્યાલ આવ્યો, જ્ઞાન ઉઘડી ગયું પણ એની રુચિ ન છોડી. રુચિ ન છોડી તો ત્યાંથી ખસ્યો નહિ. ખસ્યો નહિ તો જ્ઞાનનયથી મને લાભ છે, એ નય તારી ખોટી છે. જ્ઞાન હોય તો અભિપ્રાયમાંથી રાગથી છૂટી જાય છે. રાગ મારો નહિ, એવો અભિપ્રાય થાય તે જ્ઞાનને જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? આ તો સાદી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાષા છે. સંસ્કૃત ને વ્યાકરણ ભણ્યો હોય તો સમજાય એવી આ ચીજ નથી. આ તો પોતાની ચીજ છે. પોતાની પાસે છે તેનો બોધ કરાવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય કોઈ ચીજ નથી. બાયડી, છોકરા, શરીર તો ધૂળ છે, આ તો માટી છે. જગતના રોટલા-બોટલાથી અહીં ખડકાણું આ. ખડકાણું એટલે શું? એકઠા થયા. આ ક્યાં આત્મા હતો? આ એની પર્યાય છે એ તો જડની પર્યાય છે. દ્રવ્ય જડ, ગુણ જડ, પર્યાય જડ. આ ચાલે ઈ તો જડ છે બધું. આત્મા ક્યાં છે? આત્માથી જડની પર્યાય થાય છે ક્યાં? સમજાય છે કાંઈ? મેં હાથથી બચાવી દીધો. મૂઢ છો. હાથની પર્યાય જડની છે. કોને બચાવ્યો? સમજાય છે કાંઈ? તારી દૃષ્ટિમાં મિથ્યાત્વનો મહાભ્રમ પડ્યો છે.

અહીં તો કહે છે કે એ વિકલ્પને પોતાનો માન્યો એ પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. રાગને અભેદ કરીને માને છે. એ મિથ્યાદૃષ્ટિને અજ્ઞાનથી મહા મોટો કર્મનો બંધ પડે છે. અને રાગ અભિપ્રાયથી છૂટી ગયો કે રાગ મારો નથી, મારું જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે. એમ અભિપ્રાયથી રાગ છૂટ્યો તો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ ગયો. આમ કહેવાથી બેય એકાંત નયનું ખંડન થયું. એકાંત રાગની મંદતાથી ધર્મ માને છે એ નયનું ખંડન કર્યું. એકલું જ્ઞાન કહે છે પણ રાગથી નિવૃત્ત ન થયો, રાગના અભિપ્રાયથી નિવૃત્ત ન થયો તો એ જ્ઞાન નથી. રાગના અભિપ્રાયથી નિવૃત્ત ન થયો કે રાગ મારો નહિ, હું જ્ઞાયક છું. એમ નિવૃત્ત ન થયો તો એ જ્ઞાનને જ્ઞાન કહેતા જ નથી. સમજાય છે કાંઈ?

ખરેખર તો એમ કહે છે કે જ્યારે રાગનું કાર્ય મારું અને હું કર્તા છું, ત્યારે તો અભેદ છે. એ તો મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ છે એ તો અનાદિથી બંધ પડે છે એવો બંધ પડે છે. હવે જ્યારે રાગ અને સ્વભાવ, (એમાં) અભિપ્રાયથી રાગ છૂટ્યો તો રાગનું કાર્ય મારું અને હું કર્તા, છૂટી ગયું. રહી ગયું શું? કે રાગ મારો નહિ, મારો સ્વભાવ છે. તો સ્વભાવની શુદ્ધિના શ્રદ્ધા-જ્ઞાન થયા એ પોતાનું કર્મ અને આત્મા કર્તા છે. આ કર્તાકર્મ અધિકાર છે ને? પહેલા કહ્યું હતું ને?

કરૈ કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા.
કર્તા સો જાને નહીં કોઈ, જાને સો કર્તા નહીં હોઈ.

રાગ, વિકલ્પ દુઃખરૂપ દશાથી અભિપ્રાય છૂટી ગયો કે એ મારી ચીજ નહિ. સમજાય છે કાંઈ? તો અભિપ્રાય છૂટ્યો અને એવો અભિપ્રાય થઈ ગયો કે હું શુદ્ધ છું, એવો અભિપ્રાય થઈ ગયો. એ અભિપ્રાય આત્માનું કાર્ય અને આત્મા તેનો કર્તા છે. રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય, જ્ઞાનીને રહ્યું નહિ. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા સુદ ૧૫, ગુરુવાર તા. ૨૯-૯-૧૯૬૬**
**ગાથા-૭૨. પ્રવચન-૧૪૨**

... પોતાનો જ્ઞાયક ચૈતન્ય છે, રાગ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? રાયચંદભાઈ ને ઈ આવ્યા છે, નહિ? અંદર આવ્યા હતા ખરા. સમજાય છે કાંઈ? આ તો ચીજ એવી છે. વસ્તુ આમ અંતર ન્યાં એક અભિપ્રાય પલટતા બંધન અટકી જાય...

.. વૃત્તિને અંતરમાં નથી (વાળી) તો એ મલિન અને દુઃખરૂપ છે, એમ બહિર્મુખનો અભિપ્રાય છોડી અંતર્મુખ અભિપ્રાય કર્યો તો કહે છે કે આસ્રવથી વર્તમાન બુદ્ધિ જે રાગમાં એકત્વબુદ્ધિ હતી તેની ખસીને અંતર બુદ્ધિ થઈ તો અભિપ્રાયથી રાગથી-આસ્રવથી-નિવૃત્ત થયો. સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! આહાહા..! ક્યાં ગયા બધા તમારા બીજા?

કહે છે કે બેને ભિન્ન જાણીને. ભિન્ન ક્યારે જાણ્યું? કે અંતર્મુખ જ્ઞાયક ચૈતન્ય છે, એ ચૈતન્યજ્યોત છે, આનંદ છે અને નિર્મળ છે. એમ અંતર્મુખ ભાસ થયો તો બહિર્મુખી જે વૃત્તિઓ આ રાગાદિ છે તેનાથી અભિપ્રાય ખસી ગયો. સમજાય છે કાંઈ? એમાંથી અભિપ્રાય ખસી ગયો. અને અભિપ્રાય અંતર્મુખ થઈ ગયો. અંતર્મુખ થયો તો પુણ્ય-પાપનો રાગ છે તેનાથી અભિપ્રાયમાંથી નિવૃત્તિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે. પોતાની ચૈતન્યજ્યોત આનંદકંદ સ્વરૂપની દૃષ્ટિ સ્વરૂપ તરફ ઝુકાવવાથી એ મલિન ને દુઃખરૂપ ને અચેતનથી ખસી ગયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. જ્ઞાનમાં ખસી ગયો.

ઉત્તર :- જ્ઞાન તો ખસ્યું જ છે પણ દૃષ્ટિ ત્યાંથી ખસી ગઈ તો પરને જ્ઞેય કરે છે તે પણ સ્વમાં જ્ઞેય થઈ ગયું. બેય ખસી ગયા.

જે જ્ઞાનપર્યાય એકલી રાગ અને વિકારને પરપ્રકાશને ઉત્પન્ન કરતી હતી, જ્ઞાનદશા, એ જ્ઞાને અંતરમાં જ્ઞેય કર્યું. સમજાય છે કાંઈ? અહીંયાં તો શ્રદ્ધા, અભિપ્રાય ઉપર જોર છે. અભિપ્રાય સાથે શ્રદ્ધા સાથે અવિનાભાવ જ્ઞાનની અનુભૂતિ સાથે થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ઝીણું. કાંતિભાઈ!

ભાઈ! એમ કહે છે કે આ ચીજ આ શરીર આદિ તો પરવસ્તુ. એને તો આત્મા કદી અડ્યો જ નથી. સ્પર્શતો નથી, સ્પર્શ્યો નથી. તો કદી એનું કામ કર્યું નથી, કરતો નથી. સમજાય છે કાંઈ? કેમ કે અનંત દ્રવ્ય છે, એ અનંત દ્રવ્યનું અસ્તિત્વ ક્યારે રહેશે? અનંત દ્રવ્ય છે એ પોતાની પર્યાયનું કામ કરે છે. તો એ પર્યાયનું કામ મારે કરવું એમ રહ્યું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ કે અનંત પદાર્થ છે તો અનંત રહીને, ટકીને અનંતની પર્યાયનું કાર્ય થાય છે. એ અનંત પદાર્થની જ્યાં પ્રતીત થઈ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનની એક સમયની પર્યાયમાં, કે આ અનંત પદાર્થ છે. તો અનંત પદાર્થ અનંતપણે રહીને, ભિન્ન રહીને પોતાની પર્યાયને કરે છે. બીજો પણ એને નથી કરતો અને હું પણ એનો કર્તા નથી. એ તો પહેલેથી ખસી ગયો.

જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યની અનંતતાની પૃથક્તા જ્યાં પ્રતીતમાં આવી, હજી મિથ્યાત્વમાં, હોં! સમજાય છે કાંઈ? મારી જ્ઞાનની એક સમયની પર્યાય છ દ્રવ્ય અનંત છે, એમ જાણવાની શક્તિ રાખે છે. એ પર્યાયમાં એવું માન્યું કે અનંત પદાર્થ, અનંત આત્મા, અનંત પરમાણુ છે એ પર્યાયે નક્કી કર્યું. તો જાણ્યું તો અનંતને અનંતપણે રાખે છે. અનંતને એકબીજામાં કાર્ય કરે છે એમ એ પર્યાય માનતી નથી.

મુમુક્ષુ :- એ જ્ઞાનની પર્યાય..

ઉત્તર :- (જો પરનું કાર્ય કરવાનું માને તો એ) જ્ઞાનની પર્યાય સાચી નથી. (હજી) એ વ્યવહારુ જ્ઞાનપર્યાય, હોં! નિશ્ચય જ્ઞાન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે?

એ જ્ઞાન પર્યાયમાં જ્યારે એવી કબુલાત તો થઈ, તો પણ હજી અગૃહિત મિથ્યાત્વનો ત્યાગ નથી થયો. સમજાય છે કાંઈ? હજી ત્યાગ નથી. કેમ કે હજી પરલક્ષમાં આટલું કબુલ કર્યું. એ તો પરદ્રવ્યની સ્વતંત્રતાની કબુલાત થઈ. પણ પોતામાં બે ભાગ છે. એક વિકૃતનો અંશ છે, એક ત્રિકાળી આનંદનો અંશ છે. નિશ્ચયનયનો વિષય છે ને? આનંદનો અંશ છે. છે તો આખો આનંદ પૂર્ણ, પણ પર્યાયની અપેક્ષાએ અંશ છે. નય. સમજાય છે કાંઈ? પર્યાય એક સમયની છે ને, એ અપેક્ષાથી આખો ભિન્ન અંશ છે. તો એ બેમાં, પોતાના જ્ઞાયક સ્વરૂપનો જ્યાં અંદર ભાસ થયો, આનંદ છે એવો ભાસ થયો અને ચેતનસ્વભાવી આત્મા છે એવો ભાસ થયો તો વિકારનું કર્તાપણું, એની બુદ્ધિથી અભિપ્રાય ખસી ગયો. અભિપ્રાય અંતરમાં થઈ ગયો. અભિપ્રાયમાંથી રાગનું કર્તા હું હતો અથવા રાગ મારા સ્વભાવમાં-અસ્તિત્વમાં હતો, એવી જે માન્યતા હતી એ અસ્તિત્વની માન્યતા છૂટી ગઈ. સમજો ફરીથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અનાદિનું પકડ્યું એ. એ તો આવ્યું નથી? છ ઢાળામાં સાધારણમાં આવ્યું છે. છ ઢાળામાં નથી આવતું? સમજાય છે કાંઈ? આહાહા..! કેમ કે એક સમયની પર્યાય(માં) છ દ્રવ્યની અનંતતાની પૃથકતા કબુલ કરવાની તાકાત છે. તો એટલી તાકાતમાં જેને ફેર છે કે અનંત દ્રવ્ય સ્વતંત્ર નથી પણ કોઈ કામ એ કરે છે અને હું પણ એનું કરું છું. તેની તો તીવ્ર મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? એણે તો પોતાથી પરદ્રવ્ય સ્વતંત્ર અનંત છે એની પ્રતીતિના પણ ઠેકાણા નથી. હવે અહીંયાં પોતાનું દ્રવ્ય અને પર્યાય બે આવ્યા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાની પર્યાયમાં પણ જે વિકલ્પ-રાગ ઉત્પન્ન થાય છે. એ તરફની અનાદિથી અંશબુદ્ધિવાળાની દૃષ્ટિ રાગ ઉપર જ છે. અંતર્મુખ ચૈતન્ય આખો પરમાનંદની મૂર્તિ એ દૃષ્ટિમાં છે જ નહિ. એનું લક્ષ જ ત્યાં (છે) કે આ રાગ ને વિકલ્પ ને દયા કરી, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત કર્યા, આ કર્યું. એ રાગ. એ રાગ ઉપર લક્ષ હોવાથી રાગનું જ અસ્તિત્વ સ્વીકારવાથી ત્રિકાળ જ્ઞાન, આનંદનો અસ્વીકાર હોવાથી રાગ મારું કાર્ય (એમ માને છે). હું સ્વભાવ છું એમ નહિ, પણ હું વિકારરૂપે જ થવાવાળો છું, વિકારરૂપ થવાવાળો છું, વિકાર મારું કાર્ય છે એવી દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? વિકાર મારું કાર્ય એનો અર્થ-હું આખો આત્મા વિકાર થવાને લાયક જ છું. એવો અભિપ્રાય રહ્યો. સમજાય છે કાંઈ? વિકારરૂપ પરિણમન કરવાવાળો હું, વિકાર એ જ મારું કાર્ય. તો એની દૃષ્ટિમાં આત્મા જ એવો જાણ્યો કે આખો આત્મા વિકારરૂપ થયો એ જ આત્મા. સમજાય છે કાંઈ? પણ વિકારનો ભાવ બહિર્લક્ષી છે, અંતર્લક્ષી ચીજ ભિન્ન છે એવી દૃષ્ટિ નથી તો વિકારનું કામ મારું અને હું કર્તા, એમ માને છે. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! સમજાય છે કાંઈ?

જ્યાં બેને ભિન્ન જાણ્યા '**આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે...**' એનો અર્થ કે અંદર નિર્મળતાનો ભાસ થયો, આનંદસ્વરૂપ છે એમ ભાન થયું તો વિકારથી પરિણમન, જે વિકાર ઉપર રુચિ હતી, તેના અસ્તિત્વનો સ્વીકાર હતો, તેના અસ્તિત્વનો સ્વીકાર અને રુચિ છૂટી ગઈ. હું પૂર્ણ આનંદ આદિ છું, એવા અસ્તિત્વનો સ્વીકાર થયો અને એની રુચિ થઈ. તો વિકારની રુચિથી અભિપ્રાય (છૂટીને) અંદરમાં આવી ગયો. અંદરમાં આવ્યો તો આસ્રવોથી આત્મા નિવૃત્ત થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત, ભાઈ! આ તો અલૌકિક વાત છે, ભાઈ! એક એક શ્લોકમાં તો અંદર મર્મ ભર્યો છે. આ એકલી કથા વાર્તા નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- આત્મકથા છે.

ઉત્તર :- આત્મકથા છે. અને તે પણ તેના અંશમાં વિકૃતભાવ અને આખો પદાર્થ નિર્મળાનંદ, બે વચ્ચે જે એકતા છે તેને તોડીને અનેકપણે રાખવું, સ્વભાવ સ્વભાવરૂપ રાખવો અને વિકાર વિકારરૂપ રાખવો એવો અભિપ્રાય અંતર્મુખ થયો તો અભિપ્રાયથી સમ્યગ્દૃષ્ટિ આસ્રવોથી નિવૃત્ત થયો તો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થયો એમ કેમ ન કહેવાય? સમજાય છે કાંઈ? આહાહા..!

'**આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી.**' કેમ કે અભિપ્રાયમાં રાગ અને વિકલ્પ તરફની દૃષ્ટિ હતી તો આસ્રવ સહિત માનતો હતો કે વિકાર મારો. એ વિકાર (તું) નહિ. એ તો મિત્યાત્વ છે અને ત્યારે મિથ્યાત્વનું બંધન હતું. એ જ સંસાર છે અને એ જ બંધન છે. જ્યારે અભિપ્રાય અંતરમાં નિર્વિકારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવની દૃષ્ટિથી વિકારના દુઃખરૂપ ભાવથી ખસીને અંતર દૃષ્ટિ થઈ તો અભિપ્રાયથી, શ્રદ્ધાથી એ રાગથી પોતાપણાનું અસ્તિત્વ હતું એ છૂટી ગયું. છૂટી ગયું તો પોતાપણું આનંદ અને શુદ્ધ ચૈતન્યમાં આત્માપણું આવી ગયું. એ અપેક્ષાથી આસ્રવથી સમ્યગ્દૃષ્ટિ અંતર્મુખ દૃષ્ટિ હોવાથી બહિર્મુખના પરિણામથી છૂટી ગયો. આહાહા..! '**આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી.**' બંધ ક્યાંથી થાય?

આસ્રવના ભાવથી પોતાનો સ્વભાવ ભિન્ન છે એ પરિણમન તો થયું. તો આસ્રવથી બંધ થાય છે એમ રહ્યું નહિ. આસ્રવ જ રહ્યો નહિ તો બંધ ક્યાં રહ્યો? અસ્થિરતાનો આસ્રવ એ બંધમાં જાય છે, પરમાં જાય છે, એ આત્મામાં નથી આવતો. સમજાય છે કાંઈ? અસ્થિરતાનો જે આસ્રવ છે એ પોતાની પર્યાયમાં નથી આવતો. એ તો જ્ઞાનસ્વભાવ હું છું એવી જ્ઞાનની પંક્તિ (ધારા) ચાલુ થઈ એમાં રાગ નથી આવતો. ભિન્ન રહે છે. સમજાય છે કાંઈ? હજી તો આ બધું સમજવું પડશે, હોં! એમ ને એમ અત્યાર સુધી કર્યું એમ નહિ ચાલે. આહાહા..! ભાઈ! આ તો અંતરની ચીજ છે. એ તો અંતરથી પ્રાપ્ત થાય છે. બહારથી કોઈ ખદબદાટથી પ્રાપ્ત નથી થતી. આહાહા..! કહે છે કે ભગવાન! કેટલી ટીકા..! એક ગાથા..

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**

ભગવાન! આ ભગવાન '**णादूण**' જ્યાં જ્ઞાન થયું કે આ અશુચિ છે, હું શુચિ છું. મલિન, અચેતન છે. આ ચેતન છે. આ આનંદ છે, આ દુઃખરૂપ છે. એમ '**णादूण**' એવું સમ્યગ્જ્ઞાન થયું અથવા અભિપ્રાયમાં પરથી ખસી ગયો, અંતર્મુખ થયો (તો) '**आसवाणं णियत्तिं कुणदि**' અંતર દૃષ્ટિમાં તેની નિવૃત્તિ થઈ ગઈ. '**આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે.**' સમજાય છે કાંઈ? વિકાર, પુણ્ય-પાપના ભાવ અને ભગવાન આત્મા, બેનો ભેદ અંતર્મુખ થઈને જાણે અને વિકારથી નિવૃત્ત ન થાય એમ બને નહિ. સમજાય છે કાંઈ? '**ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે.**'

'**અહીં કોઈ પ્રશ્ન કરે...**' હવે પ્રશ્ન, મુદ્દાનો પ્રશ્ન છે '**કે અવિરત સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે;...**' તમે તો કહો છો કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી અને સમ્યગ્દૃષ્ટિને બંધ પણ નથી. આવું આટલું બધું કાઢ્યું? કારણ કે શાસ્ત્રમાં તો એમ આવે છે, અવિરત સમ્યગ્દૃષ્ટિને અંતરમાં આસક્તિ છૂટી નથી. છે સમ્યગ્દૃષ્ટિ, અનુભવ ભાન થયું છે. આસ્રવ થઈને બંધ થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નથી થતો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો '**તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?**' શિષ્યે પ્રશ્ન કર્યો. તમે કહો છો કે આસ્રવ અને બંધ થતો હોય તો તેને જ્ઞાની ન કહેવો. આને આસ્રવ બંધ છે તો એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?

'**તેનું સમાધાન :- સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે.**' આ સિદ્ધાંત અહીં છે. સમજાય છે કાંઈ? અભિપ્રાય રાગ મારો હતો અને રાગમાં સુખબુદ્ધિ હતી અથવા રાગ જેટલા અસ્તિત્વનો સ્વીકાર હતો એ અભિપ્રાય છૂટી ગયો. આહાહા..! પૂર્ણ શુદ્ધનો અભિપ્રાયમાં સ્વીકાર થયો, અભિપ્રાયમાં આનંદનો સ્વીકાર થયો. તો અભિપ્રાયપૂર્વક આસ્રવોથી નિવૃત્ત થાય છે. અભિપ્રાયમાં રાગ રાખવો, રાગ કરવો એ અભિપ્રાય રહ્યો નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! '**તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામીત્વનો અભાવ છે;...**' આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ દૃષ્ટિમાં આવ્યો અને ભાન થયું તો પરદ્રવ્યના સ્વામીપણાનો તો અભાવ છે. ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય અને ઈન્દ્ર ક્રોડો અપ્સરાઓમાં પડ્યો હોય. પણ આત્માના સમ્યગ્દર્શનમાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ છે. ક્યાંય પોતાનું સ્વામીપણું તેની દૃષ્ટિમાં દેખાતું નથી. સ્વસ્વામીસંબંધ. પોતાના આનંદ આદિ ગુણ તે મારું સ્વ અને હું તેનો સ્વામી. પણ પરદ્રવ્ય એક રજકણ માત્ર સ્વ અને હું સ્વામી એમ સમ્યગ્દૃષ્ટિને દેખાતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

'**પરદ્રવ્યના સ્વામીત્વનો અભાવ છે; માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર...**' ઉદય અનુસારનો અર્થ-ઉદય આવે છે તેનું અનુસરણ કરવાથી પર્યાયમાં '**આસ્રવ-બંધ થાય છે...**' ઉદય આવે છે તેનું અનુસરણ કરે છે, પર્યાયની નબળાઈથી, તો એટલો આસ્રવ થાય છે. '**તેનું સ્વામીપણું તેને નથી.**' સમ્યગ્દૃષ્ટિને વ્યવહારરત્નત્રયના રાગનું સ્વામીત્વ નથી. આહાહા..! દેહનું તો નથી, બાયડી, છોકરા, સ્ત્રીનું તો નથી, મકાન, મહેલનું તો નથી પણ એ દયા, દાન, વ્રત ને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, વ્યવહારરત્નત્રયનો પણ ધર્મી સ્વામી નથી. સમજાય છે કાંઈ?

પોતાની ચીજ જ્ઞાનાનંદ શુદ્ધ એવો આત્મા જ્યારે અભિપ્રાયમાં ભાસ્યો, દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો તો એનાથી વિરૂદ્ધ મલિન પરિણામનો સ્વામી કેમ થાય? સમજાય છે કાંઈ? વિકારનો પણ સ્વામી ધર્મી નથી. આહાહા..! સ્વામી હોય તો ત્રિકાળ આનંદકંદ અનંત ચૈતન્યમૂર્તિનો પણ સ્વામી રહે અને રાગનો પણ સ્વામી રહે, એમ બને નહિ. રાગ વિકારનો સ્વામી રહે એ સ્વભાવનો સ્વામી ન રહે. અને સ્વભાવનો સ્વામી રહે એ વિકારનો સ્વામી ન રહે. આહાહા..!

સ્વસ્વામીસંબંધ આત્મામાં એક ગુણ છે. એ કહ્યું હતું. સ્વસ્વામીસંબંધ નામનો એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મામાં ગુણ અનાદિઅનંત છે. સ્વસ્વામીસંબંધ અનાદિઅનંત ગુણ. એક ગુણને ધરનારું દ્રવ્ય, એ દ્રવ્યની-પદાર્થની દૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વામિ છે. વિકાર વિકલ્પનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ નથી. ઓહો..! સ્વામી નથી તો કેમ પડ્યો છે? ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં ભોગ લે, આમ કરે. અરે..! સાંભળ તો ખરો. ભોગ-બોગ લે છે કોણ? દેહની ક્રિયા થાય છે એ જડની છે. એ માનતા નથી કે મારી છે. પોતાની પર્યાયમાં જરી રાગ છે. અભિપ્રાયમાં તો રાગથી નિવૃત્ત થયો છે. રાગ આવ્યો એને દુઃખકારણ માને છે. ભોગમાં આનંદ માનતા નથી. ઓહોહો..! એ રાગ આવ્યો એને ઉપસર્ગ માને છે. સમજાય છે કાંઈ? એ શુભરાગને દુઃખ માને છે. આહાહા..! જેને એ દુઃખ માને એનો સ્વામી કેમ થાય? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વરે જે સ્વભાવ કહ્યો અને છે, એ અલૌકિક વાત છે. એ વાત એના અભિપ્રાયમાં ન બેસે ત્યાં સુધી એને ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેણે અનંત દ્રવ્ય અનંત દ્રવ્ય, અને અનંત દ્રવ્યના અનંત ગુણ અને અનંતી પર્યાય બધી સ્વતંત્ર જોઈ છે. એમાં આત્મા પણ સ્વતંત્ર પદાર્થ અનાદિઅનંત સત્ અખડાનંદ પ્રભુ છે. વિકાર કૃત્રિમ જે ક્ષણિક થાય છે, જે એમાં નથી એવા આગંતુક વિકારીભાવની જ્યાં દૃષ્ટિ છૂટી ગઈ અને સ્વભાવ જ્ઞાન, આનંદ, શુદ્ધ અંતર્મુખ સ્વભાવ, અંતર્મુખ સ્વભાવનો સ્વામી બહિર્મુખ વૃત્તિનો સ્વામી થતો નથી. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે, ભગવાન! એવી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સાંભળો! બોલો નહિ. શું કહે છે?

તેને સ્વામીત્વ નથી. ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્ય શુદ્ધ આનંદકંદ, જેમાં અનંત પરમાત્મા પડ્યા છે એવો પ્રભુ જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને એવા આત્માની અનુભૂતિ થઈ. ભગવાન જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વામી, એમ જ્યાં દૃષ્ટિમાં આવ્યું તો કહે છે કે પ્રભુ! એ સમ્યગ્દૃષ્ટિ જીવ શરીરનો સ્વામી-શરીર સ્વ ને સ્વામી એમ તો છે જ નહિ, સાથે રહેવા છતાં, અને સ્ત્રીની સાથે રહેવા છતાં, સ્ત્રીને બોલાવે એ રીતે કે આ મારી સ્ત્રી છે, આ મારો પુત્ર છે. અભિપ્રાયમાં એનો સ્વ અને સ્વામી એમ ત્રણ કાળમાં અંદરથી છૂટી ગયું છે. સમજાય છે કાંઈ? અને વિકલ્પ જે આવ્યો રાગ, એ મારો શુદ્ધ ચૈતન્યસ્વભાવ આનંદની સાથે વિકારનો મેળ નથી થતો. તેથી સ્વભાવનો સ્વામી દૃષ્ટિમાં થતાં વિકારનું સ્વામીપણું-ધણીપણું-પોતાપણું સમકિતીને રહેતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ કંઈ કો'કને સમજાવવાની આ વાત નથી. સમજાય છે કાંઈ? અને કો'ક સમજી જાય તો આ સમજી જાય એમ પણ નથી. કો'ક એટલે શું કહે છે? અન્ય.. અન્ય. અન્ય કોઈ. કો'ક નથી કહેતા? અન્ય. અન્ય આમ માને છે કે આમ નથી માનતો. તારે શું કામ છે? માને ન માને. સમજાય છે કાંઈ? તારે કામ કરવું છે કે બીજા પાસેથી તારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કામ લેવું છે? અને બીજા સુધરે તો તારે સુધરવું એમ છે? અને બીજા બગડી જાય તો તું બગડી જાય એમ છે? પોતાનું કામ પોતાથી છે. એ વાત પહેલેથી (છે). તેથી સ્વસ્વામીસંબંધ-હું પરનો સ્વામી નથી. પરનું શું થાય, સમજે ન સમજે, એની સાથે મારે શું?

આત્મામાં જે વિકલ્પ ઉઠે છે એ પણ મારી ચીજ નથી. એ વિકલ્પ પાસે જે આનંદસ્વરૂપની દૃષ્ટિ થઈ તો વિકલ્પની તુચ્છતા ભાસે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એનું સ્વામીત્વ એને નથી. **'અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે.'** આહાહા..! કેમ કે રાગ ને દુઃખ અને આત્મા આનંદ, બે વચ્ચે છીણી પડી, પ્રજ્ઞાછીણી પડી ગઈ. સમજાય છે કાંઈ? તેથી રાગથી તો અભિપ્રાયમાંથી નિવૃત્ત થવા જ ઈચ્છે છે. રાગ રાખવા માગે છે, રાગમાં સુખબુદ્ધિ છે, ભોગના કાળે સમ્યગ્દૃષ્ટિને રાગમાં સુખબુદ્ધિ છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે અભિપ્રાયમાં, શ્રદ્ધા જ્યાં અંતર સ્વભાવ ભગવાન આત્મા શ્રદ્ધામાં આવ્યો તો આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત (છે) અહીં તો. ઓહોહો...! અરે..! શું કથન.. સાંભળને. ભગવાન આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં મલિનતા છે જ નહિ. દૃષ્ટિ જ્યાં દ્રવ્યની થઈ તો દ્રવ્ય પણ શુદ્ધ, ગુણ પણ શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ થઈ. તેનો એ સ્વામી છે. સમજાય છે કાંઈ? રાગ વ્યવહાર ઉત્પન્ન થાય છે એ મારા કારણે ઉત્પન્ન થયો એમ જ્યાં નથી માનતો અને એ રાગ છે તો મારું કાર્ય-સમ્યક્ દશા થઈ, એમ જ્યાં માન્યતા છૂટી ગઈ છે તો અંદરમાં રાગને સ્વભાવ સાથે ભેળવવો, એ અભિપ્રાયમાં રહેતું નથી. આહાહા..! ભારે ભાઈ! આ તો ગ્રંથિભેદની વાત છે.

ભગવાન આત્મા આમ પૂર્ણાનંદ સ્વરૂપ અનંત ગુણની ખાણ, આમ જ્યાં વિકારથી, દુઃખથી ખસીને ભાસ થયો, અંતરમાં બોધ થયો, હોં! અનુભૂતિ થઈ, તો કહે છે કે જેણે આનંદ માન્યો અને જેને (રાગમાં) દુઃખ લાગે છે, એ રાખવા ચાહે? રોગી રોગને રાખવા ઈચ્છે છે? અને રોગની દવા રાખવા ઈચ્છે છે? દવા લાવો, દવા લાવો. શું કહેવાય આ? નીમ.. નીમ. નીમની ગળો. કડવી હોય ને? તાવ છે. તો બાટલા ભરી રાખો. બાટલા સમજ્યા? બોતલ. ભરી રાખો. બે મહિના તાવ આવે તો કામ આવશે. એમ ભાવના કરતો હશે? સમજાણું કે નહિ? શોભાલાલજી! બાટલા ભરી રાખો. હમણાં તાવ ગયો ને. પહેલા કડવાટ દેતા, આ તો ઈંજેક્શન ખોસે. કડવાશ દેતા. લીમડાનો ગળો. કરિયાતુ, કરિયાતુ નહિ? કરિયાતુ પહેલા આપતા હતા, હોં! કરિયાતુ. મણ કરિયાતુ લઈ આવો. મણ રાખજો. પણ ભાઈસા'બ અત્યારે રોગ મટે તો રાખવું છે ક્યાં? રોગની ઈચ્છા નથી તો રોગના ઉપાયની ઈચ્છા છે જ નહિ. આહાહા..!

એમ જ્યાં આત્મા આનંદસ્વરૂપનું ભાન થયું (ત્યાં) રાગ તો રોગ છે અને એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભોગની ક્રિયાનો ઉપાય, એ ભોગને જ ઈચ્છતો નથી. બિલકુલ ઈચ્છતો નથી. દુઃખ લાગે છે અંદર. આહાહા..! રાગ આવ્યો તો આમ ખેદ. ખેદ.. જેમ માછલી પાણીમાંથી વેળુમાં આવે, વેળુ કહે છે ને? વાલુ, દુઃખ થાય છે. આહાહા..! અહીં કહ્યું ને, રાગમાં દુઃખ લાગે છે. જેને દુઃખ લાગે એની ઈચ્છા કેમ હોય? સમજાય છે કાંઈ? આ વાત નહિ, આ તો અંતરના ભાવની વાત છે. એમ ને એમ માને કે લ્યો આમ છે, આમ છે. અંદરમાં માનવું જોઈએ. અભિપ્રાયમાં અંદર એવા સંસ્કાર આનંદના પડી જાય. હું આનંદ જ છું, આ રાગ દુઃખરૂપ છે. સ્વપ્નમાં પણ દુઃખની-રાગની ઈચ્છા સમ્યગ્દષ્ટિને હોતી નથી. આવે છે, હો. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, આ સર્વથા શબ્દ આવ્યો છે ને, ભાઈ! '**અભિપ્રાયમાં તો આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે,...**' વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે તો રાખવો છે, એમ બિલકુલ નથી. આહાહા..! જ્યાં સ્વભાવમાં રાગ નથી, જ્યાં સ્વરૂપમાં રાગ નથી એવી ચીજની પ્રતીત અને ભાન થયું, એ રાગની ઈચ્છા કેમ કરે? અંતરના આનંદની ભાવના કરે કે રાગની ભાવના કરે? આહાહા..! ભારે! લ્યો, પાછા આ સંસારી. સમકિતી છે અને હજી બાયડી, છોકરા અને છોકરા થાય. સાંભળને! ભાન ક્યાં છે તને. છોકરા નથી થતા, પ્રજા-અંદર શુદ્ધિની પ્રજા થાય છે. પ્રજા-જ્ઞાયક ચૈતન્યની દૃષ્ટિ થવાથી સમયે સમયે શુદ્ધ પર્યાયની પ્રજા થાય છે. બાયડી, છોકરા અને રાગ એ બધું તો ઈચ્છા વિના થાય છે. અજ્ઞાની એમ જુએ, અમે તો ભોગનો ત્યાગ કર્યો છે. અમારે તો બૈરા નથી, બધો ત્યાગ છે. હવે તારે અનંતી બાયડી પડી છે તારા રાગમાં, સાંભળને! તને ભાન કે દિ' છે? સમજાય છે કાંઈ?

કહ્યું હતું. વાંચ્યું હતું ત્યારે મારા મગજમાં થયું. પેલો કાગળ લાવ્યા ને. હું પેલા વિચારમાં હતો, મૂલાચારની ગાથા છે ને? ઈ હાથમાં આવ્યું હતું પુસ્તક. મૂલાચાર પડ્યું છે. ત્યાં હતું. કહ્યું ને મૂલાચારમાં? કુંદકુંદાચાર્ય. હે મુનિ! ધ્યાન રાખ કે જેનો અભિપ્રાય ખોટો છે, શ્રદ્ધા વિપરીત છે એવા સાધુનો સંગ નહિ કરતો. સંગ નહિ કરતો. સાધુ હો, પંચ મહાવ્રત બહાર (પાળતો હોય), પણ અંદર શલ્ય (હોય કે) આમ થાય, રાગ કરતા કરતા લાભ થાય છે. ભાઈ! નિમિત્ત આવું હોય. આમ પરંપરાએ થાય. ખોસી નાખશે લાકડા મિથ્યાત્વના. એવા કુસંગીઓનો સંગ છોડી દે. તને ન રુચતું હોય તો સ્ત્રી સાથે લગ્ન કરી લે. એમ કુંદકુંદાચાર્ય કહ્યું. જિનેશ્વરદાસજી! શું (કહ્યું)? વિવાહ કરી લેજે, એમ કુંદકુંદાચાર્યે કહ્યું. મૂલાચારમાં છે. અહીંયાં પુસ્તક નથી. અહીં નથી ને? ત્યાં હતું, ત્યાં. એ વખતે મારું મગજ પેલામાં ચાલતું હતું. જતીશભાઈ આવ્યા હતા. સમજાય છે કાંઈ? આહાહા..! કુંદકુંદાચાર્ય જેવા મહા સંત મુનિ એમ ફરમાવે છે કે અરે..! આત્મા જેની શ્રદ્ધા વિપરીત છે, માન્યતામાં પરદ્રવ્યનું કરી શકું છું, રાગથી મને ધર્મ થાય છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરતા કરતા કલ્યાણ થશે, એવા મૂઢ મિથ્યાદષ્ટિ સાધુના સંગમાં નહિ જતો, હોં! પણ હું શું કરું? હું નથી રહી શકતો. ન રહી શકતો હોય તો બાયડી પરણ, સ્ત્રીના લગ્ન કર. લગ્નમાં રાગનો દોષ આવશે. ચારિત્રનો દોષ આવશે, મિથ્યાત્વનો દોષ નહિ આવે. એ.. જિનેશ્વરદાસજી!

મુમુક્ષુ :- ફરીથી કહો.

ઉત્તર :- ફરીને કહીએ. પુસ્તક આવે તો. સાંભળ તો ખરો. મિથ્યાત્વનું પાપ કેટલું છે એની તને ખબર નથી. દર્શનભ્રષ્ટ કદી સીઝતો નથી, ચારિત્રભ્રષ્ટ સીઝશે. સમજાય છે કાંઈ?

કહે છે કે એવા સાધુના સંગમાં જઈશ નહિ, જે તને મિથ્યાત્વના લાકડી ઘૂસાડી દે. રાગથી આમ થાય છે અને ક્રિયાથી આમ થાય છે ને ધૂળથી આમ થાય છે. પહેલા સાદુ જીવન કરીએ ને પછી સમ્યક્ત્વ થાય. પછી લાભ થાય છે. અરે..! મરી જા ને હવે. સમજાય છે કાંઈ? એવા મિથ્યાત્વના લાકડા નાખીને અનંત સંસાર વધારી દેશે. આ બીજું આવ્યું. ભલે આવ્યું. એમાં કાંઈ વાંધો નહિ. ૯૬ ગાથા છે. આ પુસ્તક બીજું આવ્યું છે, હોં!

'**वरं गणपवेसादो**' '**वरं गणपवेसादो**' હે મુનિ! ગણમાં પ્રવેશ કરવા કરતાં '**विवाहस्स पवेसणं**' સ્ત્રીના લગ્ન કરવા એ વિશેષ ઠીક છે. એઈ..! આ મુનિ કહે છે! ગજબ કરે છે!! સાંભળ તો ખરો. એ તો મિથ્યાત્વના પાપથી બચવા કહે છે. સમજાય છે કાંઈ? '**वरं गणपवेसादो विवाहस्स पवेसणं**' મિથ્યાદષ્ટિ ઊંધી શ્રદ્ધાવાળા સાધુના ટોળા પડ્યા હોય એની સાથે (સંગ) કરવો એના કરતાં '**विवाहस्स पवेसणं**' ઈ કરતાં લગ્ન કરવા સારા છે. '**विवाहे रागउप्पत्ति**'. સ્ત્રીના ભોગમાં તો ચારિત્રનો દોષ આવશે-રાગ. '**गणो दोसाणागरो**'. મિથ્યાદષ્ટિના સંગમાં તો મિથ્યાત્વ આદિના બધા દોષ આવશે. મારી નાખશે. તારી યોગ્યતા... બધા દોષ છે. મિથ્યાત્વનો દોષ, અવ્રતનો દોષ, પ્રમાદનો દોષ, કષાયનો દોષ. બધા ... લખી લ્યો, ૯૬ ગાથા છે. લો, દ્યો એમને. વાંચી લો, એમને હાથમાં દો. આ મારું આવ્યું છે? પંડિતજીએ વાંચ્યું છે ને. એમણે તો વાંચ્યું છે. જુઓ! '**वरं गणपवेसादो विवाहस्स पवेसणं, विवाहे रागउप्पत्ति गणो दोसाणागरो**'. દોષનો દરિયો છે. કુસાધુ અને એવા ત્યાગી મળી જશે તો મરી જઈશ. સમજાય છે કાંઈ? બાયડી, છોકરા છોડીને, લુગડા કાઢી નગ્ન થઈને ફરે, જંગલમાં રહે. મારી નાખશે. એની મિથ્યાશ્રદ્ધાને લઈને મરી ગયો છે ઈ. લાકડી ખોસી ઘાલશે તને મિથ્યાત્વના, અભિપ્રાયના. માટે તેમાં પ્રવેશ કરવા કરતાં '**विवाहस्स पवेसणं**'. આહાહા..! છે? જિનેશ્વરદાસજી! કેમ? જુઓ!

'**विवाहे रागउप्पत्ति**' અર્થ :- '**યતિ અંત સમયમેં યદિ ગણમેં પ્રવેશ કરેંગે તો શિષ્યાદિકમેં મોહ ઉત્પન્ન હોગા તથા મુનિકુલમેં મોહ ઉત્પન્ન હોનેકે લિયે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારણભૂત ઐસે પાર્શ્વસ્થાદિક પાંચ મુનિઓં...**' પાર્શ્વસ્થ હોય ને? તેમનાથી '**સંપર્ક હોગા. ઉનકે સંપર્કકી અપેક્ષાસે વિવાહમેં પ્રવેશ કરના અર્થાત્ ગૃહપ્રવેશ કરના અધિક અચ્છા હૈ. ક્યોંકિ વિવાહમેં સ્ત્રી પરિગ્રહકા ગ્રહણ હોતા હૈ ઔર ઉસસે રાગોત્પત્તિ હોતી હૈ. પરંતુ ગણ તો સર્વ દોષકા આકર હૈ. ઉસમેં મિથ્યાત્વ, અસંયમ, કષાય, રાગદ્વેષાદિક ઉત્પન્ન હોતે હૈં. વિવાહમેં મિથ્યાત્વ નહીં હોગા...**' આહાહા..! આકરી વાત. એઈ.. કેસરીચંદજી! પણ મુનિ પંચ મહાવ્રતધારી આવું કહે? સાંભળ તો ખરો. '**દોષકા આકર હૈ. ... વિવાહમેં મિથ્યાત્વ નહીં હોગા ફક્ત રાગોત્પત્તિ હોતી હૈ, પરંતુ ગણપ્રવેશમેં તો સબ દોષ ઉત્પન્ન હોતે હૈં ઈસલિયે મુનિઓંકો કષાયસે અલગ હી રહના અચ્છા હૈ.**' કષાય શબ્દનો અર્થ મિથ્યાત્વ કષાય, હોં! મોટો કષાય ઈ છે. રાગ મંદ પડ્યો ને આમ કર્યું,... મરી ગયો હવે, રાગ મંદ કરીને.

વસ્તુની દૃષ્ટિવંત સ્વતંત્ર થયા વિના અનંત પરપદાર્થ સ્વતંત્ર છે. એની પર્યાયનો કરવાવાળો કોઈ (નથી). ત્રણ કાળમાં પરની દયા પાળું છું (માનીશ તો) મરી જઈશ. પરની દયા પાળી શકું એમ મિથ્યાદૃષ્ટિ માને છે. લાકડા ખોસી ઘાલશે. આપણે બધાની દયા પાળીએ તો આપણને આશિર્વાદ આપશે. બધા આશિર્વાદ આપે તો આપણું કલ્યાણ થઈ જાય. એનું કાળજું સુખી થઈ જાય.. મરી જાઈશ. મિથ્યાત્વ છે. મહાપાપ, આત્માનું ખુન કરવાની દૃષ્ટિ છે.

કુંદકુંદાચાર્યે આમ કહ્યું, લ્યો. આહાહા..! એઈ... શોભાલાલજી! મિથ્યાત્વનું પાપ કસાઈખાના માંડે અને સપ્ત વ્યસન આદિથી અનંતગુણું પાપ છે. તને ખબર નથી. કેમ? છ દ્રવ્ય જે અનંત છે, સ્વતંત્ર સત્ છે. આનું પેલો કરે, પેલાનું આ કરે. તારી દૃષ્ટિ અસત્‌ની થઈ. અનંત સત્‌ને સ્વતંત્ર સ્વીકાર્યા નહિ તો તારી દૃષ્ટિએ સત્‌નું ખુન કરી નાખ્યું. સ્વતંત્ર સત્ છે એમ જ્ઞાને કબુલ કરવું જોઈએ. તો કહે, નહિ. આનાથી આમ થાય ને આનાથી આમ થાય ને તેનાથી આમ થાય. તેં સત્‌ની દૃષ્ટિનું ખુન કરી નાખ્યું. અને તારામાં જે રાગ-વિકાર આવ્યો એ પણ દોષરૂપ છે. તેને તું લાભદાયક માને છે તો આત્માના સ્વીકારનો શિકાર કર્યો છે. આત્માના સ્વીકારનો શિકાર કર્યો છે. સેઠી! ભઈ, આ તો આવી ચીજ છે. સ્વીકારનો શિકાર. રાગનો સ્વીકાર કરીને લાભ માન્યો તો શુદ્ધ આત્માના સ્વીકારનો શિકાર-મારી નાખ્યો આત્માને, ખુન કરી નાખ્યું. જિનેશ્વરદાસજી! વીતરાગમાર્ગ એવો છે. બહારથી કોઈની સાથે મેળ ખાય એવું છે જ નહિ. આહાહા..!

કહે છે, '**સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે.**' હવે થોડો ખુલાસો કરે છે. '**જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :-**' હવે ખુલાસો કરે છે. '**મિથ્યાત્વ સંબંધી બંધ કે જે અનંત સંસારનું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે.**' મુખ્ય વાત ઈ છે. અજ્ઞાનથી બંધ, મિથ્યાત્વથી બંધ એ સંસારની જડ છે. સમજાય છે કાંઈ? ઝાડનું મૂળ કપાયા પછી પાંદડા કેટલો કાળ રહેશે? પણ એકલા પાંદડા તોડે અને મૂળિયું સાજુ રાખીશ તો બે મહિને પાછા પાંદડા આવી જશે. એમ જેને મિથ્યાત્વનું મૂળિયું છે એ રાગની ક્રિયા મંદ કરે અને બહારની ક્રિયા મેં કરી એમ માને, મરી ગયો. મૂળ સાજું છે. કષાયની મંદતા દેખાય, બ્રહ્મચારી દેખે, ત્યાગી દેખે. બધા ભવિષ્યમાં કસાઈખાના માંડશે. સમજાય છે કાંઈ? એઈ..! રામસ્વરૂપજી! વાત તો એવી છે.

સમ્યગ્દ્રષ્ટિને '**અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,...**' જુઓ! અલ્પ સ્થિતિ. અનંતાનુબંધી મિથ્યાત્વ ગયા પછી ત્રણ કષાયના જે પરિણામ રહ્યા એ તો અલ્પ સ્થિતિ-અંતઃ ક્રોડાક્રોડીની બહુ અલ્પ સ્થિતિ (પડે છે). સમજાય છે કાંઈ? સમ્યગ્દ્રષ્ટિને અનુભાગ પણ થોડો પડે છે. મિથ્યાત્વમાં તો સીત્તેર ક્રોડા ક્રોડી દર્શનમોહ, અનંતાનુબંધી ચાલીસ ક્રોડાક્રોડી. સમજાય છે? અને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપની પ્રતીત, અભિપ્રાય થયો તો પછી રાગાદિ રહ્યા એને મિથ્યાત્વ તો છે નહિ, સીત્તેર ક્રોડા ક્રોડીની સ્થિતિનું કર્મ તો છે નહિ. ચારિત્રમોહ બંધાય તો ચાલીસ ક્રોડા ક્રોડી રહે નહિ. અંતઃ ક્રોડાક્રોડી. બહુ સ્થિતિ થોડી પડે છે. અને ૪૧ પ્રકૃતિનો તો બંધ થતો જ નથી. આહાહા..!

'**દીર્ઘ સંસારનું કારણ નથી.**' કોઈ એકાદ ભવ હો તો એવું કારણ હોય. પણ અનંત સંસારનું કારણ ન રહ્યું. '**તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી.**' ચારિત્રદોષથી થોડો બંધ છે તેની મુખ્યતા અહીંયાં ગણવામાં આવી નથી. સમજાય છે કે નહિ આમાં? જયચંદ્ર પંડિતે પાઠમાંથી અર્થ કાઢ્યો છે. ઘરમાંથી નથી કાઢ્યો. '**અથવા તો આ પ્રમાણે કારણ છે :-**' હવે બીજી રીતે કહે છે. એક કારણ આ કહ્યું, હવે બીજું કારણ કહે છે. '**જ્ઞાન બંધનું કારણ નથી.**' ભગવાન ચૈતન્યસ્વરૂપ એ બંધનું કારણ છે જ નહિ. ચૈતન્યસૂર્ય બંધનું કારણ છે? '**જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો...**' જ્ઞાનમાં વિપરીત માન્યતાનો અભિપ્રાય હતો '**ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું...**' એ જ્ઞાનને અજ્ઞાન કહેતા હતા. જે જ્ઞાન પોતાને નહોતું જાણતું, એકલી રાગની ક્રિયા મારી છે, પરની ક્રિયા મારી છે, વિકાર મારો છે, એમ જે અજ્ઞાન હતું એ મિથ્યાત્વને કારણે અજ્ઞાન હતું. એ જ્ઞાન બંધનું કારણ હતું. સમજ્યા? '**મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી,...**' અજ્ઞાન કહેવાતું હતું. મિથ્યાત્વ ગયું, ભ્રાંતિ ગઈ, સ્વરૂપનું ભાન થયું. '**પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે.**' એકલું જ્ઞાન જ રહી ગયું. આહાહા..!

બે કારણ કહ્યા. પહેલા કહ્યું કે બાંધે તો અલ્પ સ્થિતિ આદિ છે. તેની અહીં પ્રધાનતા નથી. પ્રધાનતા મિથ્યાત્વ અનંતાનુબંધીની પ્રધાનતા છે. બીજું, જ્ઞાનમાં મિથ્યાત્વ છે તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બંધનું કારણ છે. મિથ્યાત્વ ગયા પછી સમ્યક્જ્ઞાન થયું તો એ મિથ્યાત્વ કે અજ્ઞાન નથી, જ્ઞાન છે. તેમાં જે ચારિત્રમોહ સંબંધી થોડો વિકાર રહ્યો તેનો સ્વામી જ્ઞાની નથી, ધણી નથી, ધણી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અનાદિથી એ રાગના સ્વાદની મીઠાશ રહી છે. મીઠાશ રહી છે. સમજ્યા? બહારનો સ્વાદ તો કોણ લઈ શકે છે? ધૂળમાં સ્ત્રીના શરીરનો ભોગ કોણ લઈ શકે છે? ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. એને રાગ આવે છે એનો અનુભવ કરે છે. બસ, જડને તો ત્રણ કાળમાં સ્પર્શ પણ કરતો નથી. એક રજકણ બીજા રજકણને સ્પર્શતો નથી તો ભગવાન આત્મા રજકણને સ્પર્શે, ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અજ્ઞાની માને તો પણ પરનો સ્પર્શ થતો નથી. રાગ કરે છે અને માને છે કે હું ભોગ લઉં છું, એવા રાગનો અનુભવ કરે. એ જ મિથ્યા ભ્રમ છે. આહાહા..!

એ અભિપ્રાય છૂટી ગયો. રાગમાં સુખ નથી. આનંદ.. આનંદ.. આત્મા જ્ઞાનાનંદ સુખ છે એવો અભિપ્રાય થઈ ગયો તો જ્ઞાનમાં મિથ્યાત્વ રહ્યું નહિ. મિથ્યાત્વ રહ્યું નહિ તો એકલું જ્ઞાન બંધનું કારણ નથી. '**ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી.**' સમજાય છે કાંઈ? '**કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી.**' જ્ઞાન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાનની ધારામાં રાગ અને બંધ બેય આવતા જ નથી. એ તો ભિન્ન રહી ગયો. આહાહા..! ખુલાસો સારો કર્યો છે. કડક લાગે ને. આસ્રવથી નિવૃત્ત થઈ ગયો સમકિતી? સાંભળને હવે. નિવૃત્ત થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? '**આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.**' આગળ ઘણી ગાથાઓ છે. ૧૬૬, ૧૬૭ ગાથામાં મૂળ પાઠ છે. એ બધું આવશે. આમાં લખ્યું નથી, આમાં લખ્યું છે. ઘણી ગાથાઓ છે. આ જ અધિકાર પાછળ આવે છે. સમજ્યાને? નિર્જરા અધિકારમાં બધું આવે છે. જુઓ! ૧૬૬, ૧૬૭, ૧૭૦, ૧૭૬, ૧૭૭, ૧૯૩, ૨૧૮, ૨૪૬, ૩૭૦. આ બધી ગાથાઓમાં ઘણો અધિકાર આવે છે. જ્ઞાનીને બંધ છે જ નહિ, આવો અધિકાર પાછળ ઘણો આવે છે. અહીં તો આધાર લીધો છે. સમજાય છે કાંઈ?

એકવાર મેં એ દૃષ્ટાંત આપ્યો હતો. અમારા ગામમાં.. એક ભાવસાર હતા. ભાવસાર સમજ્યાને? ભાવસાર નથી હોતા? જ્ઞાતિ છે. ભાવસારની જ્ઞાતિ છે. આ કપડા રંગે. રંગરેજ. નાનો બાળક હતો. અમે પણ સાથે ભણતા હતા. બાર વર્ષની ઉંમરની વાત છે. પાંસઠ વર્ષ પહેલાની વાત છે. નાકમાંથી ગુંગો કાઢે. ગુંગો સમજો છો? નાકનો મેલ. મેલ કાઢીને બે દાંત વચ્ચે દબાવતો હતો. એટલાથી અટકતો નહોતો. પોતાની જીભ એને લગાડતો, સ્વાદ લેવા માટે. જ્ઞાતિ ભાવસાર, નામ સુંદરજી હતું. અને સ્થાનકવાસી જૈન ધર્મ હતો. ભાવસાર સ્થાનકવાસી જૈન. પણ એવી ટેવ પડી ગઈ કે ગુંગો કાઢે અને જીભ અડાડે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..! શું કરે છે? સુંદરજી! શું કરે છે? વળી છોડી દે. વળી અડધો કલાક થાય.. પણ આ શું કરે છે? મને ટેવ પડી ગઈ છે.

એમ અજ્ઞાનીને રાગ-ગુંગો કાઢીને રાગનો સ્વાદ અજ્ઞાની લ્યે છે. સમજાય છે કાંઈ? આનંદમાં સ્વાદ છે તેનું ભાન નથી. સમજાય છે કાંઈ? શુભ અને અશુભરાગમાં આનંદ છે. બસ, આનંદ આનંદ. એક શુભભાવ દયા, દાનનો આવે તો... ઓહો..! ભારે કામ કર્યું. મૂઢ છે. રાગનો સ્વાદ ગુંગાના સ્વાદ જેવો છે. ગુંગાનો સ્વાદ હજી સાધારણ છે. આ તો આકુળતાનો સ્વાદ છે. જ્ઞાનીની દૃષ્ટિ આનંદ ઉપર થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? એ રાગનો સ્વાદ માણતો નથી. પદમણિ જેવી સ્ત્રી દેખે. જ્ઞાનનું જ્ઞેય છે. ભોગ કાળે રાગ છે, જ્ઞાનનું જ્ઞેય છે. હું સ્વામી નહિ, એમાં મારો સ્વાદ છે જ નહિ. મારા આનંદ આગળ કોણ કહે કે એનો સ્વાદ લે છે? 'ચાખે રસ ક્યું કરી છૂટે,' સમજાય છે કાંઈ? એ આનંદઘનજી કહે છે, ભાઈ! 'ચાખે રસ ક્યું કરી છૂટે, સુરીજન સુરીજન તોરી,' દેવતાના ટોળા ઉતરે પણ અંતરમાં આનંદની રુચિ અને દૃષ્ટિ થઈ, કોણ પલટાવી શકે? ઈન્દ્રાણી પણ પલટાવી શકે નહિ. અને રાગ લલચાવીને રાગમાં સુખબુદ્ધિ કરાવી શકે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પોપટભાઈ! આવી રમતું છે આ. કાયરના કામ નહિ ત્યાં. આહાહા..! આ અર્થનું સમર્થન આગળ કહેશે. વખત થઈ ગયો, લ્યો. કાલે વાત... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧, શુક્રવાર તા. ૩૦-૯-૧૯૬૬**
**ગાથા-૩૭૨. શ્લોક-૨૨૧. પ્રવચન-૧૪૩**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અર્થાત્ આત્મા તો સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. પણ એમાં જે રાગ-દ્વેષ, અજ્ઞાનનો અપરાધ થાય છે તેનું કારણ કોણ? વિકાર છે એ પોતાના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. વસ્તુ તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. જ્ઞાયકમૂર્તિમાં આ વિકાર ક્યાંથી આવ્યો? તો કહે છે કે વિકાર કર્મને કારણે આવ્યો. ઘણાં લોકો કહે છે. એની સામે આ દલીલ છે. વિકાર તો કર્મ છે તો આવ્યા.

અહીંયાં ઈ કહે છે કે જે કર્મનું નિમિત્ત જોઈને તેનાથી ઉત્પન્ન થાય છે એમ માનનારા, પોતાના સ્વયંના અપરાધથી દશામાં વિકાર થાય છે, એમ નથી માનતા એ મિથ્યાદષ્ટિ મોહનદીને પાર ઉતરી શકતા નથી. ગાથામાં ઈ કહે છે, જુઓ! ૨૨૦ કળશમાં એનો ઉત્તર એમ છે, '**આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે ત્યાં પરદ્રવ્યનો કંઈ પણ દોષ નથી.**' ઉપર છે. છે? આ આત્મામાં રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે, '**कतरदपि परेषां दूषणं नास्ति**'. વિકાર ઉત્પન્ન થવામાં '**પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી.**' સમજાય છે કાંઈ? '**ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે...**' પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ સ્વભાવને ભૂલી અજ્ઞાનથી રાગ-દ્વેષ અને મિથ્યાત્વની ઉત્પત્તિ કરે છે. સમજાય છે કાંઈ? પછી આ શ્લોક લીધો.

'**હવે આ જ અર્થ દઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :-**'

**रागजन्मनि निमित्ततां पर-**
**द्रव्यमेव कलयन्ति ये तु ते।**
**उत्तरन्ति न हि मोहवाहिनीं**
**शुद्धबोधविधुरान्धबुद्धयः।।२२१।।**

રાગ-દ્વેષની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ કારણપણું માને છે કે પરદ્રવ્યથી-કર્મથી આત્મામાં વિકાર થાય છે. પોતાનું કંઈ પણ કારણ માનતા નથી. પોતાનો અપરાધ છે એમ માનતા નથી. '**જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે...**' હું નિત્ય જ્ઞાયક છું, શુદ્ધ છું એમ એને ભાન નથી. તો પોતાનો અપરાધ પોતાની પર્યાયમાં થાય છે એવું પણ એને ભાન નથી. '**અંધ છે એવા (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)...**' અહીં સાથે કેમ આમ લીધું છે? વિકાર પોતાથી નથી થતો એમ કોણ માને છે? પરથી થાય છે. શુદ્ધ જ્ઞાન ચૈતન્યની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિ નથી તો પર્યાયમાં અપરાધ છે એ પરનો છે, અમારો નથી એમ માને છે. સમજાય છે કાંઈ?

રાગ, દ્વેષ દોષ પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે. સમજાય છે કાંઈ? એ '**મોહનદીને ઊતરી શકતા નથી.**' જે અપરાધને પર ઉપર નાખી દે છે, એ અપરાધ પોતાના પુરુષાર્થથી જો થતો હોય તો પુરુષાર્થથી ટાળી શકે. પણ કર્મથી જો વિકાર થતો હોય તો ટાળવામાં પોતાનો અધિકાર તો રહ્યો નહિ. સમજાય છે કાંઈ? અત્યારે આ મોટી ગડબડ છે. વિકાર થાય છે, કર્મ છે તો કર્મથી વિકાર થાય છે. અહીંયાં ના પાડે છે કે જો કર્મથી વિકાર માનો તો તારો અપરાધ તારાથી થાય છે, એ તારી દૃષ્ટિ જૂઠી થઈ ગઈ. પરથી અપરાધ. સમજાય છે? એની ટીકા છે.

પ્રવચનસારમાં પણ આવ્યું ને? ભાઈ! પ્રવચનસાર છે ને? ૧૮૯ ગાથા છે ને? ૧૮૯ ગાથા છે. '**રાગપરિણામ જ આત્માનું કર્મ છે,...**' વિકારી પરિણામ આત્માનું કાર્ય છે. ૧૮૯. સ્પષ્ટ કરે છે. '**તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે,...**' શુભ-અશુભ દ્વૈત છે. બેય રાગને કરનારો આત્મા જ છે. આત્મા '**રાગપરિણામનો જ કર્તા છે, તેનો જ ગ્રહનાર અને છોડનાર છે.**' પર્યાયની દૃષ્ટિથી વાત છે, હોં! '**આ, શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે.**' આ શુદ્ધદ્રવ્યનું કથન છે.

મુમુક્ષુ :- .. તો ત્રિકાળી શુદ્ધ છે.

ઉત્તર :- અહીંયાં ઈ વાત નથી. અહીંયાં પરિણામ પોતાથી થાય છે એ શુદ્ધદ્રવ્યનું કથન છે.

મુમુક્ષુ :- પરિણામ અપેક્ષાથી?

ઉત્તર :- પરિણામ અપેક્ષાએ. જુઓ (ફૂટનોટ). 'નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે...' અહીંયાં કથન શુદ્ધદ્રવ્ય શબ્દનો અર્થ પોતાનો વિકાર પોતાથી થાય છે એ શુદ્ધદ્રવ્યનું કથન છે. નિશ્ચયનું કથન છે. પર્યાયની વાત છે ઈ. અને કર્મથી વિકાર થાય છે એ અશુદ્ધનયનું કથન છે. એ અશુદ્ધનયનું કથન હેય-છોડવાલાયક છે. અને શુદ્ધનયનું કથન આદરણીય-ઉપાદેય અહીંયા એમ બતાવવું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. ઉદય વિકાર પર્યાય લેવી. .. પોતામાંથી થાય છે. એ વાત તો સિદ્ધ કરે છે. જુઓ! '**પુદ્ગલપરિણામ આત્માનું કર્મ છે, તે જ પુણ્ય-પાપરૂપ દ્વૈત છે, પુદ્ગલપરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર અને છોડનાર છે,...**' અશુદ્ધ દ્રવ્યનું નિરૂપણ છે. '**બન્ને આ (નયો) છે; કારણ કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્ય પ્રતીત કરાય છે. પરંતુ અહીં નિશ્ચયનય સાધકતમ (ઉત્કૃષ્ટ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સાધક) હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે.**' પોતાના પરિણામ પોતાથી છે એ નિશ્ચયનયને અહીં સાધક કહ્યું. છે તો રાગ. પણ જેને પરિણામમાં પોતાથી થાય છે એવું જ્ઞાન છે એને સામાન્યજ્ઞાન તો સાથે આવી જાય છે. સામાન્ય શુદ્ધ હું ધ્રુવ છું. અને પર્યાયમાં અપરાધ મારાથી થાય છે. સમજાય છે કાંઈ? ઉત્કૃષ્ટ સાધક, સાધકતમ કહ્યું. પરિણામ મારાથી વિકાર થાય છે, કિંચિત્ '**कतरदपि**' કર્મનો દોષ નથી, પરનું કાંઈ કારણ નથી. એમ માનવું એ '**સાધકતમ હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે...**' જુઓ! '**કારણ કે સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક (પ્રકાશક) હોવાને લીધે નિશ્ચયનય જ સાધકતમ છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી.**' સમજાય છે કાંઈ? અત્યારે મોટી ગડબડ ચાલે છે. વિકાર. વિકાર ક્યાંથી આવ્યો? વિકાર કર્મથી (થયો). દ્રવ્ય-ગુણમાં (વિકાર) નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્મથી થયો એમ માનનાર મૂઢ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ૧૮૯ ગાથામાં એ સિદ્ધ કરવું છે. એ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય અધિકારમાં પોતાની પર્યાય પોતાથી થાય છે એ સિદ્ધ કરે છે. જ્ઞેયનું સ્વરૂપ. જ્ઞેય અધિકાર છે ને ઈ? દ્રવ્ય, ગુણ તો પોતાના છે પણ પર્યાયમાં વિકાર, સંસાર, ઉદય વિકાર પોતાથી થાય છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. કરે તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ કર્મ તો પોતાને વિકાર કરવો પડ્યો અને વિકાર બળજોરીથી કરવો પડ્યો એમ સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. બરાબર છે? જંબુપ્રસાદજી! ત્યાં બહુ (ગડબડ) કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લખ્યું છે ને. ઈ પુસ્તક લીધું ને. એ પુસ્તક લીધું છે, જુઓ! એમાં તો ત્યાં સુધી લીધું છે, જુઓ! (કળશ ટીકા) ૨૨૧ જુઓ. '**કહેલા અર્થને ગાઢો-દઢ કરે છે...**' '**मोहवाहिनी**'. '**એવો મિથ્યાદષ્ટિ જીવરાશિ મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ એવી જે શત્રુની સેના તેને મટાડી શકતો નથી. કેવા છે તે મિથ્યાદષ્ટિ જીવો? સકળ ઉપાધિથી રહિત જીવવસ્તુના પ્રત્યક્ષ અનુભવથી રહિત...**' આનંદમૂર્તિ ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ છે, એમ પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ તેનાથી અંધ છે અને '**સમ્યક્ત્વથી શૂન્ય છે જ્ઞાનસર્વસ્વ જેમનું...**' જેનું જ્ઞાનસર્વસ્વ અંધ છે. '**તેમનો અપરાધ શો?**' શું અપરાધ છે? '**અપરાધ આવો છે; તે જ કહે છે...**'

'**ये रागजन्मनि परद्रव्यं निमित्ततां एव कलयन्ति**'. '**જે કોઈ મિથ્યાદષ્ટિ જીવ એવા છે-રાગ-દ્વેષ-મોહ અશુદ્ધ પરિણતિરૂપ પરિણમતા જીવદ્રવ્યના વિષયમાં...**' '**परद्रव्यं**' '**આઠ કર્મ, શરીરાદિ નોકર્મ તથા બાહ્ય ભોગસામગ્રીરૂપ પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે, એવી શ્રદ્ધા કરે છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી શ્રદ્ધા કરે છે કોણ? મિથ્યાદૃષ્ટિ જીવ રાશિ. કરે છે. જીવ રાશિ છે ને? રાશિ. મિથ્યાદૃષ્ટિ જીવ રાશિ એવી શ્રદ્ધા કરે છે કે '**પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત પામીને જીવ રાગાદિ અશુદ્ધરૂપ પરિણમે છે, એવી શ્રદ્ધા કરે છે જે કોઈ જીવરાશિ તે મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારી છે, જેથી એવો વિચાર છે કે સંસારી જીવને રાગાદિ અશુદ્ધ પરિણમનશક્તિ નથી,...**' કર્મ જ એને પરિણમાવે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં પોતાની વિકાર કરવાની યોગ્યતા છે જ નહિ. કર્મ આવે તો વિકાર કરવો પડે, ભાઈ! શું કરીએ? કર્મ ન હોય તો વિકાર નથી થતો. વચ્ચે કર્મ છે તો વિકાર કરવો પડે છે. એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ રાશિ માને છે. આહા..! '**પુદ્ગલકર્મ બલાત્કારે જ પરિણમાવે છે.**' એમ નથી. '**પુદ્ગલકર્મ તો સર્વ કાળ વિદ્યમાન જ છે...**' જુઓ! પુદ્ગલ તો સર્વ કાળ વિદ્યમાન છે. '**જીવને શુદ્ધ પરિણામનો અવસર ક્યો?**' જો કર્મને કારણે વિકાર થતો હોય તો પુદ્ગલ તો સદાય છે, ઉદય તો સદાય છે. '**અર્થાત્ કોઈ અવસર નહિ.**' એનો અર્થ એમાં લીધો છે. બનારસીદાસ. આનો જ શ્લોક (૬૨) છે.

**કોઉ મૂરખ યૌં કહૈ, રાગ દોષ પરિનામ,**
**પુગ્ગલકી જોરાવરી, વરતૈ, આતમરામ. ૬૨.**
**જ્યૌં જ્યૌં પુદ્ગલ બલ કરૈ, ધરિધરિ કર્મજ ભેષ,**
**રાગદોષકૌ પરિનમન, ત્યૌં ત્યૌં હોઈ વિશેષ. ૬૩.**
**ઈહિવિધિ જો વિપરીત પખ, ગહૈ સદ્દહૈ કોઈ,**
**સો નર રાગ વિરોધસૌં, કબહૂં ભિન્ન ન હોઈ. ૬૪.**
**સુગુરુ કહૈ જગમૈં રહૈ, પુગ્ગલ સંગ સદીવ,**
**સહજ સુદ્ધ પરિનમનિકૌ, ઔસર લહૈ ન જીવ. ૬૫.**

કર્મ વિકાર કરાવે તો આપણી શુદ્ધતા થવાની યોગ્યતા રહી નહિ. વિકાર ઈ કરાવે અને વિકાર ટળે ત્યારે ટળે, અમારો અધિકાર તો રહ્યો નહિ. એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ રાશિ માને છે. અત્યારે આ મોટી ગડબડ છે.

**તાતૈ ચિદ્ભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ,**
**રાગ વિરોધ મિથ્યાતમૈં, સમકિતમૈં સિવ ભાઉ. ૬૬.**

મિથ્યા ભ્રાંતિ છે ત્યાં સુધી રાગ-દ્વેષ અજ્ઞાનથી કરે છે. સમ્યક્ આત્માના ભાનમાં શુદ્ધભાવ કરે છે. મિથ્યાત્વના ભાવમાં અજ્ઞાની અનાદિથી રાગ-દ્વેષ કરે છે. બીજાનો કોઈ દોષ નથી. એની પહેલાં (૬૧-પદમાં) કહ્યું...

**કોઉ સિષ્ય કહૈ સ્વામી રાગ દોષ પરિનામ,**
**તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ.**

મહારાજ! આ વિકાર થાય છે તેનો પ્રેરક કોણ? રાગ-દ્વેષ થાય છે તેમાં પ્રેરક કારણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોણ? શિષ્ય પૂછે છે.

**પુગ્ગલ કરમ જોગ કિંધૌં ઇંદ્રિનિકો ભોગ,**
**કિંધૌં ધન કિંધૌં પરિજન કિંધૌં ભૌન હૈ.**

ભૌન એટલે ભવન.

**ગુરુ કહૈં છહૌં દર્વ અપને અપને રૂપ,**
**સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.**

છએ દ્રવ્ય પોત પોતાના રૂપે છે. ત્યાં ક્યાં બેઠા? એઈ..! ચુનીલાલજી! અહીંયાં આવો, અહીંયાં. થોડા દિ' સાંભળો તો ખરા, શું છે અહીંયાં. અહીંયા બેસવા દો, જગ્યા કરી દો. હિન્દી છે ને? એમાં કાઢો. શું કહે છે? જુઓ! '**ગુરુ કહૈં છહૌં દર્વ..**'

**ગુરુ કહૈં છહૌં દર્વ અપને અપને રૂપ,**
**સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.**

કોઈ દ્રવ્યના કોઈ પરિણમનમાં કોઈની સહાય નથી. કહો, રાજબહાદુરજી! આ મૂળ (૨૬) શ્લોકનો અર્થ છે. '**रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया नान्यदद्रव्यं वीक्ष्यते किञ्चनापि**' ઈ વાત છે. આ વિકાર થાય છે, વિકાર રાગ-દ્વેષ કર્મથી થાય છે એમ ત્રણ કાળમાં નથી. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કંઈ થાય છે એ દ્રવ્યને સમજતો નથી, પર્યાયને સમજતો નથી. મિથ્યાદષ્ટિ જીવ રાશિ છે. '**ગુરુ કહૈં છહૌં દર્વ અપને અપને રૂપ,**' દરેક પદાર્થ પરમાણુ, આત્મા, શરીર પોતપોતાની પર્યાયથી પરિણમે છે. '**સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ.**' કોઈ પદાર્થની પર્યાયમાં બીજાની મદદ છે, એમ ત્રણ કાળમાં નથી. આવો તો છ દ્રવ્યનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? '**કોઉ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈ**'. પ્રેરક છે કે નહિ? કેમ પ્રેરક નથી? આ લાકડી છે, જુઓ! એના કારણે ઊંચીનીચી થાય છે? આ પ્રેરણા થઈ, આંગળીથી પકડીને ઊંચી થઈ, જુઓ! આંગળીથી પકડ્યા વિના ઊંચી થાય છે? કહો, અહીં ના પાડે છે, સાંભળો! જંબુપ્રસાદજી!

મુમુક્ષુ :- પોતાની મેળે થઈ છે.

ઉત્તર :- પોતાની મેળે થઈ છે, હજી એને ભાન નથી. કેમ કે એક પરમાણુમાં ષટ્કારક ગુણ પડ્યા છે. એક પરમાણુમાં અનંત ગુણ પડ્યા છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. રજકણ રજકણના આધારે ત્યાં ઊંચા થયા છે. આંગળીથી નહિ. એનો અર્થ શું? .. છે એને નિમિત્ત કહેવાય છે. એનાથી થાય એને નિમિત્ત કહેતા જ નથી. એક એક રજકણ, શરીરમાં પરમાણુ છે. અનંત રજકણનો પિંડ છે. '**કોઉ દરબ કાહૂકૌ ન પ્રેરક...**' આ આંગળીથી એ ઊંચી થઈ છે એમ માનનાર મૂઢ છે. તને દ્રવ્યની પર્યાયની ખબર નથી. એઈ..! શેઠ!

મુમુક્ષુ :- દેખાય તો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- શું દેખાય છે? શું દેખાણું? શેઠ કહે છે, દેખાય છે. હવે આપણે એનો અર્થ કરીએ. શું દેખાય છે? આ અહીંયાં છે, આંગળી આંગળીમાં છે. એમ ભિન્ન ભિન્ન છે એમ દેખાય છે. ભિન્ન ભિન્ન છે કે એક થઈ ગયા છે? અડ્યા જ નથી. અડે તો એક થઈ જાય. આ આંગળી એને અડી જ નથી, સ્પર્શી નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં અડતી નથી. આહાહા..!

મુમુક્ષુ :- એક પરમાણુ બીજા પરમાણુને..

ઉત્તર :- એક પરમાણુ બીજા પરમાણુને ત્રણ કાળમાં અડતા નથી. ઈ કહ્યું ને? ત્રીજી ગાથામાં કહ્યું હતું ને પહેલાં? ત્રીજી ગાથા. સમયસારની ત્રીજી ગાથા કહી હતી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાથી થઈ છે. એમ છે. શેઠ! લ્યો, આ જંબુપ્રસાદજી (કહે છે). ભગવાન! ચૈતન્યતત્ત્વની જડતત્ત્વની સ્વતંત્રતાની લોકોને ખબર નથી. એક પરમાણુમાં અનંત ગુણ. અને એમાં આધાર નામનો ગુણ છે. આ ચોપડી છે ઈ નીચેના આધારે રહી છે, એમ છે જ નહિ. આહાહા..! એ.. શોભાલાલજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું દેખાય છે? છે એમાં? આ આમાં છે? આ આમાં છે? પોતપોતામાં છે. પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. બરાબર છે? સપ્તભંગી. પ્રત્યેક પદાર્થ-દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ. ક્ષેત્ર નામ અવગાહન, કાળ નામ અવસ્થા અને ભાવ નામ શક્તિ. પોતામાં છે, પરથી નથી. પરથી નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં એક રજકણ પરથી નથી. એક આત્મા કર્મથી નથી. એક આત્મા સિદ્ધશિલા ઉપર રહ્યા છે ને? તો એ સિદ્ધશિલા ઉપર રહ્યા છે એમ નથી. પોતાનો આત્મા પોતાના પર્યાયના, દ્રવ્ય-ગુણ-પર્યાયના આધારે ત્યાં રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ ફરમાવો છો.

ઉત્તર :- એમ છે. ફરમાવે શું?

મુમુક્ષુ :- જોવામાં..

ઉત્તર :- જોવામાં દૃષ્ટિની ભૂલ છે. સમજાય છે કાંઈ? માત્ર દૃષ્ટિની ભૂલ છે. બધા અનંત પદાર્થ સ્વતંત્ર છે. એક એક પદાર્થ પોતાના કારણે (પરિણમે છે). એમાં કરણ નામની શક્તિ છે. પ્રત્યેક દ્રવ્યમાં કરણ નામની-સાધન નામની શક્તિ છે. એ શક્તિને કારણે પોતાની પર્યાયમાં રૂપાંતર થાય છે. જ્યાં રહે છે ત્યાં પોતાને કારણે રહ્યો છે. પર રજકણના આધારે, આત્મા કર્મના આધારે, કર્મ આત્માના આધારે, આત્માના આધારે આ શરીર રહ્યું છે, ત્રણ કાળમાં ખોટી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કોઉ દરબ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈ,**
**રાગ દોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ. ૬૧.**

કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પ્રેરક ત્રણ કાળ ત્રણ લોકમાં થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? છે તેનું હોવાપણું પરને લઈને હોય તો પોતાને લઈને હોવાપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! આહાહા..! વાળ છે એ માથાના આધારે રહ્યા છે? બિલકુલ ખોટું છે.

મુમુક્ષુ :- માથામાંથી તો નીકળે છે.

ઉત્તર :- માથામાંથી નીકળતા જ નથી. પોતાનું દ્રવ્ય છે એમાંથી પર્યાય આવે છે. દ્રવતિ નામ દ્રવ્ય. એને દ્રવ્ય કેમ કહેવામાં આવે છે? પદાર્થને દ્રવ્ય કેમ કહ્યું અનાદિ કાળથી? દ્રવતિ ઈતિ દ્રવ્યં. પોતાની પર્યાયને દ્રવે છે માટે દ્રવ્ય કહ્યું. પરને કારણે દ્રવે છે એમ છે ત્રણ કાળમાં? સમજાય છે કાંઈ? મોટી ભૂલ. આઠ પાન શેરીની. આઠ પાન શેરી સમજ્યા? મણમાં મણની ભૂલ. પૂરા મણની ભૂલ. અજ્ઞાની અનાદિથી આવી ભૂલ કરી રહ્યો છે અને માને છે કે હું સ્વતંત્ર થવા તૈયાર છું. ધૂળમાંય નથી.

અહીંયાં તો કહે છે, કોઈ પ્રેરક નહિ કદાપિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, ત્યાં પ્રેરક ક્યાંથી આવ્યું? પોતાનું અસ્તિત્વ પોતાથી છે. પરનું અસ્તિત્વ પરથી છે. પરનું અસ્તિત્વ પોતાથી નહિ, પોતાનું અસ્તિત્વ પરથી નહિ. પ્રત્યેક પોંઈટ, પરમાણુ અને પ્રત્યેક આત્મા. સમજાય છે કાંઈ? અહીં તો પ્રેરણાની ના પાડી, ભાઈ! '**કોઉ દરબ કાહૂકૌ ન પ્રેરક**' પાઠમાં એમ છે ને? '**नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि**'. કિંચિત્ પણ એક પદાર્થ બીજા પદાર્થને અડે છે, સ્પર્શે છે, કરે છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અજ્ઞાનીને એની દૃષ્ટિમાં ભ્રમ પડ્યો છે કે હું પરદ્રવ્યનો કર્તા છું. એ હોય તો મારામાં થાય છે, કર્મ છે તો મારામાં વિકાર થાય છે અને મેં વિકાર કર્યો તો કર્મનું બંધન થયું. વિકાર કર્યો તો કર્મને બંધાવું પડ્યું. મૂઢ આમ જોવે છે. કર્મના રજકણ પોતાની પર્યાયથી કર્મરૂપ થાય છે. વિકાર પોતાથી પોતામાં પોતાના અપરાધને લઈને થાય છે. સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ?

જગતને સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથ પરમાત્માએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. ઢંઢેરો પીટીને સમવસરણમાં દિવ્યધ્વનિ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં આવી. સો ઈન્દ્રની ઉપસ્થિતિ. પરમાત્મા અત્યારે પણ ત્યાં સીમંધર ભગવાન બિરાજે છે. વાણી નીકળે છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પર્યાયને સહાયક થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન આવું કબુલ ન કરે અને માને કે પરથી આમ થાય છે અને પરથી મારામાં અપરાધ (થાય છે), મેં પરનું કર્યું, સત્યનું ખુન કરનારા મોટી મિથ્યાદૃષ્ટિ જીવ રાશિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! મૂર્ખ કહ્યું, સમજ્યાને? કોઈ મૂરખ આમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે. એ તો શ્લોકાર્થ કર્યો, હોં! અહીંયાં પણ એમ કહ્યું છે. જુઓ! ૨૧૯માં છે ને?

**रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया**
**नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि**
**सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति**
**व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२१९।।**

પહેલા ૮૯નું બતાવ્યું, આ બતાવ્યું. અહીંયાં જરી લેવું છે, જુઓ! આપણે અધિકાર ચાલે છે ને? ૩૭૨ ગાથા છે ને? ઉપરથી. આપણે ચાલતી ગાથા. કળશ છે એના ઉપર વાત કરે છે. ૩૭૨ ગાથા. શું કહે છે? જુઓ! જરી સાંભળજો, હોં! શાંતિથી.

**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।**
**तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।**

આ કળશ ચાલ્યો ને? ઈ આ ગાથાનો કળશ છે. નીચે.

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

ગુણ શબ્દે પર્યાય. ઉત્પાદ કહો, પર્યાય કહો, કાર્ય કહો. હવે થોડી એની ટીકા (લઈએ).

**ટીકા :- 'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી. કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે.'** હવે સાંભળો! અહીંયાં વજન છે. આહાહા..! અરે.. ભગવાન! દિવ્યધ્વનિ કરવાને અયોગ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ! **'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે.'** છે? ૩૭૨ ગાથા. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા દિવ્યધ્વનિ કરવાને અલાયક છે. આહાહા..! ગજબ વાત છે હોં! એઈ..! અમરચંદભાઈ! આહા..! સમજાય છે કાંઈ?

**'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** ગુણ શબ્દનો અર્થ પર્યાય છે. ઉત્પન્ન છે ને? ઉત્પન્ન છે ને? ઉત્પન્ન છે ને? ઉત્પન્ન કરવાની અયોગ્યતા છે. આહાહા..! કર્મમાં પોતામાં (આત્મામાં) વિકાર કરવાની નાલાયકતા છે. કર્મ અન્ય દ્રવ્ય છે, વિકાર પોતાની પર્યાયમાં છે. તો કર્મ **'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે.'** સમજાય છે કાંઈ? આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર શ્રોતાની પર્યાય ઉત્પન્ન કરાવામાં અયોગ્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધ્વનિ તો જડ છે. આહાહા..! ભગવાન! તને સત્ય શું છે (ખબર નથી). આ તો હજી વ્યવહારદૃષ્ટિનું કથન ચાલે છે. સમજાય છે કાંઈ? પર્યાય સ્વતંત્ર છે. કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય કોઈથી ત્રણ કાળ ત્રણ લોકમાં થતી નથી. એવો તો પર્યાયનો વ્યવહાર છે. પછી તો પર્યાયનું લક્ષ છોડી ગુણભેદનું લક્ષ છોડી દ્રવ્યની દૃષ્ટિ કરવી એ સત્ય સમ્યગ્દર્શન છે. આહાહા..! હજી તો પર્યાયમાં વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી, એની દ્રવ્યદૃષ્ટિ કોઈ દિ' સાચી હોતી નથી. સમજાય છે કાંઈ? આ એક ઉપર આખો કળશ બનાવ્યો છે.

અન્ય દ્રવ્ય વડે-આત્મા વડે અન્ય દ્રવ્યની-કર્મબંધનની પર્યાય થાય છે, એ બંધન કરવાની આત્મામાં અલાયકતા છે. જંબુપ્રસાદજી! શું કહ્યું? જ્ઞાનાવરણીય કર્મબંધન થાય છે...

મુમુક્ષુ :- એ તો એને કારણે થાય છે.

ઉત્તર :- હા, અન્ય દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યની પર્યાય કરવામાં અલાયક છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર પોતાની પર્યાયમાં અસ્તિ છે, એ દિવ્યધ્વનિ કરવામાં અયોગ્ય છે. આહાહા..! રેકર્ડમાં ચાલે છે એ બહાર નીકળવા માટે આવે છે. સમજાય છે કાંઈ? આ રેકર્ડમાં ઉતરે છે, બહાર જાશે. એના માટે તો આ વાત પીટાય છે. હિન્દુસ્તાનમાં જાય ને. સાંભળે તો ખરા. અજ્ઞાની એમ ને એમ મૂઢની જેમ પડ્યા છે. હું આમ કરી દઉં ને આમ કરી દઉં.

**'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના...'** જુઓ! આત્મામાં આંગળી ઊંચી કરવાની અયોગ્યતા છે.

મુમુક્ષુ :- નાલાયકી છે.

ઉત્તર :- આત્મા નાલાયક છે. આંગળી ઊંચી કરવા માટે નાલાયક છે.

મુમુક્ષુ :-..

ઉત્તર :- હા, લખો, નહિતર નક્કી કરો. રાજબહાદુરજી! નક્કી કરો. લાવો ન્યાયથી નક્કી કરો.

દ્રવ્ય છે કે નહિ? સ્વતંત્ર પદાર્થ છે. એક એક પરમાણુ સ્વતંત્ર છે, એક એક આત્મા સ્વતંત્ર છે. તો એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાય કરવામાં નાલાયક છે. આહાહા..! રાડ નાખી જાય છે ને. ભગવાનની દિવ્યધ્વનિ. એ તો વ્યવહારથી કથન છે. દિવ્યધ્વનિ તો રજકણની પર્યાય છે. રજકણની પર્યાય કરવામાં ભગવાન સમર્થ છે? પોતાના અનંત જ્ઞાન, આનંદનો અનુભવ કરવામાં એ સમર્થ છે. એ.. ન્યાલભાઈ! આહાહા..!

**'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે.'** બીજી ભાષાએ, બીજા જીવ અને શરીરનો સંયોગ છે, એ સંયોગ રાખવા માટે અન્ય દ્રવ્ય અસમર્થ છે. નાલાયક છે. પરની દયા પાળવામાં, સંયોગમાં આત્મા નાલાયક છે. આહાહા..!

મુમુક્ષુ :- એને બચાવવામાં નાલાયક?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- પરની પર્યાય બચાવવામાં આત્મા નાલાયક છે. શું પરની પર્યાય પોતાથી થાય છે? એનાથી થાય છે કે તારાથી થાય છે? નક્કી કરો. અહીં તો દાંડી પીટીને કહેવામાં આવે છે. ભગવાન પોકાર કરે છે, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ.

મુમુક્ષુ :- ભગવાને દયા પાળવાનું કીધું છે.

ઉત્તર :- કોણ કહ્યું છે? કોઈએ કહ્યું નથી. એ તો એમાં શુભરાગ આવે છે ઈ બતાવ્યું છે. પરને નહિ મારવાનો શુભરાગ આવે છે એ બતાવ્યું છે. એ તારાથી આવ્યો છે. પરને કારણે નથી આવ્યો. તને રાગ આવ્યો એટલે પરજીવ બચી જાય છે એમ ત્રણ કાળમાં કહ્યું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! આ એક ટુકડો છે એમાં બધા દ્રવ્યની ભિન્નતા બતાવી દીધી. '**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ**।' અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાય કદી ત્રણ કાળ ત્રણ લોકમાં ઉત્પન્ન થતી નથી. સમજાય છે કાંઈ? આહા..! આ ભાષા બોલવામાં આત્મા અયોગ્ય છે.

મુમુક્ષુ :- ગુજરાતીમાં..

ઉત્તર :- ગુજરાતી ભાષા રજકણની પર્યાય છે, પ્રભુ! એ રજકણની પર્યાય આત્મા કરવામાં, બોલવામાં અયોગ્ય છે. ત્રણ કાળમાં અયોગ્ય છે. આહાહા..! વેણીપ્રસાદજી! શરીરને અહીંથી શેત્રુંજય લઈ જવામાં આત્મા અયોગ્ય છે. આ શરીરને શેત્રુંજય લઈ જવામાં આત્મા અલાયક છે.

મુમુક્ષુ :- તો ગયો કેવી રીતે?

ઉત્તર :- એ પોતાની પર્યાયથી થયું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પદ્મપ્રસાદજી! ત્યાં ૩૭૨ ગાથા લઈ લેવી. અમૃતચંદ્રાચાર્ય મહારાજ, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મહા મુનિ, કુંદકુંદાચાર્યના ગણધર જેવું કામ કર્યું છે. કુંદકુંદાચાર્ય પંચમઆરામાં તીર્થંકર જેવા કામ કર્યા. પોતાની પર્યાયમાં, હોં! સમજાય છે કાંઈ? વાણી નીકળી. વિકલ્પ ઉઠ્યો, વાણી નીકળી. વાણીને કારણે શાસ્ત્ર રચાણા. મેં આત્માએ શાસ્ત્ર રચ્યું એમ અમને ગાળ ન આપતા. એમ અમૃતચંદ્રાચાર્ય પ્રવચનસારમાં કહે છે. અમે શાસ્ત્ર રચ્યું એમ ગાળ ન આપતા, ભગવાન! શાસ્ત્રની રચના કરવા માટે અમે લાયક નથી. અમે તો અમારી પુરુષાર્થપર્યાય પ્રગટ કરવાની યોગ્યતા અને લાયક છીએ. આહાહા..! સાંભળ્યું નથી, કાને વાત કદી પડી નહિ. શું સ્વતંત્રતા! આ લોકો નથી કહેતા? દેશના નેતાઓ. સ્વતંત્ર. ધૂળમાંય સ્વતંત્ર નથી. તને ભાનેય નથી દ્રવ્ય કોને કહે છે, તો સ્વતંત્ર ક્યાંથી આવ્યું? દેશ સ્વતંત્ર થઈ ગયો. ધૂળમાંય નથી. દૃષ્ટિમાં પરતંત્રતા થઈ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલવત્ જોયા. ઈ કહે છે, એની વાત ભગવાન કુંદકુંદાચાર્ય, એના અર્થ કરે છે અમૃતચંદ્રાચાર્ય. '**અન્ય દ્રવ્ય વડે...**' ભઈ, પર દ્વારા કંઈ થાય છે કે નહિ? પર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્વારા થાય છે કે નહિ? **'અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે, કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** સર્વ દ્રવ્ય પોતાની પર્યાય કરે છે. સ્વ ભવનમ્. પોતાની પર્યાયથી સ્વભાવથી ઉત્પન્ન થાય છે. બીજો એમાં શું કરે? આહાહા..! ભારે કઠણ, ભાઈ! સમેદશીખરથી પોતાની પર્યાયમાં શુભભાવ થાય છે? ના પાડે છે. સમજાય છે કાંઈ? સમેદશીખરમાં તાકાત નથી, પોતામાં શુભભાવ ઉત્પન્ન થવામાં સમેદશીખર અલાયક છે. આહાહા..! એકે એક વાંધાવાળી તૂટી જાય છે આમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુભભાવ આવ્યો એ .. આવ્યો? કરે છે કોણ? શુભભાવ આવે છે તેને પુણ્યબંધનું કારણ સમજો. એ પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે. પરને કારણે શુભભાવ થયો એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? અને ઈચ્છા થઈ તો શરીરને ચલાવીને સમેદશીખર લઈ ગયા, ત્રણ કાળમાં આત્મા લાયક નથી. શરીરને લઈ જાય અને એની પર્યાયને કરે, એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં અલાયક છે. ઓહોહો..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..! આ તો બધો વ્યવહારનો તો ભુક્કો ઊડી જાય છે. અહીં તો વ્યવહાર સિદ્ધ કરે છે. તારા શુભરાગની પર્યાય તારાથી થાય છે.

મુમુક્ષુ :- વ્યવહાર સિદ્ધ કરે છે.

ઉત્તર :- સિદ્ધ કરે છે. ભગવાનથી નહિ, સમેદશીખરથી નહિ. પરજીવ બચી ગયો માટે તને શુભભાવ થયો, ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આહાહા..! નંદલાલભાઈ! ભારે વાત આવી. સવારની ઝીણી પાછી અત્યારની ઝીણી. આહાહા..!

ભગવાન! સત્યનું સ્વરૂપ જ એવું છે. જે મિથ્યાદષ્ટિની અનંત જીવ રાશિ પડી છે, તો એ પરદ્રવ્યથી પરની પર્યાય થતી માને છે એ મહામૂઢ અનંત સંસારીજીવ છે. ઈ એમાં આવી ગયું. આવી ગયું ને? કળશ ટીકામાં આવી ગયું. કળશ ટીકા ક્યાં ગઈ? એમાં આવ્યું. એ શ્લોકનો અર્થ છે એમાં આવી ગયું. સમયસાર. પાંડે રાજમલ જૈનધર્મી. સમજાય છે કાંઈ? સમયસાર નાટકકે મર્મી. જુઓ! એમણે કહ્યું. એક દ્રવ્યની પર્યાયને નિમિત્ત માને છે કે એનાથી થઈ એવી શ્રદ્ધા કરે છે જીવ રાશિ. જે કોઈ જીવ મિથ્યાદષ્ટિ અનંત સંસારી છે. નિગોદનું આરાધન કરે છે. ચાર ગતિમાં રખડવાનું આરાધન કરે છે.

મુમુક્ષુ :- એની શ્રદ્ધાની વાત લખી છે?

ઉત્તર :- આવી શ્રદ્ધા કરે છે, એમ તો કહ્યું.

મુમુક્ષુ :- શ્રદ્ધાની ભૂલ છે?

ઉત્તર :- મિથ્યાત્વની મોટી ભૂલ છે. મિથ્યાત્વની ભૂલ તે મોટી ભૂલ. સમજાય છે કાંઈ? ચારિત્રનો દોષ તો અલ્પ પરિમિત દોષ છે. પરિમિત દોષ છે. મિથ્યાત્વનો દોષ અપરિમિત છે. કેમ કે અનંત પદાર્થની જે સ્વતંત્રતા છે એમ નહિ માનતા, એકની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વતંત્રતા ન માની તો અનંતની ન માની, એવી અનંતાનુબંધી મિથ્યાત્વ સહિતનું પોષણ કરે છે.

મુમુક્ષુ :- મૂલાચારનો આધાર આપ્યો હતો.

ઉત્તર :- હા, ઈ કહ્યું હતું. સ્ત્રીના સંગની વાત આવી હતી. તમે હતા કે નહોતા? હતા? આહાહા..! પ્રભુ! તારો માર્ગ આવો છે, ભાઈ! પ્રભુએ આમ જોયો છે અને તારો માર્ગ પણ આવો છે. આહા..! પણ અભિમાન... 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ સમજ્યા? ગાડું હોય ને? ગાડું. બેલગાડી. નીચે કૂતરું ચાલે ને? કૂતરું. કૂતરાને ગાડાનું (ઠૂંઠું અડે તો એમ માને કે) હું ચલાવું છું. મરી જઈશ પડ્યું તો. તું કોણ? એ તો અનંત રજકણનો સ્કંધ છે. મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. આ બધું મેં કર્યું, એને મેં સુધાર્યો, એને મેં માર્યો, એને મેં જીવાડ્યો, મેં આમ લક્ષ્મી આપી, મેં આમ ખાધું, મેં આમ પીધું. મૂઢ છો. અજ્ઞાની છો. મેં કર્યું, મેં કર્યું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે. કૂતરો જેમ શકટને ચલાવું છું એમ માને છે. માને છે, હોં! ચલાવતો નથી. આહાહા..! જુઓ!

એવો વિચાર છે કે સંસારીજીવને અશુદ્ધ પરિણમન શક્તિ નથી. એ તો કર્મ છે તો વિકાર કરવો પડે, ભાઈ! કર્મની બળજોરી. બિલકુલ નહિ. પરપદાર્થની નહિ? જુઓ! અમારે એક હતા ઈ એમ કહેતા હતા કે, જુઓ! આ લાકડી છે. જુઓ! બધી લાકડી છે. એક લાકડીને જરી આમ કરે તો (બધી પડી જાય). એક ભાગમાં અડેલી. ઘણાં વર્ષ પહેલાં ચર્ચા થતી હતી. એક ગૃહસ્થ હતા. ઘણી દૃષ્ટિ વિપરીત. એટલી દૃષ્ટિ વિપરીત કે અમારે ચાલીસ વર્ષ પહેલાં ચર્ચા થતી હતી. કહે, આ જુઓ અહીંયાં. બધી લાકડીને અડવું ન પડે. એક ભાગને અડો તો બધા ભાગમાં કરે છે. કીધું, પરને અડ્યો જ નથી. સમજાય છે કાંઈ?

ઈ દૃષ્ટાંત આપે છે કે પુદ્ગલને પ્રયોગસા કહ્યું છે કે નહિ? પ્રયોગસા કહ્યું છે કે નહિ? જીવમાં કંઈક કરે છે તો પ્રયોગસા કહ્યું છે કે નહિ? ખોટી વાત છે. ઈ પુદ્ગલની જાત આવે છે. પ્રયોગસા, વિસ્તા,... આ જુઓ, અંદરના પુણ્ય પરિણામ છે એ વિસ્તા છે. અને શરીરના છે એ પ્રયોગસા છે. આ વિસ્તા છે. કેમ કે પહેલા પણ પ્રયોગસા હતા. પછી થોડા બીજા આવી ગયા તો વિસ્તા થઈ ગયા. આ શરીર છે પ્રયોગસા કેમ? કે એમાં જીવ નિમિત્ત છે તેથી તેને પ્રયોગસા કહ્યું. પણ બન્યું છે પોતાને કારણે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! ઘણી ચર્ચા અમારે તો ચાલતી હતી. પહેલેથી. ભારે વાત, ભાઈ! તો કહે, નહિ. જીવથી થાય તેને પ્રયોગસા કહેવું. વાદળા આદિ જીવથી નથી થતા માટે પ્રયોગસા નથી. કીધું, ત્રણ કાળમાં નથી. પ્રયોગસા એને એ પ્રકારે કહ્યું કે જેમાં જીવનો સંયોગ જોઈને તે પરિણમે છે તો તેને પ્રયોગસા કહ્યું. પણ જીવના કારણે આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીર બન્યું છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! બરાબર હશે જંબપ્રસાદજી આ? શરીરની પર્યાય આત્મા કરી શકે નહિ? ભગવાનનો માર્ગ તો છકાયની રક્ષાનો છે. ... એવી ચર્ચા થઈ. સ્થાનકવાસી સાધુ અને એક તેરાપંથી છે. બેય વચ્ચે એક મહિનો ચર્ચા ચાલી. શું?

આ સ્થાનકવાસી કહે છે કે જુઓ, ભગવાને પ્રશ્ન વ્યાકરણમાં આમ કહ્યું છે. પ્રશ્ન વ્યાકરણ બનાવ્યું છે ને એણે? અગિયાર અંગ કલ્પિત બનાવ્યા છે. છે નહિ. શાસ્ત્ર ભગવાનની વાણી નહિ. એમાં એક શબ્દ પડ્યો છે કે ... સ્થાનકવાસીએ એમ કહ્યું, જુઓ! છ કાયના જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન ... કહ્યું. સામેવાળા કહે, રક્ષા માટે નહિ. ત્યારે? નહિ મારવા માટે ભગવાને પ્રવચન કહ્યું. તેરાપંથી સ્થાનકવાસીમાં છે ને? એ બચાવવાના ભાવને પાપ કહે છે. સમજ્યા? બચાવી શકતો નથી એ તો એને ખબરેય નથી. પણ ભાવ જે આવ્યો એ શુભભાવ છે. પાપ નથી, પુણ્ય છે. એણે બચાવ્યો તો પુણ્ય થયું એમ પણ નહિ અને પુણ્ય થયું તો ધર્મ છે એમ પણ ત્રણ કાળમાં નથી. ઈ બે વચ્ચે એક મહિનો ચર્ચા થઈ.

ઈ એમ કહે છે કે છકાય જીવનું રક્ષણ કર્યું. છકાયના જીવની રક્ષા માટે ભગવાને શાસ્ત્ર કહ્યા. બીજો કહે, છકાયની રક્ષા માટે નહિ. ત્યારે? નહિ મારવા માટે પ્રવચન કહ્યું. બેય ખોટા છે. મારી શકતો નથી અને રક્ષા કરી શકતો નથી. ત્રણ કાળમાં પરદ્રવ્યની પર્યાયનું રક્ષણ કરવું અને મારવું, ત્રણ કાળ ત્રણ લોકમાં જીવમાં નથી અને પરથી એ પર્યાય થઈ એમ પરમાં નથી. સમજાય છે કાંઈ?

અહીં તો અનંત સંસારી કહે છે. સમજ્યા? મહા સંસાર જેને અનંત છે ને, રખડવું, નરક અને નિગોદમાં. માંડ અનંતે કાળે મનુષ્યપણું મળ્યું. હમણાં આવ્યું હતું. અરે..! નગ્ન થઈને આવ્યો છે, હોં! અને નગ્ન થઈને ચાલ્યો જશે. વચમાં તને આ શું લપ થઈ ગઈ? શરીર નગ્ન હોય ને? મરતા વખતે પણ નગ્ન કરીને બાળે છે. વસ્ત્ર સહિત ન બાળી શકે. બાળે છે ને? તો વસ્ત્રસહિત નથી બાળતા. વસ્ત્ર હોય તો... શું કહેવાય? .. અમારે કાંઈક બીજું કહેવાય છે. કાજળી કહે છે અમારે કાઠિયાવાડમાં. કપડું હોય તો ન બળી શકે. અરે.. ભગવાન! એ શરીર એને કારણે આવ્યું. પછી તો શરીર પાસે કોઈ ચીજ નહોતી. જન્મ્યા પછી મેં બૈરા કર્યા, મેં આમ કર્યું, મેં આમ કર્યું. હું રળ્યો ને હું કમાણો ને મારા પિતાજી કાંઈ નહોતા મૂકી ગયા ને અમે બાહુબળથી કમાણા. પૈસા મળ્યા. રળ્યા સમજ્યાને? કમાણા. મૂઢ છો.

મુમુક્ષુ :- કમાણો ને મૂઢ?

ઉત્તર :- કોણ કમાય છે? કમાય તો રાગ કમાણો તું. એઈ.. શેઠ! પૈસા કમાણો? પૈસા તો જડ છે. જડની પર્યાય તારી પાસે આવી તો તું એને લાવ્યો? એ તો એને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણે આવી છે. બરાબર છે? રાગ કમાણો છે. એ તો પોતાની પર્યાય છે. પોતાની પર્યાયમાં મમતા કરી. બીજી કોઈ વસ્તુ નથી. મમતા પૈસાને કારણે નથી થઈ. પૈસા આવ્યા તો મમતા થઈ એમ નથી. આહાહા..! પોતાને કારણે મમતા (થઈ છે). પૈસા પૈસાને કારણે આવ્યા. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ કરવામાં ત્રણ કાળમાં સમર્થ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીંયાં ઈ કહ્યું, જુઓ! '**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે.**' આહાહા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ અનંત વીર્યવાન, એને એમ કહેવું કે દિવ્યધ્વનિ કરવામાં લાયક નથી. જિનેશ્વરદાસજી! શું કહ્યું? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એ વાણી કરવાને લાયક નથી. ભગવાનને કેવળજ્ઞાન તો થઈ ગયું હતું. ૬૬ દિવસ વાણી ન નિકળી. વાણીની યોગ્યતા નહોતી. લોકો કહે કે, ગૌતમ ગણધર નહોતા માટે વાણી ન નિકળી. ઈ કહે છે ને, ગણધર નહોતા. શાસ્ત્રમાં એમ આવે છે કે ગણધરને પહેલા કેમ ન લાવ્યા? ઈન્દ્ર ગણધરને પહેલા કેમ ન લાવ્યા? એના ઉત્તરની કાળલબ્ધિ નહોતી, એમ કહ્યું. કાળલબ્ધિ નહોતી. છે ને એમાં? કાળલબ્ધિ નહોતી, એની પર્યાયની યોગ્યતા નહોતી તો ન લાવ્યા. બીજો કોણ લાવે? આહાહા..!

અહીં તો જીવ અને અજીવની ભિન્નતાની શ્રદ્ધા નથી. હજી બેની ભિન્નતાનું ભાન નથી અને એને ધર્મ થઈ જાય. આમ કહે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને ઈ મિથ્યાત્વ. પણ એનો અર્થ શું? અનંતા જીવની પર્યાય હું કરું તો અજીવને જીવ માન્યો.

મુમુક્ષુ :- એક જીવ બીજા જીવનું તો કરે ને?

ઉત્તર :- કોણ કરે? ધૂળમાં. એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે. એની પર્યાયનો કર્તા ઈ છે. કર્તાનો અર્થ સ્વતંત્ર કરે ઈ કર્તા. ઈ સ્વતંત્ર કરવાવાળા પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયને કરવાવાળા છે. બીજો કોઈ માલિક નથી. બીજો માલિક બનવા જાય કે મેં પણ કર્યું. મૂઢ છો. મહા મિથ્યાત્વનું સેવન કરીને નિગોદનું આરાધન કરે છે. ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ વાત છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞે કહ્યું, આ કહ્યું છે અને આ કહે કે નહિ, આમ નહિ. દેવની શ્રદ્ધા તને નથી, તને ગુરુની શ્રદ્ધા નથી, તને શાસ્ત્રની શ્રદ્ધા નથી. તને તારા સત્‌ની શ્રદ્ધા નથી. સમજાય છે કાંઈ? એઈ..! પોપટભાઈ! આહાહા..! રાડ નાખી જાય ને અત્યારના? અર.ર..ર..! આખો દિ' આ કરીએ છીએ ને? શું ધૂળ કરે છે તું? કરે છે તો તારી પર્યાયમાં રાગ કર અને દ્વેષ કર, બસ. એ સિવાય અનંત કાળમાં તેં કાંઈ કર્યું નથી.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ કર્યા?

ઉત્તર :- રાગ-દ્વેષ કર્યા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- મિથ્યાત્વ કર્યું?

ઉત્તર :- રાગ-દ્વેષ મારા એ મિથ્યાત્વ કર્યું. બસ, તેં ઈ કર્યું. અનંત કાળમાં નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો તો કર્યું શું? તારી પર્યાયમાં દ્રવ્ય-ગુણને ભૂલીને વિકારી મિથ્યાત્વ ભાવ, રાગ-દ્વેષ કર્યા. બસ. એ સિવાય એક આંખની પાંપણ પણ ફેરવી શકે, ત્રણ કાળ ત્રણ લોકમાં આત્મામાં લાયકાત નથી. ઓહોહો..! ભારે કઠણ જગતને. સાંભળ્યું નથી. ચૈતન્યની વાત, જડની વાત, જીવ-અજીવ સ્વતંત્ર કઈ રીતે છે, એ સાંભળ્યું નથી. અને અમારે ધર્મ થશે. ધૂળમાંય ધર્મ નહિ થાય, મરી જઈશ. સમજાય છે કાંઈ? પોપટભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..પડશે.

**'કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે.'** જુઓ! **'માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે...'** શું? પ્રશ્ન કરેછે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ પ્રશ્ન કરે છે. **'માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે?'** ઘડાનો કરનારો કુંભાર ત્રણ કાળમાં નથી, એ સિદ્ધ કરવું છે. રોટલીની કરનારી સ્ત્રી નથી. રોટલીને કરનારો તવો નથી, અગ્નિ નથી.

મુમુક્ષુ :- તો કોણ?

ઉત્તર :- રોટલીના કરનારા રોટલીના પરમાણુ છે. એક એક રજકણ અંદર પોતાની પર્યાયને કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ રાંધે છે તે રાંધ્યું નહિ? રાંધે કોણ? રચે કોણ? આકાશના ફૂલ તોડવા કે નહિ? આકાશના ફૂલ હળવે હળવે તોડવા કે નહિ? હળવે હળવે. આકાશના ફૂલ જ નથી, શું તોડે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ફૂલ જ નથી, શું તોડે? એમ પરની પર્યાય કરી શકતો નથી પછી હળવે હળવે કરવી કે કેમ કરવી એમ છે જ નહિ. જુઓ!

**'માટી કુંભભાવે...'** કુંભભાવે એટલે પર્યાય. માટી દ્રવ્ય. **'કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ,...'** શરીરના સ્વભાવરૂપ ઘડો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવો જોઈએ, એમ કહે છે. કુંભારના શરીરના સ્વરૂપે ઘડો થવો જોઈએ. શરીર સ્વભાવ ભિન્ન છે, ઘડાનો સ્વભાવ ભિન્ન છે. '**પરંતુ એમ તો થતું નથી,...**'

'**કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' જુઓ! ભગવાન તો આમ કહે છે. એઈ.. શેઠ! તમે કહો છો કે દેખાય છે. અહીં કહે છે, જોવામાં આવતું નથી. જુઓ! જુઓ ભાષા. '**અન્યદ્રવ્યના સ્વભાવે...**'

મુમુક્ષુ :- અહીંયા આવી માન્યતા છે બહાર જઈએ ત્યાં ભૂલી જઈએ છીએ.

ઉત્તર :- બહારથી ભૂલી જાય છે? ભગવાનદાસ સાગરના શેઠ છે, ભૂલી જવાય છે? જૂઠ છે. ખોટી વાત ભૂલતા નથી.

'**અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...**' માટી કુંભારના સ્વભાવથી નથી થતી. '**પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...**' એ તો માટીના સ્વભાવથી ઘડો ઉત્પન્ન થયો છે. '**કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' જુઓ ભાષા. આ દેખાય, દેખાય કહે છે ને? '**કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' દરેક પદાર્થના પરિણામ-પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવે છે. પરથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવતું નથી. તારી મિથ્યા ભ્રમની દૃષ્ટિથી તું જોવે છે. આહાહા..! ભારે વાત છે, ભાઈ!

'**આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે...**' જુઓ! માટી પોતાના સ્વભાવનું ઉલ્લંઘન નથી કરતી. '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. આહાહા..! ભગવાન આમ કહે છે કે, અમે તો જોતા નથી કે માટીનો ઘડો કુંભારથી ઉત્પન્ન થયો, એમ તો અમે જોતા નથી. અમે તો કહીએ છીએ કે માટીથી ઘડો ઉત્પન્ન થયો, એમ અમે જોઈએ છીએ. તારી દૃષ્ટિ ક્યાંથી આવી કે ઘડો કુંભારથી થયો? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? નિમિત્ત નામ કોઈ ન કરે એનું નામ નિમિત્ત છે. કરે તો નિમિત્ત રહેતું નથી. બે એક થઈ જાય છે. આહાહા..! કુંભારનો હાથ કે આત્મા માટીને સ્પર્શતો જ નથી. અડતો નથી, કરે શું? ગજબ વાત છે, ભાઈ! તત્ત્વની વસ્તુ. હજી તો પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી. એના દ્રવ્યની દૃષ્ટિ સમ્યક્ હોય (એમ હોઈ શકે નહિ). આ પર્યાય સ્વતંત્ર તો વ્યવહાર થયો. એક સમયની પર્યાય સ્વતંત્ર છે, એ તો વ્યવહાર થયો. સમજાય છે કાંઈ? નિશ્ચય તો ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિ કરવી એ નિશ્ચય છે. આહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી...'** જુઓ, ભાષા. ભગવાન અમૃતચંદ્રાચાર્ય સંત મુનિ પંચ મહાવ્રતધારી જંગલમાં વસનારા કહે છે કે માટી પોતાથી **'કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી...'** કુંભારના સ્વભાવને સ્પર્શ કરતી નથી. ઈ ઘણું આવ્યું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આરે..! ભ્રમ પણ ભ્રમ જગતનો. **'કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** માટી પોતાની પર્યાયના સ્વભાવથી ઘડારૂપે થાય છે. કુંભારથી ઘડો અને પરસ્વભાવરૂપ કદી થતી નથી.

મુમુક્ષુ :- નિમિત્તના સ્વભાવથી..

ઉત્તર :- નિમિત્તના સ્વભાવથી થઈ જાય તો બેયનો સ્પર્શ થઈ જાય. આ તો સ્પર્શતી જ નથી. માટીએ ઘડો થવામાં કુંભારને સ્પર્શી જ નથી. ઓહોહો..! પોતાના સ્વભાવને સ્પર્શે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ ... આંખોવાળાને તો આકરું પડે. અરે..રે..! આખો દિ' કરીએ છીએ ને. શું કરે છે તું? જ્યાં ત્યાં અભિમાન કરે છે. મિથ્યા અભિમાન. મેં કર્યું.. મેં કર્યું. આહાહા..!

**'કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી પોતાના સ્વભાવથી...'** કોણ? માટી. **'કુંભભાવે...'** ઘડાની પર્યાય કુંભ... **'કુંભભાવે ઊપજે છે.'** માટી કુંભભાવે ઊપજે છે, કુંભારથી ઉત્પન્ન થતી નથી. ભારે કઠણ. ગળે બળખો ઉતારવો આ. આહાહા..! એ ઘડાનો તો દૃષ્ટાંત આપ્યો, હોં!

**'એવી રીતે..'** એવી રીતે. હવે એ દૃષ્ટાંતનો સિદ્ધાંત ઉતારે છે. પેલો તો દૃષ્ટાંત આપ્યો. **'બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે...'** જુઓ ભાષા. સંસ્કૃત ટીકા છે, હોં! **'एवं सर्वाण्यपि द्रव्याणिः स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि'**. આ સંસ્કૃત છે, જુઓને! ત્રીજી લીટી, સંસ્કૃતમાં ત્રીજી પંક્તિ. **'एवं सर्वाण्यपि द्रव्याणिः स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते, किं स्वस्वभावेन?'** માટીનો દૃષ્ટાંત આપ્યો. આહાહા..! સત્યનું સ્વરૂપ શું છે? ઉત્પાદ પોતાથી થાય છે એ સત્ છે. કેમ કે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્, એમ છે ને? અને સત્ દ્રવ્ય લક્ષણં. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા એક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. બરાબર છે? પોતાના ઉત્પાદથી, પોતાના વ્યયથી અને પોતાના ધ્રુવથી સત્ છે. પરના ઉત્પાદથી અહીંયાં સત્ છે એમ નથી. એક એક્કે સૂત્રની, એક્કે તત્ત્વની ખબર નથી. માને કે અમે તો બરાબર છીએ. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે કે નહિ? તો પ્રત્યેક પરમાણુ પોતાનો ઉત્પાદ-નવી પર્યાય, જૂની પર્યાયનો વ્યય-સદૃશ એટલે ધ્રુવ તેનાથી સત્ છે. પરથી સત્ છે? સમજાય છે કાંઈ?

**'સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે) ઊપજતા થકાં,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતા હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ.**' તો પરદ્રવ્યના સ્વભાવે થવા જોઈએ. '**પરંતુ એમ તો થતું નથી. કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' અહીં તો બધાનું લઈ લીધું. કુંભાર ઘડાને ઉત્પન્ન કરે છે એમ અમે નથી જોતા. ભગવાન કહે છે. એમ સર્વ દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય છે એમ અમે નથી જોતા. રાજબહાદુરજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ દ્રવ્ય જ પરને સ્પર્શતું નથી. પરથી ક્યાંથી ઉત્પન્ન થાય? દરેક દ્રવ્ય પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. રાગ પણ પોતાથી થાય છે, વિકાર પણ પોતાથી થાય છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન પણ પોતાથી થાય છે, પરને કારણે નહિ. એમ પહેલાં યથાર્થ નિર્ણય કરવો, પછી દ્રવ્યદૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૨, શુક્રવાર તા. ૧-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૩. શ્લોક-૪૭ પ્રવચન-૧૪૪**

સમયસાર, કર્તાકર્મ અધિકાર. એનો ૪૭મો કળશ છે ને? ૬૯, ૭૦, ૭૧, ૭૨ ચારેનો આમાં સાર છે. પહેલો કલશ શરૂઆતમાં હતો. આ ચારનો નાખ્યો. બોલો.

**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।**

જુઓ! શું કહે છે? '**અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' બીજી લીટી. આત્મા.. ચારે ગાથાનો સાર લીધો છે. '**અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' અંતરમાં જ્ઞાનસ્વરૂપ એકરૂપ, અંતરમાં દૃષ્ટિ દેવાથી એકરૂપ ભેદ થયા વિના પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ આત્માનું અનુભવમાં વેદન કરતું, સ્વાદ લેતું ઉદયને પ્રાપ્ત થાય છે. શું? '**પરપરિણતિને છોડતું,...**' રાગની એકતાબુદ્ધિને છોડતું. ચૈતન્યસ્વભાવ એવો છે કે જે રાગ અને પોતાની પર્યાયમાં અનાદિથી જે એકતા માની છે અને રાગ મારું કાર્ય અને રાગનો હું કર્તા, એ અજ્ઞાનપણાની દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? રાગ મારું કાર્ય અને હું કર્તા, એ મિથ્યા ભ્રમની દૃષ્ટિ છે. વસ્તુ દૃષ્ટિ નથી. વસ્તુ ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ અંતરમાં એક સ્વરૂપ દૃષ્ટિ છે એ રાગની એકતાને તોડે છે. વિકલ્પ જે છે પુણ્ય-પાપનો, દયા, દાનનો એ વિકલ્પ અને સ્વભાવની એકતા, સ્વભાવની એકતા દ્વારા આ એકતા તૂટે છે.

મુમુક્ષુ :-..

ઉત્તર :- ફરીને કહીએ છીએ ને. ક્યાં આપણે જવા દઈએ છીએ. સમજાય છે કાંઈ?

અહીંયાં શરીર, કર્મની વાત નથી. કર્મ .. પોતામાં પોતાનો શુદ્ધ સ્વભાવ પરમાનંદનો અભાવ દૃષ્ટિમાં હોવાથી વિકારી પરિણામ જે કરે છે એ મારું કાર્ય અને હું કર્તા, એવી જે મિથ્યાબુદ્ધિ, એને સ્વભાવની એકતા અખંડની દૃષ્ટિથી મિથ્યાબુદ્ધિને તોડે છે. સમજાય છે કાંઈ? '**પરપરિણતિને છોડતું,...**' અર્થાત્ વિકારની દશા છે તેની એકતાને છોડતો, સ્વભાવની એકતાને કરતો. અસ્તિ-નાસ્તિથી કથન છે. સમજાય છે કાંઈ? શેઠ! બહુ ઝીણું સૂક્ષ્મ ભારે. કંઈ કરવાનું હોય બહારમાં તો સૂઝે. આ તો કરવાનું રાગનું પણ કર્તવ્ય તારું નહિ. એમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- જ્ઞાનનું કરવાનું..

ઉત્તર :- એ બીજી વાત છે. જ્ઞાનસ્વરૂપ અખંડ છે, જ્ઞાયક ચૈતન્ય આનંદસાગર એના અખંડપણાના અતિશયથી દૃષ્ટિમાં લેવાથી રાગની એકતા તૂટે છે. તેને પરપરિણતિ છોડે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? છોડતું, એ પણ નાસ્તિથી કથન છે. '**परपरिणतिमुज्झत्**' શબ્દ છે ને? એનો અર્થ ઈ છે, '**उज्झत्**' નામ છોડતું. છોડતાનો અર્થ છૂટી જાય છે તેને છોડે છે એમ કહેવામાં આવે છે. શું? ચૈતન્ય અનાદિથી પોતાના આનંદસાગરને ભૂલીને પરના લક્ષે ઉત્પન્ન થનારા વિકારી પરિણામને એકત્વપણે માનીને તેની કર્તા-કર્મની પ્રવૃત્તિ અજ્ઞાનમાં હતી. અથવા એ અજ્ઞાન જ કર્તા-કર્મની પ્રવૃત્તિસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ અજ્ઞાન-સ્વરૂપનું અજ્ઞાન જ રાગના કાર્ય અને કર્તાસ્વરૂપ છે. એ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન એકરૂપ જ્ઞાતા છું, અખંડ છું, એવી દૃષ્ટિથી એ રાગનું એકપણાનું અજ્ઞાન હતું, અજ્ઞાન હતું તે ઉત્પન્ન નથી થતું, છૂટી જાય છે. છૂટી જાય છે તેને છોડે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કે નહિ? ધરમચંદજી!

અહીંયાં ઉત્પન્ન થતો નથી અર્થાત્ છે જ નહિ. જે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એના અજ્ઞાનથી અજ્ઞાનરૂપ વિકારનું કાર્ય મારું અને હું કર્તા તો અજ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ થવાથી અજ્ઞાનસ્વરૂપની ઉત્પત્તિ થતી નથી. તેને અજ્ઞાન છોડ્યું કહો, રાગપરિણતિને છોડી કહો, રાગની એકતાને છોડી કહો બધું એક છે. સેઠી! અમરચંદભાઈ!

મુમુક્ષુ :-..

ઉત્તર :- પણ છોડે શું? એ તો છૂટી ગયું એને છોડે છે એમ કહે છે. કેમ કે ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છે. એની દૃષ્ટિમાં સત્તાનો સ્વીકાર નહિ હોવાથી અજ્ઞાનભાવથી વર્તમાન કૃત્રિમ વિકાર મારો એવું અજ્ઞાનસ્વરૂપની દૃષ્ટિમાં ભાવ હતો. સમજાય છે કાંઈ? એ અજ્ઞાનથી વિકાર મારું કાર્ય અને કરતાં કરતાં (હિત થશે), એ અજ્ઞાનસ્વરૂપ જ હતું. રાગ મારું કાર્ય અને હું કર્તા, એ અજ્ઞાનસ્વરૂપ જ હતું. જ્ઞાન ચૈતન્ય શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી એ અજ્ઞાનનો ભાવ છૂટી ગયો, તેને છોડે છે એમ કહેવામાં આવ્યું. ભારે વાત, ભાઈ!

'**પરપરિણતિને છોડતું,...**' અર્થાત્ વિકૃત અવસ્થાનો એકપણાનો જે ભાવ હતો, તે શુદ્ધ સ્વભાવ હું આનંદ એક ચૈતન્ય છું, એમ અંતર દૃષ્ટિથી રાગ અને વિકલ્પની એકતાબુદ્ધિરૂપ અજ્ઞાન છોડે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને '**खण्डयद्भेदवादा**'. '**ભેદના કથનને તોડી પાડતું,...**' કથનને શું તોડવું છે? પણ કહે છે કે ભેદના ભાવને તોડતું. બીજો શબ્દ ઈ. અહીં તો સમજાવવાની રીત.. ભેદભાવને તોડતું. અર્થાત્ હું ભેદરૂપ પર્યાયરૂપ છું, હું જ્ઞાનનો કર્તા, જ્ઞાન મારું કાર્ય અને હું કર્તા, એવો જે ભેદ. સમજાય છે કાંઈ? અથવા મતિ-શ્રુતજ્ઞાનાદિની પર્યાયનો જે ભેદ છે, તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભેદને તોડતું. અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ હોવાથી ભેદને દૃષ્ટિમાંથી છોડે છે તો ભેદને તોડતું એમ કહેવામાં આવ્યું છે. ભારે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-..

ઉત્તર :- અંતરમાં અભેદ થાય છે, ભેદ છે જ નહિ. ભેદ નથી તો ભેદને તોડ્યો એમ કહેવામાં આવ્યું છે. આવી વાત છે. સમજાય છે કાંઈ? '**वादा**' શબ્દ પડ્યો છે ને એટલે પછી કથન કર્યું છે. ભેદના કથનોને તોડતું. કથન શબ્દે ભેદનો ભાવ છે તેને છોડતું. અર્થાત્ એકરૂપ ચૈતન્યની અભેદ દૃષ્ટિમાં ભેદનું લક્ષ જ છૂટી જાય છે તો એને ભેદનું કથન અથવા ભેદવાદ તોડ્યો, છોડ્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा निदमुदितमखण्ड**' '**निदमुदितमखण्ड**'. '**इदम**' એટલે આ, આ. અખંડ જે ખંડ વિનાનો આત્મા છે, અભેદ અખંડ '**અને અત્યંત પ્રચંડ...**' ખંડ નથી અને અત્યંત પ્રચંડ ઉગ્ર જ્ઞાન છે. શુદ્ધ સ્વભાવની ઉગ્રતા ચૈતન્યસૂર્યની '**પ્રત્યક્ષ ઉદય પામ્યું છે,...**' અંતરમાં જ્ઞાયક સ્વભાવ તરફની દૃષ્ટિથી.. દેખો! '**અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે,...**' જ્ઞાયક સ્વભાવનું પ્રત્યક્ષ ભાન થયું તો અખંડ જ્ઞાન પ્રગટ થયું એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ છે કે નહિ? '**इदम**'. '**इदम**' છે ને? પ્રત્યક્ષ. આ '**इदम**' પ્રત્યક્ષ જ છે ઈ. '**मुदितमखण्ड**' પ્રગટ થયું. '**ज्ञानमुच्चण्डमुच्चैः**'. '**उच्चैः**'નો અર્થ અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ. '**उच्चैः**'નો અર્થ કર્યો છે ઈ? અત્યંત. ઠીક. અત્યંત. સમજાય છે કાંઈ? એ તો પ્રત્યક્ષ થયું. રાગની એકતામાં હતો તો સ્વરૂપ પરોક્ષ હતું. સ્વરૂપની દૃષ્ટિ નહોતી. આ સમ્યગ્દર્શનની વાત કરે છે. હજી તો પહેલું, પહેલું સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- પરપરિણતિ તોડતું..

ઉત્તર :- પરપરિણતિ છે તો ખરી પણ એકતાબુદ્ધિ તોડતું. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનની વાત નથી આ.

અખંડ, જેમાં ખંડ નથી અને અત્યંત પ્રચંડ જ્ઞાન. અત્યંત પ્રચંડ જ્ઞાનસૂર્ય અંતરમાં દૃષ્ટિ દેવાથી, પર્યાયબુદ્ધિ છોડવાથી.. એ પર્યાયબુદ્ધિ છોડવાના બે બોલ આવી ગયા. '**परपरिणतिमुज्झत्**' અને '**खण्डयद्भेदवादा**'. પર્યાયબુદ્ધિ અંદરમાં એકત્વબુદ્ધિ છૂટી એટલે છૂટ્યું એમ કહેવામાં આવ્યું છે. ભારે વાત, ભાઈ! આ અધ્યાત્મ શાસ્ત્રને સમજવા માટે ઘણી યોગ્યતા જોઈએ. સમજાય છે કાંઈ? એમ ને એમ વાંચી જાય એવી આ ચીજ નથી. અનંત કાળમાં એમ તો શાસ્ત્ર વાંચી નાખ્યા.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય વિદ્યમાન મહાન ચૈતન્ય પદાર્થ એકરૂપ, એની દૃષ્ટિ કરવાથી ભેદ ઉત્પન્ન થતા નથી અને રાગની એકતા તૂટી ગઈ, ઉત્પન્ન ન થઈ અને જ્ઞાન પ્રત્યક્ષ થયું. અંતરમાં સ્વસંવેદન થઈને જ્ઞાનના વેદનમાં પ્રત્યક્ષ જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયું. આ શુદ્ધ ચૈતન્ય છે એમ ભાવશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થયું. કહો, શેઠ! કોઈ દિ' સાંભળ્યું જ નથી અને આમ કરો ને તેમ કરો. જાઓ, જાત્રા કરો ને દાન કરો. પૈસાવાળાને પૈસા ખર્ચે, અગિયાર હજાર ખર્ચી દો, પાંચ હજાર કરી દો. એમાં શું થયું? રૂપિયા ક્યાં એના હતા કે ખર્ચે અને આપે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ આપે? આપે છે ક્યાં? મમતા કરી છે. મેં આપ્યા, એવી મમતા કરી છે. મેં રાખ્યા એ પણ મમતા, મેં આપ્યા એ પણ મમતા. જુઓ! સાંભળો તો ખરા. મેં આપ્યા, એ પણ મમતા છે. તારી ચીજ જ નથી, તેં દીધી ક્યાંથી? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મમતા કરે છે ને કે મેં આપ્યા. તારી ચીજ ક્યાં હતી તો તેં દીધા? એ તો મારી ચીજ હતી એમ માનીને આપી તો તો મિથ્યાત્વ થયું. હું એનો સ્વામી હતો તેથી હું આપું છું. અજ્ઞાન થયું. એ... પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- કોઈ દાન નહિ દે.

ઉત્તર :- કોણ આપે છે? નિજ સ્વરૂપની દૃષ્ટિ કરીને પોતામાં શાંતિનું દાન દેવું એ કરી શકે છે. આહા..! એ સંપ્રદાન દાન છે. અહીં કહે છે ને ઈ? અશુદ્ધભાવ, ભેદભાવને તોડે છે. છ કારકના પર્યાયભેદ તોડે છે, અભેદની ષટ્કારકની દશા ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં હતો એક્કે? ક્યુ હતું? આત્મા તો આ છે. વળી બીજી ચીજ ક્યાં હતી? પૈસા-બૈસા કે દિ' એના બાપના શું એના (હતા)? જડનો સ્વામી આત્મા નથી, ત્રણ કાળમાં.

અહીં તો રાગ થાય છે ને મંદ, એનો સ્વામી થાય તો પણ મૂઢ છે. મેં આપ્યા, મેં આપ્યા પાંચ-પચાસ હજાર. મારા નામે પાઠશાળા ચાલે છે. અને મારા પિતાના નામે પાઠાશાળા (ચાલે છે). વીસ લાખનું મંદિર. હમણાં વિનંતી કરે છે. લાડનુ. મહારાજ! વીસ લાખનું મંદિર થયું છે, જરી પવિત્ર કરો. આવ્યા હતા ને? કેસરીકુંજ ગયા ને હમણાં. લાડનુમાં મોટું મંદિર બનાવ્યું ને? વીસ લાખનું. મેં કીધું, આવ્યા હતા અમે. પણ એ તો ખાલી હતું, હવે તો બની ગયું છે. નહોતું બન્યું, કાચું હતું. (સંવત) ૨૦૧૩ની સાલમાં ગયા હતા. આહાહા..! કોના પૈસા? કોણે બનાવ્યું? આહા..! ભારે વાત.

મુમુક્ષુ :- પિતાજીના નામનું..

ઉત્તર :- પિતાજી કોના? આત્માને પિતા જ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારનું શું? એ તો બોલવામાં આવે છે. નથી એને બોલવામાં આવે એનું નામ વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખતમ થઈ જાય?

અહીં તો કહે છે કે અહો..! ભગવાન આત્મા... જ્યાં આગળ રાગની મંદતા કરું એ પણ નથી અને પર્યાયના ભેદની દૃષ્ટિ નથી. પર્યાયમાં ભેદ ઉત્પન્ન થાય, મતિ અને શ્રુત, એવા ભેદની દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? તો લક્ષ્મીની દૃષ્ટિ-મેં આપ્યા-એમ તો વસ્તુમાં છે જ નહિ. આહાહા..! બહુ વાત, ભાઈ! બાપુ! એ ચૈતન્ય સહજાત્મસ્વરૂપ એ તો જ્ઞાતા-દૃષ્ટા. કેવળી જેમ જાણે છે અને દેખે છે, કોઈના કર્તા-હર્તા કેવળી નથી. ત્રણ કાળ ત્રણ લોક જાણે છે, દેખે છે એવું ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપ છે. રાગને કરવો ને રાગને છોડવો ને પરને દેવું ને પરને રાખવું, એ સ્વરૂપમાં છે જ નહિ. આહા..!

અહીં તો ભેદ અને રાગની એકતા સ્વરૂપમાં છે જ નહિ, એમ કહે છે. આહાહા..! રાગની એકતા સ્વરૂપમાં નથી. સ્વરૂપની એકતા કરતાં રાગની એકતા છૂટી જાય છે માટે સ્વરૂપમાં નથી. અને ભેદ પણ સ્વરૂપમાં નથી. અભેદ દૃષ્ટિ કરતાં ભેદ લક્ષમાં આવતાં નથી. આહાહા..! એ સમ્યગ્દર્શન એને કહેવાય, ભાઈ! સમજાય છે કાંઈ? ઓહો..!

'**અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' પ્રત્યક્ષ પ્રગટ થયું. ચૈતન્યબિંબ. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન.' એકલો જ્ઞાનપિંડલો. જ્ઞાનનો પુંજ પ્રભુ. જ્ઞાનસૂર્ય. ચૈતન્ય ધ્રુવતારો. એમ પ્રત્યક્ષ જ્ઞાનમાં વેદનમાં આવ્યું. '**અહો!**' હવે કહે છે, જુઓ! '**આવા જ્ઞાનમાં કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' આહાહા..! '**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते**'. આવો ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય જ્યાં અનુભવમાં આવ્યો, દૃષ્ટિમાં આવ્યો, એવા ભગવાન આત્મામાં પરદ્રવ્યની, રાગાદિની અને પરદ્રવ્યની કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે? ઓહોહો..! પરદ્રવ્યનું કરવું, હું મકાન બનાવું છું, આવું મંદિર બનાવ્યું ઈ તો ક્યાં રહ્યું? પણ રાગનો કર્તા અને રાગ આત્માનું કાર્ય, પ્રભુ! એમાં ક્યાં રહ્યું? એમ કહે છે અહીં તો. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

'**કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' જ્યાં જ્ઞાનસૂર્ય ચૈતન્યપણે પ્રકાશમાન દૃષ્ટિમાં થયો કે હું તો એકલો જ્ઞાન, આનંદ સ્વરૂપ છું, એવા આત્માની દૃષ્ટિમાં અથવા સમ્યગ્જ્ઞાનમાં અથવા સમ્યગ્દૃષ્ટિનો વિષય એવો અખંડ આત્મા દૃષ્ટિમાં આવ્યો, વેદનમાં આવ્યો, એવા ભગવાન આત્મામાં, રાગનું કાર્ય મારું અને રાગનો કર્તા છું, (એવી પ્રવૃત્તિને) અવકાશ ક્યાં છે? સમજાય છે કાંઈ? ઓહોહો..! આ છોકરાઓને ભણાવે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોણ ત્યારે?

મુમુક્ષુ :- માસ્તર જ ભણાવે ને.

ઉત્તર :- માસ્તર ભણાવે ને. આ હેડમાસ્તર છે, લ્યો. આ પણ ... છે. ધરમચંદ. આહાહા..! ભારે ભાઈ! પેલા મશ્કરી કરે, લ્યો, ત્યારે આ બધું કાંઈ કરતા નથી? કરો અને કર્તા નથી, કરો અને કર્તા નથી. એમ કહે. અરે.. ભગવાન! આહાહા..! કાર્ય બને છે તે કર્તા નથી એમ કહે. એ તો બનવાની ભાષા, શરીરાદિની ક્રિયા બનવાની હોય તે બને છે. આત્મા એનો કર્તા નથી અને એ દ્વારા કામ બીજા પાસેથી લઈ શકતો નથી. એક દ્વારા બીજાનું કાર્ય-બીજાનું કામ કરી શકતો નથી. એક દ્વારા બીજાનું કામ નથી કરી શકતો. અરે..રે..! એણે ચૈતન્યની જાત, જ્ઞાનસૂર્ય, એની સત્તાનો સ્વીકાર ન કર્યો. સ્વીકાર ન કર્યો, હોં!

'**અહો!**' આશ્ચર્ય કરે છે ને. આવા જ્ઞાનમાં '**कथमवकाशः**'. ભગવાન આત્મા ચૈતન્યસૂર્યની સત્તાનો પ્રત્યક્ષ જ્ઞાનમાં સ્વીકાર થયો. હું તો ચૈતન્યસૂર્ય છું. પવિત્ર છું, અભેદ છું, એક છું. એમ અંતરમાં સ્વીકાર, વેદન થયું. કહે છે કે અરે..! એવા ભગવાન આત્મામાં પરદ્રવ્યના કર્તા-કર્મની પ્રવૃત્તિ કેમ હોઈ શકે? '**તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે?**' લો. જ્યાં કર્તાકર્મની પ્રવૃત્તિના પરિણામ જ રહ્યા નહિ, તો એને બંધ ક્યાંથી આવ્યો? એમ બંધને ઉડાવી દે છે. બંધ-બંધ છે નહિ. સમ્યગ્દૃષ્ટિને બંધ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ૯૫નો ઝઘડો આવ્યો ને?

ઉત્તર :- હા, ૯૫નો ઝઘડો આવ્યો. (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાન થયું પછી બહાર પાડ્યું, અરે..! એ તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી. ૯૫માં વ્યાખ્યાન ચાલ્યું એવું. બહાર ગયું. શ્વેતાંબર આચાર્ય. રાજકોટમાં ૯૫ની સાલ. નહિ, ખબર નથી. બંધ તો દસમે ગુણસ્થાને બંધ થાય છે. ભાઈ! સાંભળ તો ખરો હવે. અસ્થિરતાનો બંધ જ્ઞાનપંક્તિમાં ગણવામાં આવ્યો નથી. આહાહા..!

ચૈતન્ય ભગવાન જેમ જ્ઞાયકસૂર્ય, સર્વજ્ઞને જેમ જાણવું-દેખવું જ રહે છે, એમ સમ્યગ્જ્ઞાનમાં જાણવું-દેખવું જ રહી ગયું. રાગાદિ છે તે જ્ઞાનનું જ્ઞેય રહ્યું. એકત્વ ન રહ્યું. ભિન્ન રહી ગયો. ભિન્ન થયો તો એને જ્ઞેયપણે રહ્યું. આહાહા..! ભાઈ! ઈ પહેલો ચૈતન્યસૂર્ય ઉગે ત્યારે એની દૃષ્ટિ આવી થઈ જાય છે. હજી ખ્યાલમાં નથી. થોડી અસ્થિરતા છે. પણ એ અસ્થિરતા સમ્યગ્દૃષ્ટિના વિષયમાં નથી અને સમ્યગ્દૃષ્ટિમાં નથી. દૃષ્ટિના વિષયમાં નથી એટલે વિષય એટલે દ્રવ્ય. અને એની દૃષ્ટિમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! વિકલ્પ હો. હો તો એના ઘરે રહ્યો. પોતાની સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં નથી. માટે કહ્યું ને? સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. બંધના વ્યવહારથી મુક્તનો અર્થ છે કે આસ્રવથી મુક્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને આસ્રવનું કારણ બંધથી પણ મુક્ત છે. આહાહા..! ૨૭ વર્ષ પહેલાં રાડ પાડી હતી. અહીંથી સાંભળતા સાંભળતા કો'કે ત્યાં મોકલ્યું. નામ ક્યાં લેવું. સમજાય છે કાંઈ? ત્યાં ગયું. એ.. આમ કહે છે. અરે..! મૂઢ છો. સમકિતીને બંધ નથી? સમ્યગ્દષ્ટિને બંધ નથી? બંધ તો દસમા ગુણસ્થાને જાય. હવે કઈ અપેક્ષા છે, સાંભળ તો ખરો. એ ચર્ચા ૧૯૯૫માં બહુ થઈ હતી. દસ મહિના દસ દિવસ વ્યાખ્યાન ચાલ્યા હતા. ૧૯૯૫. બે હજાર પહેલાં. આજથી ૨૭ વર્ષ પહેલાં. ૨૭ વર્ષ પહેલાં ઈ ચર્ચા બહાર ગઈ હતી. એ વાત ચાલતી હતી ઈ બહાર ગઈ. ઈ તો કહે છે કે, સમ્યગ્દષ્ટિને આસ્રવ નથી, બંધ નથી. આ તકરાર કરી. આ ગાથા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અત્યારે ચાલે ઈ નવી ચાલે છે અત્યારે. હજી કહે છે કે શું સમ્યગ્દષ્ટિને બંધ નથી? હવે, સાંભળ તો ખરો. અહીં શું કહે છે?

**'અહો!' 'कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते'** અને **'रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः'**. આહાહા..! બંધભાવ જે છે એના કાર્ય-કર્તાપણાની બુદ્ધિ છૂટી ગઈ. ભાવની. અબંધ દૃષ્ટિ અબંધ સ્વભાવની દૃષ્ટિ થઈ. જુઓ તો ખરા. ભગવાન આત્મા અબંધસ્વભાવી અનાદિઅનંત જે વસ્તુ છે, એની દૃષ્ટિ થઈ તો અબંધ દ્રવ્ય છે અને પરિણામ પણ અબંધપરિણામ ઉત્પન્ન થયા. અબંધ પરિણામમાં બંધ ભાવની વિરતિ છે, નિવૃત્તિ છે. સમજાય છે કાંઈ? આરે..! વાદ ને વિવાદ ઝઘડા. અરે..! ભગવાન! બાપુ! એ વાદવિવાદની ચીજ નથી. 'વાદવિવાદ કરે સો અંધા'. સમજાય છે કાંઈ?

એક શ્લોક તો જુઓ! કેવી ... અરે..! જ્યાં ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા રજકણની ક્રિયાનો કર્તા તો ક્યાં રહ્યો, પણ રાગ ભાવકર્મનું કર્તાપણું જ્ઞાનસૂર્યમાં ક્યાં આવ્યું? રાગ તો અચેતન છે. ચૈતન્યના નુરથી દૂર છે. ચૈતન્યના નુરથી દૂર છે. સમજાય છે કાંઈ? આવો ચૈતન્યપ્રભુ એની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી બહિર્મુખના વિકલ્પથી એકત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ પણ છૂટી ગયા. અરે..! આવા ચૈતન્યપ્રભુમાં કર્તા-કર્મની પ્રવૃત્તિ નામ પરિણામ ક્યાંથી થાય? અરે..! એને પૌદ્ગલિક બંધ ક્યાંથી હોય? એમ અમૃતચંદ્રાચાર્ય (કહે છે), **'कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः'**. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય અંદર બિરાજમાન છે. સમજાય છે કાંઈ? આવો અનુભવનો મહિમા છે. આવી સમ્યગ્દષ્ટિની મહિમા છે. ભાઈ!

ચૈતન્ય જ્યાં શ્રદ્ધામાં આખો પરમેશ્વર પ્રતીતમાં આવ્યો, આખો પરમેશ્વરના ભેટ થયા. સમજાય છે કાંઈ? 'ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ.' એ આનંદઘનજી કહે છે. સમજાય છે કાંઈ? પંદરમાં ધર્મનાથ છે ને? એની સ્તુતિ કરે છે.

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું ભંગમ પડશો પ્રીત જિનેશ્વર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજો **મનમંદિર** આણું નહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર.

અમારા તીર્થંકરના કુળની વટની રીત આ છે. આહાહા..! અમે અનંત તીર્થંકરો જે રસ્તે ગયા એ તીર્થંકરના કુળની વટ નામ એની સાથે રહેનારા અમે તો છીએ. અમારું કુળ તીર્થંકરનું. પરમાત્માના કુળની વટ-રીત, ભગવાનને જ્યાં વીતરાગભાવને પકડ્યો ત્યાં રાગ મારું સ્વરૂપ, મારો છે, એમ **મનમંદિરમાં** આણું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

ધરમ ધરમ તો જગ સહુ કહે, ધરમ ન જાણે મર્મ જિનેશ્વર,

ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે કર્મ જિનેશ્વર.

ધર્મસ્વરૂપ આત્મા, હોં! અહીંયાં. ધર્મનાથનું નિમિત્તથી કથન છે. અનંત ગુણ સંપન્ન પરમાત્મા પોતાનું સ્વરૂપ, એના ચરણ ગ્રહવાથી એની પર્યાયમાં પ્રત્યક્ષ કરીએ છીએ. કોણ બાંધે કર્મ? ક્યાં રહ્યા કર્મ? સમજાય છે કાંઈ? અસ્થિરતાનો દોષ છે, ખ્યાલ છે. સમજાય છે કાંઈ?

'**(ન જ હોઈ શકે)**.' બંધ કદાપિ ન હોઈ શકે. લો. પછી ખુલાસો કરે છે. '**જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે.**' અખંડ વિશેષણની વ્યાખ્યા કરી. '**મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો...**' પહેલા ભેદ લીધા હતા. '**ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે...**' આ મતિ અને શ્રુતની દૃષ્ટિ તો રહી નહિ. સમજાય છે કાંઈ? '**પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું...**' અથવા રાગરૂપ એકતારૂપ થતો હતો '**તે પરિણતિને છોડતું...**' રાગની એકતાબુદ્ધિ તોડતો '**ઉદય પામ્યું છે તેથી 'પરપરિણતિને છોડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે તેથી 'અત્યંત પ્રચંડ' કહ્યું છે.**'

સૂર્ય જેમ પ્રચંડ હોય છે, અગ્નિની જાળ જેમ પ્રચંડ હોય છે અને... સમજાય છે? સહન ન કરે સાધારણ કીડા. શું કહેવાય? ઉધઈ આદિ. પ્રચંડ સૂર્યમાં બળીને રાખ થઈ જાય. એવો પ્રચંડ સૂર્ય-આત્મા ઉત્પન્ન થયો. બળવાન. પરમાત્મસ્વરૂપમાં પ્રભુત્વ નામનો ગુણ છે કે નહિ? પ્રભુત્વગુણ સહિત પરમાત્માની અંતર અનુભવમાં પ્રતીત થઈ. પર્યાયમાં પ્રભુતા લેતો આત્મા પ્રગટ થયો. પર્યાયમાં પ્રભુતા લઈને આત્મા પ્રગટ થયો. સમજાય છે કાંઈ?

પ્રભુતા નામનો આત્મામાં એક અનાદિઅનંત ગુણ છે. અનાદિઅનંત પ્રભુતા. સમજાય છે કાંઈ? જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન,.. સમજ્યા ને? સુખ, વીર્ય, પ્રભુત્વ. સાતમો ગુણ છે. સાતમી શક્તિ. આત્મામાં પ્રભુત્વ નામનો, પરમેશ્વર નામનો, પરમેશ્વર નામનો અનાદિઅનંત ગુણ છે. આહાહા..! રાગમાં એવો ગુણ નથી. પરમેશ્વર ગુણ પોતાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનાદિઅનંત છે. એને જ્યારે પકડ્યો, જ્ઞાનમાં ભાન થયું કે આ તો પ્રભુ છે. તો પર્યાયમાં એ પ્રભુતા પ્રગટ થઈ ગઈ. પ્રભુતા જે દ્રવ્ય-ગુણમાં વ્યાપક હતી, એ દૃષ્ટિ જ્યારે પ્રભુતા ઉપર પડી અને પ્રભુતાનો ધરનારો પરમેશ્વર આત્મા, એના ઉપર દૃષ્ટિ પડી તો પ્રભુતાની પર્યાય, દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપી ગઈ. સમજાય છે કાંઈ? પામરતા રહી નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? પ્રભુ પ્રગટ્યા એમ કહે છે. આહાહા..! ઉદય થયો-પ્રગટ્યા. ઉદય નામ પ્રગટ થયા. સૂર્ય ઉદય આવે છે ને? પરમેશ્વર નામનો ગુણ અનાદિઅનંત છે. અનાદિઅનંત પ્રભુતા, હોં! જીવતર શક્તિ, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય અને પ્રભુત્વ, વિભુ, સર્વદર્શી, સર્વજ્ઞત્વ. પ્રભુ નામનો ગુણ છે. પામરતા નામની શક્તિ નથી અને પામરતા પર્યાયમાં નથી. માની રાખ્યું છે, હું પામર છું. દ્રવ્યની દૃષ્ટિ થઈ કે હું પ્રભુ છું. સમજાય છે કાંઈ? હું પરમેશ્વર છું. ઓહોહો..!

શ્રીમદ્ તો બહુ નાની ઉંમરમાં લખ્યું હતું. સોળ વર્ષની ઉંમરે. હું પરમેશ્વર છું. એમ લખ્યું છે. સોળ વર્ષે હોં! સોળ વર્ષે. વાક્ય છે ને? ૧૦૮ નીતિના વાક્યો છે એમાં. હું પરમેશ્વર છું. સમજાય છે કાંઈ? બીજાને એમ થઈ ગયું કે આ શું? પ્રભુ થઈ ગયા? ભગવાન થઈ ગયા? ઈ કઈ રીતે (કહ્યું છે)? એમ છે, હોં! નીતિના વાક્યો પહેલાં નથી લખ્યા? ૪૯મો બોલ છે. હું સચ્ચિદાનંદ પરમાત્મા છું. સોળ વર્ષે લખ્યું છે. સોળ વર્ષે, હો! સોળ વર્ષ. દસ અને છ. હું સચ્ચિદાનંદ પરમાત્મા છું. આત્માનું સત્ સ્વરૂપ એક શુદ્ધ ચિદાનંદમય છે. છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે. જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય તેમ. ત્રાંસી આંખ કરે તો ચંદ્ર બે દેખાય. ત્રાંસી સમજ્યા? આડી-ટેઢી. આંખને ત્રાંસી કરવાથી એક ચંદ્ર હોય એ બે દેખાય. સમજાય છે કાંઈ? એમ ભ્રાંતિથી ભિન્ન ભાસે છે. ભગવાન આત્મા સત્સ્વરૂપ સચ્ચિદાનંદ (છું). સોળ વર્ષે, એઈ..! શેઠ! તમારે તો કેટલા થયા? ૬૪-૬૫ થઈ ગયા. સોળ. છ અને એક મૂકે તો ૬૧ થાય. ૪૯. હું સચ્ચિદાનંદ પરમાત્મા છું. આહાહા..! આ પાછુ જુઓ! ૭૨માં છે.

માણસ પરમેશ્વર થાય છે, એમ જ્ઞાનીઓ કહે છે. જુઓ! પરમેશ્વર. પહેલેથી જોર હતું. .. બહુ ને. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મા જેવો કોઈ દેવ નથી. એ તો ૧૦૧ બોલ. સોળ વર્ષ પહેલાં, હોં! સોળ વર્ષ પહેલાં! સોળ વર્ષ પહેલાં લખ્યા હતા. આત્મા જેવો કોઈ દેવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ઘણાં ઘણાં છે. પરમેશ્વર છું. નાની ઉંમરનો માણસ પરમેશ્વર થવા માંગે છે. મહાવીર છું. ખાનગી પત્ર અમારી પાસે છે ને. હું મહાવીર છું. વર્તમાન કાળનો મહાવીર છું, એમ લખ્યું છે. સ્વભાવમાં દૃષ્ટિ છે ને, ઈ જોર બતાવે છે.

અહીં કહે છે, અહો..! ભગવાન ચૈતન્યમૂર્તિ પરમેશ્વર પોતાના સ્વરૂપની સંભાળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લઈને જાગ્યો, સંભાળ લઈને જાગૃત થયો, બંધન ક્યાંથી આવ્યું? કર્તા-કર્મની પ્રવૃત્તિ ક્યાંથી થઈ? દેખો! આહાહા..! લ્યો, એ કળશ પૂરો થયો.

**ભાવાર્થ :- 'કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.'** અહીં હજી ભેદ લીધો છે. **'કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.'** પણ એ કર્તાકર્મની પ્રવૃત્તિ પોતે અજ્ઞાનરૂપ છે. ઉત્પન્ન થઈ એમ કહ્યું. ઉત્પન્ન થઈ એ તો કર્તાકર્મની પ્રવૃત્તિ પોતે જ અજ્ઞાનરૂપ છે. અજ્ઞાનથી ઉત્પન્ન થઈ કરતાં અજ્ઞાનરૂપ જ છે. સમજાય છે કાંઈ? અકર્તાપણું જ્ઞાતા-દૃષ્ટાપણું ઈ જ્ઞાનરૂપ છે અને રાગનું કર્તાપણું જ અજ્ઞાનસ્વરૂપ છે. સ્વયં અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! અજ્ઞાનનો અર્થ સ્વરૂપનું અભાન છે. તેથી કર્તાકર્મ થઈ જાય છે.

**'હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...'** જુઓ! રાગ-દ્વેષની પ્રવૃત્તિ મારું કાર્ય, એ મટી ગઈ. **'તો પછી હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય.'**

હવે શિષ્ય પ્રશ્ન કરે છે. **'હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?'** વિધિ શું? રીતનું સ્પષ્ટીકરણ કરવા અમૃતચંદ્રાચાર્યે આવો પ્રશ્ન ઉઠાવ્યો છે. **'તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-'** જેને આવો પ્રશ્ન થાય કે મહારાજ! એની રીત શું? એની વિધિ શું? ક્રિયા શું? આત્મા વિકારથી નિવૃત્ત થાય છે એની વિધિ શું? વિધિ-રીત શું? શું કરવું? સવારે આમ કરવું ને બપોરે આમ કરવું ને સાંજે આમ કરવું, એમ વિધિ શું અમારે કરવી? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અંદરથી પૂછે છે. માહિતી પૂછે છે.

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**

આ ૭૩ ગાથા. કોઈ પાસે છે કે નહિ છોકરાઓ પાસે પુસ્તક? સાંભળવાનું, હોં! અંતે આ કેળવણી કરવાની છે, બહારની કેળવણીમાં તો કાંઈ ધૂળેય નથી. આ સમજ્યે છૂટકો છે, જન્મ-મરણના દુઃખ ટાળવા હોય તો. હેડમાસ્તર ને આ શીખ્યો ને આ શીખ્યો. ધૂળમાંય નથી. આહાહા..!

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૨.**

હવે ટીકા. જુઓ! હું દ્રવ્ય શુદ્ધ કેવો છે, એનો પહેલા નિશ્ચય કરે છે.

ટીકા :- **'હું આ આત્મા-પ્રત્યક્ષ...'** જુઓ! હું આ પ્રત્યક્ષ-સ્વસંવેદનજ્ઞાનથી પ્રત્યક્ષ **'અખંડ...'** અખંડ છું. **'અનંત ચિન્માત્ર જ્યોતિ...'** અનંત ચિન્માત્ર જ્યોતિ. બેહદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવરૂપ જ્યોતિ. અનંત નામ અંત નહિ, પરિમિતતા નહિ, અપરિમિત ચૈતન્યજ્યોત સ્વભાવ. મારો સ્વભાવ અનંત ચિન્માત્ર જ્ઞાનસ્વરૂપ અનંત બેહદ અપરિમિત ચૈતન્યજ્યોતિ (છે). આત્મા-આવો આત્મા. '**અનાદિઅનંત...**' આ કાળ લીધો. એ ચિન્માત્ર જ્યોતિ તેના ભાવની સ્થિતિ બતાવી. હું પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ. હું અખંડ જ્ઞાન, અખંડ અનંત સ્વભાવસ્વરૂપ બેહદ ચૈતન્યસ્વરૂપ. એ અનાદિઅનંત કાળ લીધો. આદિ નહિ, અંત નથી મારો. સમજાય છે કાંઈ? અનાદિનો છું, અનંત કાળથી એવો ને એવો છું. '**નિત્ય ઉદયરૂપ...**' નિત્ય ઉદયરૂપ. પ્રગટ સ્વભાવરૂપ. નિત્ય ઉદય. દ્રવ્યનો તો નિત્ય ઉદય છે. ચૈતન્યજ્યોત જ્ઞાયકની મૂર્તિ નિત્ય ઉદયરૂપ છે, નિત્ય પ્રગટ છે. દ્રવ્ય તો નિત્ય પ્રગટ છે. ચૈતન્યજ્યોત સ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપની ગાંગડી. એવો ને એવો નિત્ય ઉદય કાયમ અનાદિઅનંત છે. આહાહા..! એણે પોતાના સ્વરૂપની મહિમા સાંભળી નથી. દસ લાખનો બંગલો કરે મકરાણાના પથરાનો, આરસપહાણ.. આરસપહાણ.. શું કહે છે? સંગેમરમર. મર મર-ભૂકો થઈ જશે એમાં. જુઓ! આ ગોખલો છે, એમાં આમ રાખ્યું છે, આમાં આમ રાખ્યું છે, આમ છે. પેલામાં કાણું પાડ્યું છે, એમાં એક આરસપહાણ આમ નાખ્યો છે, પછી આમ નાખીએ એટલે બંધ થઈ જાય, આમાં આમ છે. બસ, ઓહોહો..! અહીં તો ભગવાન આત્મા મહા ચૈતન્યમહેલ બનેલો છે અનાદિથી. એમાં તો અનંત અપરિમિત સ્વભાવ ભરેલો છે. અપરિમિત સ્વભાવ, અપરિમિત સ્વભાવ. નિત્યતા મર્યાદિત છે જ નહિ એનો સ્વભાવ. સમજાય છે કાંઈ?

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' એકની વ્યાખ્યા કરે છે. અહં એક, અહં એક. અહં એક આવો. હું એક. પહેલા 'એક' શબ્દનો અર્થ. '**अहमेक्को**'નો અર્થ છે. વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વ. સ્વભાવભાવપણાને લીધે. વિજ્ઞાનઘન. બરફની શિલા જેમ હોય. બરફની શિલા.. શિલા. એમ હું વિજ્ઞાનઘનની શિલા છું. આહાહા..! નિવડ અરૂપી શિલા છું. રૂપ વિનાની પણ વસ્તુ છું. વિજ્ઞાનઘન દળ છું. આહાહા..! સમજાય છે કાંઈ? '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' આ કારણે એક છું. વસ્તુ તરીકે કહે છે, હોં!

હવે, '(**કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણસ્વરૂપ**) **સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિમાત્રપણાને લીધે...**' આ ત્રિકાળની વાત છે, હોં! આ ત્રિકાળની વાત છે. અનુભૂતિ નામ આવું મારું ત્રિકાળ સ્વરૂપ છે. કેવું છે? એક તો રજકણ આદિનો હું કર્તા, રજકણ આદિનો કર્તા હું, રજકણનું કાર્ય મારું, રજકણનું સાધન અને રજકણનું દેવું, લેવું અને રજકણની ઉત્પત્તિ અને રજકણનો આધાર. એ તો મારામાં છે જ નહિ. રજકણ, એક રજકણનો હું કર્તા, રજકણ કર્મ, રજકણ સાધન, હું સાધન બની ઉત્પન્ન કરું, અપાદાન અને અધિકરણ મારામાં છે જ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. રજકણ કોઈ કરી દઉં એ મારામાં છે જ નહિ. એક વાત.

પછી વિકાર. વિકારની પર્યાયનો હું કર્તા, વિકાર ઈ મારું કર્મ, એનું સંપ્રદાન હું, હું મને આપુ છું, હું સાધન-મારી પર્યાયથી ઉત્પન્ન થયો, મારા આધારે વિકાર થયો, એ પણ મારામાં નથી. હવે, જે ષટ્કારકની નિર્મળ પર્યાય છે, એ પણ મારા દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જડના, પરના ષટ્કારક તો હું નથી અને વિકારના ષટ્કારક પણ હું નહિ. ષટ્કારક પર્યાયમાં છે. ભાઈ! કહ્યું ને? પંચાસ્તિકાય-૬૨ ગાથા. પર્યાય બતાવી. વિકારનો કર્તા આત્મા, વિકાર એનું કર્મ, વિકાર સંપ્રદાન, પોતે કરીને પોતે રાખ્યો, કરણ-સાધન આત્માની પર્યાય અને અધિકરણ, અપાદાન. એ તો પર્યાયની વાત છે. અહીં તો દ્રવ્યની વાત છે.

દ્રવ્યમાં ષટ્કારક વિકારની પર્યાયનો મારામાં અભાવ છે. એનો તો અભાવ છે પણ શુદ્ધ પર્યાયનો હું કર્તા અને હું કાર્ય ને આધાર ને કરણ ને સાધન અને શુદ્ધ પર્યાય મારા આધારે ઉત્પન્ન થાય, એવા ષટ્કારકની પર્યાયનો પણ મારા દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, આમાં તમાકૂનો કર્તા-ફર્તા તો ક્યાંય રહી ગયું. આ છોકરાને ભણાવવું. માસ્તર સામે બેઠા છે ને. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પગાર કોણ દે અને લે? ભ્રમ છે. આહાહા..! જ્યાં શરીર જ પોતાનું નથી, આ રાગ પોતાનો નથી ત્યાં દે-લે કોણ? અહીં તો ષટ્ પર્યાયનો કર્તા આદિ, નિર્મળ પર્યાયના ષટ્કારકની પર્યાયનું કામ મારા દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કર્તા-હું સ્વભાવનો કર્તા અને સ્વભાવ મારું કાર્ય, હું સ્વભાવનું સાધન, મેં સ્વભાવ બનાવીને આપ્યો અને સ્વભાવપર્યાય ઉત્પન્ન થઈને ગઈ, પર્યાય ગઈ તોપણ સ્વભાવ રહી ગયો અને સ્વભાવનો આધાર, એ સર્વ કારકોનો સમૂહ. સર્વ કારકોના સમૂહની પ્રક્રિયા. પ્રક્રિયા-દશા. તેના પારને પ્રાપ્ત. તેનાથી પાર હું આત્મા છું. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પર્યાય વિનાનું દ્રવ્ય જ અહીં સામાન્ય દ્રવ્ય છે. એ જ ખરું દ્રવ્ય છે. પર્યાય છે ઈ વ્યવહારનું દ્રવ્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, દૃષ્ટિ આવા દ્રવ્ય ઉપર છે. સમ્યગ્દર્શન છે પર્યાય, પણ એનો વિષય ષટ્કારકથી રહિત એવો દ્રવ્ય સ્વભાવ, એ દૃષ્ટિનો વિષય છે. આહાહા..! હજી તો અહીં નિશ્ચય કહે છે, હોં! આગળ કહેશે. સમજાય છે કાંઈ? આવો આત્મામાં નિશ્ચય કરીને પછી છોડી દેશે. છેલ્લે છે. **'એમ આત્મામાં નિશ્ચય કરીને,...'** એમ છે, છેલ્લે છે. ત્રણ લીટી બાકી છે ને ત્યાં છે. આ બધાનો તો નિશ્ચય કરે છે કે હું આવો છું. સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સન્મુખ થઈને છૂટી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પરદ્રવ્યના ષટ્કારકના કર્તા, કરણ છે જ નહિ, પણ વિકારનો કર્તા ને વિકારી પર્યાયનું કામ હતું એ પણ નહિ, પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ અને નિર્મળ પર્યાય થઈ, એમાં નિર્મળનો કર્તા, નિર્મળ મારું કાર્ય, નિર્મળનો હું સાધન, પર્યાય, નિર્મળ પોતાથી થઈ, અપાદાનથી પર્યાય ... રહી, અને પોતામાં લીધી. એવા પર્યાયમાં જે ષટ્કારક છે, એ '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ...**' અથવા ત્રિકાળ નિર્મળ અનુભવસ્વરૂપ આત્મા. વસ્તુ સ્વરૂપ, હોં! અનુભૂતિ એટલે અહીં પર્યાયની વાત નથી. '**નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' એકલો અનુભવ આનંદકંદ એવો હું શુદ્ધ છું. દ્રવ્ય શુદ્ધની વાત ચાલે છે.

મુમુક્ષુ :- શુદ્ધની વ્યાખ્યા છે.

ઉત્તર :- શુદ્ધની વ્યાખ્યા છે. '**अहमेक्को खलु सुद्धो**'. એ શુદ્ધની વ્યાખ્યા આટલી કરી. ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે... '**अहमेक्को खलु सुद्धो**'. સમજાય છે કાંઈ? આમ ભગવાન આત્મા પર્યાયમાં ષટ્કારકરૂપ પરિણમન થાય, એ તો એક સમયની પર્યાય છે. એ પર્યાય-શુદ્ધ પર્યાય પણ વ્યવહારનયનો આત્મા છે. અભૂતાર્થ આત્મા છે. અસત્યાર્થ આત્મા છે. એ વસ્તુ જ નથી. એક સમયમાં ત્રિકાળ, આવા છ પ્રકારની પર્યાયના પરિણમનથી રહિત. એકલો અનુભવ આનંદકંદરૂપ સ્વરૂપ. '**નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે...**' ત્રિકાળની વાત છે, હોં! એવો '**શુદ્ધ છું;...**' સમજાય છે કાંઈ? .. વાત છે. આત્મા કેવો છે એનું વર્ણન ચાલે છે કે આ આત્મા. નિશ્ચય આત્મા, વાસ્તવિક આત્મા, શુદ્ધ ધ્રુવ આત્મા. ધ્રુવ પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ અનાદિ અનંત નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવવાળો. છ પ્રકારની ક્રિયાનો ભેદ, ભેદ મારા સ્વરૂપમાં નથી. નિર્મળ પર્યાયનો ભેદ પણ કર્તા, કર્મનો મારા સ્વરૂપમાં નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! ક્યાં લઈ જાય છે?

'**अहमेक्को**' અહં-હું. '**एक्को**' અનાદિઅનંત અનંત વિજ્ઞાનઘનસ્વભાવ. તેથી હું એક છું. ષટ્કારકની પર્યાયની શુદ્ધ પરિણતિથી પણ હું રહિત છું. સમજાય છે કાંઈ? ક્યાં લઈ જાય છે? ક્યાં લઈ જાય છે? અભેદ ચિદાનંદસ્વરૂપ ઉપર દૃષ્ટિ લઈ જા. નિમિત્ત ઉપરથી તો ઉઠાવી લે, વિકારી પર્યાયની દૃષ્ટિ ઉઠાવી લે, પણ પર્યાયના ષટ્કારકના ભેદ, શુદ્ધપર્યાયના ષટ્ પર્યાયના ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે. એ તો પર્યાય છે, વ્યવહાર થયો. સમજાય છે કાંઈ? માણસ કહે, આ તે ક્યા ગુણસ્થાનની વાત હશે? કો'કેને એમ લાગે. આ તો કોઈ કેવળીની હશે? ત્રણ કાળે આવું સ્વરૂપ છે અને દૃષ્ટિનો વિષય આ છે. ભૂતાર્થ શુદ્ધનયે ભૂતાર્થ તે દૃષ્ટિનો વિષય છે. પર્યાય દૃષ્ટિનો વિષય નથી. પર્યાયનો વિષય દ્રવ્ય છે. કારણ કે દૃષ્ટિ તો પર્યાય છે. સમ્યગ્જ્ઞાન પર્યાય છે, એનો વિષય ત્રિકાળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય છે. આહહા..! એમ પહેલા તો હજી નિર્ણય કરે છે. હું આવો છું, હું આવો છું. પહેલાં વિકલ્પથી નિર્ણય કરે છે. પછી વિકલ્પ છોડી દે છે. પછી આવશે.

**'સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી...'** વિશેષ અહીં ક્રિયા લીધી છે. તેનાથી **'પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્ર...'** તે અનુભૂતિમાત્ર-એકલો ચૈતન્યમાત્ર હું શુદ્ધ છું. **'णिम्ममओ'**. **'णिम्ममओ'**. બીજી પંક્તિ. **'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...'** વિકારી પરિણામનો સ્વામી પુદ્ગલ છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ વિકારનો સ્વામી પુદ્ગલ છે, હું નહિ. એમ દૃષ્ટિમાં માને છે. આહાહા..! આ તો હજી તકરાર (કરે), શુભજોગથી સમકિત થાય છે. શુભજોગથી ક્ષાયિક થાય. નીચે તો શુદ્ધ છે નહિ. આઠમાથી શુદ્ધ થાય. અરે.. ભગવાન! શુદ્ધ વિના ધર્મ ક્યાંથી આવ્યો? આહાહા..! ભારે ગડબડ, ભારે ગડબડ. માણસો બિચારા સમાજને ખબર નહિ અને આમ ને આમ... ઘેટા જેવા માણસ. ઘેટા સમજો છો? બકરા નથી હોતા? ઊનવાળા. (પાછળ પાછળ) ચાલ્યો જાય. ક્યાં વીતરાગનો માર્ગ સિંહનો અને ક્યાં ઘેટાનો માર્ગ. આહાહા..!

ભગવાન કહે છે, ભાઈ! એ **'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...'** એવા ક્રોધાદિભાવ, પુણ્ય-પાપના ભાવ. તેનું વિશ્વરૂપપણું. વિશ્વ એટલે અનેકપણું. અનેક ભાવ, વિકારના અનેક ભાવ. શુભના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર. **'વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...'** હું તેના સ્વામીપણે થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ વ્યવહાર રત્નત્રય શુભરાગનો સ્વામી હું નહિ. એ વિકારનો સ્વામી પુદ્ગલ છે. કારણ કે બે લેવા છે ને, આમ ખંડ કરી નાખવો છે. પુદ્ગલ અને વિકાર, બેય એક છે. પુદ્ગલ સ્વ, પુદ્ગલનો વિકાર સ્વ અને પુદ્ગલ એનો સ્વામી, મારામાં છે જ નહિ. મારી ચીજમાં છે જ નહિ, હું એનો સ્વામી નથી. આહા..! આવો તો સમ્યગ્દર્શન, અનુભવ થયા પહેલાં નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી...'** જેનું એટલે કોણ? જે ક્રોધાદિભાવ. **'વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...'** જુઓ, ભાષા! હું સ્વયં વિકારરૂપ થતો જ નથી. હું તો શુદ્ધ નિર્મળરૂપ પર્યાયમાં થાઉં છું. એ પર્યાય વ્યવહારે મારી છે. સમજાય છે કાંઈ? આનું નામ આત્મા અને એ આત્માનો અનુભવ આમ કરવો, અનુભવ કરીને વિકલ્પને છોડી દેવો, એ આગળ આવશે. ત્યારે તેને અનુભવ થાય છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૩, રવિવાર તા. ૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૩. પ્રવચન-૧૪૫**

આ સમયસાર કર્તા-કર્મ અધિકાર ચાલે છે. ૭૩મી ગાથા. એવો પ્રશ્ન કર્યો છે કે આત્મા કઈ વિધિથી આસ્રવો નામ વિકારી પરિણામોથી નિવૃત્ત થાય છે? આ પ્રશ્ન છે. પ્રશ્નકારને આસ્રવો કઈ વિધિથી નિવૃત્ત થાય છે એવી આશંકા છે, જાણવાની ભાવના છે. શું? સમજાણું?

આત્મા તો અનંત અનંત શુદ્ધ ચૈતન્ય રત્નનો ભંડાર છે. પણ એની પર્યાય-હાલતમાં-દશામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિના જે પરિણામ (થાય છે) એ આસ્રવ છે. દુઃખરૂપ છે, અશુચિ છે, મેલ છે. એ ખુલાસો પહેલાં ૭૨માં કર્યો. હવે અહીંયાં કહે છે કે એનાથી નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? એની રીત શું છે? આત્મા મલિન, અશુચિ અને અચેતન વિકાર જે આસ્રવ છે, તેનાથી નિવૃત્તિ થવી એમાં આત્માનું હિત છે. તો કઈ વિધિથી નિવૃત્તિ થાય છે? આવો પ્રશ્ન છે. તેનો ઉત્તર છે. સમજાય છે કાંઈ? શરીરથી કઈ વિધિથી નિવૃત્તિ થાય છે (એમ નથી પૂછ્યું). શરીરથી નિવૃત્ત જ છે.

મુમુક્ષુ :- ધંધા આદિકથી નિવૃત્તિ..

ઉત્તર :- ધંધા આદિકથી નિવૃત્તિ જ છે. પરની ક્રિયા તો કરતો જ નથી, નિવૃત્તિ જ છે.

પોતાની પર્યાયમાં જે સ્વરૂપનું અજ્ઞાન થઈને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે, તે જ આસ્રવ છે. તેનાથી નિવૃત્તિ કઈ રીતે થાય છે? પોતાના અપરાધથી જે વિકાર થાય છે, તે કઈ વિધિથી અપરાધ ભાવની નિવૃત્તિ થાય છે? પરની તો નિવૃત્તિ જ છે, પર તો પોતામાં છે જ નહિ.

મુમુક્ષુ :- ત્રિકાળ નિવૃત્ત છે?

ઉત્તર :- ત્રિકાળ નિવૃત્ત છે. સ્વભાવમાં પર તો છે જ નહિ. કર્મ, શરીર તો પરચતુષ્ટયમાં છે, પરચતુષ્ટયમાં આત્મા નથી. પરચતુષ્ટય આત્મામાં નથી.

પ્રશ્ન તો એ થયો, પોતાની પર્યાયના કાળમાં ચતુષ્ટયમાં, સમયમાં સ્વભાવ ચિદાનંદ આનંદના અભાનથી રાગ-દ્વેષ અને ભ્રમણા ઉત્પન્ન થાય છે એ આસ્રવ છે. તેનાથી નિવૃત્તિ કઈ રીતે થાય છે? કઈ વિધિથી થાય છે? આવો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? સેઠી! દુકાનના ધંધા અને મહેન્દ્રભાઈથી તો નિવૃત્તિ જ છે અંદરમાં. અંદરમાં એ ચીજ તો છે જ નહિ.

મુમુક્ષુ :- ચીજ ભલે ન હોય, પણ નિવૃત્તિ ક્યાંથી થઈ ગઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- અભાવ છે ને. પરચીજનો સ્વચીજમાં તો અભાવ છે. હવે એની પર્યાયમાં ભાવ છે, વિકારી ભાવ, દુઃખરૂપ ભાવ, પુણ્ય-પાપના અશુચિ મેલ ભાવ, અચેતન નામ ચૈતન્યના સ્વભાથી વિપરીત અચેતન વિકૃત ભાવ, દુઃખરૂપ ભાવ. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ બેય દુઃખરૂપ ભાવ છે. કમાવાનો ભાવ છે એ દુઃખરૂપ છે અને એમાં રાગ ઘટાડીને દાનનો ભાવ કરવો એ પણ દુઃખરૂપ છે, બેય વિકાર છે.

મુમુક્ષુ :- અમે તો સાંભળ્યું હતું, એનાથી ધર્મ થાય છે.

ઉત્તર :- માનતા હતા અત્યાર સુધી. ત્યારે એમાં સલવાઈ ગયા ને. એમાં ને એમાં રહી ગયા આખી જિંદગી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ ચૈતન્ય સ્ફટિક રત્ન. સ્ફટિક પત્થર છે, આ ચૈતન્ય સ્ફટિક રત્ન છે. સ્ફટિક પત્થર હોય ને? જામનગરની વાત કરી હતી ને? ડૉક્ટરે બતાવ્યો હતો. એક વાર સ્ફટિક બતાવ્યો હતો. સ્ફટિક આવડો, હોં! બતાવ્યો હતો.

મુમુક્ષુ :- આપણે સ્ફટિકની મૂર્તિ છે.

ઉત્તર :- સ્ફટિકની મૂર્તિ છે આપણે. પેલો તો પત્થર બતાવ્યો હતો આવડો, હોં! આ સ્ફટિક છે. ત્યાં મોટા ડૉક્ટર ખરા ને.

એ સ્ફટિકના રજકણ જે રૂપી, મૂર્તિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા તેના અનંતના પિંડરૂપને સ્ફટિક રત્ન કહે છે. પત્થરને. આ આત્મા અરૂપી એક દ્રવ્ય ચૈતન્યરત્ન રૂપી સ્ફટિક છે. મહાન. શરીર પ્રમાણે ચૈતન્યસ્ફટિક રત્ન. એમાં અનાદિથી સ્વભાવના અભાનથી રાગ હું, પુણ્ય હું, પર હું એવી જે માન્યતા છે એ ભ્રમણા મિથ્યા છે. અને જે ઈષ્ટ-અનિષ્ટ જોઈને, વસ્તુ ઈષ્ટ-અનિષ્ટ નથી, પણ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરીને રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે એ દુઃખ છે. સમજાય છે કાંઈ? તો કઈ વિધિથી દુઃખની નિવૃત્ત થાય છે? આસ્રવોથી નિવૃત્ત થાય છે એનો અર્થ, કઈ વિધિથી દુઃખથી નિવૃત્ત થાય છે? બરાબર છે? એનો ઉત્તર.

પહેલા હજી તો નિશ્ચય કરે છે, હોં! નિર્ણય કરે છે. '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવપણાને લીધે એક છું;...**' હું એક સ્વરૂપ છું. ટીકા. હું, '**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણસ્વરૂપ) સર્વ કારકો...**' કારકો-કાર્યના કારણો. તેના '**સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ,...**' હું એકરૂપ જ્ઞાનસ્વરૂપ છું. નિર્મળ અનુભૂતિ શબ્દે અનુભવ સ્વભાવમાત્ર એકલો જ્ઞાન છું. એમાં ષટ્કારકની ભેદરૂપ ક્રિયા પણ આત્મામાં નથી. સમજાય છે કાંઈ? એમ હજી નિર્ણય કરે છે. આગળ છેલ્લે આવશે. '**એમ આત્મામાં નિશ્ચય કરીને...**' આગળ આવશે. ચોથી પંક્તિમાં, ભાવાર્થ ઉપર ચાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લીટી, ચાર પંક્તિ. સમજાય છે કાંઈ?

હું શુદ્ધ ચૈતન્ય છું. ષટ્કારકના ભેદ જે કર્તા-કરવાવાળો, કાર્ય, કોનાથી ઉત્પન્ન થયું, કોણે આપ્યું, કોણે લીધું, કોના આધારે થયું, અને અવસ્થા પલટવા છતાં ટકવાવાળી વસ્તુ કેવી છે. એવા જે છ પ્રકારના કારકના ભેદ છે, એ મારી ચીજમાં નથી. હું ત્રિકાળ અનુભૂતિ જ્ઞાનાનંદ શુદ્ધ માત્ર છું. આસ્રવોથી-દુઃખથી નિવૃત્તિ કરવા માટે પહેલાં આવો નિર્ણય કરે છે. કહો, સમજાય છે કાંઈ? શોભાલાલજી! પછી ત્રીજો બોલ.

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ ખરેખર મારી સ્વ ચીજ નથી તો હું એનો સ્વામી નથી. પુદ્ગલ એનો સ્વામી છે. પોતાની ચીજમાં આનંદ-નિત્યાનંદમાં એ નથી તેથી વિકૃત ભાવ જે પુણ્ય-પાપના છે, ક્રોધાદિ વિકલ્પ જે છે એ બધા પુદ્ગલ જડ એનો ધણી છે. કેમ કે જડ નીકળી જાય છે તો એ પણ નિકળી જાય છે. એટલી અપેક્ષા છે. '**મમતારહિત છું;...**' વિકાર પર્યાયમાં થાય એ મારો નથી. એ પુદ્ગલના લક્ષે ઉત્પન્ન થયા તો પુદ્ગલ સ્વામી છે. તો હું એનાથી મમતારહિત છું. આ મારા, એનાથી રહિત છું. આ વિકાર મારો, એનાથી રહિત છું. એમ નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ? ત્રણ બોલ તો આવ્યા હતા. એક, શુદ્ધ અને મમત્વહીન.

'**ચિન્માત્ર જ્યોતિનું...**' હું કેવો છું? '**णाणदंसणसमग्गो**'. ભગવાન આત્મા ચિન્માત્ર જ્યોતિ, જ્ઞાનમાત્ર જ્યોતિ. જેમ અગ્નિ જ્યોતિ છે, એમ હું જ્ઞાનજ્યોતિ છું. ચૈતન્યનો ભંડાર એવો ચિદ્ જ્ઞાનસ્વરૂપ જ્યોતિ છું. એવા આત્માનું '**વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું...**' હું સામાન્યથી પણ પરિપૂર્ણ છું અને વિશેષથી પણ પરિપૂર્ણ છું. દર્શન સામાન્યને લક્ષ કરે છે. તો દર્શનથી પણ પરિપૂર્ણ છું, જ્ઞાનથી પણ પરિપૂર્ણ છું. વિકલ્પનો સ્વામી જડ છે તો મારી ચીજ શું? એમ કહે છે. સમજાય છે કાંઈ? લ્યો, વિકલ્પનો સ્વામી પુદ્ગલ. તો પછી આ શરીરનો સ્વામી અને આ પૈસાનો સ્વામી કોણ? એ.. શેઠ! એ.. સેઠી! તો ધણી કોણ? આ ધોળી મૂછ ને એનો સ્વામી કોણ? આ પાઘડી-બાઘડીનો. પુદ્ગલનો સ્વામી પુદ્ગલ.

અહીંયાં તો કહે છે કે ધર્મીજીવની પ્રથમ ભૂમિકાની યોગ્યતામાં આવો ધર્મી થવા લાયકની યોગ્યતામાં આવો નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ? દુઃખભાવની નિવૃત્તિ થવામાં વિચાર કરે છે કે ઈ શું છે? હું કોણ છું? એમ વિચારથી નિર્ણય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ધર્મ કરવામાં આટલો બધો વિચાર કરવાનો?

ઉત્તર :- સમજ્યા વિના ધર્મ થાતા હશે? કઈ વસ્તુ મારામાં નથી? કાયમી ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું છે? શું કૃત્રિમ છે? અને કૃત્રિમ ચીજ ક્યાંથી ઉત્પન્ન થાય છે? પરલક્ષે (થાય છે), મારી વસ્તુમાં નથી. તો મારી ચીજ કેવી છે? એમ બે વચ્ચે ભેદ પાડ્યા વિના પરથી નિવૃત્તિ અને પોતામાં પ્રવૃત્તિ કઈ રીતે થાય? સમજાય છે કાંઈ? સમજાય છે? ભાઈ! સાદડી. આ સૂક્ષ્મ વાત છે. ધર્મ સૂક્ષ્મ છે. લોકો માને છે એવો વીતરાગનો ધર્મ નથી.

પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેમણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જોયા, એવા ભગવાનની વાણીમાં આવ્યું કે હે આત્મા! પુણ્ય-પાપના પરિણામ તો આસ્રવ છે, એ તો દુઃખરૂપ છે. એનાથી તારું સ્વરૂપ તો નિવૃત્તરૂપ છે. પણ તું નિવૃત્તરૂપ નહિ માનીને હું પ્રવર્તરૂપ છું, એમ અનાદિથી માન્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ કે સાત તત્ત્વ છે કે નહિ? અજીવતત્ત્વ-શરીર, વાણી, મન, કર્મનો સ્વામી તો અજીવ છે. સમજાય છે? એ પરમાં ગયું. હવે વિકાર છે તે આસ્રવતત્ત્વ છે. એ કાંઈ આત્મતત્ત્વ નથી. પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ એ બધા વિકાર તત્ત્વ છે, ઈ આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ જીવતત્ત્વ નહિ. અજીવતત્ત્વ જીવતત્ત્વ નહિ. અજીવ-શરીર, કર્મ, પૈસા, મકાન-બકાન બધા અજીવતત્ત્વ છે. તો અજીવતત્ત્વનો સ્વામી એ અજીવ છે. માણેકચંદજી! બરાબર છે?

મુમુક્ષુ :- ક્યારની વાત કરો છો?

ઉત્તર :- ક્યારની શું, અત્યારની. આ શરીરનો સ્વામી શરીર છે, આત્મા નહિ, એમ કહે છે. એ તો ખબર પડે છે કે નહિ? હાથમાં અધિકાર ન રહ્યો. એમ થયું ને? જડ છે. એનો સ્વામી જડ છે. કેમ રહેવું અને કેમ ટકવું એ જડને આધીન છે, પોતાને આધીન નથી. આહાહા..! એઈ..!

મુમુક્ષુ :- સંભાળ રાખવી..

ઉત્તર :- ધૂળમાંય સંભાળ રાખતો નથી, શું સંભાળ કરે? સમજાય છે કાંઈ? બરાબર સંભાળ રાખે તો શરીર ઠીક રહે. મૂઢ છો. શું એ તારી ચીજ છે?

મુમુક્ષુ :- શરીર શરીરના કારણે રહ્યું.

ઉત્તર :- શરીરના પરમાણુનો સ્વામી જડ છે. તારું સ્વામીપણું, તારું અધિપતિપણું તારી સંભાળથી રહે એવી એ ચીજ નથી. એ.. પોપટભાઈ! બરાબર ખાવું પીવું રાખે, મોસંબી પીવે. લ્યો. આ શું કહેવાય? ફ્રુટ.. ફ્રુટ. ફ્રુટ ત્રણ-ત્રણ, ચાર-ચાર રૂપિયાનું લે, ચાર-પાંચ રૂપિયાનું. શરીર સરખું રહે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મેં તો મનમાં રાખીને હજી તો વાત કરી હતી. કહો, સમજાય છે કાંઈ? એ.. સેઠી! કો'ક આવ્યું હતું, એને અનાજ જ ભાવે નહિ. ફ્રુટ ઉપર જ રહે. અનાજ જ લે નહિ. અનાજ જ ન હોય. ફ્રુટ ઉપર રહે. બે-બે, ત્રણ-ત્રણ રૂપિયાનું ફ્રુટ. તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સંભાળ રાખે તો શરીર રહી શકે કે નહિ? નહિ. ખોટું છે. શરીરનો સ્વામી શરીર. કર્મનો સ્વામી કર્મ. ભાષા સમજો. આઠ કર્મનો સ્વામી આત્મા નહિ. આહાહા..!

અહીં તો કહે છે કે તારી પર્યાયમાં પર્યાયબુદ્ધિથી સ્વભાવમાં નથી એવા કર્મના લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ, કામ, ક્રોધના ભાવ, ભ્રાંતિરૂપ ભાવ એવો મિથ્યારૂપ ભાવ, તેનો સ્વામી પુદ્ગલ છે, તારું સ્વરૂપ નહિ. કેમ કે આત્મામાં સ્વસ્વામીસંબંધ નામનો એક અનાદિ ગુણ છે. તો પોતાનું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય-ગુણ-પર્યાય સ્વ અને તેનો સ્વામી છે. પણ વિકારનો સ્વામી આત્મા, એવો ગુણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મ કરવામાં આવું બધું થાતું હશે?

ભાઈ! આ ચીજ છે. કર્મ, શરીર, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પૈસા, દાગીના, દાગીના એટલે ઝેવર, કપડા. એ બધાનો સ્વામી એ (જડ) છે. જડનો સ્વામી તું નહિ.

મુમુક્ષુ :- વ્યવહારે તો ખરો ને.

ઉત્તર :- વ્યવહારે પણ નહિ. વ્યવહારે ખરો ને (એમ કહે છે). એ બોલવામાત્ર છે. કહેવામાત્ર છે. કાણા મામાની જેમ. કાણો મામો કહે ને? કહેવાનો મામો થાય કે નહિ? અમારા ઘર પાસે મુસલમાન રહેતા. અમે એને મામા કહીએ. ઈ કાંઈ રોટલા ભરતા હશે? રોટલા ન હોય ત્યાં... સમજાય છે કાંઈ? આ પાઈયું નિકળતી ને? કેટલા રૂપિયાની? સત્યાવીસ રૂપિયાની કે કાંઈક હતી. પાયું પાયુંનો વેપાર કરતી. બાઈ ને એ બેય. પાઈ-પાઈનો. તે દિ' તો ચાર આના, આઠ આના દિવસના પેદા થાય તો ઘણું હતું ને. તે દિ' તો.. સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. એટલે પાઈ-પાઈની નીકળી. આ જમીન લીધીને ત્યારે. તો એના ડોસાને મામા કહેતા અને એની વહુને માસી કહેતા. ગામના ગામના ખરા ને. મામા અને માસી. મામા, માસી રોટલા આપતા હશે? મોસાળું પૂરે કે નહિ લગ્ન-બગન થાય તો? પૈસા કોઈ કારણે આપે, પણ એ તે કંઈ મામો કહેવાય?

એમ આ ચીજ જગતની શરીર, કર્મ, વાણી.. વાણીનો સ્વામી કોણ? હમણાં પૂછ્યું હતું. ક્યાં ગયા? એઈ..! મેં પૂછ્યું હતું. વાણી તો આત્મા બોલે છે. બીજો કોઈ બોલે છે? વાણી શું છે? જડ. વાણી જડ છે. જડ છે? લ્યો, ઈ પણ ખબર નથી. વાણી જડ છે? અરે..! જડ નહિ તો શું છે? આ તો અચેતનમાં ધ્વનિ ઉઠે છે. જડ છે. શું આત્મા તેનો સ્વામી છે? આત્મા બોલી શકે છે? ઓહોહો..! ભારે ભઈ. સ્વામીપણું તો અહીં તો કંઈકમાં સ્વામીપણું છે.

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. તારે જો દુઃખથી નિવૃત્તિ કરવી હોય, દુઃખથી નિવૃત્તિ કરવી હોય તો પરનો સ્વામી પર છે, તું નહિ, એમ પહેલો નિર્ણય કરવો પડશે. પછી આગળ જતાં અંદર જઈને વિકારી પરિણામનો સ્વામી તું નહિ, પર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, એવો નિર્ણય કરવો પડશે. તારી ચીજ હોય તો તારાથી જુદી પડે નહિ અને જુદી પડે તો તારી નહિ. સમજાય છે કાંઈ? શરીર-બરીર તો જુદા પડે પણ પુણ્ય-પાપના ભાવ.. સમજાય છે કાંઈ? પૂર્વના બંધાયેલા કર્મ. કહે છે ને અમારા પુણ્ય છે તો પૈસા મળ્યા. પુણ્ય પણ તારું નહિ. સાંભળને. પુણ્યનો સ્વામી પુણ્ય છે. અમારા પુણ્યથી પૈસા મળ્યા. પણ પુણ્ય જ તારું નથી. સાંભળ તો ખરો. દુઃખથી નિવૃત્ત થવું હોય તો પહેલાં નિર્ણય કરવો પડશે. અસત્યને સત્ય માને ઈ તો દુઃખની પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? એ... મોહનભાઈ! શું હશે આ? પેલા ક્યાં ગયા? સલવાણા લાગે છે હમણાં. જેચંદભાઈ. આહાહા..!

અહીં તો એટલું કહે છે કે આત્મા વસ્તુ છે. ઈ તો પહેલી વસ્તુ કીધી. બે બોલે કીધી. હું અખંડ જ્ઞાયકમૂર્તિ અને ષટ્કારકની પરિણતિની ક્રિયાથી રહિત. હું અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ અને એમાં પર્યાયમાં જે ષટ્કારકની પ્રવૃત્તિ થાય છે, એક સમયની પર્યાયથી રહિત હું છું. સમજાય છે કાંઈ? અને ત્રીજામાં કહ્યું કે વિકાર ઉત્પન્ન થાય છે, છે. પણ એનો સ્વામી હું નથી. હું સ્વામી હોઉં તો મારાથી જુદાં ન પડે. અને મારે એનાથી જુદાં પડવું છે. એ દુઃખ છે. દુઃખથી નિવૃત્તિ કરવી છે. મારો આનંદ છે, પણ દુઃખ મારું નથી. દુઃખનો સ્વામી હું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

પુણ્ય-પાપના ભાવ જે વિકાર છે, એનો સ્વામી પુદ્ગલ છે. જો તું સ્વામી હો તો તારાથી જુદાં કેમ પડે? અને તારી તો જુદા પડવાની જિજ્ઞાસા છે. વિધિ તો એ પૂછી છે તેં. પ્રભુ! આત્મા આસ્રવોથી કઈ રીતે નિવૃત્ત થાય? આ તો કહે કે, આસ્રવથી લાભ થાય છે. શુભરાગ છે એ આસ્રવથી લાભ થાય છે. જેનાથી નિવૃત્તિ કરવી છે, જેનો સ્વામી પુદ્ગલ છે. એનાથી આત્માને લાભ થાય છે. આહાહા..! ગજબ વાત! સમજાય છે કાંઈ? વલ્લભદાસભાઈ! ચાલે છે કે નહિ તમારે ત્યાં એવું બધું? બધું ચાલે છે. આહાહા..!

કહે છે કે, ભાઈ! સાંભળ તો ખરો. બે ભાગ છે. એક આનંદમૂર્તિ આત્મા અને એની દશામાં દુઃખરૂપ વિકારી ભાવ. બસ. એનો અહીંયાં તો નિષેધ કરવો છે. પરનો તો નિષેધ છે, એની તો વાત જ શી? એનો તો અભાવ છે. પર્યાયમાં-અવસ્થામાં વિકારી ભાવનું અસ્તિત્વ અનિત્ય તાદાત્મ્ય છે. એ પણ નિત્ય તાદાત્મ્ય સ્વભાવની દૃષ્ટિથી નિવૃત્ત થવું છે તો એનો સ્વામી હું નહિ. એનો સ્વામી પુદ્ગલ છે. આહાહા..! કહો, પ્રવીણભાઈ!

એ મારી ચીજ નથી તો હું એની મમતા છોડું છું. મારી ચીજ હોય તો મારામાં રહે. મારી ચીજ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો સ્વામી પુદ્ગલ છે, હું નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? ત્યારે હું કેવો છું? પહેલાં બે બોલ કહ્યા હતા. મમતારહિત કહ્યું, હવે ચોથો બોલ. હું '**વસ્તુસ્વભાવથી જ...**' વસ્તુસ્વભાવથી '**સામાન્ય**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અને વિશેષ વડે પરિપૂર્ણ...**' છું. દર્શનસ્વભાવથી પરિપૂર્ણ છું, જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છું. પરિપૂર્ણ, હોં! અલ્પજ્ઞતા જે પર્યાયમાં વિકાસમાં છે એ નહિ. એ નહિ. કાયમી દર્શન, દ્રષ્ટા અને જ્ઞાતા, દર્શન અને જ્ઞાન કાયમ સ્વભાવ, તેનાથી હું પરિપૂર્ણ છું. એમ દુઃખથી અથવા આસ્રવથી નિવૃત્ત થવાનો આકાંક્ષી, નિવૃત્ત થવાનો જિજ્ઞાસુ પ્રથમ ભૂમિકામાં આવો નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ?

'**ચિન્માત્ર જ્યોતિનું...**' એટલે ચિન્માત્ર સ્વરૂપ ભગવાન આત્માનું. જ્ઞાન, ચિન્ એટલે જ્ઞાન. '**વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણ...**' પરિપૂર્ણ પાછું, પૂર્ણ નહિ, પરિપૂર્ણ શબ્દ વાપર્યો છે. સમજાય છે કાંઈ? '**वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वात् ज्ञानदर्शनसमग्रः**'. પહેલા આવો નિર્ણય કરે છે, જેને આસ્રવથી, દુઃખથી પર્યાય નામ અવસ્થામાં વિકાર જે થાય છે, તેનાથી નિવૃત્તિ કરવી છે અથવા ધર્મ કરવો છે, અથવા અધર્મથી પાછા હટવું છે તો અધર્મથી પાછા હટવાવાળો એવો નિર્ણય કરે છે કે હું તો પ્રત્યક્ષ આનંદ, જ્ઞાનમૂર્તિ પ્રત્યક્ષ થઈ શકું એવી વસ્તુ છું. અને મારામાં કોઈ પર્યાય-ફર્યાયનો પ્રકાર નથી. અને વિકારનો સ્વામી હું નહિ. જડ છે, જડ પુદ્ગલ. ઓહોહો..! આ તો જંગલમાં જાય, એકલા થઈ જાય તો આવું થાય. જો સ્વામી ન હોય તો ઘરમાં તાળા કેમ મારે છે? વળી એમ કહે. સમજાય છે કાંઈ? તિજોરીને તાળા કેમ મારે છે? ભાઈ! શોભાલાલજી! કોણ તાળા મારે છે? ભગવાન! સાંભળ તો ખરો. ઈ રાગ આવે છે. એ ક્રિયા તો તે સમયે થવાવાળી જડથી થાય છે. આ વાત લોકોને રુચતી નથી. નિયત થઈ જાય છે, નિયત થઈ જાય છે. અરે..! સાંભળને હવે. નિયતનું તને ભાન નથી.

જડની પર્યાયનો જે સમયે ઉત્પાદ થવાનો છે, તે સમયે ઉત્પાદ જડમાં જડને કારણે થાય છે. શું તાળુ મારવાની, ચાવી લગાવવાની ક્રિયા આત્મા કરી શકે છે? પહેલેથી વિચાર કરે છે કે એ ક્રિયાથી તો હું નિવૃત્ત જ છું. એનો તો અહીં પ્રશ્ન જ નથી. સમજાય છે કાંઈ? એ થાય છે તો થાઓ. ન થવું હોય તો ન થાઓ. એનાથી તો હું નિવૃત્ત જ છું. પોપટભાઈ! આ છ છોકરાથી નિવૃત્ત છો?

કહે છે, એ વાત તો અહીંયાં યાદેય નથી કરી. કેમ કે અહીંયાં તો પર્યાયમાં અને દ્રવ્યમાં ઉપાધિનું ઉત્પન્ન થવું શું અને નિરૂપાધિ શું, આ બે વચ્ચેની વાત છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સારી સગવડતા હોય, મકાન હોય, ઠંડક હોય, ગિરિ ગુફા હોય તો ધર્મધ્યાનમાં અનુકૂળ પડે, એ વાત ખરી કે નહિ? એ તો પહેલેથી કાઢી નાખ્યું. એ વાત છે નહિ. ગિરિ ગુફા હોય તો ગિરિ ગુફામાં તો નોળ, કોળ પણ પડ્યા છે. શું બહારના સાધન તને ધર્મમાં મદદ કરે છે? આહાહા..! એની તો વાત લીધી પણ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરદ્રવ્યની પરિણતિ પરદ્રવ્યમાં થાય. એ પરદ્રવ્ય વસ્તુ તરીકે તો નિશ્ચય છે અને એની પર્યાય થાય છે એ વ્યવહાર છે. તો વ્યવહાર, નિશ્ચય તો એનામાં એના રહ્યા. એ તારાથી થયું નથી. એની પર્યાયનો વ્યવહાર તારાથી થયો નથી. તારી પર્યાયનો વ્યવહાર.. અહીં ઈ કહે છે, ભાઈ! તારી પર્યાયમાં-અવસ્થામાં તારો વ્યવહાર, પુણ્ય, પાપની ભ્રાંતિ ભ્રમણાની ઉત્પત્તિ થાય છે, એ વ્યવહાર છે. તેનાથી નિવૃત્ત થવું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે હું તો ચિન્ જ્યોતિસ્વરૂપ છું અને વસ્તુ સ્વરૂપ છું. તો જે કોઈ વસ્તુ હોય તે સામાન્ય વિશેષરૂપ હોય છે. હું પણ સામાન્ય વિશેષથી પરિપૂર્ણ છું. દેખો! '**આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...**' આકાશ આદિ. આકાશ અરૂપી જેમ ભિન્ન તત્ત્વ છે, ખાસ વસ્તુ છે. આકાશ નામનો પદાર્થ વસ્તુ ખાસ છે અને રજકણ પણ ખાસ વસ્તુ છે. રજકણ, રજકણ-પોંઈટ. એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. '**આકાશાદિ દ્રવ્યની જેમ...**' પરમાણુ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એ વસ્તુ સ્વયંસિદ્ધ પદાર્થ છે, તેની જેમ '**પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' ખરેખર પારમાર્થિક વિશેષ-ખાસ વસ્તુ છું. જગતની એ ખાસ વસ્તુ છે, એમ હું ખાસ વસ્તુ છું. સમજાય છે કાંઈ?

પોંઈટ રજકણ છે ને? આ તો ઘણા સ્કંધનું બનેલું છે. એક એક પોંઈટ રજકણ છે એ રજકણ પણ સ્વતંત્ર વસ્તુ છે, સ્વયંસિદ્ધ વસ્તુ છે. એ રજકણ જેમ સ્વયંસિદ્ધ ખાસ વસ્તુ છે, આકાશ પણ સ્વયંસિદ્ધ ખાસ વસ્તુ છે, ધર્માસ્તિકાય પણ સ્વયંસિદ્ધ ખાસ વસ્તુ છે, અધર્માસ્તિકાય ખાસ વસ્તુ છે, અસંખ્ય કાળાણુ ખાસ વસ્તુ છે, એમ હું ખાસ વસ્તુવિશેષ છું. સમજાય છે કાંઈ? વિશેષ નામ ખાસ વસ્તુ છું, હું ભિન્ન વસ્તુ છું. પરમાણુએ પરમાણુ જેમ ખાસ વસ્તુ છે, એમ હું પણ ખાસ વસ્તુ છું. પરમાણુ ભલે ક્ષેત્રથી નાનો છે અને આકાશ ક્ષેત્રથી મોટું છે, પણ એ વસ્તુવિશેષ ખાસ છે. પરમાણુ પણ વસ્તુ ખાસ છે. એવી હું એક પારમાર્થિક વસ્તુ છું. આમ દુઃખથી નિવૃત્ત થવાવાળો પ્રથમ જિજ્ઞાસામાં આવો નિર્ણય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો હું એટલે કાંઈ નહિ. અરે..! તું મહા વસ્તુવિશેષ છો. વસ્તુમાં અનંત અનંત ગુણ પડ્યા છે. વસેલા, રહેલા. એવી વસ્તુ છે.

વાસ્તુ લે છે ને? તો કોઈ મકાનમાં લે છે કે જંગલમાં લે છે? વાસ્તુ નામ વસવું. કોઈ ચીજ છે. એમ વસ્તુમાં અનંત ગુણ વસેલા છે. જેમ રજકણ ખાસ પદાર્થ છે, આકાશ ખાસ પદાર્થ છે. નાના મોટાની વાત નથી. એક પરમાણુ જગતની ખાસી ચીજ-વસ્તુ સ્વયંસિદ્ધ છે. આકાશ પણ સ્વયંસિદ્ધ પદાર્થ છે. હું આત્મા દુઃખથી નિવૃત્ત થવાનો જિજ્ઞાસુ પ્રથમ આવો નિર્ણય કરું છું કે હું ખાસ આકાશની જેમ, રજકણની જેમ ખાસ વસ્તુ છું. ખાસ વસ્તુ છું. ખાસ પદાર્થ છું. ખાસ ખાસ ચીજ જગતની છું. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ?

**'પારમાર્થિક વસ્તુ...'** જુઓ ભાષા. એવી ખરેખર ખાસ વસ્તુ છું. પરમાર્થે વસ્તુ છું. આ ..નો એક એક રજકણ પરમાર્થે ખાસ વસ્તુ છે. આકાશ પરમાર્થે ખરેખર એક વસ્તુ છે. એમ હું એની જેમ ખરેખર એક વસ્તુ છું. સમજાય છે કાંઈ? **'તેથી..'** આટલા બોલ કહ્યા. સમજાય છે કાંઈ? પાંચ (બોલ) કહ્યા. છે ને? એક, શુદ્ધ, નિર્મમત્વ, જ્ઞાનદર્શન પૂર્ણ... અહંમાં એક લીધું અને શુદ્ધમાં ઈ લીધું. ક્રોધાદિક એ નિર્મમમાં લીધું અને આ પરિપૂર્ણમાં લીધું. ચાર બોલ થયા ઈ. સમજાય છે કાંઈ?

હવે, **'તેથી હવે હું...'** આ કારણે હું હવે. **'સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...'** જરીક શબ્દમાં ઓલું છે. પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિથી. પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિથી.

મુમુક્ષુ :- પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિથી..

ઉત્તર :- હા, પણ હિન્દીમાં આમ છપાઈ ગયું. વાત થઈ ગઈ છે પહેલા. થોડો ફેર છે. **'परद्रव्यप्रवृत्तिनिवृत्या'** છે ને સંસ્કૃત? **'परद्रव्यप्रवृत्तिनिवृत्या'**. પરદ્રવ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ. પરદ્રવ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ. **'આ જ આત્મસ્વભાવમાં...'** જુઓ! હું તો ખાસ વસ્તુ છું. તો હું તો પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિસ્વરૂપ જ છું. લ્યો, અહીં આવ્યું. શું? લાદીના વેપાર અને છોકરા આદિ પરદ્રવ્યથી નિવૃત્તિરૂપ આત્મા છે. પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ છે. ક્યારે? અત્યારે. આવી ચીજ છે, એમ પહેલા નિર્ણય કરે છે. હજી નિર્ણયના ઠેકાણા નહિ, એ દુઃખની નિવૃત્તિનો પ્રયોગ ક્યાંથી કરે અંદર? સમજાય છે કાંઈ?

**'નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં...'** હવે આ બાજુ આવ્યા. પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ. **'આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...'** મારા આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો **'સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે...'** જુઓ, લ્યો. હજી નિર્ણય કરે છે, હોં! આત્મસ્વભાવ જે સામાન્ય વિશેષથી પરિપૂર્ણ છે, પ્રત્યક્ષ છે.. સમજાય છે? અને એ ષટ્કારકની ક્રિયા પર્યાયથી રહિત એવું શુદ્ધ દ્રવ્ય છે. એમાં **'નિશ્ચળ રહેતો થકો સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો...'** કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા કલ્લોલો. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પોના કલ્લોલો. પાણીમાં જેમ કલ્લોલ ઉઠે-તરંગ ઉઠે, એમ વિકલ્પ જે ઉઠે છે, **'પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો તેમના...'** લ્યો. ચંચળ વિકલ્પના કલ્લોલ તરંગમાળાના **'નિરોધ વડે...'** નિરોધ વડે **'આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો...'** એને રોકીને હું આત્માનો અનુભવ કરું છું, એમ હજી નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ? ભારે ટીકા છે, હોં!

**'तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं'** એમ છે ને? **'હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...**' એમાં '**ठिदो**'. સમજાય છે કાંઈ? '**तच्चित्तो**' '**કલ્લોલો તેમના નિરોધ વડે...**' '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' હજી તો આમ આવ્યું. હજી અંદરમાં નિર્ણય કરે છે. હું પ્રત્યક્ષ થવા લાયક અખંડ અનાદિઅનંત ચૈતન્યવસ્તુ ષટ્કારકની પર્યાયના ભેદરહિત શુદ્ધ વસ્તુ (છું). વિકારનો સ્વામી પુદ્ગલ છે, હું નહિ. માટે મમત્વરહિત છું. અને હું એક પારમાર્થિક વસ્તુ છું. સામાન્ય અને વિશેષ ગુણથી પરિપૂર્ણ પારમાર્થિક વસ્તુવિશેષ છું. માટે પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ '**વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો...**'

'**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' રાગના વિકલ્પથી રહિત મારું ચૈતન્ય આનંદસ્વરૂપ શુદ્ધ ધ્રુવ સામાન્ય વિશેષગુણથી પરિપૂર્ણ, એનો અનુભવ કરતો થકો. તેને અનુસાર અનુભવ કરતો થકો. લ્યો. કર્તા આવ્યું ને? કાર્ય કહે છે. '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ ભાષા. પહેલાં કહ્યું હતું કે વિકારનો સ્વામી પુદ્ગલ (છે). ત્યાં પછી બતાવ્યું હતું, કહ્યું હતું કે તારા સ્વરૂપમાં નથી તેથી કહ્યું હતું. સમજાય છે કાંઈ? પણ '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' ભાષા. પુદ્ગલથી નહિ, કર્મથી નહિ, જડથી નહિ. પોતાના અજ્ઞાનથી. પોતાના શુદ્ધ આનંદ જ્ઞાતા-દૃષ્ટાના અભાનથી, અબોધથી '**ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો...**' એ વિકારી ભાવ. '**તે સર્વને ક્ષય કરું છું...**' જુઓ! લ્યો. '**सव्वे एदे खयं णेमि**'. સમજાય છે કાંઈ? ઓહો..!

આ વિધિ. શીરો કેમ કરવો? હલવો. પહેલા લોટ ઘીમાં શેકવો. પછી ગોળનું, સાકરનું પાણી નાખવું. પછી શીરો થાય એને ખાવો. શીરો કહે છે ને? હલવો. એમ (અહીંયાં કહે છે), પહેલા શું કરવું? હું શું વસ્તુ છે એમ નિર્ણય કરવો. વિકારનો હું સ્વામી નથી એમ નિર્ણય કરવો. હું પૂર્ણાનંદ આનંદકંદ છું એમ નિર્ણય કરવો. પછી પોતામાં ઠરવું અને પોતાનો અનુભવ કરવો. આ વિધિ છે. આરે.. આરે..! સમજાય છે કાંઈ? એમાં બધી ખબર પડે. અહીં કહે કે... આ વિધિ. શીરો બનાવવાની વિધિ. આત્માનો અનુભવ કરવાની, આનંદનો અનુભવ કરવાની વિધિ. આ સુખરૂપ થવાની વિધિ, દુઃખથી નિવૃત્તિ થવાની વિધિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ વિધિ એ જ ક્રિયા છે. બીજી કઈ ક્રિયા? એ.. ન્યાલભાઈ! દલાલ છે ને ઈ. આહાહા..!

અહીંયાં તો આત્મા પરિપૂર્ણ દર્શન, જ્ઞાનથી સંપન્ન અખંડ પ્રત્યક્ષ જ્યોતિ અનાદિઅનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિજ્ઞાનઘન એકરૂપ, પર્યાયના ભેદથી રહિત અને વિકારનો સ્વામી પર, એવો હું મમત્વરહિત અને જ્ઞાયક સામાન્ય વિશેષથી વસ્તુસ્વરૂપ અને પરદ્રવ્યથી નિવૃત્તિ કરીને, તેની પ્રવૃત્તિથી નિવૃત્તિ કરીને ચંચળ કલ્લોલોનો નિરોધ (કરી). એ વિકલ્પ જે ઉઠે છે તે પોતાના સ્વભાવમાં રહીને તેનો નિરોધ કરું છું. હજી તો આવો નિર્ણય કરે છે. આહાહા..! આવી વિધિ લક્ષમાં આવ્યા વિના આસ્રવોથી નિવૃત્તિ થતી નથી. સમજાય છે કાંઈ?

'**વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' જુઓ! અહીંયાં એમ કીધું, ભાઈ! '**પરદ્રવ્યના નિમિત્તથી...**' ત્રણ બોલ લીધા. પહેલાં કહ્યું કે વિકારનો સ્વામી પુદ્ગલ છે. એક વાત. બીજું કહ્યું કે ચેતનમાં થતા ચંચળ કલ્લોલો, વિકલ્પો. એ વિકલ્પ ચેતનની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, જડમાં નહિ. ત્રીજો. પોતાના અજ્ઞાનથી આત્મામાં ઉત્પન્ન થતા. એ ત્રીજો બોલ લીધો. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સામાન્ય વિશેષ ગુણથી પરિપૂર્ણ, વિકારનો સ્વામી પર. એ મારું સ્વ નહિ કે હું એનો સ્વામી થાઉં. એ સ્વ નહિ. સ્વ તો હું દર્શન, જ્ઞાનથી પરિપૂર્ણ છું. પ્રત્યક્ષ થવા લાયક છું અને પર્યાયના છ ભેદથી રહિત છું. સમજાય છે કાંઈ?

અહીંયાં કહ્યું કે પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને (નિજ સ્વભાવમાં) નિશ્ચળ રહેતો થકો.. શું? ચંચળ કલ્લોલો, ચેતનમાં ઉત્પન્ન થતા જે ચંચળ કલ્લોલો. જે વિકારનો સ્વામી પુદ્ગલ કહ્યું હતું, એ પણ ઉત્પન્ન તો તારી પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પણ તારો સ્વભાવ નથી માટે એનો સ્વામી તું નહિ અને પુદ્ગલ કહ્યું હતું. સમજાય છે કાંઈ? એ વિકલ્પો પુદ્ગલે કરાવ્યા છે એમ નથી. આહાહા..! ભારે વાત. જુઓ! વિકારનો સ્વામી પુદ્ગલ કહ્યું છે. ઈ રહે ત્યાં સુધી રહેશે. પણ આ ઉત્પન્ન શેમાં થયા? સાંભળ તો ખરો. આહાહા..! એ તો સ્વસ્વભાવમાં નથી અને સ્વામીપણું જો હોય તો એ ચીજ કદી છૂટે નહિ. સમજાય છે કાંઈ? આસ્રવ જે પુણ્ય-પાપના ભાવ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે છે એ બધા ચૈતન્યની પર્યાયમાં ઉત્પન્ન થતા કલ્લોલ છે. મારો સ્વભાવ નથી પણ કલ્લોલ ઉઠે છે મારી પર્યાયમાં. સમજાય છે કાંઈ? એ ઉત્પન્ન થતાં રોકીને, નિરોધ કરીને. આસ્રવ નિરોધો સંવર. સમજાય છે કાંઈ?

'**(આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' '**તચ્ચિત્તો**' અનુભવતો થકો. '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ! પુણ્ય અને પાપના... પોતાનું ચૈતન્ય, આનંદસ્વરૂપ અનંત, અનાદિઅનંત નિત્યાનંદ સામાન્ય વિશેષસ્વરૂપ, એવી ચીજનો બોધ નહિ હોતા, તેનો અનાદર કરતો થકો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા એવા ક્રોધ, માન, માયા, લોભ, પુણ્ય-પાપના ભાવ, ક્રોધ શબ્દે ક્રોધ, માન એ દ્વેષ. માયા, લોભ એ રાગ. રાગ-દ્વેષના ભાવ છે '**તે સર્વને ક્ષય કરું છું.**' અહીં તો એમ નથી કે થોડો રાગ મારામાં રાખું છું, થોડોક લાભદાયક છે. શુભભાવ થોડો લાભદાયક છે અને પાપને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષય કરું છું અને પુણ્યને રાખું છું એમ નથી. બરાબર છે? સમજાય છે કાંઈ? ક્રોધાદિક ભાવ છે તે અજ્ઞાનથી આત્મામાં ઉત્પન્ન થાય છે. વસ્તુમાં નથી. વસ્તુના અબોધથી ઉત્પન્ન થતો વિકાર. અંશમાં વિકાર થવાની યોગ્યતા (છે). સ્વભાવ અને સ્વભાવવાનમાં એ છે નહિ. સ્વભાવ અને સ્વભાવવાનના અજ્ઞાનને લીધે પર્યાયના અંશમાં રુચિ કરવાને કારણે ઉત્પન્ન થયેલો જે વિકાર... સમજાય છે કાંઈ? સર્વનો ક્ષય કરું છું. મારા સ્વભાવનો અનુભવ કરીને હું ક્ષય કરું છું. બીજો કોઈ ઉપાય નથી. એમ નિર્ણય કરે છે. પુણ્ય કરતા કરતા પાપ જશે અને પછી પુણ્ય પણ જશે. (એમ ના હોય)

મુમુક્ષુ :- આવો તત્ત્વનો નિર્ણય કરવો પડે?

ઉત્તર :- આમ નિર્ણય કરો, એમ કહે છે પહેલાં. કહે છે ને? એડિયું લે છે ને? એડિયું. એડિયુંને શું કહે છે? રેચ માટે. જુલાબ માટે એડિયું લે છે ને? એરંડિયું લે તો દિશા પણ આવી જાય અને એરંડી પણ નિકળી જશે. એમ પુણ્ય કરતાં કરતાં પાપ પણ નિકળી જશે અને પુણ્ય પણ નિકળી જશે. એઈ..! દાખલા અમારે આપતા. દાખલો હતો જ કે દિ'? ખોટો. ઘણાં વર્ષ પહેલા અમારે દાખલા આપતા. જુઓ! પાપ છે ને. તો પાપને રોકે. પણ આપણે એક ગામ છોડવું હોય, ગામ છોડવું હોય, ગામ છોડીને બીજા ગામ જવું હોય તો આપણા લેણદાર હોય એ તો તમને રોકે, પણ આપણે પાંચ લાખ ગામમાં માંગતા હોય તો એ રોકે કોઈ? તું લઈ જા, નહિ તો નહિ જવા દઈએ. એમ પાપ તો રોકશે, પણ પુણ્ય ક્યાં રોકશે? પુણ્ય તને નહિ રોકે. પણ પુણ્ય જ રોકે છે, સાંભળ તો ખરો. આહા..! એવો દાખલો આપતા.

દાખલો સમજ્યા? એક ગામમાં રહેતા હોય. અને પાંચ-પચીસ લાખની પેદાશ થઈ. પછી કમાઈને પાંચ લાખનું લેણું હોય કોઈની પાસે. અને પાંચ લાખનું દેણું હોય કોઈનું. દેણું હોય એ તો તમને રોકે. પણ લેણુ હોય ઈ રોકે? કે લેતા જજો, પછી ગામ છોડજો. ઘણાં વર્ષ પહેલા દાખલો આપતા. પુણ્ય કરો કરો, ઈ નહિ રોકે. પણ ઈ પુણ્ય રાગ જ રોકશે. સાંભળ તો ખરો. તારી ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અમારે સંપ્રદાયમાં બહુ ચાલતું હતું ને. કર્મનું બહુ હતુ. કર્મના પક્ષનું.

એમ કે આપણે પાંચ લાખ માગીએ છીએ, ગામમાં પ્રજા પાસે. તો એ તમને નહિ રોકે તમારે ગામ ફેરવવું હોય તો. પણ જો તમારી પાસે માંગવાવાળા હોય કે લાવો અમારા પૈસા, પછી જજો. એમ પુણ્ય કરો, પાપ ન કરો. પાપ રોકશે, પુણ્ય નહિ રોકે. પુણ્ય અને પાપ એક જ વસ્તુ છે. સાંભળ તો ખરો. દાખલા એવા આપે ને. લોકોને જાણે.. આહા..! ભારે દૃષ્ટાંત લાગે. અહીં તો કહે છે, પુણ્ય-પાપનો સ્વામી હું નથી, પછી રોકવું-ફોકવું ક્યાં આવ્યું? અને મારી પર્યાયમાં ઉત્પન્ન થનારા કલ્લોલ છે. અને બેય ભાવ અજ્ઞાનથી ઉત્પન્ન થયા છે. પુણ્યભાવ ઠીક છે, પાપ અઠીક છે એવી વાત નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ? શાંતિથી જોવે નહિ, દેખે નહિ (અને પોકાર કરે) એકાંત છે, એકાંત છે. નહિ, વિકાર કર્મ કરાવે છે. જુઓ! અહીંયાં પુદ્ગલના કહ્યા. પણ એ તો તારા સ્વરૂપમાં નથી તેથી કહ્યું. પણ અજ્ઞાનથી કલ્લોલ ઉત્પન્ન થાય છે. પોતાના આનંદ સ્વભાવનો અનાદર કરવાથી શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા, એનું લક્ષ અને બોધ નહિ કરવાથી અજ્ઞાનથી વિકાર ઉત્પન્ન થાય છે. અહીં તો મિથ્યાત્વથી ઉત્પન્ન વિકારની વાત કરે છે. અસ્થિરતાના વિકારની વાત નથી. સમજાય છે કાંઈ?

**'તે સર્વને ક્ષય કરું છું...'** જુઓ! સમજાય છે? પહેલા તો આવો નિર્ણય કરે છે. પુણ્યને રાખું અને પાપનો નાશ કરું એમ નહિ. શુભભાવ છે ઈ વળાવો છે, વળાવો. વળાવા સમજો છો? સાથે જાય ને વળાવવા? વળાવાને શું કહે છે? સાથે રહે ને? વળાવા છે. પાપ દુશ્મન છે. અહીં તો કહે છે, પુણ્ય-પાપ બેય દુશ્મન છે. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? બેય અજ્ઞાનથી ઉત્પન્ન થનારા રાગ છે. ચૈતન્ય ભગવાનમાં સમ્યગ્જ્ઞાનથી વિકાર ઉત્પન્ન થાય એવી કોઈ ચીજ જ નથી. પછી પર્યાયની નબળાઈને લીધે ઉત્પન્ન થાય છે એ અજ્ઞાન નથી, પણ નબળાઈથી થાય છે તેને વિકાર ઉત્પન્ન થયો ખરેખર તો કહેવાતું પણ નથી.

અહીંયાં તો વસ્તુનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પરમાર્થ એક વસ્તુ, એનો બોધ નથી, એનું ધ્યાન નથી, એનું જ્ઞાન નથી, એનો પ્રેમ-રુચિ નથી. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકારને અહીંયાં વિકાર ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? **'અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું...'** પાછી ભાષા (એમ છે), **'खयं णेमि'**. અહીં તો ક્ષય-નાશ જ કરું છું. મારી વસ્તુમાં છે જ નહિ. વસ્તુમાં નથી તો વસ્તુમાં રહીને ક્ષય કરું છું. ક્ષય કરું છું એનો અર્થ, તે ઉત્પન્ન થતા નથી તો ક્ષય કરું છું એમ કહેવામાં આવ્યું છે. શબ્દે શબ્દના અર્થ .. આ લખ્યું છે ને આ લખ્યું છે. લખ્યા, કઈ અપેક્ષાએ લખ્યું છે? સમજાય છે કાંઈ? પહેલા પ્રથમાનુયોગ વાંચવા. અરે..! પ્રથમાનુયોગમાં કઈ નયથી સમજવું એ નયના જ્ઞાન વિના પ્રથમાનુયોગ વાંચે કોણ? સમ્યગ્જ્ઞાન વિના, નિશ્ચય-વ્યવહાર, હેય-ઉપાદેયના જ્ઞાન વિના પ્રથમાનુયોગ વાંચીને કાઢશે શું? સમજાય છે કાંઈ?

**'એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું..'** દૃષ્ટાંત આપે છે. **'ઘણા વખતથી પકડેલું જે વહાણ...'** દરિયામાં થાય છે ને? સમુદ્રમાં ભમરી થાય છે ને? વમળ. વમળમાં વહાણ પકડાઈ ગયું છે. ઈ વમળ છૂટી જાય તો વહાણ છૂટી જાય. દૃષ્ટાંતનો એક અંશ લેવો છે, હોં! વમળ છૂટે છે તો વહાણ છૂટે છે. કર્મ છૂટે તો છૂટે, એમ નથી લેવું. ફક્ત દૃષ્ટાંત લેવો. વમળ છૂટે તો... વહાણ આમ વમળમાં આવી ગયું છે. વમળ છૂટે તો છૂટી જાય. એમ આત્મા, રાગ-દ્વેષની પર્યાય મારી છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં આવી ગયો હતો તેને છોડી દીધું. વમળમાં આવી ગયો હતો. છોડી દીધું કે એ મારા નહિ. વિકારના ચકરાવામાં અનાદિથી પડી ગયો હતો. સમજાય છે કાંઈ?

**'એમ આત્મામાં નિશ્ચય કરીને,...'** આવો તો નિર્ણય કર્યો. આ નિર્ણય કરવાનો પણ વખત ન મળે, એને તત્ત્વનો લાભ ક્યાંથી થાય? આ તો કોઈ ક્રિયા જ નથી જાણે નિર્ણય કરવાની. સમજાય છે કાંઈ? વ્રત કરો, દયા, દાન કરો, આમ કરતા કરતા કરતા એમ થયું તો દર્શન તો છે નહિ. દર્શન હોય કે ન હોય, એ તો ભગવાન જાણે. જાઓ. આપણે વ્રત લઈ લો અને એ ક્રિયા કરો. ભગવાન જાણે. તને ખબર નથી તો અજ્ઞાન છે. એમાં શું? પૂછવું છે કોને? અજ્ઞાનથી તારી જેટલી ક્રિયા કરવામાં આવે બધી મિથ્યાત્વની ક્રિયા છે.

પ્રભુ! આસ્રવથી નિવૃત્તિની વિધિ શું છે? પૂછનારે પૂછ્યું તો એને કહ્યું કે જો ભાઈ! આવો નિર્ણય કર. આ વસ્તુ છે, વિકાર છે, સ્વામી નહિ, દર્શન, જ્ઞાન સ્વરૂપ આવું છે. હું આનો અનુભવ કરીને સ્થિર થઈને ચંચળ કલ્લોલનો નિરોધ કરું છું. અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી વિકારની દશાને ક્ષય કરું છું. એમ નિર્ણય કરીને. **'ઘણા વખતથી પકડેલું જે વહાણ...'** વમળમાં પકડાયેલું વહાણ **'તેને છોડી દીધું છે...'** વહાણને છોડી દીધું. **'એવા સમુદ્રના વમળની જેમ...'** ભમરી થાય છે ને? **'જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...'** જુઓ ભાષા. **'જેણે સર્વ વિકલ્પોને...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમાત્ર છું, આનંદ છું, વિકલ્પ મારી ચીજ નથી, પર્યાયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયા છે. એમ બોધ કરી, અંતરમાં એકાગ્ર થઈને **'વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...'** અંતર એકાગ્ર થઈને વિકલ્પ છૂટી ગયા. વિકલ્પ રહ્યા નહિ. જુઓ! સર્વ, હોં! સર્વ અને જલદી, બે શબ્દ પડ્યા છે. **'જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...'**

મુમુક્ષુ :- વિકલ્પોએ આત્માને છોડી દીધો એમ નહિ?

ઉત્તર :- આત્માએ વિકલ્પ છોડી દીધો. વમળે વહાણને છોડી દીધો. એમ આત્માએ વિકલ્પને છોડી દીધા. એમ દૃષ્ટાંત લેવો. સમજાય છે કાંઈ? એમાં તો વમળે પકડેલા વહાણને છોડી દીધું. અહીંયાં ભગવાન આત્માએ વિકલ્પને છોડી દીધા એમ લેવું. વિકલ્પ છૂટ્યા તો આત્મા છૂટી ગયો એમ નહિ. આહાહા..! વમન કરી નાખ્યું. છે જ નહિ, અંદરમાં છે જ નહિ, છૂટી ગયા. પર્યાયના લક્ષે ઉત્પન્ન થવાવાળા, સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્યના આશ્રયે અનુભવ કરીને.

કહે છે, **'સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...'** જલદી વમી નાખ્યા તો તે જ સમયે નાશ થવાના હતા, એ ક્યાં રહ્યું? અલ્પ કાળમાં શીઘ્ર નાશ કરી શકે છે કે નહિ? શું કહ્યું? એમ લખ્યું જ નથી. આવી ક્રિયા થશે ત્યારે અલ્પ કાળમાં વિકલ્પનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાશ થશે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એનો કાળ જ ઈ છે. સ્વભાવ ચૈતન્યમૂર્તિ હું છું, એમ દૃષ્ટિ થઈ તો વિકલ્પમાત્રનો હું સ્વામી નથી. એ અજ્ઞાનથી ઉત્પન્ન થતા હતા. એમ સ્વભાવમાં એકાગ્ર થયો તો તે જ સમયે વિકલ્પ ઉત્પન્ન થતા નથી. એવો જ કાળ છે એનો. આહાહા..! '**જલદી વમી નાખ્યા છે...**' જુઓ! ભાષા વમી નાખ્યા છે. કૂતરા વમનને ખાય, મનુષ્ય ખાય નહિ. એ વિકલ્પ છોડી દીધો, એનો આદર નથી કરતા. આહાહા..! પોતાના શુદ્ધ આનંદનો આદર કરવાથી વિકલ્પ છોડ્યા એ વમી નાખ્યા. ફરી કરતા નથી. શું થાય છે?

'**નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો,...**' જુઓ! '**વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**' એની પંક્તિનો અર્થ બાકી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૪, સોમવાર તા. ૩-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૩, ૭૪ પ્રવચન-૧૪૬**

સમયસાર કર્તાકર્મ અધિકાર ૭૩ ગાથા. છેલ્લી બે લીટી છે. મૂળ પ્રશ્ન શું છે? કે આ આત્માને આસ્રવો નામ દુઃખરૂપ દશાથી નિવૃત્તિ કઈ રીતે થાય? આત્મા જે આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ (છે), એ પહેલાં કહી ગયા, એમાં જે દુઃખરૂપ દશા છે, આસ્રવના પરિણામ, એનાથી નિવૃત્તિ કેમ થાય? એવો પ્રશ્ન છે. એના ઉત્તરમાં કહે છે. એ ઘણું આવી ગયું છે.

પહેલા તો નિશ્ચય કરે છે કે હું એક, એક શુદ્ધ છું. હું અનાદિ અનંત એક (છું) એવો નિશ્ચય કરે છે. અનાદિ અનંત વિજ્ઞાનઘન એક વર્તમાન નિર્મળ પર્યાયના કર્તા, કર્મ ક્રિયા આદિથી રહિત શુદ્ધ મમત્વ રહિત (છું). કેમ કે પુણ્ય-પાપના ભાવ મારામાં નથી. હું કરું એમ એમાં નથી. એમ પહેલા નિશ્ચય કરે છે. અને હું દર્શન-જ્ઞાન, સામાન્ય સ્વભાવ, વિશેષ સ્વભાવ એવા દર્શન જ્ઞાનથી પરિપૂર્ણ છું. અને આકાશાદિ પદાર્થ જેમ સ્વયંસિદ્ધ વસ્તુ છે એવો હું સ્વયંસિદ્ધ પદાર્થ વસ્તુ છું. એમ પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને, પોતાના આત્મસ્વભાવમાં કર્મના નિમિત્તે થયેલા કલ્લોલો, એને રોકીને અને પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકાર, એવી નિશ્ચય ભાષા કહી છે. પહેલા તો આવો નિશ્ચય કરે છે. સમજાણું કાંઈ? મારામાં જે વિકાર થાય એ મારા અજ્ઞાનને કારણે ઉત્પન્ન થાય છે. કોઈ કર્મથી-ફર્મથી, ફલાણાંથી ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ જે વિકાર, મિથ્યાદર્શન, રાગ-દ્વેષ પરિણામ એને ક્ષય કરે છે. એવો પહેલા તો નિશ્ચય કરે છે. સમજ્યા? ક્ષય કરું છું એવો તો નિશ્ચય કરે છે. મારે ક્ષય કરવો છે. રાખવા નથી.

એવો પહેલા નિર્ણય ભૂમિકામાં કરે ત્યારે જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમી ગયું તો વહાણ છૂટી જાય છે. એમ ભગવાન આત્મા '**तम्हि ठिदो तच्चित्तो**' એવો હું આત્મા છું. હું છું, હોં! પછી કેટલાક એમ કહે છે કે હું છું એ અહંકાર થઈ જાય છે. હું છું એમ નહિ. હું કાઢી નાખવું. હું કાઢી નાખવું એટલે બધું એક થઈ જાય, એમ. એમ નથી.

હું મારા અસ્તિત્વમાં એકલો છું. અને અજ્ઞાનથી જે વિકાર ઉત્પન્ન થાય છે એને હું છોડી દઉં છું. બધાનો ક્ષય કરું છું. એવો પહેલા નિર્ણય કરે છે. નિર્ણયની ભૂમિકામાં જો વિપરીતતા હોય તો સ્વભાવ સન્મુખ પણ થઈ શકતો નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? હું વિજ્ઞાનઘન છું, અનાદિઅનંત છું, પર્યાયની ક્રિયાના ભાવથી રહિત છું, વિકાર મારી ચીજમાં નથી. મંદ કરું એમ નહિ, મારામાં તો જ્ઞાન-દર્શન પરિપૂર્ણ છે. અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકાર એને હું મારા સ્વભાવમાં સ્થિત રહી અનુભવ કરીને ક્ષય કરું છું. એવો પહેલા નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? એવા નિર્ણયમાં જેની કચાશ છે, વિપરીતતા છે એ આત્મામાં, સ્વરૂપમાં (સન્મુખ થઈ શકે નહિ). હું મારામાં સ્થિત થાઉં છું અને હું મારો અનુભવ કરું છું, એમ એને નહિ થાય. સમજાણું કાંઈ? કર્મને કારણે વિકાર છે અને કર્મને કારણે આ છે. એ પહેલા તો કહ્યું હતું કે વિકાર મારો નથી માટે હુંપણું કરવાની ચીજ નથી. એ કારણે કહ્યું હતું કે વિકારનો સ્વામી પુદ્‌ગલ છે. પણ મારી પર્યાયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયો છે. એ મારા સ્વભાવમાં એકાગ્ર થઈને મારા પુરુષાર્થથી, સમજાણું કાંઈ? આમાં કાંઈ કર્મ-બર્મ ખસે તો આમ થાય એવી કોઈ વાત નથી.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં તો છે.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં હોય તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે (કહ્યું છે). બીજા શાસ્ત્રમાં હોય તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. એનાથી થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**'એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...'** પોતાનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદધામ, એનો નિર્ણય કરીને, એમાં સ્થિર થઈને અનુભવ કરીને એ વિકલ્પને છોડી દે છે. જેમ વહાણને વમળનું ચક્ર છોડી દે છે, એમ ધર્માત્મા પોતાના સ્વભાવમાં એકાકાર થઈને વિકલ્પને છોડી દે છે. **'એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો...'** જુઓ! છોડવામાં અવલંબન કોનું છે? નિર્વિકલ્પ ભગવાન અનંત ગુણરૂપ ભેદરહિત અચલિત. જેવું ધ્રુવ છે એવું ચળે નહિ એવું. નિર્મળ આત્માનું અવલંબન, અંતરમાં નિર્મળ આત્માને અવલંબતો, **'વિજ્ઞાનઘન થયો થકો...'** પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં એકાગ્રતાનું ઘનપણું સ્થિરપણું કરતો થકો **'આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.'** લ્યો! સમજાણું કાંઈ? આ વિધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંવર. કોનું સંવર બાંધે? સંવરને બાંધે ને? આ સંપ્રદાયમાં કરે છે, બે ઘડી બેસી જાવ. આસ્રવ છોડો અને સંવર કરો. એ ક્યાં ભાન છે હજી? આત્મા કોણ છે? કેવો છે? અને વિકાર કેમ ઉત્પન્ન થાય છે? અને વિકાર મારી સ્વતંત્ર અજ્ઞાનદશાએ ઉત્પન્ન થાય છે. એનાથી નિવૃત્ત થવામાં હું સ્વતંત્ર છું. સમજાણું કાંઈ? અને જ્ઞાનદર્શનથી હું પરિપૂર્ણ આનંદમૂર્તિ છું. જ્ઞાનદર્શન (લીધા). આનંદ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધો. કેમ કે જ્ઞાતા-દૃષ્ટા .. સ્વરૂપ છે ને? એ અંશથી આખો આત્મા જ્ઞાન-દર્શનથી ભરેલો છે. એવો એકરૂપ હું છું એવો નિશ્ચય કરીને સ્વરૂપમાં એકાકાર થઈને અનુભવ કરે છે. સમજાણું કાંઈ? ત્યારે આત્મા આસ્રવથી નિવૃત્ત થાય છે. ત્યારે એ મિથ્યાત્વ રાગ-દ્વેષના પરિણામથી અંતરમાં નિવૃત્ત થયો થકો વિજ્ઞાનઘનરૂપ પરિણમે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? છે ને ટીકા?

**'ભાવાર્થ :- શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો...'** ધર્મી જીવે... ભાવાર્થ સાદી ભાષામાં (છે). ટીકામાં ગંભીર ભાષા છે ને. શુદ્ધનયથી ધર્માત્માએ **'આત્માનો એવો નિશ્ચય કર્યો કે હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...'** એટલે કે પરદ્રવ્ય મારામાં નથી. જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું. એ વસ્તુમાં નાખી દીધું, પેલા આકાશની પેઠે. જ્ઞાન દર્શનથી ભરેલો ચૈતન્ય, સામાન્ય વિશેષ-દર્શન સામાન્ય, જ્ઞાન વિશેષ એવા ગુણથી ભરેલો. **'જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો...'** '**तम्हि ठिदो**'. પહેલા આવા સ્વરૂપનો નિશ્ચય કર્યો એમાં '**ठिदो**' સ્થિત. સમજાણું કાંઈ? આહાહા..! શિરો કેમ થાય એની વિધિ હોય છે કે નહિ? એમ આત્મામાં આસ્રવોથી કઈ રીતે નિવર્તે છે એની આ વિધિ છે, એમ કહે છે. આ વિધિથી દુઃખથી નિવૃત્ત થાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો...'** એનો અર્થ કે રાગની વિકલ્પજાળમાં રોકાયો હતો. હું જ્ઞાન શુદ્ધ ચૈતન્ય પૂર્ણ છું એવી દૃષ્ટિ કરીને, સ્વરૂપમાં સ્થિર થઈને એ વિકલ્પજાળને છોડી દે છે. અથવા વિકલ્પ જાળ છૂટી જાય છે. એને છોડી દે છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! આ ક્રિયા લ્યો આ ક્રિયા. હવે એ ક્રિયા નજરમાં આવે નહિ, કિંમત લાગે નહિ અને બહારમાં કરો, આમ કરો ને આમ કરો.

મુમુક્ષુ :- .. કરે.

ઉત્તર :- શું ધૂળેય કરે નહિ. શું કરે? મારામાં છે નહિ પછી પ્રશ્ન ક્યાં? કોને કરે? શરીર, વાણી, મન તો છે નહિ, કર્મ મારામાં નથી. સમજાય છે કાંઈ? અને વિકારના પરિણામ પણ હું કરું એવી ચીજ નથી. આહાહા..! મારામાં તો જ્ઞાનદર્શન આનંદ પરિપૂર્ણ સ્વભાવ ભરેલો છે. એવો નિર્ણય કરીને સ્વભાવમાં ઝુકવાથી, સ્વભાવનો અનુભવ કરવાથી વિકલ્પ નામ દુઃખનો ભાવ છૂટી જાય છે. જુઓ! દુઃખનો ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છૂટે છે. સમજાણું કાંઈ? આ વિધિ.

આ આત્મા કઈ વિધિથી આસ્રવોથી નિવર્તે છે એનો ઉત્તર ૭૩ ગાથામાં કહ્યો. લ્યો! વિધિ પણ બરાબર યથાર્થ કહી છે. નિર્ણયની ભૂમિકામાં પહેલા આવીને સ્વરૂપમાં ઠરે છે એમ કહે છે. જેનો નિર્ણય હજી સાચો નથી કે હું એક છું, શુદ્ધ ધ્રુવ છું, પરના વિકલ્પના મમત્વથી રહિત મારી ચીજ એવી છે. અને પરમાણુ અને આકાશ જેવા પદાર્થ છે એવો હું એક પારમાર્થિક પદાર્થ છું. મારા આત્મસ્વભાવમાં પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ કરીને હું મારામાં રહી શકું છું. અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા વિકલ્પને સ્વરૂપમાં સ્થિર થઈને છોડી શકું છું. સમજાણું કાંઈ? ઓલા કહે, કર્મ ખસે ત્યારે થાય છે. કર્મ ક્ષય થાય ત્યારે થાય એમ કહો. કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ કહો. અહીં કહે છે, કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીય ક્ષય થઈ જાય છે. સ્વરૂપમાં ઠરે છે તો વિકલ્પ છૂટી જાય છે. ક્ષય ક્ષય આવ્યું ને? ભાઈ, આ તો. ક્ષય. આહા..! કર્મ ખપે તો હું સ્થિર થઈ શકું એમ નથી. શેના ખપે પણ? એ કર્મ જાય તો હું સ્થિર થઈ શકું. હું સ્વરૂપમાં સ્થિર થાવ તો કર્મ એને કારણે જાય છે. આહાહા..! ભારે વાત ઝીણી! શેઠ! યાદ રાખવું કઠણ છે. અને ઓલી વાત તો આમ ચારે કોર. આ રળવાની, કમાવાની અને ધૂળની. એ બધાનું ધ્યાન રાખે છે. મૂકે શું? છોકરાઓનું બધું ધ્યાન રાખે. કાગળ-બાગળ લાવે. એય..! શોભાલાલજી! કાગળ આવે છોકરાના. પિતાજી આમ છે, આમ દીધું હતું, આમ લીધું હતું, આમ ગયા હતા. સમાચાર દઈ દે. અહીં તો કહે છે, એ સમાચાર દે તો પણ નહિ, ન લે તો એ કાંઈ આત્મામાં છે નહિ. આહાહા..!

‘**હવે પૂછે છે કે જ્ઞાન થવાનો...**’ જ્ઞાન શબ્દે આત્માના સ્વરૂપમાં સ્થિર થવું ‘**અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે?**’ એક સમયમાં બે થાય છે? ભગવાન આત્મા સ્વરૂપમાં સ્થિર થાય છે. જ્ઞાન નામ આત્મામાં સ્થિર થાય છે અને આસ્રવોથી નિવર્તે છે એનો એક કાળ છે? તો એક કાળ કઈ રીતે છે? સમકાળ કઈ રીતે છે? એ પૂછે છે. સમજાણું કાંઈ? પ્રકાશનું ઉત્પન્ન થવું અને અંધકારનો નાશ થવો એનો સમકાળ કઈ રીતે છે? જુઓ! શિષ્યનો પ્રશ્ન એવો છે. મહારાજ! જ્ઞાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છું એવું અંતર ભાન થવું અને આસ્રવોથી નિવૃત્તિ, વિકારથી અભાવસ્વરૂપ, સ્વભાવમાં સ્થિર થવું એનો સમકાળ કઈ રીતે છે? કે બેયનો સમકાળ છે. એ બતાવે છે લ્યો. ૭૪ ગાથા.

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**णादूण**'નો ... છે અહીં. ઓલામાં પણ આવ્યું હતું.

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

શબ્દાર્થ લ્યો ભાઈ શબ્દાર્થ. '**આ આસ્રવો...**' '**जीवनिबद्धा**' જીવની સાથે નિબદ્ધ છે. સ્વભાવ નથી. જોડાયેલ છે. નિબદ્ધ-જોડાયેલ છે. એ દૃષ્ટાંત આવશે, હોં! પુણ્ય-પાપના ભાવ, વિકારી ભાવ ભગવાન આત્માની સાથે નિબદ્ધ નામ સંબંધરૂપ છે, સ્વભાવરૂપ નથી. સંયોગ સંબંધરૂપ છે. દૃષ્ટાંત આપશે, હોં! '**અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખરૂપ છે, દુઃખ જ જેમનું ફળ છે એવા છે, એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્તિ કરે છે.**' પણ જાણીને, એમ જાણીને ધર્માત્મા એનાથી નિવૃત્તિ થાય છે.

હવે '**निबद्धा**'ની વ્યાખ્યા. જીવની સાથે પુણ્ય-પાપના ભાવ, દયા-દાન વિકલ્પનો ભાવ એ નિબદ્ધ છે. કઈ રીતે નિબદ્ધ છે? '**વૃક્ષ અને લાખની જેમ...**' પીપરનું વૃક્ષ હોય છે કે નહિ? પીપર-પીપર. પીપરનું વૃક્ષ હોય છે. મોટું પીપરનું વૃક્ષ હોય છે. એમાં લાખ થાય છે. લાખ થાય એટલે પીપરનો નાશ થાય છે. સમજાણું કાંઈ? પીપરનું ઝાડ હોય છે કે નહિ? પીપળો નહિ, હોં! પીપર. પીપરનું ઝાડ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો લાખ થાય છે પીપરમાં.

'**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' આસ્રવ ચૈતન્યમૂર્તિની સાથે જાણે લાખ ઝાડને ચોંટી હોય ને. ચોંટીને શું કહે? ચિપકી હૈ. એ ઝાડની સાથે ચોંટેલી ચીજ છે. એ ઝાડની મૂળ ચીજ નથી. ઝાડની મૂળ ચીજ નથી. પીપરની મૂળ ચીજ નથી. સમજાણું કાંઈ? આસ્રવ પુણ્ય-પાપનો ભાવ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિના ભાવ એ કેવા છે? કે '**જીવ સાથે બંધાયેલા છે;...**' વધ્યઘાતકનો ખુલાસો કરશે, હોં!

'**પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' અવિરુદ્ધ સ્વભાવ. અર્થાત્ જ્ઞાનાનંદ સ્વભાવ એ આત્માનો અવિરૂદ્ધ સ્વભાવ છે. એનાથી પુણ્ય-પાપનો સ્વભાવ અવિરુદ્ધ સ્વભાવનો અભાવ, પુણ્ય-પાપનો ભાવ અવિરૂદ્ધ સ્વભાવ નામ વિરૂદ્ધ સ્વભાવ. આહાહા..! ભારે! સમજાણું કાંઈ? એ શુભ-અશુભભાવ... શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લાખ થાય છે ને ઝાડમાં?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ હજી ખુલાસો કરશે. એ વધ્યઘાતકનો ખુલાસો નથી કર્યો. ખ્યાલ છે. વધ્ય એ પીપર હણાવા લાયક છે. વધ્ય-વધ્ય. બદ્ધ નહિ. વધ્ય. અને બંધાવાયોગ્ય છે. અને લાખ છે એ ઘાતક છે. એ પીપરની ઘાતક છે. એ ખુલાસો આવશે અંદર કૌંસમાં

**'વૃક્ષ અને લાખની જેમ...'** જુઓ! પીપર છે ને? પીપર હોય છે, આ બાવળ હોય છે. બાવળ સમજ્યાને? કાંટાળા. બબુલ. એમાં પણ એ પીપર થાય છે, હોં! બાવળને રાખ કરી નાખે. ગુંદ. ગુંદર થાય એ બીજું અને આ પીપર જુદી. ચિકાશ હોય છે. અમે જોઈ હતી. લાખ થાય. પીપરનું ઝાડ મોટું હોય ને, એમાં લાખ થાય છે. અમે જોયા છે આ ભાવનગરમાં. મોટી પીપરની આખી લાઈન હતી. પીપરના ઝાડની, હોં! મોટા ઝાડ. આમ લીમડા જેવા મોટા. (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની વાત છે. એ ... આખી લાઈન હતી. લાખ આવી તો એ ખલાસ થઈ ગયા. લાખ આવી તો એમાં બધા ઝાડ ખલાસ થઈ ગયા. અમે આવ્યા હતા પરદેશમાં. દુકાન ઉપર બેસતા હતા ને. ત્યાંથી આવ્યા તો કહ્યું, આ ઝાડ ક્યાં ગયા? લાખ થઈ હતી એટલે ખલાસ થઈ ગયા. એવું સાંભળ્યું હતું. સંસારદશામાં. પીપરની આખી શ્રેણિ હતી ને. સમજાણું કાંઈ? પીપરનું મોટું ઝાડ, હોં! મોટા લીમડા જેવા. લાખ આવી તો ખલાસ થઈ ગયા.

એમ **'(લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે.)...'** જુઓ અહીંયાં. ઝાડ ઘાત થવા લાયક છે અને લાખ ઘાત કરનાર છે. સમજાણું કાંઈ? **'તેવી રીતે આસ્રવો ઘાતક છે...'** પુણ્ય-પાપનો રાગ આત્માની શાંતિને ઘાતક છે **'અને આત્મા વધ્ય છે.'** હણાવા લાયક છે પર્યાયમાં. આહાહા..! પર્યાયની વાત છે ને. દ્રવ્ય-ગુણ તો છે એવા છે. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે તો એની પર્યાય તો આનંદની થવી જોઈએ. સમજાણું કાંઈ? એમ ન થતાં પુણ્ય-પાપના જે ભાવ થાય છે એ ઘાતક છે. કોના? પોતાની નિર્મળ પર્યાય ઉત્પન્ન થવામાં ઘાતક છે. આહાહા..! સમજાણું કાંઈ શેઠ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ નિર્મળાનંદ છે તો એની આનંદની અનાકુળતાની પર્યાય થવી જોઈએ. પણ એ વિકલ્પ જે રાગ છે એ ઘાતક છે. લાખ છે એ ઘાતક છે. અને પીપરનું વૃક્ષ ઘાતવા યોગ્ય-વધ્ય યોગ્ય છે. એમ ભગવાન ચૈતન્ય આનંદકંદ પ્રભુ ધ્રુવ ધાતુથી ભરેલો આખો ચૈતન્ય આનંદથી ભરેલો, એમ ભગવાન આત્મા એ પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વધ્ય-વધ થવા યોગ્ય થઈ જાય છે અને વિકલ્પ છે એ ઘાતક છે. શુભ-અશુભ પરિણામ આત્માની વર્તમાન શાંતિના ઘાતક છે. ઓહોહો..! ભારે વાત! સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય તો આનંદકંદ સચ્ચિદાનંદ મૂર્તિ છે-વસ્તુ. જ્ઞાયકભાવ આનંદથી ભરેલો આત્મપદાર્થ છે. એની પર્યાયમાં વિકલ્પ જે ઊઠે છે શુભાશુભભાવ એ આસ્રવ છે. મલિન છે, ઘાતક છે. કોના? પોતાની નિર્મળ પર્યાય ઉત્પન્ન થવામાં એ ઘાતક છે. આત્મા વધ કરવા લાયક થયો, પર્યાયમાં. એ ઘાતક છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે...'** લાખનો અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરૂદ્ધ છે. **'માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે;...'** લાખ વૃક્ષની સાથે માત્ર બંધાયેલી છે. **'લાખ પોતે વૃક્ષ નથી.'** વૃક્ષ નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ એવું ઝાડ, એની પર્યાયમાં જે વિકલ્પ ઊઠે છે રાગાદિ દયા-દાન, ભક્તિ, વ્રતાદિ કોઈપણ પરિણામ, એ આત્માની પર્યાયના ઘાત કરનાર છે. કેમ કે આત્માથી એ વિરૂદ્ધ ભાવ છે. આત્માનો અવિરૂદ્ધ ભાવ જે જ્ઞાન અને આનંદ છે એનાથી પુણ્ય-પાપનો ભાવ વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! એ વિરૂદ્ધ ભાવથી, શુભભાવથી આત્માને લાભ થાય, અત્યારે એમ કહે છે. લ્યો! આહાહા..! કહો, શેઠ!

મુમુક્ષુ :- આસ્રવ એવા જ છે.

ઉત્તર :- આસ્રવ એવા છે.

દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, જાત્રાનો... કહો, ન્યાલભાઈ! જે ભાવ ઉત્પન્ન થાય છે અને હિંસાનો, જૂઠનો, વિષયનો, ભોગનો જે ભાવ ઉત્પન્ન થાય છે એ બેય ભાવ આત્માની શાંતિના ઘાતક છે અને પોતાની પર્યાય શાંતિની ઘાત થવા યોગ્ય થઈ છે. ત્યારે થાય છે એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન નિત્યાનંદ પ્રભુ, નિત્યાનંદ આત્મા, સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ વસ્તુ, એની વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવ, જેમ વૃક્ષ અને લાખ બે વિરૂદ્ધ છે, વૃક્ષ અને લાખ કોઈ અવિરૂદ્ધ એકસ્વભાવી નથી, વિરૂદ્ધ સ્વભાવી છે. એમ ભગવાન આત્મા જ્ઞાન આનંદ સ્વભાવી અને પુણ્ય-પાપ તો વિરૂદ્ધ સ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ... અહીં શું કહે છે? સમજાય છે? **'इति ज्ञात्वा'**. એ વિકારભાવ ઘાત કરનાર છે, પર્યાયમાં ઘાત કરનારા છે એમ જાણીને એનાથી આત્મામાં નિવૃત્તિ કરે છે. એમ. આહાહા..!

જુઓ! અહીંયાં એમ નથી કહ્યું કે કર્મ ઘાતક છે અને પોતાની પર્યાય ઘાત થવા યોગ્ય છે, ભાઈ! સમજાણું કાંઈ? એમ નથી કહ્યું. ફક્ત એની પર્યાયમાં પરના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષે જે ઉત્પન્ન થનારા શુભાશુભ આસ્રવ છે, રાગ છે એ ઘાતક છે અને પોતાની પર્યાય નિમિત્ત નૈમિત્તિક સંબંધથી ઘાત થવા યોગ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘાતિકર્મ...

ઉત્તર :- ઘાતિકર્મ ક્યાં આવ્યું આમાં? ધૂળમાં? ઘાતિકર્મ એને ઘરે રહ્યું. ઘાતિકર્મ છે કે નહિ? ઘાતિકર્મ આત્માનો ઘાત કરે છે કે નહિ? કર્મ કર્મ જડમાં રહ્યા. જડ શું કરે આત્માને?

પોતાની પર્યાયમાં જેટલા શુભ અને અશુભભાવ ઉત્પન્ન થાય છે એ આસ્રવ છે. નવા આવરણનું કારણ છે. એ ભાવ, જેમ પીપરથી લાખ વિરૂદ્ધ સ્વભાવવાળી છે, એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવથી પુણ્ય-પાપના ભાવ વિરૂદ્ધ સ્વભાવ છે. તેથી પુણ્ય-પાપના ભાવ આત્માની શાંતિને ઘાતનારા છે. આત્મા ઘાતવા યોગ્ય પર્યાયમાં થઈ જાય છે. આહાહા..! ભારે વાત! રાડ નાખે આ બધા. પણ આ સામાયિક ને પોષા ને પડિકમણા ને પૂજા ને ભક્તિ કરીએ તો કાંઈક લાભ થાશે કે નહિ હળવે હળવે? (ન થાય) તો શું કરવા કરવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ.. ધર્મચંદજી! શું કરવું?

અહીં ભગવાન પરમાત્મા થવાનો ઉપાય કહે છે. આહાહા..! ભગવાન કહે છે કે અમે ભગવાન થયા, એ આ રીતે થયા છીએ. વીતરાગદશા... વીતરાગતા અહીં બતાવવી છે ને? વીતરાગતા, પુણ્ય-પાપ વીતરાગતા નથી, એ તો રાગ છે. એ આત્માનો વીતરાગ સ્વભાવ ત્રિકાળી, એની પર્યાયમાં ઘાત કરે છે. આત્મા ઘાતવા યોગ્ય થઈ જાય છે. આહાહા..! લાખનું નિમિત્ત આવ્યું ને? એ પ્રશ્ન ઉઠ્યો હતો ઘણાં વર્ષ પહેલા. લાખના નિમિત્તે, દેખો! લાખના નિમિત્તે ઝાડ હણાવા યોગ્ય. આ તો પણ દૃષ્ટાંત દીધું છે. લાખ ઘાતક છે, વૃક્ષ ઘાત થવા યોગ્ય છે. એમ વિકાર ઘાતક છે અને પોતાની પર્યાય ઘાત થવા યોગ્ય છે. એમાં પ્રશ્ન ઉઠ્યો હતો. નિમિત્ત જ્યાં શબ્દ આવે ત્યાં ઝઘડા. અહીં તો કહે છે કે લાખને કારણે, લાખ ઘાત કરનારી છે અને ઝાડ પીપરનું મોટું ઊંચું હોય તોપણ એ ઘાત થવાયોગ્ય છે. સમજાય છે કાંઈ? એવી પીપર મજબૂત હોય છે, હોં! બહુ કઠણ (હોય). એના રંગની ખબર હતી. એવો રંગ. પીપર મોટી પીપર લાઈનમાં હતી. એકદમ લાખ આવી તો ખલાસ થઈ ગઈ. સમજાણું કાંઈ? ભાવનગર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એ પછી પોલી થઈ જાય, પોલી. ખલાસ થઈ જાય. ઝાડ આખું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખલાસ થઈ જાય. ખલાસ થઈ જાય.

મુમુક્ષુ :- સૂકાઈ જાય

ઉત્તર :- સૂકાઈ જાય. બળી જાય એમ ને એમ. સૂકાઈ જાય, બધું ખલાસ થઈ જાય. આપણે ત્યાં ઉતર્યા ત્યાં પણ જોઈ હતી, નહિ? થોરાવા-થોરાવા.

મુમુક્ષુ :- અણિયાળું.

ઉત્તર :- અણિયાણું. અણિયાળામાં હતા ને? ત્યાં દરબારને ઘરે ઉતર્યા હતા ને. ત્યાં એના ઓલામાં હતા. બધી લાખ. ખલાસ થઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાખ-લાખ થાય છે ને? લાખ નથી જાણતા? આ લાખ વેચે છે ને બહુ? વૃક્ષમાંથી નીકળે અને વૃક્ષનો ઘાત કરે છે. આસ્રવ પર્યાયમાંથી ઉત્પન્ન થાય છે અને પોતાની પર્યાયનો ઘાત કરે છે. દૃષ્ટાંત એ માટે લીધું છે. કહો, હવે અહીં તો પાછું એ નાખ્યું. આ વંચાઈ ગયું છે ભાઈ હોં! લ્યો! એ પાનું આવ્યું ને? ૮૦ પાને વાંચી લીધું છે. એમાં આવ્યું હતું. જુઓ આમ થાય.. જુઓ આમ થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... મૂક્યું છે અને બીજું ઘણું મૂક્યું હતું. આમ કરી નાખે. કર્મથી હણાઈ જાય, નિમિત્તથી હણાઈ જાય.

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશમાં લખ્યું છે.

ઉત્તર :- પરમાત્મપ્રકાશમાં લખ્યું છે એ દાખલો છેલ્લો આપ્યો છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, આત્મા પંગુ છે. પંગુ છે. કર્મ લઈ જાય છે. આહાહા..! કઈ અપેક્ષાએ?

અહીં તો કહે છે કે પહેલો જ બોલ હજી. છ બોલ છે, છ. ૭૨ ગાથામાં ત્રણ બોલ લીધા હતા. અશુચિ, વિપરીત અને દુઃખ. અહીં છ બોલ લીધા છે. સમજાણું કાંઈ? પહેલા તો એ સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા અનાદિ અનંત ધ્રુવ શાશ્વત.. એની વર્તમાન દશામાં વિકૃતભાવ પુણ્ય-પાપ થાય છે એ ઘાત કરનારા છે. જીવની પર્યાયનું રક્ષણ કરવું એવો ભાવ નથી એ. જીવની પર્યાયનો ઘાત કરે છે. આહાહા..!

એમ '**णादूण**' '**ज्ञात्वा**' એમ છે ને? '**ज्ञात्वा निवर्तते तेभ्यः**' એક એક શબ્દમાં લેવું. એ બોલ તો છએ સમજાવશે. ભગવાન આત્મા... પીપરના વૃક્ષમાં જેમ લાખ ઘાતક અને હણાવા યોગ્ય થઈ ગઈ તો ઘાત થઈ જાય છે. એમ ભગવાન આત્મા પર્યાયમાં વિકૃત પર્યાય ઉત્પન્ન કરે છે. પુણ્ય-પાપનો ભાવ એ પર્યાયમાં શાંતિનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવ શાંતિને સહાય નથી કરતા, ઉત્પન્ન નથી કરતા. ઉત્પન્ન તો દ્રવ્યના આશ્રયે શાંતિ ઉત્પન્ન થાય છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શન એ શાંતિ છે. અનંતાનુબંધીનો અભાવ અને સમ્યક્ શાંતિ છે. એ શાંતિ આ શુભ કષાય આસ્રવથી ઉત્પન્ન નથી થતી. એ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી આનંદકંદ તેના આશ્રયે ઉત્પન્ન થાય છે. કારણ કે શુભ પરિણામ એ ઘાતક છે. ઘાતક છે એ સાધક ક્યાંથી થાય? એ જ કહ્યું ને કે ઘાતક હોય ત્યાં બીજે સાધક કહ્યું એ વ્યવહારનયથી કહ્યું. જ્યાં વ્યવહારને સાધક કહ્યો છે, નિયતનો હેતુ કહ્યો. કહ્યું કે નહિ છ ઢાળામાં? અને પંચાસ્તિકાયમાં કહ્યું ભિન્ન સાધ્ય-સાધનભાવ. રાગ ભિન્ન સાધન છે, સાધ્ય પૂર્ણ નિશ્ચય ભિન્ન છે. છતાં રાગને સાધન કહ્યું. એ વ્યવહારનયથી ભિન્ન સાધન કહ્યું છે.

મુમુક્ષુ :- લખ્યું પણ છે વ્યવહારનયે.

ઉત્તર :- લખ્યું છે ને. અયથાર્થ દૃષ્ટિથી કહ્યું છે. વ્યવહારનયથી કહ્યું છે, યથાર્થથી નહિ.

અહીં તો કહે છે કે એ શુભરાગ ઘાતક છે. વળી ત્યાં કીધું કે સાધક છે. એનો અર્થ શું એ સમજવું જોઈએ કે નહિ? અહીં ઘાતક નામ પોતાની પર્યાયનો ઘાત કરે છે. ત્યાં એવું નિમિત્ત રાગની મંદતાનું હતું, સ્વભાવનું સાધન કરે છે તો મંદતાના સાધનને સાધકનો આરોપ અપાય છે.

મુમુક્ષુ :- અપેક્ષા એટલે..

ઉત્તર :- અપેક્ષા એટલે જ્ઞાન. જ્ઞાનમાં કેટલી તાકાત! ત્રણ કાળ ત્રણ લોક જાણે. કેવળજ્ઞાનની તાકાત છે. એવો પ્રભુ આત્મા છે. એને હવે આટલી અપેક્ષાથી મુંઝવણ આવે કે અપેક્ષાથી જ્ઞાન વધે? સમજાણું કાંઈ? બીજે ઠેકાણે રાગની મંદતાને સાધન કહ્યું, હેતુ કહ્યું, કારણ કહ્યું. પણ એ તો ઉપચારિક કારણ છે, વ્યવહારિક કારણ, વ્યવહાર હેતુ, વ્યવહાર કારણ કહ્યું. અમરચંદભાઈ! આ ગડબડ મોટી તકરાર અત્યારે. પછી કહે કે એ વિકાર શુભભાવથી ધર્મ થાય છે. અને કર્મથી શુભભાવ, શુભભાવથી ધર્મ અને ધર્મથી મુક્તિ. એટલે કર્મથી મુક્તિ થઈ. કહો, રામસ્વરૂપજી! કહે છે કે આત્મામાં શુભભાવ... શુભભાવ તો જેવો કર્મનો ઉદય આવે એવો શુભભાવ થાય છે અને પછી શુભભાવથી ધર્મ થાય અને ધર્મથી મુક્તિ થાય છે. એટલે કર્મથી મુક્તિ થઈ. એમ છે નહિ. ભારે વાત.

અહીં તો હજી '**जीवनिबद्धाः**' નિ-એકલા બધા લઈ લીધા છે. '**निबद्धाः**' જાણે ઝાડ અને લાખ ભિન્ન ચીજ છે, વિરૂદ્ધ ચીજ છે. ભગવાન અનાકુળ આનંદતત્ત્વ છે એનાથી પુણ્ય-પાપ વિકલ્પ બદ્ધ છે, નિબદ્ધ છે, સંયોગ છે, પર છે, વિરૂદ્ધભાવ સ્વભાવ છે. આહાહા..! એમ '**ज्ञात्वा**'-એવું જ્ઞાન કરીને એનાથી નિવૃત્ત થઈને સ્વરૂપમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઠરે છે. એ એક જ સમય છે એમ કહે છે.

આસ્રવનું નિવર્તવું અને સ્વરૂપમાં સ્થિરતા થવી એનો એક જ સમય છે. બીજો સમય નથી. પહેલા સમયે આસ્રવ છૂટે અને ત્રીજે સમયે સ્થિરતા થાય આત્મામાં. અને સ્થિરતા પહેલા સમયે હોય અને આસ્રવ બીજે સમયે છૂટે છે. એમ નથી, સમકાળ છે. ભારે ઝીણું, ભાઈ! જગતને આ હાથ આવતું નથી ને. એટલે માણસ બિચારા મુંઝાય. ઘણા શાસ્ત્રોમાં વ્યવહારના કથન આવે ને. જ્ઞાનાવરણીએ જ્ઞાન રોક્યું ને મોહે સમકિત રોક્યું. અહીં તો ના પાડે છે. તારી ઉપાદાન પર્યાયથી ઉત્પન્ન થાય છે એ પણ તારા ઘાતને માટે વિકાર છે. આહાહા..! એવું અંતર જ્ઞાન કરીને ચૈતન્ય સ્વભાવ અનાકુળ જ્ઞાનમૂર્તિ છે, વિકાર-પુણ્ય-પાપના દુઃખરૂપ પરચીજ છે તો ઘાત કરનારી ચીજથી રુચિ હટાવીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરવાથી આત્માને સમ્યક્ શાંતિ મળે છે અને અશાંતિ એ જ સમયે ટળે છે. સમ્યગ્દર્શન થાય છે તો હું શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છું, તે જ સમયમાં મિથ્યાત્વ આસ્રવનો નાશ થાય છે. પ્રકાશ થાય અને અંધકાર રહી જાય એમ છે? એ તો કહે અમને સમ્યક્ત્વ છે પણ સંદેહ છે. સંદેહ છે કે મને સમકિત થયું છે કે નહિ? ઈ કહે છે કે જ્યારે સમ્યક્ થયું ત્યારે નિઃસંદેહ એને ભાન થયું કે મિથ્યાત્વથી નિવર્ત્યો છું. સમજાણું કાંઈ?

**'આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરૂદ્ધ સ્વભાવો હોવાથી...'** જુઓ! ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ અને શુભાશુભ પરિણામ સ્વભાવથી વિભાવ વિપરીત સ્વભાવ, એ વિભાવ છે. **'આસ્રવો પોતે જીવ નથી.'** એ આસ્રવ પોતે જીવ નથી. આહાહા..! આસ્રવ તે જીવ નહિ અને જીવ તે આસ્રવ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વધ્યઘાતક કહ્યું. વિરૂદ્ધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘાતક છે તો સ્વભાવથી વિરૂદ્ધ છે. સ્વભાવની ઉત્પત્તિનું કારણ નથી. એ તો પર્યાયમાં ઘાતનું કારણ છે.

મુમુક્ષુ :- જીવઆસ્રવ અને અજીવઆસ્રવ એ બે...

ઉત્તર :- એ જીવઆસ્રવ અને અજીવઆસ્રવમાં અહીંયા જીવઆસ્રવની વાત છે. અજીવ આસ્રવ જડ છે. એની સાથે શું કામ છે? ઉદયને જીવ-અજીવ આસ્રવ કહે છે, નવું આવે એને પણ અજીવઆસ્રવ કહે છે. એની સાથે અહીં સંબંધ નથી. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજી વાત છે. અહીંયાં એ વાત નથી.

અહીં તો ભગવાન પોતાના સ્વભાવનો આશ્રય છોડીને જેટલો વિકલ્પ શુભાશુભ ઉઠે છે, અહીં તો અજ્ઞાનની વાત મૂળ છે. સમજાણું કાંઈ? જે દ્રવ્ય-ગુણમાં નથી. આસ્રવ દ્રવ્ય-ગુણમાં નથી. પર્યાયનું લક્ષ કરીને જે શુભાશુભભાવ ઉત્પન્ન થયા એ આત્માની સાથે નિબદ્ધ નામ સંબંધરૂપ રાખે છે. સ્વભાવરૂપ નથી માટે વિરૂદ્ધભાવ છે. વિરૂદ્ધ (છે) માટે આત્માની જાત નથી માટે એ જીવ નથી. અને જીવ સ્વભાવ તે આસ્રવરૂપ સ્વભાવ નથી. આમાં ભારે આકરું. કહો, સમજાય છે કે નહિ? એય..! માણેકચંદજી એકવાર પૂછતા હતા. ત્યાં રળવામાં આમ મોટરું ચાલતી હોય ને આ ચાલે ને આ ચાલે. મોટર આમ દાબે તો ચાલે. અહીં કહે કે ના, દાબે તો ચાલતી નથી. એને કારણે ચાલે છે. કહો, .. ચાલે છે ને? ગોળ ચક્કર છે કે નહિ મોટરમાં? શું કહેવાય એને? આડી વાળવી હોય તો આમ કરે ને ફલાણું કરે. અહીં તો કહે છે કે એ લાકડી છે એને હાથ અડ્યો જ નથી.

મુમુક્ષુ :- મોટર ચાલી તો છે કે ચાલી પણ નથી?

ઉત્તર :- એ મોટર એને કારણે ચાલી છે. એ ચક્કર ફર્યું માટે ચાલી છે એમેય નહિ. ...ચંદજી! એવી ચીજ છે.

મુમુક્ષુ :- મોટર હંકારીને..

ઉત્તર :- કોણ હાંકી શકે? અહીં તો કહે છે કે મોટર ચલાવવાનો જે વિકલ્પ છે એ પણ આત્માનો ઘાત કરનાર છે. આહાહા..! સાંભળ્યું ભાઈ? એવી ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિકલ્પ આવે છે એ આત્માની શાંતિનો ઘાત કરનારા છે. આહાહા..!

અહીં તો શુભભાવ... એ તો અશુભ છે, મોટર ચલાવવાનો ભાવ. અહીં તો શુભ છે ભગવાનની ભક્તિ (કરે અને કહે) હે પ્રભુ! શિવપદ અમને દેજો. દેજો રે મહારાજ શિવપદ અમને દેજો. એવો જે વિકલ્પ છે, શિવપદ સમજ્યા પંડિતજી? શિવ-મોક્ષપદ. ભગવાનને કહે, હે પરમાત્મા! અમને શિવપદ દેજો. એવો જો વિકલ્પ ઉઠે છે એ ઘાતક-આસ્રવ છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ત્યારે કરવું શું?

ઉત્તર :- એ કરવાનું અંદરમાં છે. શું કરે? બહારમાં ધૂળ છે? શું કરે? એય..! શેઠ! આ બધી અત્યાર સુધી એમ ને એમ બફમમાં જિંદગી ગઈ છે, આ બધા વાણિયા અને શેઠિયાઓની. આ પૈસા દીધા અને આ કર્યા અને ધૂળ કરી, જાવ. દસ હજાર કહે તો દસ હજાર આપે. પચ્ચીસ હજાર કહે તો પચ્ચીસ હજાર લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોપડી છપાવી છે. બહુ સરસ મેં બનાવી. હોય અજ્ઞાનની બધી. પણ બહુ બનાવી જાવ. દસ હજાર ખર્ચે. સમજાણું કાંઈ? ધર્મ થશે. કારણ કે જ્ઞાનનો પ્રચાર થશે ને. ધૂળમાંય નથી. એ તો અજ્ઞાન છે.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય.

ઉત્તર :- ધૂળેય ન થાય એનાથી. રજનીશનું પુસ્તક બતાવતા હતા અને તમારા દાલચંદજી છપાવતા હતા. અમને ખબર છે. એકલું વિપરીત અજ્ઞાન હતું. એય..! શોભાલાલજી! મલારગઢમાં કહ્યું હતું, હોં! મલારગઢમાં દાલચંદજીને કહ્યું હતું. વિપરીત શાસ્ત્ર છે, એના પુસ્તક બનાવવા ઈ. અમે તો બનાવતા હતા, બે-પાંચ હજાર ખર્ચીને બનાવી આપતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો પહેલા જે શાસ્ત્ર રચ્યા એ જ અજ્ઞાન છે. વાસ્તવિક વીતરાગનો માર્ગ જ નથી એમાં. વીતરાગનો માર્ગ જેમાં કહ્યો એવા યથાર્થ શાસ્ત્રો બનાવવાનો ભાવ છે એ વિકલ્પ છે. આહાહા..! એનું પોષણ કરવું, ખોટા જ્ઞાનનું પોષણ કરવું એ તો મિથ્યાત્વ સહિતના રાગનું પોષણ છે. સમજાણું કાંઈ? અમરચંદજી! ભારે વાત, ભાઈ!

અહીં તો કહ્યું, આત્મા એક છું, શુદ્ધ છું, અભેદ છે, એકાકાર સ્વરૂપ વીતરાગ સિવાય એવો માર્ગ ક્યાંય નથી. સમજાણું કાંઈ? અને જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ હું છું. એકરૂપ છું. બધાથી હું એક એમ નહિ. બધા મારાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એવા દૃષ્ટિવંત જે છે તે, આસ્રવ બદ્ધ લાયક છે, ઘાતક છે એમ જાણીને નિવર્તે છે. પણ આવો આત્મા માનીને. સમજાણું કાંઈ? ઓલા કહે, નહિ. આત્મા છે નહિ કાંઈ. તમને શ્રદ્ધા છે આત્માની? શ્રદ્ધા પણ નહિ. શ્રદ્ધા વળી કેવી? કહે. શ્રદ્ધા હશે તો અશ્રદ્ધા થાશે.

મુમુક્ષુ :- શ્રદ્ધા કરવાનો વિકલ્પ મૂકી દો.

ઉત્તર :- પણ એ તો શ્રદ્ધાનો વિકલ્પ. પણ શ્રદ્ધાસ્વરૂપ આત્મા છે એને ક્યાં મૂકે? વાસ્તવિક આત્મા અખંડાનંદ અનંત ગુણનો પિંડ છે એવી જે અંદર શ્રદ્ધા એ તો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને અહં (હું) એક છું એવા સ્વભાવની શ્રદ્ધા છે. એ કંઈ વિકલ્પની વાત નથી. વિકલ્પ જૂઠા છે. પણ એકરૂપ વસ્તુ છે એ ખોટી નથી. સમજાણું કાંઈ?

એક બોલ કહ્યો. '**जीवनिबद्धाः**'ની વ્યાખ્યા થઈ. '**जीवनिबद्धाः**' વૃક્ષ લાખથી બંધાયેલું છે. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી બદ્ધ છે. ઓહોહો..! એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યવહારને સાધન કહેવું અને નિશ્ચય અંતર સ્વરૂપની દશાને સાધ્ય કહેવું, એ તો વ્યવહારનું કથન છે. એ કાળમાં કષાયની મંદતા અનુકૂળ વ્યવહાર કેવો હોય એ બતાવવાની વાત છે. વ્યવહારે અનુકૂળ, હોં! નિશ્ચયથી પ્રતિકૂળ છે. આહાહા..! સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને મુનિને પંચ મહાવ્રતનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ (આવે) એ છે તો વિરૂદ્ધ, ઘાતક છે. પણ એ ભૂમિકામાં એવી કષાયની મંદતાનો યોગ થાય છે ત્યારે નિશ્ચયની સાથે એવું હોય તો એને વ્યવહાર સાધન કહેવામાં આવ્યું. કહેવામાં આવ્યું. વાસ્તવિક સાધન છે નહિ. આહાહા..!

'**જીવનિબદ્ધાઃ**' કહો, સમજાણું કાંઈ? ચૈતન્ય ઝાડ છે અંદર મોટું. અનંત ગુણનો પિંડ પ્રભુ એની પર્યાયમાં વિકલ્પ જે ઉત્પન્ન થાય છે શુભ, અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના, એ બધા આત્માનો ઘાત કરનારા છે. પોતાની શાંતિ શાંતસાગર પ્રભુ છે એની પર્યાયને ઉત્પન્ન થવા દેતા નથી. સમજાણું કાંઈ? એ શુભયોગથી ક્ષાયિક સમકિત થાય છે, એમ કહે છે અત્યારે તો. અરે..! ભગવાન! ઘણું નાખ્યું છે, નિમિત્તનું એટલું બધું નાખ્યું છે, .. એમ ને એમ ચાલે છે. લ્યો, અહીં ૩૨ સુધી આવ્યું. .. એય..! નિયતિવાદી! એમ કહીને બોલાવે છે. ફેરવો, એ શ્રદ્ધા ખોટી છે. આગમથી વિરૂદ્ધ છે, ફલાણાથી વિરૂદ્ધ છે. અરે..! ભગવાન! આહાહા..! (નિયતનો) નિશ્ચય જ્યારે કરે છે તો સાથે પુરુષાર્થ છે, સ્વભાવ છે, બધું છે. નિયતની સાથે પાંચ (સમવાય) નથી?

મુમુક્ષુ :- એ તો નિયત સાથે અનિયત...

ઉત્તર :- અનિયતનો અર્થ પર્યાયમાં ફેરફાર થઈ જાય એમ નહિ. ભગવાન આત્મા પોતાના પુરુષાર્થથી સ્વભાવના સાગરમાં એકાકાર થઈને સ્થિર થાય છે તો પાંચેય સમવાય સાથે છે. સમજાણું કાંઈ? નિયત છે, ભવિતવ્ય છે, એ જ સમયે એવા કર્મના ઉદયનો અભાવ પણ છે, સ્વભાવ પણ છે અને પુરુષાર્થ પણ છે. અરે..! ભગવાન! એને ભગવાને જોયું છે. તો ભગવાને આ નથી જોયું? કે આ સમયે એના જ્ઞાનનો નિર્ણય કરશે નિયત કાળમાં ત્યારે પુરુષાર્થ સ્વભાવ તરફ ઢળશે, કરશે એમ ભગવાને નથી જોયું? સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- ભગવાન શું ન દેખે?

ઉત્તર :- ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોક દેખે છે. સમય સમયે એ પુરુષાર્થ કેવો કરે છે, કેવો કરશે, કેવા કાળે અને કેવા સ્વભાવમાં. ભગવાનના જ્ઞાનમાં બધું પહેલેથી આવ્યું છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞનો નિર્ણય કરે. એ તો આપણે આવી ગયું નહિ હમણાં? ઉત્પાદ-વ્યય ક્રમ. ક્રમરૂપ, અક્રમરૂપ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મામાં. એ ક્રમનો અર્થ એમ ન કહે. એ એમ જ છે ત્યાં. પર્યાયનું ક્રમે વર્તન કરવું, ક્રમે ક્રમે થવું, ગુણનું અક્રમે રહેવું એવો એક ગુણ છે. ભગવાને જોયું માટે થાય છે એમ નહિ. એવો જ્ઞેયનો, પોતાના આત્માનો ગુણસ્વભાવ. બધા દ્રવ્યનો. એવો સ્વભાવ ધરનાર ભગવાન, એની ઉપર દૃષ્ટિ થતાં એ ઉત્પાદ-વ્યય ક્રમે થાય એનો નિર્ણય ત્યારે થાય છે એને. સમજાણું કાંઈ? એક વાત આવી હતી, નહિ? હમણા આ પર્યુષણમાં. એ હતા ને સહરાનપુરવાળા? ત્યારે આવ્યા હતા વ્યાખ્યાનમાં.

બીજો બોલ '**अध्रुवाः**'. એક બોલ થયો. હવે આ બીજો બોલ '**अध्रुवाः**'. આસ્રવ અધ્રુવ છે. અનિત્ય અને અધ્રુવ બે ભિન્ન પાડશે. અધ્રુવ અનિત્ય બે ભિન્ન પાડશે. '**अध्रुवाः**' બીજો બોલ છે અને '**अनित्याः**' ત્રીજો બોલ છે. બેમાં ફેર છે. સાંભળો, સમજો. આસ્રવ એ આત્મામાં જે પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે રાગ, એ '**આસ્રવો વાઈના વેગની જેમ...**' અમારે વાઈનો રોગ કહે છે. વાઈ આવે ને? મૃગી. મૃગીનો રોગ કહે ને તમારે હિન્દુસ્તાનમાં. મૃગી. અમારે વાઈનો રોગ કહે છે. સમજ્યા? '**વધતા-ઘટતા હોવાથી...**' પહેલા એટલો વધી જાય કે ફીણ વળી જાય, ફીણ. ફીણ-ફીણ વળે. વળી ઘટી જાય. ચામડું સુંઘાડે. જોડા હોય ને જોડા. જુતા. વળી થોડું ઘટી જાય. ધીમે ધીમે ઘટી જાય. ધીમે ધીમે વધી જાય. સમજાણું કાંઈ? એને વાઈનો રોગ કહે છે. તમારામાં મૃગી (કહે છે).

'**વાઈના વેગની જેમ...**' દૃષ્ટાંત આપ્યું છે ભગવાન અમૃતચંદ્રાચાર્યે. એકદમ આવે. વળી ધીમું (પડી જાય). '**જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે;...**' જુઓ! આસ્રવ વધી પણ જાય, ઘટી પણ જાય. પુણ્ય પરિણામ વધે, વળી ઘટી જાય. પહેલા એવો ભાવ થઈ જાય.. આહાહા..! અરે..! દાન કરી દઉં. આ પાપ કરીને આટલા પૈસા મળ્યા છે. પાપ તો મેં કર્યું. પૈસા મળ્યા તો પચાસ લાખ છે એમાંથી દસ લાખ હું આપું છું. એવો શુભભાવ આવ્યો. વધી ગયો. હાય-હાય બધું મારું ચાલ્યું જશે? વળી ઘરે ગયા ત્યાં, શું કર્યું બાપુ? આટલું બધું કોને દીધું તમે? દસ લાખ? દસ લાખ? પણ ભાઈસાહેબ મને ભાવ તો એવો આવ્યો હતો. એય..! વળી પાછો ભાવ ઘટી ગયો. એટલું બધું તમે કહી દીધું? પણ એ વખતે એવો ભાવ આવી ગયો. વળી પુણ્યનો ભાવ ઘટી જાય. એમ પાપનો. અહીં બેય વાત છે ને. એવી તીવ્રતા, યુવાન અવસ્થા. ભોગ ને લાલચ ને એકાકાર. વળી વૃદ્ધાવસ્થા આવે ત્યાં ભોગની વાસના મંદ પડી જાય.

'**આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે;...**' શુભ અને અશુભ બેય લેવા, હોં! શુભભાવ પણ વધી જાય. આહાહા..! ... થઈ, એક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરોડ રૂપિયા મળ્યા. પણ કરોડના પુણ્યના રજકણ તો મારી પાસે હતા. એ પુણ્યના રજકણનો નાશ થયો તો મળ્યા. મેં નવું તો પાપ કર્યું. એય..! શોભાલાલજી! એય..શેઠ! લાવ ભાઈ થોડા ખર્ચીએ, કરોડ ને પચાસ લાખ તો આપે નહિ ભડના દીકરા. પણ દસ લાખ, પાંચ લાખ, દસ લાખ, પાંચ લાખ આપે. દસ લાખ, પાંચ લાખ દેવાનો ભાવ કરે. ભાવ આવે. એય..! પોપટભાઈ! પાછા જ્યાં ઓલા છોકરા કહે, બાપુજી! કેટલું કર્યું? પણ અમને પૂછ્યા વિના તમે આટલા બધા કહ્યા. એવો વિચારે આવી ગયો કે આ ધર્મનું નામ રહી જાય. બનાવો મંદિર, જાવ. બાહુબલીજીની પ્રતિમાનો ભાવ થઈ ગયો પચાસ હજાર દયો તમે. પાંચ લાખ દઈને બનાવો. વળી પાછો (વિચાર આવે), એટલા બધા નહિ. ઘટી જાય. એ શુભભાવના આસ્રવની સ્થિતિ એવી છે કે વધ-ઘટ થઈ જાય. માટે એને અધ્રુવ કહે છે. અનિત્યમાં એક પછી એક થાય એને અનિત્ય કહેશે. અને આ તો વધે-ઘટે એને અધ્રુવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત બીજું આવશે. આસ્રવ એટલે પુણ્ય-પાપના ભાવ '**વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...**' એવો શુભભાવ થઈ જાય કે...

મુમુક્ષુ :- વધી જાય ત્યારે મજા આવે કે નહિ?

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. એ શુભભાવ તો રોગ છે. આ શું કહે છે? અધ્રુવ છે. ભગવાન આત્મા ધ્રુવ છે. એમ બતાવવું છે ને? સમજાણું કાંઈ? કહ્યું ને પહેલા? લાખ છે એ જીવ નથી. એ ભિન્ન છે એમ કહેવું છે.

'**વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...**' પુણ્ય-પાપ. પાપનો ભાવ પણ ઘટી જાય, વળી વધી જાય. વિષયની વાસના, હિંસાનો ભાવ, જૂઠું બોલવું, ચોરી કરવી, ક્રોધ કરવો, માન-માયા તીવ્ર થઈ જાય, વળી મંદ થઈ જાય. વધી-ઘટી જાય. એ તો વધી-ઘટી જાય એ અધ્રુવ આસ્રવ છે. એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

'**ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.**' એની સામે લીધું. જાણન... જાણન... જાણન... જાણન... જાણન... સ્વભાવ. એ જ્ઞાયકભાવ એ જ ધ્રુવ છે. આસ્રવ અધ્રુવ છે, ભગવાન આત્મા ધ્રુવ છે એમ કહે છે. એમ '**णादूण**', એમ '**ज्ञात्वा**'. વધે-ઘટે છે એ આસ્રવ છે અને હું વધ-ઘટ વિનાનો ધ્રુવ છું. ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ધ્રુવ છું એમ જાણીને જે સમયે એનાથી નિવર્તે છે તે જ સમયે આત્મામાં સ્થિર થાય છે. તો સ્થિરતા અને આસ્રવથી નિવૃત્તિનો કાળ એક છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

વાઈનો વેગ .... એકદમ બેઠો હોય સાંભળવા અને એકદમ અંદરથી વધી જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તમારે થાય છે ને છોકરાને નહિ? છોટાલાલને થાય છે ને. ... પછી ધીમે ધીમે ઘટી જાય. એમ આ પુણ્ય-પાપના ભાવ વધે અને ઘટે એવા છે. એ આત્માનું સ્વરૂપ નથી એમ બતાવવું છે. વધે-ઘટે ત્યારે તો જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ છે. ચૈતન્ય જાત, ચૈતન્ય જાત શુદ્ધ પરમાત્મા ધ્રુવ છે. એવો ને એવો અનાદિ અનંત છે. ધ્રુવનું લક્ષ કરીને આસ્રવ અધ્રુવ છે એમ જાણીને એનું લક્ષ છોડી દે છે અને ધ્રુવમાં લીન થાય છે. તો તે જ સમયે શાંતિ અને તે જ સમયે અશાંતિથી નિવૃત્તિ. આસ્રવથી નિવૃત્તિ અને સ્વરૂપની રમણતા. એ બેમાં સમયભેદ નથી. સમજાણું કાંઈ?

'**ચૈતન્યમાત્ર...**' ચૈતન્યમાત્ર કેમ કહ્યું? એમાં વિકાર નથી એકલો ચૈતન્યમાત્ર. એમ શબ્દ પડ્યો છે ને. ચૈતન્યમાત્ર. વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપ એ જ જીવ ધ્રુવ છે. ચૈતન્યમાત્ર જીવ એમ લીધું. જીવ તો દ્રવ્ય છે પણ ચૈતન્યમાત્ર સ્વભાવ. એમ. ચૈતન્યમાત્ર જાણન-જાણન સ્વભાવમાત્ર જીવ છે એ ધ્રુવ છે. એ સિવાયના પુણ્ય-પાપના ભાવ વધે-ઘટે એ અધ્રુવ છે. એમ જાણીને એનાથી નિવૃત્ત થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને આસ્રવની નિવૃત્તિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૫, મંગળવાર તા. ૪-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૪, પ્રવચન-૧૪૭**

**'जीवणिबद्धा'** એનો અર્થ થઈ ગયો. શું કર્યો? જેમ પીપરના ઝાડની સાથે લાખનો સંબંધ નિબદ્ધ ઉપાધિ છે. પીપર-પીપર હોય છે ને? આ ઝાડ. પીપરનું મોટું ઝાડ હોય છે. એમાં જે લાખ થાય છે એ પીપરસ્વરૂપ નથી. એ ઉપાધિસ્વરૂપ છે. એ સંબંધસ્વરૂપ છે. પીપરનો સ્વભાવ નથી. એમ પુણ્ય-પાપના ભાવ આત્માની સાથે નિબદ્ધ છે, સંબંધ છે, ઉપાધિક છે. જીવ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જીવ કોણ નહિ?

ઉત્તર :- આ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો જે ભાવ થાય છે એ જીવ નથી.

મુમુક્ષુ :- પાપના ભાવની તો વાત જ ક્યાં.

ઉત્તર :- પાપની વાત નહિ. પાપ તો છે.

શુભ કે અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, ક્રોધ, માન પાપ પરિણામ કે દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ દાન આદિ શુભ, એ જીવસ્વરૂપ (નથી). જેમ પીપરનું ઝાડ છે એ પીપરના ઝાડ સાથે લાખનો તો સંબંધમાત્ર છે. લાખ ઘાતક છે. પીપર ઘાત થવાને લાયક પર્યાયમાં છે. વધ્યઘાતક છે ને? એમ ભગવાન આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપ છે. એની સાથે આ પુણ્ય-પાપના ભાવ એ લાખ સમાન ઘાતક છે. પોતાની શાંતિની પર્યાય પોતાના આત્મામાં વધ્ય થવા લાયક છે અને એ વધ કરનાર શુભાશુભ પરિણામ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, રમણિકભાઈ! કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્યાં ધંધા... ધંધા... ધંધા... ધૂળના-પાપના. આખો દિ' પાપ. એમ હશે? અમૃતલાલભાઈ!

મુમુક્ષુ :- મહેનત કરીને કમાય એમાં...

ઉત્તર :- ધૂળમાંય કમાવું નહિ. એ તો પુણ્ય હોય તો પૈસા મળે.

રાગ... રાગ... રાગ... રાગ... રાગ... રાગ... એ રાગ અશુભ હો કે એમાં દાન-દયા પૈસા દેવાનો રાગ મંદનો ભાવ હોય, પણ બેય ભાવ લાખ સમાન આત્માના સ્વભાવની વર્તમાન શાંતિના ઘાતક છે. સમજાય છે કાંઈ? વિકૃત અવસ્થા ઉત્પન્ન થાય તો નિર્વિકારી અવસ્થા નથી થવા દેતી. તેથી જીવસ્વભાવથી, જેમ પીપર સ્વભાવથી લાખ વિરૂદ્ધ સ્વભાવવાળી છે, એમ ભગવાન આત્માના જ્ઞાન અને આનંદ સ્વભાવથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પુણ્ય-પાપનો ભાવ વિરૂદ્ધ સ્વભાવ છે તેથી એ જીવ નથી. બહુ ઝીણી વાત છે. આહા..! હવે આ શરીર જીવ નહિ, કર્મ જીવ નહિ, એના બાયડી-છોકરા આ જીવ નહિ, પૈસા અને હજીરા-મકાન મોટા, પાંચ-પાંચ લાખ, છ-છ લાખના મકાન છે ને મોટા આરસપહાણના? કહે છે, એ જીવ નહિ.

મુમુક્ષુ :- એ તો પૈસા દઈને લીધા હોય તો શેના હોય?

ઉત્તર :- પૈસા કોના હતા તો દે? પૈસા તો અજીવ છે.

અહીં તો પૈસા દેવાનો જે ભાવ હતો એને કહ્યું એ પાપભાવ એ જીવસ્વરૂપ નહિ. એ જીવમાં સંબંધરૂપ ઉપાધિભાવ છે. આહાહા..! અહીં તો વ્યહારરત્નત્રયનો રાગ ઉપાધિભાવ છે, જીવ નહિ. આહાહા..!

ભગવાન આત્મા તો અવિરૂદ્ધ અર્થાત્ એનો ચૈતન્યસ્વભાવ, ચૈતન્યથી અવિરૂદ્ધ સ્વભાવવાળો આત્મા છે. અને પુણ્ય-પાપના ભાવ વિરૂદ્ધ સ્વભાવવાળા હોવાથી એ જીવસ્વરૂપ નથી, એ જીવ નથી. એમ જાણીને '**णादूण णिवत्तदे तेहिं**'. જીવ એને ઉપાધિ જાણીને, જીવનું સ્વરૂપ નથી એમ જાણીને પુણ્ય-પાપની પર્યાય ઉપર જે લક્ષ હતું એને છોડીને, પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વભાવ તરફ આવીને શુભાશુભભાવથી આત્મા નિવૃત્ત થાય છે. આહાહા..! એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. કહો, શેઠ! સાંભળ્યું પણ નથી કોઈ દિ', એમ ને એમ આમ ને આમ... ખરું કે નહિ?

મુમુક્ષુ :- સંભળાવ્યું નહિ.

ઉત્તર :- સંભળાવ્યું નહિ. સોભાગભાઈ! ભાઈ તો એમ કહે છે, લ્યો.

મુમુક્ષુ :- આ પદ્ધતિથી કથની જ નથી.

ઉત્તર :- કથની નથી, વાત સાચી. એ પદ્ધતિ આખી ફેરફાર થઈ ગઈ.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય વસ્તુનું વાચ્ય-ચૈતન્ય ભગવાન આત્મા, જે અનાકુળ આનંદ રસકંદ છે એ જીવ (છે) અને પુણ્ય-પાપ, શુભ અને અશુભભાવ એ જીવ નથી. કેમ કે એ ઉપાધિક છે, કેમકે એ સ્વભાવભાવ નથી. સંબંધ. સંબંધ-નિબદ્ધ નામ જાણે જોડે કોઈ આ પાંચ આંગળીમાં એક આગળી વધારે હોય છે ને? લટકે છઠ્ઠી નહિ? હોય છે કે નહિ? એમ ભગવાન ચૈતન્ય અંતર આનંદકંદ ઉપર એ પુણ્ય-પાપનો ભાવ ઉપાધિક છે, મેલ છે. એ તો પહેલા અશુચિ, જડ અને દુઃખ એ ત્રણ બોલ ૭૨માં આવ્યા હતા. અહીં છ બોલ બીજા લીધા છે.

એ જીવસ્વભાવ છે? ના. સમજાણું કાંઈ? આ મોટી ચર્ચા થઈ હતી. આપણે શેઠિયા છે કે નહિ? શેઠિયામાં તુલસી છે ને? તુલસીગણી. મોટી ચર્ચા (થઈ હતી). ચાર દિવસમાં ત્રણ સો પ્રશ્ન થયા. પણ એને તો માનનારા ઘણા છે. કરોડોપતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને લાખ-સવા લાખ માણસ છે. પણ એ વસ્તુ એવી છે કે શ્વેતાંબર આદિ શાસ્ત્રમાં એમ આવે કે આસ્રવ છે એ જીવપરિણામ છે. આસ્રવ જીવપરિણામ. એક પરિણામ નામનું એક અધ્યયન છે મોટું. તો આસ્રવ છે એ જીવ પરિણામ (છે) તો જીવ છે. એવી વાત એમાં ચાલી આવે છે. એ .. હોય ને એને કાઢનારા. સ્થાનકવાસીમાંથી એવો અન્ય માર્ગ કાઢ્યો. દિગંબરમાંથી શ્વેતાંબર નિકળ્યા, શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી નિકળ્યા, સ્થાનકવાસીમાંથી તેરાપંથી નીકળ્યા. ઈ નિકળ્યા તો એમાં પરની દયાનો ભાવ, પરની દયા કરવી એને પાપભાવ માને છે. પણ જે દયા, દાન.. જે અહિંસા આદિના પરિણામ મહાવ્રતના છે એ જીવ પરિણામ, એ આસ્રવ જીવ પરિણામ (છે). જોકે મહાવ્રતને તો સંવર માને છે. સમજાણું કાંઈ? પણ એ શુભભાવને જીવ પરિણામ માને છે. જીવ માને છે. એવો પ્રશ્ન ઉઠ્યો શેઠિયા પાસે. હજારો માણસ હતા. શેઠિયા તો શાંત છે. કોઈ અપમાન કરે.. એને પહેલાથી કહી દીધું હતું પ્રશ્ન ઉઠશે, એવો ખ્યાલ આવશે તો હું પ્રશ્ન છોડી દઈશ. તમારું અપમાન થાય એવું હું નહિ કરું. તો પ્રશ્ન ચાલ્યો કે આસ્રવ જીવ છે કે અજીવ? તો એણે કહ્યું કે જીવ. આસ્રવ જીવની સાથે અભેદ છે કે ભેદ? એ બીજો પ્રશ્ન થયો. સમજાણું કાંઈ? મુંઝાઈ ગયા એ તો. કારણ કે જે ભેદ કહે તો એની શ્રદ્ધા નહોતી. જીવ ન રહ્યો. ભેદ કહે તો જીવ ન રહ્યો, અભેદ કહે તો સિદ્ધમાં નથી. શુભઅશુભભાવ સિદ્ધમાં નથી. અભેદ કહે તો બેસે નહિ, ભેદ કહે તો બેસે નહિ. શું કરવું? મૌન થઈ ગયા. સમજી ગયા પછી. એ વાત છોડી દીધી. આટલા મોટા આચાર્ય. તુલસી.

આસ્રવ જીવ છે કે અજીવ? જીવ. તો અભેદ છે કે ભેદ? જો ભેદ કહે તો એની શ્રદ્ધા નહોતી અને અભેદ કહે તો સિદ્ધમાં છે નહિ. દૃષ્ટિ લગાવી નહિ કે પર્યાયનયથી અભેદ છે, દ્રવ્યદૃષ્ટિથી ભેદ-ભિન્ન છે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિથી અભેદ છે, દ્રવ્યદૃષ્ટિથી ભેદ છે. એમાં છે જ નહિ. એવી નય ઉપર દૃષ્ટિ નહોતી. સમજાણું કાંઈ? મોટી વિચિત્ર વાત છે. મોટા આચાર્ય નામ ધરાવે છે, લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી કથની નથી એમાં. આવી કથની નથી. દિગંબરને ખબર નથી હજી ક્યાં ક્યાં બધા ગોથા મારે છે. જેના શાસ્ત્રમાં છે. અહીંયાં તો બધી વાત યથાર્થ છે. દિગંબર શાસ્ત્રમાં તો બધી વાત યથાર્થ છે. એમાં પણ ગોટા વાળે છે તો ઓલામાં તો આવી કથની યથાર્થ છે જ નહિ. એટલું વાંચન, એટલો અભ્યાસ. હજારો માણસ બેઠું હતું, સરદાર શહેરમાં. પંદરસો તો ઘર હતા બહુ માણસ બેઠું હતું. શેઠિયાને એણે કહી દીધું, હોં! શેઠિયા મારુ અપમાન કરે તો હું આજ્ઞા આપું છું. કારણ કે એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખાનદાની મોટી છે ને શેઠિયાની. ખાનદાની મોટી છે. લોકોમાં છાપ બહુ છે. શેઠિયા કદાચિત મારું અપમાન કરે તો હું આજ્ઞા આપીશ. આજ્ઞા દઉં છું એટલે ભલે અપમાન કરે. એમ. આચાર્ય હતા ને. ઘણાં માણસો માનનારા. પંદર સો તો ઘર. છ હજાર માણસ માનનારું ગામમાં. કરોડોપતિઓ માણસ. જિન નહિ પણ જિન સરીખા, એમ બોલે. અમારા આચાર્ય જિન નહિ પણ જિન સરીખા છે, એમ બોલે. એવી માન્યતા હોય ને. સૌની માન્યતા છે ને. વસ્તુની ખબર નથી. આ પ્રશ્ન કર્યો તો મૌન થઈ ગયા. પછી બીજું સૂત્ર બનાવ્યું. નવું. .. છે નહિ.

આ આસ્રવ જીવ નહિ. વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જીવ નથી. પર્યાયની દૃષ્ટિમાં પરિણામ તાદાત્મ્ય છે એક સમયનું. શું કહ્યું? પુણ્ય અને પાપ પર્યાયમાં-અવસ્થામાં એક સમયનું તાદાત્મ્ય છે. એક સમયનું. એ અપેક્ષાએ પર્યાયની પરલક્ષી દૃષ્ટિથી એનું છે. પણ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો ચિદાનંદ સ્વભાવમાં તાદાત્મ્ય સ્વભાવ આનંદ અને જ્ઞાનનો છે. પુણ્ય-પાપનો સ્વભાવ તાદાત્મ્યસંબંધ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે જીવ નથી. કેમ કે જીવ નિબદ્ધા છે. એક બોલ થયો.

બીજો બોલ. '**अध्रुवाः**' બીજો બોલ. આસ્રવ વાઈના વેગની જેમ વધે-ઘટે છે એ અધ્રુવ છે. પુણ્ય-પાપના ભાવ વધે-ઘટે છે. શુભભાવ વધી જાય. સાંભળીને એવું થઈ જાય, અરર..! આટલું પાપ કર્યું. પૈસા આટલા થયા. મેં તો કાંઈ કર્યું નથી. શુભભાવ કરવાનો ભાવ વધી જાય, વળી બહાર નીકળે ને ઘટી જાય. તો શુભભાવ વધે-ઘટે છે. એમ પાપ પણ વધે-ઘટે છે. અધ્રુવ છે એ તો. પાપ પરિણામ તીવ્ર થાય અને વળી મંદ થઈ જાય. અવસ્થા એવી થઈ જાય. શરીરની સ્થિતિ થઈ જાય. અરે..! આ શું? એમ પાપ અને પુણ્ય બેયની વધતી-ઘટતી સ્થિતિ છે. તેથી તેને ભગવાને અધ્રુવ કહ્યા. પર્યાયમાં વધતા-ઘટતા ભાવ છે. થાય છે કે નહિ એમ?

'**ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.**' એક ચૈતન્યમાત્ર ભગવાન આત્મા ચૈતન્યમાત્ર જીવ, હોં! ચૈતન્યમાત્ર જીવ. આમ સ્વભાવ લેવો છે ને. ચૈતન્ય જ્ઞાયક જાણકમાત્ર જીવ. એ જીવ જ ધ્રુવ છે. પુણ્ય-પાપના ભાવ અધ્રુવ છે. ઓહોહો..! એ અધ્રુવ જાણીને અને ચૈતન્યમાત્ર જીવને ધ્રુવ જાણીને એનાથી નિવૃત્ત થાય છે. પુણ્ય-પાપના ભાવથી ધર્મી નિવૃત્ત થાય છે. મારા સ્વભાવમાં નથી, ઉપાધિક વસ્તુ છે. આ તો હજી શુભભાવથી મને ધર્મ થશે અને શુભથી મને લાભ થશે (એમ માને છે તે) મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. દૃષ્ટિમાં મોટું પાપ અનંતગુણા મિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? બે બોલ તો આવી ગયા છે કાલે. કાલે તો એટલું આવ્યું હતું.

આજે ત્રીજો (બોલ). આસ્રવ '**શીતદાહજ્વરના આવેશની જેમ...**' પહેલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઠંડો તાવ આવે. તાવ-તાવ. ઠંડો આવે છે ને પહેલા? ટાઢિયો તાવ. લાવ કપડા... લાવ કપડા... લાવ કપડા. ગોદડા અમારે કહે છે. તમારે શું કહે છે? રજાઈ લાવ- રજાઈ લાવ. બહુ ઠંડી લાગે છે. અને તરત કફ કાઢી નાખો, ઉષ્ણ થઈ ગયો. ટાઢિયા તાવ વખતે ઉષ્ણતા નહિ, ઉષ્ણતા વખતે ઠંડો તાવ નહિ. તાવ સમજ્યા? જ્વર.

'**શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી...**' શુભભાવના કાળમાં અશુભ નહિ, અશુભમાં શુભ નહિ. શુભભાવ વખતે અશુભ નહિ, અશુભ કાળમાં શુભ નહિ. એમ ક્રમે ઉત્પન્ન થાય છે. પહેલા ટાઢિયો તાવ છે પછી ઉષ્ણ આવે છે. એમ આત્મામાં કષાયની મંદતા અને પછી તીવ્રતા, પાછી મંદતા અને તીવ્રતા. એમ ઠંડા તાવ અને ઉષ્ણ તાવની જેમ શુભઅશુભભાવ અનિત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શીતદાહજ્વરના આવેશની જેમ...**' આવેશ આવે ને? એકદમ તાવ આવી જાય. લ્યો! વળી એ ઠંડો થઈ જાય. કાઢી નાખો, ગોદડા કાઢી નાખો, રજાઈ કાઢી નાખો. બહુ ગરમી થઈ ગઈ. પંખા નાખો. ક્ષણમાં ઠંડો તાવ, ક્ષણમાં ઉષ્ણ (તાવ). ક્ષણમાં એવો શુભભાવ આવે કે કષાય મંદ, વળી પલટીને એવો પાપ ભાવ આવે. પાપ અને પુણ્ય એક ક્ષણમાં એક સાથે નથી. અનુક્રમે થાય છે. ઠંડા અને ગરમ તાવની જેમ. સમજાણું કાંઈ? અહીં સાંભળે છે, જુઓ! અહીંયાં શુભભાવ છે. બહાર નીકળે તો તરત.. કાગળ આવ્યો કે નહિ? માણેકચંદજી! કાગળ આવ્યો કે નહિ સાગરથી? આ તો દાખલો શેઠનો આપીએ ને.

મુમુક્ષુ :- મોટા માણસોનો.

ઉત્તર :- મોટાનો. કેમ આવ્યું ભાઈ? ભાઈનો કાગળ આવ્યો કે નહિ? એ પાપ. તો ક્ષણમાં પુણ્ય અને ક્ષણમાં પાપ. બરાબર છે કે નહિ? તો બેય અનિત્ય છે. એની તો વાતેય નથી ધૂળની તો. આહાહા..! શોભાલાલજી! આહાહા..! આ તો માટી છે. એની પર્યાયમાં શું? એમાં તો તું છો નહિ. એક સમય પણ (તું) એમાં નથી. એક સમયમાત્ર ઠંડો-ઉષ્ણ જેમ તાવ (આવે), એમ એક સમયમાત્રમાં અશુભ અને બીજા સમયે શુભ. શુભ-અશુભ, શુભ-અશુભ.

એમ '**શીતદાહજ્વરના આવેશની જેમ...**' આવેશ. વિકારનો આવેશ છે એમ કહે છે. સ્વરૂપમાં ઠરવું એ બીજી ચીજ છે, લ્યો. આ તો આવેશ છે. આવેશ. વેગ છે વેગ. '**અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...**' પચાસ લાખની મુડી છે, પચાસ લાખ. દસ લાખ આપી દો. શુભભાવ આવી ગયો. વળી પાછા ઘરે છોકરા કહે, શું કર્યું બાપુજી? હવે પણ શું કરવું? ત્યારે હું નથી બોલ્યો એમ કહીશ. લખ્યું નથી. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપભાવ આવ્યો. ઘડીકમાં પુણ્ય અને ઘડીકમાં પાપ. એ તો અનિત્ય છે. સમજાણું કાંઈ? રતિભાઈ! આપણે કેવી રીતે ત્યારે ફેરવવું? એમ કહ્યું.

એક માણસે માલ લીધો હતો. પાંચ-પચાસ હજારનો માલ. હવે માલમાં એમ થયું કે પણ હું પૈસા લાવ્યો નથી સાથે. પૈસા સમજ્યા? હુંડીના પૈસા જોવે ને પૈસા? પાંચ હજાર-દસ હજારનો માલ લીધો. પૈસા હું લાવ્યો નથી. ઘરે જઈને વાત. સમજાણું કાંઈ? દાનનો (ભાવ) પણ કર્યો ખરો, પણ હું પૈસા સાથે લાવ્યો નથી. ઘરે જાવ પછી વાત. ત્યાં તો ભાવ ફરી ગયા. સમજાણું કાંઈ? ઘડીકમાં શુભ અને ક્ષણમાં અશુભ થાય છે.

મુમુક્ષુ :- લખાવી નખાય.

ઉત્તર :- કાગળ લખાવે શું કામ આવે? લખ્યા હોય તો પડ્યા રહે ત્યાં.

મુમુક્ષુ :- દે તો કામ આવે ને.

ઉત્તર :- હા, દે તો કામ આવે. ત્યાં પડ્યા રહે લખ્યા. મારાથી કેમ બોલાઈ ગયું, મને બરાબર ખ્યાલ રહ્યો નહિ. અહીં બધું થયું હતું અહીં. હા. હા. અહીં એક વાર થયું હતું. જમણનું કહ્યું હતું કે અમારું જમણ રાખજો. રામજીભાઈ બેઠા હતા એને કહ્યું, અમારું જમણ છે. ત્યાં પાછા ફરી ગયા કે ના ભાઈ! અમને જમાડવાનો ભાવ નથી. એ બધું વિચિત્ર જગતમાં છે. ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ. એ બેય આસ્રવ અનિત્ય છે. બેય અનિત્ય છે.

ભગવાન આત્મા... જુઓ! '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' ચૈતન્યઘન, ચૈતન્યઘન. જેમ ઠંડીના દિવસોમાં ઘી ઘન હોય છે, ઘન. જેમાં આંગળીનો પ્રવેશ ન થાય. ખુરપાનો પ્રવેશ તો ન થાય, પણ આંગળીનો પણ પ્રવેશ થાય નહિ એવો ઘન. એમ ભગવાન ચૈતન્યઘન, વિજ્ઞાનઘન. શરીર પ્રમાણે વિજ્ઞાનઘન શીલા ચૈતન્યની છે. એ વિજ્ઞાનઘન એ જીવ છે. પુણ્ય-પાપનો ભાવ એ જીવ નથી. અનિત્ય છે, આ નિત્ય છે. આ અનિત્ય છે, આ નિત્ય છે. આહાહા..! એ અનિત્ય ઉપરથી લક્ષ છોડીને વિજ્ઞાનઘનમાં દૃષ્ટિ કરવી એ આસ્રવથી નવૃર્ત થવાનો ઉપાય છે. સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' જ્ઞાન નિવડ ચૈતન્યઘન વસ્તુ છે કે નહિ આત્મા? પદાર્થ છે કે નહિ? તો પદાર્થ સ્વભાવ છે કે નહિ? વિજ્ઞાન એનો સ્વભાવ છે. જ્ઞાન એનો સ્વભાવ છે. વિજ્ઞાનઘન નિવડ ચૈતન્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવો જીવ જ નિત્ય છે. એ બે વચ્ચેનો વિચાર કરીને પુણ્ય-પાપના ભાવ, એનું અનિત્યપણું જાણીને વિજ્ઞાનઘન નિત્ય છે, એ (પુણ્ય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપના ભાવ) તરફની રુચિ હટાવીને વિજ્ઞાનઘનમાં સ્થિર થવું એ જ આત્મધર્મ અને શાંતિ છે. કહો, સમજાણું કાંઈ?

મંદિર બનાવવાનો ભાવ થયો-શુભભાવ, લ્યો. વળી ફરી જાય. સમજાણું કાંઈ? પચાસ લાખ ખર્ચવાનો ભાવ છે. પચાસ. બે કરોડ રૂપિયા આવ્યા એનો ચોથો ભાગ દાનમાં આપી દયો. વળી ફરી ગયા ભાવ. નહિ-નહિ. એ શુભ-અશુભ બેય કલ્પનાઓ અનિત્ય જાણીને, ભગવાન વિજ્ઞાનઘન નિત્ય જાણીને બેની વચ્ચે ભેદજ્ઞાન કરવું. આસ્રવથી નિવૃત્ત થઈને એટલે કે પર્યાયબુદ્ધિથી લક્ષ છોડીને, એનો અર્થ ઈ, વિજ્ઞાનઘન દ્રવ્ય સ્વભાવમાં દૃષ્ટિ કરવી એ જ ...

શુભ અને અશુભભાવ બેય અશરણ (છે). કેમ કે કર્મના લક્ષે ઉત્પન્ન થાય છે. કર્મ નાશ પામે તો વિકૃતભાવનો પણ નાશ થઈ જાય છે. શરણ લેવા જાય તો એ શુભભાવ તો ફર્યા જ કરે, ફર્યા જ કરે. (શરણ) નહિ થઈ શકે. શુભભાવ, કેમ કે નિમિત્તના લક્ષે ઉત્પન્ન થનારા ભાવ ... થાય એમ બની શકે નહિ. શરણ નહિ. શરણ નહિ. આત્માને દયા, દાન, વ્રતના પરિણામ એ શરણ નથી જીવને. કેમ કે કાયમ ટકનારા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,...'** વિષયની વાસના થાય એમાં જ્યાં વીર્ય સ્ખલન થયું તો સંસ્કાર નાશ પામી ગયા. **'કોઈથી રોકી રાખી શકાતો નથી,...'** દૃષ્ટાંત આપ્યું આચાર્યે. વીર્યના વેગને રોકી નથી શકાતો. એ વીર્યનું સ્ખલન થયે છૂટકો. **'તેમ કર્મોદય છૂટી જાય...'** છે. કર્મ આવ્યા એના લક્ષે આસ્રવ પણ છૂટી જાય અને કર્મ પણ છૂટી જાય છે. એ શરણભૂત નથી. આહાહા..! હજી તો બહારમાં (મનાવવું છે). આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે,...'** કર્મનું નિમિત્ત છૂટી જાય તો નિમિત્તના આશ્રયે જે નૈમિત્તિક થયું હતું તે પણ છૂટી જાય છે. ચૈતન્ય ધ્રુવ તો દૃષ્ટિમાં નથી. આસ્રવ દુઃખ ઉપર દૃષ્ટિ છે વિકલ્પ ઉપર. એ છૂટી ગયો. શરણ છે નહિ ક્યાંય. સમજાણું કાંઈ? પૈસા શરણ નહિ, બાયડી-છોકરા શરણ નહિ, મકાન શરણ નહિ, બંદુક અને દારૂના ગોળા રાખ્યા હોય એ શરણ નહિ. નહિ?

મુમુક્ષુ :- બહારવટિયા

ઉત્તર :- બહારવટિયા બે રાખ્યા હતા ને અહીં શોભાલાલજીએ. શું કહેવાય? મલારગઢમાં રાખ્યા હતા ને તમે? કેટલા પોલીસ? ઓલા મોટા મકાનમાં જોયું હતું. .. બંદુક. માણેકચંદજી! તમે હતા. મલારગઢમાં નહોતા રાખ્યા પોલીસ? કેટલી રાખી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતી બંદુક? ૧૫૦ હતી. નહિ? એક વાર અમે ફરવા નીકળ્યા હતા ને? શેઠ સાથે હતા. શેમાં કહેવાય? તમારી ઓલી શું કહેવાય? જીપ. જીપમાં બેસાડીને બધું બતાવ્યું હતું. આહાહા..! એ પણ જોયું હતું. આ શરણભૂત છે. ડાકુની જગ્યા છે બધી. મલારગઢ. તારણસ્વામીએ જ્યાં દેહ છોડ્યોને, જંગલ-જંગલ. ડાકુ આવે છે, ડાકુ. દસ હજાર માણસ. એમાં જો ડાકુ આવે તો ૨૫-૫૦ હજાર લૂંટી જાય. દોઢસો તો પોલીસ, દોઢસો બંદુક. બધું કર્યું હતું. તો એનું શરણ છે કે નહિ? આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન! શુભ અને અશુભભાવ આવ્યા ને એ પણ છૂટી જાય છે. કેમ કે કાયમની ચીજ નથી. એ તો નિમિત્તના આશ્રયે ઉત્પન્ન થયેલી વસ્તુ છે. નિમિત્ત છૂટી જાય તો એ પણ છૂટી જાય છે. ચિદાનંદ ભગવાન એ શરણ છે કે જે કાયમ રહે છે. આહાહા..! આહાહા..! આમ ઝાંવા નાખ્યા. આ ધીરુભાઈ ગુજરી ગયા ને. .. તળાવમાં. બિચારાનો પગ લપસ્યો હતો. આમ હાથ નાખ્યો હતો. તરતા આવડે નહિ. ..ના છોકરા બધા. એના માટે ગયા હતા ને રમત માટે કાંઈક. પાણી પીવા ગયા તો પગ લપસી ગયો. આમ હાથ નાખ્યો પત્થર પકડાય તો. પણ પકડાય નહિ લીલ-ફુગ હોય એટલે. છૂટી ગયો હાથ પાણીમાં. ગયા હતા જોવા અમે. આહાહા..! જુઓને! આમ પાણી.. અંદર પડી ગયો. ન્યાં ક્યાં શરણ છે? લીલ-ફૂગ. લીલ-ફૂગ સમજ્યા? કાઈ. કાઈ-કાઈ. પત્થર ઉપર લીલ બહુ હતી તો એમાં પગ લપસી ગયો. પાણી પીવા માટે ગયા હતા. ડૂબી ગયો. જુવાન માણસ. આપણે ત્યાં છોટાભાઈનો છોકરો. ઓહોહો..! અમે તો જોવા ગયા હતા. વૈરાગ્ય. શું સ્થિતિ! આહાહા..! જુવાન માણસ. અહીં કાયમ આવતા. ભાવનગર ભણતો કોલેજ. આહાહા..! ચોવીસ કલાકે નીકળ્યું મડદું. માછલી આંખ ખાઈ ગઈ. આ દુઃખ.

અહીં તો કહે છે કે એ તો જડ છે. એ પોતાની પર્યાયમાં પરિણમવામાં રોકાતા નથી. સમજાણું કાંઈ? એ આવેલી પર્યાયને ટકાવી શકતો નથી અને ન આવે તો લાવી શકતી નથી. શેઠિયા લખ્યું છે ને? સમજાણું કાંઈ? શેઠિયાએ લખ્યું છે. ભજન છે.

અહીંયાં તો પુણ્ય અને પાપના ભાવ ભગવાન! એ વિકલ્પ અનિત્ય અશરણ... અશરણ... અશરણ છે. ક્યાં તું ઝાવાં નાખીશ? તારી વૃત્તિ ત્યાં ક્યાં લાગશે? સ્થિર ચીજ હોય તો દૃષ્ટિ લાગશે. એ તો અસ્થિર છે. સમજાણું કાંઈ? અને શુભભાવ ઘણાં કર્યા. મરણ ટાણે શુભભાવ (હોય તેથી) શું થયું? એ તો પુણ્ય બંધન, રજકણ બંધાણા. હવે શરણ કોણ? ભગવાનનું શરણ આપો. ભગવાનના શરણ સામે લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચાર શરણ આપે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- ચાર શરણ આપે. હવે આપે... આહાહા..! આ ડબલ. થયું હતું ને ભાઈને? શું કહેવાય આ તમારા ભાઈ નહોતા? અમુલખભાઈ. તમારે નહિ? પૂંજાભાઈના દિકરા. પૂંજાભાઈના દિકરા અમુલખભાઈ. એની છેલ્લી સ્થિતિએ હું ગયો હતો ને. આખું કુટુંબ ભેગું થયું હતું. બધું હતું. બેચરભાઈ ને જડાવબહેન ને નાનાલાલભાઈ અને બધું હતું આખું કુટુંબ ઓરડામાં ખીચોખીચ. મરણ ટાણું. આમ મહારાજને .. ડબલ ન્યુમોનિયા. (સંવત) ૧૯૯૯ની સાલ. આહાહા..! નાનાલાલભાઈની આંખમાંથી આંસુ જાય, બેચરભાઈની આંખમાંથી આંસુ જાય. અરર..! અરે..! બાપા કાંઈ ન મળે. ધૂળમાંય ન મળે. આ શરણ ક્યાં? હાથ આમ આમ કરે તો હાથ હલે નહિ. મોસંબી દીધી ને થોડી. મોસંબી હાથમાં આપી. ઓલી શું કહેવાય? કાચની રકેબી. હાથ હલાય નહિ. હાથ આમ (થાય નહિ). કારણ કે મરવાની તૈયારી અને આ ડબલ ન્યુમોનિયા. ભાઈ! એ આત્મા અંદર ભિન્ન છે. પણ એ ક્યાં એ વખતે સાંભળવાનો વખત ક્યાં? આહાહા..! .. ન હોય તો હાય.. હાય... બાયડી જાણે કે આ મરી જાય છે. છોકરા કહે બાપ મરી જાય. પણ મરે કોણ? સાંભળને હવે.

ચૈતન્ય અંદર ધ્રુવ શરણ પડ્યું છે એના ઉપર દૃષ્ટિ નથી. કોઈ બચાવે... કોઈ બચાવે.. કોઈ ડોક્ટર... ધૂળેય નથી. ડોક્ટર પોતે મરી જાય છે ને. ચંદુભાઈ! ડોક્ટર રહ્યાને અત્યાર સુધી. આહાહા..! ઓલો ડોક્ટર મોટો નહોતો? અન્સારી મોટો હતો. મોટો ડોક્ટર. લાખોના ઓલા કરેલા. ક્યાંક જાતો હતો દર્દ માટે કાંઈક જાતો હતો. એમાં રેલમાં રોગ ઉત્પન્ન થયો એને. રેલમાં જાતો હતો. એવો ઉત્પન્ન થયો કે બોલ્યો, મારે મરવું નથી. રોગ એવો આવ્યો કે હું નહિ જીવું. અન્સારી મોટો ડોક્ટર છે મોટો. શું કરે ધૂળ તારી. રોગ તો પર છે પણ તારા ભાવ પણ અશરણ છે. શુભ-અશુભભાવ કરે તોપણ અશરણ છે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ તો શુભભાવ છે. એ શુભભાવ તો છૂટી જશે. સમજાણું કાંઈ?

કહે છે કે '**નાશ પામી જાય છે, માટે તેઓ અશરણ છે;...**' પુણ્ય-પાપના ભાવ શરણ નથી. આહાહા..! કહો, તો આ દેવ-ગુરુ શરણ છે કે નહિ? શેત્રુંજય, સમ્મેદશિખર? આહાહા..! અહીં કહે છે કે, પ્રભુ! તું ચૈતન્ય છો. જુઓ! કહે છે, '**આપોઆપ (પોતાથી જ) રક્ષિત...**' સ્વયં રક્ષિત, રહેલો, ટકેલો. '**સહજ ચિત્શક્તિરૂપ જીવ..**' સ્વભાવિક આનંદકંદ, જ્ઞાનસ્વરૂપ જીવ, ચિત્શક્તિરૂપ જીવ, જ્ઞાનશક્તિરૂપ જીવ '**શરણસહિત છે.**' એ શરણ છે. પુણ્ય-પાપનો રાગ એ શરણ નથી. એમ સમ્યગ્જ્ઞાની આસ્રવને અશરણ જાણીને, (તેનું) લક્ષ છોડીને સ્વયં રક્ષિત ચિત્શક્તિ જીવનું શરણ લે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું છે હવે? જેઠાલાલજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેટલું શરણ છે? અશરણ.. અશરણ.

ભગવાન આત્મા નિત્ય સ્વયં રક્ષિત સ્વયં સહજ રહેલો, ટકેલો ચિદાનંદ પ્રભુ સહજ જ્ઞાનશક્તિ સ્વભાવરૂપ એવો જીવ. એમ. એવો જીવ જ પોતાને શરણ છે. અંતર દૃષ્ટિએ જોવાથી સહજ ચિત્શક્તિરૂપ જીવ શરણ છે. કોઈ આત્માને બીજું શરણ છે નહિ. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં, એ તો વિકલ્પની વાત છે. બાપુ! અરિહંત કેવળી પણંત્તો ધમ્મો શરણં. કેવળીએ કહેલો ભગવાન આત્મા સ્વભાવિક જ્ઞાનશક્તિસ્વરૂપ જીવ ઉપર દૃષ્ટિ દેવાથી, ધ્રુવ સ્થિર છે (તો) દૃષ્ટિ ટકી શકશે. એ શરણ છે. પુણ્ય-પાપમાં દૃષ્ટિ નહિ ટકે. કેમ કે એ અસ્થિર છે. એમાં શરણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ખુબ શુભ કરો, ખુબ શુભ કરો. એમ કહે છે કોઈક વળી. શું કરે? શુભ તો અશરણ છે. કર્મ છૂટી જશે તો શુભ છૂટી જશે. એ કોઈ કામની ચીજ નથી. અને શુભથી બંધાયા પુણ્ય પરમાણુ. તો પુણ્ય-પરમાણુ શું કરશે તને? આવું દુઃખ આવ્યું. આહાહા..! ડબલ ન્યુમોનિયા. એકાકાર-એકાકાર. એય..! શું થયું હતું? મરવાની તૈયારી હતી તમારી તે દિ'. અહીં .. ભીખાભાઈ હમણા ઉડવાના છે.

મુમુક્ષુ :- ન ઉડ્યા.

ઉત્તર :- સ્થિતિ હોય તો ક્યાં જાય? આહાહા..! પાણી લેતા નથી, ખોરાક લેતા નથી. હવે છૂટી જશે. સ્થિતિ જ એવી હોય એ છૂટે ક્યારે? એના સમયે છૂટશે.

ભગવાન આત્મા શરણભૂત ચિદાનંદ છે. એનું શરણ લો તો વિકાર છૂટી જાશે. તારી સાથે સંબંધ છે નહિ. શરીરની તો વાત જ ક્યાં? આહાહા..! અહીં તો હજી વ્યવહારરત્નત્રય શરણ છે એમ કહે છે. અહીં તો કહે છે કે વ્યવહારરત્નત્રય આસ્રવ છે, અશરણ છે, શુભભાવ છે. કષાયની મંદતા કર્મના નિમિત્તના લક્ષે (થાય છે), છૂટી જશે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ને. ... કાયમનો સંબંધ તો અહીં છે. સ્વભાવની સાથે દ્રવ્યને સંબંધ છે. આનંદ અને જ્ઞાનના સ્વભાવની સાથે, આત્માની સાથે સંબંધ છે. ... સંબંધ નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માનો. પરમાણુ .. આત્મા આનંદ ચિત્શક્તિ. કીધું ને.

**'આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવના સામર્થ્યથી જીવ જ શરણસહિત છે. શરણસહિત જ છે. આહાહા..! અંતરમાં જો, ચિત્શક્તિ (રૂપ)) ભગવાન આત્મા એ જ તને શરણ છે. બહારની કોઈ ચીજ શરણ નથી. ફોટો દેજો. ભગવાનનો ફોટો છે જો. ભગવાન આવા છે. જુઓ! બાહુબલી આવા છે. કોઈ શરણ નથી. ત્યાં લક્ષ ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ટકશે? સમજાણું કાંઈ? આમ કરે. ત્યાં આંખ કામ ન કરે. આહાહા..! આંખ ફાડે તો .. જાય. ઈ આંખ ફાડે છે તો આ આંખ ફાડને અંદર. આહાહા..!

જ્ઞાનસ્વભાવ ભગવાન એ જ આત્માને શરણ છે. બીજી કોઈ ચીજ શરણ નથી. પુણ્ય-પાપ શરણ નથી તો બાયડી છોકરા અને કોઈ સંભળાવનારા ક્યાં શરણ રહ્યા? ભગવાનની વાણી શરણ છે કે નહિ એ સમયે? વાણી શરણ નથી. વાણી તો પર છે. વાણીના લક્ષે ઉત્પન્ન થયેલો શુભભાવ પણ શરણ નથી. છૂટી જાશે આ.. આ.. આમ કરે. એકને બહુ ગોળો ચડ્યો હતો ને. પૈસાવાળો માણસ હતો. ભગવાન .. હમણાં ભગવાન સંભારશો નહિ. પણ આ પીડા આવી. પણ આ તમે સામાયિક પોષા કરતા હતા ને. ગિરધરભાઈ હતા ને, પોરબંદર. પૈસા .. પાંચ-સાત લાખ. આ તો ઘણા વખતની વાત છે, હોં! (સંવત) ૧૯૮૨ની સાલની. ચાલીસ વર્ષ થયા. એક જણ પૈસા લઈ આવ્યો. મકાન કર્યા. એમાં ગોળો ચડ્યો. ગોળો સમજો છો? પેટમાં વાયુ થયું. ત્યાં ભગવાનભાઈ હતા, ભગવાનભાઈ કચ્છી. ત્યાં .. બહાર નીકળ્યો ત્યારે. બહાર પ્લોટમાં. ગિરધરભાઈને કહે અરિહંત.. મને અંદર દુઃખ આડે કાંઈ સમાધાન થતું નથી ત્યાં અરિહંત ક્યાં યાદ આવે? હજી તો સામાયિક કર્યા અને પોષા કર્યાને. ક્યાં સામાયિક પોષા હતા? ધૂળમાં હતી. ક્રિયાકાંડ કરીને બેઠા અપવાસ કરી કરીને. ભગવાન આત્મા કોણ છે એની તો ખબર નથી. મરી ગયા. હવે ધંધો કરવો નથી. પૈસા થઈ ગયેલા. મકાન સારા બનાવ્યા. બસ, થઈ ગયું. હવે નિરાંતે રહેશું. ગયા. બીજો ભવ. પોરબંદર. એક ગિરધરભાઈ હતા. એના છોકરા આવે છે બિચારા.

'**જીવ જ શરણસહિત છે.**' ભગવાન નિત્યાનંદ પ્રભુ સ્વભાવિક આનંદ અને ચિત્શક્તિ સહિત તો પ્રભુ આત્મા બિરાજે છે. જ્યાં નજર નાખે શરણસહિત છે, દૃષ્ટિ ટકશે અને શાંતિ મળશે. ક્યાંય શરણ બીજે છે નહિ. આહાહા..! કહો, સમજાણું? એ અશરણની વ્યાખ્યા કહી. '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...**' એ શુભ અને અશુભભાવ સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- સદા?

ઉત્તર :- સદાય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ક્રોધ, માન, માયા, લોભ તો આકુળતાવાળા છે જ, પણ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ આકુળતારૂપ છે.

મુમુક્ષુ :- શાંતિ આપે છે ને.

ઉત્તર :- ધૂળમાં આપતો નથી. મફતનો મૂઢ માને છે ત્યાં. .. મેં આમ કર્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મેં પાંચ લાખ આપ્યા, મને અભિનંદન મળ્યા. ધૂળેય મળી નથી, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પરમાત્મા ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવતા હતા. અરે..! ઈન્દ્રો! પર્યાયમાં જે શુભ-અશુભભાવ છે એ આકુળતા ઉત્પન્ન કરનારા છે. આહાહા..! દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રતિકૂળ વસ્તુ દુઃખ નથી. અનુકૂળ વસ્તુ સુખ નથી. કલ્પના કરી એ બધા શુભ-અશુભભાવ દુઃખરૂપ છે. આહાહા..! **'આસ્રવો...'** જીવતત્ત્વ ભિન્ન, અજીવતત્ત્વ ભિન્ન. તો આસ્રવતત્ત્વ જીવસ્વરૂપ નથી (તેથી) એ પણ ભિન્ન (છે).

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, તો શુભ-અશુભભાવ દુઃખરૂપ છે. ભારે વાત, ભાઈ! પંચ મહાવ્રતનો વિકલ્પ પણ રાગ છે. એ તો દુઃખરૂપ છે. અવ્રત અને પાપના ભાવ તો દુઃખરૂપ છે જ, પણ રાગની મંદતાનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા.. સમજાણું કાંઈ? એ શુભભાવ આસ્રવ છે. આકુળતા, સદા આકુળતા ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે. કોઈપણ શુભભાવમાં શાંતિ છે જ નહિ. સમજાણું કાંઈ? બીજાને ઉપદેશ દેવાનો જે વિકલ્પ છે એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એમાંથી ખસીને જે શુભ-અશુભભાવ થાય છે એ સદા આકુળ સ્વભાવભાવળા, આકુળ સ્વભાવવાળા (છે). આકુળ જેનો સ્વભાવ છે તેથી દુઃખરૂપ છે. શુભભાવ પણ આકુળ સ્વભાવ છે અને અશુભભાવ પણ આકુળ સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઘણા કહે છે ને કે નમો અરિહંતાણ કરીને મરી ગયા. સમાધિ મરણ થયું. એય..! શેઠ! ધૂળમાંય સમાધિ નથી. સાંભળ તો ખરો. નમો અરિહંતાણં એ તો વાણી નીકળી અને વિકલ્પ હતો એ તો રાગ હતો. સમાધો ક્યાંથી આવ્યો એમાં? આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આકરી. જે છે એ વાત કહેવામાં સત્ નીકળશે. ખોટામાંથી સત્ નીકળશે? ભગવાન-ભગવાન કરો તમને સમાધિ થશે. ધૂળમાંય નહિ થાય, સાંભળને! એ તો રાગ છે. એય..! શોભાલાલજી! કઠણ વાત છે.

મુમુક્ષુ :- સમજવાની વાત.

ઉત્તર :- સમજવાની વાત છે. આ સમ્મેદશિખરની જાત્રાનો ભાવ થાય શુભ એ દુઃખરૂપ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ તો વિકલ્પ છે તો એની .. કહ્યું. વિકલ્પ છે એ કહ્યું. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પથી ખસીને રહ્યો એ જુદી વસ્તુ રહી. આહાહા..! એ વિકલ્પ છે એ તો દુઃખરૂપ છે. એમ કહે છે. તે ક્ષણે ખસીને એકાગ્ર થયો એ બીજી ચીજ થઈ. એ કોઈ જાત્રાનો વિકલ્પ નથી. ખસીને એકાગ્ર થયો એ બીજી વસ્તુ થઈ. આહાહા..! રાડ નાખે. પછી કહે સોનગઢવાળાનું એકાંત છે. હવે સાંભળને. તને ભાન નથી.

ભગવાન ત્રિલોકનાથ કહે છે એમ કુંદકુંદાચાર્ય કહે છે. એનો અમૃતચંદ્રાચાર્ય અર્થ કરે છે, લ્યો. એનો તો અર્થ કરે છે. અહીં તો અર્થ ચાલે છે. ઘરની વાત છે આ કલ્પનાની? આહાહા..! જેટલો પરદ્રવ્ય તરફ ઢળવાનો ભાવ છે તે બધા આકુળતા ઉત્પન્ન કરનારા છે. પૈસા તો જડ છે પણ કષાય મંદ થયો કે ચાલો ભાઈ, દાન કરો થોડું. મંદ કષાય, માન માટે નહિ. તોપણ એ કષાય મંદનો ભાવ થયો એ તો આકુળતા ઉત્પન્ન કરનાર છે.

મુમુક્ષુ :- મંદ આકુળતા.

ઉત્તર :- ભલે મંદ હોય. પણ આકુળતા છે ને. અહીં તો આકુળતા કે અનાકુળતા એ પ્રશ્ન છે. મંદ કે તીવ્ર એની સાથે સંબંધ નથી. કેમ કે એ જીવ સ્વભાવ જ નથી તો એમાં આનંદ ક્યાંથી આવે? આહાહા..!

**'સદાય આકુળ...'** કોઈ વખતે શાંતિ થશે. સમજાણું કાંઈ? અહીં ભગવાન-ભગવાન ભક્તિ કરે છે બહુ. ઓહોહો..! આમાં તો તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. કીધું એમ ન બંધાય. ઓલા ..ની સાથે ચાલે ને? ભક્તિ ને બક્તિ ધુન ચડે ધુન. એમ ભક્તિથી તીર્થંકરગોત્ર ન બંધાય. હજી તમારી દૃષ્ટિ તો રાગ ઉપર છે કે આ હું કરું છું... હું કરું છું... ત્યાં ક્યાં તીર્થંકરગોત્ર બંધાય? હજી સમકિતી પણ નથી ત્યાં. એ તો સમ્યગ્દર્શનમાં એવો ભાવ આવે તો એને દુઃખરૂપ જાણે છે. દુઃખરૂપ જાણે છે. હિતકર માનતા નથી. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય. ષોડશકારણ ભાવના ભાય.. આવે છે ને તમારે? 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય...' એ ભાવ દુઃખરૂપ છે એમ કહે છે. આહાહા..! કહો, શેઠ!

ભાઈ! એનાથી આત્માની શાંતિ લૂંટાઈ છે. આત્મા તો અનાકુળ આનંદ સ્વરૂપ છે. એમાંથી સંસરણ જેટલો ખસી ગયો અને રાગમાં રોકાણો, એ રાગ સદા આકુળતા (સ્વરૂપ છે). થોડી પણ કોઈ વખતે જરી શાંતિ શુભભાવમાં છે કે નહિ? ના. એ તો સદાય આકુળતાવાળા છે. અરે..! એને ભાનેય ન મળે. શું ચીજ છે અનાકુળ અને શું ચીજ છે આકુળતા. ખબર નથી અને એને ધર્મ થઈ જાશે. લ્યો. સમજાણું કાંઈ?

**'સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે; સદાય નિરાકુળ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' ભગવાન આત્મા સદાય નિરાકુળ સ્વભાવ, નિરાકુળ સ્વભાવ, નિરાકુળ શાંત સ્વભાવ. આત્મા, આત્મા જે છે એ આત્મા સદાય નિરાકુળ, ત્રિકાળ નિરાકુળ, ધારાવાહી નિત્ય નિરાકુળ એવા '**સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' અદુઃખરૂપ એટલે સુખરૂપ છે. ભગવાન આત્મા આનંદરૂપ છે. અને પુણ્ય-પાપના ભાવ આકુળતાને ઉપજાવનાર દુઃખરૂપ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? હજી દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી, પર્યાયમાં દુઃખરૂપ પર્યાય કોને કહેવી, સુખરૂપ પર્યાય કોને કહેવી એનું ભાન નથી. થઈ ગયો જૈન. સમજાણું કાંઈ? એવા જૈન-બૈન હોય નહિ. જૈન પરમેશ્વરને જાણે કે આ તો ભગવાન અનાકુળતાનો પિંડ છે અને હું પણ અનાકુળ આનંદનો સુખરૂપ પિંડ છું. ... અનાકુળ આનંદનું ધામ ચૈતન્ય સ્વરૂપ છું. સદાય અનાકુળ આનંદનું ધામ ભગવાન આત્મા.

શુભ-અશુભભાવ આનંદરૂપથી ઊલટા છે. એમ '**णादूण**'. એમ બે વચ્ચેનું જ્ઞાન કરીને એનાથી નિવૃત્તિ કરે છે કે શુભાશુભ પરિણામ મારામાં નથી. મારામાં તો અનાકુળ-નિરાકુળ આનંદ છે. એ આકુળતાને ઉપજાવનારા મારામાં નથી. એમ અંતરમાં જ્ઞાન કરીને એકાગ્ર થાય તેને શાંતિ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સદાય હોં! ત્રિકાળ નિત્યાનંદ, ત્રિકાળ નિત્યાનંદ. પરલક્ષે ઉત્પન્ન (થતા) ભાવ સદા આકુળતાવાળા (છે). બે વચ્ચે આકુળતાનું લક્ષ છોડીને પોતાના નિરાકુળ ચિદાનંદ ભગવાનની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એ સ્વસંવેદન જ્ઞાન એને કહે છે. સમજાણું કાંઈ? આ કાંઈ કોઈ વાંચી લે અને ભણી લે એટલે પ્રાપ્ત થઈ જાય એવી વસ્તુ નથી. એની બહુ વ્યાખ્યા કરતા આવડે એટલે એ વસ્તુ પ્રાપ્ત થઈ જાય એમ નથી. આહાહા..! એ ચીજ તો અંતરમાં અનાકુળ આનંદ ભગવાન આત્મા, આકુળતારૂપ શુભઅશુભભાવને જાણીને... જાણવું ક્યારે થયું? કે અનાકુળ આનંદ ઉપર રુચિ-દૃષ્ટિ થઈ તો આકુળતાનું જ્ઞાન થયું કે એ મારામાં નથી.

આકુળતા છે એનું એકલું જ્ઞાન નથી થતું. આકુળતા છે એની કોની સાથે મેળવણી કરી? અનાકુળ શાંત, આનંદ, શુદ્ધ, પવિત્ર, સુખરૂપ આત્મા એવી અંતર દૃષ્ટિ થઈ તો આકુળતા દુઃખરૂપ છે સદા, એનું પર્યાયમાં અભાવસ્વરૂપ પરિણમન થાય છે. અનાકુળતા સદાય એના અસ્તિત્વરૂપ પરિણમન આનંદનું થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! બધા હજારો માણસો બેઠા હોય. (એમ બોલે), ભગવાનનું શરણ આપો.. ભગવાનનું શરણ આપો. શ્રીકૃષ્ણ અર્પણ, શ્રીકૃષ્ણ અર્પણ. બુદ્ધં શરણં પવ્વજામી. અહીં અરિહંતા શરણં પવ્વજામી. આહાહા..! ભાઈ! તારો આત્મા તો આનંદસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને. એમાંથી નિકળીને જેટલા વિકલ્પ ઉઠ્યા એ આકુળતા છે. એ આકુળતા જાણીને એનાથી રહિત અનાકુળ આનંદસ્વરૂપ સદાય છે એવું જ્ઞાન થતાં સ્વસંવેદનમાં દુઃખ ભાસે છે. તો દુઃખનો આદર રહેતો નથી. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ અલૌકિક છે, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગથી ધર્મ થાય.

ઉત્તર :- વીતરાગપણે ધર્મ હોય કે રાગથી ધર્મ હોય? આહાહા..! વીતરાગ...

સદા નિરાકુળ સ્વભાવવાળો ભગવાન અસ્તિરૂપે અપરિમિત સુખનું ધામ ભગવાન. પોતાનું હોં! પોતાનો આત્મા. '**જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. દુઃખરૂપ...

ઉત્તર :- એ દુઃખરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પ, પરલક્ષી ભાવ દુઃખરૂપ છે. ભગવાન આત્મા સુખરૂપ છે. એવો સુખરૂપ આત્મા, એની રુચિ કરીને દુઃખરૂપ વિકારથી ખસી જવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ?

બીજી દૃષ્ટિએ કહીએ તો આકુળતા છે એ પર્યાયમાં છે. તો જ્યાં સુધી એના ઉપર દૃષ્ટિ છે તો દુઃખરૂપ જ છે. એ દૃષ્ટિ છોડીને ત્રિકાળ સુખરૂપ ભગવાન આત્મા (છે), એવી અંતર દૃષ્ટિ કરવાથી આકુળતાથી, અંતર દૃષ્ટિમાં આકુળતાના અભાવરૂપ પરિણમન થાય છે. આકુળતાના અભાવરૂપ પરિણમન થાય છે અને આનંદના સદ્ભાવરૂપ પરિણમન થાય છે. આહાહા..!

એ પુણ્ય-પાપના ભાવ.. અહીં તો શુભની વિશેષ વાત છે. એની રુચિ ઘુસી ગઈ છે ને, રુચિ. આહાહા..! શુભભાવની રુચિમાં દુઃખ છે તો એનાથી રહિત અનાકુળ સ્વરૂપ સુખરૂપ આત્મા છે, એવી દૃષ્ટિ કરવાથી તે જ સમયે દુઃખરૂપ શુભભાવથી નિવૃત્તિરૂપ પરિણમન, પોતાના આનંદરૂપ અસ્તિરૂપ પરિણમન. શુભભાવ દુઃખરૂપ છે, હું સુખરૂપ છું, એમ સુખરૂપની દૃષ્ટિ કરવાથી (અને) દુઃખરૂપ પર્યાયની રુચિ છોડવાથી આત્મામાં આનંદનું અસ્તિત્વરૂપ પરિણમન, આકુળતાનું નાસ્તિરૂપ પરિણમન (થાય છે). સમજાણું કાંઈ? એનું નામ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ જ સમયમાં. એ વાત ચાલે છે. સમય એક છે બેયનો. પુણ્ય-પાપ આકુળતાથી નિવૃત્તિ, સુખની અંદર એકાગ્રરૂપ પ્રવૃત્તિ, સ્વસંવેદન થવું, આકુળતાની નિવૃત્તિ થવાનો એક સમય છે. બે સમય નથી. એ પ્રશ્ન પૂછ્યો હતો. પ્રકાશ થાય છે તો અંધકારનો નાશ અને અંધકારનો નાશ તે જ સમયે પ્રકાશની ઉત્પત્તિ (થાય છે). એમ આકુળતાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિવૃત્તિ એ જ સમયે સ્વભાવની પ્રવૃત્તિ દૃષ્ટિમાં, સ્વસંવેદન જ્ઞાન અને એ જ સમયે આકુળતાની નિવૃત્તિ. સમજાણું કાંઈ? એ જ સમયે. એ જ ધર્મનો રોકડિયો આનંદ છે એમ કહે છે. આહાહા..! રોકડિયો ધંધો કરે છે કે નહિ? રોકડિયો ધંધો કહે છે ને? લાવ પૈસા પહેલા લાવ. ઉઘરાણીએ અમે નહી આવીએ. આ વકીલો તો ઘરે ક્યાં ઉઘરાણીએ આવે. પહેલા મૂકો. પહેલા મૂકો. પૈસા દે તો બુદ્ધિ કામ કરે. નહિતર કામ પણ ન કરે એમ કહે. એને કહે તમારું કામ નહિ થાય. પહેલા પૈસા મૂકો.

આનંદસ્વરૂપ ભગવાન, એની અંતર દૃષ્ટિ કરવાથી એ જ સમયે સુખની પ્રાપ્તિ સ્વસંવેદન જ્ઞાનની, એ જ સમયમાં આકુળતાના અભાવની પ્રાપ્તિ. એ બેયનો એક જ સમય છે. રોકડીયો ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૬, બુધવાર તા. ૫-૧૦-૧૯૬૬**
**ગાથા -૭૪, પ્રવચન-૧૪૮**

બેયનો એક સમય છે. સમજાણું કાંઈ? પાંચ બોલ તો આવી ગયા છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવ સંબંધ, નિબંધ ઉપાધિ છે. એ એક બોલ '**जीवणिबद्धा**'. શરીર-બરીરની અહીંયાં વાત નથી. અહીંયા તો આત્મા ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ (છે). એમાં જે શુભ-અશુભ, દયા-દાન, વ્રત, કામ-ક્રોધના ભાવ ઉત્પન્ન થાય છે એ જીવની સાથે સ્વરૂપસંબંધ નથી. સંયોગસંબંધ, ઉપાધિસંબંધ છે.

મુમુક્ષુ :- ઉપાધિ..

ઉત્તર :- એ ઉપાધિ કહો. સંયોગસંબંધ કહો કે ઉપાધિ કહો, બેય એક જ વાત છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં ત્રણ શબ્દ લીધા છે. જયસેનાચાર્ય. '**निबद्धा संबद्धा औपाधिकः**' એવા ત્રણ બોલ છે. ૭૪ છે ને? ૭૪. '**जीवणिबद्धा एते क्रोधाद्यास्रवा जीवेन सह निबद्धा संबद्धा औपाधिकः**' શું કહ્યું સમજાણું?

ભગવાન આત્મા,... જેમ પીપરના ઝાડમાં લાખ પીપરનું સ્વરૂપ નથી પણ વિરૂદ્ધ ભાવ છે. એમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં પુણ્ય અને પાપના ભાવ એ સંબંધરૂપ, ઉપાધિરૂપ નિબદ્ધરૂપ છે. વિરૂદ્ધ સ્વભાવ છે. આત્માનો ચૈતન્ય સ્વભાવ અવિરૂદ્ધસ્વભાવ છે અને પુણ્ય-પાપના ભાવ વિરૂદ્ધ સ્વભાવ છે. એમ જાણીને વિરૂદ્ધ સ્વભાવથી નિવૃત્ત થઈને. એનો અર્થ કે પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ છે એનું લક્ષ છોડીને. એનો અર્થ કે એ પુણ્ય-પાપના ભાવનો કાર્ય મારું છે, હું કર્તા છું એવી દૃષ્ટિ છોડીને. સમજાણું કાંઈ? કર્તાકર્મ છે ને? અંતર જ્ઞાયક ચૈતન્યમાં એકાગ્ર થાય છે તો પુણ્ય-પાપના વિકલ્પનું કાર્ય મારું અને હું કર્તા એવા ભાવનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત.

ભગવાન આત્મા અંતર ચૈતન્ય સ્વરૂપ આનંદનું ધામ. એની દશામાં નિમિત્તના લક્ષે ઉત્પન્ન થનારા. ચાહે તો શુભ હોય કે અશુભ હોય. બેય ચૈતન્ય સ્વભાવ એવો આત્મા, ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ એવો આત્મા, એનાથી વિરૂદ્ધભાવ છે. જ્ઞાયકસ્વભાવ આત્મા એ આત્માનો અવિરૂદ્ધભાવ છે. સમજાણું કાંઈ? વિરૂદ્ધભાવ '**ज्ञात्वा निवर्तते तेभ्यः**' ચોથા પદમાં એ શબ્દ છે. '**णादूण णिवत्तदे तेहिं**' વિકાર છે એ વિરૂદ્ધસ્વભાવ છે. આત્માનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય છે. એમ બેની વચ્ચે (ભિન્નતાનું) જ્ઞાન કરીને સ્વભાવસન્મુખ થઈને પોતાના સ્વભાવના પરિણામનો કર્તા થઈને સ્વભાવ પરિણામનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાર્ય કરે છે તો વિભાવ પરિણામનું કાર્ય મારું અને હું કર્તા એવો અજ્ઞાનભાવ છૂટી જાય છે. સમજાણું કાંઈ?

બીજો બોલ. '**अध्रुवा**' હાનિ-વૃદ્ધિ. એકદમ શુભભાવ વધી જાય કે ઘટી જાય, વધી જાય, ઘટી જાય. એમ જાણીને આત્મા જ્ઞાયકસ્વભાવ એ ધ્રુવ છે. પેલા અધ્રુવ છે. '**ज्ञात्वा निवर्तते तेभ्यः**' વિકારનું કાર્ય મારું એવી દૃષ્ટિ છોડીને પોતાના સ્વભાવમાં એકાકાર થઈને અધ્રુવથી ખસીને ધ્રુવમાં લીન થાય છે ત્યારે પોતાના શુદ્ધ સ્વભાવના પરિણમનનું કાર્ય થાય છે અને અધ્રુવનું કાર્ય મારું, એ બુદ્ધિ છૂટી જાય છે. ભારે વાત ઝીણી. કહો, ન્યાલભાઈ! ભારે ધર્મ આવો. કહો, અમરચંદભાઈ!

અનિત્ય. ત્રીજો બોલ-અનિત્ય. જ્યારે તાવ આવે છે તો પહેલા ઠંડો તાવ અને પછી ગરમ. એક પછી એક અનુક્રમે આવે છે. એમ ભગવાન આત્મામાં અનુક્રમે શુભ અને અશુભભાવ થાય છે. એક સાથે અશુભની સાથે શુભ નહિ, શુભની સાથે અશુભ નહિ. એમ અનુક્રમે ઉત્પન્ન થનારા અનિત્યપણું આસ્રવનું જોઈને પોતાનો સ્વભાવ, જીવસ્વભાવ નિત્ય છે એમ જાણીને એનાથી ખસે છે. શુભાશુભ પરિણામનું અનિત્યપણું દેખીને, પોતાના સ્વભાવનું નિત્યપણું દેખીને શુભાશુભ પરિણામથી ખસે છે. એ કાર્ય મારું અને હું કર્તા એવી બુદ્ધિ રહેતી નથી. ભારે ઝીણી વાત. એમ ભગવાન '**णिवत्तदे तेहिं**' વિકાર, વિકલ્પ, શુભ-અશુભ પરિણામ એક પછી એક થાય છે. મારી ચીજ તો નિત્ય કાયમ જે સ્વભાવ છે એવું જ્ઞાન કરી, એવા વિકલ્પથી હટે છે તો એ કાર્ય મારું એમ રહેતું નથી. સ્વભાવમાં એકત્વ થાય છે તો સ્વભાવનું કાર્ય મારું અને હું કર્તા એ અભિન્ન થઈ ગયો. સમજાણું કાંઈ?

'**अशरणा**' વિકાર અશરણ છે. કર્મના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થાય છે. નિમિત્ત ખસી જાય તો એ વસ્તુ ખસી જાય છે. કાયમ નથી રહેતી. એ શરણ નથી. નજર નાખતા એ શુભઅશુભભાવ શરણ નથી. કેમ કે કાયમ રહેનારી ચીજ નથી. કર્મના નિમિત્તના સંબંધે ઉત્પન્ન થઈ છે. નિમિત્ત છૂટી ગયું તો પોતાની પર્યાયમાં વિકલ્પ પણ છૂટી જાય છે. તો શરણ લેવાની વસ્તુ ન થઈ. સ્વયં જીવ ચિત્શક્તિવાન ભગવાન આત્મા શરણ સહિત છે. એ સ્વયં રક્ષિત જ છે. એવા આત્માના પુણ્ય-પાપના વિકારથી અશરણથી ખસીને અશરણનું કાર્ય મારું અને હું કર્તા એવી બુદ્ધિથી ખસીને સ્વભાવમાં એકાકાર થાય છે, એનું નામ આસ્રવથી નિવૃત્તિ થઈ એમ કહેવામાં આવે છે. આસ્રવથી નિવૃત્તિ થઈ તો સ્વભાવમાં પ્રવૃત્તિ થઈ. કહો, સમજાણું કાંઈ?

'**दुःखा**' એ દુઃખરૂપ છે. ભગવાન સુખરૂપ છે. આત્મા આનંદરૂપ છે. પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખરૂપ જાણીને આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદમૂર્તિ (છે એમ) જાણીને દુઃખરૂપનો કર્તા હું છું એવી બુદ્ધિ છૂટીને આનંદસ્વરૂપમાં દૃષ્ટિ થાય છે તો આનંદનો આત્મા કર્તા અને આનંદ કાર્ય એમ થાય છે. દુઃખભાવનો હું કર્તા અને હું એનું કાર્ય એવી બુદ્ધિ રહેતી નથી. એ પાંચ બોલ આવી ગયા છે. આજે છઠ્ઠો બોલ.

'**दुःखफलाः**' પાઠમાં જુઓ! આસ્રવ પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ...**' શું કહે છે? છે છઠ્ઠો બોલ? પુણ્ય-પાપના ભાવ પુદ્ગલનો બંધ પડે છે એમાં નિમિત્ત થાય છે. એ કેવા છે પુદ્ગલ પરિણામ? કે '**આકુળતાને ઉત્પન્ન કરનારા...**' '**अट्ठिवहं पि य कम्मं**' આવે છે ને ભાઈ? ૪૫ ગાથા. ૪૫ ગાથામાં. આઠ કર્મનો બંધ પાપ હોવાથી દુઃખફળ છે. ૪૫મી ગાથા છે. સમજાણું કાંઈ? ૪૫ છે ને? ૪૫. એ પહેલી વાત ગઈ હવે. આ તો હમણા આવ્યું છે. જુઓ!

**अट्ठिवहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**

આઠેય કર્મનું ફળ દુઃખરૂપ છે. આહાહા..! એની ટીકા લાંબી છે. સમજાણું કાંઈ? શું કહે છે? આઠ કર્મ જે બંધાય છે એમાં આકુળતા ઉપજાવનારા વર્તમાન પરિણામ એને નિમિત્ત થાય છે અને પુદ્ગલ આકુળતા ઉપજાવવામાં નિમિત્ત થાય છે. ભવિષ્યમાં પણ પુદ્ગલનો ઉદય દુઃખરૂપમાં નિમિત્ત થાય છે. પાંચમા બોલમાં વર્તમાન પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ, વર્તમાન આનંદરૂપ ભગવાન (છે) એમ જાણીને એનાથી નિવૃત્ત થાય છે અને સ્વભાવમાં એકાગ્ર થાય છે. એ જ સમયે શાંતિ અને આનંદ થાય છે અને આકુળતાનો અભાવ થાય છે.

હવે '**दुःखफलाः**'. એ '**આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામ...**' કર્મબંધ જે થાય કર્મબંધ, એ આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા પુદ્ગલ પરિણામ, બંધ પડે છે ઈ. '**પુદ્ગલ પરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે);...**' શું કહ્યું? કહે છે કે, અમે પુણ્ય તો બાંધીએ તો ભવિષ્યમાં સુખ મળશે. વર્તમાન પુણ્ય તો દુઃખરૂપ છે પણ એ પુણ્ય પરિણામ કર્મબંધનમાં નિમિત્ત છે તો કર્મબંધન આકુળતામાં નિમિત્ત છે. આહાહા..! કહે છે ને કેટલાક કે આપણે અત્યારે પુણ્ય કરો, સ્વર્ગમાં જઈને પછી ભગવાનના દર્શન કરશું. પુણ્ય સારા બંધાણા હશે ને, સારા બંધાણા હોય તો... સમજાણું કાંઈ? એની ચોપડી પણ બહાર પડી છે. આહાહા..!

ભાઈ! અહીં તો કહે છે કે શુભ-અશુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુણ્ય પરિણામથી જે કર્મ બંધાય છે, એમાં જે નિમિત્ત છે એ કર્મ આકુળતાને ઉત્પન્ન કરનારા છે. આહાહા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આ અર્થ-અર્થ પહેલા શું છે એને સમજવા જોઈએ ને? આહાહા..! ભગવાન આત્મા અણીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા અને પુણ્ય-પાપનો રાગ, શુભ-અશુભભાવ.. ઓહોહો..! દુઃખરૂપ છે.

અહીં તો કહે છે કે શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય. ભાઈ! આહાહા..! અરે..! પણ એ તો ૧૪૮ પ્રકૃતિ. એય..! દુઃખફળ છે. અહીં તો બધી પ્રકૃતિ દુઃખરૂપ છે. આઠેય કર્મ. '**अट्ठिवहं पि य कम्मं**' એ (તીર્થંકર) પ્રકૃતિનો ઉદય જ્યારે આવે ત્યારે કેવળજ્ઞાન થઈ ગયું હોય. સમજાણું કાંઈ? પણ બંધ પડ્યોને અંદરમાં? તો શુભભાવ પણ દુઃખ છે અને બંધ પડ્યો એ ભવિષ્યમાં તો આકુળતા ઉત્પન્ન કરનારો છે. પણ એ રાગનો નાશ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે ત્યારે પ્રકૃતિનો ઉદય આવે છે. આહાહા..!

આત્મામાં શુભભાવ જે ભાવે ષોડશકારણ ભાવના ભાય.. આવે છે ને તમારે? તીર્થંકરપદ પાય. પણ એ ભાવના વર્તમાન રાગ દુઃખરૂપ છે, આકુળતા છે અને ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનારા પુદ્‌ગલ પરિણામનું નિમિત્ત છે. આહાહા..! પણ એ એવી ચીજ છે કે એ તો શુભ પરિણામને છેદીને જ્યારે વીતરાગ થશે ત્યારે પ્રકૃતિના કર્મનો વિપાક તેરમે ગુણસ્થાને તીર્થંકરપદનો ઉદય આવે છે. એ પહેલા નીચે આવતો નથી. સમજાણું કાંઈ? આ તો ધ્યાન રાખીને સમજે તો સમજાય એવું છે. આ કાંઈ રૂપિયા નથી ગણી લેવા ફટ... ફટ... ફટ.. શોભાલાલજી! લ્યો, .. કરવા જાય છે ને કાનપુરથી. કેટલા ગણો, લાવ ૨૫ હજાર, ૫૦ હજાર, લાખ, સવા લાખ. દરરોજ .. જાય. બાર મહિનાના બાર વાર, પંદર વાર, દસ વાર. પૈસા ભેગા કરે. અહીં કહે છે, પૈસા ભેગા થાય છે એ વખતે રાગ છે, દુઃખ છે. અને કદાચ કોઈ શુભભાવ થયો તો એ શુભભાવ પુદ્‌ગલ પરિણામ નવા બાંધવામાં નિમિત્ત છે અને એ પુદ્‌ગલ પરિણામ ભવિષ્યમાં આકુળતામાં નિમિત્ત થશે. પુદ્‌ગલ પરિણામ આત્માની શાંતિમાં કારણ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? જૈનમાં જન્મ્યા અને જૈન શું કહે છે એની ખબર નહિ અને અમે જૈનના ભગત છીએ.

મુમુક્ષુ :- કુળમાં તો કહેવાય ને.

ઉત્તર :- કુળ પણ ક્યાં છે?

જુઓ! શું કહે છે? ઓહો..! પુણ્ય-પાપના ભાવ ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે પરમાત્માએ એમ કહ્યું છે અને એમ છે. પ્રભુ! તું તો આનંદરૂપ છો ને. તું દુઃખના ફળરૂપ આત્મા છો જ નહિ. સમજાણું કાંઈ? ઓહો..! એ શુભભાવ થયો એ વર્તમાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખના કારણરૂપ પુદ્‌ગલ પરિણામ જે બંધાય છે એમાં વર્તમાન નિમિત્ત છે. ભવિષ્યમાં એ પુદ્‌ગલ પરિણામ દુઃખનું કારણ થશે. દુઃખનું ફળ મળશે. આનંદનું ફળ પુદ્‌ગલના પરિણામમાં હોતું નથી. ઓહોહો..!

શાતાવેદનીય બાંધી હોય તો એનાથી તો કાંઈક અનુકૂળતા મળશે ને? તો એ દુઃખનું ફળ ક્યાં છે? (એનાથી) તો સુખ થશે કે નહિ? એ શાતાવેદનીયથી મળેલી ચીજ ઉપર લક્ષ કરવાથી તો રાગ, આકુળતા જ થશે. આહાહા..! શેઠી! સમજાણું? ન સમજાણું? એ સારું કહ્યું. એટલે ફરીને બોલવાનું. સમજાણું નહિ એટલે ફરીને બોલો, એમ એનો અર્થ.

જુઓ! એમ થયું કે ભગવાન આત્માથી વિરુદ્ધ ભાવરૂપ શુભભાવ કે અશુભ, બેય વર્તમાન દુઃખરૂપ છે. અને જે પુદ્‌ગલ પરિણામના બંધ પડે છે એ ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનારા છે. એમાં હેતુ શુભાશુભ પરિણામ થાય છે. તો જે શાતાદિ બંધાણા, એનું જે ફળ આવે એના લક્ષે આકુળતા જ ઉત્પન્ન થાય છે. આકુળતાનું જ કારણ છે. ધૂળમાંય ક્યાંય સુખ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તો શું થયું? એ તો પોતાની પર્યાયમાં આનંદ થયો. પ્રકૃતિ ક્યાં? એ તો પરમાં રહી ગઈ. રાગથી જે કર્મપ્રકૃતિ બંધાણી હતી એ રાગનો અભાવ કરીને વીતરાગ થયો. ત્યારે તો પ્રકૃતિનો ઉદય આવ્યો તેરમે ગુણસ્થાને કેવળીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છે જ નહિ. પછી પ્રકૃતિ છે જ નહિ. પ્રકૃતિનો પાક જ તેરમે આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખલાસ થઈ ગયું. મૂળ છે નહિ. વીતરાગનો આનંદ છે.

અહીં તો નીચલી દશામાં કહે છે કે એવો શુભભાવ થયો કે શાતાવેદનીય બંધાણી. **'આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના...'** શાતાવેદનીય આદિ બધા કર્મ, એનો આસ્રવ **'હેતુ હોવાથી દુઃખફળરૂપ...'** જેનું દુઃખફળ એવો એ આસ્રવ છે. આહાહા..! સમજાણું કે નહિ? અમરચંદજી! શુભ-અશુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરનારા જે પુદ્‌ગલ પરિણામ બંધાય છે એમાં એ આસ્રવ નિમિત્ત પડે છે. આહાહા..! કહો, સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- .. આકુળતા..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આ શું કહ્યું? આ ધૂળ તમારી હિરા-માણેક મળ્યા એના ઉપર લક્ષ જાય તો એ આકુળતા છે. ત્યાં ક્યાં ધૂળમાં સુખ છે? આ પૈસા-ધન મળ્યા, નિરોગી શરીર મળ્યું વગેરે બધું. એના ઉપર લક્ષ જાય તો આકુળતા જ છે. કેમ હશે? પોપટભાઈ! શું હશે? એ તો એમના સાળાની વાત. એના સાળા પાસે ચાલીસ કરોડ રૂપિયા છે. શાંતિલાલ ખુશાલદાસ-ગોવા. એના આ બનેવી છે. એના સાળા છે શાંતિલાલ ખુશાલદાસ. ચાલીસ કરોડ રોકડ વર્તમાનમાં છે. એના સાળા પાસે. આ બેઠા છે ને ભાઈ.

મુમુક્ષુ :- ... મમતા છે.

ઉત્તર :- એ બતાવવા માટે તો કહ્યું. ચાલીસ કરોડ ઉપર લક્ષ જાય છે તો દુઃખ છે. એના એ બનેવી છે. આપણા મુમુક્ષુ છે. આ ભાઈની પાસે બેઠા છે ને એ. એની એક દિકરી અહીંયા બાળબ્રહ્મચારી છે. ત્રણ દીકરા અહીંયાં આપણે બોર્ડિંગમાં ભણે છે. એના સાળા થાય. એની પાસે ચાલીસ કરોડ રૂપિયા અત્યારે છે. શાંતિલાલ ખુશાલદાસ. મહિનાની કેટલી હશે? કેટલા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એક લાખ રૂપિયાની ઊપજ. એક દિવસના એક લાખ. તમે બીડી જાય ત્યાં શોભાલાલજી તો પચ્ચીસ હજાર, પચાસ હજાર, એક લાખ, સવા લાખનું વેચાણ થાય. એમાં પેદાશ એટલી નહિ. ત્યાં તો એક લાખ. એક દિવસના એક લાખ. પચાસ હજાર મજૂરીમાં અને પચાસ હજાર ઘરમાં. ધૂળમાં. લક્ષ જાય છે તો દુઃખ છે. પુદ્‌ગલ પરિણામનું ફળ દુઃખ છે, શેઠ!

મુમુક્ષુ :- દુઃખ હોય પણ ગરમી ઘણી રહે.

ઉત્તર :- ધૂળમાંય ગરમી રહેતી નથી. એ..એં..એ.. થઈ જાય ત્યાં. એટલા બધા પૈસાના ઢગલામાં વીંછી કરડ્યો હોય જોઈ. એં.. એં.. શું કામ મરી જાય? જીવતો છે ને. ખડક તારા રૂપિયા. પાંચ કરોડ, દસ કરોડનો ઢગલો કર ત્યાં. પૈસા બચાવ, આ વીંછી કરડ્યો છે. શું થશે? શેઠ? નહિ થાય? એ કરડે ત્યારે કેવું થાય ખબર છે? કહો, માણેકચંદજી! આ તમારા મોટા .. થાય છે ને ..? પૈસા છે ને યાદ કરોને. ધૂળમાંય સુખ નથી. મફતનો મૂઢ થઈને (મમતા કરે છે). એનું લક્ષ જાય છે તો આકુળતા જ થાય છે. આ પૂર્વના પુણ્ય પરિણામ, પુદ્‌ગલ પરિણામનું નિમિત્ત થયું. એ પુદ્‌ગલ પરિણામ કર્મ ભવિષ્યમાં દુઃખને ઉત્પન્ન કરનારા છે. એ નક્કી કરો પહેલા. આમ છે. બરાબર છે? ભાઈ શોભાલાલજી! શેઠિયા પાસે નક્કી તો કરાવીએ. ... કારણ છે. વર્તમાન આકુળતા અને એનું કર્મબંધન જે થયું એ પણ આકુળતાનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ કારણ છે. આ દુઃખફળ બતાવવું છે ને? આહાહા..! માણસ કહે ને? આટલા મળ્યા. પાંચ પચ્ચીસ લાખ, પાંચ કરોડ, દસ કરોડ. ઓહોહો..! એટલા તો સુખી છે. પરમેશ્વરે દીધું છે તો વાપરે, ભાઈ પરમેશ્વરે દીધા તો વાપરે. સુખી માણસ. ધૂળમાંય સુખી નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂઢ કહે એમાં મૂઢની શું ગણતરી? એય..! મલૂકચંદભાઈ! હવે આવ્યા છે ક્યાંથી પાછા? દેરાસર છોડીને. કહો, સમજાણું?

અહીં '**दुःखफलाः**'નો અર્થ ચાલે છે. ભગવાન આત્મા આનંદમૂર્તિ છે અને એમાં પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ વર્તમાન દુઃખરૂપ છે. ભગવાન આત્મા વર્તમાન આનંદરૂપ છે. એમ ભિન્ન જાણીને, એનું કર્તાપણું છોડીને આત્મા સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો એને શાંતિ એ ક્ષણે મળે છે. અને જેટલા શુભ પરિણામ હોય કે અશુભ હોય, એ કર્મ જે વર્તમાનમાં બંધાણા એ કર્મમાં વર્તમાન નિમિત્ત છે એ કર્મ ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનારા છે. કોઈ કહે કે કર્મ બંધાવાથી ભગવાનની વાણી મળશે. લ્યો ભાઈ! અહીં એ લેવું જરી. સારા કર્મ બંધાય તો વાણી મળશે, આમ મળશે. પણ વાણી મળશે અને તારું લક્ષ જાશે ત્યાં એ રાગ છે. સાંભળને. આહાહા..! ભારે વાત, ભાઈ! શું કહ્યું? લઈ ગયા ત્યાં. વાણી ઉપર લક્ષ છે તો શુભરાગ છે, આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... જુઓ! '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' ભગવાન આત્મા તો પુદ્‌ગલ પરિણામનું નિમિત્ત થાય એવો સ્વભાવ જ નથી. નવા કર્મ બંધાય એમાં નિમિત્ત થાય એવો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ પાંચમો-છઠ્ઠો બોલ જરી સ્પષ્ટીકરણ વિના થોડામાં સમજાય નહિ. મકાન, બાયડી, છોકરા, કુટુંબ.. કહે છે કે ભગવાન! એ બધા પુદ્‌ગલપરિણામ પૂર્વે તેં બાંધ્યા હતા ને એ વર્તમાન આકુળતાને ઉપજાવનારા છે. તારું લક્ષ ત્યાં જશે એ આકુળતા છે. એ કાંઈ આત્માનું લક્ષ એનાથી થાય છે? એમ કહે છે.

જે પુદ્‌ગલ પરિણામ બંધાણા એનું ફળ આવ્યું એમાં તારું લક્ષ જશે તો આકુળતા જ થશે. આત્મા ઉપર લક્ષ જાય તો આનંદ થશે. એ ક્યાં સુખરૂપ છે? એ તો દુઃખરૂપ છે. એ તો દુઃખનું ફળ છે. ઓહોહો..! મનુષ્યદેહ મળશે, આમ મળે અને પુણ્ય બાંધો. પછી એવી પર્યાપ્તિ મળે, ભાષા મળે, આમ મળે, સંયોગ અનુકૂળ મળે. પણ સંયોગ ઉપર લક્ષ જાશે પુદ્‌ગલ પરિણામના ફળમાં તો તને આકુળતા જ ઉત્પન્ન થશે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામ...'** એ પુદ્‌ગલ પરિણામ ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરનારા છે. ચાહે સો કર્મ બંધાય એ કર્મ ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનારા છે. કહો, માણેકચંદજી! સમજાણું કે નહિ? બહુ પુણ્ય બાંધે તો? આહાહા..! ગજબ વાત છે ને! આ ભગવાનની ભક્તિ એ શુભભાવ છે. શુભભાવથી શાતા આદિ બંધાય તો ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનાર છે. ગજબ વાત છે. જગતને કઠણ પડે એવી વાત છે ને. આ અમારે ભગત છે ને એ કહે છે, ખોલો તો અંદર આકરું પડે છે. આ દૃષ્ટાંત દઈએ ત્યારે આકરું પડે છે.

ભાઈ! તું વર્તમાન પણ આનંદરૂપ છો અને ભવિષ્યમાં પણ તારું લક્ષ કરવાથી તું આનંદરૂપ જ છો. આહાહા..! અને પુણ્ય-પાપના ભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં જે પરિણામથી પુદ્‌ગલ પરિણામ બંધાય છે, એ પુદ્‌ગલ પરિણામ આકુળતાના જ ઉત્પન્ન કરનારા છે. એમાં આનંદનું લક્ષ કરનારી પુદ્‌ગલની પર્યાય નહિ થાય. ભાઈ! આ તો કહે છે ને, આવું સાંભળવા મળે. ભાઈ! એમ નથી. એનું લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરીશ તો તને આનંદ થશે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! સારા કર્મ બાંધો તો પછી ત્યાં સારું મળે. પણ અહીં તો કહે છે કે ભગવાન! તારું લક્ષ કરવામાં તો કોઈ કર્મનું ફળ કારણ જ નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ઝીણી ભારે. લોકોને એમ ને એમ ચલાવ્યા ગાડા. એ ગાડા અટક્યા કે આ માર્ગ નથી. બીજો માર્ગ છે. ત્યાં ભડક્યા. આ ભાઈએ કહ્યું હતું ને સવારમાં. .. કહો, સમજાણું? કેટલાકને લાભ થયો, કેટલાકને.. એમ થાય છે. ભગવાનની વાણી નીકળી (ત્યારે) નરકમાં જનારા નિકળ્યા. ઋષભદેવ ભગવાન. ઋષભદેવ ભગવાનની જ્યારે વાણી નીકળી ત્યાં સુધી કોઈ એક સ્વર્ગમાં જનારા બધા જીવ હતા. જ્યાં વાણી નીકળી ત્યાં ... નરકમાં, નિગોદમાં અને મોક્ષ જનારા નીકળ્યા.

મુમુક્ષુ :- મનુષ્યમાં પણ એવા...?

ઉત્તર :- હા, મનુષ્યમાં એવા નીકળ્યા. જ્યાં વાણી નીકળી એવી અંદર યોગ્યતા-પાત્રતા લઈને ગયા હતા ને. અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં નરકમાં જનારા કોઈ નહોતા, નિગોદમાં જનારા નહોતા, તેમ મોક્ષ જનારા નહોતા. જ્યાં વાણી નીકળી અને સાંભળી ત્યાં પાત્ર જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા, કોઈને કેવળજ્ઞાન થયું. અપાત્રને એવા ક્લિષ્ટ પરિણામ થયા કે નરક અને નિગોદમાં ચાલ્યા ગયા. અઢાર ક્રોડાક્રોડી સાગરોપમ નરક-નિગોદના પરિણામ કરનારા જીવ નહોતા. આહાહા..! આ તે શું કહે છે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- .. નુકસાન થયું.

ઉત્તર :- એની યોગ્યતાથી નુકસાન થયું છે. વાણીથી નુકસાન થયું છે? લાભ પણ એને કારણે થયો છે. વાણીથી લાભ થયો છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ પહેલા અઢાર ક્રોડાક્રોડી સાગરમાં જુગલીયા હતા. તો જુગલીયા તો સ્વર્ગમાં જ જાય. પોતાની સ્થિતિથી વિશેષ અધિકમાં ન જાય. પોતાની જે સ્થિતિ છે પલ્યોપમ એનાથી વધારે ન જાય. .. ની. અને અહીંયાં તો જ્યાં ભગવાનની વાણી નીકળી તો અઢાર ક્રોડાક્રોડી સાગરોપમ (કોઈ જીવ નરક, નિગોદમાં જનારા નહોતા). અઢાર ક્રોડાક્રોડી સાગરોપમ કોને કહે? એક સાગરોપમના દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એવા એક દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક અવસર્પિણી. સમજાણું કાંઈ? એવા અઢાર ક્રોડાક્રોડી થયા. નવ ક્રોડાક્રોડી પેલી બાજુના, નવ ક્રોડાક્રોડી અહીંના. પેલી ચોવીસીના નવ ક્રોડાક્રોડી, આ ચોવીસીના નવ ક્રોડક્રોડી. ત્યાં સુધી કોઈ માણસ નહોતા. શ્રાવક નહિ, મુનિ નહિ. સમજાણું કાંઈ? શું કહે છે કુદરતની ચીજ?

મુમુક્ષુ :- સમકિતી?

ઉત્તર :- સમકિતી હોય. શ્રાવક, મુનિ નહિ. એ સમકિતી પણ પાછળ થોડા થાય. પાછળ થાય. મિથ્યાદષ્ટિ ઘણાં હોય જુગલિયામાં. પણ શ્રાવક, મુનિ થાય નહિ. અઢાર ક્રોડાક્રોડી સાગરોપમ. સમકિતી થાય છે. સમજાણું કાંઈ?

આ જ્યાં વાણી નીકળી... વાણીથી થયું જ નથી. એ કાળના જીવની એવી યોગ્યતા હતી કે પોતાના સ્વરૂપને સમજીને કોઈ શ્રાવક થયા, કોઈ મુનિ થયા અને કોઈએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તત્ત્વની એવી વાત આવી, ચર્ચા થઈને એને વિરૂદ્ધ પડી ગયું. આહાહા..! સમજ્યા? અંદરમાં ગડબડ કરી દીધી. અમે તો પહેલાં ઘણી વાર કહેતા હતા. એક વાર બહુ સ્પષ્ટ કર્યું હતું. (સંવત) ૮૩માં કર્યું હતું. જુગલિયા છે ને. .. પૂછે છે. ત્યારે માણસ કલ્પવૃક્ષ પાસે લેવા જાય છે. તો જે કોઈ પહેલા ગયો તેને પહેલા મળ્યું. પછી ગયા તેને પછી મળ્યું. તો ત્યાં પહેલી સ્થિતિ સમસ્થિતિ હતી બધા કષાય મંદ આદિ. એટલો વિષમ .. થઈ ગયું કે કોઈની પ્રકૃતિ ઉગ્ર થઈ ગઈ. પોતાની યોગ્યતાથી. તો પહેલા ગયા હતા એ પાછળ રહી ગયા. પાછળથી ગયા એ પહેલા લેવા ગયા. એ કષાયની વિષમતા થઈ ગઈ. એવી કષાયની વિષમતા કરતા... કરતા... કરતા... ભગવાનની જ્યાં વાણી આવી તો તીવ્ર યોગ્યતા જેની કષાયની હતી એ વિપરીત થઈ ગઈ. અને મંદ થવાને લાયક હતી એ સમ્યગ્દર્શન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પામીને, સમકિત પામીને, મુનિ થઈને કેવળજ્ઞાની થઈ ગયા. સમજાણું કાંઈ?

અહીં પાણી છૂટે છે ને? આ નળનું પાણી. તો એક સાથે પાણી લેવા જાય છે બેડા લઈને.

મુમુક્ષુ :- પહેલા લઈને આવ્યા હોય..

ઉત્તર :- હા. આવ્યા હોય પહેલા એ (રહી જાય પાછળ). એક બાઈ પછી આવી હોય. તમે પહેલા આવ્યા હોય પણ મારો દિકરો રડે છે, અમે ગરીબ છીએ. જાવ. એ કષાય... વળી કોઈ કહે કે ભાઈ, લેવા દોને. નહિ, શેનું લેવા દઉં? અમે પહેલા આવ્યા છીએ ને. એવી કષાયની મંદતા, તીવ્રતા સામાન્ય વિશેષતા થઈ જાય છે. એવી જુગલિયામાં પહેલા થઈ ગઈ હતી. જેની લાયકાત મંદતા હતી, અને સમજવાની લાયકાત હતી એની વાણીમાંથી, એ નિમિત્ત થઈ અને અંદર સમજીને ઉતરી ગયા ફડાક દઈને. અને જેની લાયકાત નહોતી એ તીવ્ર કષાય સેવતા સેવતા .. આવી ગયા હતા. જ્યાં વાણીનો પ્રચાર બહાર થયો ત્યાં વિપરીત દૃષ્ટિ થઈ ગઈ. આવી તમારે .. અઢાર ક્રોડાક્રોડીમાં જે મિથ્યાત્વ નિગોદમાં જાય એવું નહોતું, એવું મિથ્યાત્વ થઈ ગયું. આહાહા..! ક્રાંતિકાળમાં એવું થાય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભગવાન આત્મા, એમાં જે શુભ-અશુભભાવ છે, ભાઈ! સાંભળ તો ખરો, પ્રભુ! ભવિષ્યમાં જે પુદ્‌ગલ પરિણામ બંધાય છે, એ પુણ્ય પરિણામથી એ પુદ્‌ગલ પરિણામ તો ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરનારા છે. કોઈ એમ માને કે મેં આવું પુણ્ય બાંધ્યું છે તો ભવિષ્યમાં મને સમકિતનું કારણ થશે. સમજાણું કાંઈ? મેં મનુષ્યપણું બાંધ્યું, સંહનન મજબૂત થયું, એવું બાંધ્યું તો ભવિષ્યમાં મને સમકિત અને કેવળજ્ઞાનનું કારણ થશે. તો કહે છે, નહિ. એ પુદ્‌ગલ પરિણામ ભવિષ્યમાં દુઃખનું જ કારણ થશે. કારણ કે પુદ્‌ગલ પરિણામ તરફ લક્ષ જશે તો તને આકુળતા જ થશે. તારું લક્ષ કરવાનું એ પુદ્‌ગલ પરિણામને કારણે થતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! પૈસા-બૈસા, ખાવા-પીવાનું ઠીક હોય તો ધર્મ કરી શકે. પણ ખાવા-પીવાનું ન હોય એ કેમ કરી શકે? એમ ઠીક છે? નહિ. એ વાત ઠીક નથી એમ કહે છે. આહાહા..! કેમ કે આત્માનો ધર્મ કરવો એ પોતાના સ્વલક્ષે છે. અને પુદ્‌ગલ પરિણામના જે પરલક્ષે ઉત્પન્ન થયા તો પરલક્ષના ફળમાં પરલક્ષ કરાવશે લક્ષ કરશે તો. એનાથી સ્વલક્ષ થશે એમ છે નહિ. ઓહોહો..! ગજબ વાત. સમજાણું કે નહિ? ન્યાલભાઈ!

ભગવાન '**જીવ જ સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ હોવાથી...**' જુઓ! તીર્થંકર ગોત્રને બાંધવામાં પણ આત્માનો સ્વભાવ નિમિત્ત છે જ નહિ. જીવસ્વભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યસ્વભાવ (નિમિત્ત) છે જ નહિ. આહાહા..! સમસ્ત શબ્દ પડ્યો છે કે નહિ? **'જીવ જ સમસ્ત પુદ્ગલ પરિણામ...'** ૧૪૮ પ્રકૃતિ. એનો **'અહેતુ...'** જીવદ્રવ્ય સ્વભાવ એનો હેતુ છે જ નહિ. **'હોવાથી અદુઃખફળ છે (અર્થાત્ દુઃખફળરૂપ નથી).'** ભગવાન આત્મા વર્તમાન આનંદરૂપ અને ભવિષ્યમાં પણ આનંદના ફળરૂપ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત. પરલક્ષી આટલા એણે બાંધ્યા છે ને. સારા કર્મ બાંધ્યા છે ને. સારા કર્મ બાંધે તો સારું નિમિત્ત મળશે. નિમિત્ત મળશે તો અમને સ્વભાવ તરફ લક્ષ થવામાં કારણ થશે. નહિ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! એમ કહે છે આ તો. આહાહા..!

ભાઈ! તારા પરિણામ બહિર્લક્ષી છે ને? તો બહિર્લક્ષી જેમાં નિમિત્ત પડ્યું છે એવા કર્મપરિણામ થયા તો કર્મપરિણામનું ફળ પણ તને બહિર્લક્ષી થશે. અંતર્લક્ષી થાય એવું કર્મફળમાં કદી બનતું નથી. સમજાણું કાંઈ? લ્યો! કહે છે ને કેટલાક? મનુષ્યદેહ મળ્યો, આવું મળ્યું, સાંભળવા મળ્યું. એટલું તો અમને પુણ્યનું ફળ મળ્યું કે નહિ? તો એને લઈને અમે ધર્મ પામશું ને. ભાઈ! એમ નથી. ભાઈ! એમ વસ્તુનું સ્વરૂપ નથી. એ મળ્યું એના ઉપર તારું લક્ષ છે તો તને આકુળતા જ થશે. એનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર તો પુદ્ગલના પરિણામ મળ્યા એનો આશ્રય તને છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ...'** ભગવાન જીવ એને કહે છે. શુદ્ધ આનંદઘન જ્ઞાયકભાવ એને જીવ કહે છે. એ જીવ કોઈપણ પુદ્ગલનો બંધ પડે એમાં નિમિત્ત થતો જ નથી. જીવસ્વભાવ બંધમાં નિમિત્ત થાય તો બંધ છૂટે કે દિ'? જીવનો સ્વભાવ બંધના હેતુમાં નિમિત્ત થાય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એને જીવ કહે છે. **'જીવ જ...'** જ્ઞાયકભાવ, શુદ્ધભાવ **'સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ...'** ૧૪૮ પ્રકૃતિમાં નિમિત્ત ન થાય એવો જીવનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'અદુઃખફળ છે...'** અદુઃખફળ છે-આનંદફળ છે. લ્યો! છ બોલ થઈ ગયા.

**'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...'** જુઓ! આ પ્રકારે. બતાવ્યું ક્રમસર છ પણ છે એક સમયમાં. પહેલા આમ છે અને પછી આમ છે (એમ નથી). સમજાવવામાં ક્રમ છે. એક સાથે આસ્રવ નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખ છે, દુઃખફળ છે. સમજાણું કાંઈ? એમ જાણીને **'ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** એમ જાણ્યું ત્યાં કર્મનો વિપાક જે છે એ શિથિલ થઈ ગયો. જુઓ! અહીંયાં જ્ઞાન **'થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** એમ લીધું, ભાઈ! કર્મવિપાક શિથિલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો તો ભેદજ્ઞાન થયું એમ નહિ. પોતાનો સ્વભાવ અને વિભાવથી ભિન્નપણાનું જ્યાં ભાન થયું ત્યાં કર્મનો સ્વભાવ શિથિલ થઈ ગયો. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે તકરાર જગતને.

વ્યવહાર અને વ્યવહારના ફળ. અહીં તો કહે છે કે વ્યવહારનું ફળ બંધ છે અને બંધ એ પુદ્ગલ પરિણામ ભવિષ્યમાં આકુળતાનું નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સ્વર્ગમાં જાય તોપણ અંગારા છે દુઃખના. વિષય ઈન્દ્રાણી ને એ બધા આકુળતા છે. ધૂળ છે એમાં. સમકિતી જીવ પણ પુણ્ય પરિણામથી સ્વર્ગમાં જાય છે તો ત્યાં દુઃખમાં શેકાય છે. આકુળતા. અનાકુળ આનંદકંદમાંથી જેટલા ખસે છે તો ઈન્દ્રાણીઓ ઉપર લક્ષ જાય તો આકુળતા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે બેનું ભેદજ્ઞાન કર. બેને સાથે ન રાખ કે થોડી મદદ કરશે ને ભવિષ્યમાં એટલે સાથે રાખ્યા. '**આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...**' વાદળા છે ને વાદળા, ખંડ ખંડ થઈ ગયા. '**એવા દિશાના વિસ્તારની જેમ...**' દિશાનો વિસ્તાર થઈ ગયો છે. '**અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ...**' આત્માની ચિત્શક્તિ અમર્યાદિત દૃષ્ટિમાં વિકાસ થયો. જ્ઞાનાનંદ છું, રાગાદિ નથી એવું ભેદજ્ઞાન થયું તો જેમ વાદળાનો ખંડ ખંડ થઈને દિશાનો વિસ્તાર થાય છે, એમ '**અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી...**' સ્વભાવિક ચૈતન્ય ઉપર પુણ્ય-પાપના રાગથી ખસીને સ્વભાવિક ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ કરવાથી '**સહજપણે વિકાસ પામતી...**' એટલે કે રાગની મંદતા હતી તો અહીં સ્વભાવ વિકાસ પામ્યો એમ છે નહિ. એ તો કષાય મંદ ભાવ દુઃખરૂપ હતો. દુઃખફળ હતો. એવો ભેદ કરીને જ્યાં (જ્ઞાન) આવ્યું ત્યાં ચિત્માં એકાકાર થયો તો બધી શક્તિઓનો વિકાસ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..!

'**સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એવો,...**' પુણ્ય-પાપ શુભાશુભ આસ્રવના છ બોલ છે એને જાણીને, પોતાનો સ્વભાવ ભિન્ન એકાકાર છે તેને જાણીને, જેમ જ્ઞાનમાં એકાકાર થાય છે, વિજ્ઞાનઘન, જ્ઞાનનો ઘન અથવા વિજ્ઞાનઘન. વિજ્ઞાનની નિરંતર ધારા વહે છે. વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. શું કહ્યું? શુભાશુભભાવ, એને છ બોલથી જાણીને એનાથી ભિન્ન મારો આત્મા છે એમ જાણીને ચિત્શક્તિમાં એકાકાર થઈને વિજ્ઞાનઘન-એ સ્વભાવમાં એકાકાર થતાં અસ્થિરતાના જે ચંચળ તરંગ હતા એ તૂટી ગયા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતની ધારા, પરમાનંદની ધારા, શુદ્ધની ધારા ચાલુ થઈ જાય છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ ચાલ્યા જાય એટલે ઉત્પન્ન (થતા નથી). જેમ આસ્રવ ઉત્પન્ન થતો હતો, એનાથી જ્યાં ભિન્ન પડ્યો તો જ્ઞાનઘનમાં એકાકાર થયો. વિજ્ઞાનઘન શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે. સ્થિરતા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે...**' ચિત્શક્તિમાંથી સહજપણે વિકાસ થયો. '**વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' અહીંથી લીધું. જેમ જેમ ભગવાન જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થયો, લીન થયો તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ? '**અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;....**' અરસપરસ લીધું. અરસપરસ લીધું. વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુ, એ આસ્રવથી ખસીને પોતાના ચૈતન્યમાં એકાગ્ર થાય છે તો આત્મા શુદ્ધઘન, જ્ઞાનઘન થયો. એટલા પ્રમાણમાં આસ્રવથી નિવૃત્ત થયો. જેટલા પ્રમાણમાં આસ્રવથી નિવૃત્ત થયો એટલા પ્રમાણમાં વિજ્ઞાનઘન થયો. જેટલા પ્રમાણમાં પ્રકાશ થયો એટલા પ્રમાણમાં અંધકાર દૂર થઈ ગયો. સમજાણું કાંઈ?

'**તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' ભાષા જુઓ! '**જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;...**' એટલી વાત લીધી. હવે '**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે...**' એ બીજું લીધું. જેટલો જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થાય છે '**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' જુઓ ભાષા આ છે. શું કહે છે? એટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે અર્થાત્ એટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે કે જેટલો સમ્યક્ પ્રકારે વિકલ્પથી, પુણ્ય-પાપથી, સમ્યક્ પ્રકારે આત્માના વિજ્ઞાનઘનને આશ્રયે '**આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.**' અરસપરસ લીધું.

પહેલાં એમ લીધું કે '**સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' એક વાત. '**જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;...**' બે વાત. એ બે અસ્તિ-નાસ્તિ કરી. હવે ત્રીજો બોલ. '**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિવર્તે છે,...**' સ્વભાવથી વિરૂદ્ધ વિકારથી નિવૃત્ત થાય છે કે જેટલો વિજ્ઞાનસ્વભાવમાં એકાકાર થાય છે. '**અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' ભારે વાત. સમજાણું કાંઈ? '**આ રીતે...**' જ્ઞાન શબ્દે ભગવાન આત્મા, હોં! ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ અને આસ્રવ દુઃખરૂપ સ્વભાવ, એની નિવૃત્તિનો સમકાળ છે.

મુમુક્ષુ :- ...બંધ

ઉત્તર :- બંધની વાત નથી. આસ્રવભાવથી નિવૃત્ત થયો તો એટલો નિવૃત્ત થયો કે જેટલો વિજ્ઞાનઘનસ્વભાવમાં પ્રવૃત્ત થયો. જેટલો વિજ્ઞાનઘનસ્વભાવમાં નિવૃત્ત થયો એટલો આસ્રવથી નિવૃત્ત થયો. અહીંયાં બંધની વાત નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ .. થયું ને. પહેલા કહ્યું ને. જ્યાં પરથી નિવૃત્ત થઈને પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો ચિત્શક્તિનો વિકાસ થયો.

'**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ...**' એ ખુલાસો કરશે. વિજ્ઞાનનો અર્થ કર્યો છે, સમજ્યાને? સમ્યગ્જ્ઞાન થયું. ભલે થોડું જ્ઞાન હોય પણ વિજ્ઞાનઘન એને કહેવામાં આવે છે. મિથ્યાજ્ઞાન ચાહે તો નવ પૂર્વનું હોય એ જ્ઞાનને વિજ્ઞાનઘન કહેતા નથી. વિજ્ઞાનઘનનો અર્થ જ્ઞાનના ક્ષયોપશમના પ્રમાણમાં વિજ્ઞાનઘન (થાય છે) એમ નથી. અહીં તો જે આત્મા ચૈતન્ય જ્યોત આનંદમૂર્તિ પરમાનંદ પ્રભુ, એ તરફ દૃષ્ટિ કરવાથી જેટલી એકાગ્રતા વિજ્ઞાનઘનની સ્થિરતા નિર્વિકલ્પ ઉત્પન્ન થઈ એટલો આસ્રવથી નિવર્ત્યો. અને જેટલો આસ્રવથી નિવર્ત્યો તેટલો વિજ્ઞાનઘન ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ? આવું વાંચ્યું પણ તમે નહિ હોય કોઈ દિ'. પુસ્તક પડ્યું હશે અંદર. વાંચ્યું છે કોઈ દિ'?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરવા વાંચવું, લ્યો ઠીક. આ શાહુકારી રાખવી હોય તો ચોપડા તપાસે. શાહુકારી ન રાખવી હોય એ ચોપડા ન તપાસે, મૂકે કોર્ટમાં. શું કહેવાય એને? નાદારી. એમ જેને આત્માનું હિત કરવું હોય તો તપાસે કે આત્મા શું ચીજ છે. નાદારી-અમે કાંઈ સમજતા નથી, જાવ ચોર્યાશીની કેદમાં. સમજાણું કાંઈ? નામું તપાસે છે કે નહિ? હમણાં કોઈ કહેતું હતું કે બે લાખનો ગોટો વાળ્યો કે ચાર લાખનો ગોટો વાળ્યો. ઓલું નહોતું ૩૫ હજાર.. ૮૪ હજારનો ગોટો વાળ્યો. ૮૪ હજાર. મુનિમ હતો. ચોર્યાસી હજાર. નામ જ્યાં પૂછ્યું ત્યાં તો... લીંબડી. ચોર્યાસી હજાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! કેટલા વર્ષ થયા. કહો. ઘણા ગોટાળા અત્યારે તો ચાલે છે. ગોટા સમજ્યા? વિરૂદ્ધ કરનારા. મુનિમ એવા બધા (ગોટા) કરે. પગાર પાંચસોના હોય અને ગોટો બે હજાર, ત્રણ હજાર. ઉડાડે અંદરથી લાખ, બે લાખ. આહાહા..! અહીં કહે છે કે ચોપડા તપાસે. કેટલા રહ્યા, નફો કેટલો, ખોટ કેટલી? આ શું સરવાળો? ખર્ચ કેટલો છે. ગામમાં આપણો ખર્ચ કેટલો ચાલે છે. ..ની ચાલે, ફલાણું ચાલે.

ભગવાન આત્મા શાસ્ત્રમાં શું કહે છે અને વસ્તુનો સ્વભાવ શું છે એને સમજવાનો પ્રયત્ન કરે. ઓહો..! આસ્રવભાવ, વિકારીભાવ, વિકૃત ભાવ (છે). હું આનંદરૂપ ભાવ, અવિકારી સ્વભાવ બેમાં વિકારથી ખસીને સ્વભાવમાં જેટલો એકાગ્ર થાઉં, થાઉં છું એટલો વિજ્ઞાનઘન ધર્મ થયો. એટલો આસ્રવોથી નિવૃત્ત થયો. જેટલો આસ્રવોથી નિવૃત્ત થયો એટલો વિજ્ઞાનઘનમાં પ્રવૃત્ત થયો. આહાહા..! આ સમકાળ. આ પ્રકારે આત્માને-જ્ઞાન એટલે આત્મા '**અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ પ્રશ્ન કર્યો હતો. મહારાજ! આસ્રવ નામ દુઃખરૂપ ભાવ એનાથી આત્મા આનંદભાવમાં આવે તો બેનો સમકાળ છે કે વિષમકાળ છે? ભાઈ! સમકાળ છે. આસ્રવના પરિણામ, વિકારીભાવ, એનું લક્ષ છોડીને પોતાના આનંદસ્વરૂપમાં લક્ષ (કરી) જેટલો એકાગ્ર થયો એટલો આસ્રવથી નિવૃત્ત થયો. જેટલો આસ્રવથી નિવૃત્ત થયો એટલો વિજ્ઞાનઘનમાં પ્રવૃત્ત થયો. બેયનો સમકાળ છે. સમજાણું કાંઈ? આ ધર્મ કરવાની રીત કહે છે. ધર્મ કાંઈ બહારથી નથી થતો આમ શરીરથી અને ક્રિયાકાંડથી.

મુમુક્ષુ :- થોડોક થાતો હશે.

ઉત્તર :- ધૂળમાંય થોડો થાતો નથી. શું થાય? માને ભલે અજ્ઞાની. અહીં તો પુણ્ય-પાપનો ભાવ પણ દુઃખરૂપ છે એનાથી વળી ધર્મ ક્યાંથી થાય? એનાથી નિવર્તે તો ધર્મ થાય એમ કહે છે. એનો આધાર લેવાથી ધર્મ થાય? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો...**' ઉપર કહ્યો, હોં! '**તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે...**' જ્ઞાનમાં એકાગ્રતા શુદ્ધતામાં લાવે છે '**તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે.**' એમાં એવી વાત છે કે મિથ્યાત્વ થોડું ઘટે અને અહીં આવે છે એમ વાત નથી અહીંયાં. અહીંયાં તો આખું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ બધા આસ્રવ છે એનાથી ખસીને સ્વભાવની દૃષ્ટિ થઈ, જેટલો વિજ્ઞાનઘન થયો એટલો આસ્રવથી નિવૃત્ત થયો. મિથ્યાત્વની અવસ્થામાં વિજ્ઞાનઘન થોડો થોડો થાય છે એમ નથી. કારણ કે રુચિ તો ત્યાં છે. પુણ્ય-પાપ જે વિકલ્પ જે પરલક્ષી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પન્ન (થાય) છે, દૃષ્ટિ ત્યાં છે. ત્યાં વિજ્ઞાનઘન ક્યાંથી થાય? ભલે રસ મંદ પડે તો પણ વિજ્ઞાનઘન થતો નથી. સમજાણું કાંઈ?

**'જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.'** સમજાણું કાંઈ? **'આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.'** સમજાણું કાંઈ? હવે થોડો વિજ્ઞાનઘનસ્વભાવનો અર્થ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૭, ગુરુવાર તા. ૬-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૪-૭૫, શ્લોક-૪૮, પ્રવચન-૧૪૯**

કર્તાકર્મ અધિકાર, સમયસાર. એની ૭૪ ગાથા. છેલ્લો થોડો ભાગ બાકી છે. ભાવાર્થ છે ને ભાવાર્થ. ભાવાર્થ બાકી છે થોડો. '**આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' ત્યાંથી બાકી છે. ભાવાર્થ આવી ગયો. આમાં આવશે. એ આવી ગયું છે. ક્યાં છે? સેઠી! હિન્દીમાં ૧૩૭ પાનું. છેલ્લો પેરેગ્રાફ. છેલ્લો. ૧૩૭. એ તો ગુજરાતી છે. છેલ્લો પેરેગ્રાફ છે.

પ્રશ્ન શું છે? જુઓ! ૭૪ ગાથા પહેલા પ્રશ્ન એમ હતો કે, મહારાજ! આ આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ છે એવું અંતરમાં ભાન થાય છે ત્યારે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય છે અને પુણ્ય-પાપના આસ્રવો જે વિકારી દુઃખરૂપ છે એનાથી નિવૃત્ત થાય છે. તો બેનો સમકાળ કઈ રીતે છે? શું કહ્યું સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઘન, આનંદઘન છે, એવી અંતરમાં દૃષ્ટિ જ્યાં થઈ તો પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે અને પુણ્ય-પાપનો આસ્રવ જે બંધનું કારણ દુઃખરૂપ છે, એનાથી નર્વૃત થાય છે. તો નિવૃત્તિ અને સમભાવમાં પ્રવૃત્તિ એનો એક કાળ કઈ રીતે છે? એવો પ્રશ્ન હતો. સમજાણું કાંઈ? કહો, બરાબર છે ને સેઠી? એનો ઉત્તર આપ્યો એનો જરી ભાવાર્થમાં સ્પષ્ટ કરે છે.

'**આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે**' આ ટીકા છે. છે? માનચંદજી! મળ્યું? બોલો જોઈ. બરાબર છે. આજ પક્કડમાં આવ્યા તમે. આત્મા... આત્મા છે કે નહિ? એ ચૈતન્ય જ્ઞાન આનંદઘન છે. વસ્તુ છે ને? જેમ શિતળ શીલાની પાટ હોય છે બરફની, બરફની પાટ, એમ ભગવાન આત્મા અકષાય વીતરાગી સ્વભાવની શિલા-પાટ છે. શીતળ શિલા શાંતરસ અકષાયભાવથી ભરેલો છે.

જ્યારે આત્મા પોતાના આનંદ અને જ્ઞાનરસ-શાંતરસમાં, પરથી ખસીને... કેમ કે પુણ્ય-પાપનો ભાવ એ દુઃખરૂપ છે. શુભ-અશુભભાવ એ દુઃખરૂપ છે. શરીર, વાણી, કર્મની વાત નથી. એ તો ભિન્ન ચીજ છે. શુભ અને અશુભભાવ જે દુઃખરૂપ છે એને દુઃખરૂપ જાણીને પોતાનું સ્વરૂપ આનંદ જ્ઞાયક સ્વરૂપ છે એમાં પ્રવૃત્તિ કરે છે અને દુઃખરૂપથી નિવૃત્તિ કરે છે. સમજાણું કાંઈ? તો એવું એક સમયમાં કઈ રીતે થાય છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર આપી દીધો. એનું જરી વિશેષ સ્પષ્ટ કરે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...'** છે? ભાઈ! વજુભાઈ! એનો શું અર્થ છે? **'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.'** હું શુદ્ધ ચૈતન્ય છું, પરમ આનંદમૂર્તિ છું, એવા સ્વભાવની સાવધાનીમાં અંતરમાં સ્થિર થાય છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનમાં-જ્ઞાન શબ્દે શુદ્ધભાવમાં. પુણ્ય-પાપનો ભાવ છે એ અશુદ્ધ છે, દુઃખરૂપ છે, મેલ છે. એનાથી ખસીને પોતાનું આનંદ નિર્મળાનંદ સ્વરૂપ, એમાં અંતર એકાગ્ર થાય છે તો એને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે.

કહે છે કે **'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...'** વજુભાઈ! આ ધર્મની વાત છે. ધર્મીજીવ પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપનું ભાન કરીને પોતાના શુદ્ધભાવમાં એકાગ્રતાનો વિજ્ઞાનઘન સ્વભાવ કરે છે. તો વિજ્ઞાનઘન સ્વભાવની વ્યાખ્યા શું? આત્મા જ્ઞાનમાં સ્થિત થતો જાય છે. એનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ દૃષ્ટિમાં લઈને એમાં સ્થિર થાય છે એને વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે એમ કહેવામાં આવ્યું.

**'જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-...'** હવે ભાષા આવી. જુઓ! જ્યાં સુધી રાગની રુચિ છે, રાગમાં સુખબુદ્ધિ છે, પુણ્ય પરિણામમાં હિતબુદ્ધિ છે, પાપ પરિણામમાં પ્રેમબુદ્ધિ છે, એક વર્તમાન જ્ઞાનનો અંશમાત્ર, વર્તમાન વિકાસ અંશ, એમાં પોતાનું પૂર્ણ સ્વરૂપ છે એવી માન્યતાની દૃષ્ટિ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. ત્યારે તો મિથ્યાત્વ વૃત્તિ છે. **'જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી...'** ભલે ક્ષયોપશમજ્ઞાન વધારે હોય. જ્ઞાનમાં અગિયાર અંગ, નવ પૂર્વનો ક્ષયોપશમ વિકાસ ભલે હો, પણ એ વિજ્ઞાનઘન નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ જ્ઞાન અને આનંદનો કંદ એમાં સ્થિર થવું, એની અનુભવ દૃષ્ટિ કરીને સ્થિર થવું એનું નામ વિજ્ઞાનઘન છે. એનું નામ ધર્મની દશામાં થંભી ગયો, રહ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! કહે છે કે **'જ્યાં સુધી મિથ્યાત્વ હોય...'** જ્યાં સુધી ભગવાન આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ નથી (અને) પૈસામાં, આબરૂમાં, શરીરમાં, સ્ત્રીમાં, કીર્તિમાં સુખબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યાર સુધી શું આવ્યું? હજી તો બહારની વાત આવી ને. એ તો પહેલા કહી દીધું. પછી પોતાના પાપ પરિણામ જે છે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એમાં રુચિ-પ્રેમ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. પછી શુભરાગની મંદતાનો ભાવ છે-દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો, એમાં રુચિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ... ન હોય ..

ઉત્તર :- શું થયો? રુચિમાં .. ધર્મ છે (એમ થયું) એનું નામ મિથ્યાત્વ છે. રુચિનો અર્થ શું છે? કષાયની મંદતા જે વિકારી ભાવ જે દુઃખરૂપ છે એને ધર્મનું કારણ માને તોપણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી...**' ભલે એ ક્ષયોપશમ જ્ઞાન અગિયાર અંગ નવ પૂર્વનું ભણી જાય તોપણ અજ્ઞાન કહેવામાં આવે છે. તોપણ અજ્ઞાન કહેવામાં આવે છે. કેમ કે રુચિ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ ઉપર નથી, એની રુચિ.. સમજાણું કાંઈ? મહિમા શુભરાગ, અશુભરાગ અને સંયોગ એની મહિમા અંતરમાં વર્તે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. એવામાં ગમે તેટલો જ્ઞાનનો વિકાસ થઈ જાય તોપણ તેને અજ્ઞાન કહે છે. બરાબર સમજાય છે? સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહા..!

ચૈતન્યબિંબ ભગવાન આત્મા અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ આત્મા, એવી વસ્તુની દૃષ્ટિ નથી અને સંયોગમાં સુખબુદ્ધિ છે, પુણ્ય-પાપમાં હિતબુદ્ધિ છે અને પોતાનો વર્તમાન અંશ જે જ્ઞાનનો વિકાસ છે એમાં અધિક બુદ્ધિ છે કે મને જ્ઞાનનો વિકાસ ઘણો થઈ ગયો. ત્યાં સુધી મિથ્યાત્વ છે. વિકાસ હતો અગિયાર અંગ અને નવ પૂર્વનો. તો શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અર્થ રાગની મંદતા કરે એટલે વિકાસ થાય. ઓહોહો..! કાલે નહોતું આવ્યું? દુઃખફલા. સમજાણું કાંઈ? એ આવ્યું હતું છઠ્ઠા બોલમાં કાલે. આત્મામાં શુભભાવ જે થાય છે, શુભભાવ, એ વખતે જ્ઞાનનો ક્ષયોપશમ વિકાસ પણ હોય, પણ એ દુઃખરૂપ છે. હવે એ શુભભાવ છે એ નવા કર્મમાં પુણ્ય-પાપના પરિણામ નિમિત્ત છે અને એ પુદ્ગલ પરિણામ ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનારા છે. જરી સાંભળો.

ફરીને. જ્યાં ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ છે એનાથી વિરૂદ્ધ શુભ પરિણામ હો, રાગની મંદતા હો, કષાયનું પાતળાપણું હો, એનાથી જે પુદ્ગલ પરિણામ કર્મ બંધાય છે, એ પુદ્ગલ પરિણામમાં નિમિત્ત થાય છે શુભભાવ, એ પુદ્ગલ પરિણામ જે બંધાયું એ કેવું છે? ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનારા છે. અર્થાત્ એ પુણ્યભાવથી જે પુણ્યબંધ થયો એનાથી નિમિત્ત મળે. ચાહે તો લક્ષ્મી મળે, સ્ત્રી-કુટુંબ મળે તોપણ એનું લક્ષ કરવાથી આકુળતા થાય છે. અને ચાહે તો ભગવાનની વાણી મળે અને ભગવાન મળે અને સમ્મેદશિખર મળે તોપણ પુદ્ગલના પરિણામથી મળેલી ચીજ, એ પૂર્વમાં પુદ્ગલ પરિણામમાં પુણ્યભાવનું નિમિત્ત હતું. એ પુદ્ગલ પરિણામથી જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજ મળી એનાથી તો આકુળતા ઉત્પન્ન થાય છે. ચાહે તો ભગવાનની વાણી મળે તોપણ એના તરફનું લક્ષ છે એ રાગ-શુભરાગ આકુળતા છે. અને વાણી તરફનું લક્ષ કરી કષાયની મંદતામાં જ્ઞાનનો વિકાસ થાય તોપણ એ આકુળતાનું જ કારણ છે. શશીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પહેલા આવી ગયું હતું. આમાં જ દાખલો આવી ગયો. તમારે પીપરની હતી મોટી. ..માં. આખી લાઈન હતી. (સંવત) ૧૯૬૪-૬૫ સાલની વાત છે. એ દાખલો આપ્યો હતો. પહેલો દાખલો ઈ છે. જુઓ! '**जीवणिबद्धा**'. એના કરતા દુઃખફલાની વિશેષ વ્યાખ્યા થોડી (આવી). કાલે થોડી આવી હતી, આજે વધારે આવી. રાત્રે મૂકી હતી થોડી. સાંભળો!

ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ છે. આત્મા એટલે વીતરાગ વિજ્ઞાનઘન. અને એને છોડીને જેટલી રાગની મંદતા (થાય), પાપ પરિણામની તો વાત જ શું? પણ રાગની મંદતાનો શુભભાવ જે છે, એ નવું પુદ્ગલ કર્મ બંધાય એમાં નિમિત્ત છે. અને પુદ્ગલ જે બંધાયું એ ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનાર છે. એનો અર્થ એમ છે... ...ભાઈ! થોડી ઝીણી વાત છે. એ પુદ્ગલ પરિણામ પહેલા કહ્યા. માથે કહી ગયા છે. હેતુ છે. જુઓ!

મુમુક્ષુ :- '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી...**'

ઉત્તર :- હેતુ છે. '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલ પરિણામને હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે...**' એની વ્યાખ્યા-ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક આનંદ શુદ્ધ સ્વરૂપ, એમાંથી નીકળીને જે શુભભાવ થયો એને અહીંયાં ભગવાન કહે છે કે એ દુઃખનું ફળ દેનાર છે. શુભભાવ વર્તમાન તો દુઃખરૂપ છે જ. અમરચંદભાઈ! પણ એ શુભભાવ પુદ્ગલ પરિણામ જે નવું બંધાય છે એમાં.. કારણ કે શુભભાવમાં તો એકતા તો થતી હતી. પુદ્ગલપરિણામમાં નિમિત્ત શુભભાવ છે. એ પુદ્ગલ પરિણામ જ્યારે પાકમાં આવશે ત્યારે ભલે સામગ્રી મળો, દેવ-ગુરુ-શાસ્ત્રની સામગ્રી મળો, સાક્ષાત્ સમવસરણની મળો અને જિનવાણી મળો, પણ એ પુદ્ગલ પરિણામ આકુળતાને ઉપજાવનારા છે. અર્થાત્ પરદ્રવ્યનો સંયોગ જે છે એ સંયોગનું લક્ષ કરવાથી, ભલે ભગવાન આદિ હો, શુભભાવ થાય છે પણ એ શુભભાવ આકુળતાને ઉપજાવનારા છે. વજુભાઈ! જરી ઝીણી વાત છે. દાખલો કહ્યો છે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે શુભભાવ.. ભગવાન ઉપર લક્ષ જાય છે ને? પુદ્ગલ પરિણામ થયા તો એનાથી ભગવાન મળ્યા, એનાથી વાણી મળી, એનાથી મળ્યું સમ્મેદશિખર, આ મહાવિદેહક્ષેત્ર સાક્ષાત્ મળ્યું, સીમંધર ભગવાન, લ્યો! એ તરફનું લક્ષ કરવું એ પરદ્રવ્ય તરફનું લક્ષ છે તો શુભભાવ થાય છે તો તે આકુળતાનું કારણ છે. અને એ તરફનું લક્ષ કરવાથી શુદ્ધભાવ નથી થતો. સ્વભાવનો લક્ષ કરવાથી શુદ્ધભાવ થાય છે.

જેટલું પરદ્રવ્યનું લક્ષ કરે છે એટલા બધા શુભભાવ આકુળતા (સ્વરૂપ છે). પુદ્ગલ પરિણામથી બાયડી, છોકરા, કુટુંબ, પૈસા મળે પુણ્યના નિમિત્તે, એ તરફનું લક્ષ કરવાથી આકુળતા ઉત્પન્ન થાય છે. શોભાલાલભાઈ! આહાહા..! પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ, પચ્ચીસ કરોડ, ધૂળ કરોડ મળ્યા એ તો આકુળતાનું નિમિત્ત છે. એ પુદ્ગલના પરિણામ જે શાતા બંધાણી એમાં શુભભાવ નિમિત્ત હતા. એ પુદ્ગલ પરિણામ આકુળતાનું નિમિત્ત છે. જે સંયોગ મળશે એના ઉપર લક્ષ જાશે તો આકુળતા જ ઉત્પન્ન થશે. સ્વભાવના આશ્રયે અનાકુળતા ઉત્પન્ન થાય, પરના આશ્રયે આકુળતા ઉત્પન્ન થયા વિના રહેતી જ નથી.

બીજી વાત. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલીને જે શુભરાગ ઉત્પન્ન થયો એ પુદ્ગલ પરિણામમાં નિમિત્ત થયો. પુદ્ગલ પરિણામથી ભગવાનની વાણી મળી. કેમ કે વાણી પુણ્ય વિના નથી મળતી. તો વાણી મળી તો વાણી તરફ જેટલું સાંભળવામાં લક્ષ છે એટલો શુભરાગ છે. અને એ સમયે પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાન થયું એ પણ આકુળતાનું જ કારણ છે. એ પરલક્ષીજ્ઞાન અંતરનું લક્ષ કરવામાં બિલકુલ કારણ નથી. સમજાય છે કાંઈ? એ.. ..દાસજી! ભારે વાત છે. આ તો બધું લોપ થઈ ગયું. રાડ નાખી જાય એમ થઈ ગયું. આ વ્યવહારનો લોપ થઈ જાય છે. અરે..! સાંભળ તો ખરો. ચિદાનંદ ભગવાન ત્રણ લોકનો નાથ પડ્યો છે ને મોટો અંદર. એનું લક્ષ કરવામાં રાગની મંદતા અને નિમિત્તનું કોઈ લક્ષ કરે તો રાગની મંદતા ઉત્પન્ન થાય. એનાથી આત્માનું લક્ષ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. વજુભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રૂપિયા જાતા આકુળતા થાય.

ઉત્તર :- રૂપિયા આવતા આકુળતા થાય. જાતા એને ઘરે રહ્યા. આ આવ્યા પચાસ લાખ મળ્યા, કરોડ મળ્યા, પાંચ કરોડ મળ્યા. કરી દે ને? શું કહેવાય ઓલું? લોટરી. એમાં તો એકદમ એક કરોડ (મળી જાય). હમણા કો'ક કહેતું હતું, .. એક કરોડ નિકળ્યા. હમણા કો'ક કહેતું હતું એક-બે દિ' (પહેલા). એક કરોડ અંદરથી (નિકળ્યા). શું છે? કરોડ નિકળે તો શું થયું? એનું લક્ષ ત્યાં ગયું. પૂર્વના પુણ્ય પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પુણ્યબંધનમાં નિમિત્ત હતા તો પુણ્ય બંધાણું. એ પુણ્યબંધના નિમિત્તથી આ મળ્યું. તો એના ઉપર લક્ષ જાય તો આકુળતા જ થાય છે. એ તો અશુભરાગની આકુળતા છે. આહાહા..!

અહીંયાં તો આચાર્ય ત્યાં સુધી કહે છે અને વસ્તુની એવી મર્યાદા છે કે શુભભાવથી સાક્ષાત્ વાણી મળે... અમરચંદભાઈ! તોપણ એ સંયોગી ચીજ છે. સંયોગના લક્ષમાં તો આકુળતા જ ઉત્પન્ન થાય છે, ભલે શુભભાવ હોય. અને એ શુભભાવના લક્ષે પરલક્ષી ક્ષયોપશમ થાય તોપણ એ આત્માનું લક્ષ કરવામાં કારણ થતું નથી. આહાહા..! શશીભાઈ! ભારે આકરું જગતને. બાપુ! તારી સ્વતંત્રતા એવી છે.

આખો ચિદાનંદ ભગવાન પડ્યો છે અંદરમાં. એનો આશ્રય કરવામાં વાણી અને વાણીથી ઉત્પન્ન થયેલો જ્ઞાનનો ક્ષયોપશમ લક્ષ કરવામાં બિલકુલ કારણ નથી. સમજાણું કાંઈ? એવી ચીજ છે એની. જ્યાં સુધી એવી રુચિ ન થાય ત્યાં સુધી સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ ક્ષયોપશમ...

અહીં ક્ષયોપશમ આવ્યું ને? '**જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને- ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય...**' એનો અર્થ ચાલે છે. પૂર્વના પુણ્યને કારણે શુભભાવથી પુણ્ય બંધાણા અને પુણ્યબંધથી સંયોગ મળ્યો. સમજાણું કાંઈ? પણ સંયોગ ઉપર લક્ષ જવાથી શુભરાગ થાય છે અને એ સંબંધી ભલે જ્ઞાનનો ક્ષયોપશમ હોય તોપણ એ જ્ઞાન વિજ્ઞાનઘન નથી કહેવામાં આવતું. સમજાણું કાંઈ? એને સમ્યગ્જ્ઞાન નથી કહેવાતું. શશીભાઈ! ભારે વાત આકરી. આહાહા..!

અજર પ્યાલા પીઓ મતવાલા, ચિહ્ની અધ્યાત્મ વાસા.
આનંદઘન ચૈતન્ય વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.

હજી વસ્તુ શું છે અને વસ્તુથી વિપરીત ભાવનું શું ફળ છે એની ખબર નથી તો રુચિનો માહાત્મ્ય પરમાં આવશે. સ્વમાં માહાત્મ્ય આવશે નહિ. સમજાણું કાંઈ? એય..! ભીખાભાઈ! આવી વાત છે. આહાહા..! મેં તો આટલા પુણ્ય કર્યા હતા માટે વાણી મળી, આવું સાંભળવાનું મળ્યું, આટલું આ મળ્યું. ભગવાન કહે છે કે જે વાણી મળી એમાં પૂર્વના પુણ્યનું બંધન નિમિત્ત હતું. પુણ્યના બંધનમાં નિમિત્ત એ પુણ્ય પરિણામ (હતા). વાણી મળે અને તારું લક્ષ ત્યાં ગયું. એ તો પરદ્રવ્ય ઉપર ગયું. સંયોગી ઉપર ગયું તો સંયોગીભાવ થયો. સંયોગીભાવ શુભ અને અશુભ બેય આકુળતાના કારણ છે. શેઠ! આહાહા..!

કહે છે કે, '**જ્યાં સુધી મિથ્યાત્વ હોય...**' અર્થાત્ એ શુભભાવમાં રુચિ છે અને એમાં હિતબુદ્ધિ છે અને વર્તમાન દશામાં અલ્પ જ્ઞાનનો વિકાસ થયો, ક્ષયોપશમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલો કે નવ પૂર્વનો વિકાસ (થઈ ગયો), પણ એ અજ્ઞાન છે. રાગની મંદતાથી કોઈ એવો જ્ઞાનાવરણીનો ક્ષયોપશ થઈ જાઓ, પણ એનું નામ સમ્યગ્જ્ઞાન નથી. એ વિજ્ઞાનઘન નથી. તો એને અજ્ઞાન કહે છે. કહો, ઈશ્વરચંદજી! આહાહા..!

વીતરાગ માર્ગ પ્રભુ એવી ચીજ છે કે સ્વયંસિદ્ધ ભગવાન આત્મા કોઈની અપેક્ષા રાખ્યા વિના પોતાના સ્વભાવનો આશ્રય કરી શકે છે એવી સ્વતંત્ર ચીજ છે. સમજાણું કાંઈ? એમાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. ભગવાન આત્મામાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ-શક્તિ છે. એ ગુણનો ગુણ-કાર્ય શું? એ વાણી અને વાણીથી ઉત્પન્ન થયેલો શુભરાગ નિમિત્તમાં અને ક્ષયોપશમ. સમજાણું કાંઈ? એનો પણ આત્મા સ્વ-પોતાનો અને એનો સ્વામી આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! કહો, પ્રવિણભાઈ! આવો માર્ગ છે. પણ ચૈતન્ય ચમત્કારિક વસ્તુ પડી છે ને. આહાહા..! તારી અંતર દૃષ્ટિ કરવામાં બાહ્યની કોઈ ચીજનો આશરો લેવો પડે અને અંતર દૃષ્ટિ થાય એવી વસ્તુ નથી. એવો વસ્તુમાં ગુણ નથી. તો એની પર્યાયમાં પણ એવો ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ?

આત્મા માન્યો એને કહેવામાં આવે છે કે આત્મામાં પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વ અને એનો આત્મા સ્વામી. એવો એનો ગુણ છે. એ ગુણને ધરનારો આત્મા ક્યારે માન્યો કહેવાય? કે પોતામાં વર્તમાન શુભરાગ કે પૂર્વના શુભરાગથી મળેલ સામગ્રી અને એનાથી રાગ મંદ થઈને ભલે જ્ઞાનનો ક્ષયોપશમ થયો. સમજાણું કાંઈ? એનાથી આત્મા પ્રાપ્ત ન થઈ શકે એવો આત્મા છે. રામસ્વરૂપજી! ભારે કઠણ. આત્મા આવો છે. આવો છે આત્મા. જે બહિર્લક્ષી ક્ષયોપશમથી પ્રાપ્ત થાય એવો આત્મા નથી. એવો આત્મા નથી. એ સ્વસ્વભાવના લક્ષે ઉત્પન્ન થાય એવો એનામાં ગુણ છે. સ્વસ્વામીસંબંધ નામની તાકાત-શક્તિ છે તો જ્યાં દ્રવ્યની દૃષ્ટિ થઈ તો ગુણમાં સ્વસ્વામી સંબંધ છે તો એની પર્યાયમાં પણ સ્વસ્વામીસંબંધનું કાર્ય આવ્યું. રાગ હતો, પરનું લક્ષ હતું એટલે આત્માની દૃષ્ટિ થઈ એવો આત્મામાં ગુણ નથી, એવી આત્મામાં પર્યાય નથી, એવું આત્મદ્રવ્ય નથી. અમરચંદભાઈ! આહાહા..! આ બધું સમજવું પડશે. આમ ને આમ કહી દે કે અમને ખબર ન પડે. ખબર ન પડે એમ ન ચાલે. સવારે ના પાડતા હતા કે આપણે વેપારી ખરા ને, આપણને સમજાય નહિ. હવે શું કરવું છે તમારે? એય..! શોભાલાલજી! ભાઈ તો એમ કહેતા હતા. મેં કીધું, શેઠિયા અને વેપારમાં.. હા કહે લ્યો. આત્મા વેપારી છે નહિ. રાગનો વેપારી આત્મા છે જ નહિ. આત્મા પરની ક્રિયાનો વેપારી નથી. આહાહા..!

આત્મા જેને કહીએ, એ આત્મા તો એવો છે કે જે પરલક્ષી રાગ મંદ કરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનો ક્ષયોપશમ થયો, એના આશ્રયથી પોતાનું ભાન થાય એવી આત્માની દ્રવ્ય-ગુણ-પર્યાયમાં શક્તિ જ નથી. આહાહા..! અમરચંદભાઈ! આહાહા..! રાડ નાખે.

મુમુક્ષુ :- ... ક્યાં જવું?

ઉત્તર :- અંદરમાં. ક્યાં જાવું છે? છે કે નહિ? ત્યાં ભગવાન બિરાજે છે કે નહિ અંદર? પરસેવો ઉતર્યો. કરો અર્થ. અમરચંદભાઈ! કરો ન્યાય. ન્યાયથી સમજવું પડશે. એમ ને એમ માની લે એમ ન ચાલે.

અહીં કહે છે, ભગવાન! શુભભાવ... કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ ભગવાન પાસેથી આવી (આમ ફરમાવે છે). અંતર દૃષ્ટિ અનુભવ થયો. રાગ દુઃખનું ફળ છે. દુઃખ તો છે. શુભરાગ. ઓહોહો..! વ્યવહારરત્નત્રય શુભરાગ દુઃખરૂપ છે. પણ એનાથી બંધન થયું એ પરિણામ પુદ્‌ગલ ભવિષ્યમાં દુઃખરૂપ આકુળતાનું કારણ છે. આહાહા..! ગજબ વાત છે. ઓલો કહે કે વ્યવહાર રત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય. વ્યવહાર રત્નત્રય સ્વ અને આત્મા સ્વામી એવી આત્મામાં કોઈ શક્તિ નથી. એવો આત્મામાં ગુણ નથી.

આત્મામાં સ્વસ્વામી સંબંધ નામનો અનાદિ અનંત ગુણ છે. જેમ આનંદગુણ છે, જેમ જ્ઞાનગુણ છે, એમ અનંત શ્રદ્ધાસ્વભાવ ગુણ છે, એવો સ્વસ્વામી સંબંધ નામનો ગુણ છે ભગવાન આત્મામાં. એ ગુણનો ધરનાર ભગવાન એના દ્રવ્યમાં સ્વસ્વામી સંબંધ વ્યાપ્યો, ગુણમાં સ્વસ્વામી સંબંધ વ્યાપ્યો અને પર્યાયમાં સ્વસ્વામી સંબંધની પર્યાય પ્રગટ થઈ ગઈ. તો એ પર્યાયમાં પણ સ્વસ્વામી પોતાની શુદ્ધતાનો સ્વામી છે. એ રાગ આવ્યો કે રાગથી ક્ષયોપશમ જ્ઞાન થયું એનો સ્વ આત્મા સ્વામી છે જ નહિ. ઓહોહો..! બરાબર છે? અમરચંદભાઈ! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. આવી વાત ક્યાંય બીજે ન હોય, સર્વજ્ઞ પરમાત્મા સિવાય. સમજાણું કાંઈ?

આ સમયસાર એટલે ભરતક્ષેત્રનો ભગવાન! એની વાણી અને એનું વાચ્ય. સમજાણું કાંઈ? એક એક શબ્દમાં એટલી ગંભીરતા અને એટલી ગૂઢતા.. અપાર... અપાર... અપાર... અપાર... કુંદકુંદાચાર્યે ગજબ વાત કરી! ભાવલિંગી સંત. પરમેશ્વરના ભેટા (થયેલા). તોપણ કહે છે કે ના. આહાહા..! એ ભેટા તો સંયોગ થયો. સંયોગના લક્ષે શુભભાવ થયો. અરે..! ભગવાન! શું કહો છે તમે? અમારા સ્વભાવનો જેટલો સ્વઆશ્રય લઈને પર્યાય ઉત્પન્ન થઈ એમાં પરઆશ્રયના જ્ઞાન અને રાગની બિલકુલ જરૂર નથી. આહાહા..! કહો, દાસ!

અહીં કહે છે કે જ્યાં સુધી એવી માન્યતા રહે કે શુભરાગથી મારું હિત થશે અને શુભરાગના પક્ષમાં રાગની મંદતાને કારણે જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ પણ થાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો એ ક્ષયોપશમ જ્ઞાનથી મને લાભ થશે, ત્યાં સુધી મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત ગજબની! પરમાર્થે અજીવ છે. પરલક્ષી ક્ષયોપશમ, પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ છે. આ તો અજર પ્યાલાની વાતું છે. એય..! ન્યાલભાઈ! નહિતર કરો નિર્ણય. અહીં તો યથાર્થતાથી વાત ચાલે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. ઓહોહો..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ૪૭ શક્તિનું વર્ણન કરીને ગજબ કામ કર્યું છે! સમજાણું કાંઈ? ૪૭ શક્તિ. એ તો થોડી એટલે આટલું બધું વિવેચન એમાં નથી આવ્યું. એ વળી ત્રીજી વાર વંચાશે ત્યારે વળી પછી... એકવાર તો બહાર પડી ગઈ, બીજી વાર પડી ગઈ, ત્રીજી તૈયાર થાય છે. આહાહા..! સામાન્ય વાત તો એમાં આવી ગઈ.

અહીં તો કહે છે કે '**જ્યાં સુધી મિથ્યાત્વ હોય...**' અર્થાત્ શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદના સ્વભાવનું અવલંબન અને આશ્રય ન લીધો હોય, ત્યાં સુધી રાગ અને કષાયની મંદતા કે ક્ષયોપશમના અવલંબને પણ લાભ થાય એવું મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે. '**અને મિથ્યાત્વ ગયા પછી તેને-ભલે...**' ક્ષયોપશમજ્ઞાન અલ્પ હોય. જુઓ ભાષા! ઓહોહો..! મંડુક હોય દેડકો-દેડકો. સમ્યગ્દર્શન થયું, પોતાના સ્વરૂપનું ભાન થયું. જ્ઞાનનો ક્ષયોપશમ અલ્પ છે '**તોપણ-વિજ્ઞાન કહેવામાં આવે છે.**' તોપણ એ જ્ઞાનને વિજ્ઞાન કહેવામાં આવે છે. નવ પૂર્વના જ્ઞાનને મિથ્યાત્વ છે ત્યાં સુધી અજ્ઞાન કહેવામાં આવે છે અને અલ્પ જ્ઞાનનો વિકાસ છે પણ સ્વરૂપમાં અંતર રુચિ અનુભવદૃષ્ટિ થઈ છે તો એ જ્ઞાન અલ્પ હોય તો પણ અલ્પ જ્ઞાનને વિજ્ઞાન કહે છે. આહાહા..! સાગરમાં આ વાત મળે એવી નથી હોં ત્યાં. ત્યાં છે નહિ. વાહ..! ખુલાસો, ...ની અપેક્ષાએ ખુલાસો કર્યો છે, હોં!

'**જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે...**' શું કહે છે? જુઓ! ભગવાન આત્મા પોતાના જ્ઞાયક સ્વરૂપની અંતર દૃષ્ટિ કરીને જ્ઞાનસ્વરૂપ અથવા આત્મસ્વરૂપમાં એકાકાર થાય છે, સ્થિર થાય છે એને વિજ્ઞાનઘન, નિરંતર જ્ઞાન, જ્ઞાનમાં સ્થિર રહ્યું તેને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. આહાહા..! '**જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે.**' જેટલો જ્ઞાનમાં જામી ગયો એટલી પુણ્ય-પાપના આસ્રવોથી નિવૃત્તિ થઈ. '**જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે,...**' જેમ જેમ વિકલ્પથી ખસીને જ્ઞાનમાં સ્થિર થયો તો ત્યાં વિજ્ઞાનઘન થયો. આહાહા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે.' લ્યો.! વિજ્ઞાનઘન સ્વરૂપ તો છે જ. વિજ્ઞાનઘન, ચૈતન્યઘન, આનંદઘન સ્વરૂપ તો છે જ. એનો આશ્રય કરીને પર્યાયમાં એકાગ્રતા થઈ, જ્ઞાનનો ક્ષયોપશમ ભલે થોડો હોય, પણ પોતાના શુદ્ધ આનંદમાં, જ્ઞાનમાં એકાગ્રતા થઈ તો અલ્પ જ્ઞાનને પણ વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. આહાહા..! અને જ્ઞાન પોતાનો આશ્રય લઈને સમ્યગ્જ્ઞાન ન થયું, પરના આશ્રયથી લાભ છે એવો મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી ગમે તેટલો ક્ષયોપશમ હોય એનું નામ અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અધિકાર પૂરો થયો.

**'હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-'**

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावभयादास्तिध्रुवानः परम्।**
**अज्ञानोत्थिकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।**

એ પરમાર્થ વચનિકામાં આવ્યું છે ને? જેટલું પરાવલંબી જ્ઞાન છે તેને સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગ માનતો નથી. જેટલું પરાવલંબી જ્ઞાન છે એ પરસત્તાવલંબીને મોક્ષમાર્ગ પરમાર્થે માનતો નથી. એનો અર્થ? કે પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે જે સમ્યગ્દર્શન અને જ્ઞાનની પર્યાય ઘન એકાકાર થઈ એટલો મોક્ષનો માર્ગ માને છે. સમજાણું કાંઈ? આવ્યું છે ને? ઓહોહો..! બનારસીદાસે પણ કામ કર્યું છે. એ કામ અંતરના છે. બાકી કોઈ અદ્ધરની વાત નથી. આ ઉપરની નથી. દિગંબર ધર્મ સનાતન સત્ય, એમાં ગૃહસ્થો, પંડિતો એવા પાક્યા કે કેવળજ્ઞાનનું મૂળ પકડ્યું છે. ઓહોહો..! એવી સ્થિતિ લીધી કે જેટલું પરાવલંબી જ્ઞાન પરલક્ષે ઉત્પન્ન થનાર છે, સમ્યગ્દૃષ્ટિ એને પરમાર્થ મોક્ષમાર્ગ માનતા નથી. સમજાણું કાંઈ? છે કે નહિ અહીંયાં? મોક્ષમાર્ગપ્રકાશક. '**પરંતુ વિશેષ એટલું કે (એ સર્વ આત્મામાં) કોઈ પ્રકારનું એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે. કેમ કે અવસ્થા (દશા)ના પ્રમાણમાં પરસત્તાવલંબક છે. તે આત્મા પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થ કહેતો નથી. જે જ્ઞાન હોય તે સ્વસત્તાલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન.**' ઓહોહો..! કેટલી વાત કરી છે!

મુમુક્ષુ :- સ્વસત્તાવલંબી એ જ જ્ઞાન?

ઉત્તર :- એ જ્ઞાન. ભાવ કાઢ્યો છે બનારસીદાસે. સમજ્યા? પરમાર્થ વચનિકા. ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. ચારિત્રની સ્થિરતા વિશેષ નહોતી. પણ વસ્તુસ્થિતિ તો આમ છે એવું ભાન ન થઈ શકે? સમજાણું કાંઈ? બનારસીદાસ. કેટલું બનારસીદાસે...!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો ત્યાં સુધી કહે છે કે ભગવાન! સાંભળ તો ખરા. ભગવાન આત્મા પોતાનું જ્ઞાનઘન સ્વરૂપ, એમાં એકાકાર થઈને જે જ્ઞાન સ્વાવલંબી પ્રગટ્યું, એને મોક્ષમાર્ગ (કહે છે). દર્શન-ચારિત્ર મોક્ષમાર્ગ છે જ. પણ અહીં તો જે સ્વાવલંબી જ્ઞાન પ્રગટ્યું એ મોક્ષનો માર્ગ. જેટલો એમાં પરાવલંબી ક્ષયોપશમ હોય તેને સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગ માનતો નથી. સમજાણું કાંઈ? દેખો! બનારસીદાસ પરમાર્થ વચનિકામાં (લખ્યું છે). એને ખોટું ઠરાવે છે. નહિ. એમ નથી. હવે તને ભાન નહિ ને મરી જઈશ. સાંભળને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સ્વજાતિ ચૈતન્યની દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન સ્વજાતિનું. પરનો પરાલંબી ક્ષયોપશમ એ કંઈ નિર્જરા નથી. આહાહા..! રાડ નાખે. ઓલો તો વાંચે.. પરલક્ષી વાંચે સ્વાધ્યાય શાસ્ત્રની (કરે એટલે) નિર્જરા થાય. ધૂળમાંય નથી. સાંભળ તો ખરો. આહાહા..!

એ કહે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે છેલ્લે. '**સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન.**' પછી જ્ઞાનને સહકારી નિમિત્ત અનેક પ્રકાર હોય, એમાં શું છે? એ વસ્તુ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો શુદ્ધ સ્વભાવ... પરલક્ષી શ્રદ્ધા, પરલક્ષી જ્ઞાન અને પરલક્ષી કષાયની મંદતા, ત્રણે બંધનું કારણ છે.

મુમુક્ષુ :- પરલક્ષી ચારિત્ર?

ઉત્તર :- ચારિત્ર ક્યાંથી આવે પરલક્ષી? પરલક્ષમાં તો રાગની મંદતા છે.

મુમુક્ષુ :- પરલક્ષી કષાય છે.

ઉત્તર :- કષાય છે.

ભગવાન ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ અકષાય વીતરાગ સ્વરૂપ, એના આશ્રયે દૃષ્ટિ થઈ. એને આશ્રયે જે જ્ઞાન થયું એને જ્ઞાન કહેવામાં આવે છે. અમરચંદભાઈ! આહાહા..!

અહીંયાં કહે છે, જુઓ! અર્થ '**એ રીતે પૂર્વકથિત વિધાનથી,...**' એટલે સ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એમાં એકાગ્ર થઈને વિકારની નિવૃત્તિ કરે છે. '**પૂર્વકથિત વિધાનથી, હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને...**' ભગવાન આત્મા પોતાનો જ્ઞાન ચૈતન્યસ્વભાવ જે શાશ્વત છે એમાં લીન થઈને, એકાગ્ર થઈને પરદ્રવ્યથી નિવૃત્તિ કરીને. રાગાદિ વિકલ્પ છે એ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? '**નિવૃત્તિ કરીને વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો...**' વિજ્ઞાનઘન ભગવાન આત્મા, એના ભાવસ્વરૂપ, સ્વભાવસ્વરૂપ '**કેવળ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોતાના પર...**' કેવળ પોતાના પર. એમ કહે છે. આહાહા..! ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વભાવ, એમાં '**કેવળ પોતાના પર નિર્ભયપણે...**' નિર્ભયપણે એટલે શું? વસ્તુ જ એવી છે. એમ નિડરપણે સ્વભાવનું આલંબન કરીને એકાગ્ર થાય છે. એ '**પોતાનો આશ્રય કરતો...**' એકલો ચૈતન્યપ્રભુ શુદ્ધ આનંદ, એનો આશ્રય કરતો થકો, એનું અંતર અવલંબન લેતો થકો '**(પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો), અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી...**' શું કહે છે?

અહીં કહે છે કે ભગવાન આત્મા વિધાન નામ પૂર્વકથિત વિધાન. એ કહ્યું ને ૭૪માં? પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય છે એટલા પ્રમાણમાં આસ્રવથી નિવૃત્ત થાય છે. જેટલો આસ્રવથી નિવૃત્ત થયો એટલી સ્વભાવમાં પ્રવૃત્તિ થઈ. એ વિધાનથી '**પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ નિવૃત્તિ કરીને...**' જુઓ! અહીં પરદ્રવ્યને ઉત્કૃષ્ટ કહ્યું. પણ ઉત્કૃષ્ટનો અર્થ એમ નથી કે રાગ સર્વથા છૂટી ગયો અને અસ્થિરતા પણ ચાલી ગઈ. આ તો વિકલ્પ જે છે અને પરલક્ષી જે ભાવ છે એનાથી નિવૃત્ત થઈને, પોતાનો આશ્રય કરતો થકો ભગવાન ચૈતન્યપ્રભુ, તેનો અંતર આશ્રય કરતો થકો અંતરમાં અવલંબન લેતો થકો, પરનું અવલંબન છોડતો થકો. '**(પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો),...**' પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ છે એવી આસ્તિક્યતાથી સ્થિર થતો થકો. એ કરતો થકો. એનો અર્થ? નિર્મળ શુદ્ધ પરિણામનો કર્તા થઈને નિર્મળ પરિણામના કાર્યમાં પરિણમતો થકો.

'**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ...**' અર્થાત્ સ્વરૂપના અભાનરૂપ, અભાનરૂપ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ હતી, અજ્ઞાનરૂપ કર્તા કર્મની પ્રવૃત્તિ હતી તેનાથી છૂટી ગયો. સમજાણું કાંઈ? રાગ વિકલ્પ મારું કાર્ય અને વિકલ્પ-રાગનો હું કર્તા, એ તો અજ્ઞાનભાવ છે, એ તો અજ્ઞાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? દેહ, વાણીની મારી ક્રિયા અને હું કર્તા એ તો ક્યાંય દૂર રહી ગયું. પણ ભગવાન આત્મા,... રાગની મંદતાનો ભાવ એ મારું કાર્ય અને હું કરનારો, એવા અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મનો ભાવ એના '**અભ્યાસથી થયેલા ક્લેશથી...**' એનાથી ઉત્પન્ન અજ્ઞાનભાવના કર્તાકર્મમાં તો દુઃખ જ હતું, ક્લેશ જ હતો. (તેનાથી) નિવૃત્ત થતો થકો. નિવૃત્ત થયો.

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવમાં એકાકાર થઈને, પરદ્રવ્યથી નિવૃત્ત થઈને વસ્તુના સ્વભાવથી વિપરીત ભાવ-રાગ મારું કાર્ય અને હું એનો કર્તા એવો અજ્ઞાનભાવ, અહીં ભલે અજ્ઞાનભાવથી ઉત્પન્ન થયેલ કહ્યું છે. અજ્ઞાન કારણ અને કર્તા કર્મ કાર્ય કહ્યું છે. પણ કારણ-કાર્ય કાઢી નાખો તો અજ્ઞાનસ્વરૂપ એમ લીધું છે. જ્યાં જ્ઞાનસ્વરૂપ થયો (તો) અહીં અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મના ક્લેશથી નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અર્થાત્ જે જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ છે શુદ્ધ, એમાં એકાગ્ર થાય છે તો વીતરાગી વિજ્ઞાનઘનનો કર્તા થઈને, વિજ્ઞાનઘન પર્યાય એનું કાર્ય, એ સમયે રાગનો કર્તા હું અને (રાગ) કાર્ય, રાગ કાર્ય અને હું કર્તા એવા અજ્ઞાનસ્વરૂપ ક્લેશથી નિવૃત્તિ થાય છે. અજ્ઞાનસ્વરૂપ ક્લેશ એનાથી નિવૃત્તિ થાય છે. જ્ઞાનસ્વરૂપ આનંદમાં પ્રવૃત્તિ થાય છે. કાંતિભાઈ! આવી વાતું... આ બધું કરે એમાં તો કહે આ નહિ.. આ નહિ... રાડ નાખી જાય. ભાઈ! તારી ચીજ છે એ સ્વરૂપે પ્રભુ છો. બાપુ! તારો સ્વભાવ, તારી શક્તિ, તારા ગુણ, દ્રવ્ય એવી ચીજ છે કે જેને પરાશ્રયની જરૂર નથી. એવી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરાશ્રયથી મને લાભ, એ તો પોતાના સ્વભાવની મહિમાનું ખૂન કરે છે. સમજાણું કાંઈ?

પોતાનો ચૈતન્ય સ્વભાવ, અસલી સ્વરૂપ, સત્નું સત્ત્વ વસ્તુ સત્ છે એનું સત્ત્વ એકલું જ્ઞાન અને આનંદસ્વરૂપ (છે). એનો આશ્રય કરીને એકાગ્ર થયો, વિજ્ઞાનઘન થયો એ વિજ્ઞાનઘનનું કાર્ય જ્ઞાનીનું, જ્ઞાની એનો કર્તા. ભલે કર્તાકર્મ ભેદ નથી પડતો પણ એમ થઈ જાય છે. એવું પરિણમન થાય છે. આ કર્તા અને આ કર્મ એવો ભેદ નથી ત્યાં. પણ શબ્દ એમ લીધો ને? '**નિવૃત્તિ કરીને...**' સમજાણું કાંઈ? આશ્રય કરીને, સ્થિરતા કરીને. સમજાણું કાંઈ? ચૈતન્યધામ ભગવાન આનંદકંદ એમાં અંતર દૃષ્ટિ કરીને, આશ્રય કરીને, સ્થિર થઈને, કર્તા ભગવાન અને શુદ્ધ સ્થિરતા એનું કાર્ય. એવી દશા થઈ ત્યાં અજ્ઞાનસ્વરૂપ રાગ મારું કાર્ય અને હું એનો કર્તા, એવો અજ્ઞાનભાવ જે ક્લેશરૂપ છે તેની નિવૃત્તિ થાય છે અને જ્ઞાનભાવ અક્લેશરૂપ છે તેની પ્રવૃત્તિ થાય છે. સમજાણું કાંઈ? આમાં તો મગજ જોઈએ. મગજ એટલે લાડવા હશે? મગજ. મગજ ખાય તો મગજ તર થઈ જાય. મગજના લાડુ હોય છે કે નહિ? મગજથી તર થાય? ધૂળમાંય નથી થાતું, કહે છે. આહાહા..! પ્રભુ! તું તો પૂર્ણ સ્વરૂપે પૂરો છો ને. આહાહા..! પૂરા પ્રભુને પરના આશ્રયની જરૂર નથી. આહાહા..!

અહીં તો કહે છે કે '**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા...**' અભ્યાસ એટલે વસ્તુના સ્વરૂપમાં નથી. પણ એનો અભ્યાસ થઈ ગયો છે અનાદિનો. વિકલ્પ કાર્ય અને હું કર્તા. આ સ્વરૂપ શુદ્ધ છે એની તો દૃષ્ટિ નથી. તો અજ્ઞાનથી આદત થઈ કે રાગ કાર્ય અને હું કર્તા... રાગ કાર્ય હું કર્તા... રાગ કાર્ય અને હું કર્તા. એવો અજ્ઞાનરૂપ ભાવ, તેનાથી ઉત્પન્ન થયેલો ક્લેશ નિવૃત્ત થયો. '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' જુઓ! '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' પરની અપેક્ષા અને આશ્રય વિના ભગવાન આત્મા સ્વયં આનંદરૂપ થયો થકો, સ્વયં સ્વભાવની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્રિયાનું પરિણમન કરતો થકો '**જગતનો સાક્ષી...**' (થયો). સમ્યગ્દષ્ટિની વાત છે. સમ્યગ્દષ્ટિ સમ્યગ્જ્ઞાની થયો ત્યાં જગતનો સાક્ષી થઈ ગયો. સમજાણું કાંઈ?

સ્વયં '**જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' કર્તાકર્મ છે ને? '**જગતનો સાક્ષી...**' ભગવાન જ્ઞાતા-દૃષ્ટા. ઓલા કહે છે ને? સર્વજ્ઞે દીઠું એમ થાય તો એને તો કાંઈ કરવાનું નથી. પણ તમારે તો કરવાનું છે. માટે એવા સર્વજ્ઞ જેવા જ્ઞાતા-દૃષ્ટા થાઓ ત્યારે તમારું કર્તૃત્વ છૂટી જાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. અરે..! પ્રભુ! સર્વજ્ઞ પૂર્ણ જ્ઞાનથી બધું દેખે-જાણે છે. અહીં અલ્પજ્ઞાનમાં જ્ઞાતા-દૃષ્ટા તરીકે રાગાદિ-પરાદિ આવ્યા તો સ્વને જાણવામાં પરનું જ્ઞાન છે એવું સ્વપરનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી આત્મા સ્વપરનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. પરનો કર્તા અને હું કાર્ય કરનારો એવી અજ્ઞાનબુદ્ધિ સમ્યગ્જ્ઞાનમાં રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ...ભાઈ! સમજાય છે આમાં કે નહિ? ભારે ઝીણું! તમે આવ્યા બરાબર આજ, હોં! આવ્યા બરાબર ઠીક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ઓલું થાય એ જુદી વાત પણ આ તો બરાબર મળ્યું. આહાહા..! તારી બલિહારી છે, ભાઈ! આહાહા..! એ પ્રભુતાને પરની પામરતાથી એને સોંપવું એ પ્રભુતામાં છે જ નહિ. સમજાણું કાંઈ?

'**પુરાણ પુરુષ...**' પુરાણ પુરુષ. જગતનો સાક્ષી ભગવાન પુરાણ પુરુષ અનાદિનો આત્મા '**અહીંથી પ્રકાશમાન થાય છે.**' અહીંથી જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું. સમ્યગ્જ્ઞાન અહીં થયું. શશીભાઈ! અહીંથી સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ શું છે એ વાત ચાલશે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન થયું તો એ સમ્યગ્જ્ઞાનીનું શું સ્વરૂપ?

'**હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય?**' એનું લક્ષણ શું? આહાહા..!

મુમુક્ષુ :- લક્ષણ છે ખરું.

ઉત્તર :- વસ્તુ છે, એની ઓળખાણ નથી. આહાહા..!

આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ શુદ્ધ સ્વરૂપ, પોતાનું જ્ઞાન થયું તો એવો ધર્માત્મા થયો એ કેમ ઓળખાય? '**તેનું ચિહ્ન (લક્ષણ) કહો.**' મહારાજ! એનું લક્ષણ કહો. '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' એવી જિજ્ઞાસા છે એના ઉત્તરરૂપ ગાથા છે. વેઠ તરીકે સાંભળવા આવે એના માટે નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એવી જેને જિજ્ઞાસા (થઈ છે). મહારાજ! પ્રભુ! આ જ્ઞાની થયો, સમ્યગ્દષ્ટિ થયો, અંતરમાં આત્મબોધ થયો એનું શું લક્ષણ? શું ચિહ્ન? એની ઓળખાણ કરવામાં ક્યું લક્ષણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આપ કહો છો? એવી જેને જિજ્ઞાસા છે એને ભગવાન કુંદકુંદાચાર્ય ઉત્તર આપે છે.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**
**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

અરે..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શું વસ્તુ છે (એને) લોકોએ તુચ્છ કરી દીધી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર માનો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, ભગવાનની વાણી સાચી છે એમ માનો. સમ્યક્ છે. અરે.. ભગવાન! એ સમ્યક્ પણ નથી અને સમ્યગ્જ્ઞાન પણ નથી. સાંભળ તો ખરો. આહાહા..! સમજાણું કાંઈ? એની ટીકા છે, લ્યો. ટીકા છે. વખત થઈ ગયો છે. લાંબી વાત છે ને, લાંબી.

'**ગાથાર્થ :- જે આત્મા આ કર્મના પરિણામને...**' જે આત્મા કર્મના પરિણામ દયા, દાન, સુખ-દુઃખની કલ્પના '**તેમ જ નોકર્મના પરિણામને...**' શરીર-વાણીના પરિણામ '**કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.**' કર્મના પરિણામ. શુભ-અશુભ રાગ અને સુખ-દુઃખની કલ્પના એ કર્મપરિણામ છે. આત્માના નહિ. એને જાણે અને નોકર્મની વાણી શરીરના પરિણામ એને જાણે છે, કરતો નથી તેને ધર્મી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની કહેવામાં આવે છે. એ જ્ઞાનીનું ચિહ્ન અને લક્ષણ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે જરી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૮, શુક્રવાર તા. ૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૫, પ્રવચન-૧૫૦**

આ સમયસાર કર્તા-કર્મ અધિકાર ચાલે છે. ૭૫ ગાથા. જુઓ! શું કહે છે? જ્ઞાની રાગ અને કર્મના પરિણામનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનું લક્ષણ બતાવવું છે ને. ધર્મી જ્ઞાની પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એનું ભાન થવાથી જ્ઞાની પોતાના જ્ઞાનની પર્યાયનો કર્તા છે. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એના પરિણામનો કર્તા અને એ પરિણામ એનું કાર્ય છે. પણ નિશ્ચયથી...

'**ટીકા :- નિશ્ચયથી મોહ,...**' રાગાદિ. સામાન્ય લીધો પહેલો. '**રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' વિકારી ભાવ. અંતરંગમાં પર તરફની સાવધાનીથી જે મોહ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, સુખ-દુઃખની કલ્પના એ બધા પરિણામ અંતરંગમાં ઉત્પન્ન થતા થકા કર્મના પરિણામ છે. એ આત્માના પરિણામ નથી. અર્થાત્ આત્માનું કાર્ય નથી. સમજાણું કાંઈ? શું સમજ્યા શેઠી? કાંઈ સમજ્યા નહિ? એ ઠીક કહ્યું.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે. રાગથી, કર્મથી, શરીરથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન થયું તો જ્ઞાની ધર્માત્મા રાગ, દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ શુભભાવ આદિ એ પોતાનું કાર્ય છે એમ જાણતો નથી. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઉઠે છે એ કર્મપરિણામ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ૭૫ થી ૭૯માં સૂક્ષ્મ વાત ચાલશે. કર્મપરિણામ, પુદ્ગલપરિણામ. આત્માના પરિણામ નહિ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ, એના પરિણામ તો શુદ્ધ પરિણામ તે આત્માના પરિણામ. સમજાણું કાંઈ? શેઠ! ઓહોહો..! પર તરફનો જેટલો વિકલ્પ ઉઠે છે-રાગ કે દ્વેષ કે સુખ-દુઃખની કલ્પના, હરખ-શોક એ આદિ રૂપ અંતરંગમાં ઉત્પન્ન થતા જે કર્મના પરિણામ એ પુદ્ગલના પરિણામ છે. શેઠી! એ પુદ્ગલના પરિણામ છે. એ પુદ્ગલનું કાર્ય છે, આત્માનું કાર્ય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. પુદ્ગલની પર્યાય છે ઈ. કેમ કે અહીંયાં આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે એને આત્મા કહે છે. એવા આત્માની અંતરદષ્ટિ થઈ, સમ્યગ્જ્ઞાન થયું તો જ્ઞાનીના પરિણામ રાગાદિ પરિણામ નહિ, પણ રાગ જેમાં નિમિત્ત છે એવું પોતાનું જ્ઞાન જ પોતાનો પરિણામ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- જ્ઞાનનું નિમિત્ત...

ઉત્તર :- જ્ઞાનનું નિમિત્ત કહ્યું. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. કર્તા કર્મ અધિકાર છે.

'**મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ પુદ્‌ગલના પરિણામ છે, એ પુદ્‌ગલનું કાર્ય છે. સ્વભાવિક ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે, એ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું ત્યાં પોતાનું જ્ઞાન અને આનંદ એ પોતાનું કાર્ય છે. અને તેનો કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ? '**અને સ્પર્શ,...**' શરીરનો. '**રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ,...**' બહારમાં બંધ હોય કોઈ સમજ્યા? લાડવા-બાડવા .. એવો બંધ હોય, કે સંબંધ હોય '**સંસ્થાન,...**' આ આકૃતિ હો. જુઓ! આ શરીરની આવી આકૃતિ છે. .. એટલી. આવી આકૃતિ છે એ બધા પુદ્‌ગલના પરિણામ છે. સમજાણું કાંઈ? '**સંસ્થાન,...**' આકાર. '**સ્થૂલતા,...**' સ્થૂલ અને સૂક્ષ્મ અંદર. ... આદિ. એ '**આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલ પરિણામ છે.**' સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પહેલા બે એક જ જાતના છે.

ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય પિંડ અનંતજ્ઞાનની મૂર્તિ, એનું પરિણમન એ તો જ્ઞાતાનું પરિણમન જ્ઞાનરૂપ થાય છે. એનું પરિણમન રાગરૂપ થતું નથી. ઈશ્વરચંદજી! આ ગાથા જરી સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? શરીર ચાલે, વાણી બોલે અને રોટલી ખાય, આહાર, શરીર, ઈન્દ્રિયો, મન, ભાષા આદિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મોટર-બોટર ક્યાંય રહી ગઈ. એ મોટરના પરિણામ જે થાય છે એ પુદ્‌ગલના પરિણામ છે. એ આત્માનું કામ છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જલ્દી ચાલે, ધીમી ચાલે..

ઉત્તર :- ધીમી ચાલે એને કારણે એ પરિણામ છે. આત્માને કારણે પરિણામ નથી. મોટર ચાલે છે ગતિ રોકાય, ન રોકાય એ પુદ્‌ગલના પરિણામ છે. આત્મા એનો કર્તાહર્તા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાની..

ઉત્તર :- અજ્ઞાની પણ કર્તા નથી પરનો તો. પરના પરિણામ શરીરના, વાણીના, લાડવા બનાવવા, દાળ-ભાત બનાવવા, રોટલી તોડવી, ફોડવી.. સમજાણું કાંઈ? એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધા પુદ્‌ગલના પરિણામ-કાર્ય છે. પુદ્‌ગલનું કાર્ય છે. પરિણામ કહો કે કાર્ય કહો. સમજાણું કાંઈ? આ શીશપેન છે. જુઓ! એ બધું પુદ્‌ગલનું કાર્ય છે, આત્માનું નહિ.

ભાવ-આત્માનો, રાગને જાણવું એ આત્માનો ભાવ. સમજાણું કાંઈ? અજ્ઞાની રાગનો કર્તા થાય છે એ શુદ્ધ સ્વરૂપનું બેભાનપણું છે માટે. અજ્ઞાની રાગનો, દયા-દાનનો, વિકલ્પનો કર્તા થાય છે એ મારું કાર્ય, એની દૃષ્ટિ, પર્યાય, વિકલ્પ રાગ ઉપર છે. એ કારણે એટલા અસ્તિત્વનો સ્વીકાર કરનાર અજ્ઞાની વિકારનો કર્તા અને વિકાર મારું કાર્ય એમ માને છે. સમજાણું કાંઈ? પરના કાર્ય તો અજ્ઞાની માને કે ન માને તોપણ થતું નથી. સૂક્ષ્મ વાત છે. ઓહોહો..! પુસ્તક છે કે નહિ સામે? શેનો અર્થ ચાલે છે એ ખ્યાલ રાખવાનો કે નહિ એમાં? જુઓ! પહેલા કર્મના પરિણામ કહ્યા, બીજા કહ્યા નોકર્મના પરિણામ. ભાષા, મન, ઇન્દ્રિય, શ્વાસ એ બધા નોકર્મ. **'તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.'** સમજાણું કાંઈ?

**'પરમાર્થે,...'** ખરેખર. **'જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...'** કઠણ ગાથા આવી હવે જરી. સાંભળો! **'જેમ ઘડાને અને માટીને...'** માટી વ્યાપક છે, જેનું કાર્ય છે ઘડો. માટી વ્યાપક છે, જેનું કાર્ય છે ઘડો. ઘડાને અને માટીને વ્યાપ્ય નામ કાર્ય, વ્યાપક નામ કરનાર. વ્યાપ્યવ્યાપકભાવનો... **'ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો...'** વ્યાપ્ય નામ કાર્ય, વ્યાપ્ય નામ કર્મ, વ્યાપ્ય નામ અવસ્થા, વ્યાપ્ય નામ દશા. વ્યાપક નામ દશા કરનારા, (વ્યાપક)-કાર્યનો કરનાર, વ્યાપક કર્મ કરનારો. માટી કર્મ કરનારી છે તો ઘડો એનું કર્મ છે. ઘડો એનું કર્મ છે. કર્મ નામ વ્યાપ્ય છે. વ્યાપ્ય નામ કામ છે. એ માટીનો ઘડો કામ છે. ઘડો માટીનું કામ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! શોભાલાલજી! પુસ્તક છે કે નહિ? એય..! શાંતિભાઈ! પુસ્તક રાખ્યું છે? આ સંચા-બંચાનું કામ નથી કરતો એમ કહે છે.

મુમુક્ષુ :- અહીં તો નથી કરતો.

ઉત્તર :- અહીં શું ત્યાં પણ નથી કરતો.

મુમુક્ષુ :- .. જ્ઞાન...

ઉત્તર :- જ્ઞાનનો અર્થ શું? ઈ એમ કહે છે કે હું કરતો તો નથી, પણ એમાં રાગ થયો અને રાગ ઉપર દૃષ્ટિ છે એ રાગનો કર્તા થાય છે. પણ જેની જ્ઞાન ઉપર દૃષ્ટિ છે એ રાગનો કર્તા થતો નથી. એમ કહે છે. આહાહા..! પરનું કાર્ય તો કરતો નથી, અજ્ઞાની કે જ્ઞાની. પણ જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ થયા, એના ઉપર દૃષ્ટિ છે એનો કર્તા અને કાર્ય માને છે. જ્ઞાનીની એની ઉપર દૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી, એની તો જ્ઞાતા આત્મા ઉપર દૃષ્ટિ છે. તેથી આત્મા પોતાના જ્ઞાનના પરિણામ કરે છે. જ્ઞાનની પર્યાયનું. અહીં તો હજી દૃષ્ટાંત આપે છે.

'**જેમ ઘડાને અને માટીને જ...**' ઘડો એ વ્યાપ્ય છે અને માટી એ વ્યાપક છે. પહેલાપછી શબ્દ લીધા છે, બરાબર લીધું છે. વ્યાપ્ય નામ કામ, વ્યાપક નામ કરનાર. તો માટી કરનારી છે અને વ્યાપ્ય ઘડો એનું કામ છે. એવો '**સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' માટી કર્તા છે, ઘડો એનું કાર્ય છે. સમજાણું કાંઈ? કુંભાર કર્તા અને ઘડો કાર્ય એમ છે જ નહિ. રાડ નાખે બધા.

'**તેમ પુદ્‌ગલપરિણામને...**' પુદ્‌ગલપરિણામનો અર્થ-દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ એ પુદ્‌ગલપરિણામ છે. સૂક્ષ્મ વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ, શાસ્ત્રની પરસન્મુખ થયો વિકલ્પ રાગ, એ પુદ્‌ગલના પરિણામ છે. અમરચંદભાઈ! કઈ અપેક્ષાએ? કે ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આનંદ જ્ઞાનની અનંત જ્ઞાન ગંભીર સાગર પ્રભુ, અનંત બેહદ-બેહદ, અપરિમિત સ્વભાવનો સાગર એવો શુદ્ધ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા, એવું અંતર્મુખમાં ભાન થયું, સમ્યક્ થયું, દર્શન થયું, અનુભવ થયો. એ આત્મા કરનાર વ્યાપક, બનાવનાર, રચનાર અને પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ વીતરાગી પરિણામ એ એનું કામ છે. ધર્મી જીવનું વીતરાગી પરિણામ કામ છે અને વ્યાપક આત્મા એને કરનારો છે. સમજાણું કાંઈ?

(જેમ) માટીનો ઘડો કાર્ય છે, એમ પુણ્ય અને પાપ શુભ અને અશુભભાવ એ પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલપરિણામ કેમ? '**પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' સાંભળો! પુદ્‌ગલ જે કર્મ છે, જડ છે એ કરનાર, રચનાર, પ્રસરનાર વ્યાપક થઈને પોતાના પરિણામનું કાર્ય કરનાર એ પુદ્‌ગલ, કર્મ, શરીર એ જડ છે એ વ્યાપક છે. અર્થાત્ જે પરિણામ થાય એનો કર્તા છે. પુદ્‌ગલ કરનાર અને પુણ્ય અને પાપ, દયા ને દાન, પૂજા અને ભક્તિ એવો શુભરાગ એ પુદ્‌ગલના પરિણામ છે. વ્યાપક પુદ્‌ગલ છે અને રાગાદિ એના પુદ્‌ગલ પરિણામ વ્યાપ્ય છે. ....

કર્મ વ્યાપક અને કર્મનો ઉદય વ્યાપ્ય એ તો પરમાં ગયું. પણ હવે અહીંયાં તો જ્યાં ચૈતન્ય સ્વભાવ એક સમયનો શુદ્ધ પ્રભુ, જ્ઞાન-આનંદ એવી અનુભવ દૃષ્ટિ થઈ તો એ દ્રવ્યની દૃષ્ટિથી દ્રવ્ય તો શુદ્ધ પરિણમનને વહન કરનારું છે. શુદ્ધ પરિણમનને વહન કરનારું છે. જ્ઞાની રાગનો કર્તા નથી, તો રાગ વ્યવહાર વિકલ્પનું વ્યાપ્ય એ કાર્ય-એ કામ પુદ્‌ગલ એનું વ્યાપક થઈને કરે છે. સાંભળો જરી. એય..! પ્રવિણભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલા કહ્યું...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મ છે. વિકારી પરિણામનો કર્તા, કર્મ છે. એની સાથે વ્યાપ્યવ્યાપક છે. કારણે કે પોતાનો આત્મા જ્ઞાતા છે એવું ભાન થયું તો શુદ્ધ પરિણામ સાથે તાદાત્મ્ય સંબંધ છે. રાગની સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ નથી. તો કર્મની સાથે છે. કારણ કે જેવી પુદ્ગલ પરિણામ-પર્યાય થઈ તો રાગને પણ એમાં નાખી લીધો. કેમ કે રાગના પરિણામ કર્મના પરિણામ એમ નાખી દીધું. પોતાના સ્વભાવની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. સાંભળો! જરી સૂક્ષ્મ વાત છે. ૭૫થી ૭૯ સૂક્ષ્મ આવશે. હજી તો આગળ વધારે (સૂક્ષ્મ આવશે). સમજાણું કાંઈ?

શું કહે છે? જુઓ! ભગવાન આત્મા... તાદાત્મ્યનો અર્થ અહીંયાં બે દ્રવ્ય લેવા. બસ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત પૂર્ણ આનંદનો કંદ, એ રાગ અને શરીરથી ભિન્ન થઈને પોતાનું ભેદજ્ઞાન થયું. ભેદજ્ઞાનમાં દૃષ્ટિ સ્વભાવ ઉપર રહી. તો સ્વભાવનું લક્ષ, દૃષ્ટિનું લક્ષ દ્રવ્ય છે, તો દ્રવ્યનું પરિણમન તો શુદ્ધ થાય છે. શુદ્ધ થાય છે તેની સાથે તાદાત્મ્ય સંબંધ જ્ઞાનીને છે. જે ૬૯-૭૦માં આવી ગયું. અને પુણ્ય-પાપનો સંબંધ સંયોગભાવ છે. એની સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ નથી. અજ્ઞાનમાં માન્યું હતું એ બીજી વાત હતી.

રાગ અને વિકલ્પના અંશની વિકૃત દશા, એના ઉપરથી દૃષ્ટિ ખસીને પૂર્ણાનંદ જ્ઞાયક ચેતન ઉપર દૃષ્ટિ થઈ તો પોતાના દ્રવ્યસ્વભાવનું વહેવું, દ્રવ્યત્વ થવું શુદ્ધ (છે). જે રાગ છે એનું જ્ઞાન થવું એ જ્ઞાન પોતાનું કાર્ય છે. એ જ્ઞાન પોતાનું કાર્ય છે. જ્ઞાન વ્યાપ્ય છે, આત્મા વ્યાપક છે. પણ રાગ પોતાનું વ્યાપ્ય નથી તો એ વ્યાપ્ય ક્યાં ગયું? અહીંયાં નથી તો ત્યાં ગયું. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? હિંમતભાઈ!

આ તો વ્યાપ્યવ્યાપક નાખ્યું કર્મમાં. કેમ કે જ્યારે દૃષ્ટિ રાગ ઉપર હતી, વિકલ્પ ઉપર હતી, દયા-દાનના અંશમાં દૃષ્ટિ હતી તો તો સ્વભાવ ત્રિકાળ છે એનો અનાદર હતો.. અનાદર હતો તો વિકલ્પનો, સ્વભાવના અજ્ઞાનથી વિકલ્પનો કર્તા થઈને વિકલ્પ કાર્ય માનતો હતો. સમજાણું કાંઈ? પણ વિકલ્પ ક્ષણિક વિકૃત સંયોગી ભાવ છે, એનાથી દૃષ્ટિ ખસીને સ્વભાવ ચૈતન્ય ઉપર દૃષ્ટિ થઈ તો એ દ્રવ્ય સ્વભાવનું પરિણમન શુદ્ધ થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્રનું જે પરિણામ એ પોતાનું કાર્ય ને વ્યાપ્ય ને કામ અને આત્મા એનો કરનાર વ્યાપક. અને આ રાગાદિ છે એ એક અંશમાં ઉત્પન્ન થનારા, અંશીની દૃષ્ટિથી ઉત્પન્ન થનારા નથી,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પર્યાયનો અંશ જે ઉત્પન્ન થવાવાળો છે, એ પર્યાયદૃષ્ટિમાં જે કર્મ હતું એ કર્મનું કાર્ય છે એમ કહીને એમાંથી કાઢી નાખ્યું. કર્મ વ્યાપક છે અને વિકારી પર્યાય વ્યાપ્ય. કારણ કે અહીં સ્વભાવમાં વ્યાપ્ય, સ્વભાવમાં વ્યાપ્ય નિર્મળ પરિણામ થયા. તો સ્વભાવમાં વ્યાપ્ય-કાર્ય નિર્મળ થયું તો સાથે મલિન પણ વ્યાપ્ય થયું એમ થઈ શકતું નથી. એ હજી ખુલાસો કરશે. સમજાણું કાંઈ? રાગ પોતાના જ્ઞાતા પરિણામમાં નિમિત્ત થાય છે તો રાગ વ્યાપ્ય છે એમ નહિ. એ બધા અર્થ આવશે. વસ્તુની સ્થિતિ વર્ણવે છે.

ભગવાન આત્મા જ્યાં સુધી વિકલ્પ દયા, દાન, કામ, ક્રોધના રાગ ઉપર અંશબુદ્ધિ હતી, ત્યાં તો એ અંશ ઉપરની મોજૂદગીનો સ્વીકાર કરતો હતો એ સ્વભાવનું અજ્ઞાન હતું. સ્વભાવનું અજ્ઞાન હતું તો ક્ષણિક વિકારનો કર્તા થઈને અજ્ઞાનથી મારું કાર્ય એમ માનતો હતો. પરનું કાર્ય તો છે જ નહિ. હવે જ્યારે એ રાગ અને વિકલ્પ જે ક્ષણિક સંયોગી સંબંધ હતો, આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નથી. તાદાત્મ્ય સંબંધ તો જ્ઞાન આનંદનો આત્માની સાથે તાદાત્મ્ય સંબંધ છે. એવો તાદાત્મ્ય સંબંધ હું જ્ઞાન જ છું, શુદ્ધ આનંદ છું, એવી દૃષ્ટિ થઈ તો પરિણામમાં શુદ્ધતાનો ભાવ થયો એ પોતાનું વ્યાપ્ય, પોતાનું કામ, પોતાનું કાર્ય, પોતાનું કર્મ (અને) આત્મા કર્તા. બાકી રહ્યો રાગ એ પોતાનું વ્યાપ્ય નથી તો ક્યાં નાખવો? સમજાણું કાંઈ?

કહે છે કે જેમ ઘડાને અને માટીને... હજી આવશે લાંબી વાત, હોં! આખી ગાથામાં સૂક્ષ્મ વાત છે. ભાઈ! ભેદજ્ઞાનની ચીજ એવી છે કે ભેદજ્ઞાની વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર જ્ઞેયરૂપ થયો. ભાઈ! આહાહા..! જ્ઞેય નામ સ્વજ્ઞેય નહિ પરજ્ઞેયમાં ગયો. તો પરજ્ઞેયમાં ગયો તો સ્વજ્ઞેયમાં પોતાનું શુદ્ધ દ્રવ્ય-ગુણ અને એનું પરિણમન નિર્મળ એ સ્વજ્ઞેય થયું. અને એનો રાગ બાકી રહ્યો એ કર્મ વ્યાપક થઈને વ્યાપ્ય નામ એ જ પરિણમે છે, દ્રવ્ય સ્વભાવ નથી પરિણમતો. દ્રવ્ય સ્વભાવમાંથી રાગ આવતો નથી. સમજાણું કાંઈ? વસ્તુસ્વભાવ (રાગરૂપે) પરિણમે ક્યાંથી? વસ્તુસ્વભાવ તો શુદ્ધ પરિણમે છે. કેમ કે વસ્તુસ્વભાવ ઉપર દૃષ્ટિ છે. વસ્તુ તો શુદ્ધપણે પરિણમે છે. તો પરિણમે છે એ રાગ થયો એનું જ્ઞાન થાય છે. જ્ઞાન પોતાનું વ્યાપ્ય છે. રાગ વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ?

નિમિત્ત એ આવશે. સ્વયંનું જ્ઞાન કરે છે કે હું શુદ્ધ છું એવું જ્ઞાન થયું. એમાં સ્વપરપ્રકાશક શક્તિને કારણે પોતાનું પણ જ્ઞાન થયું અને રાગનું જ્ઞાન, પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશમાં રાગ નિમિત્ત થયો, પણ (એ રાગ) વ્યાપ્ય પોતાનું નહિ. પોતાનું વ્યાપ્ય તો રાગ સંબંધી પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન એ પોતાનું વ્યાપ્ય, એ પોતાનું કામ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પોતાનું કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...'** હયાતી ભાવ, થવાવાળો ભાવ **'હોવાથી...'** માટી કરનારી અને કર્મ ઘડો. તેવી રીતે, તેવી રીતે... રાડ નાખે એવું છે, હોં! બીજા કહે છે કે વિકાર કર્મથી થાય. એ વાત અહીંયાં નથી. એ તો અજ્ઞાની હજી કર્મથી વિકાર માને તો અજ્ઞાની છે. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનીને પોતાનો સ્વભાવ દ્રવ્ય જે છે એ શુદ્ધ છે. પરમાનંદ મૂર્તિ છે એવી દૃષ્ટિ થઈ તો દ્રવ્યમાંથી રાગ ક્યાંથી આવ્યો? એ દ્રવ્યની દૃષ્ટિથી તો શુદ્ધ પરિણામ જ્ઞાતા સ્વપરપ્રકાશક એ પોતાનું કાર્ય થયું. તો રાગ ક્યાં રહ્યો? માટી કરનારી અને ઘડો કાર્ય. એમ પુદ્ગલ કરનાર અને રાગ એનું વ્યાપ્ય. બે ભાગ પાડી દીધા. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! હિંમતભાઈ! .. આ બધું સમજવું પડશે, હોં! સૂક્ષ્મ પડે તોપણ. આહાહા..!

**'જેમ ઘડાને અને માટીને...'** જેમ છે ને? તેવી રીતે. જેમ-તેવી રીતે. **'ઘડાને અને માટીને જ વ્યાપ્ય...'** નામ અવસ્થા, કાર્ય, કર્મ, દશા. **'વ્યાપક...'** દશાવાન, કરનાર, કર્તા એવો સદ્ભાવ છે. માટી અને ઘડાની વચ્ચે એવો સદ્ભાવ છે. કર્તા-કર્મનો સંબંધ છે. **'તેમ...'** તેમ **'પુદ્ગલપરિણામને...'** કોણ પુદ્ગલ પરિણામ? ઈ માથે લીધા. **'તે બધુંય પુદ્ગલપરિણામ છે.'** ત્રીજી લીટી, ત્રીજી લીટી. **'તે બધુંય પુદ્ગલપરિણામ છે.'** કોણ? **'મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ...'** અને **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિ...'** એ બધાં પુદ્ગલપરિણામ છે. **'તે બધુંય પુદ્ગલપરિણામ છે.'** એ પુદ્ગલપરિણામ.

**'તેમ પુદ્ગલપરિણામને...'** પુદ્ગલ પરિણામ શબ્દે આ જે કહ્યું તે બધુંય. પહેલા પરેગ્રાફમાં રાગાદિ અને બીજામાં સંસ્થાન આદિ કે શબ્દ આદિ. **'તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને...'** અને પુદ્ગલ જડ પુદ્ગલને **'વ્યાપ્ય...'** એ પુદ્ગલ પરિણામ પહેલો શબ્દ પડ્યો છે. એ પુદ્ગલનું વ્યાપ્ય છે, પુદ્ગલનું કામ છે, પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલની દશા છે. આત્માની દશા નથી. અમરચંદજી! આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ જ્ઞાનીની વ્યાખ્યા ચાલે છે?

ઉત્તર :- જ્ઞાનીની વ્યાખ્યા ચાલે છે. ધર્મીની દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ પડી છે. ધર્મીની દૃષ્ટિમાં વિકલ્પ અને રાગ દૃષ્ટિનો વિષય નથી. તો ધર્મીની દૃષ્ટિમાં દ્રવ્ય પડ્યું છે તો દ્રવ્યનું પરિણમન શુદ્ધ થાય છે. અશુદ્ધતા દૃષ્ટિનો વિષય છે જ નહિ. સમજાણું કાંઈ? તો શુદ્ધનું જ્યાં ભાન થયું તો કહે છે કે જે પુદ્ગલ પરિણામ.. જેમ માટી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તા અને ઘડો કાર્ય, એમ પુદ્ગલ પરિણામ કામ અને પુદ્ગલ.. પુદ્ગલ એટલે વ્યાપક. પુદ્ગલ પરિણામ વ્યાપ્ય અને પુદ્ગલ વ્યાપક. તેનો '**સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' શેઠી! કદી વાંચ્યું નહિ હોય આવું જયપુરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાનો ભાવ નથી. જીવનો ભાવ સ્વભાવ શુદ્ધ એ જીવનો ભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જીવનો સ્વભાવ નહિ, આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ જીવનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાનીની વાત કહી છે ને. શું પૂછ્યું છે? '**હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન** (લક્ષણ) **કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' સમજાણું કાંઈ? અનાદિથી અજ્ઞાની કર્મથી વિકાર માને છે એ તો જાણે અજ્ઞાન છે જ. પણ પોતાની દૃષ્ટિ વિકાર ઉપર છે તો વિકાર મારું કાર્ય (એમ માને છે) એ પણ અજ્ઞાન છે. હવે રહ્યો જ્ઞાની. જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, જ્ઞાનગુણ ગંભીર ભગવાન આત્મા, સાગર ગંભીર ગુણનો એવી જ્યાં દૃષ્ટિ થઈ તો એ દ્રવ્ય સ્વભાવ પરિણમે છે તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર થઈ. તો એનું દ્રવ્યું પરિણમન તો શુદ્ધ જ થાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાન અને સમ્યગ્દર્શન અને શાંતિ એ એનું પરિણમન છે. એ પરિણામ વ્યાપક આત્માનું વ્યાપ્ય છે. જ્ઞાની આત્મા કરનાર વ્યાપક એનું એ પરિણામ વ્યાપ્ય છે. ત્યારે રાગ રહ્યો એ શું છે? રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રયનો શુભરાગ અને શરીરની પર્યાય, વાણીની પર્યાય, એ બધા પુદ્ગલપરિણામને અને પુદ્ગલના '**(વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ...**' ઈશ્વરચંદજી! એકકોર જાણે ઓલા દેખે ગોમ્મટસારમાં એમ છે કે મોહનીય કર્મથી રાગ-દ્વેષ થાય. એમ આવે. અહીંયાં એમ આવે કે વિકાર પુદ્ગલના પરિણામ છે. ... વિકાર તો પુદ્ગલથી થાય છે. બેય લખાણ એવા (આવે). ક્યા ક્યા લખાણ? જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે. અહીંયાં કહે છે કે મુનિદશા થઈ રાગાદિની એના પરિણામનો કર્તા પુદ્ગલ છે. કર્તા થઈ ગયો, જાવ. એમ નથી. અહીંયાં તો બીજી દૃષ્ટિથી વાત છે.

.. સ્વભાવના બેભાનપણાથી પોતાની પર્યાયમાં થાય છે. એ વિકાર ક્ષણિક સંયોગી તાદાત્મ્ય સંબંધ વિનાની ચીજ છે એવી જ્યાં સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો સ્વભાવ પોતાનું કાર્ય અને સ્વભાવ કરનારો આત્મા. રાગનો કર્તા આત્મા અને રાગ કાર્ય એમ સમ્યગ્જ્ઞાનમાં નથી. તો રાગ રહ્યો એનો કરનારો કોણ? કે રાગ પુદ્ગલપરિણામ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો કરનાર પુદ્ગલ છે. પુદ્ગલ વ્યાપ્યક છે તો રાગ વ્યાપ્ય છે. ભારે વાત, ભાઈ! સમજાય છે? પુસ્તક રાખ્યું છે કે નહિ સામે?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં...

ઉત્તર :- ગોમ્મચસારમાં ચોખ્ખો અર્થ છે. ચોખ્ખું છે બધું. પોતાની પર્યાય સ્વયંથી થાય છે તો નિમિત્ત વસ્તુ કોણ છે ઈ બતાવ્યું છે.

અહીંયાં તો પર્યાયમાં પર્યાયબુદ્ધિ નથી, રાગબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! સ્વભાવ ચૈતન્ય સાગર અનંતગુણગંભીર, અનંતગુણગંભીર. જેમ ગુમડું થાય છે ને? ગુમડાને શું કહે છે? ફોડા. બહુ ગંભીર ગંભીર ઊંડુ ઊંડુ. ઊંડુ કહે છે હિન્દીમાં? એમ ભગવાન આત્મા જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા અનંતગુણગંભીર અનંતગુણગંભીર, ભાવ ગંભીર એવો પ્રભુ, એવી અંતર દૃષ્ટિ થઈ, રાગથી પૃથક્ થયો તો રાગ અહીંયાં વ્યાપ્ય ન થયો. તો રાગ વ્યાપ્ય કોનો? એમ કહીને પુદ્ગલનું વ્યાપ્ય છે એમ કહીને પરમાં નાખી દીધું. છોડવા માટે. અહીંયાં રાગથી છૂટ્યો છે, રાગથી છૂટ્યો છે તો રાગ છૂટ્યો છે તો રાગથી ભિન્ન આત્મા છે. એમ ભાન થયું તો છૂટેલાનો રાગ, રાગ (આત્માથી) થયો છે એમ નહિ. રાગ પુદ્ગલનો છે. સમજાણું કાંઈ? એમ કહીને કર્મ વ્યાપક છે, વિકાર વ્યાપ્ય છે. પરમાણુ વ્યાપક છે. અવસ્થા થાય છે એ વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? આ પરમાણુ જે દ્રવ્ય છે એ વ્યાપક છે, આ અવસ્થા વ્યાપ્ય છે. એમ પુદ્ગલ કર્મ વ્યાપક છે, વિકાર વ્યાપ્ય છે. આત્મા વ્યાપક છે, નિર્વિકારી પર્યાય વ્યાપ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વાત છે.

ઉત્તર :- આ વાત છે. આ શું કહ્યું? જ્ઞાનીની વાત ચાલે છે ને. આહાહા..! આ પહેલી નક્કી કરવાની વાત છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? આ બધા મહેમાન આવ્યા છે, લ્યો. આ મોરબીવાળા અને આ બધા વીંછીયાવાળા. જસદણના છે? એ તો તમારા છે એ. એ બધા વીંછીયામાં ગણાય. આહાહા..! સાંભળો ભગવાનની વાત છે આ. ભગવાન ચૈતન્ય ભગવાનની વાનગી. વાનગી લે છે ને? ઓલું શું કહે છે? નમૂનો.

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ આનંદબ્રહ્મ એવી અંતર દૃષ્ટિ (થઈ). વિકારના અંશની દૃષ્ટિ છૂટીને જે આસ્રવભાવ ચૈતન્યતત્ત્વ નથી. જેમ પુદ્ગલ ચૈતન્યતત્ત્વ નથી એમ આસ્રવ, વિકલ્પ, દયા, દાન, વ્રત એ ચૈતન્યતત્ત્વ નથી. તો ચૈતન્યતત્ત્વની જ્યાં દૃષ્ટિ થઈ તો ચૈતન્યતત્ત્વ આસ્રવ નહિ. તો આસ્રવનું જ્ઞાન કરનાર પરિણામ ચૈતન્યતત્ત્વના પરિણામ છે. સમજાણું કાંઈ? એ આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ. બેય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંથી ભિન્ન છે. અહીંથી ભિન્ન છે તો એ અજીવના પરિણામ છે એમ કહીને આસ્રવ વ્યાપ્ય છે, કર્મ વ્યાપક એમ નાખી દીધું. કેમ કે આત્મા કર્મથી ભિન્ન છે, આસ્રવથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

કર્મ અજીવતત્ત્વ છે, આસ્રવ મલિન તત્ત્વ છે. ભગવાન નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિક છે. તો જેમ કર્મ, શરીરથી ભિન્ન છે એમ આસ્રવથી ભિન્ન છે. ખલાસ! આવું ભાન થયું, ભિન્ન છે એવું (ભાન થયું), છે તો ખરા, પણ ભાન થયું ત્યારે આત્મામાં જરી વિકલ્પ ઉઠે છે એ પોતાના પરિણામ નથી. કેમ કે એનાથી તો ભિન્ન થયો આત્મા. આસ્રવથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે, આસ્રવથી ભિન્ન છે. તો પોતાના પરિણામ નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વપરપ્રકાશક પરિણામ એ પોતાનું વ્યાપ્ય નામ કામ, કાર્ય, કાજ-કાજ. ભગવાન કર્તા. વિકાર, જેમ કર્મથી ભિન્ન આત્મા છે, એમ આસ્રવથી ભિન્ન છે. તો કર્મ અને આસ્રવને એકમાં નાખીને કર્મ વ્યાપક અને આસ્રવ વ્યાપ્ય (કહ્યું). માટી વ્યાપક અને ઘડો વ્યાપ્ય. શું? માટી વ્યાપક નામ કરનારી, પ્રસરનારી, વિસ્તાર કરનારી, વિસ્તાર થયો એ ઘડાનો. ઘડો થયું વ્યાપ્ય. ભગવાન જ્ઞાનસ્વરૂપમાં આત્મા વિકારનો કર્તા ન થતાં વિકારના જ્ઞાતાના પરિણામનો કર્તા થયો તો આસ્રવનું પરિણામ કર્મનું વ્યાપ્ય એમ કહી દીધું. ભિન્ન પડ્યો છે માટે. સમજાણું કાંઈ?

એમ કહ્યું કે જે ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ ધ્રુવ એને જ્ઞાન અને આનંદની સાથે તાદાત્મ્ય સંબંધ છે. સ્વભાવનો સ્વભાવવાન સાથે તાદાત્મ્ય સંબંધ છે, એકરૂપ સંબંધ છે. અને વિકારના પરિણામ એ આત્મા સાથે તાદાત્મ્ય નથી. ભિન્ન છે. એમ કર્મ અને શરીર પણ આત્માથી ભિન્ન છે. તો જેવા કર્મ અને શરીર ભિન્ન છે એમ આસ્રવ ભિન્ન છે. એમ છે એવું ભાન થયું. છે તો એમ જ. ભાન થયું કે આસ્રવથી અને કર્મથી ચૈતન્ય જ્ઞાયક ભિન્ન છે. એવી દૃષ્ટિ થઈ તો જ્ઞાન થયું. જ્ઞાન થયું તો પોતાનું વ્યાપ્ય રાગ ક્યાંથી થયું? એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? જ્યાં જ્ઞાયકથી રાગ ભિન્ન છે ત્યાં જ્ઞાયકની પર્યાયમાં રાગ એનું વ્યાપ્ય ક્યાંથી થયું? સમજાય છે કે નહિ આમાં? ક્યાં નવરાશ ન મળે ઘરે વાંચવાની કેટલાકને તો. એ તો અહીંથી વાંચ્યું એટલે થઈ ગયું, જાઓ. આ તો ઘરે કલાક-બે કલાક વાંચન જોઈએ, સ્વાધ્યાય જોઈએ. સમજાણું કાંઈ? ચોપડા કેમ તપાસે છે દરરોજ પરના?

મુમુક્ષુ :- ન સંભાળે તો દિવાળું કાઢે.

ઉત્તર :- અહીં ન સંભાળે તો દિવાળું કાઢે, એમ કહે છે. આ શું કહે છે એના ભાવની અંદરમાં મેળવણી કરવી જોઈએ. નહિતર દિવાળું નીકળી જશે. દિ વળી જશે તારો. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! અહીં તો પ્રભુ આત્મા ચૈતન્યસ્વરૂપ છે ને ભાઈ! એની ખાણમાં વિકાર છે? વિકાર તો એક અંશમાં ઉત્પન્ન થાય છે. દ્રવ્ય-ગુણમાં એવી કોઈ શક્તિ નથી કે વિકાર થાય. સમજાણું કાંઈ? તો જ્યારે વિકલ્પથી, રાગથી ભગવાન આત્મા ભિન્ન છે, કર્મ પણ ભિન્ન છે, એવું ભાન થયું તો ભિન્ન વસ્તુ પોતાનું વ્યાપ્ય અને પોતાનો આત્મા વ્યાપક એમ ક્યાંથી હોય? જ્યારે એકત્વ માનતો હતો, રાગનું એકત્વ માનતો હતો તો અજ્ઞાનમાં કર્તા થઈને વ્યાપ્ય માનતો હતો. સમજાણું કાંઈ? પર્યાયમાં અજ્ઞાન થઈને. સ્વરૂપના અભાનથી વિકાર કૃત્રિમ ઉત્પન્ન થતા હતા, તેના અજ્ઞાનથી કર્તા માનતો હતો. અજ્ઞાનસ્વરૂપ કર્તા, આવી ગયું ને ભાઈ આપણે નહિ? અજ્ઞાનથી ઉત્પન્ન અજ્ઞાનસ્વરૂપ જ કર્તા કર્મ પ્રવૃત્તિ છે. એમ આવ્યું. '**अज्ञानोत्थितकर्तृकर्मकलनात्**'. કળશમાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાન છે. એના અજ્ઞાનમાં રાગ અને વિકલ્પનું કાર્ય મારું એ અજ્ઞાનમાં કર્તાકર્મપણું છે. અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મપણું છે. એ અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મપણું છે. જ્ઞાનસ્વરૂપ કર્તાકર્મપણું નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનસ્વરૂપ જ્યારે રાગ અને વિકલ્પ, કામ ને કર્તા એવું અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાનનો નાશ કર્યો. સમ્યક્ ચૈતન્યમૂર્તિ છે એવું ભાન થયું. તો ભાનમાં, અજ્ઞાનથી જે કર્તાકર્મપણાનો ભાવ હતો એ રહ્યો નહિ. રહ્યો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એ હું પરિણમનારો, થનારો અને થયા અવિકારી પરિણામ. તો જે અવિકારી પરિણામ, રાગથી ભિન્ન પડ્યો છે (તો) એ વિકારી પરિણામ વ્યાપ્ય, અવિકારી પણ વ્યાપ્ય અને વિકારી પણ વ્યાપ્ય એમ બેય ક્યાંથી થયા? સમજાણું કાંઈ?

કહે છે... આ તો અલૌકિક વાત છે. આહાહા..! સમયસાર એ ટીકા. ભરતક્ષેત્રમાં આવી સ્થિતિ નથી. એવી સ્વરૂપની સ્થિતિ પ્રત્યક્ષ હથેળીમાં બતાવે છે. .. ભાઈ! તને ખબર નથી. ભગવાન આત્મા વિકલ્પ મલિન પરિણામ એ તો અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મ છે. પર્યાયમાં હોં! અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મ. મિથ્યાદૃષ્ટિ એ સંસાર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કારણે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાની ભગવાન આત્મા અંદરમાં મળે, અજ્ઞાનભાવ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! આહાહા..! જુઓ! અમૃતચંદ્રાચાર્ય. અમૃતચંદ્રાચાર્યની ટીકા ભરતક્ષેત્રમાં..! આ સંત જ્યારે વિચરતા હશે.. આહાહા..! ચાલતા સિદ્ધ! કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે આહાર લેવાનો વિકલ્પ આવ્યોને? કોણ કહે છે કે વિકલ્પ અમારું વ્યાપ્ય છે? કોણ કહે છે વ્યાપ્ય છે? કોણ કહે છે કે આ શરીર ચાલે છે એ પર્યાય મારું વ્યાપ્ય અને હું એનો કરનારો. તને આત્મા કોણ છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા એકલો જ્ઞાન-જ્ઞ સ્વભાવ ભગવાન, એકલો જ્ઞ સ્વભાવ ભગવાન. જ્ઞ સ્વભાવી પ્રભુ એવી જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો તો પર્યાયમાં, નિર્મળ પર્યાય પણ થાય અને મલિન પણ થાય, એ બે કાર્ય ક્યાંથી આવ્યા? ગજબ વાત છે. એક પર્યાયમાં બે ભાગ, ભાઈ! આહાહા..! વાહ.. રે વાહ..! કહે છે કે જેટલું દ્રવ્ય સ્વભાવનું પરિણમન થયું એ જીવનું કાર્ય અને એ જ પર્યાયમાં જરી મલિનતાનો અંશ છે તો એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે. એક પર્યાયમાં બે ભાગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બે ભાગની વાત ચાલે છે. એક ભાગ નિર્મળ પર્યાય. એ જ પર્યાયનો એક ભાગ મલિન. તો એ મલિન પરને લક્ષે ઉત્પન્ન થયો. મલિનથી ભિન્ન થયો, જેટલી નિર્મળ પર્યાય થઈ એ પોતાનું વ્યાપ્ય. મલિન એ કર્મનું વ્યાપ્ય છે, અમારું વ્યાપ્ય નથી. આહા..! અંતર્મુખમાં જેટલી પર્યાય નિર્મળ થઈ એ હું. એ પર્યાય વ્યાપ્ય, આત્મા વ્યાપક. બહિર્મુખમાં જેટલા વિકલ્પ થયા, કર્મ વ્યાપક, એ વ્યાપ્ય. અમારા ઘરની ચીજ નથી. ઓહોહો..! કહો, નેમિદાસભાઈ! કહો, સમજાય છે કે નહિ આ? દાખલો. રાડ નાખે કે હેં! માટી કરનાર અને ઘડો કાર્ય એ રીતે? પુદ્‌ગલ પરિણામ કાર્ય અને પુદ્‌ગલ કરનાર. માટી કરનારી, ઘડો એનું કામ. પુદ્‌ગલ કરનારો, વ્યવહાર રત્નત્રયનો રાગ તે પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલ કરનારું. આહાહા..!

મુમુક્ષુ :- દાખલા સાથે મળી ગયું ને?

ઉત્તર :- મળી ગયુ કે નહિ પણ? આહાહા..!

અરે..! ભગવાન! બાપુ! તારી ચીજ એવી છે કે અહીંયાં તો રાગથી જ્યાં (ભિન્ન પડ્યો).. જેમ અજીવથી તો ભિન્ન છે જ. રાગથી સ્વભાવ તો ભિન્ન છે જ, ઉદયભાવથી સ્વભાવ તો ભિન્ન છે જ. પણ ભિન્ન જ છે એવું ભાન થયું. સમજાણું કાંઈ? એ વિકલ્પના ભાવથી, મલિન ઉદય શુભાશુભથી સ્વભાવ ભિન્ન જ છે. ભિન્ન છે પણ છે એવું ભાન થયું. ત્યારે કહે છે કે ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં જેટલું દ્રવ્યના આશ્રયે પરિણમન થયું એ તો પોતાનું વ્યાપ્યનું કામ છે. એ જ પર્યાયમાં જે મલિનતાનો અંશ છે એ પોતાનું વ્યાપ્ય એમ નથી. આત્મા વ્યાપક અને પોતાનું વ્યાપ્ય મલિન પર્યાય એમ નહિ. કર્મ વ્યાપક અને એ વ્યાપ્ય એનું છે. બે ભેદ કટકા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી નાખ્યા છે. જ્ઞાનચંદજી! ભારે વાત ભાઈ! નક્કી કરો. પાઠથી નક્કી કરો. સમજાણું કાંઈ? પછી આત્માથી નક્કી કરો.

એમ નથી કે કર્મ વિકાર કરાવે છે એ પ્રશ્ન અહીંયાં નથી. સમજાણું કાંઈ? અહીં તો વિકાર અને કર્મથી ભિન્ન પડેલા ભાવમાં એ વિકાર પરિણામ પોતાનું વ્યાપ્ય નથી તો કર્મમાં નાખીને છોડી દીધો છે. જેમ કર્મ મારા નથી, એમ વિકાર પણ મારો નથી. જેમ કર્મનું જ્ઞાન કરનાર હું છું, એમ રાગનું હું જ્ઞાન કરનાર છું. સમજાણું કાંઈ? ભારે ઝીણું પડે માણસને. આ ઝીણું છે જ નહિ. આમ સીધું લઈ લેવું અંદરથી. આહાહા..!

કહે છે કે તેવી રીતે પુદ્ગલ પરિણામ એમાં લેવો ઘડો. એમ અહીં લેવું પુદ્ગલ પરિણામ. પુણ્ય-પાપ, દયા-દાન-વ્રત અને શરીરની પર્યાય. ત્યાં લેવી માટી અહીં લેવું પુદ્ગલ વ્યાપક. એનો '**સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' એ કર્મ કરનાર અને રાગ-દ્વેષ, દયા-દાન, વ્યવહારરત્નત્રયનો શુભ રાગ એ કર્મનું વ્યાપ્ય. મલિન પોતાનું વ્યાપ્ય નથી. આત્મા મલિન છે જ નહિ. શાંતિભાઈ! આહાહા..! આ કર્તાકર્મની એક વાત સાંભળેને થોડા દિ', પંદર દિ' તો એને ખબર પડે કે આ શું ચીજ છે. ઝઘડા... ઝઘડા... ઝઘડા એવા ઊભા કરે છે ને.

ભાઈ! તારી તને કિંમત નથી, પ્રભુ! તું તો ચૈતન્ય બ્રહ્મ આનંદકંદ, એવું જ્યાં ભાન થયું પછી વિકાર મારું કાર્ય એમ રહે ક્યાંથી? શું વિકારસ્વરૂપ આત્મા છે કે વિકારનું કાર્ય મારું છે? સમજાણું કાંઈ? ઓહોહો..! પાછા કહે કે આવું માનવું અને વળી પાછું કરવું બધું. એમ વળી કેટલાક કહે છે. આ મંદિરો કરે, જાત્રા કાઢે. અરે..! ભગવાન સાંભળ તો ખરો પ્રભુ! તને ખબર નથી, ભાઈ! એ સમયે પુદ્ગલની પર્યાય થવાવાળી થશે અને રાગ થવાવાળો થાય, આત્માની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? ત્યાં નિયત થઈ જાય છે માણસને. ભાઈ! આહાહા..! થવાની હોય એ થાય. આત્માથી નહિ? બિલકુલ નહિ. રાગ થવાનો હોય એ થાય. આત્માથી થાય? બિલકુલ નહિ. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ?

કર્તાકર્મપણું છે. કોની સાથે? માટી કર્તા, ઘડો કાર્ય. એમ પુદ્ગલ કર્તા, વિકારી પરિણામ કે શરીરાદિ પરિણામ બધું એનું કાર્ય. સમજાણું કાંઈ? જેમ આ લાકડી છે, જુઓ. લાકડી આમ ચાલે છે એ કાર્ય લાકડીનું છે. એમ રાગ કાર્ય જડનું છે, આત્માનું નહિ. કેમ કે આત્મામાં છે નહિ. અંદર સમ્યગ્દર્શન થયું, દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ તો સ્વભાવની ખાણમાં વિકાર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ તો દેખાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- શું દેખાય છે? ધૂળ? એ તો પુદ્ગલ દેખાય છે. દેખનારી પર્યાય દેખાય. એ દેખાય છે? કોણે નક્કી કર્યું આ ચાલે છે ઈ? એને ખબર છે? આને ખબર છે? રાગ થયો એની રાગને ખબર છે? રાગ થયો દયા-દાનનો એની રાગને ખબર છે? રાગ તો અચેતન છે. રાગ પોતાને જાણે છે? રાગ પરને જાણે છે? બિલકુલ નહિ. રાગ છે એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન સ્વને જાણે છે, જ્ઞાન પરને જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ પરજ્ઞેયમાં ગયો.

ઉત્તર :- પરજ્ઞેયમાં જ છે. આસ્રવ અને જ્ઞાયક એક છે જ નહિ. જેમ જીવ અને અજીવ એક નથી, એમ જ્ઞાયક અને આસ્રવ એક છે જ નહિ. ઓહોહો..! અરે..! વીતરાગનો માર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવું સત્ય, જગતને સાંભળવા ન મળે, એ ક્યાંથી રૂચે અને ક્યાંથી શરૂ કરે? એમ ને એમ જીંદગી (નિકળી જાય). અરે..! ભગવાન! માંડ છૂટવાનો સમય છે ત્યાં અજ્ઞાનને ઘૂંટવાનો સમય બનાવ્યો. આહાહા..!

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** છે. જુઓ હવે. કર્તાની વ્યાખ્યા કરવી છે ને? કર્તાકર્મ સિદ્ધ કરવું છે. કર્તા નામ સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. એવી વ્યાખ્યા છે. સ્વતંત્રપણે કરે તે કર્તા. ૪૭ શક્તિમાં છે. સમયસારમાં પાછળ. સ્વતંત્રપણે કરે તે કર્તા. સમજાણું કાંઈ? અને કર્તાનું કાર્ય તે કર્મ. છ કારક છે. એ ગુણ છે. આત્માના ગુણ છે એવા. આત્મા સ્વતંત્રપણે કરે, પરના આશ્રય વિના, અવલંબન વિના, તો આત્મા સ્વતંત્રપણે કરે અને નિર્મળ પરિણામ એનું કર્મ.

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...'** આ કર્તાની વ્યાખ્યા કરી. પછી કર્મની વ્યાખ્યા કરશે. **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે...'** સ્વતંત્ર છે. તે કર્તા છે. **'અને પુદ્ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** પુદ્ગલ પરિણામ દયા, દાનાદિનો વિકલ્પ શુભરાગ, એ **'વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** એ વડે વ્યપાતું હોવાથી એનું **'કર્મ છે.'** સમજાણું કાંઈ? આવું વાંચ્યું પણ નહિ હોય. કાંતિભાઈ! ઘરે વાંચ્યું છે કોઈ દિ'? હા ના ન પાડે. વાણિયા છે ને. નવરાશ પણ ન મળે. નવરાશ સમજ્યા? ફુરસદ. હજી શું ચીજ છે, કેમ છે, કેવી છે, કેમ થાય છે એવું જ્યાં જ્ઞાન પણ નથી, ત્યાં એનો પ્રયોગ કરીને આત્મા (લક્ષમાં) લેવો એ આવે ક્યાંથી? એના જ્ઞાનમાં પણ યથાર્થતા આવે નહિ એ યથાર્થ ચીજને પકડવાની રુચિ આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- ટાઈમટેબલ કાઢે તો આવડેને. કાઢતા ક્યાં આવડે છે. ટાઈમટેબલ બહારનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નક્કી કરે. આ ટાઈમે જવું, આમ કરવું, આમ કરવું. કાંઈ કરી શકતો નથી ધૂળેય તે.

**'પુદ્‌ગલદ્રવ્ય...'** પહેલા બીજો શબ્દ કહ્યો હતો. પુદ્‌ગલના છે ને બીજું? એ પુદ્‌ગલ દ્રવ્ય કર્તા કહ્યું હતું ને? **'સ્વતંત્ર વ્યાપક હોવાથી...' 'તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે...'** એટલે પહેલા જે પુદ્‌ગલપરિણામ કહ્યું, જે કર્મ-નોકર્મના પરિણામ એનો કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય કર્તા છે. **'અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** કર્મથી, પુદ્‌ગલથી, વ્યાપકથી **'સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.'** લ્યો સમજાણું કાંઈ? **'તેથી...'** આ કારણે. એમ. **'પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું...'** પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું. આ આંગળી પુદ્‌ગલદ્રવ્યથી કર્તા થઈને હલવાનું કાર્ય કરતી હોવાથી... સમજાણું કાંઈ? એ બધા પુદ્‌ગલ પરિણામ છે. આત્મા ત્રણ કાળમાં આંગળીની અવસ્થાનો કર્તા નથી. સમજાણું કાંઈ? રોટલી ખાય છે કે નહિ રોટલી? આમ રોટલી તોડીને દાળમાં (નાખે). કહે છે કે એ પુદ્‌ગલના પરિણામ સ્વયં પુદ્‌ગલ વ્યાપક થઈને પુદ્‌ગલના પરિણામ છે. તારી ઈચ્છા અને તારા જ્ઞાનનું એ વ્યાપ્ય છે જ નહિ.

મુમુક્ષુ :- હાથથી .. મોઢામાં મૂકે છે ને.

ઉત્તર :- કોણ મૂકે? ધૂળ? આહાહા..! કોણ મૂકે? મૂકે કોણ? લે કોણ? એય..! શેઠ! આહાહા..!

ભગવાન એ પુદ્‌ગલ છે કે નહિ? દ્રવ્ય છે કે નહિ? તો દ્રવતિ ઈતિ દ્રવ્યં. એ દ્રવ્યા વિના રહે છે કોઈ સમયની અવસ્થા? તો એ દ્રવતિ. એનું કાર્ય છે દ્રવે ઈ. આત્માનું કાર્ય છે? અહીં તો આત્માનું રાગ કાર્ય નહિ. રાગ પુદ્‌ગલના પરિણામ વ્યાપ્ય થઈને વ્યાપક પુદ્‌ગલ થઈને થાય છે એમ સિદ્ધ કરવું છે. કેમ કે ભેદજ્ઞાન થયું છે તો પરનો કરનાર આત્મા નહિ. સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...'** શું કરે, ભઈ, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય, એમ ત્યાં આવે. અહીં પુદ્‌ગલ દ્રવ્યથી રાગ આવ્યો, લ્યો. એક જણો કહેતો હતો પંડિત એક. મેં ત્રણ વાર સમયસાર વાંચી ગયો સોનગઢ ગયા પછી. મેં નક્કી જ કર્યું છે કે વિકાર કર્મથી જ થાય. સમયસાર એમ કહે છે.

મુમુક્ષુ :- આ લખ્યું છે આમાં.

ઉત્તર :- હા, લખ્યું છે ને. તેથી તો કહું છું. આ લખ્યું. પણ કઈ અપેક્ષાથી? અહીં તો રાગ અને સ્વભાવ ભિન્ન પડી ગયા છે, એવા ભિન્નના ભેદજ્ઞાનમાં રાગ પોતાનું કાર્ય નથી પણ કર્મનું કાર્ય છે, એમ કહેવામાં આવે છે. સમજ્યા?

**'પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...**' કર્મ નામ રાગાદિ. નોકર્મ (અર્થાત્) આ શરીર, વાણીની પર્યાય, આ ભાષાની પર્યાય, એનો આત્મા કર્તા નથી. '**તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' હવે જરી એની વ્યાખ્યા લાંબી છે હોં થોડી. એ વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૯, શનિવાર તા. ૮-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૫, પ્રવચન-૧૫૧**

આ આત્મા પર કર્મ આદિથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકાર આસ્રવથી પણ ભિન્ન છે એવું જેને ભેદજ્ઞાન થાય છે એનું લક્ષણ શું? સમજાણું કાંઈ? આત્મા અને આસ્રવ. એ તો પહેલા કહ્યું હતું ને? આસ્રવ એટલે પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ, એ આત્માની સાથે સંયોગસિદ્ધ સંબંધ છે. જેમ આત્મામાં કર્મ અને શરીરનો સંયોગ સંબંધ છે એવો જ આત્મામાં ત્રિકાળી જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવની અપેક્ષાથી જ્ઞાન અને આનંદ આત્માની સાથે તાદાત્મ્ય-તદ્રૂપ સંબંધ છે. એમ વિકાર, દયા-દાન, વ્રત-ભક્તિ કે શુભાશુભભાવ એની સાથે સ્વભાવને સંયોગસિદ્ધ, સંયોગસિદ્ધ, સ્વરૂપસિદ્ધ નહિ પણ સંયોગસિદ્ધ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

જેમ આત્મા... એ તો પહેલા કહ્યું ને? પછી એમ કહ્યું કે આત્મામાં વિકાર જ્યારે ભાસે છે ત્યારે આત્માનું નિર્વિકારપણું ભાસતું નથી. કેમ કે બે ચીજ એક નથી. શું કીધું સમજાણું? પોતાની પર્યાયમાં વિકાર છે એમ એકાકાર થઈને વિકાર જ ભાસે છે, ત્યારે આત્મા વિકારથી રહિત આનંદ જ્ઞાયક છે એમ ભાસતું નથી. અને જ્યારે આત્મા જ્ઞાયક શુદ્ધ છું એમ ભાસે, તે કાળે હું વિકારરૂપ છું એમ ભાસતું નથી. કારણ કે બે ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? કઈ બે? પુણ્ય-પાપનો વિકલ્પ, વિકાર અને ત્રિકાળી સ્વભાવરૂપ આત્મા, બે ભિન્ન છે. પછી કહ્યું કે વિકાર પરિણામ અશુચિ છે, ચૈતન્ય સ્વભાવથી વિપરીત છે અર્થાત્ જડ છે. પુણ્ય-પાપનો ભાવ એ ચૈતન્યપ્રકાશના સ્વભાવથી વિપરીત પુણ્ય-પાપના ભાવમાં, દયા-દાનના રાગમાં ચૈતન્યપણાનો અંશ નથી. એ તો અંધ છે. રાગભાવ અંધકાર છે, અચેતન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! અને દુઃખરૂપ છે. આત્મા ભિન્ન છે, આનંદરૂપ છે, વિકાર દુઃખરૂપ છે. એમ છે એવું ભાન થયું.

પછી ૭૩ ગાથામાં કહ્યું.. સમજાણું કાંઈ? ચાલતા ચાલતા અહીં સુધી આવ્યું છે. ૭૩માં કહ્યું કે ભગવાન જ્ઞાયક ચૈતન્ય એકરૂપ સ્વરૂપ ધ્રુવ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એમાં વિકારનો સ્વામી ચૈતન્ય નથી. કેમ કે ચૈતન્યના સ્વભાવમાં એ ચીજ નથી. એ તો દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ પદાર્થ છે. દૃષ્ટા-જ્ઞાતા અનાદિ અનંત સ્વભાવથી ભરપુર ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

જેમ આકાશનો ક્ષેત્રથી અંત નથી, એમ ભગવાન આત્માના જ્ઞાન દર્શન સ્વભાવની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શક્તિનો અંત નથી. સમજાણું કાંઈ? આકાશ ક્યાં નથી? એવો અનંત-અંત નથી એવો આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ, (આકાશનો) ક્ષેત્રથી અંત નથી. અહીંયાં શક્તિ અંતર્મુખ જોવાથી જ્ઞાતા-દૃષ્ટાના અમાપપણાથી એની હદ પરિમિતતા નથી. એવા સ્વભાવથી ભરેલો આત્મા, રાગની પરિમિતતા એક સમયની કૃત્રિમતા, અચેતનતા, વિપરીતતા છે. સમજાણું કાંઈ?

૭૪માં કહ્યું કે જેમ પીપરની સાથે લાખનો સંબંધ છે, નિબદ્ધ છે, ઉપાધિ છે, એ પીપર નથી. એમ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત, એમાં પુણ્ય-પાપભાવ ભિન્ન છે. એ જીવસ્વરૂપ નથી. એ જીવસ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો અધ્રુવ છે. ધ્રુવસ્વરૂપ નહિ, અધ્રુવ છે. વિકાર અનિત્ય છે, અધ્રુવ છે, અશરણ છે, દુઃખરૂપ છે, દુઃખના ફળરૂપ છે. એમ ૭૪માં કહ્યું. સમજાણું કાંઈ?

એવું જેને અંતરમાં જેવું ભિન્ન છે એવું ભાન થયું. સમજાણું કાંઈ? ભિન્ન છે એવું ભાન થયું. તો ભાનવાળાનું લક્ષણ શું? આહાહા..! સમજાણું કાંઈ? એવું ભેદજ્ઞાન થયું. જેવું ભિન્ન છે, આકુળતા, અનાકુળ નિત્ય, અનિત્ય, ધ્રુવ, અધ્રુવ, સ્વભાવ, વિભાવ વિપરીત. એવું અંતરમાં ચૈતન્ય સ્વભાવ તરફના અંતર આશ્રયથી રાગ પરાશ્રયથી ઉત્પન્ન થનારો (એમ) બેનો ભેદ થયો. અંતર્મુખ દૃષ્ટિ કરવાથી બહિર્મુખની વૃત્તિ ભિન્ન થઈ ગઈ. સમજાણું કાંઈ? એવો આત્મા અને રાગ જેને ભિન્ન ભાસ્યા, ભિન્ન પડ્યો એનું લક્ષણ શું? સમજાણું કાંઈ? કહે છે કે અંતરમાં જેટલો પુણ્ય-પાપનો ભાવ અંતર પરિણામમાં કર્મથી ઉત્પન્ન થયો એ પુદ્‌ગલપરિણામ છે, આત્માના પરિણામ નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જડ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયા એ જડકર્મ જ છે. એ કહ્યું ને? આટલા બોલ સિદ્ધ કર્યા પછી તો આ વાત કરી. આ બધી પહેલેથી માંડી છે અત્યારે આ. ૬૯થી તો માંડી છે આ. ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૨, ૭૩, ૭૪ અને પછી આ કહ્યું. સમજાણું કે નહિ?

ભગવાન મહાન અમાપ અમાપ જ્ઞાન દર્શન આનંદનો અમાપ સાગર. વિકાર તો એક સમયનો કૃત્રિમ અચેતનભાવ. સમજાણું કાંઈ? એવા અંતર્મુખ ચૈતન્યના સ્વભાવનું માહાત્મ્ય, જેમ જ્ઞાન આકાશનું માપ લેવા જાય તો મપાતું નથી, એ જ્ઞાન એવું અમાપ... અમાપ... અમાપ... એમ વર્તમાન દશા અંતરમાં માપ લેવા જાય તો જ્ઞાનનું અમાપપણું છે. એમ રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાયકસ્વભાવનો પત્તો લીધો,... સમજાણું કાંઈ? તો એનું લક્ષણ શું? ઈ પૂછે છે. શેઠ! ચોપડામાં કોઈ દિ' આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન હોય. ચોપડામાં આવે તમારે આ આત્મા? ચોપડામાં આવે નહિ અને બે ભાઈઓએ ભેગા થઈને વાત પણ કોઈ દિ' કરી ન હોય. બહાર સાંભળવા મળે નહિ. જ્યાં જ્યાં જાય ત્યાં આ કરો ને આ કરો ને આ કરો. આહાહા..!

ભગવાન! તારી ચીજ એવી છે. એકલા જ્ઞાનપ્રકાશના નૂરના પૂરથી ભરપુર એકલું ચૈતન્યતેજ. જેમ આમ માપ કરવા જાય, એમ અહીં માપ કરવા જાય તો એ રાગની પર્યાયની હદ મર્યાદિત થઈ ગઈ. અહીંયાં અમાપ ચૈતન્ય સ્વભાવ અંતર્મુખથી, રાગ બહિર્મુખ છે એનો અંતર ભેદ થયો અર્થાત્ જેવી છે એવી એકતાબુદ્ધિ તૂટીને અનેકતા થઈ ગઈ. એ અનેકતા થઈ એવી એક્તા તૂટીને, એવા સમ્યગ્જ્ઞાની કેમ સમજાય? સમ્યગ્જ્ઞાની એ રાગાદિના પરિણામને પુદ્‌ગલપરિણામ જાણીને એનો કર્તા થતો નથી. સમજાણું કાંઈ?

પોતાની ચીજ હોય તો એ રચનાર હોય. રાગ એ પોતાની ચીજ નથી તો જ્ઞાની પોતે રચનાર નથી. ભારે વાત! સમજાણું કાંઈ? અને આ શરીર, વાણી આદિ અવસ્થા થાય છે બહાર એ નોકર્મ પર્યાય છે. એના પણ પુદ્‌ગલપરિણામ છે. બધા પુદ્‌ગલપરિણામ છે. ધર્મી અર્થાત્ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન થયો આત્મા, એ પુણ્ય-પાપના પરિણામને પણ પુદ્‌ગલપરિણામ ગણે છે, પોતાના નહિ અને આ શરીરની પર્યાય ચાલે છે એ પણ પુદ્‌ગલપરિણામ છે પોતાની નહિ, તો બેયનો કર્તા નથી થતો. સમજાણું કાંઈ?

જેમ ઘડાની પર્યાયનો માટી કર્તા છે તો એ બરાબર છે. સમજાણું કાંઈ? એમ પુદ્‌ગલપરિણામનો અને પુદ્‌ગલનો, એ રાગ-દ્વેષ પરિણામ અને શરીરની પર્યાય એ પુદ્‌ગલદશા, એનો કર્તા પુદ્‌ગલ છે. પુદ્‌ગલનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મ પણ છે. આહાહા..! '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**' ભગવાન આત્મા દ્રવ્ય નામ વસ્તુ અનંત અનંત શાંતરસનો સાગર, લ્યો શેઠ! આ તમારું સાગર આવ્યું. એ સાગર નહિ, હોં! ચૈતન્ય રત્નાકર સાગર. આહાહા..! સમજાણું કાંઈ? મહેરામણ આત્મા. 'મહેરામણ માજા ન મૂકે ચેલયો સત્ ન ચૂકે.' એવું આવે છે. લૌકિકમાં એવું આવે છે. મહેરામણ પ્રભુ ભગવાન પોતાની મર્યાદા છોડકર રાગમાં એકત્વ થતો નથી એવી ચીજ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત પોતાની મર્યાદા... જેમ સમુદ્ર મર્યાદા છોડીને પાણી ગામને બોળી દે કે નાશ કરી દે એમ થતું નથી. એની મર્યાદામાં રહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા, એની મર્યાદા એના શુદ્ધ સ્વરૂપમાં રહેવું એ એની મર્યાદા છે. અશુદ્ધમાં આવવું અને અશુદ્ધના કર્તા થવું એ તેની મર્યાદા બહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેથી પુદ્ગલદ્રવ્ય વડે...'** દ્રવ્ય લીધું છે ને. દ્રવ્ય. આ દ્રવ્ય-ભગવાન દ્રવ્ય વડે શું કર્યું ઈ કહેશે. અહીં તો **'પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** આ શરીર ચાલે, વાણી બોલે એ પુદ્ગલના પરિણામ. પુદ્ગલ તેનો કર્તા. રાગ-દ્વેષ આદિ પરિણામ પુદ્ગલના પરિણામ, પુદ્ગલ કર્તા. દ્રવ્ય સ્વભાવમાં નથી. **'પુદ્ગલ પરિણામને અને આત્માને...'** જુઓ! આવ્યું? તેને એટલે પુદ્ગલ પરિણામને. **'તેને જે આત્મા, પુદ્ગલ પરિણામને...'** એટલે પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિની પર્યાય એ પુદ્ગલપરિણામ **'અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારની પેઠે. કુંભાર કર્તા અને ઘટ કર્મ એમ છે નહિ. સમજાણું કાંઈ? માટી કર્તા અને ઘટ કર્મ. કર્મ નામ કાર્ય. માટી કરનારી અને ઘટ એનું કાર્ય. પણ માટી ઘટ કાર્ય અને કુંભાર કર્તા એમ છે નહિ. સમજાણું કાંઈ? કુંભાર ઘડાનો કર્તા નથી એમ કહે છે. એય..! શોભાલાલજી! આ રોટલીના કર્તા બૈરા નથી એમ કહે છે. શું? એ બીડી વાળે છે ને? આમ આમ થાય ને આમ ભુંગળા, એની કર્તા આંગળી નથી એમ કહે છે. બીડી આમ વાળે છે ને એ વાળનાર બીડીનો કર્તા નથી એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ ચીજ છે, ભાઈ માણેકચંદજી! આહાહા..!

આત્મા એ પુણ્ય-પાપના ભાવ, વ્યવહારરત્નત્રયનો રાગ અને શરીરની પર્યાય એ બધા પુદ્ગલપરિણામ. એને જે આત્મા પુદ્ગલપરિણામને-પુદ્ગલપરિણામ શબ્દે વિકારી પરિણામ અને શરીરની અવસ્થા. **'પુદ્ગલ પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ-ઘડો અને કુંભારની પેઠે **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** કુંભાર વ્યાપક નામ પ્રસરીને ઘડાનું કાર્ય કર્યું એનો અભાવ છે. કુંભારે ઘડાનું કાર્ય કર્યું એનો અભાવ છે. કુંભાર કરનાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય કામ એ બે વચ્ચે અભાવ છે. કર્તા કર્મનો અભાવ છે. સમજાણું કાંઈ? **'આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી.'** જેમ ઘડાનું કામ કુંભાર નથી કરતો, એમ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના ભાવ અને શરીરની અવસ્થાને આત્મા વ્યાપક અને એ વ્યાપ્ય એમ કર્તાકર્મપણું નથી.

ભારે વાત, ભાઈ! આહાહા..! અહીંયાં તો રાગમાંથી પણ સુખબુદ્ધિ ઊડી ગઈ. સમજાણું કાંઈ? એ દુઃખ કહ્યું હતું ને? દુઃખ અને આત્મા સુખ એમ કહ્યું હતું ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો રાગ જે ઉત્પન્ન થાય છે એ દુઃખ અને ભગવાન આત્મા આનંદરૂપ. આનંદરૂપની જ્યાં અંતરદૃષ્ટિ થઈ તો રાગમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ. રાગમાં એટલે વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં સુખબુદ્ધિ ઊડી ગઈ. એમાં સુખ નથી તો એને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? તો એ પુદ્‌ગલ પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી અથવા કુંભારે પ્રસરીને ઘડો કર્યો એમ થતું નથી. એમ ભગવાન આત્મા પ્રસરીને વિકારનું કાર્ય કર્યું એવા વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. અભાવને કારણે આત્મા કર્તા અને વિકારી પર્યાય કામ એમ હોતું નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવી વાત કોના ઘરની! આહાહા..!

કહે છે કે પ્રભુ! અહીં તો દ્રવ્ય સ્વભાવનું ભાન થયું ને? વસ્તુનો સ્વભાવ અપરિમિત ચૈતન્યનું ભાન (થયું), આનંદસ્વરૂપ (છે) એવી દૃષ્ટિ થઈ, ત્યાં દુઃખરૂપ પરિણામ આત્માના નહિ. તો દુઃખરૂપ પરિણામ, પુણ્ય-પાપના ભાવ અને આત્મા બે વચ્ચે કુંભાર અને ઘડાની જેમ વ્યાપ્યવ્યાપકનો સંબંધ નથી. એટલે કે કર્તા કર્મ સંબંધ નથી. એમ ભગવાન આત્મામાં અને પુણ્ય-પાપના પરિણામમાં કર્તા-કર્મ સંબંધ નથી. કેમકે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી માટે. સમજાણું કાંઈ?

**'આત્માને અને પુદ્‌ગલ પરિણામને...'** ગજબ વાત છે ને! **'ઘટ અને કુંભારની જેમ...'** ઘડો અને કુંભાર બે વચ્ચે કુંભારે પ્રસરીને, વિસ્તાર પામીને ઘડો બનાવ્યો એમ છે નહિ. એ માટીએ પ્રસરીને ઘડો બનાવ્યો છે. કુંભારે પ્રસરીને ઘડો બનાવ્યો નથી. તો માટી ઘડાની કર્તા છે. પણ કુંભાર ઘડાનો કર્તા નથી. એમ ભગવાન આત્મા... કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલ વિકાર અને આ શરીરાદિની દશા એ પુદ્‌ગલ પરિણામ એનો કર્તા અને પુદ્‌ગલ પરિણામ કાર્ય, પણ આત્મા અને પુદ્‌ગલ પરિણામ વચ્ચે, ઘટ અને કુંભારની જેમ એકબીજામાં વ્યાપ્યવ્યાપકનો અભાવ થવાથી કર્તાકર્મનો અભાવ છે. સમજાણું કાંઈ? આ બધા વેપાર કરે એ કેટલી હોંશિયારથી કરે. .. દુકાને જુઓ બે જણા આવ્યા છે કે નહિ? ચીમનભાઈ અને એક આ. હલવે છે ને ત્યાં દુકાન મોટી મોટી. આ કહે છે કે એ દુકાનના પરિણામ અને દુકાનની હાલતનો કર્તા આત્મા નથી એમ કહે છે આ. એય..! ધનજીભાઈ! આ ઘીના ડબ્બા આત્મા ફેરવતો નથી એમ કહે છે. ઘીના ડબ્બા ફેરવે અને ઘી વેચે એ આત્મા કરતો નથી એમ કહે છે.

અજ્ઞાની જેની રાગ ઉપર દૃષ્ટિ છે, પુણ્ય-પાપ ઉપર દૃષ્ટિ છે એ અજ્ઞાની સ્વભાવના અભાનમાં વિકારનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? પણ પરનો કર્તા તો થતો નથી. હવે જ્યારે રાગથી ભિન્ન આત્મા છે એવું ભાન થયું, દૃષ્ટિ રાગ ઉપર હતી, પર્યાય ઉપર હતી, વિકલ્પ ઉપર હતી, ત્યાં પ્રસરતી હતી, તો ત્યાં તો રાગ અને પુણ્ય-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપ, દયા-દાનનો કર્તા આત્મા અજ્ઞાનભાવે એ ક્ષણે હોં! અજ્ઞાનભાવે કર્તા અને કર્મ સંબંધ હતો. એ સમયમાં. એની રુચિ ખસી ગઈ, સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો આત્મામાં, જેમ ઘડા અને કુંભાર બે વચ્ચે કર્તા-કર્મપણું કાર્ય-કારણપણું છે નહિ. એમ ભગવાન આત્મા કરનાર અને વિકારી વ્યવહારરત્નત્રયના પરિણામ કાર્ય, બે વચ્ચે સંબંધ છે નહિ. કહો, નેમીદાસભાઈ! શું સાચું? આ બધા હુશિયાર થઈને અત્યાર સુધી કર્યું હતું ને બધું? એ બધા હુશિયાર કહેવાતા, સંસારના કીડા. કહો, સમજાણું? આહાહા..! એ વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે દ્રવ્યનો સ્વભાવ જોયો, એના કથનનો માર્ગ અને એના અનુભવનો માર્ગ કોઈ જુદો છે. આહાહા..! દુનિયાને સાંભળવા મળે નહિ, સમજણમાં લે નહિ તો ભિન્ન પાડવાનો પ્રયોગ ક્યારે કરે? સમજાણું કાંઈ? જ્યાં ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન. મોહનભાઈ! આહાહા..! આ વાણી...

મુમુક્ષુ :- ઘડામાં વ્યાપક કોણ?

ઉત્તર :- વ્યાપક પુદ્‌ગલ. આત્મા નહિ. પુદ્‌ગલનું વ્યાપ્ય પુદ્‌ગલ. એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે, આત્માનું નહિ. જેમ પુદ્‌ગલ આત્માથી ભિન્ન, એમ પુદ્‌ગલના નિમિત્તે થયેલા આસ્રવ પરિણામ અચેતન આત્માથી ભિન્ન. પરમાણુ જેમ અચેતન, એમ વિકલ્પ રાગ એમાં ચૈતન્યના પ્રકાશનો અંશનો અભાવ છે એ કારણે અચેતન-જડ. માટે જડના પરિણામને વ્યાપક પુદ્‌ગલ કહીને આત્મા એમાં વ્યાપક નથી (એમ કહ્યું).

અહીં તો આસ્રવ અને અજીવથી ભિન્ન પદાર્થની વાત છે કે નહિ? સમજાણું કાંઈ? જે આત્મા પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એની ઉપર દૃષ્ટિ છે, ત્યારે તો દ્રવ્ય સ્વભાવ અનાદિઅનંત શું છે એની ખબર નથી. ત્યાં સુધી તો એ વિકલ્પનો રચનાર અને એ મારું રચેલું કામ એમ માનતો હતો. એ બરાબર છે અજ્ઞાનભાવમાં. અજ્ઞાનભાવમાં. સમજાણું કાંઈ? પણ જ્યારે વિકારની પર્યાય કૃત્રિમ, ક્ષણિક, દુઃખદાયક, અસ્થિર, અનિત્ય, અશરણ, અચેતન અને ત્રિકાળ સ્વભાવ ચેતનમૂર્તિ જ્ઞાયકસ્વભાવ ધ્રુવ, એમ વિકારથી અવિકાર ભિન્ન થયો એવા ભેદજ્ઞાનમાં આત્મા દ્રવ્ય કર્તા અને અવિકારી પરિણામ-એ વિકારી પરિણામ થયા એને જાણવારૂપ આત્માનું કાર્ય છે. પણ વિકારી પરિણામ એનું કાર્ય ત્રણકાળમાં નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! જૈન પરમેશ્વર જૈન વસ્તુ શું કહે છે એ કદી સાંભળવા મળે નહિ, ખબર નહિ અને પછી થઈ ગયો ધર્મ. રાજારામજી! આહાહા..! ક્યાં ગયા રામસ્વરૂપજી? આ બેઠા. આહાહા..!

વસ્તુ એવી છે. પહેલા એની શ્રદ્ધામાં પાક્કી મજબૂત દૃઢ શ્રદ્ધા થવી જોઈએ કે રાગ અને આત્મા ત્રણે કાળે ભિન્ન છે. કર્મ અજીવ અને ભગવાન આત્મા તો ભિન્ન જ છે. કેમ કે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયનો અભાવ છે. પણ પોતાની પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કૃત્રિમ ક્ષણિક (વિભાવ) છે એનો ત્રિકાળી સ્વભાવમાં અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ?

ત્રિકાળી ચૈતન્ય જ્ઞાયક અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ થઈ (તો) રાગ રહી ગયો પર. અહીંયાં સ્વભાવનું વ્યાપ્ય નથી. દ્રવ્ય સ્વભાવનું રાગ વ્યાપ્ય નથી. દ્રવ્ય સ્વભાવનું વ્યાપ્ય કાર્ય તો જે રાગ થયો, દયા-દાનના પરિણામ થયા, એ સમયે દેહની ક્રિયા આમ આમ થઈ, એ પરિણામને જાણવું એ આત્માનું વ્યાપ્ય નામ કાર્ય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! ...ભાઈ! હમણાં બે દિવસ આવશે. પછી હમણાં રોકાઈ જશે ત્યાં. રજા છે તો શું કરે. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ તારી લીલા. હવે અન્યમતી લીલાની વાત કરે છે. 'કોઈ કહે લીલા રે લીલા અલખ તણી...' એ લીલા નહિ, પ્રભુ! તારી લીલા છે. તારી લીલા વર્તમાન વિકૃતભાવને દેખીને કર્તા થાય એ તારા અજ્ઞાનની લીલા છે. અને રાગથી ભિન્ન પડીને તારી ચૈતન્ય લીલા... ઓહોહો..! જ્ઞાયક સ્વભાવ અંતર્મુખ દૃષ્ટિ થઈ, બહિર્મુખના વિકલ્પથી અંતર્મુખના પરિણમનમાં એનો અભાવ થયો, દૃષ્ટિમાં જ્ઞાતા આત્મા આવ્યો, તે જ સમયે વિકાર પોતાનું વ્યાપ્ય અથવા કાર્ય અથવા કામ અને આત્મા કરનાર એમ રહેતું નથી. આ તો વ્યાખ્યાન પણ બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે, નહિ? માણેકચંદજી!

**'અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી,...'** સમજાણું કાંઈ? એ સુધી આવ્યું જુઓ અંદર છે? **'પરમાર્થે કરતો નથી,...' 'પુદ્ગલ પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** આત્મ દ્રવ્ય અને વિકારી પર્યાય એની તેનો અભાવ છે. **'પુદ્ગલ પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી.'** વ્યાપક નામ દ્રવ્ય અને વ્યાપ્ય નામ અવસ્થા. એ દ્રવ્યની અવસ્થા એનો અભાવ છે. વિકારી પરિણામ દ્રવ્યની અવસ્થા એનો અભાવ છે. એય..! શેઠી! શેઠી આવ્યા હતા બપોરે તો હો-હા, હો-હા બહુ થઈ હતી. બધું ઠીક છે. આ સમજ્યા વિના બધું હો-હા છે. લોકો તો બહારથી...

મુમુક્ષુ :- એ પ્રચાર...

ઉત્તર :- પ્રચારની વ્યાખ્યા શું? કીધું. પ્રચારની વ્યાખ્યા શું? સમજાણું કાંઈ? પ્રચાર તો અંતરમાં રાગથી રહિત અનુભૂતિ થાય એ આત્માનો પ્રચાર છે. આહાહા..! અરે..! ભગવાન ભાઈ! કહો, ભીખાભાઈ! શું કહેવું છે આમાં?

મુમુક્ષુ :- શું કહે સાહેબ! આપ કહો તે સત્ય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- પણ આ બધું ઊડી જાય છે. આહાહા..!

ભાઈ! પ્રભુ! તારી પ્રભુતા તો જો! તારી પ્રભુતા ચૈતન્ય અને આનંદની છે. તારી પ્રભુતા રાગથી-વિકલ્પથી નથી. આહાહા..! એવી પોતાની ચૈતન્ય પ્રભુતા, પામરતા વિકલ્પથી ભિન્ન પડીને પોતાની નિધિને નિહાળી તો પોતામાં રાગ છે નહિ. તો (રાગ) દ્રવ્યની પર્યાય છે, આત્મા દ્રવ્ય અને વિકારી આત્માની પર્યાય છે એવો ભાવ નથી. વ્યાપક નામ દ્રવ્ય અને વ્યાપ્ય નામ અવસ્થા. તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આત્માની પર્યાય છે તો એવો આત્મા છે નહિ. અર્થાત્ વ્યાપક આત્મા અને વિકારી વ્યાપ્ય એમ છે નહિ. અથવા કર્તા આત્મા અને વિકારી પર્યાય કાર્ય એમ છે નહિ. પરિણામ-પરિણામી વચ્ચે કર્તા કર્મ હોય છે. એ પરિણામ પોતાના નથી માટે કાર્ય પોતાનું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમાર્થે કરતો નથી,...**' ત્યારે છે શું? સમજાણું કાંઈ? '**પરંતુ (માત્ર) પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને...**' લ્યો! પુદ્‌ગલ પરિણામ નામ વ્યવહારરત્નત્રયના શુભરાગરૂપ આસ્રવ એ પુદ્‌ગલ પરિણામ. શરીરની અવસ્થા આમ ચાલે એ પુદ્‌ગલ પરિણામ. આહાહા..! .. એકે તો મશ્કરી કરી છે કે કાનજીસ્વામી કહે છે કે નિયતને જુઓ, એમાં અનંત પુરુષાર્થ છે. અરે ભગવાન! તું સમજ્યો નથી. અજીતકુમારે લખ્યું છે. એ કહે છે કે અનંત પુરુષાર્થ છે. ભાઈ! નહિ કરવામાં, નિયતિને જોવામાં અનંત પુરુષાર્થ છે. નિયતિને જોવાનું કોણ કહે છે? સાંભળ તો ખરો. નિયતિ તો પર્યાય છે. પર્યાયમાંથી દ્રવ્યને જો. ત્યારે નિયતિનો-પર્યાય તે સમયે થઈ છે એનું યથાર્થ જ્ઞાન થશે. આહાહા..! ભારે ગડબડ. એવી સ્થિતિ પલટાવી દીધી છે ને. આખું જૈનદર્શન સર્વજ્ઞ તત્ત્વ શું છે એમાં ફેરફાર ફેરફાર થઈ ગયો. આ તો વસ્તુસ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પોતાના ઘરમાં આવ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જે પુણ્ય-પાપના પરિણામમાં રખડતો હતો, પરઘરમાં રખડતો હતો. ભાઈ! માણેકચંદજી! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એ પરઘર છે. પોતાની નિજપરિણતિ, નિજસ્વભાવ નથી. એ શુભાશુભ રાગમાં રુચિ કરીને રખડતો-રઝળતો હતો ત્યાં સુધી તો વિકારી જ એનો અજ્ઞાનભાવે કર્તા અને કાર્ય એમ સંબંધ અજ્ઞાની માનતો હતો. સમજાણું કાંઈ? પણ એ પુણ્ય-પાપનો વિકલ્પ મારા ઘરની ચીજ નથી. એ તો આગંતુક વિકારીભાવ પરના લક્ષે ઉત્પન્ન થનારો દુઃખરૂપ ભાવ છે. એવા દુઃખરૂપ ભાવથી (ભિન્ન) પોતાનો આત્મા આનંદમૂર્તિ છે એવા દુઃખથી મુક્ત થઈને પર્યાય અંતર્મુખ કરી તો દુઃખના પરિણામની અવસ્થા, પુદ્‌ગલની અવસ્થા, પુદ્‌ગલ અવસ્થાયી અને પુદ્‌ગલ અવસ્થા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા અવસ્થાયી અને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અવસ્થા એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! આવો જૈનધર્મ હશે? જૈનધર્મ તો છકાયની દયાઓ પાળવી. આ તો હમણાં આવ્યું છે ભાઈ! જૈન સંદેશમાં કહે છે, દયા એ પરની દયા એ શુભરાગ છે. પાછા બચાવ કરીને લખવું છે, જૂઠી વાત છે તારી. દયા તો આત્માનો સ્વભાવ છે, કરુણા તો આત્માનો સ્વભાવ છે એમ ધવલમાં લખ્યું છે. અરે..! ભગવાન સાંભળ તો ખરો પ્રભુ! એ તો અકષાય પરિણામ આત્માનો સ્વભાવ એ કરુણા છે. પરની કરુણામાં તો વિકલ્પ આવે છે. એ તો રાગ છે. અરે..! પ્રભુ! અહીં તો એને દુઃખના પરિણામ કહે છે. આહાહા..! બહુ ફેર પણ બહુ ફેર. ઉગમણો-આથમણો ફેર. ઉગમણો-આથમણાને શું કહે છે? પૂર્વ-પશ્ચિમ કહે છે ને પંડિતજી! પૂર્વ-પશ્ચિમ કહે છે ને તમારે? અમારે અહીં ઉગમણો-આથમણો કહે છે. પૂર્વ-પશ્ચિમ. આહાહા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારા ઘરની વાત. તારા ઘરમાં તો આનંદ અને શાંતિ પડી છે. એ વિકાર અને દુઃખ તારા ઘરમાં નથી. સમજાણું કાંઈ? એવા વિકારથી મારી ચીજ ભિન્ન છે એવું સમ્યગ્દર્શન થયું, વિકારથી મારી ચીજ ભિન્ન છે એવું સમ્યગ્જ્ઞાન થયું, ત્યારે એ વિકારી પરિણામ અને આત્મા બે વચ્ચે પરિણામ-પરિણામીનો સંબંધ રહ્યો નહિ. પરિણામી, પરિણમનારો હું અને વિકારી મારી પર્યાય એમ રહ્યું નહિ. અમરચંદભાઈ! આહાહા..! ત્યારે રહ્યું શું?

'**એ પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' જુઓ! કોઈ એમ કહે કે નિશ્ચયથી આ મોહ રાગ આદિ કર્મની પર્યાય એમ કહે તો અહીં ખોટું પડે છે, જુઓ! '**પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' હજી પાછી ખુબી છે આ લીટીમાં. શું કહે છે? આ પહેલી લીટી છે ને? '**નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એય..! દેવાનુપ્રિયા! આ કર્મના પરિણામ આ કહ્યું હતું ને હમણાં તમારા પ્રેમચદંભાઈએ. એ કર્મના પરિણામ હોય તો? એ કર્મના પરિણામ એ તો આત્માના રાગાદિ પરિણામ. એમ છે નહિ. જુઓ! અહીં આવ્યું. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! સમજાણું કે નહિ? રાગ અને શરીરની અવસ્થા આમ થઈ, એના જ્ઞાનને, એનું જ્ઞાન. '**પુદ્ગલ પરિણામના જ્ઞાનને...**' પુદ્ગલ પરિણામ શબ્દે વિકારી પરિણામ અને શરીરની અવસ્થા એ બધા પુદ્ગલના પરિણામ. એના જ્ઞાનને. પણ એ જ્ઞાનને પણ '**(આત્માના) કર્મપણે કરતા એવા...**' પોતાના આત્માનું એ કાર્ય છે. ક્યુ કાર્ય? એ રાગ અને દેહની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થા થાય છે એનું જ્ઞાન કર્યું. એનું કામ નથી કર્યું. સમજાણું કાંઈ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ભાઈ! આવ્યું ને બારમી ગાથામાં? એ અહીં લાવીને મૂક્યું પાછું. એવી કોઈ કથની સંતોની વસ્તુને સિદ્ધ કરવાની. ૧૧મી ગાથામાં કહે છે '**ववहारोऽभूदत्थो**' નિશ્ચયદૃષ્ટિ એ યથાર્થ વસ્તુ સત્ય છે. વ્યવહાર છે કે નહિ? છે. રાગાદિની મંદતા આદિ છે. જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન.

અહીં એ કહે છે. આત્મામાં જે રાગાદિ ઉત્પન્ન થયા એ આત્માની અવસ્થા જ નથી. કેમ કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો દ્રવ્યનું પરિણમન તો રાગ થયો એને જાણનાર આત્માના પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને પુસ્તક છે કે નહિ સામે? આ બધા મેળવશે અહીંથી જાશે બધા એટલે. દિવાળી ઉપરના ચોપડા બધા. આ શોભાલાલજી ને.. બાર મહિનામાં કેટલા પૈસા પેદા થયા? દસ લાખ થયા, ફલાણા થયા, ધૂળ લાખ થયા ને એ બધું મેળવશે. શેઠ! દિવાળી આવે ને દિવાળી?

મુમુક્ષુ :- તરવરતું હોય.

ઉત્તર :- તરવરતું હોય. એને ખબર પણ હોય બધી. એ બેય ભાઈઓને ખબર હોય. પણ આ તો તોય મેળવે. કેટલો આંકડો થયો. લાવ ભાઈ, કાનપુરથી કેટલું આવ્યું, ઢીકણેથી કેટલું આવ્યું, ફલાણેથી કેટલું આવ્યું. સરવાળો કેટલો આવ્યો હવે? આટલા લાખ હતા એમાંથી પાંચ લાખ વધ્યા કે ચાર લાખ વધ્યા કે દસ લાખ વધ્યા? ધૂળમાંય હવે વધે તો...

અહીં તો કહે છે... આહાહા..! ભગવાન! તારી સંપદામાં તો રાગને જાણવો એ તારી સંપદા છે. આહાહા..! વિકાર તો તારી સંપદા નહિ, શરીર તો તારું નહિ, લક્ષ્મી ધૂળ તો તારી નહિ. આહાહા..! કહે છે, આત્મા વસ્તુ એ ચૈતન્ય જ્યોત અને પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન થયો, જેવી ચીજ છે એવી દૃષ્ટિ, ભાન, અનુભવ થયો તો રાગના પરિણામ એ તો પુદ્‌ગલના પરિણામ રહ્યા. કેમ? કે દ્રવ્ય સ્વભાવમાં એ રાગની ઉત્પત્તિનો કોઈ ગુણ નથી. ગુણ નથી તો દ્રવ્યમાં એ છે નહિ. તો દ્રવ્યમાંથી વિકારી પરિણામ ઉત્પન્ન થાય છે, દ્રવ્ય વિકારની ખાણ એમ છે નહિ. એ તો વિકલ્પ કર્મની ખાણ નામ પરનું લક્ષ થતું હતું, એ વિકાર પરિણામ એનું છે. આત્મા ચૈતન્યની ખાણ છે તો આત્મા પરનો કર્તા અને પરનું કાર્ય એમ છે નહિ. છે શું?

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે...**' એ રાગ થયો, વિકલ્પ થયો, એનું જ્ઞાન કર્યું એ આત્માનું કાર્ય થયું. એ આત્માનું કાર્ય થયું. ફરીને. આપણે અહીં કાંઈ ઉતાવળથી કામ નથી લેતા. ધીમે... ધીમે... ધીમે... કામ છે. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત છે, ચૈતન્યસૂર્ય. રાગથી પૃથક્ થઈને સમ્યક્ ધર્મદશા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ. ધર્મદશા થઈ. તો ધર્મદશામાં આત્માના પરિણામ જે છે એ કયા પરિણામ ધર્મદશામાં? કે એ રાગ થયો, વિકલ્પ થયો, શરીરની અવસ્થા થઈ, એનું જ્ઞાન એ એના ધર્મ પરિણામ-જ્ઞાન પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો થોડો થોડો વિચાર કરેને. એને વિચાર કરવાનો થોડો વખત રહે.

આ ભગવાન આત્મા ચૈતન્યના પ્રવાહનું પૂર છે. એ ચૈતન્યનું પૂર છે. વિકાર કોઈ ચૈતન્યનું પૂર નથી. વિકાર તો અચેતન ક્ષણિક વિકૃત દશા છે. સમજાણું કાંઈ? આ શરીર-બરીર તો બહાર ધૂળ રહી ગઈ ક્યાંય. કર્મ-બર્મને કોણ બાંધે? આહાહા..! શેઠી! આ જયપુરમાં ઝીણું પડશે. આ વાત તો શાંતિથી, નિવૃત્તિથી સમજવાની ચીજ છે. આ કોઈ બહારથી ધમાધમ થાય ને આ થાય (એમ છે નહિ). સમજાણું કાંઈ? ધર્મના નામે ધમાધમ ચાલી. સમજ્યાને? ધમાધમ ચલે ત્યારે કહે ઓહોહો..! ભારે ધર્મ કર્યો. અમરચંદભાઈ!

ભગવાન! તારો સ્વભાવ રાગથી, નિમિત્તથી ખસીને સ્વભાવની દૃષ્ટિ કરવાથી જે દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં આવ્યો એ દ્રવ્યસ્વભાવનું પરિણમન તો જ્ઞાન પરિણામ, શ્રદ્ધા પરિણામ, શાંતિ પરિણામ, આનંદ પરિણામ. અહીં જ્ઞાનની પ્રધાનતાથી કેમ લીધું? સ્વપરપ્રકાશક જ્ઞાન એ કારણે લીધું છે. રાગ જે આવ્યો, દયા, દાનનો વિકલ્પ, ભક્તિ-પૂજા આદિની પ્રવૃત્તિ કે રાગ અને એ સમયે શરીરની પ્રવૃત્તિ. ભક્તિમાં શુભરાગ આવ્યો અને તે સમયે સ્વાહા (બોલાણું) એ વાણીની પર્યાય, શરીરની પર્યાય. એનું જ્ઞાન થયું. કેમ કે એના ઉપર દૃષ્ટિ નથી. જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. તો રાગ અને દેહના પરિણામ, એના જે જ્ઞાનરૂપી પરિણામ એ આત્માનું કાર્ય થયું. સમજાણું કાંઈ?

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...'** ભગવાન આત્મા પોતાના સ્વસન્મુખનું, ચૈતન્ય સ્વભાવનું ભાન થતાં ધર્મ દૃષ્ટિ પ્રગટ થઈ. વસ્તુ સહાવો ધમ્મો. વસ્તુ ભગવાન જ્ઞાન ચૈતન્ય જ્યોત છે, આનંદની ખાણ આત્મા છે એમ ધર્મીને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું. તો ભેદજ્ઞાનના કાળમાં જે રાગાદિ વ્યવહાર વિકલ્પ ઉઠે છે તેને જાણવા(રૂપ) એવા પોતાના પરિણામ તે આત્માનું કર્મ છે, એ આત્માનું કાર્ય છે, એ આત્માની પર્યાય છે, એ આત્માની અવસ્થા છે. સમજાણું કે નહિ? ભારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુનો જાણવું એવો સ્વભાવ છે કે નહિ? એમાં ક્યાં રાગ સ્વભાવ છે? જાણન સ્વભાવ આત્માનો. એ પુદ્ગલ અને રાગને જાણવો એ આત્માના પરિણામ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આત્માનું કર્મ. કર્મ નામ દશા, દશા નામ કાર્ય. છે કે નહિ અંદર? જુઓને! પાનામાં લખ્યું છે. આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આહાહા..!

ખુબી શું છે હજી? કે '**પુદ્ગલ પરિણામના જ્ઞાનને...**' એ તો ઠીક '**કર્મપણે કરતા એવા...**' એ તો ઠીક. '**પોતાના આત્માને જાણે છે,...**' અહીંયાં શબ્દ પડ્યો છે, ભાઈ! રાગને જાણે છે એમ નહિ. રાગને જાણવું એ તો પોતાના આત્માને જાણતો થકો એમાં રાગનું જ્ઞાન થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણનાર એ સ્વપ્રકાશ...

ઉત્તર :- સ્વપ્રકાશ, પોતાના સ્વપરપ્રકાશમાં જાણતો, આત્માને જાણતો. પોતાના આત્માને (જાણતો). શું કહે છે? જુઓ! પુણ્ય-પાપના ભાવ... અહીં તો ખરેખર તો શુભમાં જ અટક્યો છે અનાદિથી. એ શુભરાગ છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાની પ્રવૃત્તિ, એ પરિણામ પુદ્ગલના છે. ભગવાન ચૈતન્યના નિધાનની ખાણમાં છે જ નહિ.

મુમુક્ષુ :- .. માને છે.

ઉત્તર :- માને છે, માન્યું છે અને પ્રરૂપે છે એમ. બિલકુલ વિપરીત દૃષ્ટિ અને કથન વિપરીત. દર્શનભેદની કથા-સમકિતનો નાશ કરનારી કથા. આહાહા..! આ સમકિતની કથા છે આ. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા એ ચૈતન્ય સ્વરૂપ અનંતી અનંતી સિદ્ધ અને કેવળજ્ઞાનની પર્યાય જેમાં પડી છે, એવો સ્વભાવનો સાગર (એનું) માપ નથી. ક્ષેત્રથી ભલે મપાય. પણ અંતરની જ્ઞાન આદિ ગંભીરતા ગંભીરતા, એની ઊંડાઈ. ઊંડાઈ કહે છે હિન્દીમાં? ગહરાઈ. સ્વભાવની ઊંડાઈ, સ્વભાવની શક્તિનું ઊંડાણ. અનંત અમાપ સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ, રાગ પરિમિત એક સમયની અચેતન કૃત્રિમ રચના. એનાથી ભિન્ન થયો તો ધર્મી જીવ-સમ્યગ્દૃષ્ટિ જીવ-ભેદજ્ઞાની જીવ, એ રાગ અને શરીરની અવસ્થા થઈ, એનું જ્ઞાન, એનું કર્મ થતું પોતાના આત્માને જાણે છે. પાછું એમ. જુઓ! ભાષા સમજ્યા? રાગને જાણે છે એમ લક્ષ નથી. એ તો પોતાને જાણવામાં જ્ઞાનના પરિણામ, જેવો રાગ છે એવા પરિણામ ઉત્પન્ન (થઈને) પોતાને એમ જાણવામાં આવી જાય છે. શું કહે છે સમજાય છે? પોતાના જ્ઞાનસ્વરૂપને જાણે છે. એ જાણવામાંથી જે પરિણામ થયા એ પોતાને જાણે છે. પોતાને જાણવામાં સ્વનું જ્ઞાન પણ છે અને રાગનું જ્ઞાન પોતાને જાણવામાં એમાં આવી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણવામાં પણ પોતાને જાણે છે એ આત્માના જ્ઞાન પરિણામ કર્મ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયું એમ અહીં કહે છે. એ પરિણામ રાગને જાણે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો એ સંબંધી પોતાનું જ્ઞાન, પોતાનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન અર્થાત્ આત્મ વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્યની જ્યાં દૃષ્ટિ થઈ, તો પોતાના પરિણામમાં જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પોતાને જાણતા થકા થયા, એમાં જ્ઞાન પરિણામ થયા. એ રાગનું જ્ઞાન વ્યવહારે કહ્યું, એ જ્ઞાનનું કર્મ કર્તા થકા પોતાને જાણે છે. આહાહા..!

ફરીથી. આમાં કંઈ પુનરુક્તિ નથી લાગતી. આહાહા..! અહીં તો કહે છે, ભગવાન! જેનાથી જુદો પડ્યો એને એક કેમ જાણે? તો જુદો કેમ પડ્યો? સવારે શાંતિભાઈએ દાખલો આપ્યો હતો. છોકરો એક એવો નીકળે એને જુદો પાડી દે. પછી છોકરો મારો કહે એને? છોકરો હોય ને છોકરો? એય..! અપુત્ર જેવા અંગારા જાગ્યા હોય, ... પછી મારો છોકરો છે એમ જોવે છે? એમ પોતાના વિકારી પરિણામ પ્રજા તો છે એની પર્યાય. પ્રજા સમજાણું? પણ એ વિકારી પર્યાય પોતાના શાંતકુળને નાશ કરનારી છે. કાઢી નાખ, જુદી કરી નાખ. અપુત્ર. ખરેખર તારી પર્યાય નથી. મારી પર્યાય એમ પણ કહે, હોં! ભાઈ! કહે છે. મારો દીકરો જ નથી. મારો દીકરો આવો હોય નહિ, એમ કહે. શાંતિભાઈએ સવારમાં દાખલો આપ્યો હતો રસ્તામાં. રાજકોટવાળા શાંતિભાઈ. સમજાણું કાંઈ? મારા પેટનો જ નથી એમ કહે. કહે છે કે નહિ? એય..! નેમિદાસભાઈ! મારો દીકરો જ નહિ. આહાહા..! દીકરો જ નહિ. બીજી ભાષાએ પણ કહે છે લોકો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા રાગથી ભિન્ન પડ્યો તો રાગ મારી પ્રજા નથી. મારી પ્રજા આવી ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યક્ ભેદજ્ઞાનમાં રાગ થયો એ મારી પ્રજા નથી. એ રાગને હું જાણું, પોતાને જાણતો થકો એને જાણું, એવા મારા પરિણામ એ મારું કાર્ય છે, એ મારી પ્રજા છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**’ આહાહા..! ટીકા તે પણ ટીકા! ગજબ! આહાહા..! આવી તે ટીકા. આખી વસ્તુ આમ દોહન કરીને કાઢી છે. માખણ કાઢ્યું છે અંદરથી. ભાઈ! વર્તમાન, તારું વર્તમાન ત્રિકાળી દ્રવ્ય વસ્તુ એવી દૃષ્ટિ થઈ તો તારું વર્તમાન, તારું વર્તમાન શું? કે તારું વર્તમાન, જેવો રાગ ઉત્પન્ન થાય છે એ જ સમયે એવું પોતાને જાણતું જ્ઞાનનું કાર્ય સ્વપરપ્રકાશને પોતાને જાણતું એવું ઉત્પન્ન થયું છે. એ તારી પ્રજા, એ તારી પર્યાય, એ તારું કાર્ય, એનો તું કર્તા. એ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભેદથી ઉપચારથી. સમજાણું કાંઈ? આહાહા..! પરથી ભિન્ન બતાવવું છે. જ્ઞાન પરિણામ કર્મ અને આત્મા કર્તા એ પણ બે થઈ ગયા. એટલે ઉપચાર થયો. એ તો એવું પરિણમન થયું એમ કહે છે. શું કહે છે? જુઓ!

'**પુદ્‌ગલપરિણામ...**' અર્થાત્ પુણ્ય-પાપના ભાવ. ખુબી તો શું છે? કે જેવો રાગ મંદ-તીવ્ર આદિ દયા-દાન, ભક્તિ આદિનો જેવા પ્રકારનો ઉત્પન્ન થાય, જેવા પ્રકારનો અંદર શુભભાવના અસંખ્ય પ્રકારમાં જેવો પણ હોય, એ પ્રકારનું જ જ્ઞાન એક સમયમાં, રાગનો સમય અને જ્ઞાનનો એ જ સમયમાં પોતાને જાણતું થકું. જુઓ! '**(આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' પોતાના જ્ઞાનને જાણતો થકો એ પરિણામ એવું જ ઉત્પન્ન થાય છે. ઓહોહો..! જ્ઞાનને ખબર છે કે રાગ આવો આવ્યો માટે...? એ વસ્તુનું સ્વરૂપ એવું છે.

ફરીથી. ભગવાન આત્મા '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતો એવા પોતાના આત્માને જાણે છે,...**' સ્વસ્વભાવ તરફની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વલણ સ્વસ્વભાવ સન્મુખ છે. એમાં સ્વસ્વભાવમાં પોતાને જાણતું, જે પ્રકારનો રાગ વ્યવહાર વિકલ્પની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે તે સંબંધી પોતા સંબંધી, પોતા સંબંધી એ સંબંધી એમ પોતાને જાણતા થકા એવા પરિણામ સહજ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જે પ્રકારના દયાના પરિણામ આવ્યા હોય તો એને જાણતો, સ્વને જાણતા એને જાણતા પરિણામ પોતાનું કાર્ય થાય છે. બહુ ઝીણું. રાગને જાણવો એ તો વ્યવહાર થઈ ગયો, ભાઈ! શું કહ્યું?

મુમુક્ષુ :- રાગને જાણવો એ વ્યવહાર થઈ ગયો?

ઉત્તર :- વ્યવહાર થઈ ગયો.

મુમુક્ષુ :- જ્ઞાનને જાણ્યું.

ઉત્તર :- એમ કહે છે. રાગને જાણે તો ઓલું પરદ્રવ્ય થઈ ગયું. એ તો પુદ્‌ગલ પરિણામ પર છે. પરને જાણવું તો વ્યવહાર થયો. શેઠ! આ તો અલૌકિક વાત છે. આવું કદી સાંભળ્યું નથી ૬૮ વર્ષમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. આવ્યા તો ઠેકાણે પડ્યા હવે. આહાહા..! આ વાત સમજવા મળવી કઠણ થઈ ગઈ છે. બહારના ઝઘડા આડે.

અહીં તો કહે છે, સાંભળ તો ખરો એકવાર. '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' આહાહા..! વ્યવહારી રાગના જ્ઞાનને પોતાનું કર્મ-કાર્યરૂપ કરતો થકો, કાર્યરૂપ કરતો થકો, પરિણમતો થકો. એમ. કાર્યરૂપ એટલે પરિણમતો થકો પોતાના આત્માને જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઉપચાર છે ને. ઉપચાર છે ને. અહીં તો પરથી ભિન્ન પાડવું છે એટલે નિશ્ચય કહ્યું. બાકી તો બે ભેદ.. હું ક્યાં બે છું? એ પરિણમન જ એવું થયું.

આત્મા સ્વભાવ મધ્યબિંદુ ધ્રુવની રુચિ અંતર થઈ તો પરિણમન એવું (થયું) કે જેવી રાગાદિ, શરીરની અવસ્થા થાય છે એ સંબંધી તે જ પ્રકારનું જ્ઞાન પોતાને જાણતું થકુ એ જ્ઞાનને પોતાના કાર્યરૂપે કરતો થકો, પોતાને જાણતું એવું જ્ઞાન પોતાનું કાર્ય થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત. ઝીણું... ઝીણું... ઝીણું.. ક્યાં સુધી કાંતી ગયા. વસ્તુ એવી છે. આહાહા..! પરનો પરમાર્થે કર્તા નથી. ઓલા કહે, નહિ. નિમિત્ત કર્તા અને પરમાર્થ કર્તા .. અરે..! ભગવાન એ તો નિમિત્ત કર્તા તો કથન નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાન નિમિત્તનું પોતામાં પોતાને કારણે થાય છે. ભાઈ લ્યો! રાગ નિમિત્ત છે, પર છે, પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી રાગ નિમિત્ત છે. એનું જ્ઞાન પોતાનું જ્ઞાન કરવાથી એમાં એવું જ પરિણમન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એય..! કાંતિભાઈ! સંચામાં બધું કેટલું કરે ઊંડું ઝીણું. આમાં કોણ જાણે કાંઈ ઝીણું કાંતે નહિ.

મુમુક્ષુ :- જાણનારને જાણ્યો નહિ.

ઉત્તર :- પણ જાણનારને જાણવામાં કેવી સ્થિતિ હોય એનું વર્ણન છે અહીં. આહાહા..!

**'પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** આ આત્મા પુણ્ય-પાપના પરિણામ અને દેહની અવસ્થાથી અત્યંત ભિન્ન છે. દેખો! **'અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. એનું વિશેષ આવશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૧૦, રવિવાર, તા. ૯-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૫, પ્રવચન-૧૫૨**

શું ચાલે છે? કર્તા-કર્મ અધિકાર ચાલે છે. કર્તા એટલે કરનાર અને કર્મ એટલે કરનારનું કામ. સમજાણું કાંઈ? ૭૫ ગાથામાં એમ આવે છે કે આ આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિ કામ-ક્રોધના જે પરિણામ થાય છે એ કર્મના પરિણામ છે. એ આત્માના પરિણામ નથી. સમજાય છે કાંઈ? અને આ શરીર ને વાણીની અવસ્થા થાય એ બધી નોકર્મની અવસ્થા છે. નોકર્મના પર્યાય આ હાલવું, ચાલવું, બોલવાની દશા એ નોકર્મની પર્યાય એટલે પરિણામ અને કર્મ રાગ-દ્વેષ, દયા-દાન, કામ-ક્રોધના પરિણામ શુભાશુભભાવ એ કર્મ પરિણામ. બેયને અહીંયાં પુદ્‌ગલ પરિણામ કહેવામાં આવ્યા છે. કહો, સમજાય છે કાંઈ? બેય પુદ્‌ગલ પરિણામ છે. આત્માના પરિણામ નથી. કઈ રીતે?

આત્મા જેમ અજીવ કર્મ, શરીરથી ભિન્ન છે, એમ એ પુણ્ય અને પાપના કૃત્રિમ, ક્ષણિક, વિકાર એનાથી આત્મા ભિન્ન છે. એમ જ્યાં ભિન્નનું ભાન થયું. ધર્મ દૃષ્ટિમાં સ્વભાવનું ભાન થયું. સમજાય છે કાંઈ? જેમ ભગવાન આત્મા શરીર આદિ, કર્મ આદિ અજીવ એનાથી જુદો છે. કેમ કે અજીવતત્ત્વ જુદું છે. એમ એક આસ્રવતત્ત્વ પણ જ્ઞાયક તત્ત્વથી જુદું છે. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ. એ પણ એક આસ્રવતત્ત્વ એટલે કે મલિન, ક્ષણિક તત્ત્વ છે. એ મલિન ક્ષણિક તત્ત્વ, જેમ અજીવતત્ત્વથી આત્મા જુદો છે, એમ એ ક્ષણિક, મલિન તત્ત્વથી આત્મા જુદો છે. સમજાય છે કાંઈ? એમ જ્યાં મલિન અને અજીવથી આત્મા જુદો છે એમ જ્યાં જ્ઞાન થયું, ભાન થયું તેને સમ્યગ્દૃષ્ટિ અને તેને ભેદજ્ઞાની જીવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એ ભેદજ્ઞાની જીવના પરિણામ.. અહીં કહે છે. જુઓ! અહીં સુધી આવ્યું છે.

'**(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :-)**' કૌંસમાં છે. મીઠાલાલજી! કાલ આવ્યું હતું. ૨૪ કલાક પહેલા. છે? કૌંસમાં છે? ઠીક. કાઢીને બતાવ્યું. બરાબર યાદ છે એમ કહે છે. જુઓ! એ વાત આવી ગઈ છે કે માટીને ઘટને, માટી પોતે વ્યાપક થઈને કર્તા છે અને ઘડો એ માટીનું કાર્ય છે. કેમ કે માટી પોતે વિસ્તાર પામીને તેના કાર્ય કાળમાં ઘટરૂપે થાય છે. તો માટી કર્તા અને ઘડો તેનું કામ. એમ પુણ્ય-પાપના ભાવ, રાગ-દ્વેષના ભાવ અને શરીરની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવસ્થા, એને કર્મ પોતે કર્તા અને એ કર્મના પરિણામ છે, આત્માના પરિણામ નહિ.

જેમ કુંભાર અને ઘટ એને કર્તા કર્મપણું નથી. એટલે કે કુંભાર કરનારો અને ઘટ-ઘડો એનું કાર્ય, એમ નથી. એમ આત્મા કરનારો અને વિકારી પરિણામ એ એનું કાર્ય એમ નથી. મગનભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં તો ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આત્મતત્ત્વ અનંતગુણ ગંભીર ભગવાન આત્મા, જે અપાર સ્વભાવસાગરનો દરિયો પ્રભુ છે. એમ અંતરમાં રાગ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં વસ્તુનું પરિણમન શરૂ થયું. તો વસ્તુ તો દ્રવ્ય અને શુદ્ધસ્વરૂપ છે. તો શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં શુદ્ધ સ્વરૂપના પરિણામ જે થયા-નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણામ (થયા), એ આત્માના પરિણામ અને એ આત્મા એનો કર્તા. ઘટ અને માટીની જેમ. સમજાણું કાંઈ? બહુ ઝીણું! ચીમનભાઈ! સંચાનું કામ તો આત્માનું નહિ એ તો ક્યાંય ગયું. એ નોકર્મમાં (ગયાં). અને એના પ્રત્યે રાગ થાય, દ્વેષ થાય એ પરલક્ષી (પરિણામ), વસ્તુ સ્વલક્ષીની દૃષ્ટિમાં એ પરિણામ સ્વલક્ષથી ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ? ભારે વાત!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ આનંદનો કંદ સાગર આત્મા. એવું જ્યાં અંતરમાં ભાન થયું એટલે કે સમ્યગ્જ્ઞાન થયું એટલે કે ધર્મની દૃષ્ટિમાં ધર્મી એવો ત્રિકાળી આત્મા શ્રદ્ધા અને જ્ઞાનમાં અનુભવમાં આવ્યો, ત્યારે તેના પરિણામ એટલે અવસ્થા એ શુદ્ધ જ્ઞાન ચૈતન્યની શ્રદ્ધા, નિર્મળ નિર્વિકારી જ્ઞાન સ્વસંવેદનજ્ઞાન અને શુદ્ધ શ્રદ્ધા અને શુદ્ધ રમણતા, એ આત્માના પરિણામ અને આત્મા તે પરિણામનો કર્તા. મગનભાઈ! પણ વિકારી પરિણામ એ પરિણામ આત્માના અને આત્મા પરિણામી એમ ભેદજ્ઞાનની દૃષ્ટિમાં રહેતું નથી. અજ્ઞાનમાં પુણ્ય અને પાપ જે કૃત્રિમ, અચેતન, મલિન, વિપરીત, જડ તત્ત્વ છે આસ્રવ. કેમ કે આસ્રવમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. શુભ-અશુભભાવ, એ આત્મા પ્રકાશમૂર્તિ જે ચૈતન્યસ્વરૂપ છે એનો એ પુણ્ય-પાપના રાગમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે. માટે તે જડ અને અચેતન છે એને જે ચેતન પોતામાં એકપણે માનીને રહ્યો છે એને અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈન ધર્મની...

ઉત્તર :- શેની વાત આ છે? જૈન ધર્મ. જૈન ધર્મ સિવાય બીજે ધર્મ હોતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં.

જૈનધર્મ એટલે શું? ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત જ્ઞાયકસ્વરૂપ પરમાનંદની મૂર્તિ. દેહની પર્યાયથી, દ્રવ્ય-ગુણથી પાર અને પુણ્ય-પાપના વિકલ્પના રાગથી શુભાશુભભાવથી પાર. એવા જે રાગ અને શરીરની ક્રિયાની અવસ્થાથી પાર એવા આત્મતત્ત્વનું જ્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાન થયું, એ જ્ઞાનના પરિણામ તે આત્માની અવસ્થા અને આત્મા તે અવસ્થાથી એનો કર્તા. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! ભારે વાત, ભાઈ!

ત્યારે કહ્યું, જુઓ! પુદ્‌ગલ પરિણામને અને આત્માને ઘટ અને '**કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' શું કીધું? ઉપર છે એ બે લીટી. જેમ આત્મા પુદ્‌ગલ પરિણામને. પુદ્‌ગલ પરિણામ એટલે વિકારી, દયા, દાન ભાવ એ પુદ્‌ગલ પરિણામ છે. જ્ઞાનચંદજી! વ્યવહારરત્નત્રય જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર સંબંધીનું પરલક્ષી જ્ઞાન અને પંચ મહાવ્રત આદિના દયા, દાનના ભાવ તેને અહીંયાં પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. કેમ કે એ પરિણામનો પરિણામી આત્મા એ પરિણામમાં પરિણમે એવો દ્રવ્યમાં સ્વભાવ છે નહિ. પણ જેની દૃષ્ટિ વિકારના અંશ ઉપર છે, એ અંશ ઉપર વિકારના અસ્તિત્વનો સ્વીકાર કરનાર તેને પોતાનું કાર્ય માની અજ્ઞાનથી કર્તા થાય છે. સમજાણું કાંઈ?

એ અજ્ઞાનના રાગ અને દ્વેષનું કરવું, જેમાં ચૈતન્ય સ્વરૂપ અને શાંતિ નથી, એના ઉપરનું અસ્તિત્વ સ્વીકારી અને તેનો કર્તા અને તે મારું કાર્ય (માનવું) એ અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનભાવ જેણે આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એમ રાગથી પૃથક્ થઈને આત્માના જ્ઞાતા-દૃષ્ટાનું ભાન કર્યું. ભાન નામ તેની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરી એવા સમ્યગ્દૃષ્ટિ જીવના પરિણામ એ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન અને વીતરાગી પરિણામ એ જીવના પરિણામ. એ પરિણામનો પરિણમનારો એ પરિણામી આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા અને પુદ્‌ગલ પરિણામને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. જેમ કુંભાર પ્રસરીને ઘટરૂપ થતો નથી. કુંભાર વ્યાપક થઈને, કર્તા થઈને ઘટને કરતો નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની દૃષ્ટિવંત આત્મા, એને આત્મા કહીએ, એ પુદ્‌ગલ પરિણામ એટલે વિકારી ભાવ અને શરીરની પર્યાય વાણીની એને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકના અભાવને લીધે કર્તાપણાની અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી. ઓહોહો..!

'**પરંતુ (માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' છે? '**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે? કે જે પ્રકારના દયા, દાન, રાગ-દ્વેષના પરિણામ થયા એના જ્ઞાનનો આત્મા કર્તા છે પણ એ રાગનો કર્તા નથી. આહાહા..! શેઠી! '**પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને..**' એટલે કે શુભ અને અશુભ થયેલા રાગ જે પર્યાયબુદ્ધિમાં પોતાના માન્યા હતા, એને અંતરમાં સ્વભાવની દૃષ્ટિના ભાનમાં એ પુદ્‌ગલ પરિણામથી પૃથક્ થયેલા પરિણામ, એવા આત્માને અને પુદ્‌ગલના પરિણામને ઘટ અને કુંભારની જેમ કર્તાપણાની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અસિદ્ધિ છે. **'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માને) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...'** આહાહા..! ભારે વાત, ભાઈ! શું કહ્યું?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ એ ચૈતન્યનો સૂર્ય છે આત્મા. આ પરમાણુનો સૂર્ય છે. ભગવાન ચૈતન્યસૂર્ય બિંબ. એવા ચૈતન્યના સૂર્યનો ભરોસો પ્રતીતમાં, અનુભવમાં આવ્યો. સમજાય છે કાંઈ? કે હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એવા ભાનના ભરોસે ચડેલા પરિણામ, એ પરિણામ જે રાગાદિ દયા, દાન, વ્યવહારરત્નત્રય જે પુદ્ગલના પરિણામ છે, એના પરિણામનું જ્ઞાન જે થયું એ જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા છે. મગનભાઈ! કહો, જયકુમારજી! છે કે નહિ? એમાં છે.

અરે..! વાસ્તવિક જૈનતત્ત્વ શું છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે કહેલું, જોયેલું અને છે. આહાહા..! ભાઈ! પ્રભુ! તું આત્મા છો ને. અને આત્મા છે એટલે એમાં તો જ્ઞાનનો જ ભંડાર અને આનંદનો જ ભંડાર અને શાંતિનો જ ભંડાર છે એમાં. એમાં ક્યાંય પુણ્ય-પાપના વિકલ્પો થાય, એના કોઈ કાર્ય અંદર થાય એવો કોઈ ભંડાર નથી એનામાં. સમજાણું કાંઈ? એ તો એક સમયની અવસ્થામાં, અંશમાં પોતાના સ્વરૂપના અજ્ઞાનપણે એક સમયની દશામાં વિકારી પરિણામનું કર્તૃત્વ સ્વીકારતો અજ્ઞાની કર્તા થાય છે. આહાહા..! પણ જ્યાં ધર્મદૃષ્ટિ અને સ્વભાવનું (ભાન થયું કે) જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ છે, શુદ્ધ સ્વરૂપ છે, પરમાનંદની મૂર્તિ છે એ આત્મા. અને એવો છે. સર્વજ્ઞે એવો કહ્યો છે, એવો જોયો છે, એવો આણે જોયો. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવનો સાગર, એમ જ્યાં રાગના વિકલ્પના, પુણ્ય-પાપના ભાવથી જુદો પડીને જાણ્યો, ત્યારે જાણનારના પરિણામ શુદ્ધ થયા. એ શુદ્ધ સમકિત, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ રાગરહિત ચારિત્ર એ આત્માના પરિણામ. અને પરિણામી આત્મા એ પરિણમ્યો તો આ રીતે પરિણમ્યો. સમજાણું કાંઈ? ત્યારે ઓલા રાગાદિ છે ને? રાગાદિ થયા તેનું જ્ઞાન કર્યું. આત્મા પોતાના સ્વરૂપનું જ્ઞાન કરતો સ્વ તરફ વળ્યો છે ને. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરતો એ પુદ્ગલ પરિણામના જ્ઞાનને એટલે કે પોતાના પુદ્ગલ પરિણામના જ્ઞાનને આત્મા સંબંધી જે જ્ઞાન એને કર્મપણે એટલે કાર્યપણે કરતો **'એવા પોતાના આત્માને જાણે છે,...'** ભારે વાત. હજી એને સાંભળવા મળે નહિ. એની રીતની કળા એને કેમ કેળવવી એની ખબર ન મળે એ કેળવે શી રીતે? આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! આ લોટને કેળવે છે ને રોટલી કરવા. એમ ને એમ કરવા માંડે તો રોટલી થાય .. જેવી. પછી એને કેળવે છે ને તેલ નાખીને. એની કળાની ખબર નહિ એ કેળવણીની કળા એને શી રીતે આવડે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ (છે), એવું જ્યાં અંતરમાં સન્મુખ થઈને નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન થયું, તે સ્વસંવેદન જ્ઞાનના પરિણામ તે આત્માના પરિણામ. અથવા એ અવસ્થા આત્માની અને પરિણામી આત્મા. તે કાળે રાગાદિ થયા તેનું જ્ઞાન કરનારો આત્મા, તે જ્ઞાન આત્માનું કાર્ય. મગનભાઈ! સમજાણું કાંઈ?

**'કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** સમજાય છે કાંઈ? જુઓ! શું કીધું? '**(કર્મનોકર્મથી)**' કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ અને નોકર્મ-શરીર, વાણીની અવસ્થા એ પુદ્ગલના પરિણામ. એનાથી અત્યંત ભિન્ન '**જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' જ્ઞાનસ્વરૂપ થયો થકો. એ જ્ઞાન સ્વરૂપ રહેતો થકો, જ્ઞાન સ્વરૂપ થયો થકો '**જ્ઞાની છે.**' આને જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજાય છે? એ કાલે આવું જ હતું. હિન્દીમાં હતું. કહો, સમજાણું આમાં? કેટલાકે તો બાપ-દાદાએ સાંભળ્યું ન હોય એના કે આ શું ચીજ વીતરાગ કહે છે. નામ ધરાવે અમે વીતરાગી, વીતરાગમાં જન્મ્યા તે જૈન. જૈન શું કહે છે એની એને ખબરેય નથી.

સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાનના પરિણામ વર્તતા હતા, એની વાણીમાં એમ આવ્યું કે ભાઈ! ભગવાન! તું તો શુદ્ધ ચૈતન્ય છો ને નાથ! આહા..! ભગવાન તરીકે બોલાવે છે આત્માને. ભગવાન! ભગવાન તરીકે બોલાવે છે. એ પામરને પ્રભુ બોલાવે છે એમ નહિ, હોં! આહાહા..! ભગવાન! એ ૭૨ ગાથામાં આવી ગયું. ૭૨માં આવી ગયું કે પુણ્ય-પાપના ભાવ મલિન છે, અશુચિ છે. ભગવાન આત્મા તો નિર્મળાનંદ છે ને પ્રભુ! પુણ્ય-પાપના ભાવ તો જડ છે. કેમ? કે પુણ્ય-પાપના ભાવ રાગ નથી જાણતા પોતાને કે રાગ નથી જાણતો રાગ પાસે રહેલા ભગવાન આત્માને. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પરિણામ નથી જાણતા પરિણામને અને એ પરિણામ નથી જાણતા જોડે જ્ઞાતા-દૃષ્ટાના ભાવને. માટે શુભ અને અશુભ પરિણામ, તેને અચેતન ગણીને ભગવાન ચૈતન્યમૂર્તિ સદાય ચૈતન્ય સ્વભાવવાળો છે. એમ બે વચ્ચે ભિન્ન ભાન થયું કે શુભ અને અશુભભાવ તો દુઃખરૂપ છે. શુભ-અશુભભાવ દુઃખરૂપ છે. આત્મા દુઃખરૂપ નથી, સંયોગી ચીજ દુઃખરૂપ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી, ખસી-હટી અને જેટલા પુણ્ય-પાપના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ કરે એ દુઃખ છે. **મનસુખભાઈ!** એ દુઃખ છે. અને એ પુણ્ય-પાપના ભાવ દુઃખની કૃત્રિમતાની પાછળ ભગવાન (છે) એ તો આનંદરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ દુઃખ અને આનંદ, મલિન અને નિર્મળ, અચેતન અને ચૈતન્ય એમ બે વચ્ચે ભેદ કરીને થયેલું ભેદજ્ઞાન, એ પોતાના આત્માને રાગ થયો તેના (જ્ઞાનના) પરિણામને પોતાના કાર્ય તરીકે આત્માને જાણતો તેને જાણે છે. જુઓ! પોતાના આત્માને જાણે છે એમ કહ્યું. ભારે ઝીણું આમાં. સમજાણું કાંઈ આમાં? ક્યાં ગયા વકીલ? અહીં બેઠા છે. ઠીક.

તે પરિણામનું જ્ઞાન આત્માનું કઈ રીતે છે? '**(પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :-)**' શું પ્રશ્ન છે? પુદ્ગલપરિણામનું જ્ઞાન અર્થાત્ વિકારીભાવ એનું કર્યું જ્ઞાન. કારણ કે જ્ઞાયક તરફ દૃષ્ટિ થઈ એટલે એનું જ્ઞાન થયું. પોતાનું જ્ઞાન થયું અને રાગ અને દયા, દાનના વિકલ્પનું પણ અહીં જ્ઞાન થયું. એ '**પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે?**' એ આત્માનું કર્મ-કાર્ય કઈ રીતે છે '**તે સમજાવે છે :-**' કહો, શેઠી!

'**પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' અમરચંદભાઈ! ભારે ઝીણું, ભાઈ! એમાં ૭૫ ગાથાથી ૭૯ સુધી આવશે. મૂળ કાતળી અને મૂળ રસકંદ છે. એણે કોઈ દિ' જીંદગીમાં યથાર્થ રુચિએ સાંભળ્યું નથી. સમજાય છે કાંઈ? અને એમ ને એમ એને ધર્મ થઈ જાય માને. સ્વતંત્ર છે ને. અનાદિથી માન્યું છે. કહે છે કે ખરેખર પુદ્ગલ પરિણામ. પુદ્ગલ પરિણામ એટલે વિકારીભાવ, શુભાશુભભાવ અને શરીરની અવસ્થા. સમજાણું કાંઈ? જેમ કે પાંચ લાખ દાનમાં આપ્યા એની નોટું આમ ગઈ. એની અવસ્થા. અને એ વખતે પહેલા રાગની મંદતાના પુણ્ય પરિણામ. એ બેય પુદ્ગલ પરિણામ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કાઢે? કાઢે કોણ ને આપે કોણ? આહાહા..! સમજાય છે કાંઈ? એ પચાસ હજાર કે લાખની નોટું આમ જાય છે એ પુદ્ગલના પરિણામથી આમ ખસી છે અને તે કાળે જે રાગની મંદતા થઈ છે એ પણ ખરેખર આત્માના સ્વભાવથી ભિન્ન ભાવ (છે) માટે પુદ્ગલ પરિણામ છે. કહો, શેઠ! આ બધા દાનવાળા જાણે દાન કરીએ એટલે થઈ ગયો ધર્મ.

મુમુક્ષુ :- એક રીતે ..

ઉત્તર :- શું બચી ગયો? ધૂળ? દે કોણ ને લે કોણ? રજકણની પર્યાયો એને કારણે, એને કારણે ક્ષેત્રાંતર થાય. એને કોઈ બીજો આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી શકતો નથી. અહીંયાં તો એ પુદ્‌ગલની પર્યાય... આ તો હાથ જોડ્યા ભગવાન પરમાત્મા પાસે. હે પ્રભુ! હે પ્રભુ! એ શરીરની પર્યાય અને હે પ્રભુ! હે પ્રભુ! એ વાણીની પર્યાય એ પુદ્‌ગલના પરિણામ છે. પાછળ જે ભક્તિનો, વિનયનો શુભરાગ એ પણ ખરેખર જ્ઞાનીને પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! રામસ્વરૂપજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આત્માનું લક્ષણ શું જ્ઞાનીનું, ઈ કહે છે. સમજાય છે કાંઈ?

પરજીવના આયુષ્યની સ્થિતિને લઈને એ જીવ બચી ગયા. એ પરની પર્યાય. અહીં ભાવ હતો એને ન મારવાનો એ શુભ એ પણ પુદ્‌ગલના પરિણામ. કેમ કે આત્માની મૂળ જાતના પરિણામ એ નથી. એ બેય પુદ્‌ગલના પરિણામને જ્ઞાની જાણવાનું કામ કરે તે જ્ઞાન એનું કામ છે. એ શુભભાવ અને એ પરની ક્રિયાનું કામ જ્ઞાનીનું છે નહિ. જોકે પરની ક્રિયાનું કામ તો અજ્ઞાનીનું પણ નથી. પણ અજ્ઞાની રાગના વિકલ્પને પોતાનું અસ્તિત્વ માનીને ત્યાં અટકેલો (છે) એટલે રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! જુઓ! આ કેટલા ગામના આવ્યા ત્યારે આવી વાત આવી, મનસુખભાઈ!

ભગવાન તારા ઘરની વાત છે, હોં! એના ઘર એણે જોયા નથી. એ ઘરમાં કોઈ દિ' વિકાર ઘરમાં હોય નહિ. ભગવાનના ઘરે તે કાંઈ મેલ હોય? સમજાણું કાંઈ? એ ચિદાનંદ પ્રભુ આત્મા એના ઘરમાં મેલ ન હોય. એ પુણ્ય-પાપના મેલ તો પુદ્‌ગલના પરિણામ, જીવના પરિણામ નહિ. આહાહા..! ભારે ઝીણું! રાડ નાખે ઓલો તો હજી તો પુણ્ય પરિણામથી ધર્મ માને અને કાં એનું કારણ માને. એનાથી કારણ થાય. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આત્માના રાગ કામ અને હું કર્તા એ તો આત્માના સ્વભાવનો હણનાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમાર્થે પુદ્‌ગલ પરિણામના...**' પુદ્‌ગલ પરિણામ કોને કહ્યા અહીંયાં? પુણ્ય-પાપના ભાવ અને આ શરીરની ક્રિયા અને વાણીની ક્રિયા થાય તે. એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે એ સંબંધીનું પોતાનું જ્ઞાન, એ સંબંધીનું પોતાનું જ્ઞાન એમ પાછું વળી. એના જ્ઞાનને એટલે? એ સંબંધીનું પોતાનું જ્ઞાન. સમજાણું? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલી વ્યાખ્યા છે અત્યારે. છે અહીંયાં ચીમનભાઈ છે કે નહિ? ઓલા કૌંસ પછી. આહાહા..! '**પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' ખરેખર પુદ્‌ગલ પરિણામ એટલે શુભ-અશુભ રાગ, દ્વેષ કે શરીર આદિની, વાણી આદિની થતી દશા, એ બધા પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન એટલે પોતા સંબંધીમાં પોતામાં થયેલું તેના પરિણામનું એ સંબંધીનું પોતાનું જ્ઞાન એ '**આત્માનું કર્મ કઈ રીતે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે?' ત્યારે કહે છે, પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને '**અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' એટલે? એ પુદ્‌ગલ પાછા લીધા એ પરિણામ જે કીધા એને પુદ્‌ગલ કીધા. શું કહ્યું? '**પરમાર્થે પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' એટલો અર્થ થાય છે હજી. એટલે કે પુદ્‌ગલ પરિણામ એટલે રાગ-દ્વેષ, દયા-દાન, પુણ્ય-પાપના પરિણામ અને શરીરની અવસ્થા, એવા પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને એટલે એનું જે આત્માએ જ્ઞાન કર્યું પોતા સંબંધીમાં એ સંબંધીનું જ્ઞાન. એને અને પુદ્‌ગલને. પુદ્‌ગલને એટલે પુણ્ય-પાપના ભાવને અને શરીરાદિ અવસ્થાને '**ઘટ અને કુંભારની જેમ...**' ઘડો અને કુંભાર જેમ એક નથી. તેથી કુંભાર કર્તા અને ઘડો કામ એમ બનતું નથી.

'**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો...**' વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપક એટલે પરિણામી દ્રવ્ય-અવસ્થાયી. વ્યાપ્ય એટલે પર્યાય, વ્યાપક એટલે દ્રવ્ય. એટલે કુંભાર દ્રવ્ય અને ઘડો એની પર્યાય એનો અભાવ છે-એમ છે નહિ. સમજાણું કાંઈ? '**કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' આહાહા..! એટલે? અંદર શુભાશુભભાવ અને આ શરીર-વાણીની અવસ્થા, એને અહીંયાં પુદ્‌ગલના પરિણામ કીધા. એનું જ્ઞાન. આત્મામાં એ સંબંધીનું પોતાનું જ્ઞાન કરતા એ સંબંધીનું પોતાનું જ્ઞાન. એ જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે રાગ-દ્વેષના પરિણામને, દયા-દાનના પરિણામને, શરીર અવસ્થાને, એ જ્ઞાનને અને પુદ્‌ગલને, ઘટ અને કુંભારની જેમ, કુંભાર કર્તા દ્રવ્ય અને ઘડો પર્યાય (તેનો) અભાવ છે, એમ આત્મા કર્તા અને પરિણામ-પુદ્‌ગલના પરિણામ રાગ-દ્વેષના પરિણામ એ આત્માની અવસ્થા એનો અભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દૃષ્ટાંતનો વિરોધ નીકળી ગયો ને?

ઉત્તર :- બધું નીકળી ગયું. વિરોધ-બિરોધ છે જ નહિ ક્યાંય. હજી તો કહે દાખલામાં વિરોધ છે એ તો નીકળી ગયો કે નહિ? એમ પૂછે છે. કુંભાર ઘડો કરે એ હજી વાંધા. વળી એનો દાખલો પાછો અહીં દેવો એમ કહે છે એ. ભાઈ! કુંભાર ઘડો કરે એ દાખલાનો વિરોધ તો નીકળી ગયો ને? સમજાણું કાંઈ? નહિ. કુંભાર ઘડાને કરે એ તો વિરોધ નીકળી ગયો ને કે એ કરતો નથી. એના જેને વાંધા (હોય) એ દાખલો કેમ લાગુ પાડે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

અહીં તો કહે છે કે '**પરમાર્થે...**' ખરેખર યથાર્થ દૃષ્ટિમાં '**પુદ્‌ગલપરિણામના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જ્ઞાનને...**' એટલે કે શુભ-અશુભ રાગ વ્યવહાર રત્નત્રયનો શુભયોગ અને દેહની અવસ્થા. એવા જે પુદ્‌ગલના પરિણામ, એના જ્ઞાનને એટલે એ સંબંધીનું પોતામાં થતું જ્ઞાન, એને પુદ્‌ગલને એટલે એ પરિણામને અને બધા પુદ્‌ગલને '**ઘટ અને કુંભારની જેમ...**' ઘટ તે વ્યાપ્ય છે અને કુંભાર તે વ્યાપક છે એમ અભાવ છે-એમ છે નહિ. એની પેઠે કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે. એની પેઠે વિકારી પરિણામનો કર્તા આત્મા, વિકારી પરિણામ આત્માની અવસ્થા તેનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? શશીભાઈ! કાલે હતા? કાલે નહોતા.

'**જેમ ઘડા અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' ઘડાનું વ્યાપ્ય નામ અવસ્થા, એનો વ્યાપક નામ દ્રવ્ય તે માટી છે. માટી તે પદાર્થ છે અને ઘડો તેની પર્યાય છે. જાત છે. એનો '**સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' ઘડો એનું કાર્ય માટીનું અને માટી તેની કર્તા એ બરાબર છે. આહાહા..! સમજાણું કાંઈ? રોટલી કાર્ય અને લોટ એનો કર્તા. એ બરાબર છે. પણ એ તાવડી અને બાયડીનો હાથ એનો કર્તા એ ત્રણ કાળમાં નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- બાયડીનો હાથ ભલે નહિ, પણ ઈચ્છા...

ઉત્તર :- ઈચ્છા-ફિચ્છા પણ કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ રોટલી જે પરમાણુની પર્યાય થાય એ પર્યાયનો પરમાણુનું દ્રવ્ય પોતે કર્તા છે. બીજો એનો કર્તા છે એ કર્તા કર્મ સંબંધ હોઈ શકે નહિ ત્રણ કાળમાં. આહાહા..! જયંતિભાઈ! એવી હશે ત્યાં વાત નહિ બીજે? કર્મ ને શરીર ને.. જગતને (મારી નાખ્યા). આહાહા..! એ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ, એ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. હજી વાડાવાળાને ખબર નથી ત્યાં વળી બીજાને ક્યાંથી લાવવું? જૈન સિવાયના અજૈનમાં એ વાત હોઈ શકે નહિ. એય..! શશીભાઈ! કહો, સમજાણું આમાં?

'**જેમ ઘડા અને માટીને વ્યાપ્ય...**' એટલે અવસ્થા. ઘડો એ અવસ્થા. અને માટી તે વ્યાપક એટલે દ્રવ્ય. એ બેનો સદ્‌ભાવ હોવાથી, એની હયાતી હોવાથી એટલે એ બરાબર હોવાથી કર્તાકર્મપણું છે. સમજાણું કાંઈ? માટી કર્તા અને ઘડો કાર્ય એ બરાબર છે. '**તેમ આત્મપરિણામને...**' જુઓ ભાષા! હવે આત્મપરિણામ એટલે? કે પુણ્ય-પાપના રાગ અને દેહની થતી અવસ્થા એનું કર્યું જ્ઞાન આત્માએ એ આત્મ પરિણામ. ઓલા રાગના પરિણામ એ આત્માના પરિણામ નહિ. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્માના પરિણામ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારથી તો છે.

ઉત્તર :- વ્યવહારથી નથી. એનો અર્થ નથી. એનો અર્થ અહીં નહિ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ સાંભળો! **'જેમ ઘડાને અને માટીને...'** પરિણામ પરિણામીપણું છે. પરિણામ તે ઘડો-કાર્ય અને માટી તે પરિણામી એમ છે. **'તેમ આત્મપરિણામને...'** એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન કરતા સ્વસંવેદનજ્ઞાન થયું. એ જ્ઞાનમાં રાગાદિનું જ્ઞાન થયું પોતામાં પોતાને કારણે પોતાના અસ્તિત્વમાં, એવા જે આત્મપરિણામ. એટલે કે શુદ્ધ નિર્મળ નિર્દોષ આત્માના પરિણામ. **'અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...'** ઘડો એ અવસ્થા અને માટી તેની કર્તા. એ સદ્ભાવ છે, એ યથાર્થ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એ આત્મા-એ કર્તા અને એના પરિણામ જે નિર્મળ, જે શુભરાગ વ્યવહાર રત્નત્રય એ સંબંધીનું અહીં જ્ઞાન, એ સંબંધીનું પોતાનું જ્ઞાન, એ સંબંધીનું એનું જ્ઞાન નહિ. આહાહા..! આવી વાત છે. મગનભાઈ!

**'આત્મપરિણામ અને આત્માને વ્યાપ્યવ્યાપક...'** એટલે આત્મપરિણામ તે વ્યાપ્ય છે અને આત્મા તેનો વ્યાપક છે. એ સદ્ભાવ હોવાથી. બે વચ્ચે સદ્ભાવ છે. **'હોવાથી કર્તાકર્મપણું છે.'** ભગવાન આત્મા સ્વપરપ્રકાશના પરિણામ જે પ્રગટ કર્યા, એ રાગ ને વ્યવહાર રત્નત્રયને જાણવાનું જ્ઞાન પોતાનું પોતા સંબંધી, એ સંબંધીનું પોતાનું જ્ઞાન, એ જ્ઞાન એ આત્માના પરિણામ. એ પરિણામ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા. ઘડો કાર્ય અને માટી કર્તા એ બરાબર છે. એમ આત્માના વીતરાગી નિર્દોષ પરિણામ એ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા એ બરાબર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ-દ્વેષનું જાણવાનું પણ ન રહ્યું?

ઉત્તર :- જાણવાનું રહ્યું ને એ કહ્યું ને. એ તો વ્યવહાર જાણવું કહ્યું. વ્યવહાર જાણવું એ પોતાનું જ્ઞાન છે. એ જ્ઞાનની પોતાની પર્યાય પોતાને જાણે છે. આહાહા..! કહો, કાંતિભાઈ! જુઓ! આ ભગવાનની કોર્ટમાં આમ ખુલાસો થાય છે. ભગવાન પરમેશ્વર આમ ખુલાસો કરે છે. 'અમૃતચંદ્રાચાર્ય'. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' એની ટીકા એ ગુણગંભીર ટીકા. ગજબની ટીકા!

કહે છે કે કુંભારને અને ઘડાને દશાવાન અને દશાનો સંબંધ નથી. કર્તાકર્મનો સંબંધ નથી. પણ ઘડાને અને માટીને ઘડો તે દશા, માટી દશાવાન. ઘડો તે કામ, માટી કર્તા, ઘડો તે પર્યાય, માટી પર્યાયવાન. એ સંબંધ બરાબર છે. એમ ભગવાન આત્માને એટલે કે દેહની અવસ્થાના કાળમાં રાગાદિ, દયા-દાનના પરિણામના કાળમાં પોતામાં જે પોતાનું જ્ઞાન થતાં રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન જે થયું, એવા જ્ઞાનના પરિણામનું કાર્ય એ જીવનું અને આત્મા એનો કર્તા. સમજાય છે કાંઈ? આવું ઝીણું કાંતે તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલું ઝીણું! પણ વસ્તુ જ એવી છે.

મુમુક્ષુ :- આ જ સાચું છે ને.

ઉત્તર :- સાચું જ આ છે. બાકી મરી ગયો એમ ને એમ કરી કરીને અનંત કાળમાં. સમજાણું કાંઈ? એણે ખ્યાલમાં વાત લીધી નથી. ભણ્યો, ભણીને અગિયાર અંગ ભણીને નવ પૂર્વ ભણી ગયો. પણ ભગવાન આત્મા... એ દેડકો-મંડૂક નાનો દેડકો હોય, એને પણ રાગના પરિણામનું જાણવું એ એના કામ અને આત્મા એનો કર્તા સમકિતી છે. આહાહા..! એ દેડકો આમ આમ કૂદે અને ફૂલ મોઢા આગળ હોય ને ભગવાન (પાસે જાય) એ એનું કામ છે જ નહિ. એમ કહે છે. આહાહા..! એ.. શેઠ! ઓલો દેડકો ગયો હતો ને ભગવાન પાસે ફૂલ લઈને મોઢામાં. પાછો કચરાઈ ગયો. પણ એ ફૂલની પર્યાય, દેહની પર્યાય એ પુદ્ગલની છે. અને એમાં રાગાદિ (થાય એ) પુદ્ગલના પરિણામ એટલે આત્માની જાતના નથી. એ કજાતના પરિણામ. આત્માની જ્યાં દૃષ્ટિ હોય... આ તો હજી સાધારણ હતો દેડકો. પણ સમ્યગ્દૃષ્ટિ હોય... સમજાય છે કાંઈ? એ દેડકો ભગવાન પાસે જાય અને એ દેહની ક્રિયા આમ આમ થાય અને એમાં રાગ હોય એનું જાણવાનું જ્ઞાન તે આત્માનું છે. રાગ ને પુદ્ગલની પર્યાય આત્માની છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? (અહીંયાં) આત્મપરિણામ (લીધા), પછી ૮૦-૮૧માં બીજું લેશે. એ વિકારી પરિણામ લેશે. અહીં હજી અજ્ઞાનીની વાત કરશે આગળ. અજ્ઞાની અને જ્ઞાની બેય, એના નિશ્ચયમાં થાય એ અપેક્ષાએ.

અહીંયાં આત્મપરિણામને અને આત્માને. એ બે શબ્દ વચ્ચેનો ખુલાસો. આત્મપરિણામ એટલે તે કાળે થતી દેહની અવસ્થા, વાણીની અવસ્થા, આંખ ઊંચી નીચી થાય, હાથ ઊંચા-નીચા થાય તે અવસ્થાનું, એ અવસ્થા સંબંધીનું પોતાનું જ્ઞાન કે આ અવસ્થા થઈ એનું જ્ઞાન. અને એ વખતે રાગાદિ, દયાના કે ભક્તિના (ભાવ) થયા એ ભાવ સંબંધીનું પોતાનું જ્ઞાન. એ પોતાનું જે જ્ઞાન એ આત્માના પરિણામ અને આત્મા એનો કર્તા. સમજાણું કાંઈ? રાડ નાખે ઓલા વ્યવહારવાળા તો. સમજાણું કાંઈ? કહે અરરર..! પુદ્ગલ પરિણામ? હાય હાય. એનાથી તો ધર્મ થાય ને. અરે..! ધૂળેય થાય નહિ, સાંભળને હવે. રાગથી ધર્મ થાતા હશે? વીતરાગમાર્ગ છે આ તો.

**'આત્મપરિણામને અને આત્માને વ્યાપ્ય...'** એટલે અવસ્થા અને **'વ્યાપક...'** એટલે અવસ્થાયી પરિણામી એનો **'સદ્ભાવ હોવાથી...'** આત્મપરિણામનો કર્તા આત્મા અને પરિણામ તેનું કાર્ય એ બરાબર છે. એ બરાબર છે કહે છે. સમજાણું કાંઈ? આ તો ઉડાડી દીધું બધું. ભગવાનના સમવસરણમાં સમકિતી જાય. શરીરને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ.. રાજકુમાર હોય એ આમ વંદન કરે. ધર્મીના પરિણામ એને ગણવામાં આવ્યા કે તે કાળે ભક્તિનો જે રાગ થયો અને જે દેહની અવસ્થા આમ થઈ, તે કાળના તે પરિણામને જાણતું પોતાનું જ્ઞાન તે સંબંધીનું, એને પોતાને જાણતું પોતાને જ્ઞાન થયું, પોતાને જાણવાના પરિણામ થયા એ પરિણામ આત્માનું કાર્ય થયું અને આત્મા એનો કર્તા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે જ આ મળે એને. પૈસા ખર્ચીને આવ્યા એટલે સાંભળશે તો ખરા કીધું. આવું ... કોને ખબર છે? કહો, સમજાણું આમાં? એ તો પહેલું કહ્યું ચીમનભાઈ અંદર આવ્યાને. કીધું ભાઈ .. માગવા તો દયો હવે. પણ આ સાંભળવા દયો તો એક કલાક શું આ ચીજ છે. ગિરધરભાઈ! આહાહા..! કહો, હિંમતભાઈ! છે કે નહિ સામે પુસ્તક? જુઓ! આવો અર્થ છે આવો. એવા એવા તો હજી ૭૬, ૭૭, ૭૮, ૭૯ ગાથા છે ચાર મોટી. અરે.. ભગવાન! તારી જાતમાં ભાત તે કાંઈ વિકારની હોય કે અવિકારની હોય? તું તે કાંઈ અવિકારી છો કે વિકારી? આહાહા..! અવિકારી ભગવાનની જાતની ભાત તો અવિકારી પરિણામ થાય. તારા રાગ પરિણામ એ અવિકારી જાતની ભાત કહેવાય? સમજાય છે કાંઈ? કહો, નેમિદાસભાઈ! ત્યાં બાપ-દાદાથી સાંભળ્યું નહોતું. મોઢા આગળ થઈને બેઠા હતા શેઠિયા. ખરું કે નહિ?

આ માર્ગ, બાપુ! આહાહા..! અરે..! એણે અંદર હજી સાંભળ્યો નહિ. એ સાંભળ્યા વિના એના લક્ષ કેમ કરે? અને લક્ષ કર્યા વિના એની રુચિ તો કરે કઈ રીતે? કે આ રીતનો માર્ગ છે, બીજો માર્ગ નથી. સમજાણું કાંઈ? લોકોને બિચારાને એવા લાગે, અરે..! એકાંત છે. ભગવાન પાસે જા તું એકાંત કહેતો હો તો. અમૃતચંદ્રાચાર્યને કહે કે આવું કેમ તમે કહ્યું? એ તો સ્વર્ગમાં છે અમૃતચંદ્રાચાર્ય. આવું કેમ કહ્યું? સોનગઢવાળા કહે છે આમ? ભગવાન કહે છે, સાંભળને! શોભાલાલજી! આ બધા એમ ને એમ .. બધા. હેરાન-હેરાન થઈને. તમાકુમાં હેરાન થઈને ધર્મને નામે હેરાન (થયા). આહાહા..! અરે..! ભગવાન! તારો માર્ગ તો પ્રભુ સહજ સ્વરૂપ છે. સહજાત્મ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ.

અહીં તો કહે છે કે જે વ્યવહારરત્નત્રયનો રાગ એ સ્વ અને આત્માનો એનો સ્વામી એમ ત્રણકાળમાં નથી. આહાહા..! એ દયા, દાન, ભક્તિના શુભ પરિણામ એ આત્માનું સ્વ અને આત્મા એનો સ્વામી, એ પરિણામનું કાર્ય આત્માનું અને આત્મા કર્તા એમ સ્વરૂપની દૃષ્ટિમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે એ કર્તાકર્મપણું સિદ્ધ કરી અને એ કર્તા સિદ્ધ કરે છે. બે કાર્ય સિદ્ધ કરે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, હોં! હવે સિદ્ધ કરે છે. આ સિદ્ધ કર્યું ને? કે **'ઘટ અને કુંભારની જેમ...'** સમજાય છે? **'વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ...'** એમ પુદ્‌ગલના પરિણામ ને અને જ્ઞાનને અને પુદ્‌ગલને વ્યાપ્ય-વ્યાપકનો અભાવ છે. એમ કીધું. પણ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકનો સદ્‌ભાવ (છે), એમ આત્મપરિણામ અને આત્માને વ્યાપ્યવ્યાપકનો સદ્‌ભાવ છે. હવે એમ સિદ્ધિ કરે છે હવે. પાછું કાર્ય અને કર્તા કઈ રીતે થયો, છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** વાહ! ભગવાન આત્મા આત્મદ્રવ્ય વસ્તુ સ્વતંત્ર વ્યાપક. એમ શું કહે છે? કે જે વ્યવહારના દયા, દાન, ભક્તિના શુભ પરિણામ થયા, એ પરિણામ થયા તો અહીંયાં જ્ઞાનનું પરિણામ થયું, શ્રદ્ધાનું પરિણામ થયું એમ નથી. ભાઈ! આહાહા..! વ્યવહાર હતો એટલે નિશ્ચય પર્યાય થઈ એમ ના પાડે છે અહીં. ઓહોહો..! આત્મદ્રવ્ય, દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક. ત્યાં રાગની મંદતા હતી માટે અહીં વીતરાગી પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એમ નથી. પણ શુદ્ધ દ્રવ્ય છે માટે વીતરાગી પરિણામ થયા એમ છે, એમ કહે છે. આહાહા..! શશીભાઈ! અશુદ્ધતા પરિણામની હતી તો દ્રવ્યે શુદ્ધ પરિણામનું કાર્ય કર્યું એમ નથી. દ્રવ્ય પોતે શુદ્ધ છે એટલે દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું. એટલે દ્રવ્યે શુદ્ધ કામ સ્વતંત્રપણે કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડું ન સમજાય એ રાતે રહેનારાએ પૂછવું. રહેનારાએ પૂછવું એમ કહ્યું છે ને. કેમ કે બીજા ભાગવાના હોય. એવું સાંભળ્યું છે કેટલાક ભાગવાના છે. પણ અહીં રહેનારે પૂછવું એમ કહ્યું છે ને. આહાહા..!

ભગવાન! તેં વાત સાંભળી નથી તારા ઘરની, હોં! તેથી કહ્યું ને શ્રુત, પરિચિત, અનુભૂતા. એ તેં સાંભળી નથી, પ્રભુ! પરથી ભિન્ન, સ્વથી એકત્વ કોઈ વાત જ અલૌકિક છે. ભગવાન આત્મા આત્મદ્રવ્ય. આત્માની શુદ્ધ શ્રદ્ધા, સ્વસંવેદનજ્ઞાન અથવા એ રાગ અને શરીર સંબંધીની અવસ્થાનું પોતાનું જે જ્ઞાન, એ જ્ઞાનના પરિણામને સ્વતંત્ર આત્મા હોવાથી, સ્વતંત્રપણે વ્યાપક કર્તા હોવાથી, આત્મપરિણામનો, **'એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો...'** આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! પેંથીએ પેંથીએ નાખે એ કરતા તો વાળે વાળે નાખ્યું છે અહીં તો. પેંથી લે ને વાળની. પેંથીમાં તો દસ-દસ વાળ, પચ્ચીસ-પચ્ચીસ આવે. આ તો એક એક વાળે મોતી પરોવ્યો છે. પેંથી સમજો છો? વાળમાં સ્ત્રીઓ તેલ નથી નાખતી? એ તો ઘણી લટ લે છે ને. ઘણા વાળ લે છે. એક એક વાળ નહિ. આ તો એક એક વાળ. એક એક વાળમાં તેલ ન નાખે. થોડા આઠ-આઠ, દસ વાળની લટ ભેગી કરીને આમ તેલ ચોપડે. એક એક ચોપડવા જાય તો માથું કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિ' પૂરું થાય? અહીં તો એક એક કરીને પૂરું કરવું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો એ સિદ્ધ કરે છે કે જેમ ઘડાને અને માટીને કર્તાકર્મનો સંબંધ યથાર્થ છે, સદ્ભાવ છે... સદ્ભાવ છે.. સદ્ભાવ છે. એમ ભગવાન આત્માને અને વિકાર સંબંધીના પોતાના જ્ઞાનને એ પોતાનું કાર્ય અને આત્મા કર્તા એ સદ્ભાવ સ્વભાવ બરાબર છે. કેમ બરાબર છે? એ વાત સિદ્ધ કરે છે. કેમ બરાબર છે? એ વાત સિદ્ધ કરે છે. '**આત્મદ્રવ્ય...**' દૃષ્ટિ રાગથી ભિન્ન પડીને જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ એ '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' કર્તાની વ્યાખ્યા એ છે કે સ્વતંત્રપણે કરે તે કર્તા. જેમાં બીજાની સહાય હોય એ કર્તા સ્વતંત્ર નહિ. સમજાય છે કાંઈ? એ ગુરુની વાણી ને સમવસરણ જોયા માટે અહીં સમ્યગ્જ્ઞાન થાય એમ નહિ. એમ કહે છે. ભીખાભાઈ! અહીં તો રેચ આપે છે. આહાહા..!

કહે છે કે '**આત્મદ્રવ્ય...**' ભગવાન પાસે બેઠેલો આત્મા પણ જ્યાં આમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકે છે, ત્યારે એ આત્મદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક કર્તા થઈને '**આત્મપરિણામનો એટલે કે...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો, '**એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો...**' એટલે કે એ વખતે આમ ભગવાન દેખાય, શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, રાગ થાય એ બધા પરિણામનો, એ પોતાના પરિણામનું જે જ્ઞાન એના જ્ઞાનનો કર્તા આત્મા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આત્મદ્રવ્ય...**' આહાહા..! ગજબ વાત કરી! 'અમૃતચંદ્રાચાર્ય'ની આ ટીકા... આમ ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. આવી ટીકા અત્યારે ભરત ક્ષેત્રમાં કોઈ બીજે ક્યાંય નથી. 'સમયસાર'ની આવી ટીકા દિગંબરમાં પણ બીજે નથી તો બીજામાં તો હોય શેની. સમજાય છે કાંઈ? આ તો સ્વતંત્ર સત્યના પડકાર, પોકાર કરનાર છે. આહાહા..! કહે છે, ભગવાન આત્મા જ્યાં રાગ અને પરના પરિણામનું જ્ઞાન કર્યું એ જ્ઞાનમાં કર્તા આત્મા થયો એ સ્વતંત્રપણે થયો છે. કોઈની સહાય વિના, કોઈના સહારા વિના, કોઈની અપેક્ષા વિના '**સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે...**' વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિનો. '**એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો...**' અહીં જ્ઞાન પ્રધાનથી વાત છે ને? જ્ઞાન સાથે શ્રદ્ધા, શાંતિ બધું ભેગું લઈ લેવું.

'**આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો...**' એટલે એ વખતે જે કંઈ ભક્તિના, રાગના વિનયનો વિકલ્પ છે, શરીરની અવસ્થા છે એ સંબંધીનું પોતાનું જ્ઞાન. એ સ્વતંત્રપણે આત્મા જ્ઞાનનો કર્તા છે. ત્યાં વાણી આવી અને રાગ થયો માટે અહીં આત્માનું જ્ઞાન થયું, પરિણામ થયા એમ નથી. '**અને પુદ્ગલપરિણામનું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાન...**' એટલે રાગ અને શરીરની અવસ્થાનું પોતાનું જ્ઞાન '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' તે આત્માના જ્ઞાનાનંદ પરિણામ તે આત્માનું કાર્ય છે. ઘટ કાર્ય જેમ માટીનું, એમ આત્માના પરિણામ તે કાર્ય આત્માના. વિશેષ કહેવાશે.... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાદરવા વદ ૧૧, સોમવાર તા. ૧૦-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૫, શ્લોક-૪૯ પ્રવચન-૧૫૩**

...સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાનો દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિમાં લીધો છે. પુણ્ય-પાપનો રાગ અને નિમિત્તની ક્રિયા, એનું જ્ઞાન કરનાર આત્મા પોતાના દ્રવ્ય સ્વભાવથી વ્યાપક થઈને, સ્વતંત્ર વ્યાપક થઈને આત્મ પરિણામ અર્થાત્ '**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે...**' અર્થાત્ જે દયા-દાન રાગાદિનો ભાવ છે અને એ સમયમાં શરીરની પર્યાયની ક્રિયાની જે દશા છે, તેનો આત્મા સ્વસન્મુખની દૃષ્ટિ છે તો પોતાના જ્ઞાનમાં રાગાદિનું જ્ઞાન, એ સંબંધી પોતાનું જ્ઞાન એવા જ્ઞાનનો કર્તા છે. સમજાણું કાંઈ? શિવલાલજી! કાલે તમે નહોતા. સમજાય છે કે નહિ? કાલે નહોતા એટલે. આ તો કાલે ચાલી ગયું છે.

આત્મદ્રવ્ય વસ્તુ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવ એવું આત્મદ્રવ્ય, જેની અંદરમાં આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ છે અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન કરવાથી રાગાદિનું પણ પોતાના પરિણામમાં એ સંબંધી પોતાને જાણતો એ રાગ સંબંધી જ્ઞાન જે પોતાના પરિણામ એ આત્માના પરિણામ, તેનો એ કર્તા છે. સમજાય છે કાંઈ? શરીરાદિ અવસ્થાનો તો કર્તા નથી, પણ જે દયા-દાનાદિ વિકલ્પ શુભરાગ છે એનો પણ આત્મદ્રવ્યદૃષ્ટિવંત કર્તા નથી. કેમ કે આત્મદ્રવ્ય જે છે એ વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે. તો એની જ્યાં દૃષ્ટિ થઈ તો એ આત્મદ્રવ્ય વ્યાપક થઈને પુદ્‌ગલ પરિણામનું જે જ્ઞાન થાય છે એ જ્ઞાન પરિણામનો આત્મા કર્તા થાય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ચંદુભાઈ! બહુ ઝીણું પણ આવું. અહીં તો મોટા મોટા કામ કરે છે ને. મકાનો બનાવે, આ બનાવે, આ બનાવે કેટલું બનાવે. લ્યો! સંચા બનાવે છે કેટલાક તો. કેટલી બીડીયું બનાવે છે આ? લાખો-કરોડો. એક એક દિ'માં તો કેટલી બીડીયું. એ વિના કાંઈ પાંચ-દસ લાખ પેદા શી રીતે થાય બધા? ખોખા વાળતા હશે કે નહિ કો'ક માણસો?

અહીં તો કહે છે કે એ તો અજ્ઞાની આત્મા દ્રવ્ય વસ્તુ શું છે એની જેને ખબર નથી એ પરની ક્રિયા તો કરી શકતા નથી પણ માને છે કે મારી ઉપસ્થિતિમાં, હાજરીમાં એ કાર્ય થાય છે. એમ અજ્ઞાની માને છે. કેમ કે એની દૃષ્ટિ પર ઉપર છે. એ સમયે પણ અજ્ઞાની પોતામાં થયેલો રાગ અને દ્વેષનો કર્તા થાય છે. એનો (પરની ક્રિયાનો) કર્તા તો થતો નથી પણ માને છે. સમજાય છે કે નહિ? પણ જ્યારે આત્મા શુદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય વસ્તુ દ્રવ્ય, પદાર્થ એવું આત્મ દ્રવ્ય '**સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' એ વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તો અહીં આત્મામાં રાગનું જ્ઞાન થયું એમ નથી. આત્મદ્રવ્ય સ્વતંત્ર... કર્તા લેવું છે ને? કર્તા લેવું છે. '**સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' પોતાના દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી '**આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો...**' અર્થાત્ જે વ્યવહારરત્નત્રય આદિનો રાગ છે એ સંબંધી પોતાના જ્ઞાનનો. કેમ કે આત્મા જ્ઞાનસ્વભાવ છે એવું અંતરમાં સમ્યક્ ભાન થયું તો જ્ઞાની એટલે આત્મદ્રવ્ય (દૃષ્ટિવંત) એ રાગાદિ પરિણામનું જ્ઞાન પોતામાં થયું એ જ્ઞાનનો કર્તા છે. સમજાણું કાંઈ? શોભાલાલભાઈ! પોતાનું જ્ઞાન, રાગનું નહિ. દેહની ક્રિયાનું નહિ. એ તો જડની સ્વતંત્ર પર્યાય છે. પણ એ સમયમાં પોતાની નબળાઈને લીધે જે રાગાદિ થયા એ રાગ ઉપર લક્ષ નથી, લક્ષ છે જ્ઞાયક ઉપર, જ્ઞાયક ઉપર છે તો આત્મદ્રવ્ય સ્વતંત્ર કર્તા થઈને એ રાગ જે દયા-દાન વ્રતના પરિણામ છે એનું જ્ઞાન પોતામાં, પોતાથી પરના સંબંધ વિના (કરે છે). પર તો ફક્ત નિમિત્ત થયું. વ્યવહારરત્નત્રયનો શુભરાગ એ તો નિમિત્ત થયો. તો નિમિત્ત અહીં પરિણામનો કર્તા નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું. મગનભાઈ! આ દુકાન-બુકાનનું ચલાવે છે ને, કેટલી હુશિયારી. ત્યાં કામ કરે છે એટલે.

'**પુદ્ગલ પરિણામના જ્ઞાનનો કર્તા છે...**' અર્થાત્ એ સમયમાં પોતાની વસ્તુ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એવી અંતરમાં દૃષ્ટિ દ્રવ્યની થઈ છે તો દ્રવ્ય સ્વભાવની શ્રદ્ધામાં અને દ્રવ્ય સ્વભાવના જ્ઞાનમાં અને દ્રવ્ય સ્વભાવની એકાગ્રતામાં, અહીં જ્ઞાન પ્રધાનથી કથન છે, તો એ પર્યાય જે જ્ઞાનની, શ્રદ્ધાની, સ્થિરતાની થઈ એમાં એ સંબંધીનો જે રાગ જે પ્રકારનો રાગ (થયો) દયાનો, ભક્તિનો કે કોઈપણ પ્રકારનો, એ રાગનું પોતામાં એ રાગ સંબંધી પોતાને કારણે સ્વતંત્ર થઈને રાગની અપેક્ષા રાખ્યા વિના (જ્ઞાન કરે છે). સમજાય છે કાંઈ? આહાહા..! એ માટે તો '**સ્વતંત્ર વ્યાપક થઈને...**' શબ્દ લીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? હિંમતભાઈ! આ બધી ઝીણી ગાથા છે. બરાબર રોકાઈ ગયા તો ઠીક કર્યું આમાં. આહાહા..!

ભાઈ! આત્મદ્રવ્ય ને? આત્મદ્રવ્ય એટલે કે એ રાગ નહિ, પુણ્ય નહિ, પર નહિ. તો આત્મદ્રવ્ય જે વસ્તુ છે એવી જે દૃષ્ટિ થઈ તો એ આત્મદ્રવ્ય સ્વયં વ્યાપક થઈને પોતાનું જ્ઞાન કરે છે, પોતાની શ્રદ્ધા કરે છે, પોતાની સ્થિરતા કરે છે. એ સમયનું જે જ્ઞાન, એ સમયમાં થનારા દયા-દાન-ભક્તિ આદિના પરિણામ અથવા શરીરાદિની દશા એનું પોતામાં પોતાને કારણે સ્વતંત્ર એની અપેક્ષા વિના જ્ઞાન પરિણામ કરે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- વ્યાપ્ય-વ્યાપક એક જ ને?

ઉત્તર :- એક જ છે ને. આ શેની વાત સ્થાપી છે? હજી આવે છે ને અહીંયાં. સમજાણું કાંઈ? ભારે ભાઈ! માર્ગ એવો છે. લોકોને આમ એવું લાગે.. જૈન સંદેશમાં આજે આવ્યું છે. એ.. શુભથી આમ થાય, શુભથી પરંપરા મોક્ષ થાય. અરે..! ભગવાન સાંભળ તો ખરો. જૈન સંદેશમાં આવ્યું છે. એકાદ-બે લેખ આપ્યા છે. ઉજ્જૈનમાંથી કો'ક... ઓલો કોણ? પન્નાલાલ? કોણ? કો'ક છે, બે લેખ એના છે. શુભથી આમ થાય, શુભથી આમ થાય. એકાંત પુણ્યને હેય ન માનવું. એકાંત પુણ્યને હેય માનતા આમ થાય... ભાઈ! હજી સમ્યગ્દર્શન તો પ્રગટ કર, હવે પુણ્ય પછી છૂટશે તો પછી અસ્થિરતા આવે છે. .. તો કરો. શુભભાવ છૂટશે પછી, શુદ્ધોપયોગ થશે ત્યારે. પહેલા પુણ્યભાવ રાગ છે એ મારી ચીજમાં નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સમ્યગ્જ્ઞાની ધર્મી, એને જે પુણ્યભાવ થાય છે એ ભાવ આત્માની પર્યાય નથી. સમજાણું કાંઈ? આત્માની અવસ્થા નથી. એ પુણ્ય સંબંધી, રાગ સંબંધી પોતાનું જ્ઞાન એ કાળે પોતામાં પોતાના લક્ષથી સ્વપરપ્રકાશનું પરિણમન જે હતું એ પરની અપેક્ષા વિના એ છે તો અહીંયાં થયું એ વિના. સમજાણું કાંઈ? આ આત્મા છે તો થયું. પોતાનો આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છે તો થયા. પોતાના જ્ઞાન પરિણામ, શ્રદ્ધા પરિણામ, શાંતિ પરિણામ, આનંદ પરિણામ. સમજાણું કાંઈ? અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે. જાણનાર એ છે ને? તો એ સમયમાં જે પ્રકારનો રાગ વ્યવહાર રત્નત્રય આદિ દેવ-ગુરુની ભક્તિ, જાત્રાનો જે ભાવ, એ ભાવ જેવો છે એ પ્રકારનો, એની અપેક્ષા રાખ્યા વિના પોતાના આત્મામાં પોતાને જાણીને પોતાનું જ્ઞાન જે રાગનું થાય છે એ જ્ઞાનનો આત્મા કર્તા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કર્તા નહિ. તમારી બીડીયું તો ક્યાંય ગઈ. એય..! દરબાર! દરબારને ઓળખો છો? આ દરબાર છે. ગરાસિયા નથી હોં ઈ.

મુમુક્ષુ :- ખીમચંદભાઈના ભાઈ.

ઉત્તર :- ખીમચંદભાઈને એ ઓળખે છે. એ તો ઓળખે છે. સમજાણું કાંઈ? ખીમચંદભાઈના નાના ભાઈ છે. પણ શરીર મોટું છે તો દરબાર નામ પાડ્યું છે અમે. હાથીને હોદ્દે બેસતા હતા ને. બાદશાહ બેઠા હોય એમ લાગે. આત્માને ક્યાં શરીરની સાથે સંબંધ છે.

અહીં તો કહે છે, શરીરની ક્રિયાનો આત્મા કર્તા નહિ. પરિણામ વિનાની ચીજ છે કે આત્મા એનો કર્તા થાય? હવે પોતામાં પણ આત્મા દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્ય દૃષ્ટિમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું તો કહે છે, એ દ્રવ્ય પરિણામ વિના રહે છે? એ દ્રવ્ય પોતામાં પરિણામ કરે છે એ રાગાદિ છે, પરાદિ છે, એનો એ સંબંધી પોતામાં એ કાળે, એની અપેક્ષા વિના જે જ્ઞાનના પરિણામ થયા એમાં આત્મા વ્યાપક છે. શ્રીપાલજી! સમજાણું કાંઈ? આહાહા..! ભારે!

'**અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે...**' વ્યાપક વડે એટલે આત્મા વડે એટલે દ્રવ્ય વડે એટલે વિસ્તાર કરનારી વસ્તુથી '**સ્વયં વ્યપાતું હોવાથી...**' પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન અર્થાત્ જે શુભ-અશુભરાગ કે દેહાદિની ક્રિયા એ સમયમાં જો સ્વકાળમાં, એના કાળમાં વર્તનારી છે, એ પુદ્‌ગલ સંબંધી પરિણામનું જ્ઞાન. એ સંબંધીનું જ્ઞાન. તે વ્યાપક વડે એ આત્મા દ્રવ્ય વડે, વ્યાપક વડે, દ્રવ્ય વડે, કર્તા વડે '**સ્વયં વ્યપાતું...**' પોતાની જ્ઞાનની પર્યાય સ્વયં વ્યાપ્ત અવસ્થા હોવાથી એ અવસ્થા જ્ઞાનનું પરિણામ આત્માનું કાર્ય છે, એ આત્માના પરિણામ છે, એ આત્માની અવસ્થા છે, એ આત્માની દશા છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો કર્તા કર્મ સિદ્ધ કરે છે. પહેલા સાધારણ કર્યું હતું. પછી કેમ? કે સ્વતંત્ર વ્યાપક થઈને અને સ્વયં વ્યાપ્ત હોવાથી. એમ. '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' ભાષા જુઓ! ઓહોહો..! એ વસ્તુ ચૈતન્ય દ્રવ્ય, વસ્તુ સત્ સ્વરૂપ, એની દૃષ્ટિ થઈ, સમ્યક્ થયું, ધર્મ દૃષ્ટિ થઈ તો આત્મદ્રવ્ય પોતે વ્યાપક વડે, કોણ વ્યાપક વડે? એ પર્યાય. '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું...**' ભાઈ! શું કહેવું છે સમજાણું કાંઈ? પર્યાય પણ સ્વયં વ્યાપ્ત છે. આ વજન છે જરી. આહાહા..! એ સમયના પરિણામ જ એવા એ સ્વયં વ્યાપ્ય થાય છે. એ સમયના એ જ પરિણામ સ્વયં વ્યાપ્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા રાજારામજી? નથી? આ રહ્યા. ઠીક. રાખ્યું છે ને પુસ્તક? પુસ્તક છે કે નહિ? જુઓ! આહાહા..! ગજબ વાત છે ને પણ. ઉતાર્યા છે ને, અમૃત ઉતાર્યા છે હેઠે!!

આમ આત્મદ્રવ્ય વસ્તુ, વસ્તુ જેની દૃષ્ટિમાં આવી એ આત્મા સ્વતંત્ર વ્યાપક થઈને પુદ્‌ગલ નામ વિકારી પરિણામ અને જડની અવસ્થાનું જ્ઞાન, એમાં વ્યાપક થઈને કર્તા છે. અને એ વ્યાપકથી પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન જે કોઈ પ્રકારના રાગાદિ-અશુભાદિ વિકલ્પ ઉઠે છે એનું પોતામાં જ્ઞાન વ્યાપક વડે એટલે દ્રવ્ય વડે અર્થાત્ કર્તાથી અર્થાત્ રચનાર, બનનાર વડે તે પર્યાય '**સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' ઓહોહો..! સ્વયં એ પર્યાય વ્યપાતી હોવાથી અવસ્થા થવાથી એ આત્માનું કામ છે. સ્વતંત્રતા. ઓલામાં-કર્તામાં ભાઈ, વ્યાપક સ્વતંત્ર કીધું હતું. એમ કરીને દ્રવ્યને (સ્વતંત્ર કહ્યું હતું). અહીં સ્વયં વ્યાપ્ય અવસ્થા. ગુલાંટ ખાય છે. આહાહા..! સમજાણું? જ્ઞાનચંદજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વયં વ્યાપ્ત. સ્વયં વ્યાપ્ત. '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' આહાહા..! ભગવાન આત્મા દ્રવ્ય છે ને? વસ્તુ છે ને? દ્રવ્ય છે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. એ દ્રવ્ય વ્યાપક થઈને પુદ્‌ગલ નામ વિકારી અને દેહની પર્યાયનું જ્ઞાન પોતાથી વ્યાપક થઈને કર્તા થાય છે. હવે એ પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન... '**પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન...**' સમજાણું? એટલે? એટલે કહે છે ને શું કહે છે હિન્દીમાં? અર્થાત્ વ્યવહાર દયા-દાન-વ્રતના જે પરિણામ છે એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! એ પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન તે વ્યાપકથી-એ દ્રવ્યથી જ્ઞાન સ્વયં વ્યપાતું જ્ઞાન '**સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' આહાહા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' એટલે કે આત્મા નિજ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ છે તો ધર્મીજીવને ધર્મી એવો દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિમાં છે. માટે દ્રવ્ય જે છે એ સ્વતંત્ર વ્યાપક થઈને પુદ્‌ગલ પરિણામના જ્ઞાનનો કર્તા છે. અને એ પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન એ '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' પોતાથી વ્યપાતું હોવાથી. પર્યાય પોતાથી વ્યાપ્ત હોવાથી. એમ છે ને, ભાઈ! આહાહા..! પંડિતજી નથી. પરીક્ષા છે અત્યારે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો પર્યાય જ્ઞાન... આમ ચૈતન્ય સ્વભાવ એવી દૃષ્ટિ છે ત્યાં એ વ્યાપક અને તે સમયના પુણ્ય-પાપના પરિણામનું જ્ઞાન સ્વયં વ્યાપ્ત હોવાથી કર્મ છે. સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? પાછું પૂછશે તો? રાતે રહેવું છે કે પાછું જાવું છે? રોકાવું છે. કહો, સમજાણું આમાં? હા પાડવામાં જોખમ છે પાછું અહીં. આહાહા..!

કહે છે, વાહ..! ઓલામાં દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક એમ કરીને કહ્યું. અહીંયાં '**જ્ઞાન સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' વાહ! ભગવાન કર્તા પણ સ્વતંત્ર અને એ સમયની પર્યાય જે પ્રકારના રાગાદિ વિકલ્પ અને શરીરની પર્યાય ભજે છે એનું જ્ઞાન સ્વયં વ્યાપ્ય હોવાથી એ આત્માનું કર્મ છે. કહો, સમજાય છે કાંઈ? આ તો અત્યારે હિન્દી ચાલે છે. માણેકચંદજી! હિન્દી છે ને અત્યારે તે. હવે તો સમજાય. સમજાવી જોઈએ ને હિન્દી ભાષા? કે ભાવ? તમે બહાર કેમ બેઠા છો? અંદર આવો અંદર જગ્યા છે. જગ્યા કરી દો, જગ્યા. પુસ્તક આપો પુસ્તક. અહીં તો પુસ્તકના પાઠ હોય ને સામે તો એ માટે રાખીએ છીએ. એને ખ્યાલ આવે કે આ શૈલીનો શું અર્થ છે. સમજાય છે? નહિતર તો ટીકા બહુ કરે છે અમારી. ઉંચે બેસે અને હેઠે પુસ્તક (રાખે). ભગવાન! એ એમ નથી. પ્રભુ! સાંભળ તો ખરા. એ શબ્દના ભાવ, અર્થ શું છે એના વિનય માટે પુસ્તક એના હાથમાં રાખે છે. સમજાણું કાંઈ? સમજવાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


યથાર્થ વિનય છે ઈ.

ભગવાન આત્મા વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવી અંતરમાં દૃષ્ટિ થઈ, ધર્મ સમ્યગ્દર્શન થયું, ધર્મીની દૃષ્ટિથી તો કહે છે કે ધર્મી આત્મા સ્વયં વ્યાપક થઈને જ્ઞાનનો, વર્તમાન શ્રદ્ધાનો, વર્તમાન શાંતિનો કર્તા છે. અને એ સમયમાં એ પુદ્‌ગલ નામ વિકારી પરિણામ અને શરીરની તે સમયની અવસ્થા સંબંધી પોતાનું જ્ઞાન કરે છે તો એ જ્ઞાન છે એ સંબંધી, છે પોતાનું, એ જ્ઞાન તે વ્યાપકથી એટલે દ્રવ્યથી અર્થાત્ ભગવાન આત્માથી સ્વયં અવસ્થા હોવાથી, સ્વયં દશા હોવાથી, સ્વયં વ્યપાતું હોવાથી ભગવાન આત્માનું કાર્ય છે, ભગવાન આત્માની દશા છે, ભગવાન આત્માના એ પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ અમારા દિલ્લીવાળા આવ્યા છે ને. બેય પાકા પાછા. એને બરાબર આવ્યું છે અત્યારે. આહાહા..!

**'વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે)...'** સાંભળો! શું કહે છે? ભગવાન આત્મા ચૈતન્યબિંબ દ્રવ્ય એવું સ્વભાવનું ભાન થયું ત્યારે દ્રવ્ય કહ્યું ને? નહિતર તો રાગ ઉપર દૃષ્ટિ છે તો દ્રવ્ય છે ક્યાં એની દૃષ્ટિમાં? સમજાણું કાંઈ? જ્ઞાતા નામ આત્મા સ્વયં વ્યાપક થઈને સ્વતંત્રપણે કર્તા છે અને જે રાગાદિ થયા એ સંબંધી પોતાનું જ્ઞાન તે એનું કર્મ છે. તો **'(જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે)...'** હવે અહીં લેવું છે. ભગવાન આત્મા જાણકદશામાં, જાણકદશામાં રાગ ને પુણ્યનો જે ભાવ છે એના પરિણામનું જ્ઞાન કરે છે. એના પરિણામનું જ્ઞાન કરે છે. શું કહ્યું સમજાણું? જે પ્રકારનો રાગ અને શરીર આદિની અવસ્થા થાય છે એ પુદ્‌ગલ પરિણામ. એનું જ્ઞાન કરે છે. એનું જ્ઞાન કરે છે એટલો શબ્દ રહ્યોને એનો. એનું જ્ઞાન કરે છે એમ પણ નથી. એમ કરે છે એટલે. એમ. એનું જ્ઞાન કરે છે એટલે.

**'એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ, પોતાના સ્વભાવની સંભાળમાં ભગવાન આત્મા આવ્યો તો એવો આત્મા જ્યારે જે ભાવ રાગાદિ અને શરીરાદિની અવસ્થાઓ વર્તમાનમાં થાય છે એનું જ્ઞાન કરે છે. એનું જ્ઞાન કરે છે એમ કહ્યું ને? ભાઈ! જ્ઞાન કરે છે એવો શબ્દ આવ્યો. એનું જ્ઞાન કરે છે. એનું જ્ઞાન કરે છે એટલે... સમજાણું? **'એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...'** એ રાગાદિ વ્યવહાર વિકલ્પ છે એનું જ્ઞાન કરે છે. તો એ પુદ્‌ગલ પરિણામ રાગાદિ આત્માની અવસ્થા થઈ જાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એટલું બોલમાં આવ્યું ને? જ્ઞેય-જ્ઞાયક સંબંધમાં. એનું જ્ઞાન કરે છે ને? એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન કરે છે એમ કહ્યું ને? સમજાણું કાંઈ? '**(પુદ્ગલ પરિણામનું જ્ઞાન કરે છે)...**' પુદ્ગલપરિણામના જ્ઞાનને કરતો, પુદ્ગલપરિણામના જ્ઞાનને કરતો અને પુદ્ગલ પરિણામનું જ્ઞાન સ્વયં વ્યાપતું હોવાથી કર્મ, એમ આવ્યું તો એ પ્રકારે એવો જ્ઞાતા ભગવાન આત્મા વ્યવહાર રત્નત્રયનો શુભરાગ કે દેહની અવસ્થા એ સમયે થાય, વાણીની અવસ્થા એ સમયે થાય, એ સંબંધી પોતાનું જ્ઞાન, જ્ઞાન કરે છે એમ કહ્યું એટલે '**એમ પણ નથી કે પુદ્ગલપરિણામ...**' વિકારી રાગાદિ પોતાની જ્ઞાતાની દશા થઈ જાય, દ્રવ્યની દશા થઈ જાય, આત્માની પર્યાય થઈ જાય એમ પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં ફેર શું છે?

ઉત્તર :- શું ફેર? તમારા મિત્ર અત્યારે અહીં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન ચૈતન્ય પ્રભુ, કહે છે એમાં એમ પ્રથમ આવ્યું કે ભગવાન આત્મા વ્યાપક થઈને જ્ઞાન નામ વર્તમાન શુદ્ધ અવસ્થાનો કર્તા અને શુદ્ધ અવસ્થા વ્યાપકનું સ્વયં કર્મ. તો પુદ્ગલ પરિણામનો જ્ઞાન કર્તા, રાગનો જ્ઞાન કર્તા, વ્યવહારરત્નત્રય સંબંધી પોતાનું જ્ઞાનનો કર્તા એમ કહ્યું તો એમાં એમ નથી થઈ જાતું કે એ રાગાદિ આત્માની અવસ્થા થઈ જાય અને આત્મા એનો કર્તા છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! આહાહા..!

અંતર દૃષ્ટિમાં તારું જ્ઞાન થયું, એમાં એનું જ્ઞાન કેમ એમ કહેવામાં આવ્યું તેથી એને કારણે એ વ્યવહારરત્નત્રય આદિ શુભરાગ એનું જ્ઞાન થયું તો શુભયોગ પોતાની અવસ્થા થઈ જાય, વ્યાપ્ય થઈ જાય એમ બનતું નથી. કહો, સમજાય છે કાંઈ? આ બધા બેઠા છે અહીં કાંતિભાઈ, રતિભાઈ આ બધા વાંચનારા છે ને ગામમાં? જુઓ આ. આહાહા..! મુદ્દાની વાત છે આ. ગિરધરભાઈ! ગિરધરભાઈ તો આવે કો'ક દિ' સાંભળે એટલું. આહાહા..! ...

અહીં તો કહે છે, ભગવાન! તું ચૈતન્ય સૂર્ય છો ને. અને ચૈતન્યસૂર્યનું ભાન જ્યાં રાગથી ભેદજ્ઞાન થયું, રાગ અને વ્યવહાર વિકલ્પથી ભેદજ્ઞાન થયું, તો ભેદજ્ઞાનમાં એ સંબંધી જ્ઞાન કર્તા છે તો એ કારણે એ રાગ વ્યાપ્ય અવસ્થા થઈ જાય, એ સંબંધી જ્ઞાનનો કર્તા, એ સંબંધી જ્ઞાનનો કર્તા (થતાં) એ રાગ અવસ્થા આત્માની થઈ જાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? હજી સમજણમાં લીધા વિના પ્રયોગ શી રીતે કરે?

મુમુક્ષુ :- પુદ્ગલથી વ્યાપ્ત...

ઉત્તર :- પુદ્ગલથી વ્યાપ્ય છે. અહીં તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિદ્ધ કરવો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે તો. છેલ્લું છે ને.

એ પ્રકારે ભગવાન આત્મા પુદ્‌ગલ પરિણામનો અર્થાત્ વિકારી પરિણામ અને શરીરની અવસ્થાનું જ્ઞાન કરે છે, જ્ઞાન કરે છે એટલે **'એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ...'** વિકારી પરિણામ, વ્યવહાર વિકલ્પ શુભરાગ એ આત્માની દશા થઈ જાય, આત્માની અવસ્થા થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ? કેમ કે અંતર્મુખ સ્વભાવ છે તો ત્યાં વ્યાપ્ય જ્ઞાનની અવસ્થામાં એનું ભલે જ્ઞાન થયું, પણ પોતાની અવસ્થા રાગ સાથે વ્યાપ્ત થઈ જાય એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઘણી સૂક્ષ્મ વાત છે. આ વાદવિવાદ ને ઝઘડા ક્યાં કરે. અરે.. પ્રભુ! ભાઈ! તારી સંપદાના ઉકેલ એ સંપદા ઉકેલ કરે છે. એ રાગ થયો તો ઉકેલ થાય છે એમ છે નહિ. એમ અહીં કહે છે. એ તો તારી ચીજ જ નથી. પછી એ તારી ચીજ નથી એનું જ્ઞાન કરવાની તો તારી તાકાત છે. તો એ સંબંધીનું જ્ઞાન થયું એટલે તે આત્માની પર્યાય થઈ ગઈ કે આત્માની વ્યાપ્ય અવસ્થા થઈ ગઈ એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કારણ કે...'** હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. **'પુદ્‌ગલને અને આત્માને...'** ભગવાન આત્મા શબ્દે અહીંયાં જ્ઞાનપર્યાય સહિત આત્મા લેવો. અને પુદ્‌ગલમાં રાગાદિ સહિત જડ આદિની અવસ્થા લેવી. બેમાં આખી વાત લઈ લીધી. આખા પૂર્ણ દ્રવ્ય લીધા. **'કારણ કે પુદ્‌ગલ...'** અર્થાત્ દયા-દાન આદિ વ્યવહારના પરિણામ અને શરીરની અવસ્થા એ બધું પુદ્‌ગલ. **'અને આત્મા...'** અર્થાત્ આત્મા, એટલે અર્થાત્ શું? કે આત્મા પોતાની જ્ઞાન પર્યાયમાં રાગ સંબંધી જે (જાણવાના) પરિણામ છે એ સહિતના આત્માને અહીં આત્મા કહ્યો છે. કારણ કે દ્રવ્યની સાથે કાંઈ જ્ઞેયજ્ઞાયક સંબંધ નથી. અહીં તો પર્યાયની સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધને સિદ્ધ કરવો છે. આહાહા..! શેઠી!

અહીં તો આમ બે દ્રવ્ય લઈ લીધા. એની શરીરની પર્યાય છે અને રાગની. એટલે પુદ્‌ગલ. આત્મા અહીંયાં, આત્મ દ્રવ્ય, પોતાની સ્વયં પર્યાય પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન પોતાની પર્યાયમાં છે એ સહિતને, જ્ઞાન સહિતને અહીં આત્મદ્રવ્ય કહ્યું છે. એ નિર્મળ પર્યાય જ્ઞાનસહિતને આત્મા કહ્યો છે. એવા પુદ્‌ગલને.. સમજાણું કાંઈ? **'અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ...'** જુઓ! ભગવાન આત્મા પોતાની જ્ઞાનપર્યાયમાં વ્યવહાર રત્નત્રયનું જ્ઞાન કરે છે તો વ્યવહારરત્નત્રય જ્ઞેય, આત્મા જ્ઞાયક એવા સંબંધનો વ્યવહાર, એવા સંબંધનો વ્યવહાર. આહાહા..! ગજબ વાત છે ને!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પુદ્ગલને અને આત્માને...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી પોતાની નિર્મળ પર્યાય કર્તા અને નિર્મળ પર્યાય કાર્ય સહિતનો આત્મા અને પુદ્ગલ પરિણામ નામ વ્યવહારરત્નત્રય આદિ રાગ અને દેહની અવસ્થાને જ્ઞેય કહ્યું. આત્માને અહીં જ્ઞાયક કહ્યો. નિર્મળ પર્યાય સહિત, હોં! એવો **'જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર...'** વ્યવહારમાત્ર. વ્યવહાર દયા-દાન નિમિત્તમાત્ર, નિમિત્તમાત્ર, જ્ઞેયમાત્ર. આ જ્ઞાયક આત્મા. એવો **'વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** જુઓ ભાષા! પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે. આહાહા..! રાગ અને દયા-દાનના પરિણામ જેને નિમિત્ત છે એવું જ્ઞાન, એવું જે જ્ઞાન. ઉપાદાન પોતાના જ્ઞાનથી થયું તો રાગાદિ નિમિત્ત છે, પૃથક્ ચીજ છે, નિમિત્તથી થયું નથી. થયું હોય તો તો ઉપાદાન થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

પુદ્ગલ અને આત્માના જ્ઞેયજ્ઞાયક સંબંધનો, પર્યાયમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધનો, રાગ જેવો છે એવું જ્ઞાન થાય છે એ જ્ઞાન થયું એ જ્ઞાયક અને રાગ થયો એ જ્ઞેય. એવો નિમિત્ત નૈમિત્તિક વ્યવહારમાત્ર, વ્યવહારમાત્ર **'હોવા છતાં પણ પુદ્ગલપરિણામ...'** એ રાગાદિ પર્યાય **'જેનું નિમિત્ત છે...'** જેનું એટલે જ્ઞાન. આત્માના જ્ઞાન પરિણામ થયા એમાં રાગાદિ, શરીર અવસ્થા નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એવો નથી કે એનાથી થયું. એક ચીજ છે (એટલું). આહાહા..! સમજાણું કાંઈ?

**'હોવા છતાં પણ...'** અહીં વજન દેવું છે. એવા **'જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે....'** રાગાદિ વિકાર અને દેહાદિ અવસ્થા ભગવાનના જ્ઞાન પરિણામમાં નિમિત્ત છે. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** એવું જ્ઞાન જ જ્ઞાતાનું વ્યાપ્ય-અવસ્થા છે. મગનભાઈ! આહાહા..! **'(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)'** લ્યો! સરવાળો. એ કારણે ભગવાન આત્મા નિર્મળ પર્યાયરૂપ રાગ અને પોતા સંબંધી જે જ્ઞાન, સ્વપરપ્રકાશક પરિણમન પોતાનું, એ આત્માનું કાર્ય છે. એ આત્માનું કર્તવ્ય છે. એ આત્માની કરતુતી છે. આ કરતુતી છે. સમજાણું કાંઈ? એ વજન છે ને. વજન છે ને. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** એમ કહ્યું છે ને? તે જ. ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સ્વભાવ અનુભવમાં દૃષ્ટિમાં લીધો છે, એમાં જે રાગાદિ આવ્યા એ સંબંધી પોતાનું જ્ઞાન એને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પણ પોતામાં એ જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. જ્ઞાનદશા થઈ, શ્રદ્ધા થઈ, શાંતિ થઈ એ જ આત્માની દશા છે. વ્યવહારત્નત્રય આદિ, દેહની અવસ્થા એ આત્માની અવસ્થા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' પંડિતજી બોલો. પંડિતજી તમે તો બોલો કળશ.

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैत्रातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकधस्मरमद्दोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।**

કહો, સમજાણું કાંઈ? આખી ટીકાનો આ કળશ બનાવ્યો છે. '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...**' એ પહેલો શબ્દ. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. એ દ્રવ્ય પર્યાય તત્સ્વરૂપમાં હોય છે. પોતાનો આત્મા પોતાનું તત્સ્વરૂપ છે તો એની પર્યાય પણ તત્સ્વરૂપ છે. નિર્મળ, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાયને અહીં પર્યાય કહ્યું છે. એને અહીંયાં તત્સ્વરૂપ કહ્યું. (રાગની) તો વાત જ કરી નથી. એ તો અતત્સ્વરૂપ છે.

ભગવાન આત્મા વ્યાપ્યવ્યાપક... આ તો સિદ્ધાંત છે હજી. અર્થ કરશે હોં અંદર. '**જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે.**' ભાવાર્થમાં કહેશે. અર્થાત્ તે સમયની અવસ્થા એ તત્સ્વરૂપ છે. આત્માની સાથે તત્સ્વરૂપ છે અને આત્મા વ્યાપકની સાથે પર્યાય તત્સ્વરૂપ અને પર્યાયમાં દ્રવ્ય તત્સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આવી ભાષા સમયસારની. સમયસારમાં લખ્યું છે સારું. વળી એમ લખે. પણ પાછું વ્યવહારે પરંપરાએ ધર્મ છે એમ માનવું હોં! નહિતર એકાંત થઈ જશે. અરે.. ભગવાન! બહુ લખ્યું છે. .. શેઠ. શેઠ આવી ગયા ને. બહુ લખ્યું છે. ત્યાં તો સર્વાર્થસિદ્ધિની નગરી છે. સર્વાર્થસિદ્ધિ જોવી હોય તો નાની નગરી ત્યાં છે. સર્વાર્થસિદ્ધિની ચર્ચા અહીં છે, એમ લખ્યું છે. મેં તો સવાર-સાંજ જોયું આખું. કટનીના શેઠ નહિ? ધન્યકુમાર. અહીં રહી ગયા છે ને. મોટો લેખ એમાં છે. છેલ્લા શબ્દો એમ લખ્યા, છેલ્લા હોં! મારી કલ્પનામાં તો એ આવ્યું, મારી કલ્પનામાં તો એમ આવ્યું કે સર્વાર્થસિદ્ધિના દેવોમાં પણ જે અધ્યાત્મ ચર્ચામાં તેત્રીસ સાગર વીતી જાય છે એ બધું સર્વથા સત્ય છે. આ નગરી તો એનો જ નમૂનો છે. સુવર્ણપુરી લખ્યું છે. એને હવે અમે સર્વાર્થસિદ્ધિ પૂરી કહીએ તો અતિશયોક્તિ નથી થતી. એ ધન્યકુમાર આવ્યા હતા ને. કટની. તમે હતા ને પંડિતજી. જગનમોહનલાલજી આવ્યા હતા. એ બધા ખુશી થયા. કહો, સમજાણું કાંઈ? કોઈ વળી વિરોધનું કહે, કોઈ એમ કહે. એ તો બેય વાત છે. કોઈ કહે, ત્યાં એકાંત-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકાંત મંડાણો. આ કહે, સર્વાર્થસિદ્ધિનો નમૂનો છે સુવર્ણપુરી. બહુ લખ્યું. આ તો મેં આટલું વાચ્યું. બીજું તો ઘણું લખ્યું છે. આમાં ચર્ચા, જ્યાં હોય ત્યાં ચર્ચા, આખો દિ' ચર્ચા. ચર્ચા-ચર્ચા અધ્યાત્મની. કહો, ચંદુભાઈ! શું કહે છે?

વ્યાપ્ય નામ અવસ્થા. એ અવસ્થા એક સમય હોય છે. દરેક સમયમાં ભિન્ન-ભિન્ન હોય છે. તો વ્યાપ્ય દ્રવ્યની કોઈ સમયની અવસ્થા. વ્યાપક કાયમી પદાર્થ. વ્યાપક કાયમી પદાર્થ. એ તત્સ્વરૂપમાં જ હોય છે. એ અવસ્થા અને અવસ્થાયી, પરિણામ અને પરિણામી, દશા અને દશાવાન તત્સ્વરૂપમાં હોય છે. સમજાણું? અતત્સ્વરૂપમાં નથી હોતું. વિકારના પરિણામ અને જડની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ અતત્સ્વરૂપ છે. તો અતત્સ્વરૂપમાં એવું વ્યાપ્ય-વ્યાપક હોતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં અસ્તિ-નાસ્તિ કરી કે '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...**' ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય છે એ દ્રવ્ય, વ્યાપક. અને એની નિર્મળ અવસ્થા તત્સ્વરૂપ છે. કાયમની ચીજ રહેનારી છે. એની પર્યાય એ નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની પર્યાય એ તત્સ્વરૂપમાં વ્યાપ્ય છે, એ દ્રવ્યમાં વ્યાપ્ય છે. એ વ્યાપ્ય અવસ્થા અને વ્યાપક દ્રવ્ય છે. તત્સ્વરૂપમાં હોય છે. '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' વ્યાપ્ય-વ્યાપકતા. રાગ પુણ્ય-પાપની સાથે અને દેહની સાથે આ આત્માનું સ્વરૂપ અતત્સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' શું ન હોય? વ્યાપ્યવ્યાપકતા. અવસ્થા-અવસ્થાયીપણું, પરિણામ-પરિણામીપણું, દશા-દશાવાનપણું. એ દશા-દશાવાનપણું તત્સ્વરૂપમાં હોય. દશા-દશાવાન, કર્મ-રાગ દશા અને આત્મા દશાવાન, રાગ દશા અને આત્મા દશાવાન એવું અતત્સ્વરૂપમાં હોતું નથી. સમજાય છે કે નહિ? '**અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' અને અવસ્થા ને અવસ્થાયી વિના '**કર્તાકર્મની સ્થિતિ કેવી?**' વ્યાપ્યવ્યાપક, અવસ્થા-અવસ્થાયી, દશા-દશાવાન એવી સ્થિતિ નથી ત્યાં કર્તાકર્મ કેવું? આહાહા..! હવે ઓલા કહે કે નહિ. શરીરની ક્રિયા, પરની ક્રિયા,... ભગવાન! બહુ ઊલટું ભાઈ! બહુ ઊલટું બાપુ! અત્યારના સમાજને ખબર ન મળે બિચારાને. સાધારણ સમાજ. ભાઈ! ભગવાનનો માર્ગ એ નથી, હોં! આહાહા..!

કહે છે કે, ભાઈ! અહીં તો વિકારી પરિણામ તત્સ્વરૂપ નહિ, તો વળી પરપદાર્થ તત્સ્વરૂપ ક્યાં રહ્યા? આહાહા..! ત્યાં તો એમ કહ્યું હતું. પંડિતજી ત્યાં હોય કે ન હોય. બીજે હશે. ઘણા પંડિત ભેગા થયા હતા. આવ્યા હતા ઇન્દોરમાં. તમે હો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે ન હો. મહાસભાની મિટીંગ થઈ હતી. તમે નહિ હો. રાતે બોલાવી હતી, રાતે. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. અરે..પ્રભુ! શું કહે છે તું? આહાહા..! અરે..! કોઈ લૂંટનાર લૂંટે પણ કોઈ જોનાર ન મળે. આહાહા..!

અહીં ભાઈ એક છે ને? .. કેવો કીધો? હલકારો એક હતો. આંબલા. આંબલાની ઓલીકોર રામધરી વચ્ચે નાની દેરી છે. પછી એમાં નીકળ્યા ને કહ્યું આ શું છે? જટા હલકારાનું અહીં મરણ થયું છે. કેમ? એક ગરાસણી નિકળી હતી. ગરાસણી હોય ને? ગરાસદાર, જાગીરદાર. એ બાઈ હતી અને એનો ધણી હતો. નીકળ્યા હતા અને એક જટા એક બ્રાહ્મણ હતા. હલકારી. હલકારી શું? પોસ્ટમેન. પોસ્ટ લઈ જતો હતો. અને એમાં એ લૂંટારા આવ્યા. સાંજનો સમય. બાઈની ઉપર .. અરે..! આ બહેન-દિકરી છે ને. એટલે પોતે વચમાં પડ્યો. ઓલો ધણી ભાગી ગયો. ધણી. ભાગી ગયો. અને બ્રાહ્મણને.. અરે..! હું હલકારો છું અને આ મારે બાઈને ન લૂંટવા દઉં. પડ્યો વચ્ચે. મારી નાખ્યો. ઓલાએ હોં! ઓલા લૂંટારાએ મારી નાખ્યો. બાઈ કહે કે પણ આ મારો ધણી ખોટો વયો ગયો. હું તો આની પાછળ જ મરીશ. બેય ત્યાં મરીને દેરી કરી છે. સમજાણું કાંઈ? પણ હું બેઠો અને બાઈ, ભલે ગમે તે પણ આને લૂંટે એમ બને નહિ. આહાહા..! સમજાય છે?

એમ ભગવાન ત્રિલોકનાથના પરમાત્માના કહેણ છે. ભાઈ! આ પરદ્રવ્યના કર્તા એ લૂંટારા છે, બાપા! આહાહા..! એ લૂંટે છે, પ્રભુ! તારી આવી મહાન શક્તિ મળી. અરે..! ટાઈમ થોડા, કામ કરવા ઘણા. આહાહા..! સમજાણું કાંઈ? એ આ માર્ગ નહિ, ભાઈ! આ માર્ગ નહિ.

અહીં તો પ્રભુ કહે છે, કુંદકુંદાચાર્યના હૃદય ખોલીને અમૃતચંદ્રાચાર્ય. પોતે ભગવાન છે અમૃતચંદ્રાચાર્ય, મુનિ પરમેષ્ઠી પદમાં છે. પરમેષ્ઠી પદમાં બિરાજમાન છે. કહે છે, '**વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' અવસ્થા અને અવસ્થાયીના સંભવ વિના, પરિણામ અને પરિણામીના સંભવ વિના '**કર્તાકર્મની સ્થિતિ કેવી?**' પ્રભુ! આહાહા..! એમાં કર્તાકર્મની મર્યાદા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! તું ચૈતન્ય પ્રભુ છો ને ભાઈ! એ ચૈતન્ય પ્રભુ વ્યાપક અને નિર્મળ અવસ્થા વ્યાપ્ય, એ તત્સ્વરૂપમાં હોય છે. પણ અતત્સ્વરૂપ રાગ અને પુણ્ય-પાપના પરિણામ અને દેહ-વાણીની ક્રિયા એ આત્માની અપેક્ષાએ અતત્સ્વરૂપ છે. તો એ અતત્સ્વરૂપ જેમાં વ્યાપ્ય-વ્યાપક પરિણામ-પરિણામીનો સંબંધ નથી, દ્રવ્ય-પર્યાયનો સંબંધ નથી એની સાથે કર્તાકર્મની સ્થિતિ કેવી રીતે હોઈ શકે? આહાહા..! સમજાણું કાંઈ?

'**વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' ઓહો..! શાસ્ત્રીય ભાષાથી તો એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ વાત કરે ને. જેમાંથી અવસ્થા થાય છે અને જેમાં અવસ્થા થાય છે, એ તો તત્સ્વરૂપ છે. તો તત્સ્વરૂપ અથવા એ સ્વરૂપ. તત્સ્વરૂપ અથવા એ સ્વરૂપ. તો એ સ્વરૂપમાં કર્તાકર્મની સ્થિતિ વ્યાપ્યવ્યાપકને કારણે થાય છે. પણ ભગવાન એ સ્વરૂપે ચીજ નથી, એ સ્વરૂપે ચીજ નથી અને પરસ્વરૂપે છે, આ તત્સ્વરૂપે નથી, પરસ્વરૂપે છે, એમાં આત્મા વ્યાપક અથવા દ્રવ્યની પર્યાય (વ્યાપ્ય) અને દ્રવ્ય વ્યાપક, જેમાં એ રાગાદિ અને પર આત્માના સ્વરૂપમાં જ નથી તો એમાં કર્તાકર્મની સ્થિતિ કેવી રીતે હોય? સમજાણું કાંઈ? ભાવ તો ભાઈ જરી ગંભીર છે પણ ભાષા તો સાદી છે. એવી કોઈ ગૂઢ શાસ્ત્રભાષા નથી. આહાહા..!

'**અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.**' ન જ હોય. સમજાણું કાંઈ? જેમાં જે સ્વરૂપ નથી, જેમાં જે સ્વરૂપ નથી તો ભગવાન આત્મામાં વિકાર અને પરદ્રવ્ય સ્વરૂપ જ નથી. અને પોતાનો શુદ્ધ આનંદ અને જ્ઞાતા-દ્રષ્ટા અને નિર્મળ પર્યાય એનું સ્વરૂપ છે. તો એ તત્સ્વરૂપ, તે સ્વરૂપ, એ સ્વરૂપ, એ જ સ્વરૂપ એમાં તો એ પર્યાય વ્યાપ્ય અને દ્રવ્ય વ્યાપક હોઈ શકે છે. પણ ભગવાન આત્મામાં એ રાગાદિ, પર આદિ તો પ્રભુ! એ તત્સ્વરૂપે નથી, એ તો અતત્સ્વરૂપે છે. તો અતત્સ્વરૂપની એમાં વ્યાપ્યવ્યાપકતા હોય, હોય પણ આત્મામાં એનું વ્યાપ્યવ્યાપકપણું હોય એ કેમ સંભવે? આહાહા..!

આ જૈનદર્શન વસ્તુનું દર્શન. લોકો કર્તા-કર્તા કહે છે ને ઈશ્વર? ઈશ્વર કર્તા છે. અરે..! ઈશ્વર તો કર્તા નથી. સાંભળ તો ખરો. સ્વયંસિદ્ધ વસ્તુને કરે કોણ? કરે તો અનિત્ય થઈ ગયું. અનિત્ય વસ્તુ ન હોઈ શકે. છે અનાદિ સ્વયં અકૃત્રિમ પદાર્થ. અહીંયાં તો કહે છે કે અકૃત્રિમ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળ એને અહીંયાં પદાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ? શુદ્ધ નિર્મળ પર્યાય, શુદ્ધ ગુણ અને શુદ્ધ દ્રવ્ય, એ પોતાના તત્સ્વરૂપમાં છે. પોતાના સ્વરૂપમાં તો એની પર્યાય અને પર્યાયવાન, કર્તા અને કાર્યવાન, કર્તા અને કર્મ, કરનારો અને દશા હોઈ શકે છે. પણ જેમાં રાગાદિ અને પરવસ્તુ છે નહિ એવા અતત્સ્વરૂપમાં પર્યાય વ્યાપ્ય, કર્મ અને આત્માની જ્ઞાન પર્યાય એનો કર્તા, એમ કેમ હોઈ શકે? સમજાણું કાંઈ?

'**આવો પ્રબળ વિવેકરૂપ,...**' લ્યો! ભાષા જુઓ. અરે ભગવાન! '**આવો પ્રબળ વિવેકરૂપ,...**' જ્યાં આવો પ્રબળ ભેદ વર્તે છે. જ્યાં બળ-જોર સહિત આવો ભેદ વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**द्दामविवेक**' આહાહા..! શું કહે છે? ભગવાન આત્મા દ્રવ્ય શુદ્ધ, અનંત ગુણ શુદ્ધ અને એની પર્યાય શુદ્ધ એ તત્સ્વરૂપમાં છે. તત્સ્વરૂપમાં છે તો પર્યાય એનું કાર્ય અને દ્રવ્ય એનો કર્તા છે. તો દ્રવ્ય પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ હોઈ શકે છે. પણ જ્યાં અતત્સ્વરૂપ વિકાર અને પરપદાર્થ પોતામાં છે જ નહિ, એમાં કર્તાકર્મ અર્થાત્ વ્યાપ્યવ્યાપકપણું અથવા પરિણામ પરિણામીપણું કેમ સંભવે?

**'આવો પ્રબળ વિવેકરૂપ,...'** જુઓ! ભેદજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? ઈશ્વરચંદજી! આહાહા..! કોણ કોનું કરે? કોણ કોને સમજાવે? કોણ વાણી કરે? આહાહા..! અહીં તો રાગના વિકલ્પને કોણ કરે? પ્રભુ! તત્સ્વરૂપમાં જ નથી. ભાઈ! વાણી મેં કરી, વાણીથી એને સમજાવ્યું, હવે એને સમજાવીને ઊંધી દૃષ્ટિ કરે તો એને રાખું છું, ભ્રષ્ટ થાય છે તો હું રાખું છું. પણ પર્યાય જ તારી નથી તો એની પર્યાયમાં તત્સ્વરૂપમાં તું તેની પર્યાયનો કર્તા કેવી રીતે થઈ શકે? એનું તત્સ્વરૂપ તો એની પાસે છે. એની અપેક્ષાથી તો તારું સ્વરૂપ અતત્સ્વરૂપ છે. આહાહા..!

**'આવો પ્રબળ વિવેકરૂપ,...'** પ્રબળ ભેદજ્ઞાનરૂપ તત્સ્વરૂપ અને અતત્સ્વરૂપ વચ્ચે મહાભેદજ્ઞાન છે. આહાહા..! **'અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...'** જ્ઞાનપ્રકાશ ભગવાન જ્ઞાનસૂર્ય! એ ચૈતન્ય સૂર્ય ઊગ્યો. સમજાય છે. 'સમકિત સૂર્ય ઊગ્યો...' નથી આવતું? સમકિત સૂર્ય ઊગ્યો, ચૈતન્ય સૂર્ય ઊગ્યો. ચૈતન્ય પ્રકાશ, જ્યાં રાગ ને વિકાર અને પરથી વિવેક-પ્રબળ ભેદજ્ઞાન થયું એવા પ્રબળ તત્સ્વરૂપ અને અતત્સ્વરૂપની વચ્ચે એટલી ભિન્નતા વર્તે છે તો **'સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ...'** પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને ભિન્ન જે છે એને પણ જ્ઞાન જાણે. જ્ઞાન જાણે, જ્ઞાન કરે. **'સર્વને ગ્રાસીભૂત...'** એટલે પોતાને પણ જાણે અને રાગાદિ પરને પણ જાણે. જાણે સર્વને. સમજાણું કાંઈ?

**'સર્વને ગ્રાસી...'** જુઓ! કોળીયો કરી જાય. ગ્રાસી કહ્યું છે ને? મોઢું આવડું.. એવી જ્ઞાનપર્યાય **'સર્વને ગ્રાસીભૂત...'** વિકાર અને પર અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વને જાણીને કોળીયો કરી જાય છે જ્ઞાનની પર્યાય. આહાહા..! જ્ઞાનની દશા સર્વને જાણે. એવો પરથી ભેદ વિવેક .. પ્રગટ્યો અને **'જ્ઞાનપ્રકાશ તેના ભારથી...'** જ્ઞાનપ્રકાશના બોધથી **'અજ્ઞાન-અંધકારને ભેદતો,...'** રાગ મારું કાર્ય અને હું કર્તા એવા અજ્ઞાનનો નાશ કરતો થકો **'આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને, તે કાળે...'** તે કાળે જ્યારે રાગની એકતા તૂટીને જ્ઞાયક ચૈતન્યનું ભાન થયું એ સમયે **'કર્તૃત્વરહિત થયેલો શોભે છે.'** રાગ અને પરની પર્યાયનો કર્તા થયા વિના શોભે છે. કર્તા થઈને શોભે એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? એનો વિશેષ ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com